**A PROJECT SUBMITTED FOR THE DEGREE OF**

**MASTER OF LIBRARY AND INFORMATION SCIENCE**

**AT SARDAR PATEL UNIVERSITY**

**2011-2012**

# DIGITIZATION OF GYAN GANGOTRY GRANTH SHRENI - 19 V.11

# MANAV VIDYASHAKHA : VICHAR DARSHAN-1

# [ LOKSHAHI,MUDIVAD,SMAJVAD ]


**SUBMITTED BY:**

**MANOJ R. KHANT**

**GUIDE :**

**Prof. U.A. THAKER**

**Dr. NIMESH D. OZA (Asst. Prof)**

**DEPARTMENT OF LIBRARY AND INFORMATION SCIENCE**

**SARDAR PATEL UNIVERSITY**

**VALLABH VIDYANAGAR - 388 120**


**March-2012**

| Original Word | Transliteration | Page No. |
|---|---|---|
| ઈ(એ)લિઝાબેથ, રાણી | i (e)lijhābeṭha, Rāni | ૪૧, ૧૮૧ |
| એકટન, લોર્ડો | Âkatana, lorḍā | ૩૨ |
| એક્વિનાસ, ટોમસ | Âkivanāsa, Tômasa | ૧૯, ૨૦, ૩૨ |
| એન્ગલ્સ, ફ્રેડરિક | Ângalsa, pheḍarika | ૫૪, ૯૦, ૧૩૨, ૧૩૮, ૧૮૯ |
| એરિસ્ટોટલ | Âristotala | ૧, ૧૦, ૧૧, ૧૨, ૨૩, ૬૩ |
| એલેન્ડેન પ્રે | Elenḍena, (pre.) | ૧૧૬ |
| ઓલિવર, સિડની | Olivara, siḍanī | ૧૩૬ |
| ઓવેન, રોબર્ટ | ovena, Robarta | ૫૩, ૯૪, ૧૨૭, ૧૨૮, ૧૩૦ |
| એન્ટોનિયસ, માર્કસ | Entoniyasa, mākasā | ૧૮ |
| ઓગિલ્બી, વિલિયમ | ôgilbī, viliyama | ૧૨૬ |
| કાબે, અતિયેન | Kābe, Ātiyena | ૧૨૨, ૧૩૦ |
| કાન્ટ, ઈમેન્યુઅલ | kānta, imenyaala | ૫૧, ૫૨, ૧૩૧ |
| કાર્ટરાઈટ | kārta Raita | ૬૭ |
| કાર્ડિનલ, પોપ | karḍinala, pop | ૧૭૭ |
| કાર્લાઈલ | karlaīla | ૫૧ |
| કેઈન્સ, લોર્ડ | keīnsa, Lorḍâ | ૮૩, ૧૦૧, ૧૦૩ |
| કાટ્સ્કી, કાર્લ | kôttaskī, Kārlā | ૧૩૧, ૧૩૬, ૧૩૯, ૧૪૦, ૧૪૧ |

| Original Word | Transliteration | Page No. |
|---|---|---|
| કોલ, જી.ડી.એચ | kola, jī.dī.echa | ૧૩૬, ૧૫૬ |
| કોન્ડોરસ | konḍorasa | ૧૩૧ |
| કૅત, ઓગસ્ટ | kôṇta, ôgasta | ૧૩૩ |
| કોન્સ્ટાઈન | Kônstantaīna | ૧૮૦ |
| ક્રોપોટ્કિન | kropotkina | ૫૨ |
| ક્રોમવેલ | ktômavela | ૧૭૯ |
| ક્લિનેશ, જે.આર | kilaneśha, Je. Āra | ૧૪૭ |
| ખ્રુશ્વોફ્ | khruśvophôpha | ૬૦, ૧૫૮, ૧૬૭, ૧૬૮ |
| ગાલબ્રેથ, મેન(પ્રો.) | Gālabreṭh, Jôna(pro.) | ૧૬૯, ૧૭૨ |
| ગાર્લ્સવર્ધી | Gālasavardhi | ૧૨૦ |
| ગાંધીજી | Gāṇdhījī | ૯૫, ૯૬, ૧૯૭ |
| ગ્રેડવિન, વિલિયમ | Gôdavina, viliyama | ૧૨૬ |
| ગ્રોફસ (ભાઈઓ) | Gre | ૯૪ |
| ચર્ચિલ | charchila | ૯૯ |
| ચાર્લ્સ, પહેલો | chalsā, pahelo | ૪૧, ૧૭૪ |
| જેફરસન | Jepharasana | ૪૨-૪૪ |
| જેમ્સ, પહેલો | Jemsa, pahelo | ૪૧ |
| જોર્જ, હેન્રી | Jorjā, henrī | ૧૨૬ |
| ઝોરેસ, ઝાં | Jhoresa, Jhā | ૧૪૯ |
| ઝોલા, એમિલ | Jhola, emila | ૧૨૦ |
| ટીટો, માર્શલ | Tīto, Marshāla | ૧૬૭ |
| ટોમસ, જે.એસ | Tômas, Je.es | ૧૪૭ |

| Original Word | Transliteration | Page No. |
|---|---|---|
| ટોમસન | Tomasan | ૯૪ |
| ડાયોક્લેશિયન | ḍāyokaleśhiyana | ૧૮ |
| ડોબ, મોરિસ | ḍoba, Môrisa | ૧૭૧ |
| તોલ્સતોય | tôlstôya | ૫૨ |
| ત્સુરુ | ṭsaru | ૧૭૨ |
| થોરો | thôro | ૫૧, ૫૨ |
| થ્યુસિડિટીઝ | thyusiḍiḍījha | ૧, ૪, ૬ |
| દેકાર્તં | Dekārtā | ૩૩ |
| નિકસન પ્રે. | Nikasana pre. | ૧૧૬, ૧૫૮ |
| નેપોલિયન | Nepoliyana | ૧૭૮, ૧૭૯ |
| નેહરુ, જવાહરલાલ | Neharu, Javāharlāla | ૧૯૬ |
| નોર્મન, ટોમસ | Normana, Tômasa | ૧૫૬ |
| ન્યૂકોમેન | Nyūkômena | ૬૭ |
| પેન્સ, ર્ટામસ | Pensa, Tômasa | ૧૨૬ |
| પેરિકલીઝ | Perikalījha | ૭-૬, ૮ |
| પોમ્પયાઈ | Pompiyaī | ૧૭ |
| પ્રુ ( પ્રુ )દો, પિયર જોસેફ | Pru (prū) Doṇ, piyara Josepha | ૫૪, ૯૪, ૧૨૫ |
| પ્લેટો | Pleto | ૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૨૩, ૩૪, ૬૩ |
| ફિક્ત (ફિક્ટ) | Phikhta (phikhṭa) | ૫૦, ૧૯૪, ૧૯૫ |
| ક્રૂયે, ચાર્લ્સ | Krūyê, chalsā | ૫૩, ૯૪, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૩૦ |

| Original Word | Transliteration | Page No. |
|---|---|---|
| ફોર્નેયરોન | Phonāyron | ૬૭ |
| ફેરેડે | pherede | ૬૭ |
| ફ્રીડમેન, મિલ્ટન | Phriḍamena, Milṭana | ૯૯ |
| બર્ક, એન્મડ | Bakā, eḍanmaḍa | ૪૪, ૪૫ |
| બર્નશ્ટઈન, એડવર્ડ | Barāghṭaīna, eḍavadā | ૧૩૧, ૧૩૬, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧ |
| બર્લ | Balā | ૧૭૭, ૧૮૬ |
| બાકુનિન | Bākunina | ૫૨ |
| બિલ, મોલ્કીન | Bila, Molḍina | ૧૫૦ |
| બિસ્માર્ક | Bismakā | ૫૦,૧૪૬ |
| બુર્બોનો | BuBôno | ૧૭૯ |
| બેકન, ફ્રાન્સિસ | Bekana, Frānsisa | ૨૨, ૨૩ |
| બેન્થ(થા)મ, જેરેમી | Benth (thā) Ma, Jeremī | ૪૬, ૪૮, ૧૨૭, ૧૮૩ |
| બેબુફ | BeBupha | ૧૨૧, ૧૨૨ |
| બેસંટ, એની | Besaṇta, eni | ૧૩૬ |
| બ્રેઝનેવ | Brejhaneva | ૧૫૮ |
| બ્લાંકી, લૂઈ | Blāṇkī, Kālâ | ૧૨૫, ૧૨૬ |
| મારિયસ ગેઈઅસ | Māriyasa, Gaīasa | ૧૬ |
| માર્કસ, કાર્લ | Mākasâ, Kālâ | ૫૪, ૫૬, ૮૭, ૯૧, ૯૩-૫, ૧૧૩-૪, ૧૨૫, ૧૩૦-૨, ૧૩૪-૬, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૫, |

| Original Word | Transliteration | Page No. |
|---|---|---|
| | | ૧૬૭, ૧૮૫, ૧૮૭, ૧૯૭ |
| માલ્થુસ, ટોમસ | Mālthusa, Tômasa | ૯૪ |
| મિલ, જેમ્સ સ્ટુઅર્ટ | Mila, Jemasa stuatâ | ૪૫, ૪૬, ૫૭, ૬૮ |
| મીન્સ | Mīnsa | ૧૭૭, ૧૮૬ |
| મુસોલિની | Musolinī | ૧૯૧, ૧૯૨ |
| મેકિયાવેલી, નિકોલો | Mėkiyāvelī, Nikolo | ૧૯, ૨૦ |
| મેકડોનાલ્ડ, રામસે | Mekaḍonālḍa, Rāmase | ૧૩૬, ૧૪૭ |

જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૧૯


૧૧
માનવવિદ્યા શાખા


# વિચાર દર્શન-૧

[લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ]



SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR
શીલવૃત્તફલં શ્રુતમ્





E = MC²
Δ = D
ᐱ = C
ﾁ = K
6 = L

૧૯
જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

# વિચાર દર્શન-૧

## [લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ]

રોહિતભાઈ દવે : આર. કે. અમીન
એમ. જી. પારેખ : પ્રવીણ ન. શેઠ

સરદાર પટેલ યુનિવર્સિટી—વલ્લભવિદ્યાનગર

**રોહિતભાઈ દવે :** જાણીતા સમાજવાદી વિચારક; કૉમર્સ પત્રિકાના સંપાદક
**આર. કે. અમીન :** જાણીતા અર્થશાસ્ત્રી; નિવૃત્ત અધ્યાપક
**એમ. જી. પારેખ :** અધ્યાપક, સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી
**પ્રવીણ ન. શેઠ :** અધ્યાપક, સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી

**યોજના દાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ**
**શ્રી ચૂનીલાલ ફૂલાભાઈ પટેલ(ભાદરણ)ના શ્રેયાર્થે**

**અનુદાન :** શિક્ષા મંત્રાલય, દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

**પ્રકાશન :** જુલાઈ ૧૯૭૯
**પહેલી આવૃત્તિ :** પ્રત ૩૦૦૦

**કિંમત :** રૂ. ૩૦–૦૦ (Rs. 30-00)

**પ્રકાશક :** કાંતિભાઈ અમીન, કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર (INDIA)
**મુદ્રક :** શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

# નિવેદન

સ્વરાજ આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટેકનૉલોજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી, સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમિયાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે બૌદ્ધિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેની તેની અધૂરપ વૈયક્તિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે, અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાનવિદ્યા શાખાના ૧૦ એમ કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથ-શ્રેણી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિરધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંછુઓ આ ગ્રંથો થોડાક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્ય અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિત કલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોનાં વિભિન્ન પ્રકારનાં આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ — જેવી કે,

૧. માનવ-વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો, પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવના વ્યક્તિત્વના શક્ય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધનવૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી પરંતુ બાહ્ય વિશૃંખલતાઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્ણયનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જનપ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય અને

આસ્વાદનો થાય, એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય, એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્ય છતું કરવું જોઈએ.

૬. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્ય સ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે. આ રહસ્ય અવગત કરવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવીએ છીએ. એક બાજુ યુવકો ને નાગરિકોની કક્ષા — તેમની અભિરુચિ, વાચનશક્તિ અને સમજશક્તિ —ની મર્યાદાઓ છે; તો બીજી બાજુ, ઈતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન છે. ગંભીર અને કઠણ ગણાતા વિષયો, ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટે કસોટીરૂપ છે. સંપાદકોની મર્યાદાઓય હોવાની. આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા છતાં અતિ-મહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોયે ગંગોત્રીનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો વા રૂપાંતરો રજૂ કરવાને બદલે શક્ય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો હેતુ છે.

અમારા પ્રયાસમાં સદ્‌ગત પૂજ્ય શ્રી મોટા તેમ જ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્‌ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંતઃકરણ-પૂર્વક આભારી છીએ. વાસ્તવમાં એની બીજભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિઃ ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું હતું. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમ જ સભ્ય લવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકોનો અને વિદ્વાનોનો તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્ત સ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોનો અમને જે સહકાર સાંપડ્યો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણસ્વીકાર કરીએ છીએ.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધી અને સહસંપાદક શ્રી પ્રકાશ ન. શાહનો આભાર માનું છું.

વલ્લભવિદ્યાનગર

ડૉ. આર. ડી. પટેલ
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

# સંપાદકીય

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીનો આ ઓગણીસમો ગ્રંથ છે — માનવ વિદ્યાશાખાનો અગિયારમો (વિચાર-દર્શનના બે ગ્રંથમાંનો પહેલો). આ ગ્રંથમાં લોકશાહી, મૂડીવાદ અને સમાજવાદ, આ ત્રણ વિચારધારાઓ આવરી લેવામાં આવી છે.

અર્વાચીન યુગના, ખાસ કરીને, નવોદિત અને વિકાસમાન દેશો લોકશાહી સમાજવાદને રાષ્ટ્રીય વિકાસની જડીબુટ્ટી માને છે. આવા અનેક રાષ્ટ્રોના તેમ જ ભારતના અદ્યતન પ્રયોગોને સમાજવામાં આ ગ્રંથ ઉપયોગી નીવડે એ હેતુ તેના આયોજન પાછળ રહેલો છે.

ખૂબીની વાત તો એ છે કે લોકશાહી અને સમાજવાદ બંને વિચારધારાનો જે રીતે વિકાસ થયો છે એ એટલો જટિલ (કૉમ્પ્લૅક્સ) છે કે એમની કોઈ વ્યાખ્યા કે એમના પ્રકાર કે સ્વરૂપ અંગે ભાગ્યે જ કશી નિશ્ચિનતા અને સર્વસ્વીકૃતતા જોવા મળે છે.

લોકશાહીની વાત કરીએ તો, આજથી અઢી હજાર વર્ષ પૂર્વેની, પેરિક્લીઝ અને સૉક્રેટીસના સમયની આદર્શ ગણાયેલી લોકશાહીનીય ઊણપો — બહુસંખ્ય વિદેશીઓ અને ગુલામોને નાગરિક તરીકેનો અધિકાર ન હતો એ વાત બાજુ પર રાખીએ તોયે, લેખક સૂચવે છે તેમ — ઓછી ગંભીર ન હતી. દા.ત.,

> લોકશાહી મહાન રાજ્ય સરજી શકે છે પણ તેની જાળવણી કરી શકતી નથી, એને નિભાવી શકતી નથી. લોકોની સ્વાર્થવૃત્તિ ઉમદા સ્વભાવના લોકોને સત્તા પર ટકી રહેવા દેતી તથી.

આ પછી, પ્લેટોના શિષ્ય ઍરિસ્ટૉટલે લોકશાહી રખેને ટોળાંશાહીમાં વિકૃતિ પામે એવી બીજા છેડાની દહેશત પ્રગટ કરી હતી. તો, રોમન પ્રજાએ તત્ત્વચિંતન કરતાં વ્યવહારુ પ્રયોગો ઉપર વધારે ધ્યાન આપ્યું. પરંતુ તેમનેય, 'બકરું કાઢતાં ઊંટ પેસે' એવા અનુભવોમાંથી વારંવાર પસાર થવું પડ્યું.

યુરોપની પ્રજાઓએ રાજાઓ, ઉમરાવો, ચર્ચ, ધનિકો અને મધ્યમવર્ગ વચ્ચેનાં ઘર્ષણોના અનુભવ બાદ લોકશાહીને જે આકાર આપ્યો એ જોયા-જાણ્યા પછી રૂસો આઘાત પામ્યો. તેણે કહ્યું : સુખી જીવન જીવવામાં નડતા અંતરાયોનો સામનો કરવા માટે માનવી જે સામાજિક સંસ્થાઓ રચે છે તેમાં જ વ્યક્તિગત હિતો જોખમાય છે . . . મનુષ્યતાના મૂળમાં રહેલા વ્યક્તિસ્વાતંત્ર્યને હાનિ પહોંચે છે . . .

આ તો ઠીક, પણ અદ્યતનયુગી લોકશાહીની જન્મભૂમિસમા બ્રિટનની પ્રજા કે જેણે બહુમતીના પાયા પર લોકશાહીની સંસ્થાકીય ઇમારત રચવામાં ભારે ધીરજ અને કુનેહપૂર્વક ગરવી સિદ્ધિ હાંસલ કરી હતી, તેણે પણ અનુભવ્યું કે બહુમતી — લોકશાહી દ્વારા પણ વ્યક્તિસ્વાતંત્ર્યનો નાશ થઈ શકે છે. બહુપક્ષીય લોકશાહીમાંય એક જ વિચારધારા પ્રમાણે વર્તવાની ફરજ પાડી શકાય છે . . . અરે, આમજનતા પણ રાજ્ય જેટલી જ આપખુદી કરી શકે છે. . . .

અમેરિકા કે જ્યાં ઉદારમતવાદી લોકશાહી સહજપણે પાંગરતી થઈ રહી હતી ત્યાં પણ થૉરોને ચેતવણીનો સૂર કાઢવો પડ્યો કે, 'એ સરકાર શ્રેષ્ઠ છે જે અલ્પતમ શાસન કરે છે.' તો વળી, માર્ક્સે અને ડાબેરીઓએ લોકશાહીના મૂળ સ્રોત વિશે જ આશંકા પ્રગટ કરી. લોકશાહી એ મૂડીવાદનું સર્જન છે, એમ કહી લોકશાહી સમસ્યાને પારાવાર ગૂંચવી.

આજે પણ લોકશાહી વિશે સેંકડો વર્ષથી પુછાતા સવાલો પૂછવાની સ્થિતિ દૂર થઈ નથી. દા. ત.,

સામાજિક જીવન વ્યવસ્થિત બનાવવા માટે અનિવાર્ય અંકુશો કોણ મૂકી શકે? એ માટેની સત્તાનો આધાર શો? એ સત્તાનો દુરુપયોગ થાય તો વ્યક્તિઓને અને સમૂહોને એની સામે બળવો કરવાનો અધિકાર ખરો કે નહીં? વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવનાનાં મૂળ શામાં છે? આ સ્વાતંત્ર્યને મર્યાદાઓ છે? મર્યાદાઓ હોય તો તે કોણ નક્કી કરે? વ્યક્તિસ્વાતંત્ર્ય અને રાજ્યની વધતી જતી સત્તા વચ્ચે મેળ કેમ સધાય? વગેરે. . .

—અને હજી આજેય 'લોકશાહી' પ્રકાસેમાં, બહુપક્ષી, એકપક્ષી, ગાઇડેડ, ગ્રાસરૂટ, સોશિયાલિસ્ટ, પીપલ્સ (સામ્યવાદી) : સૌ પોતપોતાના પ્રકારને શ્રેષ્ઠ ગણાવે છે. અને સર્વશ્રેષ્ઠ લોકશાહીની વ્યાખ્યા લોકોની, લોકો માટે તથા લોકો દ્વારા એવું સ્વીકારાયા પછી પણ લોકો એટલે કોણ? ની, માટે, દ્વારા એટલે શું?—આ સવાલોના કોઈ નિશ્ચિત સર્વસ્વીકૃત જવાબ પ્રાપ્ત નથી.

જેવું લોકશાહીનું છે તેવું જ સમાજવાદનું. જોકે લોકશાહીનો અઢી હજાર વર્ષનો ઇતિહાસ છે, ત્યારે સમાજવાદ(અર્વાચીન સ્વરૂપ)નો માત્ર દોઢસો વર્ષનો. પરંતુ, તેમ છતાં, સમાજવાદનીય કોઈ એક સર્વસ્વીકૃત વ્યાખ્યા આપવી અશક્ય છે. હા, આ વિચારના મૂળમાં 'નિરંકુશ વ્યક્તિવાદ' અને 'અર્થતંત્રની મુક્ત હરીફાઈ'નો વિરોધ મુખ્ય હતો. બહુજનસમાજના હિતનો ખ્યાલ તેમાં મુખ્ય હતો.

કેટલાકે મિલકતને ચોરી તરીકે લેખી હતી, કેટલાકે શોષણનું મૂળ રાજ્યને ગણાવ્યું હતું. તો કેટલાકે મૂડીવાદી અર્થતંત્રને; કેટલાકે મનુષ્યજાતને જન્મથી સ્વાર્થી લેખી હતી, વ્યક્તિવાદને સર્વ અનિષ્ટોનું મૂળ માન્યું હતું; તો કેટલાકે વર્ગહિતોને અચળ માની તેની નાબૂદીની વાત કરી હતી; કેટલાકે સામાજિક ભૌતિક પરિબળોને—ઔદ્યોગિક કેન્દ્રિત સમાજને—જવાબદાર ગણાવ્યાં હતાં, તો બીજાઓએ બૌદ્ધિક અભિગમના અભાવને પાયાનું દૂષણ ગણાવી તે દૂર થતાં પૃથ્વી પર સ્વર્ગ ઊતરવાની ખ્વાહેશ સેવી હતી. આ સૌએ પોતપોતાની માન્યતા મુજબ ઉપાયો સૂચવ્યા હતા. એમાંના કેટલાકે સાહસિક પ્રયોગો પણ કરી જોયા હતા, જે યુટોપિયન (તરંગી) તરીકે ગવાયા હતા.

આ યુટોપિયન સમાજવાદ ઉપરાંત સંઘસમાજવાદ (સિંડિકેલિઝમ), શ્રેણી સમાજવાદ (ગિલ્ડ સોશિયાલિઝમ), ફેબિયન, સહકારી, લોકશાહી, આફ્રિકી-એશિયાઈ, નાઝી અને ફાસી તથા માર્ક્સવાદી અને ખ્રિસ્તી તથા અધ્યાત્મવાદી સમાજવાદના પ્રકારો જોવા મળે છે. આ દરેકનો દાવો 'ઇલમકી લકડી' તરીકેનો રહ્યો છે. આ બધા છતાં, ઔદ્યોગિક સંસ્કૃતિએ માણસજાત સમક્ષ જે વિકટ કોયડા ઊભા કર્યા છે તેનો 'સમાજવાદી' ઉકેલ પણ ત્રણ સાંધતાં તેર તૂટે એવો જ રહ્યો છે. . . .

લોકશાહી અને સમાજવાદની સ્થિતિ આવી વિકટ હોવા છતાં, આ વિભાવનાઓ અર્થહીન ઠરતી નથી. મૂળભૂત રીતે આ ખ્યાલો પોકળ કે તરંગી નથી. અદ્યતન પ્રજાઓનાં વર્તમાન અને ભવિષ્યના ઘડતરમાં જબરદસ્ત ફાળો આપી રહેલ આ પરિબળો છે. પારાવાર મથામણો પછી, અને સામ્યવાદી સમાજવાદી ઢબના અખતરાઓના અનુભવોને અંતે, એકંદરે, સામાજિક ન્યાય અને વ્યક્તિસ્વાતંત્ર્યના સુમેળનો ઉદ્દેશ સ્વીકારાયો છે. એ માટેનો પુરુષાર્થ વ્યર્થ નથી ગયો. નવાં માનવી અને નવા સમાજ માટે ઉજ્જ્વળ ભવિષ્ય છે જ છે. આ ગ્રંથમાં વાચક જોશે કે આ પાયાનો સુમેળ બહાર આણવાનો જ પ્રયાસ રહ્યો છે.

અહીં એક મુદ્દાની બાબત ઉમેરવી જરૂરી છે તે એ કે લોકશાહી અને સમાજવાદની યથાવત્ સમજણ પ્રાપ્ત કરવા માટે મૂડીવાદના મૂળ સ્વરૂપની અને તેની કાયાપલટની ઝીણવટભરી સમજણ અનિવાર્ય છે. કેમ કે, એક તો, મૂડીવાદ પોતે અમુક સ્વરૂપની આર્થિક તંત્રરચના છે અને સમાજવાદના પાયામાં એનાથી ભિન્ન સ્વરૂપની અર્થરચના આધારસ્તંભ છે. આથી મૂડીવાદ અને સમાજવાદને પરસ્પર વિરોધી—અકાટ્ય વિરોધક ઘટના

તરીકે ઓળખવામાં આવે છે. બીજી બાજુ, મૂડીવાદી અર્થતંત્રના પ્રભાવક યુગમાં લોકશાહીનો જન્મ થયો હોઈને કેટલાક વિદ્વાનો મૂડીવાદને લોકશાહીનું અકાટ્ય અંગ માને છે. આથી ઊલટું, કેટલાક વિદ્વાનો સમાજવાદ અને લોકશાહી વચ્ચે કદી મેળ ખાઈ શકે એમ નથી, એવુંય માને છે. તો વળી, કેટલાક મૂડીવાદ અને સમાજવાદ બેઉનું રૂપાન્તર થઈ રહ્યાનું જુએ છે, અને તેના આધારે બન્નેના સમન્વયની શક્યતા ઉપર ભાર મૂકે છે; અને તેમ થતાં, સમાજવાદ અને લોકશાહી વચ્ચે સમન્વય સધાવાની શ્રદ્ધા સેવે છે.

આ બધું જોતાં, લોકશાહી અને સમાજવાદને સમજવામાં મૂડીવાદ અંગેની સમજણ મહત્ત્વની બની રહે છે. પરંતુ,—

લોકશાહી, મૂડીવાદ અને સમાજવાદ : ત્રણે ઉપર જો કોઈ એક વિચારધારાએ ખૂબ જ વ્યવસ્થિત પ્રભાવ પાડ્યો હોય તો તે છે માર્ક્સવાદ—સામ્યવાદ (કૉમ્યુનિઝમ). આ છતાં, આ ગ્રંથમાં સામ્યવાદ ઉપર સ્વતંત્ર પ્રકરણ નથી. એક કારણ એ છે કે લોકશાહી, મૂડીવાદ અને સમાજવાદ અંગેનાં પ્રકરણોમાં જ જ્યાં જ્યાં સામ્યવાદ(માર્ક્સવાદ)નો સંદર્ભ જરૂરી બન્યો છે ત્યાં ત્યાં તેનું યથાર્થ વિવરણ કરવામાં આવ્યું છે. બીજું એ કે માર્ક્સવાદી ચિંતનનું અર્પણ કેવળ રાજકારણી કે અર્થકારણી નહીં, ધર્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ, ઇતિહાસ, સમાજકારણ, સાહિત્ય અને કળા તેમ જ ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે ખાસ્સું પ્રભાવક રહ્યું છે. તેને ઓછામાં ઓછો ન્યાય આપવા માટે પણ આ ગ્રંથમાં પૂરતો અવકાશ નથી. વિચારદર્શનના બીજા (હવે પછીના) ગ્રંથમાં માર્ક્સવાદી ચિંતનનાં ઉપર ઉલ્લેખેલ પાસાં આવરી લેવાનું આયોજ્યું છે.

આટલા ખુલાસા પછી એટલું ઉમેરીએ કે, લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ અને માર્ક્સવાદ કેવળ ‘વિચારદર્શન’ નથી. વાસ્તવ અને નક્કર સમસ્યાઓના સંદર્ભમાં જ આ સમગ્ર ચિંતન પાંગર્યું છે. ચિંતનની સાથોસાથ જ એ સૌનો રાજકીય-આર્થિક સંસ્થાગત વિકાસ થતો રહ્યો છે. આ ગ્રંથના લેખકોએ આ વ્યાપક સંદર્ભમાં જ વિચાર-દર્શન પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ અતિશય દુઃસાધ્ય કામગીરી છે : પહેલા ખંડ(લોકશાહી)માં અઢી હજાર વર્ષને આંબતા ઇતિહાસના પટ પર અવતરેલા આશરે ચાળીસ જેટલા ચિંતકોના ઢગલાબંધ ગ્રંથો અને પરસ્પરવિરોધી લાગતાં વિધાનોમાંથી પ્રસ્તુત મુદ્દાઓ સુપેરે તારવીને સુરેખપણે રજૂ કરવામાં શ્રી રોહિતભાઈએ, તો સમાજવાદ જેવી ભાવનાવાદી વિભાવનાના આંતરિક તત્ત્વને પકડી લઈ તેને માનવીય નૈતિક મૂલ્યોની કસોટીએ મૂલવવામાં પ્રા. શ્રી પારેખ સાહેબ અને શ્રી પ્રવીણભાઈએ તથા મૂડીવાદ જેવી ભારે જટિલ અર્થતંત્રીય રચનાને સરળ બોધક શૈલીમાં રજૂ કરવામાં પ્રા. શ્રી અમીને, દરેકે માત્ર ૫૦–૬૦ પૃષ્ઠની મર્યાદામાં, જે દક્ષતા સિદ્ધ કરી છે તે જે તે વિષયના અભ્યાસીને પણ પ્રશસ્ય લાગ્યા વિના નહીં રહે.... અમે આ માટે તેમના ગુણાનુરાગી છીએ જ.

આ ગ્રંથમાં બર્ટ્રાન્ડ રસેલના તથા પં. નેહરુના વિચારો સંકલિત રૂપે ઉમેરી આપવા બદલ તથા ગ્રંથની તૈયારી દરમિયાન સતત આવશ્યક માર્ગદર્શન આપતા રહીને અમને ઘણી માનસિક રાહત અનુભવાવી છે તે બદલ અમે આચાર્ય શ્રી યશવન્તભાઈ શુક્લનો આભાર માનીએ તેટલો ઓછો છે. ‘સત્તા’માંથી પુરવણી માટે જે ભાગ આ ગ્રંથમાં લેવાયો છે તે અંગેની પરવાનગી આપવા બદલ સૌરાષ્ટ્ર ભાષાન્તર નિધિના તેમ જ જવાહરલાલ નેહરુની આત્મકથામાંથી જે ભાગ પસંદ કર્યો તે ભાગ ઉતારવાની પરવાનગી આપવા બદલ શ્રી નારાયણભાઈ દેસાઈના અમે આભારી છીએ. અંતમાં, ગ્રંથમાંનાં ચિત્રો-પ્લેટ્સની પસંદગી અને રુચિકર રચનાનું ઝીણવટભર્યું કાર્ય, અમારી ગેરહાજરીમાં, ચીવટ અને આત્મીયતાથી પાર પાડનારા અમારા સાથીઓ સર્વશ્રી જેઠાલાલ ગાંધી, હર્ષદ દવે, બાલુભાઈ પારેખના અમે અહેસાનમંદ છીએ.

તા. ૧–૫–૭૬

# અનુક્રમણિકા


**ખંડ ૧ : લોકશાહી**

**રોહિતભાઈ દવે**

ગ્રીસ ૧ : ૧

રોમ ૨ : ૧૩

યુરોપ ૩ : ૧૯

બ્રિટન – અમેરિકા – ફ્રાન્સ – જર્મની ૪ : ૩૯

અર્વાચીન લોકશાહી અને તેના હરીફો ૫ : ૫૩

**ખંડ ૨ : મૂડીવાદ**

**આર. કે. અમીન**

ઓગણીસમી સદીના મૂડીવાદનો ઉદ્ભવ ૬ : ૬૩

ઓગણીસમી સદીનો મૂડીવાદ અને તેની પ્રક્રિયા ૭ : ૬૯

સુધારાવાદીઓની ટીકા ૮ : ૮૦

માર્ક્સવાદી અને સમાજવાદી દૃષ્ટિબિંદુ ૯ : ૮૭

વીસમી સદીનો મૂડીવાદ ૧૦ : ૯૭

મૂડીવાદ અને સમાજવાદમાં રૂપાન્તર ૧૧ : ૧૦૭

ભાવિના ભીતરમાં ૧૨ : ૧૧૩

**ખંડ ૩ : સમાજવાદ**

**એમ. જી. પારેખ : પ્રવીણ શેઠ**

ઐતિહાસિક પાર્શ્વભૂમિકા ૧૩ : ૧૧૭

માર્ક્સવાદની છાયામાં ૧૪ : ૧૩૧

લોકશાહી સમાજવાદની દિશામાં ૧૫ : ૧૪૧

અભિનવ સહઅસ્તિત્વ ૧૬ : ૧૫૯

સૂચિ : ૧૯૯

**પુરવણી : સંકલન, યશવન્ત શુક્લ**


૧. લોકશાસનની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ : બર્ટ્રાન્ડ રસેલ (યશવન્ત શુક્લ) ૧૭૩

૨. અજબ સમસ્યા : પં. જવાહરલાલ નેહરુ (મહાદેવ દેસાઈ) ૧૯૬



**પૃષ્ઠસંખ્યા : viii + ૨૦૦ + ૩ (પ્લેટો) = ૨૧૧**


ગ્રંથના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર ફ્રાન્સના જાણીતા શિલ્પકાર રોદાંના 'ધ થિંકર' શિલ્પનું છે.



સૉક્રેટીસ

# ખંડ ૧ : લોકશાહી

હે ઍથેન્સના લોકો, તમને હું માન આપું છું, તમને હું ચાહું છું, પણ તમને તાબે થવા કરતાં ખુદાને તાબે થવું તે હું વધારે પસંદ કરું છું. અને જ્યાં સુધી મારામાં દમ અને તાકાત છે ત્યાં સુધી હું મારા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ચાલુ રાખીશ, અને જેઓ મને મળશે તથા સાંભળશે તેમને નીચે પ્રમાણે બોધ આપીશ :

'અરે ઍથેન્સના ઉત્તમ માણસો! તમે પ્રખ્યાત શહેરમાં વસનારા છો. તમે બળવાન ગણાઓ છો. તમે ડાહ્યામાં ખપો છો. છતાં તમે પૈસાદાર થવા માગો છો. પૈસો મેળવતાં શું શું કરો છો તે જોતા નથી. તમે હોદ્દા મેળવવાની, કીર્તિ મેળવવાની કાળજી રાખો છો. આમ કરતાં તમને કેમ શરમ નથી આવતી? તમને તમારા અરવા(આત્મા)ની, તમારા જ્ઞાનની, સત્યની દરકાર નથી. તમારો આત્મા કેમ ઊંચે ચડે તેનું તમે ભાન રાખતા નથી.'

* * *

મને તમે મોતની સજા કરશો તો, હું જેવો છું તેવો હોવાથી, મને નુકસાન થશે તેના કરતાં તમને વધારે થશે. મને મેલીટસ કે બીજા કોઈ નુકસાન કરી શકનાર નથી. મને નુકસાન કરવાની તેઓનામાં તાકાત નથી. સારા માણસને તેનાથી ઊતરતો માણસ નુકસાન કરી શકે એમ બની શકતું નથી. તેના તહોમતથી કદાચ દેહાંતદંડ મળશે, કદાચ દેશપાર કરવામાં આવશે, મારા હકો છીનવી લેવામાં આવશે. તમોને એમ લાગે કે આમ થાય એ તો મને ભારે નુકસાન થયું ગણાય. હું તેને નુકસાન નથી માનતો. પણ અન્યાયથી બીજા માણસને મરાવી નાખવાનો પ્રયત્ન કરવાથી, પ્રયત્ન કરનાર પોતાને જ નુકસાન કરે છે. એટલે હું મારો બચાવ કરું છું એમ તમે ન માનજો. તમારી પાસે ખડો રહી હું જે પોકાર કરું છું તે તમારે સારુ છે. તમે ખુદાઈ ફરમાન તોડી ખોટું કરો તેમાંથી તમને ઉગારવાની મારી ઇચ્છા છે.


**—એક સત્યવીરની કથા અથવા સૉક્રેટીસનો બચાવ,**
ગાંધીજીએ કરેલા અનુવાદ(પ્રકા. નવજીવન)માંથી એક અંશ.

# ૧ : ગ્રીસ

પશ્ચિમની લોકશાહીની ભાવનાનો ઉદય ઍથેન્સમાં થયો. સોલન અને કિલસ્થિનીઝના પ્રારંભિક પુરુષાર્થના પાયા પર પેરિકલીઝના સમયમાં એ ભાવનાનું સુસ્પષ્ટ ચિત્ર સરજાયું. ગ્રીક લોકશાહીનો એ સુવર્ણયુગ હતો. એ યુગની સંધ્યાના સમયે થ્યુસિડિડીઝે એની મીમાંસા કરી લોકશાહીનાં સારાંનરસાં પાસાં તાત્ત્વિક દૃષ્ટિએ તપાસવાનો પ્રયત્ન કર્યો. પેલોપોનિશિયન યુદ્ધ પરના એના ગ્રંથમાં ઍથેન્સની લોકશાહીને પ્રથમ વાચા મળી. પછી પ્લેટોએ એના દોષો વધારે સ્પષ્ટતાથી રજૂ કર્યા અને ઍરિસ્ટૉટલે એનું વધુ શાસ્ત્રીય દૃષ્ટિએ આલેખન કર્યું. આમ, ગ્રીક સંસ્કૃતિના કાળમાં જ ઍથેન્સની લોકશાહી ઉપર સારા પ્રમાણમાં વિવેચન થયું હતું એટલે લોકશાહીની ભાવનાનાં મંગળાચરણ ઍથેન્સના બંધારણીય ઈતિહાસથી કરીએ એ સર્વથા યોગ્ય છે. ઍથેન્સનાં વિશિષ્ટ ભૌગોલિક લક્ષણો, ત્યાંની આબોહવા વગેરેએ ઍથેન્સના લોકોનું અનોખું માનસ ઘડવામાં મોટો ભાગ ભજવ્યો હતો. ત્યાં વિકસેલા આર્થિક જીવને જે સમાજરચના પોષી તેણે લોકશાહીનો માર્ગ સુગમ બનાવ્યો હતો. ત્યાંના રાજપુરુષો ને તત્ત્વચિંતકોએ ગ્રીસના લોકોને આ રાજકીય વિચારધારાનાં આનુષંગિક તત્ત્વો અંગે સભાન કર્યા હતા અને એ વિચારોને વ્યવહારુ સ્વરૂપ આપતી રાજકીય સંસ્થાઓ પણ ઊભી કરી હતી. પરંતુ આ બધું વિગતે જોતાં પહેલાં આના જે અંકુરો સોલન અને કિલસ્થિનીઝના પ્રારંભિક પ્રયાસોમાં જોવા મળે છે તેનો ખ્યાલ મેળવીએ.

સોલને ઈ. સ. પૂર્વે ૫૯૩ના અરસામાં ઉમરાવશાહી સામેના લોકોના વિરોધને હળવો કરવા ઍથેન્સના રાજ્યબંધારણમાં કેટલાક સુધારા સૂચવ્યા હતા. સોલન પૂર્વે બધી રાજ્યસત્તા મૅજિસ્ટ્રેટોના હાથમાં હતી અને માત્ર ઉમરાવ વર્ગના લોકોને જ મૅજિસ્ટ્રેટનો હોદ્દો મળતો. સોલને એમાં સુધારો કર્યો. મૅજિસ્ટ્રેટોને પોતાના કામકાજનો જવાબ આપવા માટે લોકોનાં ન્યાયાસનો સામે ખડા કરી શકાય એવી એણે ગોઠવણ કરી. વળી, લોકસભાની કાર્યવાહી વ્યવસ્થિત કરી તે દ્વારા લોકમતને વધુ પ્રભાવક બનાવવામાં પણ એણે અગત્યનો ભાગ ભજવ્યો. સોલનના સુધારાઓનું મુખ્ય ધ્યેય એ હતું કે ઉમરાવશાહીની સત્તા પર એવા અંકુશો મુકાય કે જેથી લોકોને એમ ન લાગે કે રાજ્યવ્યવસ્થામાં તેમનો કોઈ હિસ્સો નથી. આમ છતાં, બધી રાજ્યસત્તા હજી ઍરિયૉપગસ નામની સમિતિના હાથમાં જ હતી અને એમાં ઉમરાવ કુટુંબના લોકો જ બેસી શકતા.

ત્યાર પછી ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં કિલસ્થિનીઝે સોલનના સુધારાને વાસ્તવિક સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો. આને માટે એણે પાંચસો સભ્યોની સમિતિની સ્થાપના કરી. આ સમિતિ પ્રાદેશિક જાતિઓને ધોરણે રચવામાં આવી હતી તેથી ધનિકોની અને ખાસ કરીને મૅજિસ્ટ્રેટોની સત્તા ઉપર અંકુશો આવ્યા. ત્યાર પછી ઍરિયૉપગસના હાથમાંથી ધાર્મિક બાબતો સિવાયની બધી સત્તાઓ છીનવી લેવામાં આવી અને પાંચસોની સમિતિના હાથમાં ધારાધોરણો ઘડવાની તેમ જ વટહુકમો બહાર પાડવાની સત્તા આવી. ઍથેન્સનું બંધારણ હવે સાચે જ લોકશાહીના સિદ્ધાંતોને સાકાર કરતું થયું. લોકોની બહુમતીના હાથમાં સીધી સરકારી હકૂમત આવી ગઈ. પાંચસોની સમિતિ ધારાસભા માટેનો કાર્યક્રમ તૈયાર કરતી. ફિતૂરી અંગેના બધા દાવા



**સોલન**

ઉમરાવશાહી પર અંકુશ મૂકતા સુધારા

આ સમિતિ સાંભળતી. લોકોની અદાલત આખરી નિર્ણય આપતી. માત્ર ઍરિયૉપગસના હાથમાં જે ધાર્મિક સત્તાઓ બાકી હતી તેના ઉપર જ લોકોની અદાલતને નિર્ણય આપવાનો અધિકાર નહોતો. (આ સમિતિ મૅજિસ્ટ્રેટોને હુકમ આપી શકતી.) તેના ઉપર હવે કોઈ અંકુશ રહ્યા ન હતા. પરંતુ હજી કાનૂન ઘડવાની સત્તાને સ્પષ્ટ મર્યાદાઓ હતી. કોઈ સભ્ય પરાપૂર્વથી ચાલ્યા આવતા નિયમનો ભંગ કરતો ધારો રજૂ કરે તો કોઈ પણ નાગરિક લોકોની અદાલત સામે ફરિયાદ કરી શકે અને આ અદાલતનો નિર્ણય ન આવે ત્યાં સુધી એ ધારા પર અમલ ન થઈ શકે. આમ સોલન અને કિલસ્થિનીઝે સમિતિના અધિકાર અંગે જે સીમાડા ઊભા કર્યા હતા તે ઈ.સ. પૂર્વે ૪૫૭માં દૂર થયા. ગરીબમાં ગરીબ નાગરિક પણ હવે કોઈ પણ હોદ્દા માટે ઊભો રહી શકતો. માત્ર ધાર્મિક અધિકારો જ આમાંથી બાકાત હતા. ઍથેન્સના દરેક નાગરિકને રાજ્યના હોદ્દાઓ પર આવવાનો હક મળ્યો એટલું જ નહીં પણ એ એની ફરજ પણ થઈ પડી. દરેક નાગરિક આમ સરકારી કામકાજમાં એટલો તો પરોવાયેલો રહેવા લાગ્યો કે એની કલ્પના પણ આજે શકય નથી.

## ઍથેન્સની લોકશાહીનો સુવર્ણયુગ

### પેરિકલીઝ

ઍથેન્સની આ લોકશાહી ફૂલીફાલી પેરિકલીઝના સમય(ઈ. સ. પૂર્વે ૪૮૦–૪૩૨)માં. આ વખતની રાજ્યવ્યવસ્થાને સાધારણપણે ગ્રીસની લોકશાહીના નમૂનારૂપે ગણવામાં આવે છે. આ રાજ્યવ્યવસ્થા એવી રીતે ઘડવામાં આવી હતી કે લગભગ દરેક નાગરિકને માથે રાજ્યની કોઈ ને કોઈ ફરજ વત્તાઓછા પ્રમાણમાં આવી જ રહે. દરેક નાગરિકે વારાફરતી વહીવટી તંત્રમાં કે ન્યાયાલયમાં કામ કરવું પડતું. અફસરો અને કાર્યવાહક સમિતિઓ લોકસભાને આધીન હતાં અને તેમના આદેશ પ્રમાણે તેમણે કામ કરવું પડતું. આમ મૅજિસ્ટ્રેટોની સત્તા પર અંકુશો મૂકવામાં આવ્યા. ઍથેન્સના બંધારણમાં સાર્વભૌમ સત્તા લોકસમિતિ-(ઈકલીઝિયા)ના હાથમાં હતી. વીસ કે તેથી વધુ વરસના પુરુષો તેમાં બેસવાને હકદાર હતા. વર્ષમાં દસ વખત એ મળતી. ઉપરાંત વિશિષ્ટ પ્રસંગોએ વિચાર કરવા માટે એની ખાસ બેઠકો પણ બોલાવવામાં આવતી. ગણપૂર્તિ (કોરમ) માટે ૬૦૦૦ સભ્યોની હાજરી જરૂરી મનાતી. શહેરમાં વસતા વધારે ક્રાન્તિકારી માનસ ધરાવતા સભ્યોની એમાં બહુમતી રહેતી. એને કાયદો ઘડવાની સત્તા ન હતી. પણ સ્થાપિત કાયદાનો વિરોધ ન કરતા હોય એવા ઠરાવો દ્વારા ઘણાં નવાં ધારાધોરણો ઘડાતાં. આ ઠરાવોનો વિચાર કરવામાં તેમને કોઈ નિષ્ણાતોની જરૂર પડતી નહીં. છતાં ઈકલીઝિયાનો કારભાર ઘણી સરળતાથી ચાલતો અને કોઈ મોટા ક્રાન્તિકારી ફેરફારો એનાથી થતા નહીં. ઘણી વાર કોઈ છટાદાર વક્તા પોતાનું ધાર્યું કરાવી શકતો. પરંતુ પેલોપોનિશિયન યુદ્ધ કે સિસિલીના હુમલા વખતે આ સમિતિએ ઘણી જવાબદાર કામગીરી બજાવી હતી અને હિંમતભર્યું વર્તન દાખવ્યું હતું.

ઈકલીઝિયાએ આંકેલી કાર્યનીતિની સીમાઓ વચ્ચે રહીને સમિતિ રોજિંદું કામકાજ સંભાળતી. એ ઈકલીઝિયાની કાર્યસૂચિ તૈયાર કરતી અને મૅજિસ્ટ્રેટોના કામકાજ ઉપર પણ દેખરેખ રાખતી. ચિઠ્ઠી ઉપાડી તેમની નિમણૂક કરવામાં આવતી. તે બહુધા સાધારણ હરોળના નાગરિકોની બનેલી રહેતી. આ સમિતિમાં કામ કરતા નાગરિકોને જવાબદારીભર્યા હોદ્દાઓ પર કામ કરવાની તાલીમ મળતી. લોકન્યાયાયલો (ટિલિઆઈયા) દ્વારા મૅજિસ્ટ્રેટોને ઈકલીઝિયાની ઈચ્છાને માન આપવાની ફરજ પાડવામાં આવતી. આવાં ન્યાયાલયોમાં કામ કરવા માટે પગાર મળતો હોવાથી જરૂરિયાતો ધરાવતા સાધારણ નાગરિકો પણ એમાં કામ કરવાનું પસંદ કરતા. માત્ર લશ્કરના સેનાપતિઓ ધનિક વર્ગમાંથી ચૂંટાતા; કારણ લડાઈ માટે નાણાં તેઓ ઊભાં કરી શકતા તથા લશ્કરી તાલીમ પણ લઈ શકતા. આથી એમને ઍથેન્સના ખરા વહીવટદારો ગણવામાં આવતા. તેઓ ઍથેન્સની વિદેશનીતિ નક્કી કરતા, રાજકારભાર અને સંરક્ષણ માટે નાણાં ઊભાં કરતા. દશ સેનાપતિઓની બનેલી 'સ્ટ્રૅટિજિયા' દ્વારા આ બધી કામગીરી થતી. જો કોઈ મુત્સદ્દી લોકોના ખોફને પાત્ર થાય તો બધા નાગરિકોના મતો લઈ બહુમતીથી તેને હદપાર કરવાની પ્રથા (ઑસ્ટ્રેસિઝમ) હતી.

પેરિકલીઝે બધાં સરકારી કામકાજ માટે નાણાં આપવાનું નક્કી કર્યું. એની દલીલ એ હતી કે ગરીબમાં ગરીબ માણસ પણ પોતાનો કામધંધો છોડી રાજકારભારમાં હિસ્સો લઈ શકે તે માટે નાણાં આપવાં જરૂરી છે. પેરિક્લીઝના વિરોધીઓનો એવો આક્ષેપ હતો કે આમ નાણાં આપીને તે લોકોને ખુશ રાખતો અને તેમના મતો ખરીદી શકતો. આ નાણાં ઍથેન્સે ઊભી કરેલી સલ્તનતમાંથી આવતાં. આમ ઍથેન્સના નાગરિકોની જરૂરિયાતો સલ્તનતના બીજા ભાગો પૂરી કરતા.


ઍથેન્સે, આપણે જોયું તેમ, રાજ્યબંધારણમાં સોલનથી માંડીને પેરિકલીઝના સમય સુધીમાં ઘણા અખતરા કર્યા હતા. ઍથેન્સ માટે આ ઘટના સ્વાભાવિક હતી. ગિરિમાળાથી વીંટળાયેલા ઍથેન્સના પ્રદેશમાં રહેતા લોકોને સ્વાભાવિક રીતે જ નગરો વસાવવાની ફરજ પડી હતી. આ નગરોની શેરીઓમાં લોકો ભેગા થતા, બજારોમાં ઘૂમતા અને અખાડામાં શરીરને કવાયત આપતા. આમ, ખુલ્લા જીવન માટે અનુકૂળ સંજોગો કુદરતે પૂરા પાડયા હતા. ઍથેન્સના લોકોએ પરસ્પર ભેગા મળવાનો શોખ કેળવી તેનો બરાબર ઉપયોગ કર્યો. તેમના નાગરિક જીવનને આથી ઘણું પોષણ મળ્યું. ઍથેન્સે તેમના હૃદયમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું. ઍથેન્સના નાગરિક હોવામાં તેમને ગૌરવ લાગ્યું. એના બંધારણ માટે તેમને ગર્વ હતો. એની સંસ્કૃતિ તેમને સર્વોચ્ચ લાગતી. સભ્ય નાગરિક કહેવડાવવામાં તેમને આત્મસંતોષ મળતો અને ઍથેન્સના રક્ષણ માટે બધું ન્યોછાવર કરી નાખવાની ભાવના આદર્શ તરીકે તો સ્વીકારાતી.

આ બધું કંઈ સરળતાથી નહોતું બન્યું. સદીઓના સંઘર્ષો, પ્રયોગો, વિચારમંથનોનો એ પરિપાક હતો. પેરિકલીઝના વખતમાં સરજાયેલી સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવસ્થા પાછળ એક લાંબો ઈતિહાસ છે. આ ઈતિહાસનું મધ્યબિંદુ છે ઍથેન્સનું આર્થિક જીવન. આ જીવન ઘડવામાં એશિયા માઈનોર અને ઉત્તર આફ્રિકા તેમ જ પશ્ચિમ યુરોપના અન્ય વિસ્તારો વચ્ચે વધતા જતા વેપારે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જેમ જેમ આ વેપાર વધતો ગયો તેમ તેમ જન્મથી સિદ્ધ થતી કૌટુમ્બિક પ્રતિષ્ઠા પર રચાયલી ઉમરાવશાહીના પાયા ઢીલા પડવા માંડ્યા. આ જ સમયે સાગર ખેડતા સાહસિક નાવિકોની સંખ્યામાં વધારો થયો. બીજી બાજુ સમૃદ્ધ વેપારીઓનો વર્ગ મજબૂત થયો. સામાજિક પ્રતિષ્ઠાનું સ્વરૂપ બદલાયું. ઉમરાવશાહી માટે ઉમદા લોહીનો આધાર નબળો પડયો, ધનદોલતનો આધાર સબળ બન્યો. રાજ્યસત્તાધારી મૅજિસ્ટ્રેટો સાથે ધનિક વેપારીઓ પણ સત્તામાં ભાગ પડાવવા લાગ્યા. નગર પર કોઈ પરદેશી શત્રુ હુમલો કરે ત્યારે જેઓ લશ્કરી સરજામ પૂરો પાડી શકે, સૈનિકોને વેતન આપી શકે, સંરક્ષણના ખર્ચમાં મોટા પ્રમાણમાં ફાળો આપી શકે તેમના હાથમાં સહજ રીતે જ સત્તા કેન્દ્રિત થઈ જતી. કટોકટીની પરિસ્થિતિ દૂર થયા બાદ પણ ધનિકોના હાથમાં આવેલી સત્તા ત્યાં જ ઠરીઠામ બનતી. આથી બીજા વર્ગોમાં અસંતોષ જાગતો. ખેડૂતોને લાગતું

કે તેમને અન્યાય થઈ રહ્યો છે. શહેરના ગરીબ લોકો બેચેન બનતા. ખાસ કરીને દરિયાખેડુ નાવિકો આ અસંતોષને ચળવળનું સ્વરૂપ આપતા. રાતદિવસ મૃત્યુ સાથે બાથ ભરતા આ નાવિકોમાં ક્રાન્તિની ભાવના આપોઆપ દૃઢ થઈ જતી અને તેમને સામાજિક નિયમોને વગર બોલ્યે આધીન થવું રુચતું નહીં. તેઓ ઉદ્દામ વિચારવાળા હતા. વધુ સમતાભર્યા સમાજ માટે તેમનો આગ્રહ હતો. મૅજિસ્ટ્રેટોની સત્તા ઓછી કરવાની માગણીઓ તેમના તરફથી આવતી, જેનો સ્વાભાવિક રીતે જ સત્તાધારીઓ વિરોધ કરતા. આમ, ઉમરાવો અને ધનિકો તથા સાધારણ માણસો વચ્ચે સત્તા માટે સ્પર્ધા જાગતાં સરજાયેલી પરિસ્થિતિના ઉકેલની શોધમાં લોકશાહીનો વિકાસ થયો.

આ અંગે ગ્રીસના ઇતિહાસકારો અને ફિલસૂફોએ સુંદર મીમાંસા પણ કરી હતી. બંધારણના અને રાજકારણના પ્રશ્નો જાહેરમાં ચર્ચાતા અને એની પાછળ કામ કરતા સિદ્ધાન્તોની ખોજ થતી. આમાં થ્યુસિડિડીઝે (આશરે ઈ. સ. પૂર્વે પાંચમી સદી) પેલોપોનિશિયન યુદ્ધ(ઈ. સ. પૂર્વે ૪૩૧–૪૦૫-૪)નો ઇતિહાસ લખ્યો હતો, જેમાં આ યુદ્ધમાં માર્યા ગયેલા નાગરિકોની દફનક્રિયા વખતનાં પેરિકલીઝનાં ભાષણો આપવામાં આવ્યાં છે. આ વ્યાખ્યાનોમાં ગ્રીક વિચારકો અને રાજદ્વારી પુરુષોની લોકશાહીની ભાવનાનો સારો ખ્યાલ આપવામાં આવ્યો છે.

આ સુવર્ણયુગ લાંબો ન ચાલ્યો. ઍથેન્સની સમૃદ્ધિએ લોકશાહીની ભાવના પોષી હતી. એમાંથી જ એના પતનના અંકુરો ફૂટ્યા. પેલોપોનિશિયન યુદ્ધે પરંપરાગત ધર્મમાંથી લોકોની શ્રદ્ધા ડગાવી નાખી. આ યુદ્ધમાં મળેલી હારે લોકોને હતાશ બનાવ્યા અને તેમની ધાર્મિક ભાવના શિથિલ બની. દેવોમાંથી તેમનો વિશ્વાસ ઊઠી ગયો. ઍથેન્સની કુળદેવી અથીના ઉપર નાગરિકોને ઘણી શ્રદ્ધા હતી અને તેથી તેમનામાં એકત્વની ભાવના સતત જાગ્રત રહેતી. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ. ઍથેન્સમાં વિખવાદો શરૂ થયા. પરિણામે સલ્તનતનું પ્રભુત્વ ઓછું થયું. ઠેર ઠેર બળવાઓ ફાટી નીકળ્યા; આંતરવિગ્રહ શરૂ થયો.



ઍથેન્સનું ઍક્રૉપોલિસ (ઊંચે વસેલું દુર્ગનગર)



# એથેન્સની લોકશાહી | પેરિક્લીઝ

રણશાયી થયેલ સૈનિકોને અંજલિ આપું તે પહેલાં આ મરણ પાછળના ક્યા સિદ્ધાન્તોને પરિણામે આપણે શક્તિશાળી થયા છીએ અને કઈ સંસ્થાઓને આશરે, અને કઈ જાતના જીવન-વ્યવહારને પરિણામે આપણું આ રાજ્ય મહાન બન્યું છે તે તરફ ધ્યાન દોરવાનું મને ગમશે.

આપણું આ રાજ્ય લોકશાહી કહેવાય છે, કારણ કે આપણું રાજ્યતંત્ર થોડાની ઇચ્છા મુજબ નહીં પણ બહુજનની ઇચ્છા મુજબ ચાલે છે. અહીં એક બાજુ જ્યારે કાયદો ખાનગી કલહોમાં બધાને સમાન ન્યાય આપે છે, ત્યારે બીજી બાજુ વિશેષજ્ઞોનું વિશિષ્ટ સ્થાન સ્વીકારે છે. એટલે જ્યારે કોઈ નાગરિક એકાદ ક્ષેત્રમાં અસાધારણ શક્તિ બતાવે છે ત્યારે જાહેર સ્થાન માટે તેને પસંદગી આપવામાં આવે છે; ખાસ અધિકાર તરીકે નહીં, પણ તેના ગુણોની કદરદાની રૂપે. અહીં ગરીબાઈથી આપણે લજવાતા નથી. આપણે મતે ખરી લાજ તો તેને દૂર કરવા કંઈ જ ન કરવું તેમાં છે.

એથેન્સનો નાગરિક પોતાનું ઘર સંભાળે છે માટે રાજ્ય તરફ બેપરવા રહેતો નથી. અને આપણામાંના જે લોકો વિવિધ વ્યવસાયોમાં રચ્યાપચ્યા રહે છે તેમને પણ એવાં કામ અંગેની આવશ્યક માહિતી હોય છે. આપણે ત્યાં જે નાગરિક જાહેર પ્રશ્નોમાં રસ લેતો નથી તે નિરુપદ્રવી નહીં પણ નકામો ગણાય છે.

આપણામાંના થોડાક મૌલિક વિચાર કરે છે, પણ આપણે બધા રાજકારોબારના સ્થિરમતિ ન્યાયાધીશો જ છીએ.


આપણે મતે જાહેર ચર્ચા ને વિચારણા કાર્યશક્તિને વિઘ્નરૂપ નથી. નિર્ણયની પૂર્વતૈયારી રૂપેની ચર્ચામાંથી જે જ્ઞાન મેળવી શકાય તેનો અભાવ જ કાર્યશક્તિને વિઘ્નરૂપ છે. આપણે સૌન્દર્યના ઉપાસકો છીએ, પણ પ્રમાણ બહારના શોખીનો નથી. આપણે બુદ્ધિમત્તાના પૂજારી છીએ, પણ વીર્યને અવગણતા નથી. આપણે લક્ષ્મીને ખપની વસ્તુ ગણીએ છીએ, પણ તેનો ઉપયોગ આપવડાઈ કે દોમદમામ માટે નથી કરતા. જ્યાં તેનું સ્થાન છે ત્યાં જ તેને રાખીએ છીએ.

અહીં ગરીબાઈ કોઈને આડશરૂપે નડતી નથી. ઊલટું નાગરિક કંગાલ સ્થિતિમાંય દેશને ઉપયોગી થઈ શકે તે માટેના દરવાજા ઉઘાડા છે.

આપણા જાહેર જીવનમાં કોઈ જાતની વાડાબંધી નથી. તેવી રીતે ખાનગી વ્યવહારમાં પણ આપણે એકબીજા ઉપર અવિશ્વાસ રાખતા નથી. આપણો પડોશી પોતાને મનપસંદ કંઈક કરે તેથી આપણે ગુસ્સે તો નથી થતા, પરંતુ તેની તરફ એવી તીરછી નજરે પણ નથી જોતા, કે જે આમ નિર્દોષ ગણાય, પણ સામાને સુખદ ન લાગે. આપણે આ પ્રમાણે ખાનગી વ્યવહારમાં નિર્બંધ છીએ ત્યારે આપણું જાહેર વર્તન એક પ્રકારની આદરવૃત્તિથી સીંચાયેલું હોય છે.

કાયદા અને તેમાંથી નીપજતા અધિકારો તરફની માનવૃત્તિ આપણને નિયમભંગ કરતાં રોકે છે. એમાંય અન્યાય-થી પીડિતોનું રક્ષણ કરવા માટે જે કાયદાઓ રચાયા છે તેને આપણે વિશેષ આદર આપીએ છીએ. એટલું જ નહીં પણ એ અલિખિત પ્રણાલિકાઓ કે જેનો ભંગ તેના કરનારને સહુ લોકોનો ઠપકો અપાવે છે તેની પણ આપણે જાળવણી કરીએ છીએ. રોજના વૈવિધ્યપૂર્ણ આનંદ સમારંભો આપણા થાક કે શોકનું નિવારણ કરે છે.

(દર્શક, 'લોકશાહી', પૃ. ૬૬–૬૮)



થ્યુસિડિડીઝ
પેલોપોનિશિયન યુદ્ધનો ઇતિહાસકાર

# લોકશાહી : આલોચના અને વિકલ્પ

## પ્લેટો અને બીજા

આ પરિવર્તન માટે થ્યુસિડિડીઝ ઍથેન્સના નેતાઓને જવાબદાર ગણે છે. જે નેતાઓમાં શક્તિ હતી, સાહસ હતું, કુનેહ હતી, તેમની નીતિભાવના ઢીલી હતી; તેઓ પોતાનો સ્વાર્થ સાધવાની પ્રવૃત્તિમાં પડ્યા હોઈ તેમને ઍથેન્સના ભાવિ વિશેની ચિંતા થોડી હતી. જે નેતાઓ પ્રામાણિક, રાષ્ટ્રપ્રેમી અને ધાર્મિક વૃત્તિવાળા હતા તેમનામાં આવડતની કમી હતી, જોઈતી હિંમત ન હતી. આ બધાને પરિણામે પેરિક્લીઝના મૃત્યુ પછી ઍથેન્સના સમાજમાં એક મહાન પરિવર્તન આવ્યું. બુદ્ધિનો પ્રભાવ ઘટ્યો, લાગણીનું વર્ચસ વધ્યું. ખાનદાની ઓછી થઈ અને સત્તા અને દોલતના અસહ્ય ગર્વે એનું સ્થાન લીધું. ઘેલછાભર્યાં સાહસો વધ્યાં અને ભય અને શંકાનું સામ્રાજ્ય વ્યાપ્યું. દરેકને પોતાનો સ્વાર્થ વહાલો હતો, દરેકની દૃષ્ટિ સંકુચિત થઈ ગઈ હતી. રાષ્ટ્રના હિતની કોઈને પડી ન હતી. સશક્ત માણસો ચાહે તે કરતા. ગરીબ માણસોને ઘણું સહન કરવું પડતું. મધ્યમ વર્ગના વર્ચસનો અંત આવ્યો હતો. આમ, પેરિક્લીઝના મૃત્યુ પછીના ઍથેન્સના અનુભવે તત્કાલીન લોકશાહીની એક મોટી ઊણપ બહાર આણી : લોકશાહી મહાન રાજ્યો સરજી શકે છે પણ તેની જાળવણી કરી શકતી નથી, એને નિભાવી શકતી નથી; લોકોની સ્વાર્થવૃત્તિને ઉમદા સ્વાંગ આપી શકે છે પણ ઉમદા સ્વભાવના લોકોને સત્તા પર ટકી રહેવા દેતી નથી; વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેની સમતુલા જાળવી શકતી નથી.

પેરિક્લીઝના મરણ પછી પેલોપોનિશિયન યુદ્ધના પરિણામે સરજાયેલી પરિસ્થિતિમાં ગ્રીસના બીજા ભાગોમાંથી આવેલા સૉફિસ્ટોએ નવા વિચારો ફેલાવ્યા. તેમણે નાસ્તિકતા અને બુદ્ધિવાદને ઉત્તેજન આપ્યું. 'મારે તેની તલવાર' એ કુદરતી નિયમ છે એવી માન્યતા તેમણે ફેલાવી. દરેક વ્યક્તિએ પોતાના વિકાસનું કામ પોતે જ હાથ ધરવું જોઈએ એ જાતનો બોધ આપ્યો. આ નવા વિચારો સામેના રૂઢિચુસ્તોના અણગમાનો સૉક્રેટીસ (ઈ. સ. પૂર્વે. ૪૬૯–૩૯૯) ભોગ થઈ પડ્યો. પરંતુ યુવકોમાં નવવિચારોએ ઊંડું સ્થાન જમાવ્યું. જાતિ, ધર્મ અને પરંપરાગત માન્યતાઓમાંથી ઍથેન્સના યુવકોની શ્રદ્ધા ડગી ગઈ, વ્યક્તિવાદને વેગ મળ્યો. પણ કલ્યાણ, સત્ય અને સૌન્દર્યની ભાવનાઓ પરિપુષ્ટ બની. સૉક્રેટીસની શહીદીને લીધે વિચાર અને માન્યતાઓની સ્વતન્ત્રતાને ઘણો વેગ મળ્યો. તે સાથે વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના ગાઢ સંબંધો ઢીલા પડતાં, વ્યક્તિ એકલતા અનુભવવા લાગી અને પરંપરાગત માન્યતાઓની તેને જે સામાજિક હૂંફ મળતી તે અદૃશ્ય થઈ ગઈ. મોટાં સામાજિક પરિવર્તનોનો ભય ઊભો થતાં, ઍથેન્સના વિચારવન્ત લોકોએ સમાજ અને વ્યક્તિના સંબંધોની તાત્ત્વિક મીમાંસા હાથ ધરી જેણે ફિલસૂફીની જુદી જુદી શાખાઓ વચ્ચે ઉગ્ર

ચર્ચાનું સ્વરૂપ લીધું. પ્લેટોએ સૉફિસ્ટોના વિચારોને પડકાર્યા. આ મન્થનમાંથી પ્લેટોની ફિલસૂફી બહાર તરી આવી અને એક પ્રબળ સુસંબદ્ધ વિચારધારા સરજાઈ.

સામાજિક શ્રેય એ દરેક વ્યક્તિનો પ્રધાન ઉદ્દેશ હોવો જોઈએ એ વાત બધી વિચારધારાઓને સ્વીકાર્ય હતી. પણ આ ઉદ્દેશ કેવી રીતે સિદ્ધ થઈ શકે એ બાબતમાં મોટા મતભેદો હતા. જેમ જેમ વર્ગભાવના રૂઢ થતી ગઈ તેમ તેમ આ વર્ગો વચ્ચે રાજકીય સત્તા સંતુલિત રીતે વહેંચાવી જોઈએ એવા વિચારો જન્મ્યા. પણ વ્યવહારમાં સૌથી શક્તિશાળી વર્ગના પ્રતિનિધિઓના હાથમાં સત્તા આવી અને તેમણે પોતાના વર્ગનાં હિત સાચવવામાં અને વિસ્તારવામાં એનો ઉપયોગ કર્યો. આ રીતે ઊભા થયેલા સંઘર્ષમાંથી સુસંવાદી સમાજ-રચના કેવી રીતે ઊભી કરી શકાય એ આ ફિલસૂફોના ચિંતનનો અને ચર્ચાઓનો મુખ્ય વિષય હતો. લોકશાહી આ કામમાં કેટલી મદદરૂપ થઈ શકે તે વિશે ગંભીર વિચારણા ચાલી. ઍથેન્સમાં આ ચર્ચાઓ ચાલતી હોવાથી ઍથેન્સના રાજકીય બંધારણ અને અનુભવમાંથી ઉદાહરણો ટાંકવામાં આવતાં; જોકે બીજાં ગ્રીક નગરોનાં બંધારણો અને અનુભવો સાથે સરખામણીઓ પણ થતી. આમ, જુદાં જુદાં રાજ્યબંધારણો અને ઐતિહાસિક અનુભવોની છણાવટમાંથી લોકશાહી અંગેના વિચારો સુસંબદ્ધ થયા. આ વિચારણામાં પ્લેટો-(ઈ.સ. પૂર્વે ૪૨૭–૩૪૭)નું સ્થાન મુખ્ય છે.

ઍથેન્સ પેલોપોનિશિયન યુદ્ધમાં હાર્યું હતું અને એની સલ્તનતનો અંત આવ્યો હતો. છતાં પ્લેટોના જમાનામાં ઍથેન્સ વેપાર અને સંસ્કૃતિના ક્ષેત્રે ગ્રીસનું કેન્દ્ર બની ગયું હતું. પ્લેટોએ ત્યાં પોતાની અકાદમી સ્થાપી હતી અને તે દ્વારા માત્ર ઍથેન્સના જ નહીં પણ ગ્રીસનાં અન્ય નગરરાજ્યોના રાજકારણ ઉપર પણ એનો પ્રભાવ પડ્યો હતો. એની રાજકીય ફિલસૂફીનાં મૂળ ગ્રીસનાં વિવિધ રાજ્યબંધારણોમાં એને જણાયેલી ત્રુટીઓમાં અને એ દૂર કરવા માટે આદર્શ રાજ્યભાવના ઘડવા સારુ એણે હાથ ધરેલી ઊંડી તત્ત્વ-મીમાંસામાં હતાં. આદર્શ રાજ્યભાવના વ્યવહારમાં શક્ય ન હોવાથી કેટલાક મૂળભૂત સિદ્ધાન્તો જતા કરીને એણે વ્યવહારુ રાજ્યની ભાવના પણ ઘડી હતી. આ બધી વિચારણામાંથી પ્લેટોના લોકશાહી વિશેના વિચારોનો ખ્યાલ મળી રહે છે.

પ્લેટોના મતે એના વખતના ગ્રીસના રાજકારણની મોટી ત્રુટી એ હતી કે એમાં વ્યક્તિવાદ ઘણો પ્રબળ બન્યો હતો. સૉફિસ્ટોએ વ્યક્તિવાદને ઉચ્ચતમ આદર્શ ગણાવ્યો હતો. તેની અસર માત્ર સિદ્ધાન્ત પૂરતી જ મર્યાદિત રહી ન હતી. વ્યવહારમાં પણ એનાં મૂળ ઘણાં ઊંડાં હતાં. આથી ગ્રીક રાજ્યો પોતાની મૂળ પ્રકૃતિ ગુમાવી બેઠાં હતાં, તેમનો આત્મા નષ્ટ થઈ ગયો હતો એમ પ્લેટો માનતો હતો. વળી ઍથેન્સના રાજ્ય-બંધારણની નીતિરીતિઓમાં પણ પ્લેટોને ઘણી ત્રુટીઓ દેખાઈ હતી. પ્લેટોને લાગ્યું કે આ પરિસ્થિતિમાં માણસોને પોતે મોટા જ્ઞાની હોય તેવો ડોળ કરવાની તક મળતી હતી. ચિઠ્ઠી ઉપાડી શાસકો નક્કી કરવામાં આવતા. એમને રાજ્ય ચલાવવાની કશી ગતાગમ ન હતી. તેઓ રાજકારભારમાં રસ લેવાને બદલે આત્મ-નિદર્શનમાં, મોટાભા બનીને મહાલવામાં વધારે રચ્યાપચ્યા રહેતા. આથી ઈર્ષ્યા ઊભી થતી, સ્વાર્થને ઉત્તેજન મળતું. રાજપુરુષો તડાંઓમાં વહેંચાઈ જતા. આમ વહીવટી તંત્ર પર અજ્ઞાનીઓ અને સ્વાર્થસાધુઓનું વર્ચસ જામવાની શક્યતા એ લોકશાહીનું મોટામાં મોટું દૂષણ હતું. આવી જ બીજી ત્રુટિ એ હતી કે લોક-સભાના હાથમાં ઘણી સત્તાઓ હતી, પણ એ સત્તા વાપરવાનું ડહાપણ કે કુનેહ તેની પાસે હતાં નહીં. આથી કોઈ પણ છટાદાર વક્તા લોકલાગણી ઉશ્કેરી શકતો અને પોતાને મનમાન્યા નિર્ણયો લેવડાવી શકતો. પ્લેટોના મતે આ બધાનું કારણ એ હતું કે જે સમાનતાના સિદ્ધાન્ત પર આ વ્યવસ્થા રચવામાં આવી હતી તે સિદ્ધાન્ત અસ્વાભાવિક હતો. એમાં ન્યાયનું તત્ત્વ સચવાતું ન હતું.

પ્લેટોના મતે લોકશાહીમાં વાસનાઓનું સંપૂર્ણ પ્રાબલ્ય હોય છે. ફરજ, અપરિગ્રહ અને સેવાવૃત્તિને સ્થાને હક, સ્વાર્થ અને સમાનતા માટે એમાં વધારે પડતો આગ્રહ હોય છે. વળી, જુદી જુદી વૃત્તિઓ પ્રમાણે

સામાજિક કાર્યોની વહેંચણીનો સિદ્ધાન્ત એમાં જળવાતો નથી. પેરિક્લીઝના બંધારણમાં એને આ દોષ દેખાયો જેને એણે સિદ્ધાન્તની કક્ષાએ સ્થાપિત કર્યો. પ્લેટોએ લોકશાહીનો વિરોધ કર્યો; કારણ, આ શાસનમાં શક્તિ છે, વૈવિધ્ય છે, ભિન્ન પ્રકારનાં જીવનને સ્થાન છે; છતાં એમાં નિ:સ્વાર્થ પણ એકહથ્થુ શાસનને સ્થાન નથી. વિચારોનો સમન્વય કરવાના પ્રયત્નો છે, પણ સર્વમાન્ય વિચાર દ્વારા સત્તાનું સંકલન અને સંચાલન સિદ્ધ કરવાની એની શક્તિ સ્વયંસિદ્ધ નથી. અનેક કિરણોનો મેળો એમાં જોવા મળે છે, પણ એક વિશુદ્ધ કિરણનો અવિરત પ્રકાશ એમાંથી પ્રાપ્ત થતો નથી. લોકશાહીમાં એક રાજ્યમાં અનેક રાજ્ય હોય છે. વિવિધ પ્રવૃત્તિઓનો સમન્વય તથા તેની અબાધિત ખિલવણી અને સામાજિક ઉપયોગ લોકશાહીમાં સિદ્ધ થતો નથી. એમાં શાસન કરતાં અરાજકતાની શક્યતાઓ વધારે સમાયેલી છે. લોકશાહીમાં સ્વાતંત્ર્ય અને સમાનતાની ભાવનાઓ મોખરે હોવાથી સામાજિક સમતુલા જોખમાય છે. રાજકીય આજ્ઞાધીનતાની જરૂરિયાત એમાંથી સિદ્ધ થતી નથી. ઊલટું, કાયદાનાં ઉલ્લંઘનોને વિશેષ પ્રોત્સાહન મળે છે. કોઈ પણ માણસ પોતે લોકોનો મિત્ર હોવાનો દાવો કરી છેક સત્તાસ્થાન સુધી પહોંચી જવાનો પ્રયત્ન કરે, એ લોકશાહીમાં શક્ય છે.

લોકશાહીની નિર્બળતાઓના ખ્યાલે પ્લેટોને આદર્શ રાજ્યની ભાવના સ્પષ્ટ કરવા પ્રેર્યો. આ ભાવના એણે ન્યાયની એક વિશિષ્ટ કલ્પનાના આધાર ઉપર ઊભી કરી.

એણે આત્માની ત્રણ વૃત્તિઓ સ્વીકારી: વાસના, વિવેક અને વીરતા. જુદા જુદા મનુષ્યોમાં આ વૃત્તિઓનું પ્રમાણ અલગ અલગ હોય છે. આમાંથી જે વૃત્તિનું પ્રાબલ્ય હોય તે પ્રમાણે વ્યક્તિત્વ ઘડાય છે. આ વ્યક્તિત્વને પ્રામાણિકતાથી વળગી રહેવામાં અને એ દ્વારા સાંપડતી શક્તિઓનો પોતાના તેમ જ સમાજના શ્રેય માટે ઉપયોગ કરવામાં જ સાચી ન્યાયવૃત્તિનો આવિષ્કાર થાય છે. ન્યાયના આ સ્વરૂપ ઉપર પ્લેટોએ પોતાની રાજ્યની ભાવના ચિંતવી.

એનો નિષ્કર્ષ એ આવ્યો કે રાજકાજ માટે દરેક મનુષ્ય લાયક હોતો નથી. રાજ્યકર્તાના હાથમાં વિશાળ સત્તા હોય છે. જો એ સત્તાનો ઉપયોગ એ પોતાનો સ્વાર્થ સાધવામાં કરે તો શાસન લાંબો વખત ચાલે નહીં. લોકો એને તાબે થવાની જરૂરિયાત સ્વીકારે નહીં અને અરાજકતા ફેલાય. આવા વિચારોએ એને સાચા શાસનનાં લક્ષણોની ખોજ કરવા પ્રેર્યો. જેનામાં વિવેકબુદ્ધિ પ્રબળ હોય તે જ આદર્શ રાજ્યકર્તા બની શકે એવા નિર્ણય પર એ આવ્યો. તર્ક અને વિવેકથી ગ્રહણશક્તિ કેળવાય છે, એમાંથી બંધુભાવના જન્મે છે, સેવાવૃત્તિ જાગે છે. આથી પ્રખર ફિલસૂફ જ રાજ્યકર્તા બની શકે. રાજકારણ માટે ખાસ તાલીમ પામેલા અને જુદી જુદી લાલચો અને ભયસ્થાનોનો સામનો કરી એ અગ્નિપરીક્ષામાંથી અણિશુદ્ધ પાર ઊતરેલા માણસના હાથમાં જ રાજ્યનું શાસન હોવું જોઈએ. શાસકોને ઘર ન હોય, કુટુમ્બ ન હોય—ટૂંકમાં, પોતાનો સ્વાર્થ સાધવા માટે કોઈ લાલચ ન હોય તો તેઓ સંપત્તિ ભેગી કરવા પ્રેરાય જ નહીં.

પ્લેટોના તત્ત્વજ્ઞાનમાં સામાજિક જીવનનો આ પાયો છે. રાજ્ય ચલાવવું એટલે આત્માના આ લક્ષણને, મનુષ્યની આ આંતરિક શક્તિને, સામાજિક સંસ્થામાં સાકાર કરવું. અકિંચનતાને વરેલો, કોઈ વિરલ ને નિ:સ્વાર્થ બુદ્ધિનિષ્ઠ ફિલસૂફ જ રાજ્ય ચલાવવાની તાલીમ મેળવી આ કાર્ય માટે લાયક બની શકે. સમાજ સાથે એણે તાદાત્મ્ય સાધવું જોઈએ અને એમાંથી જ એને જીવનનો સંતોષ મળી રહેવો જોઈએ. જો બીજી વૃત્તિઓ ધરાવતા મનુષ્યો પોતાનું સ્થાન સમજે, પોતાના વિશિષ્ટ ધર્મને ખીલવવા પાછળ પોતાની શક્તિ કેન્દ્રિત કરે અને તેનો પોતાની તેમ જ સમાજની ઉન્નતિ માટે ઉપયોગ કરે, તો દરેક મનુષ્યની બધી વૃત્તિઓ સંતોષાય, સામાજિક જીવન સાર્થક બને અને પ્રત્યક્ષ વ્યવહારમાં સામાજિક ન્યાય સિદ્ધ થાય. આ બધું કાયદાકાનૂન દ્વારા ન થાય. એને માટે લોકોને સાચું શિક્ષણ અપાવું જોઈએ. એમની નૈતિક ભાવના દૃઢ થવી જોઈએ. દરેકનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ખીલવું જોઈએ.

શાસનનું આ સ્વરૂપ પ્લેટોએ સ્વીકાર્યું એટલે એના કેટલાક ફલિતાર્થો પણ એણે સ્વીકારવા રહ્યા. આમાં શાસનમાં કાયદાની મહત્તાનો પ્રશ્ન મુખ્ય હતો. પ્લેટોના આદર્શ રાજ્યની ભાવનામાં કાયદાને સ્થાન



**પ્લેટો-ઍરિસ્ટૉટલ**

ફિલસૂફ-શાસક
વિરુદ્ધ
બંધારણનું શાસન

નથી. નિ:સ્વાર્થ, નિર્મળ શાસક પોતાની બુદ્ધિ અને અનુભવથી સમાજના ઝઘડાનો નિકાલ લાવે એ જ સર્વોત્તમ વ્યવસ્થા છે. જેના હાથમાં સાર્વભૌમ સત્તા છે તેને કાયદામાં કોઈ બંધન ન હોવાં જોઈએ. શાસકને પ્લેટો એક મોટો કળાકાર ગણતો. જો એને કાનૂનોના પીંજરામાં જકડવામાં આવે તો એની સર્જ-નાત્મક શક્તિ નાશ પામે. જીવન એટલું સંકુલ છે અને માનવી માનવી વચ્ચેના સંબંધો પણ એટલા તો પેચીદા છે કે એ બધાને આવરી લેતા કાનૂનો શક્ય જ નથી. સર્વસામાન્ય સિદ્ધાન્તો વ્યક્તિગત સંબંધમાં લગાડવાથી અન્યાય થવાનો ભય છે. વળી સમય સમયે પરિસ્થિતિ બદલાય છે તે વાત પણ કાનૂન ધ્યાનમાં લેતો નથી. આથી વ્યક્તિગત પરિસ્થિતિ ધ્યાનમાં લઈ સમય પ્રમાણે થતા ફેરફારોની રૂએ નિર્ણય લેવાની શાસકને સંપૂર્ણ સત્તા હોવી જોઈએ. આમ, લોકશાસનમાં વ્યક્તિના શાસનને બદલે કાનૂનના શાસનની જે હિમાયત કરવામાં આવે છે તેને પ્લેટોની આદર્શ રાજ્યભાવનામાં સ્થાન નથી.

એ જ પ્રમાણે શાસિતોને શાસન સ્વીકાર્ય હોવું જોઈએ અને નાગરિક પોતાની સ્વેચ્છાએ એ શાસનને વફાદાર બની શકે એ જાતની વ્યવસ્થા ઉપર લોકશાહી જે ભાર મૂકે છે તે પણ પ્લેટોની આદર્શ ભાવનાને માન્ય નથી. જેમ ઉપચાર કરવા માટે કોઈ દરદીની મંજૂરીની દાક્તરને અપેક્ષા નથી તેમ જ શાસિતોની મંજૂરીની શાસકને પણ કોઈ જરૂર નથી. જો નાગરિકને વધુ ન્યાયી, વધુ ઉમદા કે વધુ સારા વર્તન માટે ફરજ પાડવામાં આવે, તો તેથી એના પર કોઈ જુલમ થતો નથી! પ્લેટોની આ સમજ પણ લોકશાહીની ગ્રીક ભાવનાથી વિરુદ્ધ જતી હતી.

પરંતુ, આ તો આદર્શ રાજ્યની ભાવનાની વાત થઈ. આ ભાવના વ્યવહારમાં ઉતારવામાં ઘણી મુશ્કેલી છે એ વાત પ્લેટોને ધીમે ધીમે સમજાઈ. 'રિપબ્લિક'માં આ આદર્શ ભાવનાની રજૂઆત કર્યા પછી 'સ્ટેટ્સ-મન' અને 'લૉઝ' નામના એના ગ્રંથોમાં એણે વ્યવહારમાં શક્ય એવી રાજ્યભાવનાની પણ ચર્ચા કરી. ગમે તેટલી કાળજીપૂર્વક શાસકની પસંદગી કરવામાં આવે તોપણ જે સાર્વભૌમ સત્તા એના હાથમાં મૂકવામાં આવે છે તેને પરિણામે પોતાનો સ્વાર્થ સાધવાનાં અનેક પ્રલોભનો એની સામે આવી રહે છે એ વાત પ્લેટોને સમજાઈ. વધુ વિચારને અંતે તથા શાસકો સાથેના ગાઢ સંપર્કને પરિણામે આખરે એણે એ વાત સ્વીકારી કે શીલવન્ત શાસકની સરમુખત્યારી શક્ય ન હોય ત્યારે તેને સ્થાને જો નક્કર કાનૂનો મૂકવામાં આવે તોપણ રાજ્ય ચાલી શકે. કાયદાઓમાં સમાજનાં ડહાપણ, જીવનમૂલ્યો અને અનુભવને સાકાર કરી શકાય. જો મનુષ્યને ફિલસૂફ બનાવવામાં અનેક મુશ્કેલીઓ હોય તો પછી કાયદાઓ જ ફિલસૂફીના આધાર પર શા માટે ન ઘડવા? એ સવાલ એના મનમાં ઊઠ્યો. આથી એણે કાનૂનના આદર્શ સ્વરૂપનું ચિંતન આરંભ્યું. વિચારને અન્તે એણે કાયદાની જરૂરિયાત સ્વીકારી, પણ તે સાથે એવો આગ્રહ સેવ્યો કે દરેક કાયદાની શરૂઆતમાં આમુખ જોઈએ;

એમાં સદ્વર્તનની સ્પષ્ટ ભાવનામાંથી કાયદામાં સૂચવાયેલા નિયમો તાર્કિક રીતે કેમ અનિવાર્ય બની જાય છે એ વાત વિગતે સમજાવવી જોઈએ. આમ, સદ્વર્તનની ભાવના કાયદાની આધારશિલા બને છે. અને લોકોને તેથી એ કાયદા સ્વીકાર્ય પણ બને છે. આત્મનિગ્રહની જરૂરિયાત બધાને સમજાય છે. આ સંયમ બીજાઓ તરફના સદ્ભાવમાંથી જન્મતો હોઈ સામાજિક સુમેળ કાયદા દ્વારા પણ સાધી શકાય એમ એણે કબૂલ્યું. વળી, એક જ સાંસ્કૃતિક પ્રણાલીમાંથી આવતા લોકો સદ્વર્તનના નિયમો સહજ રીતે સ્વીકારે છે. પણ જ્યારે ભિન્ન ભિન્ન સાંસ્કૃતિક પાર્શ્વભૂમિવાળા લોકો એક જ સમાજમાં ભેગા મળે ત્યારે કાયદા દ્વારા જ સમાજમાં વ્યવસ્થા ટકાવી શકાય છે.

વ્યવહારુ દૃષ્ટિએ શક્ય એવા રાજ્યની ભાવના માટે પ્લેટોએ કાનૂનની જરૂરિયાત સાથે ચૂંટણીનો સિદ્ધાંત પણ સ્વીકાર્યો હતો. અને તેને માટે વિસ્તૃત નિયમો પણ એણે ઘડી કાઢ્યા હતા. આ નિયમો પાછળનો મુખ્ય સિદ્ધાન્ત એ હતો કે જુદા જુદા વર્ગોમાંથી પ્રતિનિધિઓ ચૂંટાવા જોઈએ. આમાં ધનિક અને લશ્કરી વર્ગના લોકોને વધારે મતાધિકાર આપવા જોઈએ, કારણ શક્તિ અને લાયકાતને પૂરું મહત્ત્વ અપાવું જોઈએ. તે સાથે હકની બાબતમાં દરેક માણસ સરખો ગણાવો જોઈએ. આમ, સમાનતા અને ગુણવત્તાના સ્વીકારના આધારસ્તંભ પર એણે શાસકો, અધિકારીઓ, સેનાપતિઓ વગેરેને ચૂંટવાના નિયમો ઘડ્યા. જોકે આ 'સમાનતા', છેવટે તો, સંપત્તિના પ્રમાણમાં ઓછીવત્તી રહેવાની!–કારણ પ્લેટો જે જુદા જુદા વર્ગોની વાત કરે છે તે મોટે ભાગે સંપત્તિ-આધારિત છે. સંપત્તિની ન્યૂનાધિકતાને ધોરણે એ ચાર વર્ગો વિચારે છે. એ ઉમેરે છે કે નાગરિકોના પ્રતિનિધિઓની બનેલી સમિતિમાં આ ચારે વર્ગના ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંખ્યા સરખી હોવી જોઈએ! (એ દેખીતું છે કે અતિસંપત્તિવાન અગ્રવર્ગમાં ગણતર લોકો જ હોવાના, જ્યારે નાગરિકોની બહુમતી તો પ્રમાણમાં ઓછી સંપત્તિ ધરાવનારાઓની જ હોવાની.)

આ બધી છૂટછાટ સ્વીકાર્યા પછી પણ પ્લેટો લોકશાહીનો સિદ્ધાન્ત સ્વીકારી શક્યો નહીં. કારણ એમાં વર્ગ વર્ગ વચ્ચે સહકારને બદલે સંઘર્ષની શક્યતાઓ એને એટલી મોટી જણાઈ કે દોલત અને લાયકાત વગરના સાધારણ માણસોના હાથમાં રાજ્યની લગામ સોંપવામાં એને જોખમ લાગ્યું. એથી ધનિકો પર નિયંત્રણો આવવાનો ભય એને જણાયો. એટલે લોકશાહીનો એણે ઠેઠ સુધી વિરોધ કર્યો. દરેક નાગરિકને મત આપવાના અધિકારો આપ્યા. પણ ધનિકો અને શક્તિશાળીના હાથમાં જ રાજ્યની લગામ રહે અને સદ્ભાવનાને સાકાર કરતા કાનૂનો દ્વારા રાજ્ય ચાલે એવી વ્યવસ્થાની એણે હિમાયત કરી.

આમ, પ્લેટોએ છેક લગી ભારપૂર્વક કહ્યા કર્યું કે કાનૂન-સંચાલિત રાજ્યને આદર્શ રાજ્ય('રિપબ્લિક')-ની અવેજીમાં ચલાવી લઈએ એટલું જ; બાકી, એ આદર્શ રાજ્યની તોલે તો ન જ આવે. હા, માનવ-બુદ્ધિની મર્યાદા જોતાં ફિલસૂફ-શાસક નીપજે એ વાત અઘરી છે. એટલે શાણપણ ને સદ્ભાવના સાકાર થયાં હોય એવા કાનૂન પર આધારિત રાજ્યને સ્વીકારવું રહ્યું. પણ પ્લેટો આ સ્વીકાર ખુલ્લા દિલથી નથી કરતો. એના મનમાં એ અંગે ભારોભાર પૂર્વગ્રહો ને કટુતા છે. એટલે જ તો એ 'સ્ટેટ્સમન'માં કહે છે કે કાનૂન ને લોકસ્વીકૃતિની જરૂરતને હવે તાર્કિક રીતે સ્વીકાર્યા પછી ઍથેન્સની લોકશાહીએ સૉક્રેટીસને ફરમાવેલા દેહાન્તદંડને પણ આપણે ખુશીથી વાજબી ઠરાવી શકીએ!

## બંધારણીય લોકશાહીનો સમર્થ પુરસ્કાર

### ઍરિસ્ટૉટલ

પ્લેટોના શિષ્ય ઍરિસ્ટૉટલે (ઈ.સ. પૂર્વે ૩૮૪–૩૨૨) ગુરુની વિચારધારા આગળ ચલાવી. એની વિવેકભરી દૃષ્ટિથી મીમાંસા કરી, એમાં ઘટતા ફેરફારો કર્યા અને પોતાની અનોખી રાજ્યભાવના વિશ્વ સમક્ષ મૂકી. સામાજિક સંસ્થાઓની તાર્કિક દૃષ્ટિએ છણાવટ કરી મનુષ્યને સદ્ગુણી અને સુખી બનાવવા માટે એમનો

ઉપયોગ કેવી રીતે થઈ શકે તે અંગેની વિચારધારા એના 'પૉલિટિક્સ' પુસ્તકમાં પરાકાષ્ઠાએ પહોંચી. ઍરિસ્ટૉટલ પછી એ વિચારધારામાં એ વખતના બીજા કોઈ ગ્રીક ફિલસૂફે નોંધપાત્ર ફાળો આપ્યો નથી. ઍરિસ્ટૉટલનો બાલ્યકાળ ગ્રીસના સીમાડા પર વ્યતીત થયો હતો એટલે એ ગ્રીક વિચારોનો નિષ્પક્ષ અભ્યાસ કરી શક્યો. એમાંના ઉચ્ચતમ વિચારો એણે વ્યવસ્થિત કર્યા અને એમાં પોતાનો ફાળો પણ આપ્યો.

બધી સામાજિક સંસ્થાઓમાં ઍરિસ્ટૉટલે રાજ્યને ખાસ મહત્ત્વ આપ્યું છે. રાજ્યનો ઉદ્દેશ મનુષ્યનું ઉચ્ચતમ કલ્યાણ સાધવાનો હોવો જોઈએ એવો સિદ્ધાન્ત એણે પ્રતિપાદિત કર્યો અને એ ઉદ્દેશની કસોટીએ એણે આદર્શ રાજ્યનાં લક્ષણો નક્કી કર્યાં.

આપણે જોઈ ગયા કે પ્લેટોએ શીલવન્તોની સરકારની અવેજીમાં જ—કહો કે, નાછૂટકે—કાયદા અનુસારના રાજ્યના ખ્યાલનો સ્વીકાર કર્યો હતો. પણ ઍરિસ્ટૉટલ કાયદાને અનુસરતા એટલે કે બંધારણીય રાજ્યના ખ્યાલને વધુ અગત્ય આપે છે. એના મતે કાયદા પાસે એક એવી નિર્વૈયક્તિક ગુણવત્તા છે જે મહાનમાં મહાન વ્યક્તિ પાસે પણ ન હોઈ શકે. કાયદો તો અંગત સ્વાર્થ ને રાગદ્વેષથી પર એવો સાક્ષાત્ વિવેક છે. બંધારણીય શાસન પ્રજાના ગૌરવને અનુરૂપ શાસન છે; કારણ એના પાયામાં પ્રજાકીય સંમતિ પડેલી છે.

ઍરિસ્ટૉટલ બંધારણીય શાસનની વાત કરે છે ત્યારે એના મનમાં આ ત્રણ મુદ્દા છે:

૧. બંધારણીય શાસન કોઈ જૂથ, વર્ગ કે વ્યક્તિવિશેષ માટે નહીં પણ સર્વસાધારણ જનસમૂદાયના હિતાર્થે ચાલે છે.
૨. બંધારણીય શાસન ચોક્કસ નિયમો પ્રમાણે ચાલે છે—મનસ્વી હુકમોથી નહીં.
૩. આ શાસન, તેની આજ્ઞા પાળવા સંમત થયેલા પ્રજાજનો પરનું હોઈ તેનું બળ પ્રજાની સંમતિમાંથી આવે છે. અને એ રીતે આપખુદશાહી કરતાં જુદું પડે છે.

તે સમયમાં અમલી એવાં વિવિધ બંધારણોનું વર્ગીકરણ ઍરિસ્ટૉટલે આમ કરેલું: રાજાશાહી (મૉનાર્કી), અમીરશાહી (ઍરિસ્ટૉક્રસી), બંધારણીય લોકશાહી (પૉલિટી). આ ત્રણેની વિકૃતિ તે અનુક્રમે જાલિમશાહી (ટિરની), અલ્પજનશાહી (ઑલિગાર્કી) અને ટોળાંશાહી (મૉબોક્રસી).

ઍરિસ્ટૉટલના મતે રાજાશાહીના ઘણા ગુણો ગાઈ શકાય એમ છે. પણ વ્યવહારુ રીતે વિચારતાં એકના હાથમાં સત્તા કેન્દ્રિત થાય તેના કરતાં વધારેના હાથમાં એ મૂકવામાં આવે તો હુકમશાહીનો ભય થોડો રહે છે. ઍરિસ્ટૉટલ કહે છે કે જે સમુદાયમાં અન્ય સર્વની અપેક્ષાએ કેવળ એક જ કુટુમ્બ સર્વ સદ્ગુણોમાં ને રાજકીય કૌશલમાં અતિશય આગળ પડતું હોય તે સમુદાય માટે રાજાશાહી યોગ્ય ગણાય. આમ, રાજાશાહી અવિકસિત સમાજ માટે યોગ્ય વ્યવસ્થા છે, પણ સંસ્કૃત સમાજમાં એના કરતાં વધારે સંતોષકારક વ્યવસ્થા શક્ય છે. ઐતિહાસિક રાજ્યવ્યવસ્થાઓના પૃથક્કરણ અને અભ્યાસ પરથી તે આ નિર્ણય ઉપર આવ્યો હતો.

આ પૃથક્કરણ પરથી એણે લોકશાહીના ચાર વર્ગો પાડ્યા. સૌથી ખરાબ લોકશાહી એણે એ વ્યવસ્થાને ગણાવી કે જેમાં બધા હોદ્દાઓ સમાજના બધા માણસો માટે ખુલ્લા હોય, જેમાં લોકોની ઇચ્છાશક્તિ કાયદાઓને પણ કોરે મૂકી શકે. સારામાં સારી વ્યવસ્થા એણે એ ગણાવી કે જેમાં લોકશાહી અને અમીરશાહીનાં તત્ત્વો વચ્ચે સમાધાન સાધવામાં આવ્યું હોય. ધનિક અને ગરીબનાં રાજ્યો વચ્ચેનો માર્ગ કાઢવો હોય તો મધ્યમ વર્ગના હાથમાં રાજ્યની સત્તા હોવી જોઈએ. ખાસ કરીને જો કાયદા ઘડવાની સત્તા એમને હોય તો ધનિક અને ગરીબ વર્ગો વચ્ચે સમતુલા જળવાઈ રહે. ઍરિસ્ટૉટલને એમ લાગે છે કે સમાજ સમસ્તમાં આર્થિક રીતે મધ્યમવર્ગી કહી શકાય એવા લોકોનું આધિક્ય હોય ત્યારે જ બંધારણીય સરકાર સફળ થઈ

શકે. મધ્યમવર્ગી જનસમાજ એટલી હદે ગરીબ નથી હોતો કે એણે કોઈના દબાયા-ચંપાયા રહેવું પડે; નથી આ વર્ગ એટલી હદે સંપન્ન હોતો કે એ મુઠ્ઠીભર અમીર લોકનો જૂથબંધીમાં પરિણમી શકે. મધ્યમવર્ગની સંખ્યા મોટી હોય ત્યાં રાજ્યને વ્યાપક લોક-સ્વીકૃતિનો પાયો મળી રહે છે; આ અગર તે છેડાનું વલણ નરમ પડી જાય છે કે ટકતું જ નથી. આમ, બંધારણીય લોકશાહીની સફળતા માટે, ઍરિસ્ટૉટલના મતે, મધ્યમવર્ગી બહુમતી ધરાવતું આર્થિક-સામાજિક માળખું જરૂરી છે. આવા માળખામાં, સ્વાભાવિક રીતે જ, વર્ગસંઘર્ષની ગુંજાશ ન રહે અને સ્વતંત્રતા ને સમાનતાની લોકશાહી ભાવનાઓ વર્ગોથી પર રહીને મોરે.

ઍરિસ્ટૉટલના મતે સૈદ્ધાન્તિક દૃષ્ટિએ લોકશાહી અને અમીરશાહી બેઉમાં ક્રાન્તિની શકયતા છે, પણ લોકશાહી પ્રમાણમાં વધારે સ્થિરતા આપી શકે. છતાં લોકશાહીમાં ધનિકોને અન્યાય થવાનો ભય તો છે જ. કોઈ ચળવળિયો છટાદાર વકતૃત્વ શૈલીથી લોકોને બહેકાવીને સેનાપતિના પદ સુધી પણ પહોંચી જાય છે. પછી જુદા જુદા નેતાઓ ટોળાંઓને ખુશ કરવાની સ્પર્ધા શરૂ કરે છે, અને આંતરવિગ્રહ થાય છે. એ જ પ્રમાણે ધનિકો પણ માંહોમાંહે લડીને ક્રાન્તિની પરિસ્થિતિ સર્જે છે. આથી બહુમતીનો પ્રભાવ સ્વીકારી દોલતના હકો પણ ધ્યાનમાં રાખી, રાજ્યવ્યવસ્થા તૈયાર કરવી જોઈએ. આવી વ્યવસ્થામાં મધ્યમવર્ગનિ પ્રાધાન્ય હોય છે. જેમની પાસે વિશિષ્ટ હકો નથી તેમને હેરાન કરવાની એમાં કોઈ ગુંજાશ ન હોવી જોઈએ. શાસકો અને શાસિતો વચ્ચે શુભ લાગણી પ્રવર્તતી હોવી જોઈએ. મિલકતના હકોમાં પરિસ્થિતિ પ્રમાણે ફેરફારો કરવા માટેની જોગવાઈ હોવી જોઈએ. રાજ્યસત્તા ધન ભેગું કરવા માટેનું સાધન ન ગણાવું જોઈએ. વર્ગ-જુલમની શકયતા ન હોવી જોઈએ. આ બધું લોકશાહીમાં શકય છે અને એ પ્રકારની લોકશાહી ઉત્તમ ગણાય. યોગ્ય શિક્ષણ દ્વારા આવી લોકશાહી ટકાવવા માટેનું યોગ્ય વાતાવરણ ઊભું કરી શકાય.

## ગુલામજીવી લોકશાહી ?

ઍથેન્સની લોકશાહીનું એક તરત ધ્યાન ખેંચતું લક્ષણ તે નાગરિકોની અલ્પતા. સ્ત્રીવર્ગ, ગુલામો અને વિદેશીઓને ત્યારે નાગરી અધિકારો અપાતા નહોતા. પરિણામે ઍથેન્સ અને આસપાસના વિસ્તારની કુલ ૧,૧૯,૦૦૦ની પુરુષ વસ્તીમાંથી કેવળ ૪૦,૦૦૦ જેટલી વ્યક્તિઓ જ નાગરિકતા ધરાવતી હતી ! બિનનાગરિકોમાંથી વિદેશીઓ અને ગુલામોની સંખ્યા અંગેના આધારભૂત અંદાજો અનુક્રમે ૨૪,૦૦૦ અને ૫૫,૦૦૦ના છે !

જ્યાં સુધી ગુલામોનો સવાલ છે, ત્યાં સુધી ઍરિસ્ટૉટલ આદિ ગ્રીક ચિંતકોની સ્પષ્ટ માન્યતા હતી કે ગુલામ એ જન્મ– અને પ્રકૃતિ– ગત રીતે જ નિમ્ન કોટિનો માણસ છે, અને એને સ્વયંશાસનની કોઈ જ સૂજબૂજ નથી. એટલે માલિકના હાથમાં એક સાધન તરીકે ખપમાં આવીને જ ગુલામ કંઈ કે કરી શકે ! વળી, મહેનતમજૂરીનો બધોયે બોજ ગુલામો ઉઠાવે તો જ નાગરિકો જાહેર કામોમાં સમય આપી શકે—અને એ રીતે લોકશાહી મજબૂત બની શકે એવો ખ્યાલ પણ ખરો.

આ ઉપરથી સાધારણપણે એક એવી છાપ ઊભી થાય છે કે ઍથેન્સની પ્રત્યક્ષ લોકશાહીની સફળતા તેના નાગરિકોની ફુરસદને અને ગુલામી પ્રથાને આભારી હતી. પણ આ છાપ ફેરવિચાર માગી લે છે. ઍથેનિયન નાગરિકોમાંના ૬૦ ટકા લોકો તો પાંચ એકર કે તેથી નાના ભૂમિ-એકમો પર નભનારા, કેળવાયેલા કારીગરો, પાંચ કે તેથી ઓછા ગુલામો ધરાવનારા દુકાનદારો અને અવારનવાર છૂટક મજૂરી કરી પેટિયું રળનારા હતા. બલ્કે ઍથેન્સના ૬૦થી ૭૫ ટકા જેટલા નાગરિકો તો સમ ખાવા પૂરતો એકાદ ગુલામ પણ ધરાવતા નહોતા. ઊલટું, નાગરિકોનો મોટો ભાગ ખેતી જેવા મહેનતમજૂરીના કામમાં રોકાયેલો હોઈ રાજકાજમાં રસ લેવા સારુ એને કામના કેટલાક કલાકો ઓછા કરવાની અર્થાત્ કેટલીક કમાણી જતી કરવાની ફરજ પડતી.

ઍથેન્સની લોકશાહીને ફુરસદ ધરાવતા લોકોની વર્ગીય ફિલસૂફી અને જીવનશૈલી માત્ર ગણી કાઢતાં પહેલાં પૂછવા-વિચારવા જેવો એક મુદ્દો એ પણ છે કે પુરાણી દુનિયાના અન્ય કેટલાક વિસ્તારોમાં, ગુલામી પ્રથા હોવા છતાં, લોકશાહી કેમ પાંગરી ન હતી...

# ૨ : રોમ

રોમ નગરમાં જ્યારે પહેલવહેલાં આત્મરક્ષણ અને વેપાર માટે ખેડૂતો ભેગા રહેવા લાગ્યા ત્યારે ખેતી પર નભતી બીજી જાતિઓની જેમ આ જાતિઓમાં પણ પ્રતિષ્ઠિત કુટુમ્બોની હકૂમત પ્રવર્તતી હતી. જેમની પાસે મિલકત હોય તે બધાને નગરસમિતિની સભામાં હાજર રહેવાનો અધિકાર હતો. સેનામાં પણ તેઓ જ જોડાઈ શકતા. વહીવટી તંત્ર બે 'પ્રીટરો' અથવા 'કૉન્સલો'ના હાથમાં હતું. તેઓ સભાનું કામકાજ ચલાવતા, ચૂંટણીઓ યોજતા, લશ્કરને હુકમો આપતા. મહત્ત્વની બાબતમાં આ કૉન્સલો કેટલાંક ઉચ્ચ કુટુમ્બોના વડાઓની બનેલી કાઉન્સિલની સલાહ લેતા.

ઈ. સ. પૂર્વે બારમીથી છઠ્ઠી સદી દરમ્યાન ઈટ્રસ્કનો અને ગ્રીકોએ ઈટાલીના વિવિધ ભાગોમાં વસવાટ કર્યો. તેમનું પ્રભુત્વ આસપાસના ઘણા પ્રદેશો પર પથરાઈ ચૂક્યું હતું. આ ઈટ્રસ્કન લોકોના હુમલા પાછા હઠાવ્યા પછી ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં રોમમાં ગણતંત્રની સ્થાપના થઈ હતી. મૅજિસ્ટ્રેટોની અને સેનાપતિઓની વાર્ષિક ચૂંટણીઓ થવા લાગી, મિલકત ધરાવનારાઓની બનેલી નગરસમિતિ નિયમસર મળવા લાગી અને ઉમરાવ કુટુમ્બોની નાની સમિતિ મૅજિસ્ટ્રેટોને — તેઓ પૂછે ત્યારે -- સલાહ પણ આપવા લાગી. આમ, રોમમાં જેમને પેટ્રિશિયનો કહેવામાં આવતા હતા તેમની હકૂમત શરૂ થઈ. પછી ગ્રીસમાં બન્યું હતું તેમ અહીં પણ જેમના હાથમાં સત્તા ન હતી પણ જેઓ રોમના નાગરિક બન્યા હતા, તેની જાહોજલાલીમાં પોતાનો ફાળો આપતા હતા તેવા કારીગરો અને ઉમરાવો વચ્ચે ઝઘડા શરૂ થયા. ધનિક કુટુમ્બોએ રોમમાંથી પરદેશી રાજાઓને દૂર કર્યા હતા અને ગણતંત્ર સ્થાપ્યું હતું. તેમનામાં આવડત હતી, તેમની પાસે મિલકત હતી અને તેમણે પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરી હતી. તેને જોરે આ કુટુમ્બોની એક અલાયદી જ જ્ઞાતિ બની ગઈ હતી. રોમમાં આ વખતે સમૃદ્ધિ વધતી જતી હતી અને બહારથી લોકો રોમમાં કાયમનો વસવાટ કરવા માટે આવતા હતા. આ બધા આગન્તુકો હોવાથી તેમની સામે રોમનાં સત્તારૂઢ થયેલાં કુટુમ્બોએ પોતાનાં હિતો સાચવવા માટે પોતાના હકો વધારે સ્પષ્ટ કર્યા અને તેના અમલનો આગ્રહ રાખ્યો. નવા આવેલાઓને પ્લિબિયન કહેવામાં આવ્યા. શરૂઆતમાં તો તેમણે પેટ્રિશિયનોની હકૂમતનો સ્વીકાર કર્યો. પણ જેમ જેમ પ્લિબિયન કુટુમ્બોમાંનાં પણ કેટલાંક સમૃદ્ધ થતાં ગયાં તેમ તેમ તેમને આ ભેદભાવ વસમો લાગ્યો અને એમણે એને પડકાર્યો.

## પેટ્રિશિયનો વિ૰ પ્લિબિયનો

આમ પેટ્રિશિયન ઉમરાવો અને પ્લિબિયન સાધારણ માણસો વચ્ચેનો વિગ્રહ શરૂ થયો. આમાં બંધારણના સવાલો ઉઠાવવામાં આવ્યા. ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીથી ત્રીજી સદીની અધવચમાં ચાલેલા સંઘર્ષને પરિણામે પ્લિબિયનોને ઘણા હકો મળ્યા. મૅજિસ્ટ્રેટોના હોદ્દા પર ઉમરાવો જ આવી શકતા. ઉમરાવોની બનેલી સેનેટની મંજૂરી ન મળે ત્યાં સુધી જનતાની બનેલી લોકસભા સમક્ષ કોઈ ઠરાવ આવી શકતો નહીં. વેપાર-ધંધાને પરિણામે કેટલાક પ્લિબિયનો માલેતુજાર થયા હતા અને તેમાંના થોડાક સેનેટમાં પણ બેસતા. પણ કાયદાને

સેનેટની મંજૂરી આપવાના સવાલની બાબતમાં તેમને ભાગ લેવા દેવામાં આવતો ન હતો. વળી ઇટ્રસ્કન રાજાઓને હાંકી કાઢી ગણતંત્રની સ્થાપના કર્યા પછી રોમનું ધ્યાન દરિયાઈ વેપારમાંથી ઊઠી ગયું હતું. મકાનો-નું બાંધકામ બંધ પડયું હતું એટલે નીચલા વર્ગોની આર્થિક મુશ્કેલીઓ વધી હતી અને બેકારીના પરિણામે તેમનામાં અજંપો પેદા થયો હતો. દેવાદારોને કેદની સજા થતી. અમુક સંજોગોમાં તેમને ગુલામી પણ સ્વીકા-રવી પડતી. ઘણી વાર ઉમરાવોના પ્રતિનિધિસમા મૅજિસ્ટ્રેટો ગેરકાયદેસર ધરપકડો કરતા, અન્યાયથી વર્તતા. આમ નીચલા વર્ગોની દાદફરિયાદ કરનાર–સાંભળનાર કોઈ હતું નહીં.

ઉમરાવોના આ બધા વિશેષાધિકારો સામેની ઝુંબેશને અંતે ટ્રિબ્યૂન નીમવાની પ્રથા સ્વીકારાઈ. પહેલાં તેમની સંખ્યા ચારની હતી તે પાછળથી વધારીને દસની કરવામાં આવી. એમની વરણી લોકસભા મારફત થતી. એમનું કામ ગેરકાયદેસર ધરપકડો બંધ કરાવવાનું અને પકડાયેલાઓની ન્યાયાલયોમાં વકીલાત કરવાનું હતું. આ ટ્રિબ્યૂનોની ધરપકડ થઈ શકતી નહીં. તેમના કામમાં કોઈ દખલગીરી કરી શકતું નહીં. પ્લિબિયનો-નો પ્રભાવ વધતો ગયો તેમ તેમ આ સભાઓની અસર પણ રોમના રાજકારણમાં વધારે ને વધારે પડવા લાગી. આમ ઉમરાવશાહીને લોકશાહીમાં ફેરવવાના પ્રયત્નો શરૂ થયા. રોમના કાયદા લખાયા અને વ્યવસ્થિત થયા. પ્લિબિયનોને કેટલાક રાજાઓ સામે લોકસભાઓને અરજી કરવાનો હક મળ્યો. લોકસભાએ પસાર કરેલા ઠરાવોને સેનેટની મંજૂરી મળે તો તેને કાયદા તરીકે સ્વીકૃતિ મળે એવી વ્યવસ્થા માન્ય થઈ. કૉન્સલોના હાથમાં સેનાનું આધિપત્ય હતું. તેઓ ઉમરાવ વર્ગમાંથી આવતા. તેમને બદલે તાકીદની પરિસ્થિતિમાં છ સેના-ટ્રિબ્યૂનોના હોદ્દા માટે પેટ્રિશિયન કે પ્લિબિયન કોઈની પણ વરણી થઈ શકતી. પાછળથી પ્લિબિયનોને કૉન્સલ તરીકે ચૂંટાવાનો હક પણ મળ્યો. પછી લોકસભાએ પસાર કરેલા ઠરાવોને સેનેટની મંજૂરીની જરૂરિયાત-નો નિયમ પણ રદ થયો અને એ ઠરાવોને આપોઆપ કાયદાનું સ્થાન મળ્યું.

આમ માલેતુજાર પ્લિબિયનોએ પેટ્રિશિયનો સાથે જગાવેલા સંઘર્ષમાં પ્લિબિયનોનો વિજય થયો અને રોમમાં લોકશાહીનાં મૂળ થોડાં ઊંડાં ઊતર્યાં. આ જ અરસામાં આખા ભૂમધ્ય સમુદ્રમાં એશિયા માઈનોરથી માંડીને કાર્થેજ સુધી રોમની હાક વાગવા લાગી. લોકોમાં નવું ચેતન આવ્યું. રોમ માટેનો તેમનો પ્રેમ વધુ દૃઢ થયો. આ નવું વાતાવરણ સ્વરૂપે ગમે એટલું લોકશાહી જણાય, પણ રોમમાં સત્તા હજી સેનેટ પર વર્ચસ ધરાવતાં કેટલાંક ચુનન્દાં કુટુમ્બોના હાથમાં જ હતી. બંધારણ પ્રમાણે હવે ખાસ હકો ભોગવતો કોઈ વર્ગ રહ્યો ન હતો. ઉમરાવોને બંધારણમાં કોઈ સ્વીકૃતિ ન હતી. સેનેટમાં કોઈ પણ બેસી શકે, મૅજિસ્ટ્રેટનો હોદ્દો કોઈ પણ સંભાળી શકે. રાજ્યની સત્તા લોકસભાના હાથમાં હતી. મૅજિસ્ટ્રેટોની વરણી કરવાનો હક આ સભાનો હતો, કાયદા ઘડવાની તેમને સત્તા હતી. પણ આ તો સિદ્ધાન્તની વાત થઈ. જેમની પાસે ધનદોલત હતી, જેઓ ઉમરાવ કુટુમ્બમાંથી ઊતરી આવ્યા હતા, જેઓ રાજ્ય ચલાવવા માટે અને યુદ્ધો ખેલવા માટે જરૂરી નાણાં પૂરાં પાડી શકે એમ હતા તેઓ જ વાસ્તવમાં બળવાન હતા. વસ્તુત: સેનેટ જ બધા નીતિનિર્ણયો લેતી; મૅજિસ્ટ્રેટો સેનેટની જ મુનસફી પ્રમાણે કામ કરતા; સેનાપતિઓ નીમવાનું કામ સેનેટ કરતી. નવા પ્રાન્તોનો વહીવટ એ જ નક્કી કરતી. કારણ નાણાંની કોથળીની દોરીનો કબજો સેનેટના હાથમાં હતો. મૅજિસ્ટ્રેટોને જરૂરી નાણાં સેનેટ પાસેથી જ મેળવવાં પડતાં; સેનાપતિઓના ખર્ચા સેનેટ જ પૂરા પાડતી. ટ્રિબ્યૂનો પણ આ જમાનામાં સેનેટને જ વધારે વફાદાર રહેતા. જોકે આ સેનેટ પર હવે જૂની ઉમ-રાવશાહીનું જોર નહોતું રહ્યું, પણ નવા ધનિક બનેલા પ્લિબિયનોનો પ્રભાવ જામ્યો હતો. આ ઉમરાવશાહીમાં નવાં દાખલ થયેલાં કુટુમ્બો એકબીજાં સાથે સહકારથી કામ કરતાં. હોદ્દાનો ઉપયોગ પૈસા જમા કરવામાં અને પ્રતિષ્ઠા મેળવવામાં થવા લાગ્યો. કારણ આ કુટુમ્બોએ પોતાના સ્થાન માટે હજી સમાજની સ્વીકૃતિ મેળવ-વાની હતી. છતાં આ કુટુમ્બો રોમને વફાદાર હતાં અને એની સત્તા તથા જાહોજલાલી વધારવા ખરા દિલથી કામ કરતાં હતાં. રોમે ભૂમધ્ય સમુદ્રના વિસ્તારમાં જે સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેમાં તેમનો હિસ્સો મોટો હતો.

પણ સત્તાધીશોના વર્ગમાં ધન અને સત્તાના જોરે દાખલ થવાનાં બારણાં એક વાર ખૂલ્યાં એટલે આ વર્ગમાં પ્રવેશ માત્ર ધનિકો પૂરતો મર્યાદિત ન રહ્યો. જેના હાથમાં લશ્કરી સત્તા હતી, દૂર દૂરના પ્રાન્તોનો વહીવટ જેમના હાથમાં હતો તે કોન્સલોને પણ સત્તાધારી વર્ગમાં દાખલ થવાની હોંશ જાગી અને એ રીતે સત્તા માટેની પડાપડીમાં વધારે ને વધારે કુટુમ્બો જોડાયાં. જેમ જેમ રોમના હાથમાં નવા નવા પ્રદેશો આવતા ગયા તેમ તેમ આ સ્પર્ધા વધુ તીવ્ર બની અને લોકશાહીના વિસ્તારની પ્રક્રિયામાંથી જ એના વિનાશના અંકુરો પણ પ્રગટ્યા.

રોમમાં જે રાજકીય વ્યવસ્થા પાંગરી હતી તેનો મુખ્ય આધાર રોમે સ્વીકારેલાં જીવનમૂલ્યો અને કુટુમ્બ-ભાવના પર હતો. આ સંસ્કૃતિ અને ભાવનાનો મુખ્ય સૂર પિતૃભક્તિનો હતો. રોમન કુટુમ્બમાં પિતાનું વર્ચસ હતું. કુટુમ્બના માણસો પર એને સંપૂર્ણ અધિકાર હતો અને તેમને એ દેહાન્તદંડ પણ આપી શકતો. પુત્રો કુટુમ્બની લાજ જાળવવાનું પોતાનું કર્તવ્ય સમજતા. કુટુમ્બનું વેર વાળવામાં, કુટુમ્બની ગયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવામાં તેઓ દરેક ચીજનો ભોગ આપવા તૈયાર રહેતા. રોમન રાજ્યવ્યવસ્થામાં આ જ સિદ્ધાન્તના વ્યાપક વિસ્તારને પરિણામે પ્રતિષ્ઠિત કુટુમ્બોનું જોર રહેતું. અને પ્લિબિયનો આ પેટ્રિશિયન કુટુમ્બોની સત્તાને સ્વાભાવિક ગણતા. માત્ર, જ્યારે અન્યાય થઈ રહ્યો છે એમ લાગે ત્યારે જ તેઓ તેમના અન્યાયની રજૂઆત કરવા પૂરતી સ્વતંત્રતા ઝંખતા હતા. જે કાયદા અન્યાયી જણાય તેને ફેરવવાની પ્રવૃત્તિ પણ ટ્રિબ્યૂનોએ વખત જતાં હાથ ધરી હતી. છતાં જ્યારે બધું રીતસર ચાલતું હોય ત્યારે પ્રતિષ્ઠિત કુટુમ્બોનું રાજ્યમાં પ્રભુત્વ રહે તેની સામે તેમને ખાસ વાંધો ન હતો.

આ બધું ઈ.સ. પૂર્વે બીજી સદીના મધ્ય ભાગમાં પલટાવા લાગ્યું. આનું મુખ્ય કારણ રોમન ઉમરાવ યુવક-યુવતીઓને થયેલા ગ્રીક સંસ્કૃતિના પરિચયમાં રહેલું હતું. આ યુવક-યુવતીઓ તે જમાનામાં જેને મોટી સમૃદ્ધિ કહી શકાય તેમાં ઊછર્યાં હતાં. રોમને બહારથી એટલા પૈસા મળી રહેતા કે રોમન નાગરિકને કર આપવાની પણ જરૂરિયાત રહી ન હતી. જેઓ મોટા પદ પર હતા તેઓ ગરકાયદે ધન ભેગું કરવામાં પડ્યા હતા. આથી સમાજમાં તેમણે પ્રતિષ્ઠા ગુમાવી હતી. સટ્ટાનું જોર વધ્યું હતું. બધાને રાતોરાત માલેતુજાર થઈ જવાની હોંશ હતી. ઉદ્યોગધંધા ને ખેતીમાંથી સમૃદ્ધ કુટુમ્બોનો રસ ઓછો થવા લાગ્યો હતો. આમ, યુવક-યુવતીઓ સામે કોઈ મહાન આદર્શ નહોતો અગર તો તેમની શક્તિ જીવનની જરૂરિયાતો મેળવવામાં જ કેન્દ્રિત થયેલી હોય એવું પણ નહોતું. આથી તેમની શક્તિઓ નવી દિશાઓ શોધતી હતી.

## સરમુખત્યારશાહીનો ઉદય

આવી સામાજિક અને માનસિક આબોહવા ફેલાતી જતી હતી ત્યાં પૈસાદાર કુટુમ્બોનાં યુવક-યુવતીઓ ગ્રીક સંસ્કૃતિની અસર નીચે આવ્યાં. ગ્રીક ફિલસૂફોનો અભ્યાસ કરવાથી તેમની બુદ્ધિ સતેજ બની. ધર્મ, રાજકારણ, સમાજના નિયમો વગેરેનો તેમણે તુલનાત્મક અને વિવેચનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવા માંડ્યો. પરિણામે તેમને રોમન સંસ્કૃતિનાં મૂલ્યો અપર્યાપ્ત લાગ્યાં અને તેની સામે વિરોધ જાગ્યો. વ્યક્તિસ્વાતંત્ર્યની હવા ફેલાતાં રોમન કૌટુમ્બિક શિસ્ત શિથિલ થવા માંડી. પરંપરાગત મૂલ્યોનો પ્રભાવ ઓછો થયો પણ નવાં મૂલ્યોએ તેમની જગ્યા લીધી નહીં એટલે નીતિમત્તાનું જોર ઘટ્યું. નીતિનાં બંધનો શિથિલ થયાં અને વાસના-ઓનું જોર વધ્યું. આ સંઘર્ષ લોકશાહી(ગણતંત્ર)નો અન્ત આણ્યો અને એનું સ્થાન સરમુખત્યારીએ લીધું. આમાં સામાજિક, સાંસ્કૃતિક અને માનસિક ઘટકો ઉપરાન્ત સામ્રાજ્યના વહીવટી પ્રશ્નો હલ કરવામાં તે વખત-ના લોકશાહી તંત્રની અપર્યાપ્તતા પણ જવાબદાર હતી. દૂર દૂર સુધી ફેલાયેલા સામ્રાજ્યના બધા નાગરિકો ભેગા મળી તંત્ર ચલાવી શકે નહીં. કારણ તે જમાનાનાં અવરજવરનાં સાધનો મર્યાદિત હોવાથી જુદાં જુદાં શહેરો અને વિસ્તારો વચ્ચે ગાઢ સમ્પર્ક સાધી શકાતો નહીં. બધા પ્રદેશોનાં હિતો પણ એકસરખાં હોય નહીં એટલે વિખવાદના પ્રસંગો ઘણા આવે.

બીજી બાજુ સરમુખત્યારીને પોષે એવા સંજોગો ઘણા પ્રબળ હતા. દૂર દૂર આવેલા સીમાડાઓનું રક્ષણ કરવાની જવાબદારી કૉન્સલોની હતી. 'રોમથી તેઓ ઘણે દૂર હતા. રોમના રાજકારણમાં તેઓ ભાગ લઈ શકતા નહીં. અને તેમની ગેરહાજરીમાં તેમનું સ્થાન બીજા લઈ લેતા. આ કૉન્સલોમાં જેઓ પ્રભાવશાળી હતા અને દુશ્મનોનો સફળતાથી સામનો કરી શકતા હતા તેઓની રાજકીય મહત્ત્વાકાંક્ષા, સ્વાભાવિક રીતે જ, મોટી હતી. તેમના સિપાઈઓનો વિશ્વાસ અને વફાદારી તેઓ સમ્પાદન કરી શકતા. વિજેતાઓને સુલભ એવી વીરવન્દના કૉન્સલોને આપોઆપ મળી રહેતી અને રોમના વિસ્તારમાં પણ તેઓ ઘણી લોકપ્રિયતા મેળવી શકતા. આ બધાં કારણોને લીધે તેઓ રોમની લોકશાહીના રાજકારણમાં ગૂંચવાઈ જવાને બદલે પોતાની પ્રતિષ્ઠા અને શક્તિના જોર પર સામ્રાજ્યના રાજકારણમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની લાલચ રોકી શકતા નહીં. એટલે મોકો મળ્યો ત્યારે કૉન્સલોએ લોકશાહીને કોરાણે મૂકી સરમુખત્યારી સ્થાપી. આ રીતે, રોમમાં ઉમરાવશાહી પાછી આવી. અન્યાયથી ત્રાસેલા લોકોએ એને પડકારી. કોઈક વાર સરમુખત્યારો જોરમાં આવતા; ક્યારેક સેનેટનું વર્ચસ સ્થપાતું. તો કોઈક વાર લોકસભાઓનો વિજય થતો. આમ એક બાજુ રોમનું સામ્રાજ્ય વિસ્તરતું જતું હતું, તો બીજી બાજુ રોમમાં સત્તા માટેનાં ઘર્ષણો ચાલુ રહેતાં હતાં.

ઈ. સ. પૂર્વે ૧૩૩–૧૨૧ સુધી ગ્રૉક્સ ભાઈઓએ ટ્રિબ્યૂનનું સ્થાન વારાફરતી સંભાળ્યું અને લોકસભાની સત્તા ફરી સ્થાપવાનો પ્રયત્ન કર્યો. ગેરકાયદેસર રીતે રાજ્યની જમીન પચાવી પાડેલા ઉમરાવો પાસેથી તે પાછી મેળવવાનો કાયદો સેનેટના સખત વિરોધ છતાં પસાર કરવામાં આવ્યો અને એ રીતે લોકસભાનું વર્ચસ સાબિત થયું. સેનેટની સત્તા એણે રદ કરી નાખી. જૂરીની નામાવલી તૈયાર કરવાનું કામ સેનેટ પાસેથી લઈ લેવામાં આવ્યું. જાહેર કામકાજના કૉન્ટ્રાકટો આપવાની સત્તા લોકસભાને પાછી મળી. આમ મહેરબાની બતાવી અહેસાનમાં રાખવાની એક મોટી સત્તા સેનેટ પાસેથી ખૂંચવી લેવામાં આવી. સેનેટની સત્તાના ભોગે ટ્રિબ્યૂનોએ પોતાની સત્તા જમાવવાનો પ્રયત્ન કર્યો. પણ સાધારણ નાગરિકોના હાથમાં રાજ્યની લગામ સોંપવાનો તેમનો ઇરાદો સિદ્ધ થઈ શક્યો નહીં. કારણ ધનવાન, છતાં ઉમરાવશાહીમાં પ્રવેશ પામવામાં નિષ્ફળ ગયેલાં, એકવેસ્ટ્રિયન કુટુમ્બો સત્તા પોતાને હાથ કરવા માગતાં હતાં.

જ્યાં સુધી ટ્રિબ્યૂનો ઉમરાવશાહી સામે લડતા હતા ત્યાં સુધી આ વર્ગે એમને ટેકો આપ્યો. પણ જ્યારે એથી આગળ વધી નીચલા થરોમાં સત્તા સંક્રાન્ત થવાનો ભય ઊભો થયો ત્યારે ટ્રિબ્યૂનોએ મધ્યમવર્ગના હાથ વધારે મજબૂત કરવાની નીતિ અપનાવી. આમાં લોકસભા અને ટ્રિબ્યૂનો વચ્ચેની એકવાક્યતા તૂટી. લોકસભાએ ત્યાર બાદ ટ્રિબ્યૂનોને બદલે લશ્કરી સેનાપતિઓ અને કૉન્સલો દ્વારા પોતાની સત્તા દૃઢ કરવાનો અખતરો અજમાવ્યો અને એક સાધારણ કુટુમ્બમાં જન્મેલા પણ ઘણા કાબેલ એવા એક સેનાપતિ —ગેઈઅસ મારિયસ—ને કૉન્સલની જગ્યા આપી (ઈ. સ. પૂર્વે ૧૦૭). આથી લોકસભાનો પ્રભાવ વધ્યો પણ સનંદી બાબતમાં લશ્કરી દખલગીરીનાં બીજ રોપાયાં.

લશ્કરી સેનાપતિઓ આમ રાજકારણમાં રસ લેવા લાગ્યા તેમાંથી આંતરવિગ્રહનાં બીજ રોપાયાં. જે રાજપુરુષો અને લશ્કરી સેનાપતિઓ હારતા તેમની તથા તેમના ટેકેદારોની માલમિલકત જપ્ત થવા માંડી તથા તેમના સનંદી હકો છીનવી લેવાયા. આથી રાજકારણમાં ભયની, વહેમની અને પ્રતિસ્પર્ધીઓને ખતમ કરી નાખવાની મનોવૃત્તિ જન્મી. જપ્ત થયેલી જમીન વિજયી સેનાપતિના સૈનિકોમાં વહેંચી આપવાની પ્રથા જન્મી. આને પરિણામે ખેતીવાડીને નુકસાન થયું અને અસંતોષી અને નિરાશ નાગરિકોની સંખ્યામાં મોટો વધારો થયો. ખુમારીવાળા લોકો બહારવટે ચડયા અને ગરીબ ખેડૂતો અને ગુલામોએ તેમને મદદ કરવા માંડી.

આ અંધાધૂંધીમાંથી રસ્તો કાઢવા સલાએ પ્રયત્ન કર્યો. સેનેટની પ્રતિષ્ઠા ફરી સ્થાપવાનાં એણે પગલાં લીધાં. સેનેટની મંજૂરી વગર કોઈ કાયદો લોકસભામાં દાખલ ન થઈ શકે એ નિયમ ફરી શરૂ કરવામાં આવ્યો.

આમ ટ્રિબ્યૂનોની ધારાઓ ઘડવાની સત્તાનો અંત આવ્યો અને તેમનું ક્ષેત્ર અન્યાયથી હેરાન કરવામાં આવતા પ્લિબિયનોની રક્ષા કરવાના તેમના મૂળ કામ પૂરતું મર્યાદિત થઈ ગયું. મૅજિસ્ટ્રેટો ઉપરનો લોકસભાનો પ્રભાવ એણે ઘટાડી નાખ્યો. ન્યાયાલયો પરનો સેનેટનો કાબૂ પુનઃ સ્થાપિત થયો. પણ આ પ્રયોગ લાંબો ચાલ્યો નહીં અને સત્તા સેનેટના હાથમાંથી લશ્કરી સેનાપતિઓના હાથમાં ચાલી ગઈ. આ સેનાપતિઓ સીમાડાઓ પર લડવા જતા ત્યારે રોમન રાજદ્વારી પુરુષોને કંઈક નિરાંત મળતી અને તેઓ રાજકીય નિર્ણયો લેતા. પણ સેનાપતિઓ રોમ પાછા ફરતા ત્યારે તેઓ આ નિર્ણયો, કાનૂનો, બંધારણના નિયમો વગેરે બધાની અવગણના કરી પોતાને મનફાવતું કરતા.

### સિઝર વિ૦ સિસેરો

સત્તાના આ નવા સમીકરણને પ્રતાપે ઈ.સ. પૂર્વે ૬૭માં પૉમ્પિયાઈ સરમુખત્યાર બની ગયો. એની સત્તામાં જુલિયસ સિઝર અને સિસેરોએ ભાગ પડાવવાનો પ્રયત્ન કર્યો. સિઝર જૂના ઉમરાવ કુટુમ્બમાંથી આવતો હતો અને સિસેરોના મિત્રો ધનિક ઇટાલિયનો હતા, જેઓ રોમની સત્તાને પડકારવા માગતા હતા અને તેથી રોમનાં રાજકીય વર્તુળોમાં ખાસ પ્રિય નહીં એવા સિસેરોને આગળ લાવવામાં એમણે સહાય આપી. સિસેરો સાચે જ એમ ઇચ્છતો હતો કે, મધ્યમવર્ગના હાથમાં સત્તા આવે. ગરીબો ને ઉમરાવશાહી માલેતુજારો માત્ર પોતપોતાના જ વર્ગનું હિત સાધવાનો પ્રયત્ન કરે છે, એ ગ્રીક વિચારપરંપરામાંથી ઊતરી આવેલી માન્યતાને સિસેરો પણ સ્વીકારતો હતો. નવી સંસ્કૃતિમાં ઊછરેલા, રોમની સંસ્કૃતિની અવગણના કરતા અને ઘણી સંસ્કૃતિઓનો પોતાના જીવનમાં સમન્વય સાધતા વર્ગના હાથમાંથી સત્તા લઈ જુનવાણી ગ્રામવિસ્તારના મધ્યમવર્ગના લોકોના હાથમાં સોંપવાની એણે તરફેણ કરી; અને સેનેટની સત્તા ફરી સ્થપાય એ માટે પ્રયત્નો કર્યા. કૅટિલેનના બળવાને દાબી દેવામાં એણે સફળતા મેળવી એટલે એનો પ્રભાવ વધ્યો. આથી 'દ' રિપબ્લિકા'માં એણે ગણતંત્રની જે કલ્પના રજૂ કરી હતી તે રોમમાં સ્થપાય એવા સંજોગો ઊભા થયા. આ બળવાએ જુલિયસ સિઝરની સત્તાને હાનિ પહોંચાડી હતી. પૉમ્પિયાઈ એના લશ્કરી વિજયોને લીધે રોમમાં એટલો જ માનીતો હતો. આથી એની સરદારી નીચે એક ત્રિપુટી રાજ્ય સ્થાપવાના પ્રયત્ન થયા. સિસેરોની આશા આથી ધૂળમાં મળી. પૉમ્પિયાઈ અને સેનેટે મળીને સિઝરની સત્તાને ડામવાનો પ્રયત્ન કર્યો, પણ તે સફળ ન થયો.

સત્તાની લડતમાં સિઝરનો વિજય થતાં બધી સત્તા એના હાથમાં આવી અને રોમનું સામ્રાજ્ય થોડા વખતમાં રાજાશાહીની દિશામાં જવા લાગ્યું. બધી રાજ્યસત્તા સિઝરના હાથમાં કેન્દ્રિત થઈ. સામ્રાજ્યમાં અને રોમમાં એની આણ પ્રવર્તી. એણે 'એમ્પરર'નો ઈલકાબ ધારણ કર્યો. ઘણાં ધાર્મિક કાર્યો માટેની સત્તા એને મળી. પોતાની સત્તાનો ઉપયોગ એણે સામ્રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવામાં કર્યો. ગ્રામવિસ્તારમાં જમીન પાછી ખેડાવા લાગી. બહારથી કુશળ કારીગરોને રોમમાં લાવી એની જાહોજલાલી પણ એણે વધારી. ભપકા-



**સિસેરો**

મધ્યમ વર્ગ પર અધિષ્ઠિત ગણતંત્રની કલ્પના

ભર્યા જીવનથી એણે રોમના લોકોનું મનોરંજન કર્યું. પણ ઉમરાવોમાં ઈર્ષા ઉત્પન્ન થઈ અને એમણે સિઝરનું ખૂન કર્યું. ત્યાર પછી રોમમાં આંતરવિગ્રહ ચાલ્યો અને અંતે માર્કસ ઍન્ટોનિયસના હાથમાં સત્તા આવી જે ઑક્ટેવિયસ સિઝરે ઝૂંટવી લીધી. અને ઈ. સ. પૂર્વે ૨૭માં ફરી ગણતંત્રની સ્થાપના કરવામાં આવી. રોમના ઉમરાવો અને લોકો સમજ્યા હતા કે સત્તાના કેન્દ્રીકરણ વગર આ મોટા સામ્રાજ્યનો કારભાર ચાલી શકે એમ નથી. પણ ગણતંત્રના બહારના દેખાવો પણ એમને ચાલુ રાખવા હતા. ઑક્ટેવિયસ આ મનોદશા બરાબર સમજ્યો હતો. આથી એણે ગણતંત્રને પ્રિન્સેપ્સ અર્થાત્ 'પ્રથમ નાગરિક'ના હાથમાં મૂક્યું અને એ હોદ્દો એણે પોતે સંભાળ્યો. બંધારણ પ્રમાણે આ હોદ્દો ગણતંત્રની ભાવનાને અનુરૂપ હતો. ઈ. સ. પૂર્વે ૨૩માં એણે કૉન્સલનો હોદ્દો છોડ્યો તે પછી એની સત્તા બંધારણ પ્રમાણે એક પ્રાન્તના ગવર્નર સરખી જ હતી. આથી કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા. પ્રિન્સેપ્સનો હોદ્દો કૉન્સલની બરાબરનો બનાવવામાં આવ્યો અને સેનેટની સભા બોલાવવાનો, અને તેના પ્રમુખની ખુરશી સંભાળવાનો, લોકસભામાં કાયદા દાખલ કરવાનો, ચૂંટણી વખતે ઉમેદવારોની યાદી નક્કી કરવાનો વગેરે અનેક અધિકાર એને મળ્યા. આમ, 'ટ્રિબ્યૂન' અને 'ઇમ્પીરિયમ' હોદ્દાઓ રોમન સામ્રાજ્યની કેન્દ્રીય વહીવટી સત્તાના સ્તંભ બની ગયા. અને બધી સત્તા આ હોદ્દા સંભાળનારના હાથમાં આવી. આમ, રોમના ગણતંત્રનો વાસ્તવમાં અન્ત આવ્યો અને રોમના સામ્રાજ્યનો યુગ આરંભાયો.

ઑગસ્ટસે સરજેલી આ રાજ્યપદ્ધતિ ડાયોક્લેશિયનના જમાના (ઈ. સ. ૨૮૪–૩૦૫) સુધી અમલમાં રહી. રોમ હજી નામે ગણતંત્ર રહ્યું હતું અને રોમન સમ્રાટ કાનૂન પ્રમાણે માત્ર એક મુખ્ય મૅજિસ્ટ્રેટનો હોદ્દો ધરાવતો હતો. એની સત્તા લોકસભાના ઠરાવો પર આધારિત હતી. સેનેટની મંજૂરીની એને જરૂર હતી. એના પર કાયદાનાં બંધનો હતાં. પણ આ બધું માત્ર કાગળ પર હતું. વાસ્તવમાં પરિસ્થિતિ જુદી જ હતી. રોમ સિવાયના રોમન સામ્રાજ્યના વિસ્તારમાં તો પ્રિન્સેપ્સની સત્તા પહેલેથી જ સર્વોપરી હતી. આની અસર ધીમે ધીમે રોમ નગરના તંત્ર પર પણ પડી. સલ્તનત પર આપખુદ રીતે સત્તા ચલાવનાર સમ્રાટ તળ રોમમાં લાંબો વખત લોકસભા અને સેનેટને આધીન રહી કામ કરે એ સંભવિત જ ન હતું. રોમ નગરની હકૂમત પણ સમ્રાટના નીમેલા હોદ્દેદારોના હાથમાં ચાલી ગઈ. મૅજિસ્ટ્રેટો માત્ર નામના જ રહ્યા. સમ્રાટો માત્ર પોતાની મહેરબાની બતાવવા તેમને માનઅકરામ આપતા હતા. રોમ નગરમાં પણ આમ એક વ્યક્તિની સત્તા સ્થપાતાં વ્યાપક રાજકીય પ્રવૃત્તિઓ મંદ પડી ગઈ. કૉન્સલો સિવાયના બીજા બધા હોદ્દાના ઉમેદવારોની યાદી સમ્રાટ તરફથી જ પ્રગટ થતી અને કોને ચૂંટવા તે વિશેની સિફારસ પણ સમ્રાટને નામે થતી. ચૂંટણી માત્ર નામની જ રહી. જોકે સેનેટના હાથમાં હજી થોડીઘણી સત્તા રહી હતી. પ્રિન્સેપ્સની જગ્યા ખાલી પડતાં નવા પ્રિન્સેપ્સની નિમણૂક એના વટહુકમથી થતી. પણ ઘણુંખરું તો સમ્રાટ પોતે જ પોતાનો અનુગામી નીમતો. એટલે આ સત્તા પણ નામની જ હતી. કાયદા ઘડવાની સત્તામાં તેમ જ ન્યાય આપવાની બાબતમાં સેનેટ પ્રિન્સેપ્સની સાથે ભાગીદાર હતી પણ વર્ચસ તો સમ્રાટનું જ રહે એ સ્વાભાવિક હતું. વળી, સેનેટમાં માત્ર માલેતુજાર કુટુમ્બના નબીરાઓને જ સ્થાન મળતું અને સમ્રાટની મંજૂરી મળે તો જ તેમની વરણી થતી એટલે સેનેટ પણ શહેનશાહની સત્તાનું એક અંગ જ બની ગઈ હતી. આમ, રોમમાં ધીમે ધીમે કાયદા એના એ રહ્યા છતાં શહેનશાહતની સ્થાપના થઈ. જગવિખ્યાત નીરોના શાસન દરમ્યાન તો પ્રિન્સેપ્સનો બધો દબદબો પણ સમ્રાટને શોભે એવો જ બની ગયો!

આમ, ઇતિહાસમાં રોમે પહેલ પ્રથમ દેખા દીધી તે રાજાશાહી ઢબના નગર રાજ્ય તરીકે; રોમ પોતાની ભવ્યતાની પરાકાષ્ઠાએ પહોંચ્યું ગણતંત્ર તરીકે; અને પછી પતનકાળે એ આપખુદ સમ્રાટશાહીની સંઘર્ષભૂમિ સમું બની રહ્યું.

# ૩ : યુરોપ

સામ્રાજ્યના યુગે રોમની લોકશાહીનો અંત આણ્યો. આ સામ્રાજ્ય લગભગ એક હજાર વર્ષ ચાલ્યું. એની વંશાવળી જોતાં એ વાત સિદ્ધ થાય છે કે સમ્રાટોને નીમવામાં કે એમને પદભ્રષ્ટ કરવામાં પ્રજાનો કોઈ અવાજ ન હતો. કોઈક વાર લશ્કરના અફસરો આ નિર્ણયો લેતા તો કોઈક વાર સેનેટ દ્વારા નિમાયેલા સમ્રાટની હકૂમત ચાલતી. કેટલીક વાર કાટુમ્બિક સંબંધે એક સમ્રાટ પછી બીજો સમ્રાટ આવતો. એ એક હજાર વર્ષ દરમ્યાન હમેશ લોકોની કનડગત જ થતી એમ પણ ન હતું. કેટલાક સમ્રાટો અમીરો અને લશ્કરી અફસરોના ત્રાસમાંથી લોકોને રક્ષણ આપતા. આવે સમયે તેમને લોકોનાં માબાપનું બિરુદ મળતું. આ અનુભવમાંથી ઇતિહાસકારો એવું પણ તારતમ્ય કાઢે છે કે સામ્રાજ્યનો વિરોધ આમજનતા તરફથી ભાગ્યે જ થતો. ક્યારેક બળવો જાગતો, સ્વાતંત્ર્યની વાતો થતી ત્યારે કોઈ ઉમરાવ કુટુમ્બ, લશ્કર, ધર્મપન્થ કે દોલતમન્દ કુટુમ્બો જ એની આગેવાની લેતાં. આમ, લોકશાહીને નામે સ્વાર્થસાધુઓ બંડ ઉઠાવતા; બુદ્ધિપુરસ્સરની માન્યતા કે આદર્શથી પ્રેરાઈ લોકશાહીની તરફેણ કરનાર કોઈ સાચા માણસો આ જમાનામાં નીકળ્યા ન હતા. એ સાથે એ પણ ખરું કે શક્તિશાળી સમ્રાટોના જમાનામાં પણ એના હજૂરિયા તરફથી લોકોની તેમ જ પ્રતિષ્ઠિત કુટુમ્બોની પણ રંજાડ થતી અને તેનાથી અંતે કંટાળીને આ કુટુમ્બો જ બળવો જગાવતાં.

આ હજાર વર્ષો યુરોપના ઇતિહાસમાં 'કાળી રાત'નાં વર્ષો ગણાય છે. લોકશાહીના ટૂંકા ઇતિહાસમાં એ સમયને કોઈ ખાસ સ્થાન નથી. અલબત્ત આજે લોકશાહી જે સમસ્યાઓનો સામનો કરી રહી છે તેને બરાબર સમજવી હોય અને તેના ઉકેલ માટે ઇતિહાસમાંથી બોધપાઠ તારવવા હોય તો આ યુગના ઇતિહાસમાંથી ઘણી ચિંતનસામગ્રી મળી શકે એમ છે. એ સામગ્રીનો ઉલ્લેખ કરવાના પ્રસંગો આગળ ઉપર આવશે. પહેલાં તો લોકશાહીનું શાસન અને એના સિદ્ધાંતો ઉપર પ્રકાશ પાડતી ફિલસૂફી કે એવી કોઈ સંસ્થાના સ્વરૂપ પર દૃષ્ટિ નાખીએ.



ટૉમસ ઍક્વિનાસ



નિકોલો મૅકિયાવેલી

# ધર્મ અને રાજનીતિ

લોકશાહીના નવાંકુરો પશ્ચિમ યુરોપમાં પાછા ફૂટે તે માટે એક નવા વાતાવરણની, ઈતિહાસના એક નવા યુગની જરૂરિયાત હતી. આ જરૂરિયાત ધર્મતંત્ર (ચર્ચ) અને રાજા વચ્ચેના ઘર્ષણમાંથી જન્મી. રોમન સામ્રાજ્યના કાળ દરમ્યાન ખ્રિસ્તી દેવળ (ચર્ચ) વ્યવસ્થિત બન્યું. ધાર્મિક બાબતોમાં એનું શાસન બધા ખ્રિસ્તી ધર્મ પાળનારા ઉપર ચાલતું. વખત જતાં, ધાર્મિક સંસ્થાઓમાં ઉચ્ચ અધિકારીઓ નીમવા માટે ચૂંટણીની પ્રથા દાખલ થઈ અને પ્રતિનિધિત્વના તત્ત્વનો સ્વીકાર થયો. ઘણા વિદ્વાન પાદરીઓએ મનુષ્ય અને ઈશ્વર વચ્ચેના અને નાગરિકો તથા રાજ્ય વચ્ચેના સંબંધો પર મનન કર્યું અને તેના આધારે લોક-માનસ ઘડાયું. એમના આ ચિંતનનો સારાંશ આ હતો:

> (૧) રાજાની સત્તાને મર્યાદા છે. (૨) મોટી સલ્તનતનો વડો પણ ઈશ્વરને જવાબદાર છે અને એ જવાબદારી એ અદા કરે છે કે નહીં તે નક્કી કરવાનું કામ ધાર્મિક સંસ્થાઓનું છે.

પરંતુ, આપખુદ રાજાઓ આ વાત સરળતાથી સ્વીકારે એ શક્ય ન હતું. વળી, ધાર્મિક સંસ્થાઓ રાજકુટુમ્બ અને રાજકુટુમ્બ વચ્ચેના સંબંધોમાં ને એકંદર રાજ્યપ્રકરણમાં હસ્તક્ષેપ કરતી હતી. એટલે માત્ર સિદ્ધાન્તના ક્ષેત્રે જ નહીં પણ વ્યવહારમાં પણ રાજા અને ધાર્મિક સંસ્થાઓ વચ્ચેના અધિકારો નક્કી કરવાની જરૂરિયાત ઊભી થઈ. આમાંથી જે વિચારમન્થનો જન્મ્યાં તેણે લોકશાહીની ભાવના સ્પષ્ટ કરવામાં ઘણો મોટો ફાળો આપ્યો.

જે ધર્મગુરુઓએ લોકશાહીની ભાવનાને પોષતા વિચારોને સ્વીકાર્યા તેમાં ટૉમસ ઍક્વિનાસ-(ઈ. સ. ૧૨૨૬–૧૨૭૪)નું નામ અગ્રસ્થાને છે. કુદરતી કાનૂનો ઈશ્વરે બક્ષેલી માનવબુદ્ધિમાં અંકિત થયેલા સિદ્ધાન્તોનો પરિપાક છે એ વાત એણે સ્વીકારી. કાયદા ઘડવાની જેને સત્તા હોય તે જ સાર્વભૌમત્વનો અધિકારી છે એ વાત એણે માન્ય કરી. કાયદા સાર્વજનિક કલ્યાણના ધ્યેયને ઉદ્દેશીને ઘડાવા જોઈએ અને એ ધ્યેય સિદ્ધ કરવા માટે પ્રજાના પ્રતિનિધિ બનેલા રાજ્યના હાથમાં આ સાર્વભૌમ સત્તા હોવી જોઈએ એમ એણે પ્રતિપાદન કર્યું. આમ, સામુદાયિક હિતની સિદ્ધિના સંદર્ભમાં જ સત્તાને વાજબી ઠરાવી શકાય એવી એની રજૂઆત લોકશાહી વિચારણાને પુષ્ટ કરનારી નીવડી. એક બીજી નોંધપાત્ર વાત એ પણ છે કે ઍક્વિનાસે પ્રતિકારના અધિકારનો પણ સ્વીકાર કર્યો હતો. જોકે એણે એ અંગે એક મર્યાદા જરૂર ચીંધેલી: પ્રતિકારના અધિકારનો ઉપયોગ એ રીતે ન થવો જોઈએ કે જેથી સત્તાના દુરુપયોગથી થતી હાનિ જેવી જ હાનિ થાય!

તે પછીના કાળમાં ઇટાલીનો મૅકિયાવેલી (ઈ. સ. ૧૪૬૯–૧૫૨૭) ધ્યાન ખેંચે છે. પોતાના 'ધ પ્રિન્સ' પુસ્તકને કારણે એ રાજાશાહીના ચુસ્ત હિમાયતી લેખે પંકાયો. રાજાએ સત્તાની સિદ્ધિ, સ્થિરતા ને સંવર્ધન માટે, સાધનશુદ્ધિની તમા રાખ્યા વિના, ધાર્યું નિશાન પાર પાડવું જોઈએ; રાજાએ સારા દેખાવું જરૂરી છે નહીં કે સારા હોવું–આવું કંઈક એનું કહેવું હતું. એટલે કે એનું ધ્યેય નીતિઅનીતિની ચિંતામાં પડયા વિના રાજકીય ક્ષેત્રે સફળતા હાંસલ કરવાનું હતું. પણ આ જ મૅકિયાવેલીનાં લખાણોમાં પ્રાચીન રોમન ગણ-તંત્રને માટે અહોભાવ ને આકર્ષણ પણ ઓછાં નથી વરતાતાં. મુદ્દે, વાત એમ છે કે, ગણતંત્રની સફળતા માટે મૅકિયાવેલીને મન પૂર્વશરતરૂપ વ્યાપક પ્રજાકીય નૈતિકતાનો એના સમયના ઇટાલીમાં અભાવ હતો. પ્રજાની હકૂમત ત્યારે જ સફળ થાય જ્યારે પ્રજામાં નીતિમત્તાનું ઊંચું ધોરણ હોય. એ ન હોય તો મજબૂત રાજાશાહી વિના આરો નથી. એટલે, લોકશાહીની ચર્ચામાં મૅકિયાવેલી બે રીતે યાદ રહેશે: એક તો, એના નીતિ-નિરપેક્ષતાના ખ્યાલે રાજ્યશાસ્ત્રને ધર્મશાસ્ત્રથી અલગ કરી બિનસાંપ્રદાયિક તંત્ર વિકસાવવાની દિશામાં ફાળો આપ્યો; અને બીજું, 'ડિસ્કોર્સિઝ' જેવા પુસ્તક દ્વારા એણે ગણતંત્રની સફળતા માટે પ્રજાકીય નૈતિક સજાગતાનું મહત્ત્વ સમજાવ્યું.



માર્ટિન લ્યૂથર



માર્ટિન લ્યૂથરે કરેલ બાઇબલના જર્મન ભાષાન્તરની પ્રથમ આવૃત્તિનું મુખપૃષ્ઠ

## ધર્મસુધારણાની હિલચાલ

સોળમી સદીનું યુરોપીય રાજકીય ચિંતન પ્રૉટેસ્ટન્ટ વિદ્રોહની છાયામાં વિકસ્યું. પ્રસ્થાપિત ખ્રિસ્તી ધર્મમત સામે આ વિરોધનો નેજો ફરકાવનારાઓનો મુખ્ય સૂર એ હતો કે વ્યક્તિ અને ઈશ્વરને સાંકળતી કડી દરેકનો અંતરાત્મા હોઈ વ્યક્તિએ ધર્મતંત્ર જેવી કોક ત્રાહિત જમાતના ફતવા મુજબ લોલે લોલ કરવાપણું નથી.

ઈશ્વર અને વ્યક્તિ વચ્ચેના આ સીધા સંબંધની હિમાયતને વાચા આપવામાં જર્મન ધર્મસુધારક માર્ટિન લ્યૂથર (ઈ. સ. ૧૪૮૩–૧૫૪૬) મોખરે હતો. બાઇબલને એણે જર્મનમાં ઉતારી લોકગમ્ય કર્યું, મુદ્રણકળાના ઉદય અને વિકાસે ધર્મશાસ્ત્રોને લોકસુલભ કર્યાં; પોપશાહી પડકારાઈ અને એમ ધર્મતંત્રની પકડ પણ તૂટી.

પ્રૉટેસ્ટન્ટ વિદ્રોહે ધર્મતંત્રના અધિકારથી નિરપેક્ષ એવી રાજ્યસત્તાના સ્વાતંત્ર્યના ખ્યાલને બળ આપ્યું. ધર્મનિરપેક્ષ શાસન અને વ્યક્તિસ્વાતંત્ર્યના આધુનિક ખ્યાલ લગીની વિચારયાત્રામાં સોળમી સદીમાં લ્યૂથરની રાહબરી હેઠળ ચાલેલી હિલચાલ, આમ, એક મહત્ત્વની કડી બની રહી.

પ્રજાના હકો વિશેની જે નવી વિચારસરણી શરૂ થઈ તેને 'પુનરુત્થાન' (રિનેસાંસ) અને 'ધાર્મિક સુધારા' (રેફર્મેશન) જેવા પ્રચંડ સાંસ્કૃતિક પ્રવાહોમાંથી ઘણું પ્રોત્સાહન મળી રહ્યું. આ પહેલાં પણ રોમન કૅથલિક ધર્મસંસ્થાઓએ રાજાની સત્તાને કરેલા પડકારમાંથી પ્રજાને પોતાની બુદ્ધિ કસી સારાનરસાનો વિચાર કરવાનો તથા અનિષ્ટનો વિરોધ કરવાનો અધિકાર છે એ વાત પર વધારે ને વધારે ધ્યાન ખેંચાયું હતું. જોકે એનો હેતુ રાજા ઉપર ધર્મતંત્રની પકડ મજબૂત બનાવવાનો હતો, તોપણ જે રીતે ચર્ચાઓ ચાલતી હતી તેમાંથી માનવહકોની સ્વીકૃતિની ભૂમિકા રચાતી જતી હતી. ધર્મતંત્રની પ્રથાઓએ પ્રતિનિધિત્વની ભાવનાને વ્યવહારુ સ્વરૂપ આપ્યું. દરેક વ્યક્તિને સરખા હકો છે એ વાત પર પણ ભાર મુકાયો અને પ્રતિનિધિત્વ માટે બધાની મંજૂરીની જરૂર છે એવા વિચારો પણ વહેતા મુકાયા. પહેલાં રાજાઓ પ્રજાના પ્રતિનિધિઓ નક્કી કરતા અને પ્રજાની એને મંજૂરી છે જ એમ આપોઆપ સ્વીકારાતું. ધીમે ધીમે લોકપ્રિયતા ધરાવતા નેતાઓની જરૂર પડી અને અંતે પ્રતિનિધિઓ ચૂંટવાનું કામ લોકોના હાથમાં આવ્યું. લોકપ્રિય પ્રતિનિધિઓએ રાજાની સત્તાને પડકાર કર્યો અને રાજાના હકો સીમિત છે એવો દાવો કરવામાં આવ્યો. આમ, રોમન કૅથલિક ચર્ચ મારફત પણ લોકશાહીની ભાવનાને પુષ્ટિ મળતી હતી તેમાં રિનેસાંસ અને રેફર્મેશને વધુ પ્રાણ પૂર્યા.

સાંસ્કૃતિક પુનરુત્થાને પશ્ચિમ યુરોપમાં મધ્યયુગનો અંત આણ્યો અને આધુનિક યુગ પ્રતિ સંક્રાન્તિનો પ્રારંભ કર્યો. લોકોના બૌદ્ધિક તેમ જ નૈતિક જીવનમાં મોટા ફેરફારો થયા. લોકોના વિચારો અને જીવન પરની ધાર્મિક સંસ્થાઓની પકડ ઢીલી પડી. લોકોનું માનસ વધારે સ્વતંત્ર બનતાં તેમનામાં નવી સ્ફૂર્તિનો પ્રાદુર્ભાવ થયો. આ ફેરફારોમાં ગ્રીક અને રોમન સાહિત્ય તથા ઈતિહાસ અને વિચારોના અભ્યાસે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો. ધાર્મિક પ્રશ્નો, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન વગેરેમાં ઝડપી પ્રગતિ થવા પામી. નવી નવી શોધખોળોને વધુ પ્રોત્સાહન મળ્યું. આની અસર રાજકારણ પર પણ પડી. રાજાઓને મહાન સામ્રાજ્યો સ્થાપવાનો મોહ જાગ્યો. લોકોને દેશપરદેશ ખેડવાની, બીજા વિસ્તારના લોકો સાથે સમ્પર્કમાં આવવાની તમન્ના જાગી. તે સાથે જે રાજ્યવ્યવસ્થા નીચે તેઓ જીવન જીવી રહ્યા હતા તેની બુનિયાદ તપાસવા પણ તેઓ પ્રેરાયા. એક બાજુ વેપારઉદ્યોગ વધતાં વધેલી જાહોજલાલી અને બીજી બાજુ એકંદરે આ પ્રદેશમાં સ્થપાયેલી શાન્તિને પરિણામે લોકો સ્વરક્ષણની ઝંઝટમાંથી કંઈક મુક્ત થયા અને સ્વતંત્રતાની ભાવના વધારે આકર્ષક બની. સાથે સાથે રાષ્ટ્રભાવના પણ જન્મી. જુદી જુદી ભાષાઓનો વિકાસ થવા લાગ્યો; લોકો સાંસ્કૃતિક પ્રશ્નોમાં વધુ રસ લેવા લાગ્યા.

રોમન કૅથલિક ચર્ચના પાયા ઢીલા પડયા અને વ્યક્તિનું મહત્ત્વ વધ્યું. ચિંતનના કેન્દ્રમાં ઈશ્વરને બદલે મનુષ્ય આવ્યો અને એનો સંદર્ભ પણ ઇહલોકીય બન્યો. શ્રદ્ધાને સ્થાને બુદ્ધિ અને તર્કને મનુષ્યની સર્વોચ્ચ શક્તિ તરીકેનું સ્થાન મળ્યું. ફ્રાન્સિસ બેકન (ઈ. સ. ૧૫૬૧–૧૬૨૬) જેવા વિચારકોએ આ સાંસ્કૃતિક પરિવર્તનમાં અગત્યનો ભાગ ભજવ્યો. મધ્યયુગની વ્યવસ્થા તૂટતાં મધ્યયુગના વિચારો સામે પણ પડકાર ફેંકાયો. અપરિવર્તનીય સત્(ઍબ્સલ્યૂટ ટ્રૂથ)ની આરાધનામાં બધી શક્તિ અને સમય કેન્દ્રિત કરવાને બદલે સતત પલટાતા વિશ્વમાં વિદ્વાનોને વધારે રસ જાગ્યો. વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સત્યો જુદાં છે એવો સિદ્ધાન્ત બેકને પ્રસ્તુત કર્યો. એણે વૈજ્ઞાનિક સત્યો અને જીવંત વ્યક્તિના પ્રશ્નો ઉપર વિદ્વાનોને વધુ ધ્યાન આપતા કર્યા. જીવતીજાગતી નક્કર વ્યક્તિને સુખી કેમ કરવી એ બેકનના ચિંતનનો મુખ્ય વિષય હતો. ઊર્મિને બદલે તર્કનું પ્રભુત્વ જો મનુષ્ય જીવનમાં વધે તો એ સુખી થાય એ એના ચિંતનનો નિષ્કર્ષ હતો. આ બધાની ધાર્મિક વિચારો પર પણ અસર થઈ. આમેય ધર્મતંત્રમાં સડો પ્રવેશ્યો હતો અને લોકો તેનાથી નારાજ હતા જ. પરિણામે જૂના ધર્મપંથ સામે બળવો કરી નવો ધર્મપંથ સ્થાપવાની પ્રવૃત્તિ જોરદાર બની. પશ્ચિમ યુરોપનો ધર્મ રોમન કૅથલિક અને પ્રૉટેસ્ટન્ટ એમ બે પંથોમાં વહેંચાઈ ગયો.




**ફ્રાન્સિસ બેકન**
(ઈ. સ. ૧૫૬૧–૧૬૨૬)

આ બધી સાંસ્કૃતિક પ્રવૃત્તિની રાજ્યવ્યવસ્થા પર ઘણી ઊંડી અસર પડી. સોળમી ને સત્તરમી સદીમાં મધ્યકાલીન રાજ્યવ્યવસ્થાનો અન્ત આવ્યો અને આધુનિક રાજ્યવ્યવસ્થાનો જન્મ થયો. જ્યાં સુધી રાજા અને પ્રજા એક જ ધર્મ પાળતાં અને એક જ ધર્મતત્ત્વ બધાં સ્વીકારતાં ત્યાં સુધી ઓછેવત્તે અંશે મધ્યકાલીન રાજ્ય અને સમાજવ્યવસ્થાએ કામ આપ્યું હતું. જોકે, મધ્યયુગમાં પણ લોકોના બળવા તો થતા હતા અને આન્તરવિગ્રહો પણ ફાટી નીકળતા હતા અને એક રાજાને પદભ્રષ્ટ કરી બીજા રાજાને ગાદીએ પણ બેસાડવામાં આવતો. પરંતુ એથી કંઈ રાજાશાહીના પાયા પર કોઈ ઘા થતો નહોતો. ધર્મતંત્ર રાજાનો રાજ્ય કરવાનો હક સ્વીકારતું હતું, પણ તે સાથે રાજા ધર્માધિકારીઓની અનુમતિથી રાજ્ય કરે છે એટલું જ એમનું કહેવું હતું. આમાં રાજાઓના આપખુદ હક ઉપર નિયંત્રણો મૂકવાનો સવાલ હતો, રાજાશાહી નાબૂદ કરવાનો નહીં.

પરંતુ રિનેસાંસ અને રેફર્મેશન પછી જે નવાં વલણો પ્રવહમાન થયાં તેમાં રાજાશાહીને સ્થાને લોકશાહી સ્થાપવા ઉપર વધારે જોર દેવાયું. રાજાના સાર્વભૌમ હકોનાં મૂળ તપાસાયાં. રિનેસાંસે નવી વિદ્યાનો ફેલાવો કર્યો. પ્લેટો, ઍરિસ્ટૉટલ વગેરેના સિદ્ધાન્તોની નવેસરથી અજમાયશ શરૂ થઈ. રેફર્મેશને દરેક માણસને પોતાની ધાર્મિક માન્યતા માટે સ્વતંત્રતા હોવી જોઈએ એ સિદ્ધાન્ત રજૂ કર્યો. બેકન, દેકાર્ત (ઈ. સ. ૧૫૯૬–૧૬૫૦) વગેરે બૌદ્ધિકોએ ફિલસૂફીને મહત્ત્વ આપ્યું. પોપ અને ઉમરાવો વગેરેની સત્તા ઘણી શિથિલ બની. રાજાઓની સત્તા પરનાં પરંપરાગત રિવાજો અને કાનૂનોનાં બંધનો શિથિલ બન્યાં. પરંતુ સાથોસાથ વેપારી વર્ગની ચડતી, ગ્રીક અને રોમન સાહિત્યના અભ્યાસે જગાડેલી સ્વાતંત્ર્યની ભાવના અને સરમુખત્યારીમાં રહેલી નિર્બળતાને પરિણામે સમાજમાં થતાં પરિવર્તનો પર રાજાશાહી કાબૂ મેળવી શકી નહીં. આ બધા બનાવોએ વિચારવન્ત માણસોને રાજ્યવ્યવસ્થાના મૂળ સિદ્ધાન્તો ફરી તપાસવાની પ્રેરણા આપી, જેમાંથી જોહુકમી સામે સારું એવું સાહિત્ય સરજાયું.

આમાંથી રાજ્યની ઉત્પત્તિ પૂર્વેની નૈસર્ગિક પરિસ્થિતિની, સામાજિક કરારની, કાનૂનો પાછળ રહેલી અમલબજાવણી માટેની સત્તાની, પ્રજાના સ્વાતંત્ર્યની અને બળવો કરવાના હકની, તથા અંતરાત્માના અવાજ પ્રમાણે જીવન જીવવાના અધિકારની ભાવનાઓ જન્મી. આ વિચારવિકાસમાં હૉબ્ઝ, લૉક અને રૂસોના વિચારોનું ખાસ પ્રદાન રહ્યું છે.



**ટૉમસ હૉબ્સ**

તેના સુપ્રસિદ્ધ પુસ્તક 'લેવિયાથન'ની ઈ. સ. ૧૬૫૧માં પ્રકાશિત પ્રથમ આવૃત્તિના મુખપૃષ્ઠ સાથે

## વ્યક્તિવાદના પાયા પર આપખુદવાદ

**ટૉમસ હૉબ્સ**

સત્તરમી સદીની શરૂઆતમાં પશ્ચિમ યુરોપના ઈતિહાસમાં લોકશાહીના અંકુરો પાછા ફૂટયા. ઈંગ્લંડના સમૃદ્ધ મધ્યમવર્ગના વેપારીઓ રાજ્યના ખર્ચા ઉપર અંકુશ રાખવા માગતા હતા. આગળ જોયું તેમ ઉમરાવ-શાહીનો અંત આવવા માંડયો હતો અને રાજાની આપખુદ સત્તાને પડકારનાર બીજો કોઈ વર્ગ રહ્યો ન હતો. આથી રાજાના સચિવોના હાથમાં રાજ્યનો બધો કારભાર ગયો હતો. હવે આનો પ્રતિકાર જાગ્યો હતો. ઈંગ્લંડમાં વેપારી વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતી પાર્લમેન્ટ અને સ્ટુઅર્ટ રાજાઓ સામસામે મોરચે ઝૂઝતાં હતાં. રાજા અને પાર્લમેન્ટ વચ્ચેની સત્તા માટેની આ હરીફાઈમાં આર્થિક ઉપરાંત સાંસ્કૃતિક પ્રશ્નો પણ કારણભૂત બન્યા. રાજાઓ ઈશ્વરે બક્ષેલા અધિકારની રૂએ રાજ્ય કરે છે એ માન્યતાને પડકાર થયો; અને તેમાંથી લોકશાહીની પ્રથાને અનુમોદન આપતા વિચારો ધીમે ધીમે પાછા પ્રગટ થવા લાગ્યા. જોકે, 'લોકશાહી' શબ્દ હજી પ્રતિષ્ઠા પામ્યો ન હતો, પણ એક વાર રાજાના હકોની આધારશિલાની ચકાસણી શરૂ થાય એટલે પણ રાજા પોતાનાં કાર્યો અને નીતિઓ અંગે કોને જવાબદાર છે એ સવાલ આવીને ઊભો રહે અને એમાં પ્રજામતના સાર્વ-ભૌમત્વની ભાવના પ્રસ્તુત થાય એ સહજ જ હતું.

આ યુગના રાજકીય વિચારોની પરંપરા હૉબ્ઝ(ઈ. સ. ૧૫૮૮–૧૬૭૯)ના વખતથી શરૂ થયેલી માનવામાં આવે છે. એના 'લેવિયાથન' નામના પુસ્તકમાં પ્રજાએ કોઈ પણ જાતના વિરોધ કે શંકા ઉઠાવ્યા વગર રાજ્યસત્તાને સંપૂર્ણ તાબે થવું જોઈએ તેવી તર્કસરણી રજૂ કરવામાં આવી છે. આ સવાલ જેમ્સ પહેલા અને ચાર્લ્સ પહેલા સામે બ્રિટનની સંસદે ચલાવેલી ઝુંબેશમાંથી ઊઠયો હતો. સંસદના સભ્યો રાજાનાં કાર્યો અને નીતિ ઉપર ચર્ચા કરવા માગતા હતા અને તેમને માન્ય હોય તે રીતે રાજ્યનો કારભાર ચાલે તો જ તેઓ કરવેરાને મંજૂરી આપવા તૈયાર હતા. રાજ્યના કારભારમાં પ્રતિનિધિત્વ ન મળે તો કોઈ કરવેરા મંજૂર કરવા તેઓ તૈયાર નથી એવી સ્પષ્ટ જાહેરાત તેમણે કરી હતી. રાજાએ સંસદની આ માગણી મંજૂર કરવાની સાફ ના પાડી હતી અને નાછૂટકે જ સંસદની બેઠક બોલાવવાની નીતિ સ્વીકારી હતી. આ બધા વિચારસંઘર્ષની છણાવટ હૉબ્ઝે એના 'લેવિયાથન' નામના પુસ્તકમાં કરી છે.

હૉબ્ઝને ભૂમિતિનો ઘણો શોખ હતો અને એના રાજકીય વિચારોની રજૂઆત પણ એણે ભૂમિતિના પ્રમેયોની ઢબે જ કરી છે. એના સ્વયંસિદ્ધ સિદ્ધાન્તો મનુષ્યના સ્વભાવને લગતા છે. દરેક માણસમાં સત્તાની અનન્ત ભૂખ રહેલી છે જે કોઈ દિવસ સંતોષાતી નથી. આ એનો મુખ્ય સિદ્ધાન્ત છે અને પ્રોમિથિયસનો

દાખલો આપી એણે એ સિદ્ધાન્ત રજૂ કર્યો છે. પ્રોમિથિયસ રાતના જે શક્તિ મેળવતો તે વળતે દિવસે એના કાળજાને કોરીને ગીધડાંઓ ખાઈ જતાં. તે જ પ્રમાણે મનુષ્ય પણ સત્તાનાં વલખાંમાં પોતાની બધી જીવનશક્તિ ખર્ચી નાખે છે. સ્પર્ધા અને સંઘર્ષ દ્વારા આ સત્તા પ્રાપ્ત કરવા તે પ્રયત્ન કરે છે અને રાત-દિવસ એમાં જ રચ્યોપચ્યો રહે છે. પરંતુ તે સાથે આનન્દ ભોગવવાની અને આરામ કરવાની પણ એને ઇચ્છા છે. વળી, પોતાની જાતનું કોઈ પણ ભોગે રક્ષણ કરવું એ દરેક માણસનો નૈસર્ગિક ગુણ છે. મનુષ્યનો આ સ્વભાવ હોઈ પોતાનાં પરસ્પર વિરોધી માનસિક બળોના ઘર્ષણમાંથી મુક્તિ મેળવવા માટે એ રાજ્યસત્તાને વશ થાય છે. જો આવી કોઈ સત્તા ન હોય તો સત્તાની શોધમાં, ભાવિની ચિંતામાં, અરસપરસ અવિશ્વાસના વાતાવરણમાં માણસ સુખચેન પામી શકે જ નહીં, જીવનના સૂક્ષ્મ આનન્દોનો ઉપભોગ કરી શકે જ નહીં. પરિણામે માનવજીવન એકાકી, હીન, અકિંચન, પશુવત્ ને અલ્પાયુ બની જાય છે.

હૉબ્ઝ લોકશાહીના સમાનતાના સિદ્ધાન્તમાં માને છે — અલબત્ત, પોતાની રીતે! એનું મંતવ્ય છે કે કુદરતે તમામ માણસોને શારીરિક અને માનસિક શક્તિઓમાં સરખા જ બનાવ્યા છે. માણસ માણસ વચ્ચે શારીરિક અને માનસિક બાબતોમાં જે ભેદ દેખાય છે તે એને મન ગૌણ છે; એ એટલો મોટો નથી કે કોઈ એક માણસ બીજા ઉપર પોતાની શારીરિક કે માનસિક શક્તિના જોરે શાસન કરવાનો દાવો કરી શકે. પણ આ સમાનતામાંથી સામાજિક સંવાદ નીપજવાને બદલે એમાંથી કલહ પેદા થાય છે. બધા માણસો સરખા હોવાથી સમાન ધ્યેયો સિદ્ધ કરવાની આશા રાખે છે. જ્યારે કોઈ સાધ્ય વસ્તુનો ઉપયોગ એકથી વધારે માણસ કરી શકે એમ ન હોય ત્યારે તેને મેળવવા માટે સ્પર્ધા જામે છે; અને જ્યારે તે એકના હાથમાં જાય છે ત્યારે બીજા બધાને નિરાશ થવું પડે છે. આમાં કોઈ કોઈને દોષ દઈ શકે નહીં, કારણ પોતાની ઇચ્છાઓ સંતોષ-વાનો દરેકને સમાન અધિકાર છે. પરંતુ આવી સ્થિતિ લાંબો વખત ચાલી શકે નહીં એ દેખીતું છે.

એક વાર વ્યક્તિ અને સમાજ પરત્વે આ કલ્પના સ્વીકારી કે પછી હૉબ્ઝના સિદ્ધાન્તો તર્કશુદ્ધ દલીલો દ્વારા આપોઆપ સિદ્ધ થઈ જાય છે. દરેક મનુષ્ય સમાન છે, બુદ્ધિમત્તાનો દાવો કરવાનો બધાને સરખો હક છે, ઈશ્વરમાં શ્રદ્ધા રાખી બધા પોતે અંતરનો અવાજ સાંભળે છે એમ કહી શકે છે. છતાં, શું ન્યાયી છે અને શું અન્યાયી છે તે બાબતમાં તેઓ એકમત થઈ શકતા નથી. બીજી બાજુ, લોકશાહી કાનૂન દ્વારા ચાલતી રાજ્યવ્યવસ્થામાં માને છે. પણ આ કાનૂન કોણ ઘડે? મનુષ્યનો સ્વભાવ જો હૉબ્ઝે કલ્પ્યો છે તેવો હોય તો પછી કોઈ વ્યક્તિ કે સમૂહને આવા કાનૂનો ઘડવાનો અધિકાર નથી. અને કાનૂન વગર તો સામાજિક જીવન સંભવે નહીં. આથી હૉબ્ઝના મતે બીજી એ પણ કલ્પના કરવી રહી કે બધા મનુષ્યો એક કરાર દ્વારા કાનૂન ઘડવાની એટલે કે પોતે પોતાના પર હકૂમત ચલાવવાની સત્તા શાસકોને સોંપે છે. જોકે આવા કરારો ભૂતકાળમાં થયા છે એમ માનવાની જરૂર નથી. વર્તમાનમાં એવા કરારો કરવાની પણ જરૂર નથી. આવા કરારો દ્વારા બધા મનુષ્યોએ સ્વેચ્છાએ કાનૂન ઘડવાની સત્તા શાસકોને સોંપી છે એમ માનવું બસ છે. આવી કલ્પના દ્વારા જ મનુષ્યની સમાનતા અને કાનૂન દ્વારા શાસનના સિદ્ધાન્તો વચ્ચે સમન્વય સાધી શકાય એમ છે. આ કરાર પ્રમાણે દરેક મનુષ્ય સારાનરસાનો, ન્યાયઅન્યાયનો, કાનૂની અને ગેરકાનૂની વર્તનનો નિર્ણય કરવાનો અધિકાર શાસકને સોંપી દે છે અને પછી શાસકના નિર્ણયોને તાબે થવાની બાંયધરી પણ આપી દે છે. હૉબ્ઝની તર્કસરણી બહુ સ્પષ્ટ છે. નૈસર્ગિક નિયમો પ્રમાણે દરેક વસ્તુ પર બધાનો સમાન અધિકાર હોવાથી — અને છતાં, કેવળ એ જ આધાર પર સામાજિક જીવન શક્ય ન હોવાથી — શાસક જેનો જેના પર અધિકાર ગણે તે બધાએ સરખી રીતે માન્ય કરવાની જરૂરિયાત આપોઆપ ઊભી થાય છે. આથી શાસક જેને એ અધિકાર આપે તેના ઉપભોગની વચ્ચે ન આવવાની બીજા બધાની ફરજ થઈ પડે છે. આમ જેને અધિકાર મળ્યો તેને તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા મળી જાય છે, કારણ બીજાઓ આ ઉપભોગના માર્ગમાંથી ખસી જાય છે.

આ રીતે ન્યાયભાવના પણ નિર્ણીત થઈ જાય છે. આપણે જે કરાર કર્યા છે તે ન તોડવામાં આપણે ન્યાયથી વર્તીએ છીએ. આ કરાર એક વાર કર્યા પછી કોઈ પણ કારણસર પાછા ખેંચી શકાતા નથી. એટલે શાસક શુદ્ધ ચારિત્ર્યવાન છે કે નથી એ પ્રશ્ન ઊભો થતો નથી. એનું શાસન સ્વીકારવા આપણે સ્વેચ્છાથી બંધાયેલા જ છીએ.

આ સિદ્ધાન્તો માન્ય કર્યા પછી પ્રજામતથી ચાલતા શાસનની આખી કલ્પના બદલાઈ જાય છે. હવે શાસન પર રોજબરોજની ચાંપતી નજર રાખવાની લોકશાહીની ભાવના અતાર્કિક બની જાય છે. છતાં, એની સત્તા પ્રજામત ઉપર જ આધારિત છે; કારણ, હૉબ્ઝની દલીલ પ્રમાણે તો, લોકોએ સ્વેચ્છાએ રાજ્યને પોતાની મુનસફીએ શાસન ચલાવવાનો અધિકાર આપ્યો છે. આ અધિકારની રૂએ રાજ્ય કાયદાઓ ઘડે છે, લોકોના હકો નક્કી કરે છે, મિલકત વિશેના કાનૂનો ઘડે છે. જે આ કાયદા પ્રમાણે જીવન જીવે તે ન્યાયી જીવન જીવતો ગણાય, જે કાનૂનોનો ભંગ કરે તે અન્યાયથી વર્તતો ગણાય અને સજાને પાત્ર બને. યુદ્ધ અને શાન્તિના નિર્ણયો બાબત રાજ્ય જ કુલમુખત્યાર છે. રાજ્યના આ અધિકારોમાં કોઈ ભાગ પડાવી શકે નહીં. રાજ્યને અધિકાર સોંપ્યા પછી, પ્રજાના અધિકારો હંમેશ માટે ખતમ થઈ જાય છે. છતાં આ અધિકાર એણે સ્વેચ્છાએ આપેલા હોઈ લોકોની સ્વતંત્રતા કાયમ રહે છે : આ સ્વતંત્રતાનો આવિર્ભાવ હવે રાજ્યના હુકમોને તાબે થવામાં થાય છે. લોકોના હકો એથી જ સુરક્ષિત બને છે. આમ, રાજ્યની આપખુદ સત્તા અને લોકોની સ્વતંત્રતા વચ્ચે સુમેળ સધાઈ જાય છે, એવું હૉબ્ઝ પ્રતિપાદન કરે છે. અલબત્ત જે બાબતમાં રાજ્યના કોઈ કાનૂનો નથી તેમાં લોકો પોતાની સ્વેચ્છાએ વર્તવાને સ્વતંત્ર છે, એમ તે ઉમેરે છે! બીજા શબ્દોમાં, નાગરિકો મુક્ત છે તે તો એ જ ક્ષેત્રમાં કે જ્યાં કોઈ કાનૂની નિયમનો આડે નથી આવતાં. હાલની પરિભાષામાં આ વલણને આપણે સ્વાધીનતાના નકારાત્મક ખ્યાલ તરીકે ઓળખાવી શકીએ. પણ હૉબ્ઝના વલણમાં નકારાત્મક સ્વાધીનતાનો અણસાર આવે છે એટલું કબૂલતાં તો આપણે ઉદારમતવાદી પરંપરાના વિચારકોની હારોહાર એનું સ્થાન સ્વીકારવું પડશે. આપખુદવાદના એ ઉદ્‌ગાતાએ પ્રજાજનની સ્વાધીનતાનો ઠીક ઠીક મોકળે મને સ્વીકાર કર્યો જણાય છે. એ લખે છે તે પ્રમાણે તો નાગરિકને 'ખરીદ, વેચાણ, કરાર, વસવાટ, વ્યવસાય, બાલશિક્ષણ આદિ બાબતોમાં' પસંદગીની પૂરી તક હોવી જોઈએ. કુદરતી અવસ્થાનો અસ્વીકાર કરવાનું કારણ જ એ છે કે એમાં આવી તકો નથી. શાસનવ્યવસ્થાની નિર્મિતિ જ આવી તકો પૂરી પાડી શકે. આવી તકો કહેતાં અધિકારોના સંદર્ભમાં શાસનની આવશ્યકતા સંબંધે હૉબ્ઝ ઊહાપોહ કરે છે.

આ રાજ્ય રાજાશાહી જ હોવું જોઈએ એમ નથી. તે સંસદીય (પાર્લમેન્ટરી) રાજ્ય પણ હોઈ શકે. જ્યાં સંસદીય પ્રથા હોય ત્યાં લોકો સંસદના કાનૂનો માનવા બંધાયેલા છે. કાનૂન પ્રમાણે સંસદની ચૂંટણીઓ થઈ શકે; પણ એક વાર ચૂંટણી થઈ અને સંસદને સાર્વભૌમ સત્તા સોંપાઈ તે પછી તેના કાયદાને પડકારી ન શકાય. એ કાયદાઓમાં ફેરફાર કરવાનો અધિકાર માત્ર સંસદને જ છે. આ રીતે હૉબ્ઝ આપખુદ સત્તાનો હિમાયતી નથી, પણ કાનૂન પ્રમાણે રાજ્યવ્યવસ્થા ચાલે એવો એનો અનુરોધ છે. હૉબ્ઝની તર્કસરણીના પાયાઓ ભલે ઢીલા હોય, એણે સ્વયંસિદ્ધ માનેલા સિદ્ધાન્તો માનવ સ્વભાવને ભલે અન્યાય કરનારા હોય, તોપણ એણે જે તારતમ્યો કાઢ્યાં છે તે લોકશાહીની ભાવનાના પોષક બની શકે. સંસદસભ્યો ચૂંટવાના અધિકાર દ્વારા શાસનને હંમેશ માટે આપી દીધેલી સત્તા ઉપર પણ લોકમત પ્રભાવ પાડી શકે છે — પણ તે સાર્વભૌમ સંસદના ઠરાવ દ્વારા જ. આમ હૉબ્ઝનો આશય રાજ્યની સત્તાને પડકારતાં તત્ત્વોનો વિરોધ કરવાનો છે. આ તત્ત્વોમાં એ જમાનામાં ધાર્મિક સંસ્થાઓ મોખરે હતી; સંસદ પણ રાજાનો વિરોધ કરતી હતી. 'લેવિયાથન' પુસ્તકના એક આખા ખંડમાં એણે ધર્મની સત્તાની છણાવટ કરી છે. ખ્રિસ્તી ધર્મમાં વાડા પડી ગયા હતા અને બાઈબલના જુદા જુદા અર્થો ઘટાવાતા હતા તેનો લાભ લઈ ધર્મ એ વ્યક્તિનો અંગત સવાલ છે એ વાત પર એણે ભાર મૂક્યો. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધમાં ધર્મનું શાસન છે તે નક્કી કર-

વાની સત્તા પણ એણે રાજ્યને જ આપી. ધર્મનાં જે શાસનો રાજ્ય કાયદાથી સ્વીકારે તે જ લોકોને તેમના સામાજિક જીવનમાં બંધનકર્તા, બીજાં નહીં, એવો એણે નિષ્કર્ષ કાઢ્યો. આમાં કોઈ વ્યક્તિ પોતાના અંતરાત્માને અન્યાય કરતી નથી; કારણ એના અવાજની વિરુદ્ધ પણ જો એને આચરણ કરવાની ફરજ પાડવામાં આવે તો તેની જવાબદારી રાજ્યની છે, વ્યક્તિની નહીં. આથી વિરુદ્ધ વ્યક્તિને પોતાના અંતરાત્મા પ્રમાણે સામાજિક આચરણ કરવાની છૂટ આપવામાં આવે તો તેથી અંધાધૂંધી જ ફેલાય.

રાજાના સાર્વભૌમ હકો ઉપર નિયંત્રણ મૂકવાના સંસદના દાવાનો પણ હૉબ્ઝે વિરોધ કર્યો છે, તેનું કારણ એ નથી કે એ લોકશાહીનો વિરોધી હતો. એની તર્કસરણી પાછળ મુખ્ય દલીલ એ છે કે કાયદા પ્રમાણે સંસદના હાથમાં સાર્વભૌમ સત્તા ન હોઈ એના કાનૂનો સાર્વભૌમ શાસક (રાજા) સ્વીકારે તો જ તે લોકોને બંધનકર્તા થઈ શકે. જો રાજા એ ન સ્વીકારે તો તેની સામે બળવો કરવાનો અધિકાર સંસદ કે લોકોને નથી. કારણ એવો અધિકાર આપવામાં અંધાધૂંધી ફેલાય. હૉબ્ઝની વિચારધારા પ્રમાણે સંસદના હાથમાં સાર્વભૌમ સત્તા હોય તો રાજા પણ એ સભાનો વિરોધ ન કરી શકે. અને જો કરે તો એ અંધાધૂંધી ફેલાવવાના દોષને પાત્ર ઠરે.

આમ, કેવળ સૈદ્ધાન્તિક દૃષ્ટિએ જોતાં હૉબ્ઝના વિચારોમાં લોકશાહીને પોષતાં તત્ત્વો નથી તો લોકશાહી સ્થપાઈ ગયા પછી એનો વિરોધ કરનારાં તત્ત્વો પણ નથી. સવાલ એ છે કે રાજાશાહીમાંથી લોકશાહીમાં પરિવર્તન કેમ આણવું. રાજાશાહીને પડકાર કર્યા વગર એ બની શકે નહીં અને કોઈ રાજા સ્વેચ્છાએ પોતાના હકો જતા કરે નહીં. વળી કાનૂન, ન્યાય અને વ્યક્તિસ્વાતંત્ર્યની જે કલ્પનાઓ એણે આપી તે પણ લોકશાહીના સામાન્ય વિચારોને માન્ય નથી. આથી લોકશાહીના ઈતિહાસમાં હૉબ્ઝનું સ્થાન એક વિરોધકનું મનાય છે. આમ જેણે લોકશાહીનું સમર્થન કરવું હોય તેણે હૉબ્ઝના વિચારોના ખંડનથી શરૂઆત કરવી જોઈએ એવી પ્રણાલી છે. તે સાથે લોકશાહી હો કે રાજાશાહી હો, કોઈ પણ સામાજિક વ્યવસ્થા કાનૂન પ્રમાણે ચાલવી જોઈએ એ સિદ્ધાન્તનો આગ્રહ બધી રાજ્યપ્રથાઓનો છે, કારણ કે નહીં તો રાજ્યવ્યવસ્થા રહે નહીં અને અંધાધૂંધી જ ફેલાય. વળી હૉબ્ઝના મતે રાજ્યની આજ્ઞાનું ઉલ્લંઘન, કરારના સંદર્ભમાં, તર્કવિરોધી છે; અને ઉલ્લંઘનનું પરિણામ લાગતીવળગતી વ્યક્તિના કારાવાસમાં જ આવવાની વકી છે તે જોતાં એ ડહાપણ વિનાનું પગલું પણ છે.

અલબત્ત, આ ન્યાય માત્ર સામાન્ય પરિસ્થિતિમાં યોગ્ય ગણાય છે; પણ જ્યારે અસામાન્ય પરિસ્થિતિ ઊભી થાય ત્યારે કટોકટીમાંથી ઊગરવા રાજ્યશાસનને પડકારવાની જરૂરિયાત ઊભી થાય છે. આ જરૂરિયાત હૉબ્ઝના વિચારોમાં સ્વીકારાતી નથી. આથી હૉબ્ઝના મતે રાજ્યપરિવર્તનના પ્રસંગે સિદ્ધાન્તો પર નહીં પણ બળ પર જ આધાર રાખવાનો રહે છે. આથી સફળ બળવો ક્રાન્તિ ગણાય છે, જ્યારે અસફળ બળવો નિન્દાને પાત્ર ઠરે છે! વાસ્તવમાં આ પ્રકારનો પરિવર્તન-ન્યાય પ્રવર્તતો હોય છે પણ એને સિદ્ધાન્તનું સ્વરૂપ આપવા જતાં સમાજવ્યવસ્થા દૃઢ થવાને બદલે નિર્બળ થવાની શક્યતા વિશેષ રહે છે. ક્યારે બળવો યોગ્ય ગણાય અને ક્યારે નહીં તે વિશેનું માર્ગદર્શન હૉબ્ઝના વિચારોમાંથી મળતું નથી.



# રક્તવિહીન ક્રાન્તિ — બંધારણીય લોકશાહી

**જૉન લૉક**

હૉબ્ઝનો સમય આંતરવિગ્રહનો હતો. રાજા અને પાર્લમેન્ટ વચ્ચેના સત્તાસંઘર્ષે ઇંગ્લંડનું જીવન એવું ડહોળી નાખ્યું કે લોકોએ છેવટે ક્રૉમવેલની સરમુખત્યારી પણ, એક તબક્કે તો, નભાવી લીધી. સતત સંઘર્ષ-નાં માઠાં પરિણામોએ અંગ્રેજ માનસને સમાધાનપ્રિય બનાવી દીધું અને કોઈ પણ વિચારને છેક છેડા લગી પહોંચાડવાના વલણમાંથી વાર્યું. ક્રૉમવેલ બાદ રાજાશાહીની પુનઃપ્રતિષ્ઠાના યુગમાં જેમ્સ બીજાના જોરજુલમથી ત્રાસેલી પ્રજા પરિવર્તન ઝંખતી હતી. પણ હજુ ક્રૉમવેલનાં સ્મરણો તાજાં હતાં — સંઘર્ષના દોરમાં કોક ક્રૉમ-વેલ ચડી બેસે તો? રાજાશાહીની અવેજીમાં સરમુખત્યારશાહી જ આવવાની હોય તો એનો અર્થ પણ શો? જેમ્સ બીજાની પકડમાંથી છૂટવાનો કોઈ બંધારણીય રાહ નહોતો, ક્રાન્તિ અનિવાર્ય હતી. પણ પરિવર્તનની પ્રક્રિયા એવી સૂઝ, શીઘ્રતા ને શાણપણથી પાર પાડવાની હતી કે એ દરમ્યાન સરમુખત્યારી તત્ત્વોને લગીરે તક ન મળે. સમાધાનશીલ ને વ્યવહારડાહ્યા અંગ્રેજ માનસે એનો તોડ આમ કાઢ્યો: રાજાશાહી ખરી, પણ રાજાની સત્તા ઘટતી જતી — ઉત્તરોત્તર વધતી જતી સત્તા પાર્લમેન્ટની! ઇતિહાસમાં જેને ૧૬૮૮ની 'રક્ત-વિહીન ક્રાન્તિ' કહે છે તે આ રાહે થઈ હતી [જુઓ 'વિશ્વદર્શન–૧ : ક્રાન્તિ', પૃ. ૫–૨૪].

રક્તવિહીન ક્રાન્તિના આ માનસને વાચા મળી જૉન લૉક (ઈ. સ. ૧૬૩૨–૧૭૦૪) દ્વારા. નૈસર્ગિક અવસ્થામાં એટલે કે રાજ્યશાસનવિહોણા સમાજમાં મનુષ્યજીવન કેવું હોઈ શકે એ વિશેના હૉબ્ઝના ખ્યાલોને જૉન લૉકે પડકાર્યા હતા. કુદરતી અવસ્થામાં મનુષ્યને નીતિમત્તાનાં કોઈ બંધન હોતાં નથી, એ હૉબ્ઝની માન્યતા સામે તત્કાળ વિરોધના સૂરો ઊઠ્યા હતા. જૉન લૉકે એમાં પોતાનો સૂર પુરાવ્યો હતો.

કુદરતી અવસ્થામાં પણ દરેક વ્યક્તિ પોતાની નીતિમત્તાની ભાવનાના અંકુશ હેઠળ હોય જ છે એ વાત ગ્રીક ફિલસૂફોના સમયથી રજૂ થતી આવી હતી. ખાસ કરીને સ્ટોઈક ફિલસૂફીના પ્રણેતાઓએ એવો સિદ્ધાન્ત પ્રસ્તુત કર્યો હતો કે એક સાર્વત્રિક નીતિની ભાવના સમસ્ત માનવજાતને આવરી લે છે અને એનાં મૂળ મનુષ્યની બુદ્ધિમાં છે. આ બુદ્ધિ પર રચાયેલી નીતિમત્તાના આધાર ઉપર સામાજિક કાનૂનો ઘડાવા જોઈએ. આ વાત રોમના કાયદાશાસ્ત્રીઓએ સ્વીકારી હતી, કાયદા પ્રમાણે ચાલતા શાસનની તેમની ભાવના આ સિદ્ધાન્ત પર જ આધારિત હતી. ત્યાર પછી ખ્રિસ્તી ધર્મગુરુઓએ એ ભાવનાને નવો પલટો આપ્યો. એમણે ભારપૂર્વક કહ્યું કે બાઈબલમાં જે સિદ્ધાન્તો પ્રતિપાદિત કરવામાં આવ્યા છે અને ખ્રિસ્તી ધર્મતંત્રના અગ્રણીઓ એનો જે અર્થ ઘટાવે છે તે જ મનુષ્ય સ્વભાવના સ્વરૂપનો નિર્ણય આપી શકે, એની ફરજો નક્કી કરી શકે. જો શાસન આ કાયદાઓનું ઉલ્લંઘન કરે તો તેને સત્તા પરથી દૂર કરવાનો પ્રજાને અધિકાર છે. બાદ, શાસન દ્વારા નવા નવા કાનૂનો આવતા ગયા અને ન્યાયાલયો બુદ્ધિ, પ્રણાલી ને ધાર્મિક માન્યતાઓ ઉપર રચાયેલી ન્યાયભાવનાના આધારે નહીં, પણ શાસનપ્રણીત કાનૂનો પ્રમાણે ન્યાય આપવા લાગ્યાં અને એ પરિસ્થિતિને આધારે જ હૉબ્ઝે પોતાના વિચારો રજૂ કર્યા. પણ એથી નીતિની ભાવના જેવું કંઈ છે જ નહીં એ માન્યતાને સમર્થન મળતું નથી એ વાત પર લૉકે ભાર મૂક્યો. ન્યાયાલયો ભલે કાનૂન પ્રમાણે ન્યાય આપે, પણ એની પાછળ નીતિની ભાવના સીધી કે આડકતરી રીતે કામ કરતી જ હોય છે. હા, કાનૂનો

કે અન્ય ગ્રંથોમાંથી આ નીતિના સિદ્ધાન્તો નહીં મળે. એને શોધવા હોય તો મનુષ્યના અંતરમાં પ્રવેશ કરવો પડશે. ત્યાંથી એવા સિદ્ધાન્તો સાંપડશે જે શાસકો, ન્યાયાલયો અને પ્રજાને એકસરખા બંધનકર્તા હોય.

આમ, લૉકના મતે નૈસર્ગિક પરિસ્થિતિમાં પણ મનુષ્યના અન્તઃકરણમાં નૈતિક સિદ્ધાન્તોનાં બંધન છુપાયેલાં હોય છે જ. એટલે જ્યારે નૈસર્ગિક દશા છોડી મનુષ્ય રાજ્યશાસિત સમાજમાં પ્રવેશે છે ત્યારે પણ આ સિદ્ધાન્તો નક્કી કરવાની જવાબદારી એ રાજ્યના શાસકો પર છોડી દેતો નથી. પણ એ અધિકાર એ પોતાની પાસે જ રાખે છે. જ્યારે લોકોને એમ લાગે કે રાજ્યનું શાસન એમણે સ્વીકારેલી નીતિના સિદ્ધાન્તો-ની વિરુદ્ધ જઈ રહ્યું છે, ત્યારે એની સામે બળવો કરવાનો એમને અધિકાર છે. આપણે આગળ જોયું તેમ આવો એક શાન્ત બળવો બ્રિટનની પ્રજાએ ૧૬૮૮માં કર્યો હતો અને એ 'રક્તવિહીન ક્રાન્તિ'ને લૉકનું પૂરું સમર્થન હતું. એના સમર્થનમાં એણે કરેલી દલીલોમાં કેટલીક વાર સંદિગ્ધતા દેખાય છે અને તેથી લૉકનાં લખાણોના પરસ્પર વિરોધી અર્થો પણ ઘટાવાયા છે. પણ સમગ્ર દૃષ્ટિએ વિચાર કરતાં ૧૬૮૮માં જે જાતની સંસદીય વ્યવસ્થા બ્રિટનમાં શરૂ થઈ તે એને માન્ય હતી અને તેની યોગ્યતા કેટલાક સ્થાયી સિદ્ધાન્તો દ્વારા એ સિદ્ધ કરવા માગતો હતો એ સ્પષ્ટ છે. આ સિદ્ધાન્તો જે શાસ્ત્રીય પરિભાષામાં રજૂ થવા જોઈએ અને એની પાછળ જે કડીબદ્ધ તાર્કિક વિચારસરણી જોઈએ તે એનાં લખાણોમાં મળતી નથી એટલું જ દોષારોપણ લૉક ઉપર વાજબી રીતે થઈ શકે એમ છે.

કુદરતી નિયમોના આધારે લૉકે વ્યક્તિવાદનું સમર્થન કર્યું છે એમ સાધારણપણે મનાય છે — જોકે આની સામે દલીલો પણ કરવામાં આવી છે. એ બધી ચર્ચામાં ન ઊતરીએ તોપણ એમ તો જરૂર કહી શકાય કે પ્રજાના સ્વાતંત્ર્યનો એ હિમાયતી હતો. રાજાશાહી ઉપર એ સંસદનો અંકુશ ચાહતો હતો. વળી, લોકોને મળેલા પ્રણાલિકાગત હકો રાજાએ સ્વીકારવા જોઈએ અને એના પર આક્રમણ ન કરવું જોઈએ; કાયદાની મર્યાદામાં રહીને વ્યક્તિને પોતાનું જીવન જીવવાનો અધિકાર હોવો જોઈએ, આ કાયદા સંસદની બહુમતીની ઈચ્છા પ્રમાણે નક્કી થવા જોઈએ એમ પણ એ માનતો.

પણ આ બહુમતીના શાસનનો બચાવ કરવામાં એણે ઘણા પેચીદા સવાલો તરફ આંખ આડા કાન કર્યા હોવાથી લોકશાહીની આ એક મૂલ્યવાન સમસ્યા ઉપર એનાં લખાણોમાંથી જોઈએ એટલો પ્રકાશ મળતો નથી. સમષ્ટિના હિતની કસોટી પર કાનૂનોની યોગ્યતા નિર્ણીત થવી જોઈએ એવો એનો એકંદર મત જણાય છે. આથી આવા કાનૂનો કોઈના સ્વાતંત્ર્યને અવરોધતા નથી, પણ બુદ્ધિપ્રધાન મનુષ્યને પોતાનાં હિતોનું સંરક્ષણ કરવાની સ્વતંત્રતા બક્ષી સમષ્ટિનું હિત પણ સાધે છે. કુદરતી નિયમો પ્રમાણે મનુષ્યમાત્રને પોતાનું રક્ષણ કરવાનો તથા શાંતિનો ભંગ કરનારને શિક્ષા કરવાનો અધિકાર છે. એટલે બહુમતીએ ઘડેલા કાયદાને સમષ્ટિના હિત તથા એની શાન્તિ માટે માન્ય કરવામાં લઘુમતીની સ્વતંત્રતા હણાતી નથી એમ એ સિદ્ધ કરવા માગે છે. પણ બહુમતી નક્કી કરે તે જ નિયમોથી સમષ્ટિનું કલ્યાણ સાધી શકાય એ સિદ્ધાન્ત ત્યારે જ માન્ય થઈ શકે કે જ્યારે આપણે એમ પણ સ્વીકારીએ કે વ્યક્તિનાં હિતોના સરવાળામાં સમષ્ટિના હિતનું ચિત્ર મળી રહે છે. આમ હોય તો સમાજની બહુમતી કોઈ નિયમ નક્કી કરે તેથી સમષ્ટિના હિતના રક્ષણનો ઉદ્દેશ આપોઆપ સધાઈ જાય છે. પણ લૉકના લખાણમાં એવા ઘણા ફકરા છે, જે પરથી વ્યક્તિનાં હિતો અને સમષ્ટિનાં હિતો વચ્ચે ભેદ છે અને વ્યક્તિનાં હિતોના સમૂહમાં સામૂહિક હિત સમાયેલું નથી એ વાતનો એને ખ્યાલ હોય એમ લાગે છે. પરંતુ એક વાર આ ખ્યાલ સ્વીકારીએ એટલે બહુમતીના શાસનના પાયા નબળા પડે છે અને લઘુમતીની વિચાર-પરિપાટી અને માન્યતાઓ પણ સમષ્ટિના કલ્યાણની દ્યોતક હોઈ શકે એ સંભાવના સ્વીકારવી પડે છે.

આ વિષયમાં લૉકની રજૂઆત સ્પષ્ટ ન હોવા છતાં સમાજ ધારાસભાઓને કાયદાઓ ઘડી કાઢવાનો જે અધિકાર આપે છે તે સમષ્ટિનું હિત સાધવાના ઉદ્દેશ માટે જ વાપરી શકાય. જો આ મર્યાદાનું ધારાસભાઓ

મારફત ઉલ્લંઘન કરવામાં આવે તો લોકોને બળવો કરવાનો હક છે એ વાત લૉકને માન્ય છે, એમ એનાં લખાણોમાથી તરી આવે છે. આથી જ્યારે ધારાસભાઓ સમષ્ટિના હિતમાં જ કામ કરી રહી છે એ વાત નિર્વિવાદ હોય ત્યારે કાનૂનોને માન આપવા લોકો બંધાયેલા છે પણ જ્યારે આ જ સવાલ ચર્ચાનો વિષય બની જાય ત્યારે માત્ર શાસને પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે એટલા જ ઉપરથી લોકો એને અબાધિત કાનૂન માની એને તાબે થવા બંધાયેલા રહેતા નથી. આ પ્રકારના વલણથી બળવાને ઉત્તેજન મળશે એમ લૉક માનતો નથી, કારણ જ્યારે પ્રજાના મોટા ભાગનો ધારાસભાઓમાંથી વિશ્વાસ ઊઠી જાય અને રાજ્યનાં શાસનો એને અકળાવી મૂકે ત્યારે જ સમષ્ટિના હિતનો સવાલ આગળ આવે છે એમ એ માને છે.

સમષ્ટિના હિતની મર્યાદા આંકી લૉક રાજ્યના વિશેષાધિકારોને તેમ જ નાગરિકોના હકોને સીમિત કરે છે. વ્યક્તિના તે જ હકો માન્ય થઈ શકે જે સમષ્ટિના હિતની આડે ન આવતા હોય. સવાલ એ છે કે આ હિત કોણ નક્કી કરે? આનો જવાબ એ જ હોઈ શકે કે સ્થાપિત સરકાર. જે સરકારનું શાસન ચાલતું હોય અને જેની સામે બહુમતી બળવો કરવા ન પ્રેરાય તેણે અર્થાત્ સ્થાપિત સરકારે ઘડેલા કાનૂનો વ્યક્તિ અને સમાજ બેઉનાં હિતો સાધી શકે. સત્તરમી સદીના ઇંગ્લંડની આ માન્યતા હતી અને લૉકે એને સ્વીકારી છે. એ રીતે, લોકશાહીમાં પ્રજાની મંજૂરીથી જ સરકાર રાજ્ય કરે છે એ સિદ્ધાન્તને પણ લૉકની વિચારસરણીમાં સ્વીકૃતિ મળે છે. આ મંજૂરીની સ્પષ્ટ વ્યાખ્યા લૉકે આપી નથી. પહેલાં કદાચ સર્વાનુમતે જ આવી મંજૂરી મળતી હશે, પણ સંસદ પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતી હોઈ એની મંજૂરી હોય ત્યાં સુધી સરકારનું શાસન યથાયોગ્ય ગણી શકાય એવી સમજ વખત જતાં ખીલી. આમ પ્રતિનિધિત્વના સિદ્ધાન્તના સ્વીકારથી દરેક વ્યક્તિની દર વખતે મંજૂરી મેળવવાની જરૂર રહી નહીં એટલું જ નહીં પણ સંસદ સ્પષ્ટ રીતે પોતાની મંજૂરી ખેંચી ન લે ત્યાં સુધી સરકારને પ્રજાના પ્રતિનિધિઓની પણ મંજૂરી મળેલી જ છે એમ ગણી શકાય. આમ, સંસદનું વર્ચસ સ્વીકારવાથી પ્રજા અને સમાજનાં હિતો વચ્ચેનો વિરોધ દૂર કરી શકાય. આમાં વ્યક્તિઓના અબાધિત હકોનો સ્વીકાર થતો નથી. પણ એવો સ્વીકાર કરવા જતાં કોઈ શાસન જ શક્ય ન બને, એટલે એ દોષ લૉકના સિદ્ધાન્તને લાગુ પાડવાનું યોગ્ય ન ગણાય. સંસદના હાથમાં સરકારની આખરી સત્તા નક્કી કરવાનો હક આપવાથી શાસિત સમાજમાં વ્યક્તિના હિતની વધુમાં વધુ રક્ષા શક્ય બને છે. આમ પરાપૂર્વથી ચાલી આવેલા અધિકારની રૂએ રાજ્ય શાસન ચલાવે છે. જો એ રાજ્ય પ્રજાના મોટા ભાગને નાપસંદ હોય એવી નીતિ સતત ચાલુ રાખે તો પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસદ દ્વારા એ રાજ્યમાં પરિવર્તન કરી શકાય છે. આમ, આપખુદ સત્તાનો અન્ત લાવી શકાય અને પ્રજાના મોટા ભાગની માન્યતાને આધારે શાસન ચાલે એની ખાતરી કરી શકાય. એ બધું છતાં એ શાસનની સત્તાનો આધાર તો ભૂતકાળમાં જ્યારે શાસિત સમાજની શરૂઆત થઈ ત્યારે પ્રજાએ સ્વેચ્છાએ કેટલાક હકો સામાજિક કરાર દ્વારા શાસનને સોંપી દીધા છે એ સિદ્ધાન્ત પર જ રહે છે! આવા કરારો સ્પષ્ટ કે ગર્ભિત રીતે ભૂતકાળમાં થયા હતા એમ લૉક માનતો જણાય છે.

આમ, લૉકની સ્વીકૃત રાજ્યવ્યવસ્થામાં સંસદનું વર્ચસ છે અને આખરી સાર્વભૌમ સત્તા પણ એના હાથમાં છે એમ કહી શકાય. પણ આ સંસદ અને આજની લોકશાહીને માન્ય સંસદમાં એક મોટો તફાવત છે; અને તે એ કે આ સંસદના પ્રતિનિધિઓ ચૂંટવાનો હક લૉક મિલકત ધરાવનારાઓને જ આપે છે. આનું કારણ એના વખતના ઇંગ્લંડના સમાજમાં જે માન્યતાઓ પ્રચલિત હતી તેમાં રહેલું છે. સત્તરમી સદીના ઇંગ્લંડમાં સામંતશાહીનો અંત આવ્યો હતો અને ધંધાદારી મહાજનો(ગિલ્ડ્ઝ)નું વર્ચસ પણ ઘટ્યું હતું. વેપારી મધ્યમવર્ગ ઊભો થયો હતો અને તેથી એવી માન્યતા દૃઢ થઈ હતી કે રાજ્યનું મુખ્ય કામ સંપત્તિનું રક્ષણ કરવાનું છે તથા દરેક માનવીનો પોતાના શ્રમે પ્રાપ્ત કરેલી સંપત્તિ પર નૈસર્ગિક અધિકાર છે. એના માલિકની મંજૂરી વગર રાજ્ય એ સંપત્તિમાં ભાગ ન પડાવી શકે. આ રીતે મિલકત ધરાવનારની

સંમતિથી જ શાસનને કર નાખવાનો અધિકાર મળી શકે. સંસદનું મુખ્ય કામ શાસનને વખતોવખત આવો અધિકાર આપવાનું છે. પરંતુ સંસદના સભ્યો મિલકત ન ધરાવનારાઓનું પણ પ્રતિનિધિત્વ ધરાવતા હોય તો બને કે મિલકત ધરાવનારાઓના પ્રતિનિધિઓની બહુમતી સંસદમાં ન હોય; અને તેથી તેમની સંમતિ વગર પણ સંસદ કરવેરા નાખવાની મંજૂરી આપી શકે. આમ મિલકત ધરાવનારાઓના નૈસર્ગિક હક ઉપર તરાપ પડે અને રાજ્ય વ્યક્તિની સંપત્તિનું રક્ષણ કરવાની ફરજ ચૂકે. આ વિચારથી પ્રેરાઈને લૉકે સંસદનું પ્રતિનિધિત્વ મિલકત ધરાવનારાઓ પૂરતું મર્યાદિત રાખ્યું. આમ આપખુદ સત્તાનો વિરોધ કરવામાં લૉક વ્યક્તિસ્વાતંત્ર્યનો અને ખાનગી મિલકતના રાજ્યપુરસ્કૃત હકનો હિમાયતી બન્યો.

લૉક કહે છે કે માણસમાત્ર સ્વશ્રમથી જે કંઈ પેદા કરે છે તેમાં તેને ખાનગી મિલકતનો અધિકાર મળે છે. આ વિધાન આજે લાગે છે તેટલું અવાસ્તવિક ઔદ્યોગિક ક્રાન્તિ પૂર્વે નહોતું લાગતું. ત્યારનું શહેરી ઉત્પાદન મોટે ભાગે હસ્તકલાકારો દ્વારા થતું — તેમની પાસે ઉત્પાદનનાં સ્વમાલિકીનાં સાધનો હતાં અને તેઓ પોતે જ પોતાની પેદાશ વેચતા. ખેતીની ચર્ચા કરતાં લૉક સરળતાપૂર્વક કહે છે કે એક માણસ પોતે ખેડી શકે તેટલી જમીનની માલિકી ભલે ધરાવે. અલબત્ત, લૉકે ખાનગી મિલકત વિશે અને અન્ય બાબતોમાંય જે કંઈ કહ્યું છે તે બધું હવે ઔદ્યોગિક ક્રાન્તિ પછીના કાળમાં યથાપૂર્વ સ્વીકાર્ય ન પણ રહે. લૉકના રાજકીય ચિંતનની ચર્ચા કરતાં રસેલ કહે છે કે 'વારસાગત રાજ્યાધિકાર નાબૂદ થઈ શકે, તો વારસાગત મિલકત કેમ નાબૂદ ન થાય?' મોટી પેઢીઓમાં આજે ગંજાવર મિલકત સંચિત થઈ છે, થઈ રહી છે. આવી કોઈ સમસ્યા લૉકકાલીન યુરોપ સામે ન હતી. આજે રાજ્યનો પ્રદેશ તે સમય કરતાં બહુ વિસ્તર્યો છે અને લોકશાસનની આધુનિક સમજ પણ રાજ્યના અનિયંત્રણવાદની અસલ જેવી હિમાયત કરવા પ્રેરે તેવી નથી. લૉકની વિચારણામાં એકાકી, સ્વતંત્ર નાગરિકનું જે સ્થાન હતું તે આજે જરૂરી લાગે તોયે વાસ્તવમાં તો નથી જ. આપણો જમાનો મોટાં સંગઠનો ને વિરાટકાય તંત્રોનો છે.

ખાનગી મિલકતનો અધિકાર, લૉકની સમગ્ર રજૂઆતમાં, વ્યક્તિસ્વાતંત્ર્યના પર્યાય જેટલું મહત્ત્વનું સ્થાન ધરાવે છે એ આપણે જોયું. લૉકે નિરૂપેલું રાજ્ય હૉબ્ઝની જેમ આપખુદશાહીમાં નથી પરિણમતું એનું એક કારણ એનો વ્યક્તિસ્વાતંત્ર્ય માટેનો આગ્રહ છે, તો બીજું મહત્ત્વનું કારણ રાજ્યના ઉદ્ભવ વિશેની બંનેની રજૂઆતમાં રહેલો ભેદ પણ છે. હૉબ્ઝની રજૂઆત સ્પષ્ટ છે: રાજ્યના ઉદ્ભવ પછી કાનૂન આવ્યો. લૉક કહેશે કે પૂર્વે પ્રવર્તતા કાનૂનના અમલ માટે રાજ્યનો ઉદ્ભવ થયો એટલું જ. પરિણામ? હૉબ્ઝના મતે કાનૂન જો રાજ્યનું સર્જન હોય તો છેવટે તે રાજ્યાધીન એટલે કે રાજ્યકર્તાધીન બની જાય છે. એનો અર્થ એ થયો કે કાનૂન રાજ્યના અધિકારક્ષેત્રમાં લાગુ પડે, પણ એના સર્જકને — રાજ્યને એ લાગુ ન પડે! એથી ઊલટું, લૉકનું રાજ્ય એના ઉદ્ભવ પૂર્વે પ્રવર્તતા કાનૂનો સ્વીકારવા બંધાયેલું હોઈ આપખુદ થઈ શકતું નથી.

---

અલબત્ત, ૧૬૮૮ની ક્રાન્તિથી ઇંગ્લંડમાં સંપૂર્ણ લોકશાહી સ્થપાઈ એમ માનવું ભૂલભરેલું ગણાશે. એ પ્રકારની અપેક્ષા રાખવી તે પણ વધારે પડતું ગણાય. સત્તરમી સદીનો ઇંગ્લંડનો સમાજ મુખ્યત્વે ખેતીપ્રધાન હતો અને સામંતશાહીની સમાજ ઉપરની પકડ મજબૂત હતી. સમાજના ઉચ્ચવર્ગ સિવાયના લોકોને રાજકારણમાં હજી સ્થાન ન હતું. . . . જે લોકો જમીનની માલિકી ધરાવતા હતા તથા જે વેપારવાણિજ્યના કારણે મધ્યમ વર્ગ તરીકે આગળ આવી રહ્યા હતા તેઓ આ ક્રાન્તિના ચાલક બળ તરીકે કામ કરી રહ્યા હતા. . . . આ સમય દરમિયાન પ્રસિદ્ધ થયેલું જૉન લૉકનું પુસ્તક 'ધ સેકન્ડ ટ્રિટાઇઝ ઑન ગવર્નમેન્ટ' પણ આ ઉચ્ચ વર્ગના લોકોની ફિલસૂફીને જ વાચા આપતું હતું.

['વિશ્વ દર્શન–૧ : ક્રાન્તિ', પૃ. ૨૨]



મૉન્તેસ્ક

# પરંપરાપ્રાપ્ત બંધારણવાદ

લૉર્ડ ઍક્ટને ક્યાંક કહ્યું છે કે ટૉમસ ઍક્વિનાસના વિચારોમાં રાજકીય ઉદારમતવાદ તરીકે વર્ણવી શકાય એવા અંશો ઘણા બધા છે. આ ઉદાર વિચારપ્રણાલી ત્રણ મુખ્ય તત્ત્વોના વણાટને આભારી હતી: બાઇબલ, રોમન કાનૂન અને ઍરિસ્ટૉટલનું 'પૉલિટિક્સ'. બાઇબલે જરૂર કહ્યું હતું કે સત્તા ઈશ્વરદત્ત છે, પણ તે સાથે એણે એમેય કહ્યું હતું કે ડેવિડે પ્રજા સાથે કરાર કર્યો હતો. રોમન કાયદામાં તો સિદ્ધાન્તતઃ જ એમ સૂચવાયું છે કે કાયદો પ્રજામાંથી જ આવવો જોઈએ. ઍરિસ્ટૉટલના 'પૉલિટિક્સ'માં એક ઉત્તમ જનની રાજાશાહીની તરફદારી હોય તેવું લાગે; છતાં, ઍરિસ્ટૉટલે રાજા ને આપખુદ વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરી જ છે; અને વધારામાં મૅજિસ્ટ્રેટને ચૂંટવાના ને તેની 'ખબર' લેવાના લોકઅધિકારનું સમર્થન પણ કર્યું છે. ચોક્કસ, એ એક સંતુલિત અભિગમ સૂચવે છે. અને ટૉમસ ઍક્વિનાસે એ સંતુલિતતા અપનાવી પણ ખરી. એટલે જ એણે એવું મન્તવ્ય રજૂ કર્યું કે સત્તા તત્ત્વતઃ ઈશ્વરદત્ત હોવા છતાં એનું બંધારણીય સ્વરૂપ પ્રજા નક્કી કરે છે. અને શાસનનો આ અધિકાર પ્રજા જ તે વ્યક્તિ કે વ્યક્તિસમૂહને આપતી હોય છે. અર્થાત્ જે આ પ્રકારનો અધિકાર ધરાવે છે તે તેને પાછો પણ ખેંચી શકે! આ રીતનું સર્વસાધારણ દર્શન મધ્યયુગમાં એક સામાન્ય નિયમની પેઠે સ્વીકૃત બન્યું. મધ્યયુગે એનો વારસો હૂકરને આપ્યો, અને હૂકર દ્વારા એ લૉકને મળ્યો.

લૉક શાસન પરનાં ભાષ્ય લખી પ્રકાશિત કરવામા હતો એ જ અરસામાં ફ્રેન્ચ વિચારક મૉન્તેસ્કનો જન્મ. મૉન્તેસ્કની કીર્તિદા કૃતિ તે 'સ્પિરિટ ઑફ લૉઝ' (ઈ. સ. ૧૭૪૮). સ્વાધીનતા માટેની પ્રીતિને કારણે એને પ્રાચીન ગણતંત્ર પરત્વે અહોભાવ હતો, અને એ સદ્‌ગુણી ને સમાજાભિમુખ નાગરિકોના અસ્તિત્વને ગણરાજ્ય માટે પાયાની પૂર્વશરતરૂપ લેખતો. રાજકીય સ્વાધીનતાને વૈયક્તિક ગુણસંપદા સાથે સાંકળવાની એની આ વિચારરૂખમાં કંઈક પલટો આવ્યો તે ઇટાલી અને હોલૅન્ડનાં સમકાલીન ગણરાજ્યોના અવલોકનથી અને ઇંગ્લંડ ખાતેના વસવાટથી: 'પ્રજાકીય સજ્જતા હોય કે ન હોય, પણ 'સ્વાધીનતા સમ્યક્ શાસનવિધાનની નીપજ ન હોઈ શકે?' જ્યાં સર્વ સત્તા કેન્દ્રિત ન થતી હોય તેવા શાસનમાં જ સ્વાધીનતા સંભવે, આવી સમજ પાકતાં મૉન્તેસ્કે સત્તાવિશ્લેષના સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું. ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર એ ત્રણેય સત્તાઓ વચ્ચે — અલબત્ત પરસ્પર 'અંકુશ અને સમતુલા' સાથે — વિશ્લેષ સરજવાની એની આ હિમાયતનો સર્વાધિક સાનુકૂળ પડઘો પાડ્યો અમેરિકી બંધારણે.



# પ્રજાકીય સાર્વભૌમત્વની પ્રતિષ્ઠા

## રૂસો

લોકશાહીના ઇતિહાસમાં રૂસોનું સ્થાન ઘણું ઊંચું ગણાય છે. ઓગણીસમી સદીની અધવચમાં લોકશાહી-ની જે પ્રતિષ્ઠા પાછી સ્થપાઈ તેમાં અઢારમી સદીના અન્તભાગે થયેલી ફ્રેન્ચ ક્રાન્તિનું મહત્ત્વ ઘણું ઊંચું અંકાય છે [જુઓ 'વિશ્વદર્શન–૧ : ક્રાન્તિ,' પૃ. ૫૩–૧૦૬] અને આ ક્રાન્તિના વૈચારિક પ્રેરણાદાતાઓમાં રૂસો(ઈ. સ. ૧૭૧૨–૧૭૭૮)નું સ્થાન સૌ પ્રથમ મુકાય છે.

પશ્ચિમ યુરોપના બીજા દેશોની જેમ ફ્રાન્સ પણ સત્તરમી-અઢારમી સદીમાં રાજકીય વિચારોની બાબતમાં એક મહાન ક્રાન્તિમાંથી પસાર થઈ રહ્યું હતું. જેમ ઇંગ્લંડમાં બેકને બુદ્ધિપ્રધાન ફિલસૂફી પર ભાર મૂક્યો હતો તેમ ફ્રાન્સમાં પણ દેકાર્તે બધા વિચારો અને માન્યતાઓને બુદ્ધિની કસોટી પર કસીને પછી જ તેને ગ્રહણ કરવાની અગત્ય સ્થાપિત કરી. ત્યાર પછી લૂઈ ચૌદમાના રાજ્યના આખરી તબક્કામાં ફ્રાન્સના સમાજ-માં પણ મોટાં પરિવર્તનો થવા માંડયાં હતાં. સત્તરમી સદીની અધવચમાં જ્યારે લૂઈ ચૌદમો ગાદી પર આવ્યો ત્યારે ફ્રાન્સની સત્તાનો કળશ પૂર્ણ કળાએ ઝળહળતો હતો. યુદ્ધમાં એણે ઘણાં યશસ્વી પરાક્રમો કર્યાં હતાં; ફ્રેન્ચ સાહિત્યની સુંદર કૃતિઓ આ વખતે લખાઈ હતી અને કળા તથા સંસ્કૃતિમાં ફ્રાન્સ મોખરે હતું. પણ પછી ધાર્મિક અસહિષ્ણુતા, સતત યુદ્ધ અને બેજવાબદાર વર્તનને પરિણામે પરિસ્થિતિ બદલાઈ ગઈ. ફ્રાન્સના વેપાર-ઉદ્યોગને હાનિ પહોંચી હતી. લોકો પર કરનો બોજો અસહ્ય બનતો જતો હતો. લોકો ક્રાન્તિ માટે તલસતા હતા. દરમ્યાનમાં રિનેસાંસ અને રેફર્મેશનની અસર નીચે નવા વિચારો જન્મ્યા હતા અને ફ્રાન્સના બુદ્ધિજીવી-ઓ તેના પ્રભાવ નીચે આવતા જતા હતા. ધર્મમાંથી તેમની શ્રદ્ધા ડગતી જતી હતી અને તર્કનો પ્રભાવ વધતો જતો હતો. આથી તેઓ પરંપરાગત સંસ્થાઓને બુદ્ધિના આધારે ચકાસવા લાગ્યા. પ્રજાએ રાજાઓને વફાદાર શા માટે રહેવું જોઈએ? રાજ્ય કરવાનો પરંપરાગત હક રાજાઓને કયા આધારે મળે છે? રાજાના હુકમો માનવા પ્રજા દરેક સંજોગમાં બંધાયેલી છે? પ્રજાને શાસનમાં પરિવર્તન કરવાનો અધિકાર છે કે નહીં? જો હોય તો એ અધિકાર પ્રજાને કયા સિદ્ધાન્તના આધારે પ્રાપ્ત થાય છે? કયા સંજોગોમાં પ્રજા એ અધિકારનો ઉપયોગ કરી શકે? વગેરે પ્રશ્નો વિચારકો પૂછવા લાગ્યા અને તેના વિશે પોતાના અભિપ્રાયો આપવા લાગ્યા.

રૂસો આ વિચારકોમાં અગ્રણી હતો. એણે જીવનમાં કેટલેક અંશે પોતાના વિચારો બદલ્યા હતા અને તેથી એનાં બધાં પુસ્તકોમાં કોઈ એકધારી વિચારસરણી જ પ્રગટ થતી હતી એમ કહેવું મુશ્કેલ છે. એના ઉપર પરસ્પરવિરોધી કથનો કરવાનો, તર્ક-અસંગત પ્રમેયો રજૂ કરવાનો અને લોકશાહી વિરુદ્ધના વિચારોને સમર્થન આપવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. છતાં એનાં લખાણોએ ફ્રાન્સના પ્રજામાનસ પર પાડેલી અસરે ફ્રેન્ચ ક્રાન્તિને સમર્થન આપવામાં મોટો ભાગ ભજવ્યો હતો. જે વાક્છટાથી અને જુસ્સાથી એણે

પાતાનાં મન્તવ્યો રજૂ કર્યાં હતાં તે ઘણાં અસરકારક નીવડયાં અને એનાં લખાણોએ ફ્રેન્ચ ક્રાન્તિની ચિનગારી ચોમેર ફેલાવવામાં મદદ કરી. ક્રાન્તિકારોને આ લખાણોમાંથી કેટલુંક માર્ગદર્શન પણ મળ્યું હતું.

રૂસોના રાજકીય વિચારો ફ્રાન્સમાં તે સમયે પ્રવર્તતી સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિના અનુભવમાંથી જન્મ્યા હતા. સત્તરમી સદી પછી ફ્રાન્સમાં સામાજિક વાડા કંઈક અંશે તૂટવા લાગ્યા હતા. વેપારી વર્ગ સમૃદ્ધિને પ્રતાપે ઉમરાવો સાથે સત્તા અને પ્રતિષ્ઠાની બાબતમાં હરીફાઈ કરવા લાગ્યો હતો. જન્મ કરતાં દોલતને આધારે સમાજમાં સ્થાન મળવાના પ્રસંગો વધતા જતા હતા. શહેરોનું વર્ચસ પણ વધવા લાગ્યું હતું અને નીતિનાં મૂલ્યો પલટાવા લાગ્યાં હતાં. સામાજિક અસમાનતા પણ વધવા લાગી હતી અને સંસ્કૃતિ, જ્ઞાન, મોજશોખ અને સત્તા સમાજના એક નાના વર્તુળનો ઈજારો બની ગયાં હતાં. વિચારકો, કલાકારો, સાહિત્યકારો વગેરેને હવે આ વર્તુળનો આશ્રય મેળવવાનો હતો. એમને આશ્રય આપવા બાબત ધનિકો અંદરોઅંદર સ્પર્ધા કરવા લાગ્યા. ધનિકો તથા ઉમરાવોનાં ગૃહોમાં અને જીવનમાં પ્રવેશ મળવાને લીધે ફિલસૂફો, ચિત્રકારો તેમ જ લેખકો એમના ગુણઅવગુણોથી પરિચિત બન્યા અને વધુ સંપર્કથી એમના પ્રત્યે કંઈક ઘૃણા પણ સેવતા થયા. ધનિકોનાં જીવનનાં વ્યંગાત્મક, ઉપહાસપૂર્ણ વર્ણનો પ્રગટ થયાં અને તે નીચલા થરોમાં પણ વંચાવા લાગ્યાં. આર્થિક અસમાનતા તથા જુલમોથી ત્રાસી ઊઠેલા સામાજિક સ્તરોના માનસ પર એની અસર થઈ અને ક્રાન્તિની ચિનગારી વધુ સતેજ બની.

રૂસો પૅરિસના જીવનથી પૂરો પરિચિત હતો. ત્યાં પ્રસરતા જતા ભૌતિકવાદના સમર્થકોના સંસર્ગમાં એ આવ્યો હતો. સમૃદ્ધિના જોરે વ્યક્તિઓના જીવનમાં છડેચોક પેઠેલા ભ્રષ્ટાચારને ભૌતિકવાદનું આડકતરું સમર્થન મળ્યું હતું. ઉપલા થરના લોકો પોતાની જીવનપ્રણાલીથી સંતુષ્ટ હતા, એનું એમને ગૌરવ હતું. પૅરિસના સાલોંમાં ભેગા મળતા ધનિકો, વિચારકો અને કલાકારો આ જીવનને પ્રતિષ્ઠા આપતા હતા. આમ ફ્રેન્ચ સમાજ આત્મસંતુષ્ટ સંસ્કૃતિના અભિમાની ઉપલા થરોની અદેખાઈ કરતા મધ્યમવર્ગમાં તથા આ બધી જાહોજલાલીના બોજા નીચે કચરાતા નીચલા વર્ગમાં વિભક્ત થતો જતો હતો અને સંવેદનશીલ વિચારકોમાં અજંપો પણ પેદા કરતો હતો. રૂસોના રાજકીય વિચારો આ પરિસ્થિતિથી રંગાયા હતા.

આ નવી જન્મેલી પરિસ્થિતિ સાથે સમાજે કઈ રીતે સમાધાન સાધવું એ રૂસોના ચિંતનનો મુખ્ય વિષય હતો. આ સમાધાનની ઈમારત તર્કના સંગીન પાયા પર એ રચવા માગતો હતો. અતાર્કિક ધાર્મિક માન્યતાઓ કે લાગણીવેડાથી દૂર રહેવાની આ જમાનાના વિચારકોની પ્રણાલી હતી અને રૂસો પણ એ જ પ્રણાલીમાં ઊછર્યો હતો. પ્લેટો, હૉબ્ઝ અને લૉકના રાજકીય વિચારોની એના માનસ પર ઊંડી છાપ પડી હતી અને સ્પાર્ટાના વહીવટી તંત્રનો એ પ્રશંસક બન્યો હતો. આ ઉપરાંત રિનેસાંસે વ્યક્તિસ્વાતંત્ર્ય અને મનુષ્યમાત્રની મહત્તા અને પ્રતિષ્ઠાનો જે નાદ બુલન્દ કર્યો હતો તેનો પ્રભાવ પણ એના પર પડયો હતો. આ મૂલ્યોએ પેદા કરેલી વિચારસરણીમાં અત્યાર સુધી સામાજિક સંસ્થાઓ દ્વારા વ્યક્તિસ્વાતંત્ર્ય પર થતા હુમલા પર જ ધ્યાન કેન્દ્રિત થયેલું હતું અને એ સંસ્થાઓ પર પ્રહાર કરીને જ વિચારકો સંતોષ માનતા.

રૂસોનાં શરૂઆતનાં લખાણોમાં પણ આ નકારાત્મક વલણનું પ્રાધાન્ય હતું. મનુષ્યની બધી મુશ્કેલીઓ સંસ્કૃતિના વિકાસથી પેદા થઈ છે એવી માન્યતા એણે રજૂ કરી હતી. જ્યાં સુધી મનુષ્ય એની પ્રાકૃતિક અવસ્થામાં રહેતો હતો ત્યાં સુધી એ સુખી હતો; પણ ખેતીવાડી અને અન્ય ઉત્પાદન પ્રવૃત્તિઓમાં હથિયાર-ઓજારના ઉપયોગથી તથા તેને વધુ કાર્યક્ષમ બનાવવા માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવાને પરિણામે રાજ્ય અને સંસ્કૃત સમાજ અસ્તિત્વમાં આવ્યાં. પ્રાકૃત મનુષ્ય પાસે કોઈ વ્યવસાય ન હતો, ભાષા ન હતી, રહેવાનું નિશ્ચિત સ્થળ ન હતું, લડાઈટંટાનું કારણ ન હતું. પણ રાજકીય રૂપે સંગઠિત થયેલ સમાજમાં જમીનની માલિકીની ભાવના જન્મી, હથિયારનો ઉપયોગ માત્ર ઉત્પાદનના કામમાં જ ન થતાં વિનાશાત્મક પ્રવૃત્તિઓમાં પણ કરવાની વૃત્તિને ઉત્તેજન મળ્યું. મારા-તારાની ભાવના જન્મી, કુટુમ્બો રચાયાં, મિલકતની ભાવના પેદા

થઈ. મનુષ્યના સહવાસની ભૂખ પેદા થઈ. લાગણીઓ તીવ્ર બની અને આ બધા નવા વિચારોમાંથી નીપજતાં પરિણામો પર કાબૂ મેળવવા સંસ્થાઓ રચવાની જરૂર પડી. એમાંથી સત્તાની ભાવના પેદા થઈ અને મનુષ્યની ઓલાદમાં તથા એના જીવનમાં વિકૃતિ શરૂ થઈ. મનુષ્યની મુશ્કેલીઓનું મૂળ આ બધામાં હતું. જો મનુષ્યે સુખી થવું હોય તો સામાજિક જીવન છોડી પાછા કુદરતી જીવનમાં દાખલ થવું જોઈએ. સંસ્કૃતિને રામરામ કરી કુદરતી પ્રકૃતિને અનુસરવું જોઈએ એવા વિચારો આ શરૂઆતનાં લખાણોમાં રૂસોએ રજૂ કર્યા. પાછળથી એના વિચારોએ વધારે વિધાયક સ્વરૂપ લીધું હતું; પણ આ પ્રારંભિક વિચારોની અસર છેક સુધી રહી હતી અને એની લોકશાહીની ભાવનામાં એ વણાઈ ગઈ હતી.

થોડા જ વખતમાં રૂસોને જણાયું કે મનુષ્ય ગમે એટલો પ્રયત્ન કરે તોપણ એ પાછો કુદરતી — સ્વાભાવિક — અવસ્થા પ્રાપ્ત કરી શકે એમ નથી. બલ્કે, કેટલાક વિચારકોના મતે તો, પોતાના સમકાલીન સમાજની આકરી ટીકા કરતી વખતે એક મૉડેલ (આદર્શ નમૂનો) રજૂ કરવાના આશયથી જ રૂસોએ કુદરતી અવસ્થાનું આવું કલ્પનારસિક ચિત્રણ કર્યું છે. રૂસોનાં લખાણમાં સમાજવિરોધી ને 'સમાજ'વાદી એમ બંને પ્રકારની ઉક્તિઓ ઠેર ઠેર વેરાયેલી જોવા મળે છે. ખરી વાત એ છે કે એ સમાજની ટીકા કરે છે તે સમકાલીન સમાજનાં દૂષણોને લક્ષમાં રાખીને, અને સમાજને બિરદાવે છે તે પોતાના સિદ્ધાન્ત અનુસારના આદર્શ સમાજને લક્ષમાં રાખીને! એટલે સામુદાયિક જીવનનું એને ઓછું ખેંચાણ નથી. નગરરાજ્યનો પ્લેટોનો ખ્યાલ એને ખૂબ પસન્દ છે. અસમાનતા પરનું પોતાનું પુસ્તક પણ રૂસોએ જિનીવાના નગરરાજ્યને અર્પણ કરેલું. 'પાછા ફરો'ની રૂસોની હાકલ જગજાણીતી છે. પણ આ પાછા ફરવાનું કુદરત તરફ નથી, પ્લેટો ભણી છે, ગ્રીક નગરરાજ્ય તરફ છે.

આમ સામાજિક સંસ્થાઓમાં જ એવું પરિવર્તન લાવવાની જરૂર છે કે જેથી કુદરતી તેમ જ સામાજિક જીવનના લાભો દરેક વ્યક્તિને મળી શકે. રૂસોને મન આ અંગેની મુખ્ય સમસ્યા એ હતી કે માનવીને સુખી જીવન જીવવામાં નડતા અંતરાયોનો સામનો કરવા માટે જે સામુદાયિક જીવન જીવવું પડે છે અને સામાજિક સંસ્થાઓ રચવી પડે છે તેને એવું સ્વરૂપ કઈ રીતે આપી શકાય કે જેથી એનાં વ્યક્તિગત હિતો જોખમાય નહીં અને મનુષ્યત્વના મૂળમાં રહેલા વ્યક્તિસ્વાતંત્ર્યને હાનિ ન પહોંચે. લોકશાહીની સમસ્યા પણ આ જ છે અને એને આટલી સ્પષ્ટ અભિવ્યક્તિ આપવાનો યશ રૂસોને ફાળે જાય છે. આ સમસ્યાનો જે ઉકેલ રૂસોએ દર્શાવ્યો તે આજે લોકશાહીને સ્વીકાર્ય નથી, કારણ ત્યાર પછી બીજા ઉકેલો પણ શોધાયા છે અને તે વધારે કાર્યક્ષમ જણાયા છે. પણ આ ઉકેલની શોધમાં રૂસોએ જે જીવનમૂલ્યો પર ભાર મૂક્યો તે આજ સુધી લોકશાહીનાં પાયાનાં મૂલ્યો તરીકે સ્વીકારાતાં આવ્યાં છે અને જ્યારે જ્યારે લોકશાહીની કોઈ પણ સંસ્થાની ચકાસણી કરવામાં આવે છે ત્યારે આ જ મૂલ્યોને આધારે એ થાય છે.

રૂસોએ લૉકની સામાજિક કરારની ભાવનાને સાર્વજનિક સ્વરૂપ આપ્યું. લૉક માત્ર બ્રિટનની પરિસ્થિતિના સંદર્ભમાં લખતો હતો જ્યારે રૂસો મનુષ્યની જરૂરિયાત તથા એના વ્યક્તિગત હકો અને સ્વાતંત્ર્યનાં મૂલ્યો વચ્ચે સુમેળ સાધવા પ્રયત્ન કરતો હતો. સાર્વભૌમ સત્તાનાં લક્ષણો રૂસોએ હૉબ્સમાંથી લીધાં અને જનતાના હાથમાં આખરી સત્તા છે એ લૉકના પ્રમેયને આધારે એણે જનતાની સાર્વભૌમ સત્તાની ભાવના પ્રસ્તુત કરી. જનતા સાર્વભૌમ છે, બધા માણસો સમાન છે અને સરકાર તો લોકોનો કારભાર સંભાળનારી સંસ્થા માત્ર છે: રૂસોની લોકશાહીના મુખ્ય પાયા આ છે.

રૂસોનું કહેવું હતું કે રાજ્યશાસિત સમાજ સ્થપાતાં લોકોએ કેટલાક લાભો ગુમાવ્યા; સત્તાની ભાવના જન્મતાં જોહુકમી શક્ય બની; સબળોએ નિર્બળોને ચૂસવા માટે કાયદાની પવિત્રતાની ભાવના રજૂ કરી અને એ રીતે શોષક વર્ગોને સામાજિક અન્યાય માટે આમજનતાની અનુમતિ પણ મળી ગઈ! કાયદા ઘડાતાં એના અમલની જરૂર પડી — મિલકતનું રક્ષણ કરવાની ફરજ શાસનને માથે આવી પડી. પરિણામે

કેટલાક માણસો સુખી જીવન જીવવા લાગ્યા, જ્યારે બાકીનાને પ્રાથમિક જરૂરિયાતો મેળવવાનાં પણ ફાંફાં પડવા લાગ્યાં. છતાં સામાજિક જીવનના કેટલાક લાભો પણ હતા. કાયદા અને નીતિનું રાજ્ય પ્રસરતાં ભૂખ અને વાસનાના આધાર પર નભતા મનુષ્ય મનુષ્ય વચ્ચેના સંબંધો વધારે ઉચ્ચ સ્તર પર મુકાયા. નિરપેક્ષ કાયદા તથા નીતિના સિદ્ધાન્તોમાં માનવ માનવ વચ્ચેની સમાનતા સિદ્ધ કરવાની શક્યતાઓ એણે જોઈ. એમની મદદથી વ્યક્તિસ્વાતંત્ર્ય પણ રક્ષી શકાય એ એણે જોયું. આને માટે એક વિશિષ્ટ સામાજિક કરારની ભાવના સ્વીકારવાની જરૂર હતી જે સમાનતા, સ્વાતંત્ર્ય અને બંધુભાવનાં મૂલ્યોનું રક્ષણ કરી શકે, એમને વધારે દૃઢ બનાવી શકે અને છતાં મનુષ્યની સર્જનશક્તિમાંથી જન્મેલી સંસ્કૃતિના લાભો પણ જાળવી શકે.

'સામાજિક કરાર' નામના પ્રખ્યાત પુસ્તક દ્વારા રૂસોએ જણાવ્યું કે દરેક મનુષ્ય પોતાની મિલકત અને બધી શક્તિઓ સાર્વજનિક ઇચ્છાને આધીન કરે છે એ રીતે દરેક વ્યક્તિ સમષ્ટિના એક અવિભાજ્ય અંગ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરે છે. દરેકે પોતાના બધા હકો 'સમષ્ટિના સંકલ્પ'('જનરલ વિલ')ને આધીન કર્યા હોઈ કોઈ વ્યક્તિના વિશિષ્ટ હક રહેતા નથી. આ નિયમ અચૂક રીતે બધાને સરખો લાગુ પડતો હોવાથી કોઈ કોઈના પર સરસાઈ મેળવી શકતો નથી અને એવી સરસાઈ મેળવવાની કોઈને જરૂર પણ જણાતી નથી. દરેક મનુષ્ય પોતાનું બધું પોતાને જ સોંપે છે, કારણ જે સમષ્ટિને એણે એ સોંપ્યું છે તેનો જ એ એક અવિભાજ્ય અંશ છે. આથી એણે જે છોડ્યું છે તે એને જ પાછું મળે છે એટલું જ નહીં પણ પોતાના જાનમાલની રક્ષા કરવા માટે સમષ્ટિની શક્તિ પણ એને મળી રહે છે. આમ, સમાનતાનાં મૂલ્યો સચવાય છે; સ્વાતંત્ર્યને હાનિ પહોંચતી નથી અને જાનમાલનું રક્ષણ વધારે સારી રીતે થઈ શકે છે.

આ આખી વિચારધારાનો પાયો સમષ્ટિનો સંકલ્પ છે. એમાં દરેક મનુષ્યની સાચી ઇચ્છાશક્તિનો જ પડઘો પડે છે એ માન્યતાના આધાર પર જ આખી ઇમારત રચાયેલી છે.

સમષ્ટિનો સંકલ્પ સમાજના બધા સમજુ લોકો ભેગા મળે અને વિચારવિનિમય કરે તો જ થઈ શકે. આમાં માત્ર પ્રતિનિધિઓ મોકલ્યે કામ ન ચાલે. એટલે રૂસોએ પ્રતિનિધિત્વનો વિરોધ કર્યો છે. એટલે જ એ કહે છે કે પોતાને ત્યાં લોકશાહી હોવાનો ઇંગ્લંડનો દાવો મિથ્યા છે. પ્રજા પોતે કાયદા ન ઘડે ત્યાં વળી લોકશાહી કેવી! સાર્વભૌમ સત્તા બધી વ્યક્તિઓની બનેલી સમષ્ટિના હાથમાં હોવી જોઈએ. જો પ્રતિનિધિઓ મારફત કાનૂનો ઘડવામાં આવે તો તેઓ પોતાના જ હિતનો વિચાર કરે., અને એ રીતે ઘડાયેલા કાનૂનો સાર્વભૌમ સત્તાની ઇચ્છાશક્તિની અભિવ્યક્તિ ન કરી શકે, અને તેથી નાગરિકો તેને તાબે થવા બંધાયેલા નથી.

વળી રૂસોએ સમાજને અનિચ્છાએ, વાસ્તવિકતાના તકાજાને સ્વીકારવાની અનિવાર્યતાને લીધે જ, કબૂલ્યો છે એટલે એ સમાજ મનુષ્યની સ્વાભાવિક અવસ્થાની જેટલી નજીક હોય તેટલો વધારે સારો: એ પણ એના મનમાં તો ખરું જ. આથી એણે પ્રાતિનિધિક નહીં પણ પ્રત્યક્ષ લોકશાહી ધરાવતાં નાનાં રાજ્યો હોવાં જોઈએ એ વાત પર ભાર મૂક્યો છે. જેમ રાજ્યો મોટાં તેમ આપખુદ સત્તાને વધારે મોકો મળે અને સમાનતા, સ્વાતંત્ર્ય અને ભ્રાતૃભાવનાં મૂલ્યો જોખમાય એમ એ માનતો હતો. રૂસોનો જન્મ જિનીવામાં થયો હતો અને ત્યાં જ એણે બાળપણ પસાર કર્યું હતું. એટલે ત્યાંની રાજ્યવ્યવસ્થાની છાપ પણ એના મન પર પડી હોય. તે સાથે પ્રાચીન લોકશાહીની ઊંડી છાપ પણ ખરી. ટૂંકમાં રૂસોએ દર્શાવેલી લોકશાહી પ્રત્યક્ષ લોકશાહી છે—જેમાં બધા નાગરિકો ભેગા મળી સમષ્ટિના સંકલ્પને પ્રતિબિમ્બિત કરતા કાનૂનો ઘડે.

આવો સંકલ્પ સિદ્ધ થયા પછી દરેક નાગરિક કોઈ પણ વિરોધ વગર એને તાબે થવા બંધાયેલો છે. કારણ આ સંકલ્પ સમાજના કલ્યાણથી વિરુદ્ધ ગતિ કરી શકે જ નહીં. કોઈ માણસ પોતાનું અકલ્યાણ ઇચ્છતો નથી. ઘડીભર એને સમષ્ટિના સંકલ્પનો વિરોધ કરવાની લાલચ થાય તોપણ એ એના વિચલનનું જ પરિણામ છે. આથી વ્યક્તિ પોતે જ એમ ઇચ્છે છે કે આવાં, એના હિતને જોખમાવતાં, વિચલનોમાંથી સમાજ એને ઉગારી લે. (આ દલીલ પ્રમાણે તો એક ગુનેગાર પણ પોતાને સજા થાય તેવું ઇચ્છે છે—ભલે એને

એનો ખ્યાલ ન હોય!) તે સાથે એ પણ ખરું કે માત્ર સાર્વજનિક ઉદ્દેશો સિદ્ધ કરવાના હેતુસર ઘડાયેલા કાનૂનો વ્યક્તિને બંધનકર્તા છે. માણસ પોતાની બધી જ શક્તિ, સંપત્તિ ને સ્વતંત્રતા રાજ્યને તાબે કરવા બંધાયેલો નથી. માત્ર રાજ્યને જરૂર પડતી જ શક્તિ અને મિલકત રાજ્ય માગી શકે છે. જોકે આ જરૂરિયાતની માત્રા નક્કી કરવાનો હક સાર્વભૌમ સત્તાને એટલે કે બધા નાગરિકોની બનેલી સત્તાને જ છે.

આવી વિચારરૂખમાંથી આપખુદ સત્તાનો જન્મ શક્ય છે અને રૂસોના રાજકીય વિચારો સામે એવો આક્ષેપ પણ મૂકવામાં આવ્યો છે. પણ રૂસોએ એ વાતની સ્પષ્ટતા કરી છે કે સરકારી સત્તા સાર્વભૌમ નથી; એ માત્ર સાર્વભૌમ ઇચ્છાશક્તિને અમલમાં મૂકનાર કારભારી સંસ્થા જ છે. જે સરકાર ચલાવે છે તેને કાયદા ઘડવાની સત્તા ન હોવી જોઈએ, એ વાત પર એણે ખાસ ભાર મૂક્યો છે. અલબત્ત, વ્યવહારમાં આ કેટલું શક્ય છે એ એક જુદો જ પ્રશ્ન છે.

લોકશાહીના ઇતિહાસમાં રૂસોનું સ્થાન ઊંચું છે એ હકીકત લગભગ સહુ કોઈ સ્વીકારે છે. પરંતુ આ સ્થાન એના રાજકીય વિચારોનાં કયાં વિશિષ્ટ લક્ષણોને આભારી છે એ પ્રશ્ન પરત્વે મતભેદ છે.

એક મંતવ્ય એવું છે કે સમસ્ત પ્રજા ભેગી મળી કાયદા ઘડે એ વાત પર રૂસોએ ભાર એટલા માટે નથી મૂક્યો કે એથી તર્ક અને બુદ્ધિની મહત્તા ઘટે—પણ એટલા માટે મૂક્યો છે કે વ્યક્તિગત લાગણીઓ અને વાસનાઓથી લોકસભાઓ પર હોઈ તેમાં સમષ્ટિના કલ્યાણના પ્રશ્નો વધારે સુસંગત રીતે ચર્ચી શકાય છે. આ માન્યતાના મૂળમાં રૂસોની એવી સમજ રહેલી છે કે માણસમાત્રનાં રાજકીય મંતવ્યો, છેવટે તો, સ્વહિતના ખ્યાલથી ઘડાતાં હોય છે. સ્વહિતના આ ખ્યાલમાં વ્યક્તિગતની જેમ જ સર્વસાધારણતાનો અંશ પણ હોય છે. એટલે લોકો જ્યારે નિર્ણય અર્થે એકઠા મળે ત્યારે એમની પાસે જે તે પ્રશ્નની પૂરતી માહિતી હોય અને અનિચ્છનીય સોદાબાજીની શક્યતા ન હોય તો એમના વ્યક્તિગત સ્વાર્થો નોખા નોખા હોઈ એકમેકનો છેદ ઉડાડી મૂકશે.

રૂસોનો આ વિચાર સમજાવવા માટે બર્ટ્રાન્ડ રસેલે ગુરુત્વાકર્ષણનું ઉદાહરણ આપ્યું છે: પૃથ્વીનો એકેએક પરમાણુ બીજા દરેક પરમાણુને પોતાની તરફ ખેંચે છે, પણ આ બધાં 'સ્વાર્થી' આકર્ષણો એકબીજાનો છેદ ઉડાડી મૂકતાં હોઈ એક જ આકર્ષણ ટકે છે અને તે છે પૃથ્વીના કેન્દ્ર તરફનું. વ્યક્તિગત સ્વાર્થોનો પણ, આમ, પરસ્પર છેદ ઊડી જતાં રહે છે માત્ર સમષ્ટિનો સંકલ્પ.

વળી, રૂસો સમજે છે કે છેવટે તો બહુમતીની ઇચ્છા એ જ એક શક્ય માર્ગ કોઈ પણ નિર્ણય માટે રહેવાનો. પક્ષો પણ હોવાના. એટલે પક્ષો આદેશ (વિપ) ન આપે તો નાગરિક સ્વતંત્રપણે નિર્ણય લઈ શકે. અને આવી 'મુક્ત' બહુમતીના નિર્ણયને આપણે સમષ્ટિના સંકલ્પ તરીકે જરૂર ઓળખાવી શકીએ.

આમ સમષ્ટિના સંકલ્પને એણે ઈશ્વરની ઇચ્છાશક્તિને સ્થાને મૂકી અને એ રીતે લોકોના હાથમાં સાર્વભૌમ સત્તા હોવી જોઈએ એ સિદ્ધ કરી આપ્યું. પરંપરાગત માન્યતાઓ, માણસમાં સાધારણપણે વાસ કરી રહેતી રૂઢિચુસ્તતા અને કંઈ અવનવું સ્વીકારવાની જનસમૂહની આનાકાનીને પરિણામે સમષ્ટિની ઇચ્છાશક્તિ ઘણી વાર વ્યક્તિસ્વાતંત્ર્યને ખતરારૂપ નીવડે છે એ વાત એના ધ્યાન બહાર રહી ગઈ. એ ધ્યાન બહાર રહી જવાનું એક નિર્ણાયક કારણ વ્યક્તિ અને નાગરિક વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખા ભૂંસી નાખતા, જીવન પર ચારે કોરથી છાઈ જતા પ્રાચીન ગ્રીક નગરરાજ્ય તરફનું રૂસોનું મુગ્ધ ખેંચાણ પણ છે. અને તેથી એના વિચારોમાંથી લોકશાહીના આધુનિક પ્રશ્નોના ઉકેલ માટે પૂરતું માર્ગદર્શન મળતું નથી. છતાં ફ્રેન્ચ વિપ્લવના આગેવાનો એના વિચારોથી પ્રભાવિત થયા હતા એ જોતાં તથા રૂસો પછી લોકશાહીની ભાવના રાજકીય વિચારકોમાં વધારે ને વધારે પ્રતિષ્ઠા પામતી ગઈ તે જોતાં, ગ્રીસની રાજ્યપદ્ધતિને આધારે એણે રજૂ કરેલી લોકશાહી રાજ્યની કલ્પના તથા તેને તર્કસુસંગત બતાવવાના એના પ્રયાસોને આધારે રૂસોને લોકશાહીના ઇતિહાસમાં માનવન્તું સ્થાન આપવામાં આવે છે એને જરૂર યોગ્ય ગણી શકાય.


# લોકશાહીના ઇતિહાસની બે શકવર્તી ઘટનાઓ



**મૅગ્ના કાર્ટા**

મહાન દસ્તાવેજ, ઈ. સ. ૧૨૧૫

ઇંગ્લંડના ઇતિહાસમાં 'મૅગ્ના કાર્ટા'ના નામે જગમશહૂર બનેલા દસ્તાવેજ પર રાજા જૉનને મજબૂરીથી સહી કરવી પડી. આ દસ્તાવેજમાં આમેજ કરવામાં આવેલા સિદ્ધાન્તોને પરિણામે ઇંગ્લંડ માટે આપખુદ શાસન લગભગ અશક્ય બની ગયું.



**અમેરિકાના સ્વાતંત્ર્ય જાહેરનામા પર ૫૬ અગ્રણીઓના હસ્તાક્ષર**

# ૪ : બ્રિટન-અમેરિકા-ફ્રાન્સ-જર્મની

## સંસદીય પરંપરાનો આરંભ

### બ્રિટન

લોકશાહીના ઈતિહાસમાં સંસદીય લોકશાહીની પ્રણાલી સ્થાપી તેને મજબૂત બનાવવાનો યશ બ્રિટનને ફાળે જાય છે. અને તેથી જ બ્રિટનની પાર્લમેન્ટને જગતની પાર્લમેન્ટનું બિરુદ મળ્યું છે. ઈ. સ. ૧૦૬૬માં ઈંગ્લંડ પર હલ્લો કરી ત્યાં પોતાની હકૂમત સ્થાપનાર નૉર્મનો ક્યુરિયા રેજીસ નામની એક પ્રતિનિધિ સંસ્થા પોતાની સાથે લેતા આવ્યા હતા. આ સંસ્થા વખત જતાં પાર્લમેન્ટના રૂપમાં ફેરવાઈ ગઈ અને અન્તે તે બ્રિટનના રાજ્યશાસનમાં સર્વોપરી બની. આ ક્યુરિયા રેજીસ મારફત રાજમહેલના અમલદારો રાજાને સલાહ આપતા. એમાં ઉમરાવો તથા શ્રેષ્ઠીઓ બેસતા. જ્યારે રાજા અને ઉમરાવો વચ્ચે સત્તા માટે ઘર્ષણ થયાં ત્યારે ધનવાન નાગરિકોનું વર્ચસ વધ્યું અને આ સંસ્થા રાષ્ટ્રીય સમિતિના રૂપમાં ફેરવાઈ ગઈ. આ સમિતિમાં બેસવાનો કોઈને જન્મસિદ્ધ હક ન હતો. રાજા ચાહે તેને એની બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપી શકતો. આમ, આ સમિતિમાં બેસવાનો હક રાજાની મુનસફીમાંથી ઉદ્ભવતો હતો. પરંતુ પરંપરા પ્રમાણે એમાં શરૂઆતમાં ઉચ્ચ ધર્માધિકારીઓ અને ઉમરાવોને જ આમંત્રણ આપવામાં આવતું. આમ, આરંભમાં એ સામંતોની જ સમિતિ હતી.

પછી રાજા અને ઉમરાવો વચ્ચે સત્તાનાં ઘર્ષણો થયાં અને ઉમરાવો રાજા પાસે પોતાના હકોનો સ્વીકાર કરાવવામાં સફળ નીવડ્યા (ઈ. સ. ૧૨૧૫). આ હકોનો દસ્તાવેજ 'મૅગ્ના કાર્ટા'ને નામે જગમશહૂર બન્યો. આ દસ્તાવેજમાં આમેજ કરવામાં આવેલા સિદ્ધાન્તોને પરિણામે ઈંગ્લંડ માટે આપખુદ શાસન લગભગ અશક્ય બની ગયું. લોકોની વ્યક્તિગત સ્વતંત્રતા અને મિલકતને સંરક્ષણ મળ્યું અને કાયદાનું તથા ન્યાયાલયોનું વર્ચસ વધ્યું. બધાને સમાન રીતે લાગુ પડતા કાનૂનો પ્રમાણે ન્યાય તોળવાની સત્તા ન્યાયાલયોને મૅગ્ના કાર્ટા દ્વારા મળી એને આ દસ્તાવેજની સૌથી અગત્યની દેણ ગણવામાં આવે છે.

આમ, ઈંગ્લંડના નાગરિકોને આડકતરી રીતે કેટલાક અધિકારો પ્રાપ્ત થયા. મૅગ્ના કાર્ટા એ સામંતોએ રાજા સામે પોકારેલા બળવાનું પરિણામ હતું. એની ૬૨ કલમોમાંથી અડધી દ્વારા સામંતોને રાજા પાસેથી કેટલાક વિશિષ્ટ અધિકારો મળ્યા તથા કાયદાનું સંરક્ષણ મળ્યું. પણ એથી રાજા તેમ જ સામંતોના સાધારણ માણસ પરના અધિકારોમાં કશો ફેરફાર પડ્યો ન હતો. ઊલટાનું, આ વિશિષ્ટાધિકારો વધારે દૃઢ બન્યા. રાજાનું નગરો પર વર્ચસ વધ્યું. ઉમરાવોનું પોતાની નીચેની પંક્તિના લોકો ઉપરનું વર્ચસ પણ વધારે દૃઢ બન્યું. છતાં, એકંદર મૅગ્ના કાર્ટાને નાગરિકોના અધિકારનો આધારસ્તંભ ગણવામાં આવે છે; કારણ, જેમ જેમ વેપારી વર્ગ વધારે પ્રભાવશાળી બનતો ગયો અને નગરો સમૃદ્ધ થતાં ગયાં, રાજા અને ઉમરાવો વચ્ચેની સ્પર્ધા વધુ તીવ્ર બનતી ગઈ તેમ તેમ મૅગ્ના કાર્ટાના નિયમોને વ્યાપક સ્વરૂપ મળતું ગયું અને નાગરિક સ્વાતંત્ર્યનાં મૂળ નંખાયાં. ધાર્મિક સંસ્થાઓમાં સ્વતંત્ર રીતે ચૂંટણી થવા દેવાનું વચન રાજાએ મૅગ્ના કાર્ટામાં આપ્યું હતું. તેને આધારે બીજી ચૂંટણીઓમાં પણ એ જ સ્વતંત્રતા માટેના દાવા થયા. જ્યૂરીની પ્રથા ધીમે ધીમે

રાજકીય અધિકારો સ્વીકારાવા લાગ્યા અને સ્પષ્ટ થતા ગયા. એની કાર્યપ્રણાલી પણ નક્કી થઈ. ત્યાર પછી પાર્લમેન્ટની સત્તાનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો પણ ઔપચારિક દૃષ્ટિએ એનું સ્વરૂપ આજ સુધી લગભગ એમનું એમ રહ્યું છે. એ આજે પણ રાજાને 'સલાહ આપનાર સંસ્થા' તરીકે જ કામ કરે છે. પણ હવે આ સલાહ રાજ્યના અમલદારોને અને ખુદ રાજાને પણ બંધનકર્તા છે. પ્રજાની મરજીથી જ રાજ્ય ચાલવું જોઈએ એ સિદ્ધાન્ત આમ ઇંગ્લંડમાં તેરમી અને ચૌદમી સદીમાં બુલંદ થઈ ચૂકયો હતો. માત્ર પ્રજાનું પ્રતિનિધિત્વ પ્રજાના કયા વર્ગોના હાથમાં રહે એ જ સવાલનો જવાબ ઇતિહાસે આપવાનો હતો.

પશ્ચિમ યુરોપના બીજા દેશોની જેમ બ્રિટનમાં પણ રાજા ઉપરાંત બીજા ત્રણ વર્ગો આ પ્રતિનિધિત્વ માટે સ્પર્ધા કરી રહ્યા હતા: ઉમરાવો, પાદરીઓ અને નગરના શ્રેષ્ઠીઓ. પાદરીઓ આ સ્પર્ધામાંથી પહેલાં ખસી ગયા. જેમને ઉમરાવનાં કુટુમ્બો સાથે ગાઢ સંપર્ક હતો તેવા પાદરીઓ એ વર્ગમાં મળી ગયા. બાકીના નાગરિકોમાં પછી 'વૉર ઑફ ધ રોઝીઝ' (ઈ. સ. ૧૪૫૫–૧૪૮૫) આવી અને એમાં ઇંગ્લંડનાં ઉમરાવ કુટુમ્બો તારાજ થઈ ગયાં. એક વિશિષ્ટ સત્તા માટે હરીફાઈ કરતા વર્ગની પાયરી પરથી ઊતરી ઉમરાવ વર્ગ ટ્યૂડર શાસનકાળ(ઈ. સ. ૧૪૮૫–૧૬૦૩)માં રાજાની મહેરબાની પર જીવતો વર્ગ બની ગયો! આ પરિવર્તનોને પરિણામે રાજાનું વર્ચસ ઘણું વધી ગયું અને પાર્લમેન્ટે જે સત્તાઓ મેળવી હતી અને જેનો ઉપયોગ મુખ્યત્વે ઉમરાવો અને ધર્મગુરુઓના લાભમાં થતો હતો તે બધી અદૃશ્ય થઈ ગઈ. હેન્રી આઠમાએ જે ધાર્મિક પરિવર્તન કરી પોપની સત્તા ઇંગ્લંડમાંથી ઉખેડી નાખવાનો પ્રયત્ન કર્યો તેને પાર્લમેન્ટે બહાલી આપી. પછી રોમન કૅથલિક ધર્મ પાછો સ્થાપવાનો પ્રયત્ન થયો તેને પણ બહાલી મળી. અંતે પ્રૉટેસ્ટન્ટ ધર્મ સ્વીકારવાની રાજાની નીતિ થઈ ત્યારે તેને પણ બહાલી મળી. ટ્યૂડરોના શાસન દરમ્યાન પાર્લમેન્ટ અને ધર્મપંથો સિંહાસન પર બેઠેલા રાજાઓની મુનસફી પર નાચવા લાગ્યાં. આ પરિસ્થિતિનો રાણી ઇલિઝાબેથ(ઈ. સ. ૧૫૩૩–૧૬૦૩)ના રાજ્યકાળમાં અન્ત આવ્યો. આ રાજ્યકાળ દરમ્યાન પાર્લમેન્ટની બેઠક ભાગ્યે જ બોલાવાતી. પણ જ્યારે એ મળતી ત્યારે પાર્લમેન્ટના સભ્યો હિંમતભેર પોતાના વિચારો રજૂ કરતા, ફરિયાદોને વાચા આપતા અને એ ફરિયાદો દૂર કરવાની માગણી કરતા. આ ફેરફારનું કારણ એ હતું કે પાર્લમેન્ટમાં વેપારી વર્ગના નાગરિકો વધારે ને વધારે સંખ્યામાં બેસવા લાગ્યા હતા. તેમનો મોટો ભાગ પ્રૉટેસ્ટન્ટ ધર્મસંપ્રદાયમાં માન-નારો હતો. આથી પોતાની અને ઈશ્વરની વચ્ચે બીજી કોઈ સત્તા ન માનવાનું તેમને શિક્ષણ મળ્યું હતું. આ શિક્ષણ પોપ અને એણે સ્વીકારેલા ધર્મગુરુઓ અને દેવળો પૂરતું મર્યાદિત ન રહ્યું, પણ એની અસર રાજકારણમાં પણ પડી અને રાજાની આપખુદ સત્તાને પડકાર થયો. રાણી ઇલિઝાબેથના વખતમાં ઇંગ્લંડની સત્તાનો કળશ ઝળહળતો હતો, પણ ઈ. સ. ૧૬૦૩માં જેમ્સ પહેલાના રાજ્યારોહણ સાથે શરૂ થયેલ સ્ટુઅર્ટ શાસનનો રાજકોશ લડાઈઓમાં ખાલી થવા લાગ્યો. પાર્લમેન્ટની મંજૂરીથી નવા કરવેરા ઊભા કરવાની એમને જરૂર પડી. પાર્લમેન્ટે એનો ઉપયોગ પોતાની સત્તા પુન: સ્થાપિત કરવા માટે કર્યો. રાજગાદીના વારસદારો કેમ નક્કી થાય તે નિર્ધારવાનો અધિકાર પાર્લમેન્ટનો છે એવો દાવો થયો. રાજસિંહાસન પર બેઠેલા રાજા કે રાણીના લગ્નની બાબતો પણ પાર્લમેન્ટે ચર્ચવા માંડી. ધાર્મિક બાબતોમાં પોતાના અભિપ્રાયો આપવાનો અને રાજ્યને લગતી દરેક બાબતમાં રાજાને સલાહ આપવાનો પાર્લમેન્ટને અધિકાર છે એવો દાવો રજૂ થયો. સ્ટુઅર્ટ શાસનકાળ દરમ્યાન પાર્લમેન્ટે રાજકારણમાં વધારે ને વધારે હસ્તક્ષેપ કરવા માંડયો. જેમ્સ પહેલાના અવસાન પછી ગાદી પર આવેલા ચાર્લ્સ પહેલા સામે પોતાનું લશ્કર ઊભું કરી એણે બળવો કર્યો તથા એને ફાંસી ફરમાવી લટકાવી દીધો (ઈ.સ. ૧૬૪૯). ઈ. સ. ૧૬૪૯–૧૬૬૦ના ગાળા દરમ્યાન ગણરાજ્ય ચલાવવાની દિશામાં વિવિધ પ્રયત્ન પણ થયા: પણ એ સફળ ન થતાં બ્રિટનના સિંહાસન પર ફરી રાજારાણી આવી બેઠાં, પણ તેમની સત્તા પર મર્યાદાઓ મુકાઈ. આ મર્યાદાઓ વખતના વહેણ સાથે વધતી ગઈ. અન્તે, રાજા માત્ર ઔપચારિક સત્તાધારી રહ્યો; ખરી સત્તા લોકોના પ્રતિનિધિઓના હાથમ આવી. આમ, બ્રિટનમાં સંસદીય લોકશાહી પાંગરી ઊઠી.



# અમેરિકી સ્વાતંત્ર્ય-ઘોષણા

## જેફરસન

ઇંગ્લંડમાં જે રાજકીય પરિવર્તનો આવ્યાં તેની અસર એની વસાહતો ઉપર પણ પડી. હિજરત કરી અમેરિકા ગયેલા ઈંગ્લંડના અને પશ્ચિમ યુરોપના બીજા લોકોએ જાતમહેનતે જુદી જુદી જગ્યાએ સમૃદ્ધ વસાહતો ઊભી કરી હતી અને ત્યાં ધારાસભાઓની સ્થાપના થઈ હતી. આ ધારાસભાઓ આંતરિક બાબતોમાં નિર્ણય લેતી અને તે રીતે ત્યાં શાસન ચાલતું. ઈ. સ. ૧૭૬૩માં યુરોપમાં સાત વર્ષનું યુદ્ધ સમાપ્ત થયું જેમાં ફ્રાન્સની સત્તાને સખત ફટકો પડયો અને દુનિયાના જુદા જુદા ભાગોમાં ઈંગ્લંડને ફ્રાન્સની સ્પર્ધાનો જે સામનો કરવો પડતો હતો તેની માત્રા ઘણી ઘટી ગઈ. આમ છતાં, આ યુદ્ધમાં થયેલાં મોટાં દેવાં ભરપાઈ કરવા માટે ઈંગ્લંડે અમેરિકાની વસાહતો પાસેથી નાણાં વસૂલ કરવાનો નિર્ણય કર્યો અને તે અંગેના કાયદા ઘડવા માંડયા. એને પરિણામે અમેરિકાની વસાહતોમાં સખત વિરોધનો વંટોળ જાગ્યો. આની સામે, પ્રથમ તો બ્રિટનની પાર્લમેન્ટે વસાહતોને બંધનકર્તા કાયદો ઘડવાની એને સત્તા છે એવી ઘોષણા કરતો કાયદો પસાર કર્યો. ત્યાર બાદ, આંતરિક બાબતોમાં વસાહતોની ધારાસભા ભલે પોતાની ઈચ્છા પ્રમાણે કારભાર ચલાવે, પણ તેના પરદેશો સાથેના વેપારની બાબતમાં બ્રિટિશ પાર્લમેન્ટને ગમે તેવા નિયમો ઘડવાનો અધિકાર છે એવી દલીલ રજૂ થઈ. આ બધા સામે અમેરિકામાં પ્રચંડ વિરોધ જાગ્યો અને પરિણામે ઈ. સ. ૧૭૭૬ની ચોથી જુલાઈએ અમેરિકનોએ સ્વાતંત્ર્યની ઘોષણા કરી [જુઓ 'વિશ્વદર્શન – ૧ : ક્રાન્તિ', પૃ. ૨૫-૫૨]. એ ઘોષણાપત્રમાં જે વિચારો રજૂ કરવામાં આવ્યા હતા તે અમેરિકાની લોકશાહીના પાયાના વિચારો ગણાય છે. એ ઘોષણાપત્ર તૈયાર કરવામાં જેફરસને અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો અને તેમાં લોકશાહી અંગેના એના વિચારો પ્રતિબિમ્બિત થયા છે.

જેફરસન (ઈ. સ. ૧૭૪૩–૧૮૨૬) રાજકીય અને કાનૂની બાબતોનો અભ્યાસી હતો અને રાજ્ય-બંધારણ વિશે એના મનમાં કેટલાક સ્પષ્ટ ખ્યાલો હતા. વ્યક્તિસ્વાતંત્ર્યનો એ ખાસ પૂજારી હતો. એ માનતો કે ઈશ્વરે મનુષ્યના માનસને સ્વતંત્ર સરજ્યું છે અને એ સ્વતંત્ર જ રહે એમ તે ઇચ્છે છે. અનેક જુલમગારો આવ્યા અને ગયા, રાજ્યો અને ધાર્મિક સંસ્થાઓએ લોકો ઉપર વિશિષ્ટ વિચારસરણી અને રહેણીકરણી ઠોકી બેસાડવાનો પ્રયત્ન કર્યો અને તેનો વિરોધ કરનારાઓ ઉપર અસહ્ય સિતમો ગુજાર્યા તથા પરભવમાં અનેક યાતનાઓ ભોગવવી પડશે એવી ધમકીઓ પણ આપી; છતાં મનુષ્યના માનસને અમુક ચોક્કસ ઢાંચામાં લાંબો વખત સુધી જકડી રાખવામાં કોઈ સફળ થયું નથી. આ ઉપરથી આ વિષયમાં સર્વશક્તિમાન ઈશ્વરની ઈચ્છા સ્પષ્ટ થાય છે એમ જેફરસન ભારપૂર્વક કહે છે અને ઉમેરે છે કે કોઈ પણ સરકારને લોકોના માનસ પર પ્રભુત્વ મેળવવાનો દાવો કરવાનો અધિકાર નથી.

જેફરસનના રાજકીય વિચારો આવી માન્યતા પર બંધાયા હતા. આથી કોઈ પણ પ્રજાને કોઈ પણ કાનૂનથી હમેશ માટે બાંધી લેવાની કોઈ ધારાસભાને સત્તા નથી એ વાત પર એણે ભાર મૂક્યો. તે સાથે મનુષ્ય-સ્વભાવમાંથી જ એના કેટલાક મૂળભૂત હકો તરી આવે છે તે રાજ્ય દ્વારા સ્વીકારાવા જોઈએ એ વાત માટે પણ એણે એટલો જ આગ્રહ રાખ્યો હતો. તેથી મૂળભૂત હકોના ખરડાનો એ ખાસ હિમાયતી બન્યો હતો. આ મૂળભૂત અધિકારો સિવાયના બીજા હકો રાજ્યને સોંપી માનવી સમાજવ્યવસ્થા રચે છે એવા લૉકના સિદ્ધાન્તનો એણે સ્વીકાર કર્યો હતો.

જેફરસન કેવળ તત્ત્વચિન્તક ન હતો, એ અમેરિકાનો ત્રીજો પ્રમુખ હતો. આ હોદ્દો સંભાળતી વખતે એણે કરેલા ભાષણમાં એના રાજકીય સિદ્ધાન્તો સ્પષ્ટ રીતે રજૂ થયા હતા. રાજકારભાર ચલાવવો હોય તો આખરી નિર્ણય લેવાનો અધિકાર કોઈ વિશિષ્ટ સંસ્થાને હોવો જોઈએ. અમેરિકાના બંધારણ પ્રમાણે આ હક લોકોની બહુમતીનું પ્રતિનિધિત્વ ધરાવનારાઓને મળ્યો હતો. પણ રાજકારભારમાં ન્યાયભાવનાને પણ સ્થાન હોવું જોઈએ. આથી બહુમતીની ઇચ્છાઓ ન્યાયી હોવી જોઈએ, તર્કશુદ્ધ હોવી જોઈએ. લઘુમતીને પણ સમાન અધિકારો મળવા જોઈએ. કાયદાની નજરમાં બહુમતી અને લઘુમતી વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. આ બધા સંજોગો અસ્તિત્વમાં હોય તો જ રાષ્ટ્રનું માનસિક ઐક્ય સરજી શકાય, રાષ્ટ્રની ઇચ્છાશક્તિની એકતા સરજી શકાય અને તો જ સમાજમાં સંવાદિતા આવે, પરસ્પર પ્રેમનું વાતાવરણ જામે, રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સાર્થક બને, જીવન પણ જીવવા લાયક બને. અમેરિકાએ જેમ ધાર્મિક અસહિષ્ણુતાને નકારી હતી તેમ રાજકીય અસહિષ્ણુતાને પણ એણે નકારવી જોઈએ.

આ વિચારોના આધારે જેફરસને અમેરિકાની પ્રજાને ખાતરી આપી કે એના શાસન દરમ્યાન દરેક વ્યક્તિને સમાન અને સ્પષ્ટ ન્યાય મળશે — પછી ભલે એ ગમે તે ઘટક રાજ્યનો હોય, ગમે તે ધાર્મિક કે રાજકીય વિચારો ધરાવતો હોય. શાસનને લગતા બધા નિર્ણયો બહુમતીથી લેવામાં આવશે અને દરેક વ્યક્તિને એ બંધનકર્તા રહેશે. નાગરિકો પોતાનો નિર્ણય યોગ્ય રીતે લઈ શકે એ માટે શિક્ષણ અને માહિતીનો બહોળો ફેલાવો કરવામાં આવશે. સમાજની બદીઓ નાબૂદ કરવા માટે લોકોમાં પ્રચાર કરી નાગરિકોનાં માનસને બદલવાનો પ્રયત્ન કરવામાં આવશે; પરંતુ ધાર્મિક, અખબારી અને વ્યક્તિગત સ્વાતંત્ર્યની રક્ષા કરવામાં આવશે. નાગરિકોનો હેબિયસ કૉર્પસનો અધિકાર સ્વીકારાશે અને ન્યાયાલયોમાં જૂરીની પદ્ધતિનો અમલ ચાલુ રહેશે. આમ જેફરસને તેના પ્રમુખ તરીકેના પ્રથમ વ્યાખ્યાનમાં જ લોકશાહી રાજ્યનો વહીવટ કઈ ઢબે ચાલવો જોઈએ તેનો સારો ખ્યાલ આપી દીધો છે.

સાથોસાથ ધારાસભ્યોની ફરજો અને એના અધિકારો ઉપર પણ તેણે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ચૂંટણી અને પ્રતિનિધિત્વના સિદ્ધાન્તો પર એણે ખાસ ભાર મૂક્યો હતો. બધા પુખ્ત વયના માણસોના મતાધિકારથી ચૂંટાયેલા ધારાસભ્યોએ પોતાના અધિકારોની મર્યાદા બરાબર સમજી લેવી જોઈએ. એમનું કામ લોકોને તેમના નૈસર્ગિક અધિકારો આપવાનું નથી, પણ એ અધિકારોનો સ્વીકાર કરી તેનું રક્ષણ કરવાનું છે. તેમના નિર્ણયોમાં આ વાત સ્પષ્ટપણે પ્રતિબિમ્બિત થવી જોઈએ. કોઈ વ્યક્તિને બીજી કોઈ વ્યક્તિના નિસર્ગદત્ત અધિકારો ઉપર આક્રમણ કરવાનો હક નથી. આ સિદ્ધાન્તને આધારે લોકોના હકો પર મર્યાદિત બંધન મૂકવા જેટલું જ કાનૂનનું કાર્યક્ષેત્ર સીમિત રહેવું જોઈએ. ધારાસભાઓએ બહુમતી પ્રમાણે નિર્ણયો લેવા જોઈએ. પણ બહુમતીના નિર્ણયો સમાજને યાવચ્ચન્દ્રદિવાકરૌ બાંધી ન શકે. એમાં સમય સમયે ફેરફારો થતા રહેવા જોઈએ.

જેફરસનના આ બધા વિચારો અમેરિકાની સ્વાતંત્ર્યની ઘોષણામાં રજૂ કરી શકાયા ન હતા. પણ રાજ્ય ઈશ્વરનિર્મિત નથી, લોકોએ પોતાના કલ્યાણ માટે રચેલી એક સંસ્થા છે, એ વિચાર એ ઘોષણામાં બહુ

જોરશોરથી રજૂ કરવામાં આવ્યો અને એ રીતે લોકશાહીના એક મૂળભૂત સિદ્ધાન્તની સ્પષ્ટ ઘોષણા થઈ. આ સિદ્ધાન્તની ઘોષણા લોકશાહીના ઈતિહાસને અમેરિકાની એક મોટી દેણ છે અને એ રીતે પણ એ ઘોષણાનું ઘણું મહત્ત્વ છે.

આ ઘોષણા પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, સરકાર તો કુદરતી રીતે સ્વતંત્ર ને સમાન એવા માનવીઓએ પોતાના કલ્યાણ માટે ઊભી કરેલી સંસ્થા માત્ર હોવાથી આ સરકારના બંધારણમાં ફેરફાર કરવાનો કે જરૂર પડયે સરકારને પદભ્રષ્ટ કરવાનો લોકોને અધિકાર છે. રાજ્ય કારભારી છે, માલિક નથી. પ્રજાએ પોતાની જરૂરિયાત માટે એને સ્થાપ્યું છે અને પ્રજાના અંકુશ અને અન્વેષણ નીચે જ રાજ્યે કામ કરવાનું છે.

જેફરસન અને અમેરિકી સ્વાતંત્ર્ય-ઘોષણાના આ બધા સિદ્ધાન્તોની રજૂઆત પાછળ જોન લૉકના વિચારોની સ્પષ્ટ છાયા દેખાઈ આવે છે. આ સ્વાતંત્ર્ય-ઘોષણાથી અમેરિકાની વસાહતોના લોકોએ સામાજિક કરારના સિદ્ધાન્તને સ્વીકાર્યો. જેમ પ્રૉટેસ્ટન્ટ ધર્મની એવી માન્યતા હતી કે ખ્રિસ્તી ચર્ચ એ ધાર્મિક કાર્યો કરવા માટે લોકોએ ઊભી કરેલી એક ધર્મસંસ્થા છે તે જ પ્રમાણે અમેરિકાના લોકોએ એવી ઘોષણા કરી કે સરકાર પણ લોકોએ સ્વેચ્છાએ સ્વીકારેલી એક રાજકીય સંસ્થા જ છે

## લોકશાહી ચિંતનપ્રણાલીનું શોધન

### બર્ક અને મિલ

બ્રિટનની આ સમયની રાજકીય ચર્ચાઓમાં આગલા જમાનાના ક્રાન્તિકારી વિચારોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ૧૬૮૮માં સરજાયેલી ક્રાન્તિને આધારભૂત ગણીને આ ચર્ચા આગળ ચલાવવામાં આવી છે. પરંતુ આ ક્રાન્તિ મધ્યમવર્ગ પૂરતી જ મર્યાદિત રહે, એ જાતના કટ્ટર રૂઢિચુસ્ત સામાજિક અને રાજકીય વિચારોના પડઘા એમાં સ્પષ્ટ સંભળાય છે. આ વિવાદમાં ફ્રેન્ચ ક્રાન્તિ પરના બર્કના પુસ્તકે અગત્યનો ભાગ ભજવ્યો હતો. લોકશાહીને સ્પર્શતા પ્રશ્નો સંબંધમાં બર્કે બે વિચારો રજૂ કર્યા. એનો એક વિચાર એ હતો કે સમાજની પ્રગતિ માટે ક્રાન્તિ એ યોગ્ય સાધન નથી, કારણ આ ક્રાન્તિની આગેવાની થોડા જ વખતમાં સમાજમાં સૌથી વધુ પ્રભાવશાળી લોકોના હાથમાં આવી જાય છે. ફ્રાન્સની ક્રાન્તિની શરૂઆતમાં જ એણે ભવિષ્ય ભાખ્યું હતું કે એની આગેવાની નવા ધનિકોના હાથમાં આવશે. તેમના તરફ લોકોમાં ઈર્ષ્યા અને દ્વેષભાવ વધશે અને અંતે રાજ્યનો કારભાર લશ્કરી વડાઓના હાથમાં ચાલ્યો જશે. અને થયું પણ એમ જ! આથી બર્કની પ્રતિષ્ઠા ઇંગ્લંડમાં ઘણી વધી ગઈ.

લોકશાહીને સ્પર્શતો બર્કનો બીજો વિચાર એ હતો કે મનુષ્યના કોઈ મૂળ સ્વભાવમાં કે નિસર્ગના કોઈ કાનૂનમાં મનુષ્યના હકોની આધારશિલા શોધવી વ્યર્થ છે. પરંપરાગત રીતરિવાજો અને માન્યતાઓ તથા લોકોનાં હિતોની જાળવણીની ભાવનામાં હકોનાં મૂળ રહેલાં છે. લાંબા કાળ સુધી જે રિવાજો કે માન્યતાઓ સ્વીકારાતાં આવ્યાં હોય તેમાં સમાજકલ્યાણનું કોઈ તત્ત્વ હોવું જ જોઈએ. મિલકતના હકનો ઉલ્લેખ કરીને

ઍડમન્ડ બર્ક
ક્રાન્તિ નહીં, ઉત્ક્રાન્તિ



પોતાના વિચારો સ્પષ્ટ કરતાં બર્કે કહ્યું કે ભૂતકાળના સાંસ્કૃતિક વારસામાંથી અને વર્તમાન પરિસ્થિતિમાં એના દ્વારા સધાતા વ્યક્તિગત હિતમાંથી આ હક પેદા થાય છે. આ વિચારો વધારે તો જમીનદાર વ્યક્તિના કુટુમ્બને માન્ય થાય એ પ્રકારના હતા. જમાનો બદલાયો હતો અને તેની સાથે મિલકતનું સ્વરૂપ પણ પલટાયું હતું. મિલકત ધરાવનાર વ્યક્તિ આર્થિક પ્રગતિમાં વધારે મોટો ફાળો આપી શકે એવી આર્થિક ભૂમિકા તૈયાર થતી હતી તેનું પ્રતિબિમ્બ આ વિચારોમાં પડતું નથી. આથી બર્ક ઉપર રૂઢિચુસ્ત હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

બર્કના વિચારોએ તથા ફ્રાન્સમાં બનતા બનાવોએ ઇંગ્લંડમાં એક મોટો વિવાદ જગાવ્યો. ફ્રાન્સના જેકોબિન પક્ષને લોકોએ ચૂંટેલી સભાનો ટેકો હતો અને તેમના વિરોધીઓ આ સભાની બહુમતીને નકારવા માગતા હતા એવી દલીલો રજૂ થઈ અને તેથી બ્રિટનમાં જે સંસદીય પ્રથા અસ્તિત્વમાં આવી હતી તેને આધારે બર્કના વિચારોનો વિરોધ કરવામાં આવ્યો. બર્કની તરફેણ કરનારાઓએ એ વાત આગળ ધરી કે, ફ્રાન્સનો બળવો શાહી તાજ તેમ જ ધાર્મિક સંસ્થાઓ સામેનો બળવો હતો. આના જવાબમાં સાર્વભૌમ સત્તા આખરે લોકોની જ છે અને એ સત્તાને જે પડકારે છે તે શિક્ષાને પાત્ર બને છે એવો મત રજૂ થયો. આમ, એક બાજુ, પરંપરાગત હકો અને તેને આધારે રાજાશાહી અને ઉમરાવોના દાવાઓનો બચાવ પ્રસ્તુત થયો; બીજી બાજુ, લોકોના નૈસર્ગિક હકોની તથા તેમના સાર્વભૌમત્વની દલીલ આગળ કરવામાં આવી.

લોકશાહીના વિચારો સ્પષ્ટ અને પરિપક્વ કરવામાં જૉન સ્ટુઅર્ટ મિલ(ઈ. સ. ૧૮૦૬–૧૮૭૩)નો ફાળો પણ અગત્યનો છે. વૈયક્તિક હકો કે સામાજિક બંધનો ઉપર એક યા બીજી દૃષ્ટિએ ચર્ચા કરવાને બદલે આ બેનો સમન્વય કરવાનો એણે પ્રયત્ન કર્યો. સમાજમાં તરેહ તરેહના માણસો વસે છે અને વસવા જોઈએ, કારણ આવા ભિન્ન પ્રકૃતિના માણસોના પરસ્પર સહકાર અને સાહચર્યથી જ મનુષ્યની શક્તિઓ ખીલે છે. પરંતુ મનુષ્યની ગર્ભિત શક્યતાઓ વાસ્તવિક બનાવવા માટે દરેક વ્યક્તિને પોતાના વિકાસ માટે અને પોતાની માન્યતાઓ રજૂ કરવા માટે પૂરી સ્વતંત્રતા હોય એ જરૂરી છે. સાથે સાથે ભિન્ન સ્વભાવના માણસોના બનેલા સમાજને વ્યવસ્થિત રાખવા માટે નિયંત્રણો પણ હોવાં જોઈએ, જે સમાજ અને રાજ્ય તરફથી નક્કી કરવામાં આવે છે. એટલે લોકશાહીનો મુખ્ય પ્રશ્ન એ છે કે વ્યક્તિ પર સમાજનો અંકુશ કેવા પ્રકારનો હોવો જોઈએ અને કેટલી હદ સુધી. આમ, સ્વતંત્રતા અને સામાજિક નિયંત્રણો વચ્ચેના સમન્વય ઉપર મિલે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેના મતે, વ્યક્તિના જીવનમાં માથું મારવા અંગે સમાજની સત્તાની મર્યાદાઓ નક્કી થવી જોઈએ; એ મર્યાદામાં રહીને જ સમાજ પોતાનાં નિયંત્રણો લાદી શકે.

જૂના જમાનામાં મોટા ભાગના લોકો તેમને સંરક્ષણ સાંપડી રહે તો સ્વતંત્રતા અંગે ઝાઝી ચિંતા કરતા ન હતા. પછી પરિસ્થિતિ બદલાઈ અને એવો વિચાર વ્યાપક બન્યો કે સમાજ અને લોકો વચ્ચે ભેદ પાડવો એ વાત જ ખોટી છે. સમાજ એટલે લોકો. લોકો જ પોતાના ઉપર નિયંત્રણ મૂકે છે. એટલે કે સમગ્ર રાષ્ટ્રની પોતાની ઇચ્છાશક્તિ પ્રમાણે કારભાર કરવાની સત્તા ઉપર કોઈ મર્યાદાઓ મૂકવાની જરૂર નથી. કારણ પોતાની જ ઇચ્છાશક્તિ ઉપર કાબૂ સ્થાપવાનો કશો અર્થ નથી. રાષ્ટ્રનો કારભાર લોકોની મરજી પ્રમાણે અને તેમના હિતમાં ચાલે એ માટે પ્રતિનિધિઓની ચૂંટણી કરવા પૂરતી, થોડા સમય માટે, વ્યક્તિઓના હાથમાં રાજ્યની સત્તા મૂકવાની પ્રથા જરૂરી છે. પરંતુ, વાસ્તવમાં આ સિદ્ધાન્ત અમલી બનતો જણાયો નહીં અને જેમના હાથમાં સત્તા હતી તેઓ લોકોની મરજી પ્રમાણે જ રાજ્યનો કારભાર ચલાવે એમ બન્યું નહીં. વળી લઘુમતીના વિચારો, માન્યતાઓ, રીતરિવાજોને બહુમતી ઠુકરાવે એવા બનાવો પણ અપવાદરૂપ ન હતા. આથી રાજ્યની સત્તા પર મર્યાદાઓ મૂકવા સાથે સમાજની બહુમતીની સત્તા પર મર્યાદા મૂકવાની જરૂર જણાઈ. પણ આવી મર્યાદાઓ મૂકવાનું કામ સહેલું નથી. કારણ બીજા પર જોહુકમી ચલાવી સંતોષ મેળવવો એ મનુષ્ય-સ્વભાવમાં જ છે. આથી વ્યક્તિના કેટલાક મૂળભૂત હકો સ્વીકારી એમાં રાજ્ય કે સમાજના



જૉન સ્ટુઅર્ટ મિલ

ઉપયોગ-સાપેક્ષ સ્વાધીનતા ?

જેરેમી બેન્થમ



બિનહસ્તક્ષેપનો સિદ્ધાન્ત સ્પષ્ટપણે સ્વીકારાય તો જ નિયંત્રણ અને સ્વાતંત્ર્ય વચ્ચે સુમેળ સાધી શકાય; નહીં તો લોકશાહી દ્વારા પણ વ્યક્તિના સ્વાતંત્ર્યનો નાશ થઈ શકે, એક જ વિચારધારા પ્રમાણે વિચારવાની અને વર્તવાની એને ફરજ પાડી શકાય. આમજનતા પણ રાજ્ય જેટલી જ આપખુદી કરી શકે એમ છે એ વાતના સ્વીકાર ઉપર જ લોકશાહીની ઇમારત ચણવાનો મિલે આગ્રહ રાખ્યો.

'ઑન લિબર્ટી'ના આ લેખકના મનમાં વ્યક્તિસ્વાતંત્ર્યના ખ્યાલનું સ્થાન પાયાનું છે. મિલનો ઉછેર બેન્થમ(ઈ. સ. ૧૭૪૮–૧૮૩૨)ની ગાઢ્બરી હેઠળની ઉપયોગિતાવાદી વિચારપરંપરામાં થયો હતો. ઉપયોગિતાવાદીઓ સ્વાતંત્ર્ય સહિત તમામ બાબતોને સુખ ને દુ:ખની સાદી કસોટીએ મૂલવતા. બેન્થમે 'વધુમાં વધુ લોકોના વધુમાં વધુ સુખ'નો ખ્યાલ વહેતો મૂક્યો. પણ સુખની એની સમજ મૂલ્યાત્મક કહી શકાય તેવી નહોતી — જેમ કે, જો જુદી જુદી વ્યક્તિઓને એકસરખો જ આનંદ મળતો હોય તો તે આનંદ શક્ય બનાવનાર પ્રવૃત્તિ — પછી તે પુશપિનની રમત હોય કે કવિતાનું લેખન — ઉપયોગિતાવાદીઓને મન સરખા જ મહત્ત્વની હતી. શું કવિતા, શું રમત — એમને કોઈ મૂલ્યવિવેક નહોતો. હતો કેવળ ઉપયોગિતાનો ખ્યાલ. સ્વાતંત્ર્યના વિચારને પણ એમણે એ રીતે જોયો. એથી ઊલટું, 'સંતુષ્ટ મૂરખ કરતાં અસંતુષ્ટ સૉક્રેટીસ થવું સારું' એવી સમજ ધરાવતા જૉન સ્ટુઅર્ટ મિલે સ્વાતંત્ર્યનું સ્વતંત્ર મૂલ્ય પ્રમાણ્યું.

## લોકશાહીના ખ્યાલનું વિસ્તરણ

### મતાધિકાર, પક્ષપ્રથા, સમાજવાદ, સમવાયવાદ

વિદ્વાનોમાં લોકશાહીની સમસ્યાઓ ઉપર આમ જોરથી ચર્ચાઓ ચાલતી હતી ત્યારે ઔદ્યોગિક યુગે સમૃદ્ધ બનાવેલા દેશોમાં અને ત્યાં પેદા થયેલા કામદારોના નવા વર્ગોમાં તત્કાલીન પરિસ્થિતિ બદલવા માટેની તમન્ના જાગી; કારણ જે પરિસ્થિતિમાં તેમને જીવવું પડતું અને કામ કરવું પડતું એ તેમને માટે અસહ્ય થઈ પડી. ખોરાક, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ બધી બાબતોમાં તેમને અન્યાય થતો જણાયો અને જ્યાં સુધી સત્તાનું સ્વરૂપ ન બદલાય ત્યાં સુધી તેમના દુ:ખનો અંત નહીં આવે એ માન્યતાએ તેમને રાજકારણમાં રસ લેતા કર્યા. આ માટે અનેક મંડળીઓ સ્થપાઈ. જાતજાતનાં આંદોલનો શરૂ થયાં.

એ બધાંમાં બ્રિટનમાંનું ચાર્ટિસ્ટ આંદોલન ખાસ ધ્યાન ખેંચે એવું છે. ઓગણીસમી સદીની અધવચમાં આ આંદોલન જોરદાર બન્યું. બ્રિટનના દરેક નાગરિકને ઔદ્યોગિક યુગની જાહોજલાલીના ભાગીદાર બનાવવાનું એનું ધ્યેય હતું. બ્રિટનમાં જે નવો વર્ગ સમૃદ્ધ થતો જતો હતો તેને પાર્લમેન્ટમાં પ્રતિનિધિત્વ મળે તો રાજ્યની સત્તાનો ઉપયોગ એના લાભમાં થઈ શકે એ ગણતરીને આધારે આ આંદોલન ઉપાડવામાં આવ્યું હતું. આ આંદોલનના એક ભાગ રૂપે લોકોની માગણીઓનું એક ખતપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું. એમાં કરાયેલી માગણીઓ ન્યાયી હતી : દા. ત. મતદારમંડળોના વિસ્તારો સરખા હોવા જોઈએ એ એમની પહેલી

માગણી હતી; પુખ્ત ઉંમરની દરેક વ્યક્તિને મતાધિકાર હોવો જોઈએ એ બીજી; મતદાન ગુપ્ત (બૅલટ) પદ્ધતિએ થવું જોઈએ એ ત્રીજી; મિલકત ધરાવનારાઓને જ મતનો અધિકાર આપવામાં આવ્યો હતો તે બંધન દૂર કરી બધાને જ મતાધિકાર આપવો એ ચોથી; અને દર વર્ષે પાર્લમેન્ટની નવી ચૂંટણી થવી જોઈએ એ પાંચમી. આમાંની છેલ્લી સિવાય બધી માગણીઓ બ્રિટનમાં હવે ક્યારનીયે સ્વીકારાઈ ચૂકી છે.

ઓગણીસમી સદીનો મધ્યકાળ બ્રિટન અને પશ્ચિમ યુરોપ માટે ઘણો તોફાની સમય હતો. ઠેરઠેર ક્રાન્તિની વાતો સંભળાતી હતી. તે અંગે છડેચોક તૈયારીઓ પણ થતી હતી. આ પ્રસંગે રૂઢિચુસ્તો કોઈ બાબતમાં જરા પણ નમતું આપવાને તૈયાર ન હતા; કારણ એથી ક્રાન્તિની જવાળામાં ઘી હોમાશે એવો એમને ભય હતો. એટલે ન્યાયી માગણીઓ પણ ઠુકરાવવામાં આવી અને લોકોનો ગુસ્સો ઓર વધ્યો. ૧૮૪૮–૪૯માં યુરોપમાં ઠેરઠેર બળવા થયા તેને દાબી દેવામાં આવ્યા એટલે ક્રાન્તિકારીઓનો ઉત્સાહ મંદ પડી ગયો.

પરંતુ આ શાન્તિ થોડા સમય માટેની હતી. ઔદ્યોગિક યુગ નવા કામદારવર્ગ(પ્રોલિટેરિયટ)ને જન્મ આપી રહ્યો હતો. શહેરોમાં આ વર્ગનું જીવન એટલું બધું મુશ્કેલીભર્યું હતું કે તેને સમગ્ર સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવસ્થા સામે રોષ જાગે એ સ્વાભાવિક હતું. આ રોષમાંથી લોકોએ પોતાની સ્થિતિ સુધારવા માટે જાતજાતના પ્રયોગો આરંભ્યા. કેટલાક લોકો આત્મશક્તિને આધારે તથા પરસ્પર સહાય કરી પોતાની સ્થિતિ સુધારવા માગતા હતા તેમણે સહકારી પ્રવૃત્તિઓનો આશ્રય લીધો; લુડાઈટો જેવા કેટલાક વળી યંત્રોમાં જ પોતાનાં બધાં દુ:ખોનું મૂળ જોવા લાગ્યા! તેમણે યંત્રો ભાંગી નાખી પૂર્વવત્ પરિસ્થિતિ પાછી લાવવાનો પ્રયત્ન કર્યો. કેટલાક સામાજિક ન્યાય માટે લડત ચલાવવાની વાતો કરવા લાગ્યા. એ સમાજવાદી કહેવાયા. કેટલાકને આર્થિક વ્યવસ્થાને બળપૂર્વક ઉથલાવી પાડી નવા સામ્યવાદી યુગની સ્થાપના કરવી હતી. તેમણે કામદાર સંગઠનોનું કામ ઉપાડી લીધું અને વર્ગવિગ્રહ માટે તૈયારીઓ કરવા માંડી. આ બધાં બળોની લોકશાહીના ઈતિહાસમાં ઘણી ઊંડી અસર પડી અને સમાજવાદનું એક નવું તત્ત્વ લોકશાહીની સમૃદ્ધ પ્રણાલિકામાં ઉમેરાયું.

બ્રિટનની ૧૬૮૮ની રક્તવિહીન ક્રાન્તિ, ઔદ્યોગિક ક્રાન્તિ, ફ્રેન્ચ ક્રાન્તિ અને અમેરિકાએ મેળવેલા સ્વાતંત્ર્યને પરિણામે જગતના ઈતિહાસમાં લોકશાહીનો એક નવો યુગ બેઠો. રાષ્ટ્રીયતાનો જન્મ થઈ ચૂક્યો હતો અને પશ્ચિમ યુરોપ તથા અમેરિકાના રાજદ્વારી પુરુષો પોતપોતાના દેશને અનુકૂળ લોકશાહી વ્યવસ્થા સર્જવાના કામમાં લાગી ગયા હતા.

બ્રિટનમાં રાજકીય પક્ષોના પાયા પર રચાયેલું રાજકારણ ધીમે ધીમે અસ્તિત્વમાં આવ્યું. વિગ અને ટોરી નામના બે પક્ષો સ્થપાયા અને તેમણે રાજકારભાર પોતાને હસ્તક લેવા માટે સ્પર્ધા કરવા માંડી. આ સમયમાં આ બે પક્ષોની નેતાગીરી કુલીન વર્ગના હાથમાં હતી. અને એ વર્ગનાં બે જૂથો સ્પર્ધામાં જોડાયાં હતાં. તેઓ પોતાના અનુયાયીઓને રાજ્યની તિજોરીમાંથી નાણાકીય મદદ કરતા, ઊંચા હોદ્દા આપતા, માનઅકરામ આપતા તથા નફાકારક વેપાર માટેના ઈજારા આપતા. તેમની વચ્ચે વૈચારિક મતભેદો પણ હતા. ટોરી પક્ષ સાધારણપણે રૂઢિચુસ્ત મનાતો, વિગ પક્ષ નવા જમાનાને અનુરૂપ બનવા પ્રયત્ન કરી રહ્યો હતો.


વેપારી વર્ગનું વર્ચસ વધતું જતું હતું અને કામદારોની હાડમારીનો પાર ન હતો. બ્રિટને પરદેશમાં સ્થાપેલા સામ્રાજ્યમાંથી કાચો માલ બ્રિટનમાં આવતો હતો અને એમાંથી યંત્રો દ્વારા તૈયાર થતા માલ માટે એ વસાહતો અને તાબેદારી નીચેના દેશો બજારો પૂરાં પાડતાં હતાં. આમ બ્રિટનમાં મૂડીનું સર્જન થતું હતું અને ઉદ્યોગો ઝડપથી આગળ ધપતા હતા.

પ્રજાનું પ્રતિનિધિત્વ મેળવનાર રાજદ્વારી પુરુષોએ ધીમે ધીમે સત્તા પોતાને હાથ કરવા માંડી. કૅબિનેટ પ્રથાનો જન્મ થયો તેને પરિણામે પ્રધાનો સંસદને જવાબદાર બન્યા. રાજાએ રાજકારભારમાં હસ્તક્ષેપ કરવાનું ઓછું કર્યું અને સત્તા માટે સ્પર્ધા કરતાં જુદાં જુદાં જૂથો વચ્ચે મધ્યસ્થીનું સ્થાન તાજ(ક્રાઉન)ને

પ્રાપ્ત થયું. જોકે, હજી પુખ્ત વયના બધા લોકોને મતાધિકાર મળ્યો ન હતો. મિલકત ધરાવનારાઓનું જ પ્રતિનિધિત્વ પાર્લમેન્ટ ધરાવતી હતી. વળી, ઔદ્યોગિક ક્રાન્તિએ તારાજ કરેલા પ્રદેશોમાં વસ્તી ઘણી ઓછી હોવા છતાં તેમના મતાધિકાર કાયમ હતા આથી એ પ્રદેશના જમીનદારો આપોઆપ ચૂંટાઈ આવતા. જરૂર પડયે પૈસા આપી મતો ખરીદી માલેતુજારો પાર્લમેન્ટમાં દાખલ થતા. આ બધી બદીઓ નાબૂદ કરવા માટેનું ક્રાન્તિકારી ચાર્ટિસ્ટ આંદોલન નિષ્ફળ ગયું હતું. છતાં બ્રિટનમાં ધીમે ધીમે આધુનિક સંસદીય પ્રથાના પાયા નંખાતા હતા.

અમેરિકાએ જુદું ધોરણ અપનાવ્યું હતું. અલગ અલગ વસાહતીઓ પણ પોતાનું સ્વાતંત્ર્ય સંપૂર્ણપણે જતું કરવા માગતા ન હતા. બ્રિટનની જોહુકમી વિરુદ્ધ બધા ભેગા થઈ ચૂકયા હતા. આથી જ્યારે પ્રતિનિધિઓ બંધારણ ઘડવા ભેગા મળ્યા ત્યારે તેમણે સમવાયતંત્રની પસંદગી કરી. એ મુજબ કેન્દ્રના હાથમાં અમુક ચોક્કસ સત્તાઓ અને બાકીની બધી સત્તાઓ રાજ્યોને સોંપવામાં આવી. ત્યાં હજી રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા ન હતા; પણ સમવાયતંત્રમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની વહેંચણી કેમ કરવી એ અંગે બંધારણસભાના સભ્યો વચ્ચે મતભેદો હતા અને તેથી 'ફેડરલિસ્ટ' જૂથ રચાયું હતું. બંધારણસભાએ જૉન લૉક અને મૉન્તેસ્કના વિચારો પર અમેરિકાનું બંધારણ રચવાનો પ્રયત્ન કર્યો હતો. રાષ્ટ્રપ્રમુખને લોકોના પ્રતિનિધિઓ ચૂંટતા. કૉંગ્રેસમાં 'સેનેટ' અને 'હાઉસ ઑફ પીપલ્સ' નામનાં બે ગૃહો હતાં. તેમના હાથમાં કાયદાઓ ઘડવાની, નાણાકીય જોગવાઈઓ કરવાની, યુદ્ધ અને સુલેહ અંગે નિર્ણયો લેવાની વગેરે સત્તાઓ હતી. રાષ્ટ્રપ્રમુખના હાથમાં વહીવટી સત્તાઓ હતી. બેઉનાં કાર્યક્ષેત્રો અલગ રાખવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો અને પોતપોતાના ક્ષેત્રમાં બેઉ સ્વતંત્ર હતાં. સેનેટની ચૂંટણી દર બે વર્ષે થતી અને તેમાં સેનેટના ત્રીજા ભાગના સભ્યોને ચૂંટી કાઢવામાં આવતા. અને તેઓ છ વર્ષ સુધી સભ્યપદ ભોગવતા. 'હાઉસ ઑફ પીપલ્સ' અને રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી દર ચાર વર્ષે થતી. આ ચૂંટણીપ્રથામાં રાજ્યોને કેન્દ્રના કારભારમાં પોતાનો સૂર ઉઠાવવાની પૂરી તક મળે એ જાતની વ્યવસ્થા રાખવા પ્રયત્નો થયા હતા. જોકે 'હાઉસ ઑફ પીપલ્સ'ની ચૂંટણી વસ્તીના ધોરણે થતી, જ્યારે સેનેટમાં દરેક રાજ્ય બે પ્રતિનિધિઓ મોકલતું. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી અટપટી હતી પણ એમાં વધુ વસ્તી ધરાવતાં રાજ્યોનું વર્ચસ રહે એવી એની પ્રથા હતી. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટના હાથમાં કેન્દ્રના કાયદાનો અમલ કરાવવાની તથા બંધારણનું રક્ષણ કરવાની સત્તા હતી. આમ, સત્તાની વહેંચણી અને એકબીજા પર અંકુશો રાખી સમતોલ વહીવટી તંત્ર ઊભું કરવાનો પ્રયત્ન થયો હતો. કાળે કરીને એમાં મોટા ફેરફારો થયા. મૂળભૂત હકોને બંધારણમાં સ્થાન મળ્યું. કેન્દ્રની સત્તા વધી. રાષ્ટ્રપ્રમુખને માથે મોટી જવાબદારીઓ આવી પડી. પણ બંધારણના મૂળ પાયા અને સિદ્ધાન્તોમાં મોટા ફેરફારો કરવાની જરૂર ન પડી એ માટે અમેરિકન પ્રજા આજે પણ મગરૂર છે.

ફ્રેન્ચ ક્રાન્તિ પછી ફ્રાન્સમાં વખતોવખત ક્રાન્તિઓ થયાં જ કરી. થોડો વખત રાજાશાહી ચાલતી, પછી પ્રજાતંત્ર આવતું. પ્રજાતંત્રના બંધારણમાં પણ ફેરફારો થતા રહ્યા. આ બધાં પ્રજાતંત્રીય બંધારણોમાં રાષ્ટ્રપ્રમુખ, વડા પ્રધાન અને ધારાસભાની જોગવાઈ હતી. અને આ બંધારણીય ફેરફારોનું મુખ્ય કામ આ ત્રણ વચ્ચે સત્તાની અલગ અલગ રીતે વહેંચણી કરવાનું હતું. કોઈક વાર રાષ્ટ્રપ્રમુખના હાથમાં વધારે સત્તા આવતી તો કોઈક વાર વડા પ્રધાનના હાથમાં. વહીવટી તંત્ર પર ધારાસભાનો પ્રભાવ કયારેક વધતો, કયારેક ઘટતો. બ્રિટન જેવી દ્વિપક્ષી પ્રથાને બદલે ફ્રાન્સમાં બહુપક્ષીય રાજકારણ અસ્તિત્વમાં આવ્યું. રોમન કૅથલિક ચર્ચ રાજકારભારમાં રસ લેતું, રાજાશાહીના પક્ષકાર કહી શકાય એવા પક્ષો પણ ત્યાં હતા. તો વળી, લોકશાહી સ્થાપવાના મનસૂબા સેવતા પક્ષ પણ હતા અને ઓગણીસમી સદીમાં ઉદ્દામ વિચારના, સમાજવાદી, સામ્યવાદી વગેરે જૂથો અસ્તિત્વમાં આવ્યાં હતાં. આ બધાં પોતપોતાનાં મંતવ્યો માટે ખૂબ આગ્રહ રાખતાં અને તેથી ત્યાં બહુપક્ષીય રાજકારણ જામ્યું.



**ચાર્ટિસ્ટ દેખાવો, ૧૮૪૮**

દરમ્યાનમાં, ફ્રેન્ચ ક્રાન્તિએ પશ્ચિમ યુરોપમાં અનેક વિચારધારાઓ પણ જન્માવી હતી, તેને લીધે લોકશાહીનાં ઘણાં પાસાંની સુંદર છણાવટ થઈ. જર્મની, બ્રિટન, ફ્રાન્સ વગેરે દેશોમાં આ વિચારધારાઓની ઘણી અસર પડી. રાજ્યબંધારણ અને વહીવટમાં પણ એના પડઘા પડ્યા. આમ લોકશાહીની ભાવના પરિપુષ્ટ થઈ અને એને વ્યવહારમાં સાકાર કરવાના પણ પ્રયત્નો ચાલુ રહ્યા. એ પ્રયત્નોએ અનેક સમસ્યાઓ ઊભી કરી અને તેના નિરાકરણ માટેના ઉપાયો ઉપર આજ સુધી વિવાદો ચાલુ છે.

આ બધાના મૂળમાં મુખ્ય સવાલ એ જ છે કે સામાજિક જીવન વ્યવસ્થિત બનાવવા માટે અનિવાર્ય અંકુશો કોણ મૂકી શકે, એ માટેની સત્તાનો આધાર શો, એ સત્તાનો દુરુપયોગ ક્યારે થયો ગણાય, દુરુપયોગ થાય તો વ્યક્તિઓને અને વ્યક્તિસમૂહોને એની સામે બળવો કરવાનો અધિકાર ખરો કે નહીં? વ્યક્તિસ્વાતંત્ર્ય-ની ભાવનાનાં મૂળ શામાં છે? આ સ્વાતંત્ર્યને મર્યાદાઓ છે? મર્યાદાઓ હોય તો તે કોણ નક્કી કરે? વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને રાજ્યની વધતી જતી સત્તા વચ્ચે મેળ કેમ સધાય?

## વ્યક્તિ પર સમષ્ટિનું આધિપત્ય

### હેગલ

જર્મન ફિલસૂફોએ પોતાની રીતે આવા બધા સવાલોનો જવાબ આપવાનો પ્રયત્ન કર્યો; જેની અસર લોકશાહીના ઇતિહાસ ઉપર મોટા પ્રમાણમાં પડી. ફ્રેન્ચ ક્રાન્તિએ રજૂ કરેલી ઉદાત્ત ભાવનાઓથી અને નેપો-લિયને મધ્ય યુરોપના શહેનશાહોને કરેલા પડકારથી પ્રથમ તો આ ફિલસૂફો ઘણા પ્રભાવિત થયા હતા. આજ પૂર્વે સ્વાતંત્ર્યની ભાવના જર્મન પ્રદેશમાં પાંગરી ન હતી, એટલે ત્યાંના ફિલસૂફોનાં મન પર એણે ઊંડી છાપ પાડી. પણ નેપોલિયનના લશ્કરીઓની વર્તણૂક તથા ફ્રાન્સમાં ભભૂકી ઊઠેલી રાષ્ટ્રભાવનાએ તેમને ચોંકાવ્યા અને તેઓ પાછા રાજ્યની સત્તા વધારવાની તરફેણ કરવા લાગ્યા અને સ્વાતંત્ર્યની ભાવનાની નુકતેચીની

પણ એમણે કરી. જર્મનીની પ્રતિષ્ઠા વધારવાની ત્યાંના ફિલસૂફોને તાલાવેલી લાગી. આમ, બિસ્માર્ક (ઈ. સ. ૧૮૧૫–૧૮૯૮) માટે માર્ગ ખુલ્લો થયો; કારણ જર્મન રાજ્યો નાનાં હોઈ એ રાજ્યોને કડક શિસ્તથી ભેગાં કરી એક મહાન રાષ્ટ્ર સરજ્યા સિવાય ફ્રાન્સનો મુકાબલો શક્ય ન હતો.

આ સંક્રમણકાળના ફિલસૂફોમાં જે. જી. ફિકટે(ઈ. સ. ૧૭૬૨–૧૮૧૪)એ સ્વીકાર્યું કે સામાજિક જીવન વગર મનુષ્યના વ્યક્તિત્વની ખિલવણી શક્ય નથી એટલે રાષ્ટ્રસમાજનું સર્જન એ કુદરતી નિયમોનો જ આવિષ્કાર છે. સામાજિક કરારોને બદલે એણે 'સમાજ, એક જીવંત વ્યક્તિ' શરૂઆતથી જ છે અને વખત જતાં એ પરિપુષ્ટ બને છે એવો સિદ્ધાન્ત પ્રસ્તુત કર્યો. આમ, સમાજ પરત્વે યંત્રવાદી વિચારને બદલે સેન્દ્રિય (ઑર્ગેનિક) અભિગમ શરૂ થયો. સામાજિક કરારના અતિવાદ સામેનો એ એક મહા પ્રત્યાઘાત હતો.

સમાજના વ્યક્તિત્વની ભાવનાને હેગલ (ઈ. સ. ૧૭૭૦–૧૮૩૧) દ્વારા વેગ મળ્યો. ફિખ્ત અને બીજા જર્મન યુવાનોની જેમ હેગલ પણ ફ્રેન્ચ ક્રાન્તિના જાદુ નીચે આવ્યો હતો અને મનોવિકાસની ઉષાના એક જ્વલન્ત પ્રતીક તરીકે એણે એને વર્ણવી હતી. ફ્રેન્ચ રાષ્ટ્રે શોણિતસ્નાન કરી અનેક જુનવાણી બની ગયેલી સંસ્થાઓને ફગાવી દીધી હતી એમ માની એણે એની પ્રશંસા કરી. પણ પાછળથી એના વિચારોએ પલટો લીધો. સ્વતંત્ર મનુષ્યને ઇતિહાસે ઘડ્યો છે, સમાજે એને પોષ્યો છે એ વાતનું એને ભાન હોવું જોઈએ અને તેથી સમાજને એણે માન આપવું જોઈએ. આમ થતાં વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક નિયમનો વચ્ચે એકતા લાવી શકાશે. ઇતિહાસમાં ઈશ્વરનો સંકલ્પ (આઇડિયા) સાકાર થતો હોવાથી ઐતિહાસિક બળોને સમજી, એ બળોના આવિષ્કારના નિયમો પિછાની, મનુષ્યે એમને તાબે થવું જોઈએ. આધુનિક રાજ્ય (એની નજરમાંનું પ્રશિયન સામ્રાજ્ય) ઈશ્વરી સંકલ્પ અને ઇતિહાસની નીપજ છે એમ માની એણે એને વફાદાર રહેવાનો બોધ કર્યો. ક્રાન્તિ તો શું પણ બ્રિટનના ૧૮૩૨ના સંસદીય સુધારાઓ પણ એને અતાર્કિક લાગ્યા અને એ વ્યક્તિસ્વાતંત્ર્યની જૂઠી ને અવાસ્તવિક ભાવના પર રચાયેલા હોઈ બ્રિટનને હાનિકર્તા જ નીવડશે એમ એણે જણાવ્યું.

ગ્રીકોએ નગરરાજ્યોને વ્યક્તિજીવનમાં હસ્તક્ષેપ કરવાની જે સત્તા આપી હતી તેવી સત્તા તેના સમયના શક્તિશાળી રાજ્યને હોવી જોઈએ એમ તે માનતો હતો. નગરરાજ્યના પ્રાચીન ગ્રીક ખ્યાલમાં નાગરિક અને રાજ્ય વચ્ચે એવો ગાઢ સંબંધ અભિપ્રેત હતો કે વ્યક્તિ વિશે સ્વતંત્ર રીતે, સમુદાયનિરપેક્ષપણે, તેઓ વિચારી શકતા જ નહીં. ઍરિસ્ટૉટલે જે રાજ્ય વગર રહી શકે તેને 'દેવ' કે 'પશુ' એવી સંજ્ઞા આપેલી —અર્થાત્ મનુષ્ય તો રાજ્ય વિના સંભવે જ નહીં. આ સંજોગોમાં રાજ્ય સર્વ સામાજિક સંસ્થાઓમાં ચડિયાતું



ફિખ્તે

હેગલ





થારો



કાન્ટ



કાર્લાઇલ

હોય — એટલું જ નહીં, એ સર્વાશ્લેષી પણ બની રહે. આધુનિક પરિભાષામાં કહીએ તો 'વ્યક્તિ' અને 'નાગરિક' વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખા લોપાઈ જાય તેવું ગ્રીક દૃષ્ટિબિન્દુ હતું. પોતાનું નગરરાજ્ય ગ્રીક ચિન્તકોને મન એક નૈતિક સમુદાય સમું હતું. એમના આ દર્શને હેગલ આદિની મનોવૃત્તિને એવી તો મોહિની લગાડી કે એમણે રાષ્ટ્ર-રાજ્યમાં એવા જ ઉચ્ચતમ નૈતિક આવિષ્કારનું આરોપણ કર્યું.

રૂસોએ સમષ્ટિના સંકલ્પની જે ભાવના રજૂ કરી હતી તે હેગલને માન્ય હતી. પણ રૂસોની ઇચ્છાશક્તિ વ્યક્તિની ઇચ્છાશક્તિમાંથી પૂરી સભાનતા સાથે સામાજિક કરારો દ્વારા ઊભી કરવામાં આવી હતી; તેમાં અબાધિત દૈવી શક્તિનું પ્રભુત્વ નકારવામાં આવ્યું હતું. આથી એ એક ઝગમગતા પ્રભાવશાળી રાજ્યની બધી સંસ્થાઓ અને રિવાજોની દ્યોતક બની. આની સામે હેગલે વાસ્તવમાં વ્યક્ત થતી ઈશ્વરની સંકલ્પશક્તિ જ દ્વન્દ્વાત્મક નિયમોના આધારે કામ કરે છે એવો દાવો કર્યો અને મનુષ્ય એને સમજે કે ન સમજે પણ એણે એને વશ થવું જોઈએ, એવો સિદ્ધાન્ત પ્રસ્તુત કર્યો. રાજ્ય એ અનન્ત શક્તિનો પરિપાક છે. સ્વતંત્ર માનવની સંકલ્પશક્તિનો એ આવિષ્કાર છે. ઇતિહાસમાં જે એક દૈવી વિચાર યુગે યુગે નવાં નવાં સ્વરૂપે સાકાર થતો જાય છે તે જ મનુષ્યની પ્રગતિનું સાચું એંધાણ છે. આ રાજકીય સંસ્થાઓને વશ થવામાં જ મનુષ્ય પોતાનું અન્તિમ કલ્યાણ સાધે છે, કારણ એથી એ એક સભાન વિકસતી સંસ્કૃતિનો વારસદાર બને છે.

આમ, કલ્પનાશીલ જર્મન ફિલસૂફો રાજ્યની અમર્યાદિત શક્તિની તરફેણ કરી રહ્યા હતા. લોકશાહી જે ઉદ્દેશો સિદ્ધ કરવા મથે છે તે ખરેખર તો આપખુદ રાજ્યસત્તાને તાબે થવાથી જ સિદ્ધ થઈ શકે એ આ ફિલસૂફોના વિચારોનો સારાંશ હતો.

આ જર્મન ફિલસૂફોના વિચારોના પડઘા બ્રિટનમાં પણ પડ્યા હતા. કાર્લાઇલે (ઈ. સ. ૧૭૯૫–૧૮૮૧) વળી રાજ્યને સ્થાને અબાધિત સત્તા ધરાવતા એક નેતાની ભાવના રજૂ કરી. લોકશાહીની ધામધૂમો, અવાજો, ગરબડો, તોફાનો, મતપેટીના ખડખડાટો પાછળ એને એક જ અવાજ સંભળાયો : લોકો પોકારે છે, 'અમને એક નેતા આપો; ખરેખરો નેતા — બનાવટી નહીં! એક એવો નેતા જે અમને સારે માર્ગે દોરે જેથી અમે એને વફાદાર રહી શકીએ. અને હવે અમને કોઈ ચિંતાનું કારણ નથી એની ખાતરી થાય.' જે નેતાઓ સાર્વત્રિક મતાધિકારના જોરે '૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ'નો કબજો લે છે, વર્તમાનપત્રોના જોરે લોકોને અંધારામાં રાખે છે, તેઓ ઇંગ્લંડને ઈશ્વરના પન્થે પાછા લાવી શકે એમ નથી. એને માટે તો બુદ્ધિમાન નેતાઓની જરૂર છે. એમણે એમના અનુયાયીઓને અનુસરવાનું નથી, પણ એમને માર્ગદર્શન આપવાનું છે. આમ, વીરપૂજા(હીરો-વર્શિપ)ની ભાવના પ્રસ્તુત થઈ.

# સમષ્ટિ સામે વ્યક્તિની સરસાઈ

બીજી બાજુ, ઔદ્યોગિક ક્રાન્તિએ શહેરોમાં વધારી દીધેલી વસ્તીએ સરજેલી પરિસ્થિતિ અને કામદારોને ભોગવવી પડતી અસહ્ય મુશ્કેલીઓએ કેટલાક વિચારકો અને સામાજિક વિષયોમાં રસ લેતા કાર્યકરોને શહેરી-જીવન ફગાવી તેને બદલે સ્વાયત્ત, સ્વતંત્ર નાની નાની વસાહતો ઊભી કરવા તરફ પ્રેર્યા.

આ પ્રવૃત્તિને વૈચારિક આધાર આપવાના પ્રયત્નો પણ થયા. બ્રિટનમાં 'મૅન્ચેસ્ટર સ્કૂલ' નામની વિચાર-ધારાએ વ્યક્તિગત સાહસિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાની અને વ્યક્તિ પોતે સમજપૂર્વક પોતાનાં સાચાં હિત શેમાં છે તે સમજી તે પ્રમાણે આચરણ કરી શકે એ જાતની પરિસ્થિતિ સરજવાની હાકલ કરી. દરેક મનુષ્યને પોતે કમાયેલી સંપત્તિનો પોતાની મુનસફી પ્રમાણે ઉપયોગ કરવાનો હક આ વિચારધારાએ સ્વીકાર્યો અને આવા ઉપયોગ વચ્ચે કોઈ પણ દરમ્યાનગીરી ગેરવાજબી છે એમ જાહેર કર્યું. આ વિચારકોને કોઈ પણ સરકારી દરમ્યાનગીરી તરફ નફરત હતી, કારણ એમાંથી કલ્યાણ નીપજી શકે એવો એમને વિશ્વાસ ન હતો. એમનું કહેવું હતું કે રાષ્ટ્રની મહત્તા એના નાગરિકો અને વેપારીઓ દ્વારા મપાય છે — નહીં કે સૈનિકો અને રાજકીય પુરુષો દ્વારા.

જર્મન ફિલસૂફ ઈમેન્યુઅલ કાન્ટ(ઈ. સ. ૧૭૨૪–૧૮૦૪)નું એમ કહેવું હતું કે બુદ્ધિ-આધારિત વિશ્વ-તત્ત્વે દરેક મનુષ્યને કેટલાક હકો બક્ષ્યા છે જેનો રાજ્યના વડાએ સ્વીકાર કરવો જોઈએ. મનુષ્ય તરીકે એ સ્વતંત્ર જીવન ગાળી શકે અને નાગરિક તરીકે સમાન હકો ભોગવી શકે એવી વ્યવસ્થા થવી જોઈએ. જન્મના ધોરણે ઉમરાવો જે હકો ભોગવી રહ્યા છે તે આ વિશ્વતત્ત્વની વિરુદ્ધ જાય છે. દુનિયામાં એક બુદ્ધિમત્તા-ભર્યું નૈતિક તત્ત્વ શાસન કરી રહ્યું છે. આને જ લોકો ઈશ્વર કહે છે. આ તત્ત્વ સામે બળવો કરવો નિરર્થક છે. દરેક મનુષ્યને પોતાનું સુખ સાધવાનો અધિકાર છે — માત્ર, બીજાના સુખની શોધમાં એથી વિક્ષેપ ન પડવો જોઈએ. આમ દરેક મનુષ્યની શક્તિ, બુદ્ધિશક્તિ, ખીલે છે અને ન્યાયભાવના આ બુદ્ધિ પર આધારિત બને છે.

અમેરિકામાં થૉરો(ઈ. સ. ૧૮૧૭–૧૮૬૨)એ પણ એ જ વ્યક્તિવાદ આગળ કર્યો. 'એ જ સરકાર સૌથી ઉત્તમ કે જેને શાસન કરવાનું નહીં જેવું જ હોય.' બહુમતી પર આધારિત સરકાર મનુષ્ય સમજી શકે તેટલા પ્રમાણમાં પણ ન્યાયભાવનાનું અનુસરણ કરી શકતી નથી. તૉલ્સ્તૉય (ઈ. સ. ૧૮૨૮–૧૯૧૦), ક્રૉપૉટ્કિન (ઈ. સ. ૧૮૪૨–૧૯૨૧), બાકુનિન (ઈ. સ. ૧૮૧૪–૧૮૭૬) વગેરે રૂસી વિચારકો પણ આવા આત્યંતિક વ્યક્તિવાદને જ વત્તેઓછે અંશે વરેલા હતા.



ક્રૉપૉટ્કિન

બાકુનિન



# ૫ : અર્વાચીન લોકશાહી અને તેના હરીફો

ગરીબ માણસોને ઔદ્યોગિક યંત્રના પંજામાંથી ઉગારી લેવા માટે રૉબર્ટ ઓવને (ઈ. સ. ૧૭૭૧–૧૮૫૮) સહકારી ધોરણે નાની નાની વસાહતો ઊભી કરવા પ્રયત્ન કર્યો. 'સોશિયાલિસ્ટ' (સમાજવાદી) શબ્દ પહેલવહેલો ૧૮૨૭માં વપરાયો તે પણ ઓવનના અનુયાયીઓ વિશે. સરકારનો ઉદ્દેશ પ્રજા તેમ જ શાસકોને સુખી બનાવવાનો છે. આને માટે સારું શિક્ષણ જરૂરી છે. માણસ સુખી થવાની આશા લઈને જ જન્મે છે. જો એને યોગ્ય જ્ઞાન આપવામાં આવે તો એની આ આશા ફળે છે. વિશિષ્ટ સદાચારી પુરુષો જો યોગ્ય સામાજિક વાતાવરણ સરજે તો સમાજની દરેક વ્યક્તિ પ્રજ્ઞાવાન બની શકે. આવા સમાજમાં સહકારી ધોરણે સામાજિક અને આર્થિક રચના કરવામાં આવે તો આર્થિક સામ્યવાદ અને રાજકીય સ્વતંત્રતા વચ્ચે મૈત્રી સાધી શકાય. ૧૮૨૪માં ઈન્ડિયાના ખાતે 'ન્યૂ હાર્મની' નામની જાગીરમાં એણે આ વિચારો પર આધારિત નાના સમાજો રચવાનો પ્રયત્ન પણ કર્યો. પાર્લમેન્ટ મજર-હિતના કાયદા ઘડે તે માટે પણ એણે લડત આપેલી.

આમ ચાર્ટિસ્ટ આંદોલન અને સહકારી ધોરણના અખતરાઓનું તત્કાલ પરિણામ ન દેખાતાં, ઉદ્યોગીકરણની માત્રા તેજ બનતાં, અને કામદારોની મુશ્કેલીઓ વધતાં, ન્યાયભાવનાથી પ્રેરાયેલા વિચારકો સમાજમાં ક્રાન્તિના પંથે વળ્યા. વિલિયમ મૉરિસ (ઈ. સ. ૧૮૩૪–૧૮૯૬) જેવાએ સંસદીય લોકશાહીનો વિરોધ કર્યો. એમનું કહેવું હતું કે પૈસાદાર વર્ગ પ્રતિક્રાન્તિની તૈયારી કરી રહ્યો છે અને એને માટે લશ્કરી તાકાત જમા કરી રહ્યો છે. સરકાર આ બધું તટસ્થતાથી નિહાળી રહી છે. હવે બે વિકલ્પોમાંથી ગમે તે એક જ સવાલ છે. કાં તો ગણ્યાગાંઠ્યા અતિ ધનિક વર્ગનું શાસન આવે અને સમાજના બીજા બધા વર્ગના લોકો ગુલામ બને અથવા સમતા અને સામ્યવાદ પર રચાયેલો સમાજ સ્થપાય. સંત-સાઈમને (ઈ. સ. ૧૭૬૦–૧૮૨૫) એવું જણાવ્યું કે કોઈ પણ સમાજની અંદર મિલકતના હકો કેવી રીતે વહેંચાયેલા છે તેના પરથી તેનું સ્વરૂપ નિર્ધારિત થાય છે. જે મિલકત કંઈ કામ ન આપતી હોય અને જે હરીફાઈ ઉપર સામાજિક અંકુશ ન હોય તેનો એણે વિરોધ કર્યો અને વારસાની પ્રથા નાબૂદ કરવાનો અનુરોધ કર્યો. અંતે, વિચારવન્ત મનુષ્યો શાસનની ટોચે હોવા જોઈએ એવું ભારપૂર્વક પ્રતિપાદન કર્યું. ચાર્લ્સ ફૂર્યે(ઈ. સ. ૧૭૭૨–૧૮૩૭)એ વેતનવિહીન સમાજની ભાવના રજૂ કરી. નાનાં નાનાં જૂથોમાં જેને જે ગમે તે કામ કરવાની દરેકને છૂટ હોય એવી વ્યવસ્થા માટે આગ્રહ કર્યો.



વિલિયમ મૉરિસ

ચાર્લ્સ ફૂર્યે



પિયર જોસેફ પ્રૂદોં(ઈ. સ. ૧૮૦૯–૧૮૬૫)એ દરેક કુટુમ્બ પાસે 'ત્રણ એકર જમીન અને એક ગાય' હોય એવી વ્યવસ્થાનો અનુરોધ કર્યો. સમાજવાદનો ઉદ્દેશ બધાને સમાન મિલકતના હકો આપવાનો છે. કામદાર વર્ગ કરતાં નાના ખેડૂતો અને કારીગરો એના વિચારો વધારે જલદી અપનાવશે એમ એને ભરોસો હતો. એના મતે, માણસનું સ્વમાન, એની પ્રતિષ્ઠા તથા એના નૈસર્ગિક હકો વગેરેનું ઈજારાશાહી સામે રક્ષણ કરવાનું કામ સમાજવાદનું છે. મિલકત એ ચોરી છે એવી એણે ગર્જના કરી. બર્નાર્ડ શૉએ એમની લાક્ષણિક રીતે કહ્યું છે કે મિલકત વિશે આ જ એકમાત્ર સાચું વિધાન છે! પ્રૂદોં મિલકતનો વિરોધી ન હતો પણ મિલકત ધરાવનારને બીજાનું શોષણ કરવાની શક્તિ મળે છે, તેનો એને વાંધો હતો. એણે સમવાયતંત્રનો સિદ્ધાન્ત રજૂ કરી સત્તા અને સ્વાતંત્ર્ય વચ્ચે સુમેળ સાધવાનો પ્રયત્ન કર્યો. કેન્દ્ર સરકાર પર નિયંત્રણ રહે અને વ્યક્તિસ્વાતંત્ર્યના હકોની રક્ષાની બાંયધરી મળે એવી જાતનું બંધારણ એને જોઈતું હતું. સામાજિક ક્રાન્તિ માટે બળની જરૂરિયાત એ સ્વીકારતો ન હતો, કારણ માનવીની બુદ્ધિશક્તિમાં એને શ્રદ્ધા હતી. એ સમાજવાદની જેમ જ લોકશાહીનો પણ સમર્થક હતો.

## માર્ક્સ અને માર્ક્સવાદ

પરંતુ સમયનાં વહેણ આ બધી વિચારધારાની વિરુદ્ધ હતાં. કામદારોને ક્રાન્તિ જોઈતી હતી. આવેશમાં આવીને કેટલાક તો યંત્રો તોડીફોડી નાખવાની પ્રવૃત્તિ તરફ આકર્ષાયા હતા. વિચારકો કોઈ નવા પયગામની રાહ જોઈ રહ્યા હતા. અને યુરોપમાં આર્થિક અને રાજકીય પરિવર્તનોના એ યુગમાં સાધારણ માણસ મૂંઝાતો હતો, ઉશ્કેરાતો હતો, નિઃસહાયતા અનુભવતો હતો, એકલતાથી ગભરાતો હતો. આ પરિસ્થિતિમાં કાર્લ માર્ક્સ (ઈ. સ. ૧૮૧૮–૧૮૮૩) અને ફ્રેડરિક એન્જલ્સે (ઈ. સ. ૧૮૨૦–૧૮૯૫) એક નવી જ વિચારધારા પ્રસ્તુત કરી. જર્મનીના બીજા કેટલાક રાજકીય વિચારકોની જેમ કાર્લ માર્ક્સ પણ શરૂઆતમાં ફિલસૂફીનો અભ્યાસ કરતો. ગ્રીક અને લૅટિન ભાષાઓમાં લખાયેલાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનો અભ્યાસ કરી એનો સારાંશ વિદ્યાર્થી-જીવનમાં એ કાઢતો. કાન્ટ અને ફિખ્તનાં દર્શનોનો એણે ઊંડો અભ્યાસ કર્યો હતો. પણ એમના અમૂર્ત આદર્શ-વાદના સિદ્ધાન્તોથી એને સંતોષ થયો નહીં. આથી પછી એ હેગલ તરફ વળ્યો. હેગલના તત્ત્વજ્ઞાનની એના મન પર ઊંડી છાપ પડી. ૧૮૪૧માં ડૉક્ટર ઑફ ફિલૉસૉફીની પદવી પ્રાપ્ત કરી એણે પત્રકારત્વમાં ઝંપલાવ્યું.

અર્થશાસ્ત્ર તરફના આકર્ષણમાંથી એ સમાજવાદ તરફ ઢળ્યો. 'ફ્રાન્કો-જર્મન ઈયરબુક' નામની ગ્રંથાવલી-નું સંપાદન કરવા ૧૮૪૩માં એ પૅરિસ ગયો. ત્યાં ફ્રાન્સના સમાજવાદીઓ સાથેની વાતચીતમાં એના રાજકીય અને આર્થિક વિચારો પરિપક્વ બન્યા. આ વિચારો એણે 'લીગ ઑફ ધ કૉમ્યુનિસ્ટ' માટે લખેલા 'કૉમ્યુનિસ્ટ મૅનિફેસ્ટો'('સામ્યવાદી ઢંઢેરો')માં રજૂ કર્યા. ઈ. સ. ૧૮૪૮માં પ્રગટ થયેલો આ ઢંઢેરો આજ સુધી માર્ક્સ-વાદીઓ માટે એક આધારભૂત દસ્તાવેજ રહ્યો છે. એનું મૂલ્યાંકન કરતાં હેરલ્ડ લૅસ્કી(ઈ. સ. ૧૮૯૩–૧૯૫૦)એ લખ્યું છે કે આ ઢંઢેરો પદદલિતોની સામાજિક ન્યાયની લડતને એક નવું ગૌરવ બક્ષે છે. હવે આ લડતનું સ્વરૂપ કાવતરાનું મટીને ક્રાન્તિનું બને છે. એણે કામદારોને પોતાની શક્તિ વિશે માહિતગાર કર્યા, સભાન કર્યા. એનાં રણકારભર્યાં સૂત્રોએ એમને ઉત્સાહિત બનાવ્યા છે અને ક્રાન્તિ માટે કોઈ પણ ભોગ આપવાની ફરજનું કામદારોને ભાન થયું છે.

૧૮૪૯માં માર્ક્સે લંડનને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું. આ વર્ષો દરમ્યાન એણે ઘણાં પુસ્તકો લખ્યાં, લેખો લખ્યા, પણ એ બધામાં 'કૅપિટલ'નું સ્થાન મુખ્ય રહ્યું છે. માર્ક્સના મંતવ્ય મુજબ, રાજકારણ, વિજ્ઞાન, કલા, ધર્મ વગેરે તે તે જમાનાના આર્થિક સંબંધો પર આધારિત છે. આ સંબંધો સદા પરિવર્તન-શીલ છે અને તેથી રાજકારણમાંય ફેરફારો થાય છે. આમ માનવ ઈતિહાસની ઉત્ક્રાન્તિ સમજવાની ચાવી આર્થિક ઉત્પાદક બળો અને આર્થિક સંબંધો વચ્ચેના સંઘર્ષમાં રહેલી છે. દરેક જમાનામાં પ્રવર્તતાં આર્થિક બળોનો અભ્યાસ કરીને એ બળોને સંપૂર્ણ કામયાબ બનાવવા માટે કેવા આર્થિક સંબંધોની જરૂર છે તે નક્કી કરવું જોઈએ. અને તેવા સંબંધો સ્થાપવાથી જે વર્ગને લાભ થવાનો હોય તેણે આ સંબધોથી જેમને ગેરલાભ છે તે શોષકો સામે સંઘર્ષ કરવો જોઈએ એ એનો બોધપાઠ હતો.

લોકશાહીના ઈતિહાસમાં માર્ક્સનું સ્થાન આ બોધપાઠને લીધે છે. પદદલિત વર્ગના તારણહાર તરીકે એણે નામના મેળવી છે તેમાં પણ આ બોધપાઠનાં મુખ્ય મુખ્ય અંગો જ કારણભૂત છે. હેગલનો એ સિદ્ધાન્ત હતો કે ઈતિહાસનું ઘડતર એક પૂર્વનિર્ણીત સંકલ્પના દ્વન્દ્વાત્મક વિકાસના સંઘર્ષપૂર્ણ માર્ગે થાય છે. પહેલાં કોઈ એક વિચાર સ્થાપિત થાય પછી એના પ્રતિસ્પર્ધી વિચારનો જન્મ થાય અને એના વાદ-પ્રતિવાદમાંથી એક સંવાદી વિચાર જન્મે છે એમ હેગલ માનતો. માર્ક્સે વિચારોને સ્થાને ભૌતિક પરિસ્થિતિનાં બલાબલો-માંથી ઊભા થતા વર્ગોની ભાવના રજૂ કરી અને વર્ગવિગ્રહ માટે હાકલ કરી — જેથી શોષક વર્ગની સામે શોષિત વર્ગો બળવો કરી એક નવી ક્રાન્તિકારી સમાજવ્યવસ્થાની સ્થાપના કરી શકે. આ વર્ગસંઘર્ષ માણસો-ના ઉત્પાદનનાં સાધનો સાથેના, કાયદા દ્વારા નક્કી કરાયેલા, પરસ્પરવિરોધી સંબંધોમાંથી જન્મે છે. માર્ક્સના મતે, કાયદા બદલવાથી આ વિરોધ ટળી જતો નથી, કારણ કાયદા તો આર્થિક સંબંધોની માત્ર નોંધ લે છે. જ્યાં સુધી વસ્તુસ્થિતિ બદલાય નહીં ત્યાં સુધી કાયદા બદલી શકાય નહીં અને બદલાય તોપણ તે વાસ્તવિકતા નકારતા હોવાથી એનાથી કશો અર્થ સરે નહીં.

વળી આ કાયદા બદલવાનું કામ પણ સહેલું નથી; કારણ કાયદા ઘડવાની જે રાજ્યકર્તાઓને સત્તા છે તેઓ પોતાનાં વર્ગીય હિતો સાધવાનું જ કામ કરતા હોય છે. એટલે જ્યાં સુધી નવો વર્ગ સત્તા પર આવે નહીં ત્યાં સુધી કાયદામાં ક્રાન્તિકારક પરિવર્તન આવી શકે નહીં. માટે સમાજના વિશાળ સમુ-દાયનું શોષણ અટકાવવા માટે જૂના વર્ગને બળજબરીથી સત્તાભ્રષ્ટ કરી તેને સ્થાને આમસમુદાયના પ્રતિ-નિધિઓને બેસાડવાની જરૂર પડે છે. ક્રાન્તિ માટે બળનો ઉપયોગ અનિવાર્ય બને છે. આ માટે ઈતિહાસનાં પરિવર્તનનાં બળોની સમજદારીવાળા, નાના અને કાર્યક્ષમ કેન્દ્ર અર્થાત્ પક્ષની જરૂર પડે છે. આ જવાબદારી સામ્યવાદી પક્ષ પૂરી પાડે છે. આ પક્ષનું કામ ઔદ્યોગિક કામદાર વર્ગને સંગઠિત કરી તેને તેની શક્તિ વિશે સભાન કરવાનું છે. જ્યારે આ કામદાર વર્ગની શક્તિ ધારેલી કક્ષાએ પહોંચે છે અને મૂડીપતિઓ મુશ્કેલી-માં મુકાયા હોય છે ત્યારે ક્રાન્તિ માટે યોગ્ય વાતાવરણ સરજાઈ જાય છે. આ વખતે સત્તાધારી વર્ગ પર છાપો મારી તેને પદભ્રષ્ટ કરી તેને સ્થાને કામદારોનું રાજ્ય સ્થાપવાનું હોય છે. જો સમય પાકચા પહેલાં છાપો મારવામાં આવે અથવા સમય પાકી જાય ત્યારે ક્રાન્તિ કરવી કે નહીં એવા વાદવિવાદમાં વખત બગાડ-વામાં આવે તો કામદાર વર્ગનો દ્રોહ કર્યો ગણાય. કામદારોનો દ્રોહ થયો છે કે નહીં તે નક્કી કરવાનું કામ ક્રાન્તિશાસ્ત્રમાં પારંગત મનાતા પક્ષે કરવાનું રહે છે. કામદારો જો વેતનવૃદ્ધિ કે એવા ક્ષુલ્લક ઉદ્દેશો પાછળ પોતાની શક્તિ બગાડે તો તેઓ સાચા ક્રાન્તિકારી થઈ શકે નહીં. પૈસાના મોહમાં તેઓ ફસાયેલા ગણાય. આથી કામદાર મંડળોનું કામ કામદારોની આર્થિક સ્થિતિમાં અમથા સુધારા કરાવવાનું નહીં પણ તેમને ક્રાન્તિ માટે તૈયાર કરવાનું છે.

એક વાર કામદારોની ક્રાન્તિ સફળ થયા પછી સામ્યવાદી પક્ષની સરમુખત્યારી સ્થપાય છે. એણે કામ-દાર અને સામ્યવાદના વિરોધીઓને ચૂંટી ચૂંટી ખલાસ (પર્જ) કરવાના હોય છે અથવા તેમની દિમાગી સફાઈ (બ્રેઇન વૉશિંગ) કરી તેમને સાચા સામ્યવાદી બનાવવાના હોય છે. જ્યારે સમાજનો ઘણો મોટો ભાગ સામ્ય-વાદી બની જાય, મૂડીવાદનાં મૂળિયાં સમાજમાંથી ઊખડી જાય, રાજ્યસંચાલિત અર્થતંત્ર બરાબર વ્યવસ્થિત થઈ જાય, ત્યારે સંક્રાન્તિકાળ પૂરો થાય છે. સામ્યવાદી સમાજરચના અસ્તિત્વમાં આવે છે. રાજ્યની સત્તાની પછી જરૂર રહેતી નથી. રાજ્ય જર્જરિત બની કરમાઈ જાય છે. કારણ, માર્ક્સના પ્રતિપાદન પ્રમાણે રાજ્ય છેવટે તો વર્ગનું ફરજંદ હોઈ, વર્ગ જ ન રહેતાં રાજ્ય પણ અપ્રસ્તુત બની જાય છે. માનવી સંપૂર્ણ સ્વતંત્ર બને છે. સમાનતાનું ધોરણ અસ્તિત્વમાં આવે છે. બંધુભાવના દૃઢ બને છે. માણસ પછી દુ:ખી થાય તો એક માણસ તરીકે — કોઈ એક વર્ગના શોષાતા સભ્ય તરીકે નહીં. દરેકની જરૂરિયાતો પૂરી પડે, દરેકને પોતાની સમગ્ર શક્તિ સમાજની સેવામાં ખર્ચવાનો ઉત્સાહ રહે. આમ સાચી લોકશાહીની સ્થાપના થાય. પરંતુ ત્યાર પહેલાં અસીમ સત્તા ધરાવતી એક સરમુખત્યારીની જરૂર પડે; જેના હાથમાં બધી આર્થિક, રાજકીય, સેના-વિષયક, સાંસ્કૃતિક અને સામાજિક સત્તા હોય, સમાજની બધી જ સંસ્થાઓ ઉપર સામ્યવાદી પક્ષની મધ્યસ્થ

સમિતિનું સમ્પૂર્ણ વર્ચસ હાય, તેના બધા નિયમો, તેની બધી કાર્યવાહી, સામ્યવાદી પક્ષ નક્કી કરે. સંસ્થાઓનું કામ માત્ર સામ્યવાદી પક્ષના હુકમોને અનુસરવાનું જ હોય.

માકર્સના આ! સિદ્ધાન્તોએ કામદાર વર્ગમાં સારો પ્રભાવ પાડયો. રાષ્ટ્રવાદમાં એ માનતો ન હતો. વર્ગીય વફાદારીઓ રાષ્ટ્રના સીમાડાને અતિક્રમીને ચાલે છે એવી એની માન્યતા હતી. એને દુનિયાભરના કામદારોને એકત્ર કરવા હતા. એક ઈન્ટરનૅશનલ સ્થાપી તે દ્વારા યુરોપના કામદારોને આંતરરાષ્ટ્રીય ધોરણે સંગઠિત કરવાનો એણે પ્રયત્ન કર્યો. પણ આ 'ફર્સ્ટ ઈન્ટરનૅશનલ' નામે ઓળખાતી સંસ્થામાં ફાટફૂટ પડી અને એનું કોઈ વ્યવહારુ પરિણામ ન આવ્યું. દરમ્યાનમાં ઔદ્યોગિક દેશોએ કામદાર સંગઠન ધારા પસાર કરી કામદારોને સંગઠિત રીતે માલિક સાથે વાટાઘાટ કરવાનો અને પોતાની માગણીઓ હાંસલ કરવાનો અધિકાર આપ્યો. આના પ્રતાપે ઔદ્યોગિક એકમોમાં કામદારોનાં જીવન અને શરીરને હાનિ ન પહોંચે એવી વ્યવસ્થા કરવાની માલિકોને ફરજ પડી અને શહેરનું આરોગ્ય સુધારવા માટેનાં જાહેર પગલાં લેવાયાં. જ્યાં આવા કાનૂનો પસાર થયા ત્યાં કામદારો ક્રાન્તિને બદલે પોતાનું આર્થિક હિત આગળ કરવાની લોકશાહી પ્રવૃત્તિમાં લાગી ગયા. તેમાંથી લોકશાહી સમાજવાદને પુષ્ટિ મળી. આમ, લોકશાહીએ આ જમાનામાં કામદારોની ક્રાન્તિ અંગેની માર્ક્સવાદની ભાવનાને ધોકો પહોંચાડયો. આથી જ સામ્યવાદીઓ લોકતાંત્રિક સમાજવાદને પ્રતિગામી વિચારધારા માને છે. તેમની એવી પ્રતીતિ છે કે પશ્ચિમની ઉદારમતવાદી લોકશાહી ગરીબ વર્ગોના સાચા હિતમાં નથી. માર્ક્સવાદ જ કામદારો, ખેડૂતો, બુદ્ધિજીવીઓ વગેરેને સાચી લોકશાહી આપી શકે એમ છે. આમ, લોકશાહીના ઈતિહાસમાં આ વિવાદ વીસમી સદીમાં એક અગત્યનો મુદ્દો બની ગયો છે.

## ઉદારમતવાદનો ઉદય અને વિકાસ

સાચી લોકશાહી સ્થાપવા માટે મૂડીવાદ સામે જેહાદ પોકારતો માર્ક્સવાદ યુરોપમાં એક બાજુ પ્રસરતો હતો ત્યારે બીજી બાજુ મૂડીવાદને પરિશુદ્ધ કરવાથી જ માનવીની ઉન્નતિ અને કલ્યાણ સાધી શકાય એમ છે એવા વિચારો પણ દૃઢપણે આગળ કરવામાં આવતા હતા. આ મત ધરાવનારા વિચારકો, સમાજશાસ્ત્રીઓ અને અર્થશાસ્ત્રીઓએ એક રાજકીય કાર્યક્રમ પણ તૈયાર કર્યો હતો. એનો પ્રભાવ પહેલાં ઈંગ્લંડમાં, પછી ત્યાંથી યુનાઈટેડ સ્ટેટ્સમાં અને અંતે યુરોપ ખંડના બીજા દેશો ઉપર પડયો. આ મત ઉદારમતવાદ (લિબરાલિઝમ) તરીકે જાણીતો થયો અને એને આગળ વધારવા માટે ઉદારમતવાદી પક્ષો જુદા જુદા દેશોમાં અસ્તિત્વમાં આવ્યા. આ મતના અર્થશાસ્ત્રીઓનો એવો દાવો હતો કે ઝડપી ઉદ્યોગીકરણ અને શહેરીકરણે પેદા કરેલી કામદારો અને મધ્યમવર્ગ માટેની મુશ્કેલીઓ ક્ષણજીવી નીવડશે. જેમ જેમ ઉદ્યોગો વધતા જશે તેમ તેમ સમૃદ્ધિ નીચલા સ્તરોમાં પણ પ્રસરતી જશે; ઉત્પાદન ખૂબ પ્રમાણમાં વધતાં દરેક મનુષ્યને પોતાની જરૂરિયાતો મળી રહેશે. આ વિકાસ ઝડપથી થાય તે માટે અર્થતંત્ર પરનાં નિયંત્રણો ઉઠાવી લેવાવાં જોઈએ. આંતરરાષ્ટ્રીય વેપાર પરનાં બંધનો દૂર થવાં જોઈએ. માત્ર સ્પર્ધાના જોરે જ ઉદ્યોગપતિઓ પોતાની ક્ષતિઓ દૂર કરી સમૃદ્ધ માનવસમાજનો મજબૂત પાયો નાખી શકશે. એટલું જ નહીં, સાચી લોકશાહીની પણ સ્થાપના થશે; કારણ લાંબું જીવન ભોગવતો દરેક શહેરી પોતાની શક્તિઓ ખીલવી, સ્પર્ધામાં ઝંપલાવી પોતાની ઉન્નતિ સાધી શકશે અને એ જ રીતે સમાજનું કલ્યાણ પણ કરી શકશે. આ બધા નિષ્કર્ષો સિદ્ધ કરવા માટે આર્થિક સિદ્ધાન્તોની એક સરણી ઊભી કરવામાં આવી જેણે આર્થિક પ્રક્રિયાઓ ઉપર સારો પ્રકાશ પાડયો અને મૂડીવાદી ઢબે અર્થતંત્રને આગળ વધારવામાં ખૂબ મદદ કરી.

ઉદારમતવાદી અર્થતંત્રના સિદ્ધાન્તોએ લોકશાહીની રાજકીય ભાવના ઉપર પુષ્કળ પ્રભાવ પાડયો. નાગરિકના જીવન પર રાજ્યનું પ્રભુત્વ અને કાયદાની દખલગીરી કેટલા પ્રમાણમાં હોવાં જોઈએ એ લોકશાહીનો મુખ્ય પ્રશ્ન બની ગયો. ઉદારમતવાદીઓ એમ માનતા હતા કે સ્પર્ધાનો જો પૂરો લાભ ઉઠાવવો હોય

તો રાજ્યે અર્થતંત્રમાં કોઈ જાતનો હસ્તક્ષેપ ન કરવો જોઈએ. 'એ જ રાજ્ય સારામાં સારું કહેવાય જે ઓછામાં ઓછું રાજ્ય કરે'—એ ઉદારમતવાદીઓનો મુદ્રાલેખ બની ગયો. માર્ક્સવાદીઓએ આ બધી મૂડીવાદની માયાજાળ છે એમ કહી એના પર આક્ષેપો કર્યા. ગરીબ અને તવંગરના ભેદને કારણે અસમાન સ્પર્ધામાં ઊતરવાનું હોય ત્યાં સાચી સ્પર્ધા સંભવી જ ન શકે એ વાત પર એમણે ખાસ ભાર મૂકયો. જોકે, રાજ્યની દખલગીરીથી કામદારોનું હિત સચવાઈ રહેશે એમ પણ તેઓ માનતા ન હતા. તે વખતે યુરોપ-અમેરિકામાં પ્રવર્તતાં રાજ્યો મૂડીવાદના હાથારૂપ જ હોવાથી, તેમની નીતિ કામદારોનું શોષણ કરવા માટે મૂડીવાદીઓને અબાધિત સત્તા આપવાની જ હોઈ શકે એવી પણ તેમની દૃઢ માન્યતા હતી. ઉદારમતવાદીઓ અને માર્ક્સ-વાદીઓ વચ્ચે ચાલેલી આ ચર્ચાને પરિણામે લોકશાહીની વિચારસરણીમાં વર્ગભાવનાનું તત્ત્વ ઉમેરાયું.

ઝડપી ઉદ્યોગીકરણે સપાટાબંધ વિકસી રહેલાં શહેરોમાં કામદારોની સ્થિતિ અમાનુષી બનાવી દીધી હતી અને સમાજનું કલ્યાણ કરવાનો લોકશાહીનો ઉદ્દેશ માર્યો જતો હતો એ વાતમાં બેઉ પક્ષો સંમત હતા. જોકે, ઉદારમતવાદીઓ માનતા કે પોતાના સિદ્ધાન્તોનો પ્રચાર કરવા માટે માર્ક્સવાદીઓ જાણીજોઈને પરિસ્થિતિ હતી તેના કરતાં પણ વધારે ઘેરી ચીતરી રહ્યા હતા. પરંતુ આ ગૌણ સવાલ હતો. મૂળ પ્રશ્ન કામદારોની સ્થિતિ કેમ સુધરે એ હતો. ઉદારમતવાદીઓનો જવાબ એ હતો કે આર્થિક સમાનતા લાવવા માટે રાજ્યને અર્થતંત્રમાં હસ્તક્ષેપ કરવા દેવામાં આવશે તો ઉત્પાદન વધારવા માટે શક્તિ ધરાવતા લોકો અને એમને અવરોધતા નિર્બળ મનુષ્યો એ બંને વચ્ચે એક પ્રકારની સમાનતા સ્થપાતાં શક્તિશાળીઓની શક્તિ રૂંધાશે અને ઉત્પાદનનો વિકાસ અટકી જશે, પરિણામે નિર્બળ મનુષ્યોને કોઈ ફાયદો નહીં થાય. ઈશ્વરે બધાંને સરખી શક્તિ આપી નથી. સમૃદ્ધિ એ વધારે શક્તિનું, ખંત અને મહેનતનું તથા સાહસનું પરિણામ છે. મૂડીપતિઓની સમૃદ્ધિ ઘટાડાતાં વિકાસને અનુકૂળ ગુણોને મળતું પ્રોત્સાહન બંધ થશે. આમ થતાં સમગ્ર સમાજને નુકસાન થશે.

ઉદારમતવાદીઓ લોકોને સમજાવી, સમાજ પ્રત્યેની ફરજોનું તેમને ભાન કરાવી, તેમની આંતરિક શક્તિઓ ખીલવી, જાતમહેનત દ્વારા મેળવેલી સંપત્તિનો ઉપભોગ કરવાનો લોકોનો અધિકાર સ્વીકારી, વ્યક્તિ-સ્વાતંત્ર્યના આધાર પર રચાયેલી લોકશાહી સ્થાપવા માગે છે. લોકશિક્ષણ તેમના કાર્યક્રમમાં અગ્રસ્થાન ધરાવે છે અને બુદ્ધિજન્ય સમાજરચના તેઓ ઇચ્છે છે. આ શિક્ષણનો અધિકાર બધાનો છે એ વાત પર તેઓ ખાસ ભાર મૂકે છે.

ઉદારમતવાદી પક્ષો મુખ્યત્વે સફળ બનેલા મધ્યમવર્ગના અને માલેતુજાર ઉદ્યોગપતિઓ અને વેપારીઓના પક્ષો હતા. જન્મથી અધિકાર મળે છે એ વાત તેઓ અંશત: જ સ્વીકારતા હતા. કારણ, વારસાના હકો તેમને માન્ય હતા; પણ જમીનદારો અને ઉમરાવો પોતાના કુટુમ્બના જન્મજાત મોભાને પરિણામે જે હકો માગતા હતા તે તેમને સ્વીકાર્ય ન હતા. જોકે, સમાજવાદીઓના પ્રહારો સામે આ હકોનું પણ તેઓ રક્ષણ કરતા; કેમ કે, નહીં તો, મિલકતના તમામ હકો જોખમાવાનો તેમને ભય રહેતો હતો.

૧૮૩૧માં એક પત્રમાં જેમ્સ મિલ લખે છે: 'મિલકત વિશેના તેમના (સમાજવાદીઓના) ખ્યાલો ભદ્દા—બેહૂદા લાગે છે. . . . તેઓ એમ માનતા લાગે છે કે મિલકતની સંસ્થા જ ન હોવી જોઈએ. એનું અસ્તિત્વ સુધ્ધાં એમને મન દૂષણ રૂપ છે. નક્કી એમનામાં ગઠિયા પેંને બદમાશો ધા પડયા છે. . . . મૂર્ખા કહીંના! આગળ પાછળનો વિચાર કર્યા વગર મૂઢની પેઠે તેઓ જે વાંછે છે તેનાથી તેમને પોતાને જ હાથે તેમના પર કેવા આફતના ઓળા ઊતરી આવશે એનુંય તેમને ભાન નથી!'

દરમ્યાન, બ્રિટનમાં રૂઢિચુસ્ત (કન્ઝરવેટિવ) પક્ષ ઊભો થયો. એ વંશપરંપરાગત હકોની હિમાયત કરતો હતો અને નવા ધનવાન બનેલા ઉદ્યોગપતિઓ ને વેપારીઓનું સ્થાન ઉમરાવો કરતાં નીચું છે એ વાત પર ભાર મૂકતો હતા.

બ્રિટનમાં ઉદારમતવાદી અને રૂઢિચુસ્ત પક્ષ વચ્ચે રાજકીય સ્પર્ધા ઓગણીસમી સદીમાં તથા વીસમી સદીના શરૂઆતના દાયકાઓમાં તીવ્ર હતી અને રાજ્યસત્તા એક યા બીજા પક્ષના હાથમાં રહેતી. આ સ્પર્ધાને પરિણામે કામદારોની સ્થિતિમાં સુધારા કરતા કાયદા પસાર થયા. રાજ્યની સત્તાની મર્યાદાઓ નક્કી થઈ. શહેરીઓના સ્વાતંત્ર્યની ભાવના સ્પષ્ટ બની. સંસદીય પદ્ધતિઓ દૃઢ રીતે સ્થપાઈ. કૅબિનેટ દ્વારા રાજ્ય ચલાવવાની પદ્ધતિ અમલમાં આવી અને તાજની સત્તા ધીમે ધીમે ઘટી. સંસદના પ્રતિનિધિઓ ચૂંટવાની પદ્ધતિમાં ધીમે ધીમે ફેરફારો થયા. મતદાનના હકો વધારે ને વધારે વ્યાપક બન્યા અને અંતે પુખ્ત વયના પુરુષોને આ હક અપાયો. પાછળથી સ્ત્રીઓએ પણ આ હકો મેળવ્યા. આ ઉપરાંત બ્રિટનનાં બે સંસદીય ગૃહોમાં આમની સભા(હાઉસ ઑફ કૉમન્સ)ની સત્તા વધી. નાણાકીય ખરડા પસાર કરવાનો અધિકાર સમ્પૂર્ણપણે તેને જ મળ્યો. ઉમરાવ સભા(હાઉસ ઑફ લૉર્ડ્ઝ)ની સત્તા ધીમે ધીમે ઘટી. તે કોઈ પણ કાયદાના ખરડાને બહાલી મળતી ટૂંક સમય માટે જ અટકાવી શકે એ જાતની વ્યવસ્થા થઈ. આમ પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે લોકશાહીમાં ઉદારમતવાદીઓનો વિજય નિશ્ચિત રીતે થઈ ચૂકેલો વરતાયો. ક્રાન્તિકારી માર્ક્સવાદથી વિપરીત, ઉદારમતવાદ ને લોકશાહી પરસ્પર અવિરોધી — બલ્કે, પૂરક — પરિબળો ને પ્રક્રિયાઓ છે તે સમજાયું.

યુરોપના કેટલાક ભાગોમાં લોકશાહી મોડી શરૂ થયેલી હતી અને ત્યાં આપખુદ સત્તાને વાજબી ગણતી ફિલસૂફીનું જોર હતું. છતાં ત્યાં પણ કામદારોને સંતુષ્ટ રાખવા માટે સામાજિક વીમા જેવી યોજનાઓ અમલમાં આવી ચૂકી હતી. આમ અહીં પણ ધીમે ધીમે તાજના હાથમાંથી લોકોના હાથમાં સત્તાનું સંક્રમણ થવાનાં પગરણ મંડાઈ ચૂક્યાં હતાં. પહેલા વિશ્વયુદ્ધમાં જર્મનીનો પરાજય થયો ત્યાર પછી ત્યાં વાઈમાર બંધારણ અસ્તિત્વમાં આવ્યું. આ બંધારણમા સાચી લોકશાહી પૂર્ણપણે મૂર્ત થઈ હતી એમ મનાવા લાગ્યું.

## ડાબેરી પ્રવાહો ને પક્ષો

બીજી બાજુ, માર્ક્સવાદ ઉપરાંત બીજા પણ કેટલાક ડાબેરી ઝોક ધરાવતા વિચારપ્રવાહો અને પક્ષો ઊભા થયા હતા. બ્રિટનમાં 'ફૅબિયન સોસાયટી' નામની સંસ્થાએ નવી ઔદ્યોગિક સંસ્કૃતિને વધુ સહ્ય બનાવવા માટેનાં પગલાં સૂચવ્યાં હતાં અને સામાજિક સંસ્થાઓમાં આમૂલ ફેરફારો કરવાની માગણીઓ કરી હતી. આ મંડળ બ્રિટનના ઉદ્યોગીકરણે ઊભા કરેલા મધ્યમવર્ગના બુદ્ધિજીવીઓનું હતું અને મુખ્યત્વે તેમની સામાજિક અને નૈતિક ભાવનાઓએ તેમને આ વિચારોમાં પ્રેર્યા હતા. ધીમે ધીમે તેમનાં લખાણોમાં સમાજવાદ તરફનો ઝોક સ્પષ્ટ થતો ગયો. રાજ્ય પાસે અર્થતંત્ર અને સામાજિક સંબંધો પર જરૂરી નિયંત્રણો મૂકવાની સત્તા હોય તો જ વધુ ન્યાયી સમાજરચના સંભવી શકે આ તેમનાં લખાણોનો સૂર હતો. પરંતુ તેમના મતે રાજ્યની મર્યાદા લંડનની પાર્લમેન્ટ અને સરકાર પૂરતી મર્યાદિત ન હતી. સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓના હાથમાં પણ યોગ્ય સત્તા આપવામાં આવે તો સામાજિક ફેરફારો વધુ ઝડપથી થઈ શકે એમ તેમનું માનવું હતું. આમ, નિષ્પક્ષ સામાજિક ક્રાન્તિને વરેલી સરકાર ઉપર તેમણે પોતાનો મદાર બાંધ્યો હતો. વર્ગવિગ્રહમાં તેમને ઓછી શ્રદ્ધા હતી. ફૅબિયનોએ વર્ગવિગ્રહના વિચારનો અસ્વીકાર કરતાં જે સૈદ્ધાન્તિક સફાઈ આપી તે પણ ઉલ્લેખનીય છે. તેઓ માનતા કે વસ્તુની કિંમત કેવળ એક વર્ગ (કામદાર) દ્વારા નહીં પણ સમગ્ર સમાજ દ્વારા નિર્ધારિત થાય છે.

તેઓ લોકશાહી પદ્ધતિએ સમાજ-પરિવર્તન થાય એમ ઇચ્છતા હતા. સમાજના પરિવર્તન માટેના કોઈ પણ કાર્યક્રમમાં આ ચાર શરતો પળાવી જોઈએ એમ તેમનું માનવું હતું :

(૧) આ કાર્યક્રમ લોકોની બહુમતીને માન્ય હોવો જોઈએ. (૨) એમાં ક્રાન્તિ નહીં પણ ઉત્ક્રાન્તિનો સિદ્ધાન્ત સ્વીકારાયેલો હોવો જોઈએ — એમણે સ્વીકારેલું કાચબાનું પ્રતીક આ સંદર્ભમાં સૂચક છે. (૩) આ કાર્યક્રમ નૈતિક છે એમ બહુમતીની માન્યતા હોવી જોઈએ; અને (૪) શાન્ત બંધારણીય ઢબે એનો પ્રચાર થવો જોઈએ.

આ શરતોમાં લોકશાહીનાં તત્ત્વો મૂર્તિમંત થયેલાં જણાય છે. અન્તે, બર્નાર્ડ શૉના શબ્દોમાં કહીએ તો : ફેબિયનોએ ક્રાન્તિકારી સિદ્ધાન્તોની મજેદાર સરળતા છોડીને સંસદીય ઢબે વહેવારુ સુધારા કરવાનો આકરો રાહ લીધો છે.

આવા લોકતાંત્રિક સમાજવાદીઓ(સોશિયલ ડેમોક્રેટ્સ)ના બીજા પક્ષો પણ બ્રિટનમાં અને યુરોપમાં ઊભા થયા હતા. તેઓ માર્ક્સવાદી હોવાનો દાવો કરતા હતા, પણ સામ્યવાદીઓ કરતાં માર્ક્સના સિદ્ધાન્તોનો તેઓ જુદો અર્થ ઘટાવતા હતા. અન્તે તો શ્રમજીવીઓનું જ રાજ્ય થવાનું છે એવી શ્રદ્ધા તેમને પણ હતી. પરંતુ પ્રવર્તમાન રાજ્યવ્યવસ્થાને ખતમ કરી તેને સ્થાને કામદારોના પક્ષની સરમુખત્યારીની જરૂરિયાત તેઓ સ્વીકારતા ન હતા. આધુનિક રાજ્યવ્યવસ્થા પર લોકશાહી ચૂંટણી દ્વારા પ્રભુત્વ મેળવી તે રીતે સામાજિક ક્રાન્તિ થઈ શકશે એમ તેમનું માનવું હતું. વાઈમાર બંધારણ જેવી વ્યવસ્થા બધા ઉદ્યોગપ્રધાન દેશોમાં સ્થપાય તો સમાજવાદ જલદી આવી શકે એમ તેઓ માનતા હતા.

આ ઉપરાંત સમાજવાદીઓમાં બીજા પણ ક્રાન્તિકારી પક્ષો હતા, જેઓને રાજકીય લોકશાહીની સત્તા પર આર્થિક લોકશાહીને પોષક નિયંત્રણો જરૂરી જણાતાં હતાં. આ વિચારધારા 'સિન્ડિકાલિસ્ટ' તરીકે જાણીતી થઈ અને ફ્રાન્સમાં એનું જોર સૌથી વધુ રહ્યું પાછળથી ઈટાલીના ફાસીવાદે એનાં ઘણાં તત્ત્વો સ્વીકાર્યાં. આ પક્ષના પુરસ્કર્તાઓ કોઈ પણ ઔદ્યોગિક એકમનો કારભાર તેમાં કામ કરતા કામદારોનાં મંડળોના હાથમાં હોવો જોઈએ એમ માનતા હતા. ઉદ્યોગપતિઓ અને તેમણે રચેલી રાજ્યવ્યવસ્થા આ માર્ગ સહેલાઈથી કબૂલ નહીં કરે અને એને માટે સંઘર્ષ જરૂરી બનશે એમ તેઓ માનતા. આ સંઘર્ષમાં સાર્વત્રિક હડતાળને તેમણે મુખ્ય સ્થાન આપ્યું હતું.

આમ, પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યાં સુધીમાં ઔદ્યોગિક યુગની સમસ્યાઓ લોકશાહી ઢબે કેટલે અંશે હલ થઈ શકે અને એને માટે કેવી રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા જરૂરી છે, કેવાં સાધનો દ્વારા એ વ્યવસ્થા સિદ્ધ થઈ શકે વગેરે સવાલો પર પુષ્કળ ઊહાપોહ થયો હતો અને લોકશાહીના પ્રશ્નો, પ્રથાઓ, સાધનો વગેરે પર આ ચર્ચાને પરિણામે વિશદ પ્રકાશ પણ પડ્યો હતો. લોકશાહી એક વાર કંગાળ લોકોની ફિલસૂફી ગણાતી અને એમાં શ્રદ્ધા ધરાવતા લોકો ચળવળિયાઓ તથા સમાજવિરોધી છે એમ મનાતું. હવે એ એક પ્રતિષ્ઠિત વિચારધારા બની અને ઘણાખરા રાજકીય મતો અને પક્ષો પોતાને લોકશાહીમાં માનનારા તરીકે ગણાવી ગર્વ લેવા લાગ્યા.

## માર્ક્સવાદનું રાજ્યારોહણ

પહેલા વિશ્વયુદ્ધને અન્તે રશિયન ક્રાન્તિ થઈ અને લેનિનની રાહબરી હેઠળ કેન્દ્રિત લોકશાહીનો અખતરો શરૂ થયો. [જુઓ 'વિશ્વદર્શન–૧ : ક્રાન્તિ', પૃ. ૧૦૭–૧૩૮, ૧–૨૦] સામ્યવાદી વિચારકોની દલીલ એ છે કે બધાં ક્ષેત્રે પશ્ચિમના દેશોની લોકશાહી તત્ત્વત: મૂડીવાદી હુકમશાહી છે. કારણ એમાં આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક ક્ષેત્રે મૂડીવાદીઓનું જ વર્ચસ છે અને મૂડીવાદીઓ સંખ્યામાં થોડા હોવાથી તેમના વર્ચસ નીચેની રાજકીય વ્યવસ્થાને લોકશાહી કહી શકાય નહીં. એથી ઊલટું, જુલાઈ ૧૯૧૮માં રશિયામાં સ્થાપવામાં આવેલું બંધારણ સાચી લોકશાહીને પ્રતિબિમ્બિત કરે છે; કારણ એમાં શ્રમજીવીઓને બધા રાજકીય હકો અને સ્વાતંત્ર્ય આપવામાં આવ્યાં છે અને અત્યંત લઘુમતી ધરાવતા માત્ર શોષકોને જ રાજકીય હકોથી વંચિત રખાયા છે. મહેનતકશ લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતી સોવિયેતોના હાથમાં રાજ્યનો બધો કારભાર હોઈ ત્યાં બહુમતીનું વર્ચસ છે. કાયદા પ્રમાણે જમીન, ખનિજસમ્પત્તિ, પાણી, જંગમ મિલકત, કારખાનાં, ખાણો, વાહનવ્યવહાર, બૅન્કો એ બધાંની માલિકી સમસ્ત જનતાની છે અને આ રાજકીય અને આર્થિક વ્યવસ્થા લોકોના હિતમાં કામ કરી રહી છે, આવો તેમનો પ્રારંભથી જ દાવો રહ્યો છે. આ મુદ્દા ૧૯૩૬ના બધારણમાં વધારે મજબૂત રીતે રજૂ કરવામાં આવ્યા છે.

આની સામેની દલીલ એ છે કે રશિયામાં સામ્યવાદી પક્ષની સરમુખત્યારી પ્રવર્તતી હોવાથી આ બધી બંધારણીય વ્યવસ્થા નકામી બની જાય છે. સામ્યવાદી પક્ષમાં ચુનંદા લોકોને જ દાખલ કરવામાં આવે છે તથા આ પક્ષનું સમાજની એક એક પ્રવૃત્તિ પર અને વ્યક્તિના સમગ્ર જીવન પર પ્રભુત્વ હોય છે. આ પક્ષ પર એની મધ્યસ્થ સમિતિનું વર્ચસ છે. આ સમિતિ જે ઠરાવો પસાર કરે તેને બ્રહ્માક્ષર માની આગળ ચાલવાનું હોય છે. એ ઠરાવો પક્ષની એકેએક સમિતિ અને વ્યક્તિને માન્ય હોવા જોઈએ; રાજકારભાર એ ઠરાવો અનુસાર જ ચાલવો જોઈએ. લશ્કરે એને આધીન રહીને જ કામ કરવું જોઈએ. વૈજ્ઞાનિકોએ એ ઠરાવોમાં સૂચવવામાં આવેલા સિદ્ધાન્તો માન્ય રાખીને જ આગળ ચાલવું જોઈએ અને લેખકો તથા સર્જનાત્મક કલાકારોએ એ ઠરાવોનાં ગુણગાન ગાવાં જ જોઈએ. મધ્યસ્થ સમિતિ પર પણ એક યા બે-ત્રણ નેતાઓનું જ વર્ચસ હોય છે. એમનો સમિતિ ઉપર સંપૂર્ણ કાબૂ હોય છે અને તેમની ઇચ્છા પ્રમાણે જ બધો કારભાર ચાલે છે. આમ, કાગળ પર લોકશાહીની સ્થાપના કરતા બંધારણના અમલમાં સરમુખત્યારી જ પ્રવત છે. સ્તાલિન ઉપર ખુદ ખ્રુશ્ચૉફના સ્વમુખે જે આક્ષેપો કરવામાં આવ્યા હતા તે આ સરમુખત્યારીની સાખ પૂરે છે. એ વાત સ્પષ્ટ છે કે જ્યાં લોકશાહી પ્રવર્તતી હોય ત્યાં સ્તાલિને જે જાતના જુલમો એની પ્રજા પર ગુજાર્યા હતા તે સંભવે જ નહીં.

આવી સરમુખત્યારીએ રશિયાને આધુનિક અર્થતંત્ર આપ્યું છે અને એક વિરાટ સત્તા એમાંથી સરજી છે. પણ લોકશાહીનાં તત્ત્વોની અવગણના કરીને જ એ બધું શક્ય બનાવાયું છે. સ્તાલિન પછીની નેતાગીરીએ હુકમશાહીની કડકાઈ કંઈક હળવી કરવાનો પ્રયત્ન કર્યો છે, પણ લોકોને સાચી સ્વતંત્રતા હજી મળી નથી. સામ્યવાદના રક્ષણ માટે રશિયાની નેતાગીરીને જે સિદ્ધાન્તો અપનાવવા જરૂરી લાગે, જે પગલાં ભરવાં યોગ્ય લાગે, તેને રશિયાની પ્રજાએ અનુમોદન આપવું જ જોઈએ. એટલું જ નહીં, સામ્યવાદી જૂથના અન્ય દેશોએ પણ એને આચરણમાં મૂકવાં જોઈએ. આવી તેમની 'સરમુખત્યારશાહી લોકશાહી' છે!

## નાઝી પડકાર

પહેલા વિશ્વયુદ્ધના અન્તે સરજાયેલી આર્થિક મુશ્કેલીઓ દૂર કરવાના પ્રયત્નો વીસીનાં વર્ષોમાં થયા. પણ એ દાયકાના અન્ત ભાગમાં અમેરિકામાં મોટી આર્થિક કટોકટી આવી. એના છાંટા સમગ્ર બિનસામ્યવાદી જગતને ઊડયા. અમેરિકામાં અર્થતંત્ર ઉપર તથા ઔદ્યોગિક સંબંધોના ક્ષેત્રમાં રાજ્યનું પ્રભુત્વ વધ્યું; અર્થ-તંત્રમાં વિકૃતિઓ આવે ત્યારે તેને દૂર કરવાનો સરકારનો હક છે અને એ એની ફરજ પણ છે એ સિદ્ધાન્ત સ્વીકારાયો.

બીજી બાજુ જર્મનીમાં લોકશાહીના ખતપત્ર સમા ગણાતા વાઈમાર બંધારણનો અન્ત આવ્યો અને હિટલરની હકૂમત સ્થપાઈ. હિટલરે પ્રસ્તુત કરેલો નાઝીવાદ જર્મનીએ પહેલા વિશ્વયુદ્ધમાં અનુભવેલા પરા-ભવ સામેની જર્મન પ્રજાની તીવ્ર લાગણીના એક પ્રતીક રૂપ હતો. યુદ્ધોત્તર કાળમાં જર્મનીને જે આર્થિક સંકટોમાંથી પસાર થવું પડયું તેનો લાભ લેવાનો જર્મનીના યહૂદીઓ ઉપર આક્ષેપ મુકાયો. જર્મનીમાં આવી વસેલા અન્યદેશીય પ્રજાજનો ઉપર પણ એવું જ દોષારોપણ થયું. આ બધી પરિસ્થિતિમાંથી મુક્તિ અપાવ-વાની આશા આપીને નાઝીવાદ જર્મનીમાં પગભર થયો, પોંખો પડયો. — ઉત્કટ રાષ્ટ્રાભિમાન, જર્મનોએ વસાવેલા બધા પ્રદેશો એકછત્ર નીચે લાવવાની ગર્જના, યહૂદીઓ સહિત બધા બિનજર્મનોને દ્વિતીય કક્ષાના નાગરિકનો મતાધિકારવિહીન મોભો, — નાઝીવાદના આ બધા જાહેર કરાયેલા ઉદ્દેશો હતા. પરિણામે લોકશાહીનાં મૂલ્યો નીચાં પડયાં અને આક્રમક રાષ્ટ્રવાદને ઉત્તેજન મળ્યું. સંસદીય લોકશાહીનો નાઝીવાદે વિરોધ કર્યો, કારણ એમાં પક્ષવાદ હતો અને ગુણવત્તાની દૃષ્ટિએ ઇચ્છનીય વ્યક્તિઓના હાથમાં રાજ્યનો કારભાર સોંપવાનું કામ મુશ્કેલ હતું. આ સાથે દરેક નાગરિકને, એટલે કે દરેક જર્મનને, સારું જીવન જીવવાની તક મળે એની જવાબદારી

લોકશાહીને જબરદસ્ત પડકાર



સૈનિકજીવન (પ્રથમ વિશ્વયુદ્ધ) ० સામ્યવાદી લેનિન ० ફાસીવાદી મુસોલિની ० નાઝી હિટલર

રાજ્યે સ્વીકારવી જોઈએ, એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો. બધા નાગરિકોના હકો અને ફરજો સમાન ગણવામાં આવ્યા અને શારીરિક કે માનસિક કામ દરેક નાગરિકની પહેલી ફરજ છે એ વાત પર ભાર મૂકવામાં આવ્યો. બધા મોટા ઉદ્યોગોના નફામાં રાજ્યનો હિસ્સો હોવો જોઈએ; પહેલા વિશ્વયુદ્ધ પછી જેમણે ગેરકાયદેસર કે અનૈતિક ઉપાયો દ્વારા સંપત્તિ પ્રાપ્ત કરી હોય તે તેમની પાસેથી ખૂંચવી લેવી જોઈએ; એક સબળ મધ્યમવર્ગ ઊભો કરવો જોઈએ, – નાઝીવાદની આર્થિક નીતિના આ ઉદ્દેશો હતા. સાંસ્કૃતિક ક્ષેત્રે ખ્રિસ્તી ધર્મના વિધેયાત્મક સિદ્ધાન્તોને ઉત્તેજન, યહૂદી ભૌતિકવાદનું ખંડન, દરેક વ્યક્તિએ સમાજના હિતની અગ્રતા સ્વીકાર્યા પછી જ પોતાના હિતનો વિચાર કરવો જોઈએ એ જાતનું વાતાવરણ પેદા કરવું વગેરે ઉદ્દેશો હતા. આ બધાં ધ્યેયો પાર પાડવા માટે સબળ એકહથ્થુ રાજ્યસત્તા સ્થાપવામાં આવી. આ સત્તાના અમલને માન આપવાની ફરજ પાડવા માટે ત્રાસનું વાતાવરણ ફેલાવવામાં આવ્યું. જેઓ રાજ્યના હુકમો વફાદારીથી માનતા તેમને કંઈ ગભરાવાનું ન હતું પણ જેમના વિશે રાજ્યના કોઈ પણ આદેશનો જરા સરખો પણ વિરોધ કરવાની શંકા જાગતી તેમને કડક સજા ફરમાવવામાં આવતી. એ માટે એક અલાયદું પોલીસદળ પણ ઊભું કરવામાં આવ્યું. કામદારોના બધા હકો નાબૂદ થયા અને સામ્યવાદીઓને વીણી વીણીને સાફ કરવામાં આવ્યા. આમ, સરમુખત્યારીના એક બીજા પ્રકારે લોકશાહીના મૂળ પર ઘા કર્યા.

આ પરિસ્થિતિ બીજા વિશ્વયુદ્ધ સુધી ચાલી. આ યુદ્ધ ફાટી નીકળ્યા પછી આટલાન્ટિક ચાર્ટરની ઘોષણા કરવામાં આવી. એમાં જણાવ્યા મુજબ યુદ્ધનો ઉદ્દેશ માનવહકોનું રક્ષણ કરવાનો હતો. યુદ્ધને અંતે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા ઊભી કરવામાં આવી. શાન્તિમય રીતે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના પ્રશ્નનો ઉકેલ, માનવહકોનું પાલન થાય તે જાતના વાતાવરણનું સર્જન, સમસ્ત વિશ્વની સુખાકારી વધે તે માટેનાં શક્ય પગલાં, યુદ્ધોત્તર કાળમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય માળખું અસ્તવ્યસ્ત ન થઈ જાય તથા જુદા જુદા દેશોને વિકાસ માટે જરૂરી સાધનો મળી શકે તે જાતની વ્યવસ્થા – આ તેના ઉદ્દેશો હતા. લોકશાહી-તરફી એક પ્રચંડ મોજું પણ બધા દેશો પર ફરી વળ્યું અને દરેક દેશ પોતે લોકશાહીનો સાચો સંરક્ષક અને હિમાયતી છે એવો દાવો કરવા લાગ્યો.

વર્ગમેળ

કે

શાંતિમય સહઅસ્તિત્વ




Alexander in The Philadelphia Evening Bulletin
"Raising the roof."




## ખંડ ૨: મૂડીવાદ

# ૬ : ઓગણીસમી સદીના મૂડીવાદનો ઉદ્ભવ

ઓગણીસમી સદીમાં પશ્ચિમના દેશોમાં જે આર્થિક અને રાજકીય વ્યવસ્થા અસ્તિત્વમાં આવી તેને મૂડીવાદને નામે ઓળખવામાં આવે છે.

આ મૂડીવાદના ઉદ્ભવ અને વિકાસની વિગતોમાં ઊતરવા પૂર્વે, તેની આગળના સામન્તી (ફ્યૂડલ) સમાજ ઉપર ઊડતી નજર નાખી લઈએ.

સામન્તી સમાજમાં રાજ્યની સત્તા અને કાર્યક્ષેત્ર અંગેની જે માન્યતાઓ હતી, તેમાં વ્યક્તિને કોઈ રીતે સત્તાના માળખામાં ગણવામાં આવતી નહોતી. કેટલાક દેશોમાં રાજાને સર્વસત્તાધીશ માનવામાં આવતો. આ સામન્તયુગ(ફ્યૂડલ)માં કેટલાક દેશોમાં ફક્ત જૂજ માણસોની ટોળકી—પછી ભલે તે લશ્કરી સત્તાવાળાની હોય, ઉમરાવોની હોય કે જમીનદારોની હોય—સર્વસત્તાધીશ બનીને રાજ્ય કરતી હતી. ધર્મના મઠાધિપતિઓની અથવા ધર્મગુરુઓની સત્તા પણ ઘણી હતી. ઘણી બાબતોમાં રાજા કે લશ્કર કે ઉમરાવો ધર્મગુરુઓના આદેશને અનુસરતા હતા.

આ પ્રકારની રાજ્યવ્યવસ્થામાં વ્યક્તિને એક સામાજિક માનવી તરીકે ગણવાની પ્રથા હતી: સમાજ કે રાજ્ય વિના વ્યક્તિનો વિકાસ શક્ય નથી, વ્યક્તિનું રક્ષણ રાજ્ય કરે અને તેના બદલામાં દરેક વ્યક્તિએ સંપૂર્ણ રીતે રાજ્યને આધીન રહેવું જોઈએ વગેરે વગેરે ખ્યાલો પ્રચલિત હતા. આ પ્રકારની વિચારણાને રાજ્ય સંબંધે આદર્શવાદી (આઈડિયલિસ્ટ) વલણ તરીકે ઓળખાવી શકાય.

રાજ્યને સ્વયંપર્યાપ્ત એકમ માનીને, રાજ્યના સંદર્ભમાં જ વ્યક્તિ વિશે વિચારતા ગ્રીક વિચારકો પ્લેટો (જુઓ પૃ. ૯–૧૦) અને ઍરિસ્ટૉટલ(જુઓ પૃ. ૧૦–૧૨)ના પ્રભાવ નીચે આદર્શવાદી વિચારધારા વિકસી હતી. રાજ્ય અને સમાજ વિના વ્યક્તિત્વના પૂર્ણ વિકાસની અશક્યતા પર બંને વિચારકોએ ખૂબ જ ભાર મૂક્યો છે. આ અતિભારની અસર હેઠળ હૉબ્ઝનો આપખુદવાદ ખીલ્યો (જુઓ પૃ. ૨૪–૨૭), હેગલે રાજ્યનો અતિમહિમા કર્યો (જુઓ પૃ. ૫૦), રૂસોએ વ્યક્તિની ઇચ્છા કરતાં વિશેષ એવા સમષ્ટિના સંકલ્પની હિમાયત કરી (જુઓ પૃ. ૩૩–૩૭) અને બોઝાંકેટે એટલી હદે કહી નાખ્યું કે રાજ્ય વ્યક્તિની જિંદગી પણ માગી શકે!

આ રીતના વિચારોનું પ્રભુત્વ ખાસ કરીને અઢારમી સદી સુધી રહ્યું હતું. તે સમય દરમ્યાન સમાજ અને રાજ્ય વચ્ચે તફાવત પાડવામાં આવતો ન હતો. વળી રાજ્ય પરની ધર્મની સત્તા પંદરમી સદી બાદ ધીમે ધીમે ઓસરવા માંડી હતી. પહેલાં તો પોપ તાજપોશી કરતો પરંતુ પંદરમી સદી બાદ તે પ્રથા નાબૂદ થવા માંડી હતી. અગાઉ જ્યારે રાજ્ય પર નાના નાના સામન્તોની પકડ હતી ત્યારે રાજ્ય અને રાષ્ટ્ર અલગ હતાં. પરંતુ પંદરમીથી અઢારમી સદી સુધીમાં રાજ્ય અને રાષ્ટ્ર એ બંને એક ગણાયાં. એને કારણે રાજ્યની સત્તા અબાધિત બની ગઈ હતી.

ધીમે ધીમે સમય જતાં શ્રદ્ધા (ફેઇથ) પર રાજ્યસત્તા આધારિત થઈ, કારણ કે તેમાં ધર્મ ભળ્યો અને રાજ્યને આધીન થવા માટે ધર્મે લોકોને એલાન આપ્યું. વખત જતાં ધર્મને લીધે જન્મેલ શ્રદ્ધા પ્રણાલિકા બની ગઈ અને ત્યાર બાદ રાજ્યસત્તા માટે ધર્મની મદદની જરૂર રહી નહીં. હવે તો, રાજાએ લશ્કર

મારફતે સંપૂર્ણ સત્તા મેળવી લીધી હતી. પરંતુ તે વખતે હરેક વ્યક્તિને માટે ઈશ્વરે નિર્માણ કરેલા હકો અને ફરજો પણ છે એવી માન્યતા રૂઢ થઈ હતી. દા. ત. રાજાને દૈવી હકો અને સર્વોપરીતા છે. સામન્ત કે જમીનદારને જમીન પરના હકો, અને સાથે સાથે રાજાને લશ્કર મોકલીને મદદ કરવાની ફરજ, ખેતી કરનાર કુટુમ્બો માટે પણ વારસાહક સાથેના પ્રસ્થાપિત થઈ ગયેલા હકો તથા ફરજો. એકંદરે, રૂઢિ પ્રમાણે સમાજના દરેક વર્ગે કામ કરવાની ફરજ છે એવી માન્યતા દૃઢ બની ગઈ હતી.

મધ્યયુગની આર્થિક વ્યવસ્થા પર પણ ધર્મની સારી એવી અસર હતી. હવે પછીના જન્મ માટેનું ભાથું ભરવા માટે આ જન્મનો ઉપયોગ કરવાની ઇચ્છા લોકોમાં હતી. સંપત્તિમાં લોકોને ઝાઝો રસ હતો નહીં. એશઆરામી જીવન જીવવાનું ધ્યેય હતું નહીં. ઊલટાની આત્માના કલ્યાણ માટે પાર્થિવ ચીજોનો જેમ બને તેમ ત્યાગ કરવા તરફ વૃત્તિ હતી.

મધ્યયુગમાં ગામડાં મુખ્યત્વે સ્વાવલમ્બી હતાં અને ખેતી પર નભતાં હતાં, ગામનો જમીનદાર સત્તા ભોગવતો; ખેતી પરના હકો અને ફરજો રૂઢિ મુજબ નક્કી થયેલાં હતાં. ગામના શ્રમિકો રજા સિવાય તાલુકો છોડી શકતા નહીં. શ્રમિકો પણ અમુક રીતે જમીન પર કામ કરવા બંધાયેલા હતા. ફક્ત ગામના ખેડૂતો જરા વધુ સ્વતંત્ર હતા.

અર્થતંત્રમાં ખેતી જ મુખ્ય હતી. ૮૦ ટકા વસ્તી ખેતી પર નભતી હતી. એટલે કે અનાજ અને કપડાં મેળવવામાં જ લોકો ગૂંથાયેલા હતા. દરેક ગામડું સ્વાવલમ્બી હતું. માત્ર પાંચથી સાત ટકા જેટલી જ જરૂરિયાતો માટે તે બીજાં ગામડાં ઉપર આધાર રાખતું. ગામડાંમાં વ્યાપારનું ક્ષેત્ર કેરોસીન, રૂ, તેલ, ઓજારો, મીઠું, ફેન્સી કાપડ કે ઘરેણાં પૂરતું મર્યાદિત હતું. શહેરો પણ મર્યાદિત સંખ્યામાં હતાં. ત્યાં હુન્નરઉદ્યોગો નાના પાયા પર ચાલતા હતા. ખાસ કરીને ગૃહઉદ્યોગોનું પ્રભુત્વ હતું. કારીગરો પોતાનાં જ ઓજારો વાપરતા હતા. સ્થાયી (ફિક્સ્ડ) મૂડી જેવું ખાસ હતું નહીં. મૂડી તરીકે ફક્ત અનાજનો સંગ્રહ અને ઓજારો ગણાતાં હતાં.

વિનિમય કોઈ રીતે મોટા પાયા પર અસ્તિત્વમાં આવ્યો ન હતો; કારણ કે શ્રમવિભાજનની ફક્ત શરૂઆત જ થઈ હતી. એને કારણે બજારો પણ નાનાં હતાં. કેટલાંક બજારો તો વર્ષમાં એક જ વાર ભરાતાં હતાં. સામાન્ય રીતે મેળા વખતે બજાર ભરાતાં. કેટલીક જગ્યાએ દર અઠવાડિયે બજાર ભરાતાં હતાં. ખાસ તો પરદેશનો વેપાર થોડો ધ્યાન ખેંચે તેવો હતો. તે માટે ઇટાલી, સ્પેન વગેરેમાં પંદરમી અને સોળમી સદીમાં નગરો પ્રસ્થાપિત થયાં હતાં, જેમાં વ્યક્તિસ્વાતંત્ર્ય સારા પ્રમાણમાં અસ્તિત્વમાં આવ્યું હતું અને એટલા માટે તો મૂડીવાદની શરૂઆત પરદેશ જોડે વેપાર કરતાં નગરોમાંથી થઈ હતી.

આ સમયમાં વસ્તુઓનો બદલો (બાર્ટર — વિનિમય) થતો; ધીમે ધીમે કરતાં ચલણી નાણું પણ વપરાતું થયું હતું. સોના અને ચાંદીના સિક્કાનો મહદંશે ઉપયોગ થતો હતો. બૅન્કો, વ્યાપારી બિલો, હૂંડીઓ અને શરાફની ચિઠ્ઠીઓ વગેરેના ઉપયોગની માત્ર શરૂઆત થઈ હતી; અને શરાફો, પારેખો તથા સોની લોકોએ શહેરમાં નાણાંની લેવડદેવડનો વ્યવસાય શરૂ કર્યો હતો. પરંતુ વિનિમયનું ધોરણ પ્રાથમિક તબક્કામાં જ હતું. કુલ વસ્તીના ફક્ત પાંચ ટકા જેટલી વસ્તી વિનિમય માટેની માથાકૂટમાં પડતી હશે.

શહેરોમાં ખાસ કરીને વેપાર અને હુન્નરઉદ્યોગો ચાલતા હતા. શહેરોમાં ઉમરાવોનાં રહેઠાણો હતાં. તેઓ જમીનની, લશ્કરી કે ઉમરાવ તરીકેની આવક ઉપર નભતા હતા. આ સિવાયની વસ્તી ગૃહઉદ્યોગો અને વેપાર પર નભતી હતી. દરેક ઉદ્યોગ માટે મહાજન(ગિલ્ડ)ની સ્થાપના થયેલી હતી અને તેની મારફતે ઉદ્યોગોની નીતિ નક્કી થતી હતી. ઉદ્યોગમાં શ્રમિકોના પુરવઠા પર પણ ગિલ્ડ અંકુશ ધરાવતું હતું કારણ કે દરેક પેઢી માટે ઍપ્રેન્ટિસની સંખ્યા ગિલ્ડ મારફતે નક્કી કરવામાં આવતી. તેવી રીતે વેતનના દરો, માલની કિમ્મત, ચીજની ગુણવત્તા વગેરે પણ ગિલ્ડ મારફતે નક્કી થતાં હતાં.

# મૂડીવાદ તરફ સંક્રાન્તિ

## મહત્ત્વનાં પરિબળો

મધ્યયુગના અન્તમાં પંદરમીથી અઢારમી સદી દરમિયાન વેપારવાદ (મર્કેન્ટિલિઝમ) પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને ઇંગ્લંડમાં અસ્તિત્વમાં આવ્યો હતો, તેને ઓગણીસમી સદી માટેના મૂડીવાદ માટે સંક્રાન્તિ-કાળ તરીકે ગણાવી શકાય. આ દરમિયાન મૂડીવાદ તરફ દોરી જનારાં કેટલાંક પરિબળો પણ અસ્તિત્વમાં આવ્યાં હતાં.

આ સંક્રાન્તિકાળ દરમિયાન સામન્તોની સત્તા તૂટી રહી હતી, તેમના પર રાજ્ય (કેન્દ્ર સરકાર) સત્તા જમાવતું હતું. ધર્મગુરુઓ પણ નબળા પડતા હતા. અને એ સમય દરમિયાન રાજ્ય અને રાષ્ટ્ર બંને એક થયાં હતાં. એક બાજુ રાજા સામન્તોની સામે વધુ ને વધુ સત્તા મેળવતો હતો ત્યારે લોકો પરની તેની સત્તા નબળી પડતી હતી અને માનવ હકો પ્રસ્થાપિત થઈ રહ્યા હતા.

મૂળે તો, ઈ. સ. ૧૨૧૫માં મૅગ્ના કાર્ટા વખતે રાજાના સર્વાધિકારો પર સર્વ પ્રથમ તરાપ પડી હતી. ઇંગ્લંડના 'કૉમન લૉ'માં એ અધિકારને માન્ય કરવામાં આવ્યા. ત્યાર બાદ ઈ. સ. ૧૬૬૦માં પાર્લમેન્ટમાં કાયદો કરીને તાજના, એટલે રાજાના, જમીન પરના હકો નાબૂદ કરવામાં આવ્યા. તે નિયમ મુજબ રાજા હવે નજરાણું માગી શકે નહીં, કે સામન્તશાહી આવક (ફ્યૂડલ ડ્યૂઝ) મેળવી શકે નહીં; તેને બદલે તેને દારૂ પર આબકારી જકાત નાખવાની છૂટ આપવામાં આવી. આમ, ૧૬૬૦માં સંપૂર્ણ રીતનો જમીનની મિલકતનો હક જમીનનો કબજો ધરાવનારને મળ્યો. જમીનના માલિક તરીકે રાજા (ડોમિનિયમ) રહ્યો નહીં, તે હવે શાસક (ઇમ્પીરિયમ) તરીકે રહ્યો.

સત્તરમી સદીમાં 'સામાજિક કરાર'નો સિદ્ધાન્ત અસ્તિત્વમાં આવ્યો. તે મુજબ, એવી માન્યતા રૂઢ થઈ કે રાજ્યની સ્થાપના માટે લોકોએ કરાર કર્યો છે અને એ કરારની શરતો મુજબ રાજ્ય અને વ્યક્તિએ વર્તવું જોઈએ. ખાસ કરીને કરારની ભાવના અનુસાર કરાર કરનાર બંને એકમો માટે હકો અને ફરજો નક્કી થાય છે. એટલે કે વ્યક્તિ રાજ્યની ગુલામ નહીં પરન્તુ એક સમાન એકમ તરીકે છે તેવું ભાન પણ લોકોમાં થવા માંડયું.

ખાસ કરીને જૉન લૉકના વિચારોએ વ્યક્તિવાદને સારું ઉત્તેજન આપ્યું (જુઓ પૃ. ૨૮–૩૧).

આ રીતે માનવીને અધિકારો આપનારું ચિંતન એ જમાનામાં ક્રાન્તિકારી ગણાય એ સ્વાભાવિક હતું. અગાઉના વિચારોમાં તો વ્યક્તિને કોઈ સ્થાન હતું જ નહીં, જે કોઈ અધિકારો વ્યક્તિને મળતા તે રાજ્યને લીધે અને રાજ્ય મારફતે મળતા અને દરેક વ્યક્તિને સમાજમાં નિયત થયેલો ભાગ જ ભજવવાનો હતો.

લૉકના વિચારો મુજબ માનવીને સ્વાતંત્ર્ય છે. એ પોતાનો શ્રમ ગમે તેને વેચી શકે છે, તેવી રીતે પોતાના શ્રમ સાથે બીજી ચીજો ભેળવીને તે ઉત્પાદન પણ કરી શકે છે; અને પોતાના શ્રમ વડે કરેલ ઉત્પાદન ભોગવવાનો પણ એને સમ્પૂર્ણ અધિકાર છે. બલકે વ્યક્તિને જીવન જીવવાનો, મુક્તિ ભોગવવાનો અને પોતાના શ્રમનું ઉત્પાદન ભોગવવાનો જન્મસિદ્ધ હક છે. માનવીના આ ત્રણે મૂળભૂત અધિકારો એકબીજા પર આધારિત છે. માણસે જિંદગી ટકાવવી હોય તો, મુક્તિ જરૂરી ગણાય, અને મિલકતના અધિકાર સિવાય મુક્તિ મુશ્કેલ છે.

માનવીના આ રીતના સ્વાતંત્ર્ય પર કોઈથી—અરે રાજ્યથી પણ—તરાપ મારી શકાય નહીં. આમ, લૉકના વિચારો મુજબ મિલકતનો અધિકાર એ કુદરતી હક છે. મિલકતના આ હકનું રક્ષણ કરવા માટે દરેક વ્યક્તિ બીજી વ્યક્તિઓ સાથે કરારથી જોડાઈને વ્યવહાર સાચવી શકે એ માટે રાજ્યનું અસ્તિત્વ આવશ્યક

છે. બલકે, રાજ્યના અસ્તિત્વ પહેલાંની માનવીની કુદરતી સ્થિતિમાં મિલકતનો હક સાચવવાનું મુશ્કેલ હોવાથી રાજ્યની સ્થાપના જરૂરી ગણવામાં આવી હતી. બીજી બાજુ, રાજ્ય કરનાર સરકાર છેવટે તો 'માણસો'ની જ બનેલી હોવાથી તેઓ પણ મર્યાદાનો ભંગ ન કરે તેટલા માટે એમના પર પણ અંકુશ હોવો જરૂરી ગણાયો. બલકે રાજ્યના અને વ્યક્તિના અધિકારો અલગ અલગ રીતે નક્કી કરેલા હોવા જોઈએ તે જરૂરી લાગતું હતું. લૉકના મત મુજબ રાજ્યને શિરે મિલકતનું રક્ષણ કરવું અને સુલેહશાંતિ જાળવવી એ સિવાય અન્ય કાનૂની જવાબદારી નથી. ફક્ત પ્રજાની મરજીથી જ રાજ્ય બીજી જવાબદારીઓ લઈ શકે. દા. ત., રાજા પ્રજાની પરવાનગી સિવાય કરવેરા નાખી શકે નહીં તેમ હેમ્ડને ઇંગ્લંડમાં પુરવાર કર્યું હતું.

આ સમય દરમિયાન લ્યૂથરે (ઈ. સ. ૧૪૮૩–૧૫૪૫) ખ્રિસ્તી ધર્મની પ્રૉટેસ્ટન્ટ શાખા શરૂ કરી (ઈ. સ. ૧૫૨૯), જે એક રીતે સમાજથી જકડાઈ ગયેલી પ્રથા કે રૂઢિની સામે બળવા રૂપે હતી. પ્રૉટેસ્ટન્ટ ધર્મની શરૂઆત થતાંની સાથે વ્યક્તિની સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ પર શ્રદ્ધા બંધાઈ અને બુદ્ધિવાદ-(રૅશનાલિઝમ)ની શરૂઆત થઈ: ધર્મપુસ્તકમાં જે કાંઈ લખેલું છે તે સત્ય છે તેમ વ્યક્તિ માનશે નહીં, ફક્ત વ્યક્તિની સમજમાં જે વાત ઊતરશે તે જ તે માનશે. આવા આ બુદ્ધિવાદની સાથે વૈજ્ઞાનિક વિચાર-પદ્ધતિમાંથી વૈજ્ઞાનિક ક્રાન્તિનાં મંડાણ થયાં. સાથે સાથે સમાજના શિક્ષિત અને અગ્રણી વર્ગ તરફથી તે માન્યતાને પુષ્ટિ મળી.

આ સંક્રાન્તિકાળ દરમિયાન વ્યક્તિવાદ તરફનો ઝોક, મિલકતના હકને મૂળભૂત હક તરીકેની માન્યતા અને માનવીને જકડી નાખે તેવી પ્રણાલિકાઓના અંકુશમાંથી મુક્તિ મળવાથી અર્થતંત્રના ક્ષેત્રે કેવી પ્રગતિ થઈ તે આપણે જોઈએ.

આ સંક્રાન્તિકાળ દરમિયાન, મુક્તિ તરફનાં પરિબળો કામ કરી રહ્યાં હતાં એને કારણે, શ્રમિકો ગમે ત્યાં ફરી શકતા હતા, મૂડીનું રોકાણ છૂટથી થતું હતું, જમીનનો મહત્તમ ઉપયોગ કરવામાં આવતો હતો, માનવસમાજ વૈજ્ઞાનિક રીતે વિચાર કરવાને ટેવાવા માંડયો હતો. પરિણામે શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણનો ફેલાવો થયો અને વિનિમય તથા બજારતંત્રનો વિકાસ થયો.

આ સંક્રાન્તિકાળ દરમિયાન યુરોપમાં જમીન પરનાં મોટા ભાગનાં બંધનો દૂર થયાં. ઇંગ્લંડમાં 'એન-ક્લોઝર મૂવમેન્ટ' ચાલી. જમીનની લેવેચ છૂટથી કરાતી થઈ. સર્ફ અથવા હાળીઓએ એમની મુક્તિ કાં પૈસા આપીને ખરીદી લીધી, અથવા સ્થળાંતર કરીને મેળવી લીધી. સામન્તોની શક્તિ નબળી પડતાંની સાથે ગામડાંમાં ખેડૂતો પરનાં બંધનો દૂર થયાં. ફ્રાન્સ અને જર્મનીમાં પણ જમીનના કાયદાઓ બદલાયા અને તેનાથી હાળીઓને મુક્તિ મળી. વેઠ હવે રહી નહોતી, સામન્તના ખેતર પર કામ કરવાની હવે ફરજ રહી નહોતી; મજૂરીનો દર (નાણાંમાં) નક્કી થવા માંડયો હતો. તેવી જ રીતે નગરોની સત્તા પણ ઓછી થવા માંડી હતી. ગિલ્ડની પ્રથા ધીમે ધીમે નાબૂદ થતી હતી. નગરોની ઇજારાશાહી રાજાની પરવાનગી સિવાય રાખી શકાય નહીં તેમ નક્કી થયું હતું.


સાથે સાથે વૈજ્ઞાનિક શોધખોળોથી અર્થતંત્રની તાસીર બદલાવા માંડી. ઔદ્યોગિક ક્રાન્તિના શ્રીગણેશ મંડાયા. વિવિધ પ્રકારની ઝડપી શોધખોળોથી શ્રમવિભાજન, વિનિમય, વિશિષ્ટીકરણ, બજારતંત્ર વગેરેના ઝડપી વિકાસના સંજોગો ઊભા થયા.

બીજી બાજુ આ સંક્રાન્તિકાળ દરમિયાન જ અર્થતંત્રમાં રાજ્યની દખલ પણ વધવા માંડી. તેમાં મુખ્ય કારણ રાષ્ટ્રવાદનો ઉદ્‌ગમ હતું. સામન્તશાહી દૂર થતાં, નાના સીમાડા તૂટતાં, રાષ્ટ્રીયતાનો ઉદય થયો. રાષ્ટ્રને મજબૂત કરવા માટે સૌએ કટિબદ્ધ થવું જોઈએ તેવી ભાવના જાગ્રત થઈ. હેગલ, રૂસો, હૉબ્સ વગેરેના વિચારોને પરિણામે 'મર્કેન્ટિલિઝમ'ને નામે ઓળખાતી આર્થિક નીતિ સૌ રાષ્ટ્રો અનુસરવા માંડયાં. આ નીતિ મુજબ રાષ્ટ્રને બળવાન કરવાની ખાસ જરૂર જણાઈ હતી. બળવાન રાષ્ટ્ર જ પરદેશી હુમલાને ખાળી શકે. રાષ્ટ્રને બળવાન કરવા માટે એની લશ્કરી શક્તિ વધારવી જોઈએ અને લશ્કરને મજબૂત કરવા માટે રાજ્ય

# યાંત્રિક શક્તિની પ્રગતિ

૧૭૦૫ : ન્યૂકૉમેનનું સ્ટીમ એન્જિન; ૧૭૮૨ : જેમ્સ વૉટનું એન્જિન; ૧૮૧૨ : સેગ્વિનનું ટ્યુબ્યુલર બૉઇલર; ૧૮૨૧ : ફેરેડેની ઇલેક્ટ્રિક પ્રવાહને યાંત્રિક શક્તિમાં વાળવાની શોધ; ૧૮૨૫ : ફોર્નેયરોનનું જલયંત્ર; ૧૮૬૭ : સીમેનનો ડાઇનેમો; ૧૮૫૯ : પેટ્રોલિયમની શોધ; ૧૮૯૨ ડીઝલ એન્જિન.

લોખંડ અને પોલાદની નવી શોધખોળોથી યંત્રોનું ઉત્પાદન વધારી શકાયું. લોખંડની શોધ વર્ષોજૂની હતી. પરંતુ ૧૭૫૦ પછી બળતણમાં કોક–કોલસાનો ઉપયોગ શરૂ થયો, મોટી ભઠ્ઠીઓ તૈયાર કરી શકાઈ, હવા-પંપ દાખલ કરવામાં આવ્યા અને લોખંડની ગુણવત્તા વધારવાનું શક્ય થયું; ૧૮૬૦ બાદ પોલાદની શોધખોળ ખૂબ જ આગળ વધી. ૧૮૫૬માં બેસેમર પદ્ધતિ, ૧૮૬૬માં ખુલ્લી ભઠ્ઠીની પ્રક્રિયા, ૧૮૭૯માં વિદ્યુતભઠ્ઠી વગેરેથી પોલાદનું ઉત્પાદન વધારી શકાયું. હૉલ અને હેરકોર્ટ વગેરેએ ઍલ્યુમિનિયમના ઉત્પાદનમાં સારી એવી પ્રગતિ સાધી હતી. તદુપરાંત મેંગેનીઝ, મૅગ્નેશિયમ, ટંગ્સ્ટન, ક્રોમિયમ વગેરેની શોધખોળોથી ઉત્તમ પ્રકારનાં યંત્રો અને ઓજારો તૈયાર કરી શકાયાં હતાં. આવા જ પ્રકારની શોધખોળો જીવવિજ્ઞાન તથા ભૌતિકશાસ્ત્ર વગેરે વિજ્ઞાનોમાં કરી શકાઈ હતી. આ શોધખોળોને પરિણામે કાપડ ઉદ્યોગમાં જરૂરી યંત્રોની શોધખોળો થઈ. ૧૭૩૩માં કેની ફ્લાઇંગ શટલ, ૧૭૭૦માં હારગ્રીવ્ઝની સ્પિનિંગ જેની, ૧૭૮૫માં કાર્ટરાઇટની પાવરલુમ, ૧૭૯૪માં વિટનેની કૉટન-જિન અને ૧૮૮૧ની ઑટોમૅટિક લુમથી કાપડ ઉદ્યોગમાં ક્રાન્તિ આવી હતી. તેમાંય ઈ. સ. ૧૮૦૦માં એલી વિટનેએ યંત્રોના ભાગ એકબીજા સાથે બદલી શકાય તે માટેનો સિદ્ધાન્ત શોધી કાઢ્યો, ત્યારે તો એકદમ ઝડપથી પ્રગતિ થઈ હતી. આ દરમિયાન ખેતીમાં પણ ઝડપથી સુધારાઓ થયા હતા. ખેતીનાં ઓજારો તૈયાર કરવામાં આવ્યાં. ખાતર, બિયારણ, જન્તુનાશક દવાઓ વગેરેથી ખેતીની તાસીર બદલી નાખવામાં આવી. પાણી વગેરેની સગવડથી ઉત્પાદનમાં એકદમ વધારો કરી શકાયો. રસાયણવિદ્યાના વિકાસથી રબર, પેટ્રોલિયમ, રાસાયણિક ખાતરો, ડામર, બનાવટી કાપડ, શણ વગેરે તૈયાર કરી શકાયાં. વાહન-વ્યવહારની સવલતમાં પણ મોટી ક્રાન્તિ સાધી શકાઈ. ૧૭૫૦માં ઇંગ્લંડમાં પાકા રસ્તા તૈયાર કરી શકાયા; ૧૭૬૧માં પાણીની નહેરો તૈયાર થઈ, ૧૮૦૭માં ન્યૂયૉર્ક અને આલ્બની વચ્ચે સ્ટીમબોટ ચાલુ થઈ, ૧૮૧૪માં સ્ટીફન્સનનું પહેલું લોકોમોટિવ તૈયાર થયું, ૧૮૨૫માં સ્ટૉકટન અને ડાર્લિંગ્ટન વચ્ચે પહેલી પેસેન્જર ટ્રેન શરૂ થઈ; ૧૮૬૯માં સુએઝની નહેર તૈયાર થઈ અને ૧૮૭૮માં રેફ્રિજરેટર ગાડી અમેરિકામાં તૈયાર થઈ.




જેમ્સ વૉટનું એન્જિન

A વાળું વર્તુળ એન્જિનની ગતિને સ્વયંનિયંત્રિત રાખતા ગવર્નરનો નિર્દેશ કરે છે. સામાજિક સંસ્થાઓનું રાજકીય પ્રથા જે રીતે નિયમન કરે છે તેની અને આ ગવર્નરની વચ્ચે અઢારમી સદીના કેટલાક વિચારકોને સામ્ય જણાતું હતું.

પાસે નાણાં હોવાં જરૂરી છે; નાણાં સોનારૂપા દ્વારા જ મેળવી શકાય. જે રાજ્યમાં સોનાનું ઉત્પાદન ન હોય તેણે બીજા દેશો પાસેથી તે મેળવવું રહ્યું: તે માટે બીજા દેશોને ચીજવસ્તુઓ, માલસામાન કે સેવાઓ આપવી રહી. ટૂંકમાં, પરદેશના વ્યાપારમાં, આયાત કરતાં નિકાસનો વધારો કરીને જ સોનું મેળવી શકાય. એટલે કે, આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પાસું જમા બાજુનું હોવું જોઈએ. . . .

હવે, સવાલ એ થયો કે, કઈ અર્થનીતિ અનુસરવાથી આંતરરાષ્ટ્રીય વ્યાપારનું જમાપાસું જળવાઈ રહે? પ્રથમ તો, આયાત જેમ બને તેમ ઓછી કરવી જોઈએ. તે માટે આયાત પર જકાત નાખવી જોઈએ, અથવા કોટા નક્કી કરવા જોઈએ. આયાત મોંઘી કરવા માટે હૂંડિયામણનો દર પણ ઊંચો રાખવો જોઈએ. સાથે સાથે આયાત ઘટાડે તેવા ઉદ્યોગો દેશમાં શરૂ કરવા જોઈએ. તે માટે સરકારે ઉદ્યોગોને રક્ષણ આપવું પડે; ઉદ્યોગોને સસ્તા વ્યાજે લોન વગેરે આપવી પડે. બીજી બાજુ દેશની નિકાસ પણ વધારવી જોઈએ. તેમ કરવા માટે નિકાસને અનુદાન વગેરે આપવું જરૂરી છે કે જેથી નિકાસના ઉદ્યોગોને પ્રોત્સાહન મળે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારનું જમાપાસું પ્રાપ્ત કરવા માટે જેમ જેમ વિચાર કરવામાં આવ્યો તેમ તેમ અર્થતંત્ર પર વધુ ને વધુ અંકુશો મૂકવાનું જરૂરી બન્યું: સોનું દેશમાં આવે છે ત્યારે નાણાંનો જથ્થો વધે છે; તેને કારણે વસ્તુના ભાવ ઊંચા જાય છે. હવે જો દેશમાં ભાવ ઊંચા જાય તો આયાત વધે અને નિકાસ ઘટે: તેમ થાય તો અગાઉના બધા જ યત્નો નિષ્ફળ થઈ જાય. માટે સરકારે આંતરિક અર્થતંત્ર પર અંકુશ મૂકવો પડે. આ અંકુશોથી જો ઉદ્યોગોને સંરક્ષણ મળે તો ખેતીનો વિકાસ અટકે. એક ઉદ્યોગ પર અંકુશ આવતાં બીજા ઉદ્યોગો પર અંકુશો લાવવાનું જરૂરી થાય. કાચો માલ પરદેશ નહીં મોકલતાં તૈયાર માલ મોકલવાની લાલચ થાય; લોખંડની ધાતુને બદલે પોલાદ, અને પોલાદને બદલે યંત્રો નિકાસ કરવાનું લાભદાયી બને. દા. ત., રૂની નિકાસ નહીં કરતાં સીવેલાં તૈયાર કપડાંની નિકાસ કરવાની ઇચ્છા થાય.

આ બધું કરવા માટે દેશમાં ઘણા બધા અંકુશો મૂકવાની જરૂર પડે. દા. ત., દરેક ઉત્પાદક પેઢી માટે ગુણવત્તાનાં ધોરણો નક્કી કરવાં પડે; પેઢીઓના કદ પર અંકુશ મૂકવો પડે; એક જગ્યાએથી બીજી જગ્યાએ પેઢીઓ સ્થળાંતર ન કરે તે માટે અંકુશો મૂકવા પડે; કામ શીખવા માટેના ઉમેદવારોની સંખ્યા પર પણ મર્યાદા મૂકવી પડે. કેટલીક વપરાશની ચીજોના ઉપભોગ પર પણ અંકુશ મૂકવા પડે; દા. ત., રાણી ઈલિઝાબેથના રાજ્યમાં માછલી ફક્ત બુધવાર, શુક્રવાર અને શનિવારે જ ખાઈ શકાતી હતી. ઊનના ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે ઊન સિવાયના બીજા કોઈ વસ્ત્રથી મૃત્યુશય્યા સજાવવામાં આવે તો પાંચ પાઉન્ડ દંડ આપવો પડતો.

બીજી બાજુ, લોકો એવી ફરિયાદ કરતા થયા કે, આ નવી નીતિથી પરદેશનો સારો માલ મળતો નથી, અને દેશની હલકી ચીજ વાપરવાની ફરજ પડે છે. એમને જવાબ આપવામાં આવતો કે, વ્યક્તિગત સ્વાર્થને ખાતર રાષ્ટ્રના હિતને જોખમમાં મૂકી શકાય નહીં.

શ્રમની ફેરબદલી પર પણ મર્યાદા મૂકવામાં આવી હતી; કારણ કે પગારોનાં નીચાં ધોરણો ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી ગણવામાં આવ્યાં હતાં.

સંક્રાન્તિકાળને અંતે, એક બાજુ રાજ્યની દખલ ગૂંગળામણ ઊભી કરતી હતી. બીજી તરફ વ્યક્તિવાદ, મુક્તિ, મિલકતનો અધિકાર, વૈજ્ઞાનિક શોધખોળો વગેરેથી લોકો આર્થિક વિકાસ માટે થનગની રહ્યા હતા.

બરાબર આ વખતે ઓગણીસમી સદીના મૂડીવાદ માટે ભૂમિકા પાકી ગઈ ગણાય અને મૂડીવાદને સર્જવા માટે બે અવાજો ઊઠયા, એક અવાજ ફ્રાન્સમાં ફિઝિયોક્રેટ્સ અને બાસ્તિયા-પંથી વિચારકોનો હતો અને બીજો અવાજ ઇંગ્લંડના શિષ્ટ અર્થશાસ્ત્રીઓ—ઍડમ સ્મિથ, રિકાર્ડો, જૉન સ્ટુઅર્ટ મિલ અને બેન્થમ વગેરેનો હતો. આ અવાજોને પરિણામે વ્યક્તિના અધિકારો, મિલકતનો અધિકાર, બજારતંત્ર અને હરીફાઈ અસ્તિત્વમાં આવ્યાં અને **'સારી સરકાર એ જ કે જે નહીંવત્ હુકમ બજાવે'**(ગુડ ગવર્નમિન્ટ ઇઝ ધૅટ વિચ ગવર્ન્સ ધ લીસ્ટ)નું સૂત્ર રાજ્યની સત્તાના સંદર્ભમાં માન્ય થયું.

# ૭ : ઓગણીસમી સદીનો મૂડીવાદ અને તેની પ્રક્રિયા

ઓગણીસમી સદીમાં પશ્ચિમના દેશોમાં જે અર્થવ્યવસ્થા ઊભી થઈ અને મૂડીવાદી અર્થતંત્ર તરીકે ઓળખાતી થઈ તે અર્થવ્યવસ્થા બજારતંત્ર મારફતે કરેલી હતી અને હરીફાઈ એ અર્થતંત્રમાં મહત્ત્વનું બળ હતું. તેમાં મહદંશે ઉત્પાદનનાં સાધનોની માલિકી વ્યક્તિગત હતી અને આર્થિક નિર્ણયો પણ વ્યક્તિગત ધોરણે લેવામાં આવતા હતા. અંગ્રેજ વિદ્વાન કાર્લાઇલના શબ્દોમાં રાજ્યની ઓળખ એક ચોકી કરતા જમાદાર તરીકે આપવામાં આવતી હતી.

આ અર્થવ્યવસ્થાનાં જમા પાસાં એ માનવામાં આવતાં હતાં કે—

(૧) આર્થિક વિકાસનો સૌથી વધુ દર મેળવી શકાય છે;

(૨) સમાજના દરેક વર્ગનું અને ખાસ કરીને નીચલા વર્ગનું શ્રેય સાધી શકાય છે; એટલે કે સામાજિક ન્યાય મેળવી શકાય છે;

(૩) અર્થતંત્ર સારી એવી કાર્યક્ષમતા સિદ્ધ કરી શકે છે. એટલે કે આર્થિક સાધનોની વૃદ્ધિ, સાધનોની ફાળવણી અને ક્ષમતા તથા ઉત્પાદનની વહેંચણી યોગ્ય રીતે થઈ શકે છે.

બીજી કોઈ અર્થવ્યવસ્થા ઉપરની ત્રણે બાબતોમાં મૂડીવાદી અર્થવ્યવસ્થા કરતાં ઊતરતી કક્ષાની થશે, એમ માનવામાં આવતું હતું.

આ વિચારણા પાછળ રહેલી બે મુખ્ય શાખાઓ નોંધપાત્ર છે: ફ્રાન્સના ફિઝિયોક્રેટ્સ અને ઇંગ્લંડના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ.

'મર્કેન્ટિલિઝમ'થી ફ્રાન્સના અર્થતંત્રની દુર્દશા થઈ હતી. આથી ફ્રાન્સના ફિઝિયોક્રેટ્સ એમ માનતા થયા હતા કે સમાજની વ્યવસ્થા કુદરતી બળો ઉપર આધારિત હોવી જોઈએ. એટલા માટે તેના અંગરૂપ અર્થવ્યવસ્થા પણ કુદરતી બળોને આધારે નક્કી કરવી જોઈએ. કુદરતી બળોમાં સ્વાર્થનું બળ ખૂબ જ જોરદાર હોય છે. તે બળ વ્યક્તિને એના વધુમાં વધુ હિતમાં જે હોય તેને માટે યત્ન કરવાને પ્રેરે છે. અને જ્યારે વ્યક્તિ સ્વાર્થ ખાતરેય પોતાનાથી થાય એટલો ઉદ્યમ કરે ત્યારે તેનું ફળ સમાજના હિતમાં પરિણમે છે; કારણ કે, ત્યારે સમાજમાં હરીફાઈ અસ્તિત્વમાં આવે છે અને એ હરીફાઈથી વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સ્વાર્થને સામાજિક હિત તરફ વાળી લેવામાં આવે છે. એટલા માટે જ લોકોની ઇચ્છાઓ અને યત્નોની આડે સરકારે આવવું જોઈએ નહીં. એક ફિલસૂફે સિકંદરને કહ્યા પ્રમાણે 'મને તડકો આવતો ન રોકો.' ('Keep off the sun-shine.') અર્થાત્ નાગરિકને પોતાની મેળે પોતાનું કામ કરવા દેવાની ('let alone') નીતિ જ રાજ્યને માટે યોગ્ય ગણાય. કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપરાંત રાજ્યે કશું પણ કાર્ય કરવાનું રહેતું નથી. કરવા જશે તો સરકાર માટે તે અસ્વાભાવિક ગણાશે અને જો સરકાર કુદરતના કાયદા વિરુદ્ધ વર્તન કરશે તો લોકો દુ:ખી થશે. ફ્રાન્સમાં આ સિદ્ધાંતને 'લેસેફેર' અથવા 'નિરંકુશ વૈયક્તિક અર્થવાદ' તરીકે ઓળખવામાં આવે છે.

ફિઝિયોક્રેટ્સના આ વિચારોમાં વ્યક્તિ હમેશાં સમાજનું ભલું ધ્યાનમાં રાખશે એમ માની લીધેલું છે, એવી કેટલાક લોકો રજૂઆત કરે છે તે ખોટું છે; કારણ કે વાસ્તવમાં ફિઝિયોક્રેટ્સ જાણતા હતા કે, વ્યક્તિમાં

સ્વાર્થનું પરિબળ મજબૂત હોય છે; તે પોતાનો જ વિચાર કરે છે, સમાજના હિતનો નહીં. કેટલીક વાર સમાજનું અહિત કરવાની ઇચ્છા પણ વ્યક્તિમાં થઈ આવે છે. પરંતુ સાથે સાથે હરીફાઈનું તત્ત્વ એટલું જોરદાર હોય છે કે, વ્યક્તિગત સ્વાર્થને લઈને સમાજનું અહિત કરવાની ઇચ્છા હોય તોપણ હરીફાઈ તેમ કરવા દેતી નથી; બલકે, હરીફાઈને લીધે સ્વાર્થ-સ્વાર્થ વચ્ચેનો કલહ દૂર થાય છે અંતે બંને સ્વાર્થી પરિબળો હરીફાઈને કારણે પરસ્પરનું શ્રેય કરવા તરફ વળે છે. જ્યારે આખા અર્થતંત્રમાં તન્દુરસ્ત હરીફાઈ હોય ત્યારે સમાજ આખાનું શ્રેય થાય છે.

ઇંગ્લંડમાં પણ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આ સમય દરમ્યાન મુક્ત અર્થતંત્રની ભલામણ કરી હતી. તેમાં ઍડમ સ્મિથ સૌથી મોખરે હતો. શિષ્ટ અર્થશાસ્ત્રીઓ એમ માનતા હતા કે પુખ્ત વયની વ્યક્તિ પોતાનું હિત શેમાં રહેલું છે તે બરાબર સમજે છે. કોઈ પણ અમલદાર અન્ય વ્યક્તિના હિતનો વિચાર કરી શકે નહીં. દરેક વ્યક્તિ પોતાનું હિત શેમાં રહેલું છે તે બરાબર સમજતી હોવાથી તે ધ્યેયને હાંસલ કરવા એનામાં રહેલા સ્વાર્થને બળે તે ખૂબ જોશપૂર્વક તનતોડ મહેનત કરી શકે છે. આ રીતે વ્યક્તિગત ધોરણે લીધેલા નિર્ણયોનું બજાર-તંત્રના કારણે સંકલન થાય છે; અને કોઈ અદૃશ્ય અદ્‌ભુત શક્તિ આખા અર્થતંત્રને વ્યવસ્થિત રીતે ગોઠવે છે; બલકે, શ્રમ-વિભાજન પર રચાયેલ સહકારયુક્ત અર્થતંત્ર ઊભું થાય છે. રાજ્યે તો બજારતંત્ર સારી રીતે ચાલે અને પૂર્ણ હરીફાઈ જળવાઈ રહે તે માટેનું જરૂરી તંત્ર ગોઠવવાનું રહે છે. તે માટે પરદેશી રાજ્યોના હુમલાથી રક્ષણ, આંતરિક સહીસલામતી અને ન્યાય તથા મરજિયાત ધોરણે વિનિમય થઈ શકે તે માટે જરૂરી આર્થિક નિયમનો (દા. ત. નાણાની સ્થિરતા, કરારનો કાનૂન, ચીજ-વસ્તુનાં ધોરણો અને માપ વગેરે અંગેનાં) સિવાય આર્થિક ક્ષેત્રમાં સરકારે કશું પણ કરવાનું રહેતું નથી. ઈ. સ. ૧૭૭૬માં ઍડમ સ્મિથે સંરક્ષણ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપરાંત આર્થિક ક્ષેત્રે રાજ્યની ફરજોમાં કેવળ એકલદોકલ વ્યક્તિ કે જૂથના જ હિતમાં ન હોય તેવાં જાહેર કર્તવ્યોની પૂર્તિનો અને જાહેર સંસ્થાઓની જાળવણીનો પણ સમાવેશ કર્યો હતો.



ઍડમ સ્મિથ (ઈ. સ. ૧૭૨૩–૧૭૯૦), બાજુમાં 'વેલ્થ ઑફ નેશન્સ'નો સ્મૃતિ ચન્દક (ઈ. સ. ૧૭૯૭)

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ એમ માનતા હતા કે:

(૧) સામાન્ય રીતે આર્થિક બાબતો અંગેનું કામકાજ કરવા સરકાર લાયક નથી, કારણ કે તે કાયદો અને વ્યવસ્થા જાળવી શકે તેવા જ—તેટલી જ મર્યાદિત શક્તિ અને આવડતવાળા—સનંદી અમલદારો રાખે છે; તેઓ સત્તાનો ઉપયોગ કરવાને ટેવાયેલા હોય છે. પરંતુ અર્થતંત્રનાં કામ કરવા માટેનાં ધોરણો જુદાં હોય છે. તે કાર્યો સામાન્ય રીતે અમલદારી રીતે કરી શકાતાં નથી.

(૨) કોઈ પણ પુખ્ત વયનો માણસ પોતાનું હિત જેટલું સમજે છે તેટલું બીજી કોઈ વ્યક્તિ સમજી શકતી નથી. સરકારી અમલદારો ગમે તેવા નિષ્ણાતો હોય તોપણ બીજાનું હિત સમજી શકતા નથી.

(૩) દરેક માણસમાં 'નફો' મેળવવાની ઇચ્છા તીવ્ર હોય છે. અહીં 'નફો' એટલે પોતાની મહેનતના પ્રમાણમાં સૌથી વધુ મળતર—તે મળતર નાણારૂપે હોય કે તુષ્ટિગુણ (યુટિલિટી) રૂપે હોય કે આત્મસંતોષ રૂપે હોય. આ ઇચ્છા માણસને કાર્ય કરવાને પ્રેરે છે. જોકે, કેટલીક વાર નાણાકીય 'નફો' મેળવવાને કે સીધી રીતે મહત્તમ મળતર મેળવવાને બદલે કોઈના ભલા માટે, દેશદાઝને કારણે, સામાજિક પ્રતિષ્ઠાને ખાતર, આબરૂ વધારવા માટેય માણસ અમુક કાર્ય કરવાને પ્રેરાય છે. પરંતુ આ ઇચ્છાઓ તો અવારનવાર જોવા મળે છે. કાયમની અને સતત ટકી રહે તેવી આ ઇચ્છાઓ હોતી નથી. વળી, આવી ઇચ્છાઓ દરેક માણસને હોતી નથી. સમાજમાં કેટલાક માણસો એવા હોઈ શકે કે જેમનામાં આવી ઇચ્છાઓ વધુ પ્રમાણમાં હોય, પરંતુ સામાન્ય માણસ માટે અને સામાન્ય સંજોગોમાં, નાણાની દૃષ્ટિએ 'નફો' મેળવવાની ઇચ્છા પ્રબળ હોય છે. સમાજવ્યવસ્થા માટે આ રીતની જ ઇચ્છાના આધાર પર ગોઠવણ થઈ શકે.

હવે જો દરેક વ્યક્તિ પોતાનું હિત સૌથી સારી રીતે સમજી શકે તેમ હોય તો આર્થિક સ્વાતંત્ર્ય આપવું જરૂરી છે; કારણ કે, તેનાથી દરેક વ્યક્તિ પોતાનું સૌથી વધુ શ્રેય કરી શકે, અને જો તેમ થાય તો સમાજનું પણ મહત્તમ શ્રેય થાય. આર્થિક સ્વાતંત્ર્યને ધોરણે રચાયેલ અર્થતંત્ર મહદંશે કાર્યક્ષમ હોવાનું; કારણ કે આર્થિક વૃત્તિઓનો મુખ્ય આશય આપણી જરૂરિયાતો સંતોષવાનો હોય છે. માટે તો આપણે ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરીએ છીએ. આર્થિક સ્વાતંત્ર્યથી ઉપભોક્તાને ઉત્પાદન ભોગવવાની સંપૂર્ણ છૂટ મળે છે. તે એની આવક મરજીમાં આવે તે રીતે વાપરી શકે છે, તેને ફાવે તે ચીજવસ્તુઓ ખરીદી શકે છે, અને પોતાની આવકમાંથી મહત્તમ સંતોષ મેળવી શકે છે. તેવી જ રીતે આર્થિક સાધનો ધરાવનાર વ્યક્તિઓને ફાવે તે રીતે આર્થિક સાધનોનો ઉપયોગ કરવાની છૂટ મળે છે. એથી પોતાને અનુકૂળ આવે તે કામગીરી કરવાની છૂટ મળે છે. તે ઓછું કામ કરીને વધુ ફુરસદ મેળવી શકે છે, અથવા ફુરસદમાંથી આનંદ મેળવવા કરતાં વધુ કામ કરી, વધુ આવક મેળવી, વધુ આવકનો ઉપયોગ કરીને વધુ આનંદ મળે એ ખ્યાલે તે વધુ કામ કરવાનું પસંદ કરી શકે છે. વ્યક્તિનો મિલકતનો અધિકાર આર્થિક સાધનો જેવાં કે, મૂડી અને જમીન પર હોય છે. આર્થિક સ્વાતંત્ર્યમાં વ્યક્તિગત મિલકતનો અધિકાર પણ સમાવી લેવામાં આવે છે. આર્થિક સ્વાતંત્ર્યથી ઉત્પાદક, ઓછા ખર્ચે વધુ મળતર મેળવી મહત્તમ નફો કરી શકે છે.

જો ઉપભોક્તા અને ઉત્પાદકને આર્થિક સ્વાતંત્ર્ય આપવું જરૂરી હોય તો, બજારતંત્ર અને હરીફાઈ ખાસ જરૂરી છે. હરીફાઈ અને બજારતંત્રથી જ અછતવાળાં સાધનોનો મહત્તમ ઉપયોગ થાય છે; કારણ કે કોઈ પણ અર્થતંત્રની રચના માટે ત્રણ જાતના નિર્ણયો કરવાની જરૂર રહે છે: એક તો, કઈ ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવાનું છે; બીજું, તે ઉત્પાદન કઈ રીતે કરવું છે; અને ત્રીજું, આ ઉત્પાદનનો કોણ, કેટલા પ્રમાણમાં ઉપભોગ કરે.

ઉપરનાં ત્રણે કાર્યો બજારતંત્રથી સારી રીતે ગોઠવી શકાય છે. ઉત્પાદકો, સામાન્ય રીતે લોકોની માગ અંગે ધારણા કરીને ઉત્પાદનની ગોઠવણ કરે છે; જો કોઈ ચીજની વધુ માગ હશે તો ઉપભોક્તાઓ ઊંચી કિંમત આપવાને તૈયાર રહેશે; એટલે ઉત્પાદક તે માલ વેચીને વધુ આવક કરવાની આશા રાખી શકશે. જેની માગ વધુ છે તે માલ તૈયાર કરવા, વધુ સાધનો (જમીન, મૂડી, શ્રમ વગેરે) વાપરવાનું જરૂરી બને છે. અને તેથી ઉત્પાદનનું ખર્ચ વધે છે. ઉત્પાદક માટે ઉત્પાદનના વેચાણમાંથી થતી આવકમાંથી ઉત્પાદન માટે થતું

કુલ ખર્ચ બાદ કરવામાં આવે ત્યારે નફો મળ્યો ગણાય. આ નફો મહત્તમ ત્યારે થાય કે જ્યારે, વધારાનું ઉત્પાદન કરવાથી કુલ આવકમાં વધારો થાય તે ['સીમાન્ત (માર્જિનલ) આવક'] વધારાનું ઉત્પાદન કરવા કુલ ખર્ચમાં જે વધારો કરવો પડે ['સીમાન્ત ખર્ચ'] તેના કરતાં વધુ રહે અથવા બંને લગભગ સરખાં થાય. જો માગ અંગેની ઉત્પાદકની ધારણા સાચી ન પડે તો તેને નુકસાન જાય અને તેને કારણે તરત જ એ ઉત્પાદન ઘટાડી નાખે, અથવા પેઢી બંધ કરીને બીજી ચીજનું ઉત્પાદન કરવામાં લાગી જાય.

આ રીતે ઉત્પાદનના કાર્યમાં જ્યારે કોઈ ઉત્પાદક કે પેઢી રોકાયેલી હોય છે, ત્યારે ઉત્પાદક જમીન, મૂડી, શ્રમ વગેરે આર્થિક સાધનોનો ઉપયોગ કરે છે અને તે માટે ભાડું, વ્યાજ, વેતન રૂપે વળતર આપે છે. ઉત્પાદનનાં આ સાધનોની માલિકી ધરાવનારાં વપરાશી (કન્ઝયુમર્સ) કુટુમ્બો માટે આ એક રીતની આવક થાય છે, તે જ આવક લઈને તેઓ બજારમાં આવે છે અને ઉત્પાદકો પાસેથી વપરાશી ચીજવસ્તુઓ કે સેવાઓ(કન્ઝયુમર્સ ગુડ્ઝ અથવા સર્વિસિઝ)ની ખરીદી -- પ્રાપ્તિ કરે છે. ઉત્પાદનનાં સાધનોના માલિકો જ્યારે એમનાં સાધનો ઉત્પાદકોને આપે છે ત્યારે સૌથી વધુ મળતર મળે તેવો યત્ન કરે છે. અને જ્યારે તેઓ એમની આ આવકનો ઉપયોગ બજારમાં ખરીદો માટે કરે છે ત્યારે પણ મહત્તમ સંતોષ મળે તે રીતે ખરીદી કરે છે. એટલે કે ઉત્પાદકો અને ઉપભોગ કરનારા આ બંને જણા માંહોમાંહે અને એકબીજા વચ્ચે, સૌને મહત્તમ સંતોષ મળે તે રીતે ગોઠવણ કરતા હોવાથી અર્થતંત્ર કાર્યક્ષમ રીતે ઉત્પાદન કરે છે, અને સૌ મહત્તમ સંતોષ પણ મેળવે છે.

ઍડમ સ્મિથના મત મુજબ શ્રમવિભાજનથી જ ઉત્પાદનશક્તિ વધે છે, અર્થવિકાસ એને લીધે જ થઈ શકે છે. શ્રમવિભાજનને કારણે ઉત્પાદનનો જંગી વધારો ત્રણ બાબતોને આભારી છે. એક તો, દરેક શ્રમિકની વિશિષ્ટ કાર્યક્ષમતામાં વધારો થાય છે; બીજું, એક જગ્યાએથી બીજી જગ્યાએ કામ કરવા માટે હેરફેર કરવામાં જે સમયનો વ્યય થાય છે તેનો બચાવ થાય છે; અને છેલ્લે, જુદાં જુદાં યંત્રોની શોધખોળોને કારણે શ્રમિકોને કામ કરવામાં જે સુગમતા ઊભી થાય છે એને કારણે એક શ્રમિક અનેક શ્રમિકોનું કાર્ય કરી શકે છે. ઍડમ સ્મિથના મત મુજબ, શ્રમવિભાજનના વિસ્તાર માટે 'વધારાની બચત' (સરપ્લસ) જરૂરી છે, અને તે કરવા માટેનું મુખ્ય પરિબળ 'નફા'નું છે.


સ્મિથના મત મુજબ બજારનો વિકાસ કરવો જરૂરી છે. જેમ જેમ મૂડી વધે તેમ તેમ શ્રમવિભાજન વધે; તેના પરની મહત્ત્વની મર્યાદા 'બજાર'ને કારણે હોઈ શકે. જો બજાર નાનું હોય તો શ્રમવિભાજનનો વિસ્તાર થઈ શકે નહીં; કારણ કે કોઈ પણ માણસને ફક્ત એક જ ચીજ અથવા ચીજના ભાગના ઉત્પાદન માટે કેન્દ્રિત થવાનું ઉત્તેજન મળે નહીં. પોતાના ઉત્પાદનમાંથી પોતાની વપરાશ બાદ કરતાં જે વધારો રહે તેનો બીજા લોકોના ઉત્પાદન પેટે વિનિમય કરવામાં વધુ ને વધુ મુશ્કેલીઓ ઊભી થાય છે અને તેટલા માટે બજારના કદનો વિસ્તાર કરવો જોઈએ. આ માટે વેપાર પરથી અંકુશો ઉઠાવી લેવાની જરૂર છે. અંકુશથી તો બજાર સંકોચાય છે અને અર્થવિકાસ રૂંધાય છે.

## બજારતંત્ર અને હરીફાઈ

હવે આપણે બજારતંત્ર અને હરીફાઈ પર આધારિત મૂડીવાદી અર્થતંત્રની પ્રક્રિયા કેવી છે તેનો વિચાર કરીએ. આ પ્રથા કઈ કઈ ધારણાઓ — ગૃહીતો (પોસ્ટયુલેટ્સ) પર આધારિત છે તે જોઈએ. તેમાં બજારતંત્ર કેવી રીતે કામ કરે છે, હરીફાઈથી કયો ઉદ્દેશ સાધી શકાય છે, અને શા માટે ઓગણીસમી સદીમાં તે પ્રથાએ દુનિયાના અર્થતંત્રનો, કદી નહીં ધાર્યો હોય તેટલો, ભવ્ય વિકાસ કર્યો? — વગેરે બાબતોનો વિચાર કરીએ.

ઓગણીસમી સદીના મૂડીવાદી અર્થતંત્રની પ્રક્રિયા સમજવા માટે ચક્રીય પ્રવાહ(સરક્યુલર ફ્લો)ને નામે ઓળખાતા અર્થતંત્રના મૉડેલની અહીં રજૂઆત કરીશું. આ મૉડેલ એક રીતે ઓગણીસમી સદીની વ્યવસ્થાનાં મૂળતત્ત્વોની આબેહૂબ રજૂઆત કરે છે.

## ચક્રીય પ્રવાહનો આર્થિક મૉડેલ




આ ચક્રીય પ્રવાહવાળા મૉડેલમાં બે બાજુ બે એકમો મૂકેલા છે: કુટુમ્બો અને પેઢીઓ. આ બે એકમોમાં પહેલો વપરાશી અને બીજો ઉત્પાદક એકમ છે. કુટુમ્બો (વપરાશી એકમ) અર્થતંત્રમાં બે કાર્યો કરે છે: એક તો તેઓ ચીજવસ્તુઓ તથા સેવાઓની બજારમાંથી ખરીદી કરે છે, અને ઉપભોગ કરે છે કે કે જે દરેકનું અન્તિમ ભૌતિક ધ્યેય હોય છે. બીજી તરફ એ કુટુમ્બો આર્થિક સાધનો ધરાવે છે એટલે એનો પુરવઠો પૂરો પાડે છે. દા. ત., કોઈ કુટુમ્બ પાસે અણઘડ શ્રમ હોય છે; કોઈની પાસે જમીન કે મૂડી હોય છે. કુટુમ્બો આ બધાં આર્થિક સાધનો પૂરાં પાડીને આવક મેળવે છે. આ મૉડેલમાં પેઢીઓ ઉત્પાદકો તરીકે છે. તેમાં ખાનગી અને જાહેર પેઢીઓનો સમાવેશ થાય છે—પછી ભલે તે ભાગીદારી પેઢી હોય, કૉર્પોરેશન હોય કે સહકારી મંડળી હોય. પેઢીનું ધ્યેય મહત્તમ નફો મેળવવાનું છે. તે એક તરફ વેતન, વ્યાજ, ભાડું વગેરે આપીને કુટુમ્બો પાસેથી શ્રમ, મૂડી, જમીન વગેરે ખરીદે છે. એ સાધનોનો સમન્વય કરીને ઉત્પાદન તૈયાર કરે છે. તે ઉત્પાદન વેચીને આવક ઊભી કરે છે. આ રીતે વેચાણ-આવક અને ઉત્પાદન-ખર્ચનો તફાવત એમના નફા તરીકે રહે છે. તેઓ કુશળ હોય તો શક્ય એટલા સસ્તા ભાવે-સાધનોની ખરીદી કરે છે. પરંતુ બજારમાં હરીફાઈ હોય તો સાધનોની કિંમત લગભગ એકસરખી રહેતી હોય છે; છતાં, આ આર્થિક સાધનોના વપરાશમાં તો તેઓ એમની કરકસર અને કુશળતા બતાવી શકે છે: બગાડ થવા દે નહીં; જરૂર પડે ત્યારે અથવા અગાઉથી સસ્તો મળે ત્યારે માલ મેળવી લે; ખરીદીનું પ્રમાણ ઈષ્ટતમ (ઑપ્ટિમમ) ધોરણે જળવાય તે માટે જાગ્રત રહે; શ્રમિકો પાસેથી વધુ ઉત્પાદન મેળવે; મૂડીનો સૌથી વધુ ઉપયોગ કરે, વગેરે ઉપાયો દ્વારા ઉત્પાદનખર્ચ બને તેટલું ઓછું કરવા તેઓ પ્રયત્ન કરે છે. બીજી બાજુ એમના ઉત્પાદનની કિમ્મત વધુ ઊપજે તે માટે યત્ન કરે છે. વળી, ઉત્પાદન કરેલા માલની જરૂરિયાત અંગે સાચો અન્દાજ કરે તો પૂરા વેચાણથી પૂરી આવક થાય, માલ સારો બને તો લોકો ઊંચાં નાણાં આપે. દા. ત., પેઢીઓ


ાસે શરૂઆતમાં રૂ. ૧,૦૦૦ હોય અને તે નાણાં તેમણે વ્યાજ, ભાડા અને વેતન રૂપે કુટુમ્બોને આપ્યાં હોય તો તે હજાર રૂપિયા પેઢીઓનું ખર્ચ છે, અને કુટુમ્બો માટે તે આવક છે. આ હજાર રૂપિયા કુટુમ્બો બજારમાં ખર્ચ કરવા લાવે છે. જો તેઓ ચીજવસ્તુઓ અને સેવાઓ વગેરે ખરીદવા માટે રૂ. ૧,૦૦૦નો ખર્ચ કરે તો તે નાણાં વળી પેઢીઓ (ઉત્પાદકો) પાસે આવી જાય છે, જે પેઢીઓની વેચાણઆવક થાય છે તે વખતે પણ એમનું વાજબી નફા સહિતનું ઉત્પાદનખર્ચ અને વેચાણઆવક એકબીજાની બરાબર થઈ જાય છે અને એ રીતની પ્રક્રિયા ચાલુ રહે છે.

આ મૉડેલ મુજબ ચક્રીય પ્રવાહ ચાલે છે, ત્યારે પેઢીઓના માલિકો એમનો નફો એમની વપરાશ પર વાપરે તો, બંને સરખાં થઈ જાય છે. જો ચીજવસ્તુઓના ઉત્પાદનમાંથી વિદેશ નિકાસ થાય તો તેનાં નાણાં પરદેશમાંથી મળે છે. આ નાણાં આયાત માટે વાપરવામાં આવે તો, સામેથી કેટલોક માલ દેશમાં આવે છે. સરકાર પણ આ ચક્રીય પ્રવાહમાંથી કરવેરા મારફતે નાણાં લઈ લે છે. તેમાંથી તે વૃદ્ધાવસ્થાના પેન્શન રૂપે, બેકારીભથ્થા રૂપે, લશ્કરના ખર્ચ માટે વાપરીને તે નાણાં અર્થતંત્રના ચક્રીય પ્રવાહમાં પાછાં મૂકે છે. જો કુટુમ્બો આવકમાંથી બચત કરે અને તે બચત મૂડીરોકાણ મારફતે પેઢીઓને આપે તો મૂડીમાં વધારો થાય છે. પરન્તુ આંતરરાષ્ટ્રીય વેપારથી કે સરકારના દાખલ થવાથી કે મૂડીરોકાણ અને બચતની પ્રક્રિયાથી આ મૉડેલમાં કાંઈ મૂળભૂત રીતનો ફેર પડતો નથી.

આ મૉડેલમાં આપણે જોઈ શકીશું કે, એક બાજુ પેદાશોનું બજાર અને બીજી બાજુ સાધનોનું બજાર અસ્તિત્વમાં આવે છે. જોકે આ બજારોનો ઢાંચો જુદો જુદો હોઈ શકે : પૂર્ણ હરીફાઈવાળો, ઈજારાશાહીવાળો કે સમ્પૂર્ણ હરીફાઈવાળો. પરન્તુ આપણી અત્યારની ચર્ચા માટે તો આપણે પૂર્ણ હરીફાઈવાળા જ બજારનો ઢાંચો લઈશું. આ બજારોમાં ચીજવસ્તુઓ અને સાધનો પૂર્ણ રીતે રોકટોક વિના હરીફરી શકે તેવાં છે. કુટુમ્બ કે પેઢીઓ તરફથી થતી માગ કે તેમના પુરવઠા પર કોઈ જાતનાં નિયંત્રણો નથી. બેઉ આર્થિક એકમો (કુટુમ્બો અને પેઢીઓ) પૂર્ણ જ્ઞાન ધરાવે છે; અને કુટુમ્બો પોતાને મહત્તમ તુષ્ટિગુણ કે સંતોષ મળે અને પેઢીઓ પોતાને મહત્તમ નફો મળે તે રીતે વર્તન કરે છે તેવું અહીં ગૃહીત છે.

આ રીતના પૂર્ણ હરીફાઈવાળા બજારમાં કોઈ પણ પેદાશની કે સાધનસેવાની માગ અને તેના પુરવઠાની સમતુલા થયા સિવાય લાંબો વખત રહી શકે નહીં. તે બંને સરખાં થાય જ તેવુંય ગૃહીત છે. પેદાશના બજાર-(આઉટપુટ માર્કેટ)માં આ રીતની સમતુલા કેવી રીતે આવે છે તે નીચેની આકૃતિ પરથી સમજાશે.

આકૃતિ : ૧





अ (કુટુમ્બ) ब (બજાર) क (પેઢી)

D અથવા d = Demand : S = Supply : MC = Marginal cost : AC = Average cost : E = સમતોલ કિમ્મત).

ઉપરની આકૃતિ OX ધરી પર વસ્તુનો જથ્થો કે સંખ્યા બતાવે છે અને OY ધરી પર કિમ્મત બતાવે છે. આકૃતિના (अ) ભાગમાં આપણે કોઈ એક કુટુમ્બની વસ્તુની માગ dd કરીને બતાવીએ છીએ તેવી રીતે આ આકૃતિના (क) ભાગમાં પેઢીની પરિસ્થિતિ દર્શાવીને એનો — વસ્તુનો પુરવઠો બતાવીએ છીએ. આ ચીજની બધાં કુટુમ્બોની માગ ભેગી મૂકીને (ब) વિભાગમાં DD તરીકે બતાવવામાં આવે છે. અને બધી પેઢીઓનો પુરવઠો SS તરીકે બતાવેલ છે. આમ, કુટુમ્બ, પેઢી અને બજાર માટે એક જ કિમ્મતે સમતુલા મેળવવામાં આવે છે.

આ રીતની પ્રક્રિયા સાધનનાં બજાર(ફૅક્ટર માર્કેટ)માં પણ થાય છે, તે આકૃતિ (૨) રૂપે નીચે મુજબ દર્શાવી શકાય.

આકૃતિ : ૨




(अ) કુટુમ્બ (શ્રમ) (ब) બજાર (क) પેઢી

ઉપરની આકૃતિ (अ)માં કોઈ એક કુટુમ્બ સાધનનો પુરવઠો કેવી રીતે પૂરો પાડે છે તે SS રેખા મૂકીને બતાવ્યું છે અને તેની સામે આકૃતિના क ભાગમાં કોઈ એક પેઢી સાધનની માગ કેવી રીતે કરે છે તે dd રેખા મૂકીને બતાવ્યું છે. આકૃતિના ब ભાગમાં આ સાધન માટે — બધાં કુટુમ્બો તરફથી માગનો પુરવઠો SS અને બધી પેઢીઓની માગ DD રેખા મારફતે બતાવેલ છે. સમતોલ સ્થિતિમાં કુટુમ્બ, પેઢી અને બજારમાં સાધનની એક જ કિમ્મત થાય છે.

આ રીતના બજારમાં દરેક સાધન અને દરેક ચીજની અમુક કિમ્મત હોય છે. કિમ્મતો વડે જ કુટુમ્બો કઈ ચીજો ખરીદવી, કેટલા પ્રમાણમાં ખરીદવી અથવા ઉત્પાદનનાં કયાં સાધનો અને કેટલા પ્રમાણમાં પૂરાં પાડવાં તે નક્કી કરે છે. તે જ કિમ્મતને આધારે ઉત્પાદક પેઢીઓ કઈ ચીજો કેટલા પ્રમાણમાં વેચવી તથા ઉત્પાદનનાં કયાં કયાં સાધનો કેટલા પ્રમાણમાં ખરીદવાં તે નક્કી કરે છે. આવક અને ખર્ચ, કુટુમ્બો અને પેઢીઓ માટે, આ કિમ્મતને આધારે નક્કી થાય છે.

વાપરનારાઓની માગમાં જો ફેરફાર થાય તો તે મુજબ ઉત્પાદન પણ બદલાય છે. તેને માટે પણ બજારતંત્ર યોગ્ય રીતે કામ કરે છે. જ્યારે કોઈ પણ ચીજની માગ વધે છે ત્યારે તે ચીજની કિમ્મત વધતાં ઉત્પાદકોને વધુ મળતર કે નફો મળે છે. તેથી તેઓ સાધનોની વધુ કિમ્મત આપીને પણ તે ચીજનું ઉત્પાદન વધારવા યત્ન કરશે જ. તે ચીજનું ઉત્પાદન વધતાં તેની કિમ્મતમાં પણ ઘટાડો થાય છે; પરન્તુ તે પહેલાંના જેટલી નીચી કિમ્મત સામાન્ય રીતે આવતી નથી. જો કોઈ ચીજની માગ ઘટી હોય તો તેની કિમ્મત નીચે જાય છે, પેઢીઓને નુકસાન જાય છે, તેઓ તેનું ઉત્પાદન ઘટાડે છે અને તેમાં વપરાતાં સાધનોની કિમ્મત ઘટાડે છે. આ રીતે બજારતંત્ર મારફતે જ સહેલાઈથી અને આપોઆપ વપરાશી ચીજોની માગમાં કે તેના પુરવઠામાં જે કાંઈ ફેરફારો થાય છે તેને અનુરૂપ અર્થતંત્રમાં પણ ઝડપથી ફેરફારો થાય છે.

ઉત્પાદકો આર્થિક સાધનોની મદદથી વપરાશી ચીજો અને સેવાઓનું ઉત્પાદન કરે છે. તેમ કરતી વખતે ઉત્પાદન વેચવાથી નફો મેળવવાની લાલચ હોય છે. ઉત્પાદકો વચ્ચે હરીફાઈ હોવાથી કોઈ ઉત્પાદક એની

કાર્યક્ષમતા કરતાં વધુ નફો મેળવી શકતો નથી. કોઈ ઉત્પાદક વાપરનાર પાસેથી મનસ્વી કિમ્મત પણ લઈ શકતો નથી. કારણ કે જો કોઈ ઉત્પાદક મનસ્વી કિમ્મત લેવાનો યત્ન કરે તો તરત જ બીજો ઉત્પાદક ઓછી કિમ્મતે માલ આપવાને તૈયાર થાય છે. કોઈ પણ ઉત્પાદકે વધુ નફો મેળવવા બજાર કરતાં ઊંચી કિમ્મતે વેચાણ કરવું પડે અથવા બીજા કરતાં ઓછા ખર્ચે ઉત્પાદન કરવું પડે. ઉત્પાદક કુશળતાપૂર્વક ઉત્પાદનના અન્ય ખર્ચમાં ઘટાડો કરી સાધનોની ખરીદીની હરીફાઈમાં પહોંચી ન વળે તો ખર્ચમાં કરકસર કરનાર બીજો કોઈ ઉત્પાદક એ સાધનો વધુ નાણાં આપીનેય લઈ જાય. તેવી રીતે ઉત્પાદનના વેચાણમાં પણ હરીફાઈ હોવાથી ઉત્પાદકને એમની ચીજોની સૌથી ઊંચી કિમ્મત લેવાની દાનત હોવા છતાંયે ફક્ત વાજબી કિમ્મતે જ માલ વેચવો પડે — તેમ છતાં વાપરનારને સંતોષ થાય એ રીતે ઉત્પાદકે ચીજ તૈયાર કરવી પડે છે.

## બજારતંત્રમાં કિમ્મતોનું કાર્ય

કિમ્મતથી દરેકને એકબીજાનું માર્ગદર્શન મળે છે. કયા સાધનની અછત છે અને કેટલા પ્રમાણમાં અછત છે તે જાણી શકાય છે. કિમ્મત એ એક પ્રકારનો માર્ગદર્શક સ્તમ્ભ છે. દર્શાવાયેલા રાહે લોકો વળે તે માટે કિમ્મત દ્વારા જરૂરી પ્રોત્સાહન પણ મળી રહે છે; તેના દ્વારા લોકોની આવક નક્કી થાય છે અને જેની આવક વધુ હોય તેને ઉત્પાદનનો વધુ હિસ્સો પ્રાપ્ત થાય છે, તેથી એને કામ કરવાનો ઉત્સાહ રહે છે. નહેરોમાં જેમ પાણી પર અંકુશ રાખવા માટે અને જ્યાં જરૂર હોય ત્યાં પાણીને વાળવા માટે દરવાજા (લૉક્સ) નાખેલા હોય છે તેમ કિમ્મતો આવા દરવાજાનું કામ કરે છે. જે ચીજવસ્તુઓ અને સેવાઓનો પ્રવાહ અર્થતંત્રમાં ચાલતો હોય છે તેના પર અંકુશ રાખી, તેની દિશા નક્કી કરવા જુદાં જુદાં ક્ષેત્રોમાં આ પ્રવાહનું જોશ નક્કી કરવાનું કામ કિમ્મતો મારફતે થાય છે.

તેવી જ રીતે ટૂંકા ગાળા માટે જ્યારે ઉત્પાદન સ્થગિત થઈ ગયેલું હોય અને તેમાં વધારોઘટાડો થઈ શકે તેમ ન હોય, ત્યારે ઉત્પાદન કે પુરવઠાના પ્રમાણ જેટલી જ ઉપભોગ માટેની માગ થાય તેવી વ્યવસ્થા કરવાનું જરૂરી બને છે. આ વ્યવસ્થા કોઈ પણ પ્રકારના રૅશનિંગથી થઈ શકે. કિમ્મતથી પણ રૅશનિંગનું કાર્ય થઈ શકે છે. દરેક ચીજની માગ એના પુરવઠા જેટલી જ થાય તે માટે કિમ્મતની પ્રક્રિયા કામમાં લગાડી શકાય છે.

ગતિશીલ અર્થતંત્રમાં — ખાસ કરી મૂડીરોકાણ નક્કી કરવા માટે — કેટલીય અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડે છે. તે વખતે મૂડીનો ઢાંચો નક્કી કરવામાં વ્યાજનો દર અગત્યનો ભાગ ભજવે છે. કિમ્મતના ફેરફારોથી ભવિષ્યની સમગ્ર ધારણાઓ કેવી છે તે જાણી શકાય છે અને તેના વડે મૂડીરોકાણનો કાર્યક્ષમ ઢાંચો નક્કી કરી શકાય છે.

આ રીતે ધોરણો નક્કી કરવાનું, ઉત્પાદનની વ્યવસ્થા કરવાનું, ઉત્પાદનની વહેંચણી કરવાનું, મૂડીનો નિભાવ અને વધારો કરવાનું અને ટૂંકા ગાળા માટે જ્યારે ઉત્પાદનમાં ફેરફાર ન થઈ શકે ત્યારે ઉત્પાદન અને ઉપભોગ બંને સરખાં કરવાનું કાર્ય કિમ્મતથી થઈ શકે છે. જ્યારે શ્રમવિભાજન વિસ્તાર પામ્યું હોય, નાણાં મારફતે વિનિમય મોટા પ્રમાણમાં થતો હોય અને હજારો — બલકે લાખો — લોકો બજાર સાથે સંકળાયેલા હોય ત્યારે કોઈ પણ એવા તંત્રની જરૂર પડે છે કે જે આ ઉત્પાદક એકમો અને ઉપભોગ કરતાં કુટુમ્બો પાસેથી માહિતી મેળવે; તે માહિતી જેમ બને તેમ જલદીથી મેળવે અને જ્યાં એની જરૂર હોય ત્યાં તેને જલદીથી પહોંચાડે; આ માહિતી એના સાચા સ્વરૂપમાં પહોંચાડે અને ઉત્પાદકોને એ માહિતી મુજબ વર્તવાનો ઉત્સાહ આપે અને તે મુજબ જરૂરી ફેરફારો કરવાની ફરજ પાડે. આ કાર્ય કિમ્મતોના તંત્રથી થાય છે. એટલા માટે તો કેટલીક વાર કિમ્મતની પદ્ધતિને ટેલિગ્રાફ પદ્ધતિ જોડે અથવા આપણા શરીરમાંની જ્ઞાનતંતુ વ્યવસ્થા સાથે સરખાવવામાં આવે છે.

ટૂંકમાં કિમ્મતનાં ચાર કાર્યો હોય છે: એક તો, સાધનોની ફાળવણી (ઍલોકેશન) કરવાનું; બીજું, સાધનો-ની કાર્યક્ષમતા (એફિશિયન્સી) પ્રાપ્ત કરવાનું; ત્રીજું, વપરાશી ચીજોનું રૅશનિંગ કરવાનું; અને ચોથું, ભવિષ્ય અને વર્તમાન વચ્ચે ઉપરની ત્રણે બાબતોને યોગ્ય રીતે સાંકળવાનું.

કિમ્મતનું તંત્ર હરીફાઈ દ્વારા મૂડીવાદી પ્રથામાં આ ચારે કાર્યો સારી રીતે પાર પાડે છે. સ્થિર તેમ જ વિકાસશીલ અર્થતંત્રમાં આ પ્રથા ક્ષમતા મેળવી શકે છે.

## સફળતાની શરતો

હવે એ સવાલ જરૂર થશે કે આ રીતની મૂડીવાદી અર્થવ્યવસ્થા સફળ થાય તે માટે કઈ કઈ શરતોનો અમલ થવો જરૂરી છે.

**પહેલી શરત:** સરકાર સુલેહશાન્તિ જાળવે તેવી મજબૂત હોવી જોઈએ. હરીફાઈ, બજારતંત્ર, શ્રમ-વિભાજન, મુક્ત વિનિમય, સાધનોની ખરીદી અને પેઢીઓનું ઉત્પાદન—એ બધુંયે સારી રીતે ધારણાઓ મુજબ ત્યારે જ થાય કે જ્યારે સમાજમાં શાંતિ સ્થપાયેલી હોય; દેશમાં હિંસા પ્રસરેલી ન હોય, નહીં તો લોકો મિલકતની જાળવણી કેવી રીતે કરી શકે? દૂર દૂરથી માલ મંગાવવાનું કે મોકલવાનું જોખમ કેવી રીતે ખેડી શકે? મજબૂત સરકાર હોય તો જ મરજિયાત રીતે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે કે પેઢી-પેઢી વચ્ચે થયેલા કરારોનો અમલ થઈ શકે. એટલે સહીસલામતીની સ્થિતિ સરકારે ઊભી કરવી જ રહી કે જેથી લોકો જહેમત કરી શકે, બચત કરી શકે, મૂડીરોકાણનું જોખમ ખેડી શકે, ભવિષ્યમાં કરવા માટેના ઉત્પાદનની યોજના કરી શકે.

**બીજી શરત:** આર્થિક સ્વાતંત્ર્ય હોવું જોઈએ. જો જ્ઞાતિ અને વર્ણના વાડામાં ગોંધાઈને અમુક જ વ્યવસાય કરવાનું બન્ધન હોય તો મુક્ત હરીફાઈ શકય બને નહીં. વળી, જો ઓછા મળતરની જગા પરથી વધુ મળતરવાળી જગા પર જલદીથી જઈ શકાય તેવું ન હોય તોય, મુક્ત હરીફાઈ દ્વારા ધાર્યું પરિણામ લાવી શકાય નહીં. ઉત્પાદનનાં સાધનોની કાયદેસર રીતે તેમ જ વાસ્તવમાં મુક્ત હેરફેર થઈ શકે તેમ ન હોય તો હરીફાઈ અસ્તિત્વમાં આવી શકે નહીં.

**ત્રીજી શરત:** નાણાકીય વ્યવસ્થા પૂર્ણ રીતે વિકસેલી હોવી જોઈએ. દરેક ચીજ અથવા સાધનની કિમ્મત નાણામાં આંકી શકાય તેમ હોવું જોઈએ. નાણાની સ્થિરતા પણ જળવાઈ રહેવી જોઈએ કે જેથી આવક અને ખર્ચ વિશે આયોજન કરી શકાય. આયોજન કરતી વખતે માગ, પુરવઠો અને ઉત્પાદન ભવિષ્ય સાથે સંકળાયેલાં હોવાથી જે કોઈ પ્રકારની અનિશ્ચિતતા ઊભી થવાની વકી હોય અને જોખમો આવવાનાં હોય તેમની સામે રક્ષણ મેળવી શકાય તેવી સંસ્થાકીય વ્યવસ્થા હોવી જરૂરી છે. સમગ્ર વિસ્તાર ઉપર કિમ્મતના તંત્રનો અમલ હોવો જરૂરી છે. તેજીમન્દીનાં મોજાં અવારનવાર આવતાં હોવાં ન જોઈએ. આવે તોપણ આ મોજાં ખૂબ જ પ્રચંડ ન હોવાં જોઈએ. નહીં તો હરીફાઈ કે બજારતંત્ર કામયાબ થઈ શકે નહીં.

**ચોથી શરત:** સમાજમાં જોખમ ખેડે એવા યોજકોની સારી એવી સંખ્યા હોવી જોઈએ. એવા યોજકો કે પેઢીઓની દરેક ઉદ્યોગમાં એટલી મોટી સંખ્યા હોવી જોઈએ કે જેથી તેમાંની કોઈ એક પેઢી કે એક નાનું જૂથ, બજાર પર અસર ન પાડી શકે. આ યોજકોને નફાનુકસાનનું સારું ભાન હોવું જોઈએ. ભવિષ્ય વિશે તેઓ ખૂબ જ જાગ્રત હોવા જરૂરી છે. વળી, જાતે જોખમ ખેડવા માટે તૈયારી બતાવનારા હોવા જોઈએ. તેઓ એકબીજા સાથે સમજૂતી કરી ન લે તે પણ જરૂરી છે; કેમ કે તેમ કરે તો આંતરિક હરીફાઈને સ્થાને ઇજારાશાહી અસ્તિત્વમાં આવે.


**પાંચમી શરત:** બજારમાં પૂર્ણ હરીફાઈ અસ્તિત્વમાં આવેલી હોવી જોઈએ અને તે માટે બજારમાં વેચાતી ચીજ સમગુણી, એકસરખી (હોમોજિનસ) હોવી જોઈએ; ખરીદનારા અને વેચનારાઓની સંખ્યા સારા પ્રમાણમાં હોવી જોઈએ, એમાંની કોઈ એક પેઢી કે જૂથ બજાર પર અસર કરી શકે તેમ ન હોવું જોઈએ.

ઉત્પાદન, વેચાણ અને ખરીદ પર અંકુશ હોવો જોઈએ નહીં. ઉત્પાદન માટે ગમે તે પેઢી દાખલ થઈ શકે તેમ હોવું જોઈએ. તેવી રીતે તેમાં વપરાતાં સાધનોની મુક્ત હેરફેર હોવી જોઈએ અને એ બજાર વડે સંકળાયેલા સૌને જે ભાવે ખરીદ-વેચાણ થતું હોય એની સમ્પૂર્ણ માહિતી હોવી જોઈએ.

કેટલીક વાર સરકાર ઈજારો આપે છે, કેટલીક વાર પેઢીનું કદ એટલું મોટું હોય છે કે તે આપોઆપ ઈજારો પ્રાપ્ત કરી લે છે. કેટલીક વાર જાહેરાતો મારફતે માગ પર અસર પાડવામાં આવે છે; કેટલીક વાર આડકતરી રીતે ઈજારો મેળવી લેવામાં આવે છે અને કેટલીક વાર પૂરતી માહિતી પૂરી પાડવામાં આવતી નથી. કેટલીક વાર ઉત્પાદકો અંદરઅંદર સમજીને બજારોની વહેંચણી કરે છે : માંહોમાંહે ભાવ બાંધીને વેચવાનું નક્કી કરે છે અથવા ઉત્પાદન ઘટાડીને ઊંચા ભાવ લેવાનું નક્કી કરે છે. આ રીતે ઈજારાશાહી અથવા ઈજારા-યુક્ત હરીફાઈ કે અપૂર્ણ હરીફાઈની સ્થિતિ ઊભી કરે છે. તેવી સ્થિતિમાં મૂડીવાદી અર્થતંત્ર ઈષ્ટતમ સ્થિતિ પ્રાપ્ત કરતું નથી અને ક્ષમતાપૂર્વક આર્થિક સાધનોનો ઉપયોગ પણ થતો નથી.

ઓગણીસમી સદીમાં રાજ્યની દખલ ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. વ્યક્તિવાદનો વિજય થયો હતો. લોકશાહીની અંતર્ગત વ્યક્તિસ્વાતંત્ર્યના વાતાવરણને કારણે લોકો દમન નહીં પણ સ્વેચ્છાને રાજ્યના પાયા તરીકે માનવા લાગ્યા હતા. વૈજ્ઞાનિક શોધખોળોથી ઉત્પાદન કૂદકે ને ભૂસકે વધતું હતું; યંત્રો પણ ઉત્પાદનનો વધારો કરવામાં સહાય થતાં હતાં; વાહનવ્યવહારનો પણ સારો એવો વિકાસ થયો હતો.

જેમની પાસે મૂડી હતી તે લોકો બચત કરતા હતા; મૂડીને ફરીથી રોકીને નવી ફૅક્ટરીઓ તૈયાર કરતા હતા. એટલે નાણાંનો વ્યય વૈભવમાં ઝાઝો થતો નહીં. વળી શ્રમિકોનું જીવનધોરણ ઊંચું આવતું હતું, ભૌતિક દૃષ્ટિએ એમના જીવનધોરણમાં સુધારો થતો હતો. આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે પણ સોનાનું ધોરણ યોગ્ય રીતે




રેફ્રિજરેટેડ રેલવે વૅગન મારફત માંસની જાળવણીપૂર્વકની હેરફેરની શક્યતા ઊભી થતાં બજારની ક્ષિતિજો વિસ્તરી. ઈ.સ. ૧૮૮૦ના અરસાનું આ અમેરિકી પોસ્ટર સ્થાનિક ખેડૂતના સીમિત બજારનો નવી પરિસ્થિતિ સાથેનો વિરોધ ઉપસાવે છે.

કામ કરતું હતું. વ્યાપારના પ્રમાણમાં સોનાનું ઉત્પાદન વધતું હતું, ઈંગ્લંડનો સ્ટર્લિંગ સોનાની ગરજ સારતો હતો, ઈંગ્લંડનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર પથરાયેલો હતો, ઈંગ્લંડ પરદેશમાં મૂડીની નિકાસ કરતું હતું અને તેમાંથી સારી એવી આવક મેળવતું હતું, જે આવક ફરીથી પરદેશમાં મૂડી તરીકે રોકવામાં આવતી હતી. આથી તેજી-મન્દીનાં વમળોને તે પચાવી શકતું હતું. લંડન જ નાણાકીય દૃષ્ટિએ અગત્યનું બજાર હોવાથી, નાણાં લેનાર ને નાણાં આપનાર બંને લંડનને બૅન્ક ગણતા અને ત્યાં નાણાં મૂકતા હતા. સ્ટર્લિંગના ધોરણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર સારી રીતે ચાલતો હતો; પરદેશી વ્યાપાર માટે પણ ઈંગ્લંડનાં દ્વાર ખુલ્લાં હતાં; એને કારણે સંરક્ષણ અને અંકુશોની પરમ્પરા જન્મી નહોતી. કોઈ દેશમાં અંકુશોનો જન્મ થાય તોપણ સમગ્ર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એનો ફેલાવો થતો નહીં. એને કારણે પરદેશમાં મૂડીરોકાણ છૂટથી થયું હતું. દેશવિદેશમાં ખાણોનો વિકાસ કરી શકાયો હતો, કાચો માલ મેળવી શકાયો હતો અને તૈયાર થયેલો વપરાશી માલ વેચી શકાયો હતો.

આધુનિક અર્થતંત્ર એના આરંભના તબક્કામાં હોવાથી યોજકોની સંખ્યા સારી હતી. દરેક ચીજ માટે ખરીદનારા અને વેચનારાની સંખ્યા સારી હતી. પેઢીનાં કદ એટલાં મોટાં થયેલાં નહોતાં કે જેથી તે આખા ઉદ્યોગને ગળી જાય. જાહેરાતો વગેરે એકદમ જોરદાર નહોતી. સરકારી અંકુશો ખૂબ જ ઓછા હતા. સરકારી ઉત્તેજનના અભાવે ઈજારાશાહી જમાવવાનું પણ ખૂબ જ મુશ્કેલ હતું અને પેદાશનો વેપાર મુક્ત રીતનો હોવાથી દેશમાં અંકુશોનું સામ્રાજ્ય જમાવવાનું મુશ્કેલ હતું. સામાન્ય રીતે વસ્તીનો વધારો થઈ રહ્યો હતો. જોકે, અર્ધવિકસિત દેશોમાં તો જન્મના દર જેટલો જ મૃત્યુનો દર હતો. વિકસિત દેશોમાં શ્રમિકો અને મૂડીની મુક્ત રીતની હેરફેર થતી હતી. આંતરરાષ્ટ્રીય સલામતી પણ સારી રીતે જળવાતી હતી. કોઈ વિશ્વયુદ્ધ થયું ન હતું અને જે કાંઈ લડાઈઓ થતી, તેના કારણે આખું અર્થતંત્ર ખોરવાઈ જાય તેવું થતું નહોતું.

મૂડીવાદી વ્યવસ્થાને કાર્યક્ષમ રીતે પૂર્ણ કક્ષાએ કામ કરવા દેવા માટે જરૂરી પરિસ્થિતિ પશ્ચિમના દેશોમાં ઓગણીસમી સદીમાં પ્રવર્તતી હતી. જોકે, ૧૯૧૪ના પ્રથમ વિશ્વયુદ્ધ સાથે આવા સોનેરી સમયનો અન્ત આવ્યો ગણાય.

# ૮ : સુધારવાદીઓની ટીકા

ઓગણીસમી સદીના હરીફાઈયુક્ત બજારતંત્રવાળા મૂડીવાદની સમકાલીન ટીકાઓ ખાસ કરીને બજાર-તંત્રની ખામીઓ અને હરીફાઈની મર્યાદાઓ અંગેની હતી. તેને માટે ઓગણીસમી સદીમાં અર્થવ્યવસ્થામાં જે ફેરફારો થયા તે મુખ્યત્વે જવાબદાર હના. એ સદીમાં ધીમે ધીમે શ્રમવિભાજન વધ્યું હતું. ટેકનિકલ પ્રગતિ પણ એકદમ થઈ હતી. તેને કારણે યંત્રો વગેરેમાં નવા નવા ફેરફારો થયા હતા. અર્થતંત્રમાં મૂડીનો ઢાંચો પણ સારી રીતે બદલાયો હતો. બજારનું વિસ્તૃતીકરણ પણ થયું હતું. આ બધાં કારણે કેટલાયે નવા પ્રશ્નો ઊભા થયા હતા. અર્થવિકાસ ઉપરાંત ઈષ્ટતમ ધોરણ પ્રાપ્ત કરવાની લોકોની ઈચ્છા પણ પ્રબળ થઈ હતી. પશ્ચિમના દેશોને વિકસવા માટે જે તકો હતી તે અર્ધવિકસિત દેશોને મળે તેમ હતું નહીં અને તેથી નવી રીતે વિકાસ કરવાની તેમની ઈચ્છા પણ પ્રબળ રીતે અસ્તિત્વમાં આવી રહી હતી.

તદુપરાંત અર્થશાસ્ત્રનો અભ્યાસ વધ્યો તેમ તેમ સમગ્ર અર્થતંત્રનાં પરિવર્તકો અંગે વધુ માહિતી મળવા માંડી હતી. તે પરિવર્તકોના પરસ્પર સંબંધો અંગેનો સારો એવો ખ્યાલ હવે અર્થશાસ્ત્રના અભ્યાસમાં ઉમેરાયો હતો. રાષ્ટ્રીય આવકની અંકમાહિતીને આધારે આખા અર્થતંત્રની પ્રક્રિયા જાણવામાં આવી હતી. વળી કેટલાક પ્રશ્નો — જેમ કે, બેકારી — જે અગાઉ અગત્યના ગણાતા નહોતા તે હવે સામાજિક પ્રગતિને કારણે કે અર્થ-તંત્રના ફેરફારથી કે સમાજવાદી ટીકાઓને કારણે અગત્યના બન્યા હતા.

આરંભે આપણે મૂડીવાદી માળખાની ક્ષતિઓ અંગેની સુધારવાદીઓની ટીકા-ફરિયાદો તરફ દૃષ્ટિ નાખીએ.

## કિમ્મતનો ફાળો

અગાઉ આપણે જોયું કે હરીફાઈયુક્ત મુક્ત બજારતંત્રમાં કિમ્મતો વડે વપરાશી ચીજો(કન્ઝયુમર્સ ગુડ્ઝ)નું રૅશનિગ સારી રીતે થાય છે. તે માટે સરકારની દખલની જરૂર રહેતી નથી. પરન્તુ, કિમ્મતતંત્ર વપરાશી ચીજોનું રૅશનિગ કરવાના કાર્યમાં કેટલીક જગ્યાએ નાકામયાબ પણ નીવડે છે. એક તો, જો આવક અને મિલકતની વહેંચણી યોગ્ય રીતે કરેલી ન હોય તો હરીફાઈયુક્ત મુક્ત બજારતંત્રથી ચીજવસ્તુઓ યોગ્ય હાથોમાં પહોંચતી નથી. દા. ત., અસમાન આવકની અને મિલકતની વહેંચણીની સ્થિતિમાં દુષ્કાળના સમયમાં સુખી માણસોના હાથમાં ઘઉંનો મોટો જથ્થો જતો રહે છે અને ગરીબ લોકો તદ્દન ભૂખે મરે છે. સામાન્ય રીતે ખાસ જીવનજરૂરિયાતની ચીજ સમાજે વહેંચીને ખાવી જોઈએ, પરન્તુ કિમ્મતતંત્ર એમ થવા દેતું નથી; કારણ કે બજારમાં આવકના પ્રમાણમાં, ઊંચી આવકવાળી મર્યાદિત વ્યક્તિઓ એમની માગનું જોર વાપરી મોટો જથ્થો સંઘરી શકે છે. તેવી રીતે, ઉત્પાદન મર્યાદિત હોય, જથ્થો પણ મર્યાદિત હોય અને કટોકટીનો સમય હોય — જેમ કે આપણે કિલ્લામાં ઘેરાઈ ગયેલા હોઈએ અને પાણીનો કે અનાજનો જથ્થો ફક્ત બે જ મહિના ચાલે તેટલો હોય — ત્યારે દરેકને પાણી કે અનાજની યોગ્ય વહેંચણી કરવામાં બજારતંત્ર કામયાબ થતું નથી. પરિણામે, દુષ્કાળના વખતમાં પણ ઘઉં કે અનાજનું ઉત્પાદન વધવાને બદલે મોજશોખની ચીજોનું ઉત્પાદન વધવાનું ચાલુ રહે છે; અથવા પૈસાદાર લોકોના ઘરમાં નાહવાના હોજ માટે પાણી વપરાય છે, જ્યારે ગ્રામ વિસ્તારોમાં પીવાના પાણી માટે લોકો ટળવળતા હોય છે.

તદુપરાંત, મુક્ત બજારતંત્ર હોય પરન્તુ જો પૂર્ણ હરીફાઈ અસ્તિત્વમાં ન હોય તો યોગ્ય રીતે વપરાશી ચીજોનું રેશનિંગ થતું નથી. કેટલીક વાર હરીફાઈને બદલે, જુદાં જુદાં ધોરણોવાળા ઈજારાશાહી બજારનો ઢાંચો અસ્તિત્વમાં આવે છે. તે વખતે વસ્તુની કિમ્મત અને ઉત્પાદનનું એકમદીઠ સરેરાશ ખર્ચ સરખાં થતાં નથી (કે જે હરીફાઈ વખતે સરખાં હોય છે) એટલે, સામાન્ય ધોરણ કરતાં પણ વધુ નફો ઈજારાશાહી ઉત્પાદકો મેળવે છે. આવા સંજોગોમાં વેચાણ કરતી પેઢીઓ પણ જુદી રીતે વર્તાવ કરે છે. કેટલીક વાર ગળાકાપ હરીફાઈ શરૂ કરે છે, તો કેટલીક વાર મહત્તમ વેચાણ માટે પેઢીઓ એક થઈ જાય છે.

ખાસ કરીને વપરાશના ક્ષેત્રમાં હરીફાઈ હોય નહીં ત્યારે બે મહત્ત્વના ફેરફારો થાય છે: એક તો વસ્તુની કિંમત બરાબર એનું સરેરાશ કે 'સીમાન્ત ખર્ચ' થતું નથી, આથી 'પેઢી' વધુ નફો કરે છે; અને બીજું, વેચાણખર્ચ મારફતે વાપરનારાઓની માગમાં ફેરફાર કરવામાં આવે છે જોકે 'વેચાણખર્ચ' વાજબી છે કે ગેરવાજબી તે અંગે હજુ વિવાદ છે અને 'સીમાન્ત ખર્ચ' કરતાં વસ્તુની કિમ્મત વધુ હોય કે ઓછી હોય ત્યારે સાધનોની ફાળવણી યોગ્ય છે કે નહીં તે અંગે પણ મતભેદ છે. દા. ત., કેળવણીને વપરાશી ચીજ ગણ-વામાં આવે તો તેની બાહ્ય અસરો હોય છે. કેળવણી પામેલા સંસ્કારી માણસની પડોશી પર અસર પડવાની જ. કેળવણી જેવી વપરાશી ચીજ, એના સીમાન્ત ખર્ચ કરતાં ઓછી કિમ્મતે આપવામાં આવે તો શું? બગીચા અને લાઈબ્રેરી જેવી સેવાઓ ઓછી કિમ્મતે આપવામાં આવે તો શુ? વગેરે પ્રશ્નો વિશે આજે પણ વિવાદો છે અને તે અંગે અપવાદો કરવાનું વલણ, હરીફાઈયુક્ત બજારતંત્રમાં પણ જરૂરી લાગ્યું છે.

## સાધનોની ફાળવણી તથા ઉત્પાદન

મુક્ત બજારતંત્રનું બીજું અગત્યનું કાર્ય આપણે આગળ જોઈ ગયા તેમ, સાધનોની ફાળવણી કરવાનું છે. પરન્તુ, આ બાબતમાં પણ જો આવક અને મિલકતની યોગ્ય વહેંચણી કરેલી હોય, હરીફાઈયુક્ત બજારનો ઢાંચો હોય, ઉત્પાદનની બાહ્ય અસરો ન હોય અને સાધનોની અવિભાજ્યતા ન હોય, તો જ બજારતંત્ર કાર્યક્ષમ રીતે કામ કરે છે: ખાસ કરીને, સ્થિર અર્થતંત્રમાં જ બજારતંત્ર યોગ્ય રીતે કામ કરે છે. જ્યારે ગતિશીલ અર્થતંત્રમાં સહેજ મુશ્કેલી આવે છે અને તે વખતે, મુક્ત બજારતંત્રને સ્થાને ઈજારાશાહી દાખલ કરવાનું કેટલાક લોકો યોગ્ય ગણે છે. અહીં ઉત્પાદન અંગે મહત્ત્વના સવાલો ઉપસ્થિત થાય છે: દા. ત., જો નવી ચીજનું ઉત્પાદન કરવામાં આવ્યું હોય અને તે ચીજનું વેચાણ જાહેરાત કર્યા સિવાય થઈ શકે તેમ ન હોય, તો જાહેરાત કરીને તે ચીજનું ઉત્પાદન કરવું કે કેમ? કેટલીક ચીજો સર્વસાધારણ હિત (પબ્લિક ગુડ) કે ગુણવત્તા હિત (મેરિટ ગુડ) તરીકે ઓળખાય છે. એટલે કે એકને માટે જેનું ઉત્પાદન થાય છે તે બધાંને માટે થયેલું બને છે. દા. ત., સંરક્ષણ વ્યવસ્થા કે તંત્ર એકને માટે કરો, તોપણ બધાંને માટે તેનો ઉપયોગ એકસરખો જ થાય છે. માટે તે સર્વસાધારણ હિતની સેવા ગણાય. વળી, દૂધ ઉત્પાદનમાં જો વધારો કરવામાં આવે તો તેનો વપરાશ વધે અને તેને કારણે સમગ્ર પ્રજાની સામાન્ય સુખાકારી સુધરે, માટે તે ગુણવત્તા હિત છે. આવી સર્વોપયોગ ચીજોને બજારતંત્રના નિયમો નીચે મુક્ત રીતે છોડી શકાતી નથી. ફી લઈને દીવાદાંડીનું ઉત્પાદન નક્કી કરી શકાતું નથી. દીવાદાંડી માટે સીધી ફી કોણ આપે? બગીચાની ફી રાખવામાં આવે તો તે ઘણો વખત વપરાયા સિવાયનો રહે! તેનાથી શો ફાયદો? બગીચાને દૂરથી જોઈને પણ લોકો 'તુષ્ટિગુણ' મેળવી શકે છે! તે વખતે લોકો પાસેથી એની ફી કેવી રીતે ઉઘરાવી શકાય? વગેરે વગેરે મુશ્કેલીઓ હોવાથી અર્થતંત્રમાં કેટલીક જગ્યાએ બજારતંત્ર યોગ્ય રીતે કાર્ય કરી શકતું નથી.

મુક્ત બજારતંત્રનું ત્રીજું અગત્યનું કાર્ય કાર્યક્ષમતા પ્રાપ્ત કરવાનું છે. અને તે ક્ષમતા મેળવવામાં નિયોજકો અગત્યનો ભાગ ભજવતા હોય છે. હરીફાઈયુક્ત બજારતંત્રમાં દરેક ઉત્પાદક મહત્તમ નફો મેળવવા યત્ન કરશે તેવું અનુમાન આપણે કર્યું હતું. પરન્તુ મહત્તમ નફા અંગે કેટલાયે પ્રશ્નો સ્પષ્ટ થતા નથી.

મહત્તમ નફો નાણાંમાં ગણવાનો કે બીજી કોઈ રીતે? ટૂંકા ગાળામાં કે લાંબા ગાળામાં? પેઢીની એક વ્યક્તિ માટે કે આખા જૂથ માટે? કૉર્પોરેશન હોય ત્યારે મહત્તમ નફો કોનો ગણવાનો? ખાસ કરીને આધુનિક અર્થ-તંત્રમાં સલામતી સાથે સ્થિરતા પ્રાપ્ત કરવાની વૃત્તિ, મહત્તમ વેચાણ કરવાની અને સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ઇચ્છા વગેરે ખૂબ પ્રબળ હોય છે; જાહેર મતની પણ અસર ધ્યાનમાં લેવી પડે છે. સૌથી મોટા થવાની તાલાવેલી આર્થિક નિર્ણયો કરનારની પણ હોય છે. આ બધાં કારણે પેઢીના ઉદ્દેશમાં ફેરફારો થાય છે અને તેથી મહત્તમ નફો મેળવવાના ઉદ્દેશમાત્રને વળગી રહેવાતું નથી.

તદુપરાંત, પેઢીઓ 'સીમાન્ત આવક' અને 'સીમાન્ત ખર્ચ' ગણવાની માથાકૂટમાં હવે પડતી નથી, એ તો 'પૂર્ણ કિમ્મત'(ફૂલ કૉસ્ટ)ની રીતે કિમ્મત નક્કી કરે છે, જેથી દરેક પેઢી મહત્તમ નફો મેળવે છે તેમ કહી શકાય નહીં; અથવા કામગીરીઓ(ઍમ્પ્લોયમેન્ટ્સ)ની સ્થિતિ કથળેલી હોય, જેમ કે બેકારીનું પ્રમાણ વધેલું હોય અથવા ખૂબ જ વધુ કામગીરીઓ હોય, ત્યારેય કિમ્મતોનું તંત્ર યોગ્ય રીતે કામ કરી શકતું નથી.

અગાઉની ચર્ચા પરથી માલૂમ પડશે કે હરીફાઈયુક્ત મુક્ત બજારતંત્રમાં અનેક ખામીઓ રહેલી છે. તેમાં મૂળભૂત ખામીઓ તારવીએ તો ત્રણ છે: (૧) અર્થતંત્રમાં કેટલીક વાર ભવિષ્ય અંગે અમુક રીતનો દૃઢપણે નિયમ-નિર્દેશ (ફોરકાસ્ટ) જરૂરી હોવા છતાં તેમ થઈ શકતું નથી; (૨) કેટલીક વાર સંજોગો બદલાતાં સમાજનાં ધ્યેયોમાં ફેરફાર કરવાની જરૂર ઊભી થાય છે. ત્યારે બદલાયેલાં ધ્યેયોની દિશામાં અર્થતંત્રને વાળવાની બજારતંત્રમાં મુશ્કેલી થાય છે; અને (૩) તંદુરસ્ત બજારતંત્ર માટે આવશ્યક એવા સંકલનનું કાર્ય સ્વયંભૂ રીતે થઈ શકે એમ ન હોય, ત્યારે સરકારે બજારતંત્રની ઉપરવટ જઈને દખલ કરવાની સ્થિતિ ઊભી થાય છે.

## ભવિષ્યમાં કરવાનો નિયમ-નિર્દેશ (ફોરકાસ્ટ)

કેટલીક ચીજોના ભાવમાં વારંવાર ફેરફારો થાય છે ત્યારે મુક્ત બજારતંત્ર અર્થતંત્રને યોગ્ય રીતે દોરી શકતું નથી. દા. ત., જે ચીજોના ઉત્પાદનમાં લાંબો વખત લાગે તેમ હોય તેમાં ભવિષ્ય અંગે કરેલી ધારણાઓ ખોટી ઠરવાનો ખૂબ જ અવકાશ હોય છે. કોઈ એક ચીજના ઉત્પાદન માટે નિર્ણય લીધો હોય તે સમય, અને તે ચીજનું ઉત્પાદન બજારમાં આવે તે સમય, એમ તે બે સમયખંડ વચ્ચે ખૂબ સમયગાળો પસાર થઈ ગયેલો હોય તો ઉત્પાદનના ખર્ચમાં અને વેચાણના ભાવમાં ખૂબ જ ફેરફારો થઈ જાય છે. (દા. ત., કૉફી કે રબરના ઉત્પાદનમાં પાંચથી છ વર્ષનો ગાળો હોય છે. ઍટમિક એનર્જીથી વીજળી ઉત્પાદન કરવાના પ્રોજેક્ટને આઠથી દસ વર્ષનો ગાળો જોઈએ છે.) એક ખેડૂતને બીજો ખેડૂત શું વાવશે તેનો ખ્યાલ ન હોય; કેટલીક વાર ખ્યાલ હોય તોયે એકબીજાની અસર શી થશે તેનો ખ્યાલ ન હોય; કેટલીક વાર આ રીતની ખબર વાવેતર થઈ ગયા પછી જ પડતી હોવાથી ભૂલ સુધારવાનો કોઈ અવકાશ ન હોય ત્યારે આ બધાં કારણોને લીધે જ્યારે ફરીથી મોસમ આવે ત્યારે વપરાશ કરતાં ઉત્પાદનનો ખૂબ જ વધારો કે ઘટાડો થઈ જાય છે અને કિમ્મતોમાં મોટા ફેરફારો થાય છે. દા. ત., ટમેટાંનો ઢગ થઈ જાય તો ભાવ એકદમ નીચા જાય. ખેડૂતોની કુલ આવક પણ ઓછી થઈ જાય અને તેને કારણે અર્થતંત્ર ખોરવાઈ જાય. આ રીતે અછત અને છતની ઘટમાળ ચાલ્યા જ કરે છે. ભાવ કે ઉત્પાદનની સ્થિરતા મેળવી શકાતી નથી. તેમાંયે જો માગ અને પુરવઠામાં મૂલ્યસાપેક્ષતા ખૂબ જ ઓછી હોય તો તે ચીજની કિમ્મતમાં એકદમ મોટો ફેરફાર થાય છે. દા. ત., જો ૧૦ ટકા જેટલો અનાજનો પાક વધે તો, તેના ભાવ ૨૦થી ૨૫ ટકા જેટલા ઊતરી જાય છે. એને લીધે ખેડૂતોની કુલ આવક ઘટી જાય છે. આમ, પાક સારો થાય તેને કારણે સમાજ ખુશ થાય, ત્યારે પાક ઉગાડનાર ખેડૂત બિચારો દુ:ખી થાય છે! જ્યારે દુષ્કાળ હોય, પાક ઓછો ઊતર્યો હોય ત્યારે

આથી ઊલટું બને છે. ખાસ કરીને ખેતપેદાશોમાં જ્યારે ભાવ ખૂબ જ વધે-ઘટે છે ત્યારે ખેડૂતોની આવક-ની અસ્થિરતા ઊભી થાય છે. આ અસ્થિરતા નિવારવા માટે હરીફાઈયુક્ત મુક્ત અર્થતંત્ર કામયાબ નીવડતું નથી; અને ત્યારે સરકારે દખલ કરવી પડે છે: તેણે બફર સ્ટૉકની યોજના, ભાવ ટકાવી રાખવાની નીતિ, વગેરે અપનાવવી પડે છે.

વળી, કેટલીક વાર ચીજો લાંબો વખત ટકે તેવી હોય છે. આથી અમુક સમય-ખંડના ઉત્પાદન અને માગના ધોરણે જ કિમ્મતો નક્કી થતી નથી. તે વસ્તુનો કુલ જથ્થો કિમ્મત પર અસર કરે છે. આવે વખતે વસ્તુની માગ અંગે ભાવિ અંદાજ બાંધવાનું બહુ મહત્ત્વનું બને છે. મુક્ત બજારતંત્ર આ કામ સંતોષકારક રીતે પાર પાડી શકતું નથી. દા. ત. ઘર, કેળવણી, સોનું વગેરે ચીજો એવી છે કે એનો કુલ જથ્થો એના વર્તમાન ઉત્પાદન કરતાં વધુ અગત્યનો હોય છે; તે ચીજો પણ એવી છે કે જેને વાપરી નાખવા માટે લાંબો સમય જરૂરી છે. ઘરનો સમ્પૂર્ણ ઉપયોગ પચાસથી સો વર્ષે કરી શકાય છે. કેળવણીનો ઉપયોગ જીવનમાં ત્રીસથી ચાળીસ વર્ષ સુધી થાય છે. આ બધી બાબતમાં ભાવિ અન્દાજ કરવાની જરૂર રહે છે અને તેમાં વારંવાર ફેરફારો કરવા પડે છે અને તેથી તેની માગ મુજબ ઉત્પાદન ગોઠવવા માટેનું મૂડીરોકાણનું કાર્ય મુક્ત બજારતંત્ર યોગ્ય રીતે કરી શકતું નથી. આ કારણોસર, મુક્ત બજારતંત્રની મોટામાં મોટી ખામી મૂડીરોકાણની કુલ રકમ અને એનો ઢાંચો બંને ખામીવાળાં રહે તે છે. મૂડીની બાબતમાં, બીજી પેઢીઓનાં મૂડીરોકાણની કે ઉત્પાદનની યોજના અંગેની માહિતી ન હોય તો, જેને અર્થશાસ્ત્રમાં 'કૉબવેબ થિયરમ' કહે છે તેવી સ્થિતિ થાય છે. દા. ત., વધુ ઉત્પાદન જોઈએ ત્યારે ઓછું થાય છે અને ભાવ ઊંચા જાય છે: ઊંચા ભાવ જોઈને દરેક ઉત્પાદક ઉત્પાદન વધારવા યત્ન કરે છે; પરિણામે સમગ્ર ઉત્પાદન એટલું બધું વધી જાય છે કે બજારકિમ્મત એકદમ નીચી જાય છે (કારણ કે ઉત્પાદકો વચ્ચે અગાઉથી યોજનાનું સંકલન કરેલું હોતું નથી.) પરિણામે, ભાવો ઊંચા, ઉત્પાદન ઓછું અને ઉત્પાદન વધુ, ભાવો નીચા — એ વિષચક્ર ચાલ્યા જ કરે છે. માગ અને પુરવઠો સમતુલામાં આવતાં નથી. ભાવોમાં એકદમ વધઘટ થાય છે અને ઉત્પાદન પણ અસ્થિર થઈ જાય છે. કેટલીક વાર હરીફાઈ વધુ પડતી થતાં, અને એકબીજાની યોજનાઓની માહિતી નહીં હોવાને લીધે, ઉદ્યોગમાં વધારાની શક્તિ ઊભી થાય છે, જેથી એક રીતનો બગાડ પણ થાય છે. જો મૂડીનો મહત્તમ ઉપયોગ કરવો હોય તો તંદુરસ્ત અર્થતંત્ર માટે મૂડીરોકાણો વચ્ચેનું સંકલન જરૂરી છે. દા. ત., વીજળી-ઉત્પાદન થાય કે તરત જ તેના વપરાશ માટેની યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ. નદી પર બંધ પૂરો થાય કે ખેતરોની નીકો પણ તૈયાર હોવી જોઈએ. વળી, કેટલીક વાર એવાં મૂડીરોકાણો હોય છે કે જે એકસામટાં થાય તો જ એમનો લાભ મેળવી શકાય; આવાં મૂડીરોકાણો માટે કોઈ એજન્સીની જરૂર ઊભી થાય છે. દા. ત., પેટ્રો-કેમિકલ્સ સંકુલ એકબીજા પર આધારિત હોવાથી તેનું મૂડીરોકાણ એકસાથે સંકલિત થાય તે જરૂરી છે અને તે માટેનું આયોજન સરકાર જેવી સંસ્થાએ કરવાનું અનિવાર્ય ગણાય છે.

## ઉદ્દેશોની અગત્ય

કેટલીક વાર સમાજે અને ખાસ કરીને અર્થતંત્રે ખાસ ઉદ્દેશો તરફ પ્રયાણ કરવાની જરૂર ઊભી થાય છે. તે ઉદ્દેશો તરફ જો મૂડીવાદી મુક્ત અર્થતંત્ર જતું ન હોય, અથવા જો જતું હોય તો જે ગતિએ જવું જોઈએ તે ગતિએ જતું ન હોય, ત્યારે સરકારે આયોજન મારફતે દખલ કરવાની જરૂર રહે છે. આવા સંજોગો યુદ્ધ વખતે ખાસ ઊભા થાય છે. જ્યારે જીવન અને મરણ વચ્ચે જ પસંદગી કરવાની હોય છે, તે વખતે રૅશનિંગ, ફરજિયાત શ્રમ વગેરે દાખલ કરવાં પડે છે. મુક્ત બજારતંત્ર કામ કરી શકતું નથી. આવું જ કાંઈક પ્રચંડ બેકારી કે ભયંકર મન્દીના સમયમાં કરવું પડે છે. ૧૯૩૦થી ૧૯૪૦નો સમય પશ્ચિમના દેશો માટે આવો ગાળો કહી શકાય. ત્યારે અમેરિકામાં 'ન્યૂ ડીલ', ઇંગ્લંડમાં લૉર્ડ કેઈન્સના વિચારો અને જર્મનીમાં



**ફ્રૅંકલિન રૂઝવેલ્ટ**

(ઈ. સ. ૧૮૮૨–૧૯૪૫)

અમેરિકામાં 'ન્યૂ ડીલ'ના પ્રણેતા

ફાસિસ્ટ અર્થતંત્ર અમલી બન્યાં હતાં. હાલમાં અર્ધવિકસિત દેશોને આવું જ કંઈક લાગે છે. તેઓ એમની અત્યારની સ્થિતિને સામાન્ય સ્થિતિ ગણતા નથી. મોટા ભાગના દેશો ખૂબ જ ગરીબ છે; પુખ્તતાની પરિસ્થિતિએ પહોંચવા આતુર છે, તે માટે વર્ષો સુધી રાહ જોઈ શકે તેમ નથી. વળી, મોટા ભાગના આ દેશો હમણાં સુધી પરદેશી સત્તાઓનાં સંસ્થાનો હતાં, એટલે ઝડપથી ઉદ્યોગીકરણ હાંસલ કરીને, બીજા દેશોની હરોળમાં બેસવા ઈન્તેજાર છે, ક્રાન્તિ માટે થનગની રહ્યા છે.

આ અર્ધવિકસિત દેશોમાં બજારતંત્ર અને હરીફાઈ કામ આપે તેમ નથી; ત્યાં વિકસિત બજારો નથી, બજારોના વિકાસ માટેનાં વાહનવ્યવહારના સાધનો નથી, અર્થતંત્રનો ચહેરો બદલવા માટે જરૂરી સામાજિક અને આર્થિક ઓવરહેડ્ઝ નથી. વિકાસની હવા પણ આ દેશોમાં જામી હોતી નથી. સમાજના બધા વર્ગોમાં વિકાસ માટેની તાલાવેલી હોતી નથી. બધા લોકો ભૌતિક સાધનો મેળવવાની વૃત્તિવાળા પણ જામેલા હોતા નથી — ભૌતિકવાદ તરફ નફરત ધરાવતા કેટલાક લોકો હજુ પણ હોય છે. શક્તિશાળી લોકો સત્તા માટે ફાંફાં મારે છે. તેમને આર્થિક વિકાસની તાલાવેલી હોતી નથી. કેળવણી અને સંશોધનનો અભાવ તેમ જ અર્થતંત્રની જરૂરી માહિતી પણ લોકો સુધી પહોંચેલી હોતી નથી. વળી, વસ્તી અને વિકાસનું વિષચક્ર હોય છે. વધુ વસ્તી એટલે ઓછી બચત અને તેને કારણે ઓછું મૂડીરોકાણ અને ઓછી આવક અને નરાતાર ગરીબાઈ, તદુપરાંત જો કોઈ રીતે આવકનો વધારો કરવામાં આવે તોયે, આ આવકના વધારાને વસ્તીનો વધારો જ ખાઈ જાય, બચત રહે નહીં અને મૂડી વધે નહીં. એટલે, ભવિષ્યમાં આવકનો વધારો થઈ શકે નહીં, ગરીબાઈ જ લમણે લખાયેલી રહે. આવકની વહેંચણી પણ અયોગ્ય રીતની હોય, આ બધાં કારણે અર્ધવિકસિત દેશોએ પણ હરીફાઈ અને બજારતંત્રને સમ્પૂર્ણ રીતે માન્ય કર્યાં નથી. આયોજન મારફતે ઓછેવત્તે અંશે અર્થતંત્રમાં સરકારનો હસ્તક્ષેપ દાખલ કર્યો છે.

## સંકલનનું કાર્ય

તદુપરાંત, અત્યારના સમયમાં, વિકસિત અને વિકસતા બંને પ્રકારના દેશોમાં અર્થતંત્રીય સંકલનનું કાર્ય પણ યોગ્ય રીતે બજારતંત્ર અને હરીફાઈ દ્વારા સાધી શકાતું નથી. જપાનમાં વિકાસ એટલો ઝડપી થયો છે કે ત્યાં વિકાસના પ્રશ્નો ઊભા થાય છે. ટોકિયો દુનિયાનું સૌથી મોટું શહેર છે. ત્યાં મોટર ફેરવી શકાતી નથી. જપાનના લોકોને નિરાંતે કુટુમ્બ સાથે રહેવાને પૂરતી જગ્યા ટોકિયોમાં મળતી નથી. પ્રદૂષણ(પૉલ્યૂશન)-નો પ્રશ્ન સૌથી વિકટ બન્યો છે. અમેરિકામાં મગજની અસ્થિરતાનું પ્રમાણ સૌથી વધુ છે. ત્યાંની વસ્તી દુનિયાની વસ્તીના ૫ ટકા જેટલી છે, ત્યારે ત્યાંની રાષ્ટ્રીય આવક દુનિયાની આવકના ૪૦ ટકા છે. એમ છતાં તે દેશ સુખી નથી. વારંવાર કામ બંધ થાય છે. વીજળીની અછત એમને મુશ્કેલીમાં મૂકી દે છે. હમણાં

ક્રૂડ તેલની કટોકટીમાં જપાન અને યુરોપની કેવી દુર્દશા થઈ હતી? વિજ્ઞાન અને ટેકનૉલોજીની એવી અસરો છે કે સરકારે તેના પર અંકુશ મૂકવાનું અનિવાર્ય લેખ્યું છે.


આર્થિક સમૃદ્ધિને કારણે પણ કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. હિપ્પીઓનું પ્રમાણ વધે છે. ગાંજા અને એલ.એસ.ડી. જેવી ચીજો વાપરીને ઘેનમાં ચકચૂર રહેવાનું પસંદ કરનારા લોકોની સંખ્યા વધે છે. ડેનમાર્ક, સ્વીડનમાં મુક્ત સમાજ(પરમિસિવ સોસાઈટી)ના વિચારે ઘેલું લગાડયું છે. વિશ્વવિદ્યાલયોમાં — લગભગ આખા વિશ્વમાં જુવાન વિદ્યાર્થીઓએ ધીરજ ગુમાવી છે. હવે ઊંચા પગારોની લાલચ આપીને લોકોને વધુ કામ કરતા કરી શકાય તેમ નથી. ખાસ જહેમત માગી લે તેવાં કામો કરવા લોકો તૈયાર નથી. બ્રિટન-અમેરિકામાં ઘરમાં કામ કરવા માટે નોકર મેળવવાની મુશ્કેલી ઊભી છે જ. એટલે સમૃદ્ધિ શાન્તિ આપે જ તેવું હવે રહ્યું નથી.

વિકસિત દેશોની સરકારોએ પણ કરવેરા, બજેટનીતિ, નાણાનીતિ વગેરેનો આશ્રય લીધો છે. ઈજારાશાહી પર અંકુશ મેળવવા ઈજારાશાહી પંચો નીમ્યાં છે. સામાજિક અને આર્થિક ઓવરહેડ્ઝની જવાબદારી સરકારે લીધી છે. બેકારી અસ્તિત્વમાં ન આવે તે માટે, માગનું ધોરણ જળવાઈ રહે તે માટે સરકાર પ્રયત્નશીલ રહે છે. વિકાસની હવા પેદા કરવા માહિતી તથા ટેકનિકલ કેળવણી આપવાનું અને સંશોધનનું કાર્ય ચાલુ રાખવામાં આવે છે. સામાજિક સલામતી, વૃદ્ધાવસ્થાનું પેન્શન, બેકારીભથ્થું, વીમો, શરીરસુખાકારીની જાળવણી, કેળવણી વગેરેની જવાબદારી સરકાર ઉપાડી લે છે. સરકાર ત્રણથી પાંચ વર્ષની યોજનાઓ કરે છે. લક્ષ્યાંકો નક્કી કરે છે, નાણાનીતિ અને બજેટનીતિનો ઉપયોગ તે દિશામાં કરે છે. અને એ રીતે સરકારે એનાં કાર્યો અને કાર્યક્ષેત્ર સારી રીતે વિસ્તારેલાં છે.

આજે અર્થતંત્રમાં કેટલોક ભાગ જાહેર વિભાગ તરીકે જોવા મળે છે, જેમાં ઈજારાશાહી હોય છે. કેટલોક ભાગ બજારતંત્રની પ્રક્રિયા માન્ય કરતો નથી — કારણ કે ત્યાં મોટા કરવેરા કે અનુદાન વગેરે દાખલ કરેલાં હોય છે. પછાત વિસ્તારોના વિકાસ માટે સીધા અંકુશો છે. આવક અને ખર્ચનો પણ સંબંધ રહેતો નથી; કારણ કે સામાજિક સલામતીની જવાબદારી સરકારે લીધેલી હોય છે. એટલે, કમાયેલી આવક ઉપરાંત પણ ટ્રાન્સ્ફર કરીને વધારાની આવક પણ આપવામાં આવે છે. આથી કંપનીઓ પર અનેક અંકુશો મૂકવાની જરૂર પડે છે. શૅરહોલ્ડરોનાં હિતો માટે કે મૅનેજમેન્ટનાં કેટલાંક કુકર્મો રોકવા માટે કરવેરા મારફતે સાધનોની ફાળવણી બદલવામાં આવે છે. દારૂબંધી લાઈ શકે છે; પરદેશી વ્યાપાર અને તેમાંયે ખાસ કરીને પરદેશી મૂડીના રોકાણમાં દરેક દેશ ખૂબ સાવચેત રહે છે.

ખાસ કરીને બેકારી નિવારવા, ઝડપથી વિકાસ હાંસલ કરવા, આવક અને સમ્પત્તિની અસમાનતા દૂર કરવા, ગરીબાઈ નિવારવા, શાષણરહિત સમાજની રચના કરવા, સ્થિરતા પ્રાપ્ત કરવા અને સામાજિક ન્યાય મેળવવા માટે મૂડીવાદી દેશોએ બજારતંત્રમાં જરૂરી ફેરફારો આયોજન મારફતે સ્વીકારેલા છે. અને તેટલે અંશે, ઓગણીસમી સદીના મૂડીવાદના ઢાંચા પર વીસમી સદીમાં ઠીક ઠીક પ્રમાણમાં અંકુશો મુકાયા છે: બજારતંત્ર, હરીફાઈ અને મિલકતની વ્યક્તિગત માલિકીના ઓગણીસમી સદીના વિચારોમાં સારાં એવાં ગાબડાં પડયાં છે. એકંદરે, મૂડીવાદનું સ્વરૂપ બદલાયું છે; એક રીતે કહીએ તો 'એક મૂડીવાદ'ને બદલે ત્રણ-ચાર પ્રકારના મૂડીવાદો અસ્તિત્વમાં આવ્યા છે.

# જર્મનીનું સામાજિક માળખું
## ઈ. સ. ૧૮૪૯



મહેનતકશ જનતાને બૂર્ઝ્વા વર્ગ શોષે છે, બૂર્ઝ્વાને ઉમરાવો દમે છે... આમ રાજકીય પ્રથાનો પિરામિડ નભે છે; અને એ પિરામિડની ટોચે છે પ્રશિયન રાજવી ફ્રેડરિક વિલિયમ ચોથો.

# ૯ : માર્ક્સવાદી અને સમાજવાદી દૃષ્ટિબિન્દુ

ઓગણીસમી સદીના મૂડીવાદની સામે ધરમૂળથી બંડ જગાવનાર જર્મન ક્રાન્તિકારી કાર્લ માર્ક્સ હતો.

માર્ક્સ મૂડીવાદી વિચારોથી ત્રણ બાબતોમાં જુદો પડતો હતો : એક તો, એ એમ માનતો હતો કે મૂડીવાદ કાયમી નથી, એ તો ટૂંક સમયને માટે દુનિયામાં આવેલો છે. એ એક ઐતિહાસિક પ્રક્રિયાના ભાગરૂપે છે અને સાંકળની એક કડી જેવો છે. જેમ ગુલામી પ્રથામાંથી સામન્તશાહી જન્મી હતી અને ત્યાર બાદ ધર્મગુરુઓની અને છેવટે રાજ્યની સત્તા આવી હતી, અને તેમાંથી મૂડીવાદ જન્મ્યો હતો તેમ મૂડીવાદનો નાશ પણ ટૂંક સમયમાં નિ:શંક છે કારણ કે સમાજવાદ અસ્તિત્વમાં આવનાર જ છે. જોકે, મૂડીવાદના હિમાયતીઓએ તો માની લીધેલું કે મૂડીવાદ એ સનાતન અર્થતંત્રી ઘટના છે, તેનો નાશ થવાનો જ નથી; ભલે તેમાં અહીંતહીં ફેરફાર થાય; અને તેનું સ્વરૂપ થોડું બદલાય, પરન્તુ મૂળભૂત રીતે તે અસ્તિત્વમાં રહેવાનો છે.

બીજું, શિષ્ટ અર્થશાસ્ત્રીઓ(ઍડમ સ્મિથ, રિકાર્ડો વગેરે)ને પણ મૂડીવાદમાં સામાજિક સામંજસ્ય જણાતું હતું. તેમને મૂડીવાદી સમાજ સ્થિરતાવાળો જણાતો હતો. મૂડીવાદમાં સમાજના દરેક વર્ગને યોગ્ય સ્થાન મળ્યું છે તેમ માનવામાં આવતું હતું. જ્યારે માર્ક્સના મતે મૂડીવાદી સમાજ વર્ગવિગ્રહ પર રચાયેલો હોઈ સમાજમાં કાયમને માટે વર્ગયુદ્ધ ચાલવાનું; અને તેને પરિણામે મૂડીવાદી અર્થતંત્ર ચલિત થવાનું; અર્થતંત્રનું આખું સ્વરૂપ બદલાઈ જવાનું. . . .

માર્ક્સ એક ત્રીજી બાબતમાં પણ મૂડીવાદીઓથી અલગ પડતો હતો. સામાજિક શ્રેય માટે, આર્થિક વિકાસ માટે અને માનવીની શક્તિઓના મહત્તમ વિકાસ અર્થે, વ્યક્તિસ્વાતંત્ર્ય જળવાઈ રહે તેમ માનનારાઓ મૂડીવાદી વ્યવસ્થા જાળવવા માગતા હતા—જેમ બને તેમ વધુ મુક્તતા માટે તેની સિફારસ કરતા હતા. જ્યારે માર્ક્સને મન સમાજનું હાડપિંજર સમાજની અર્થવ્યવસ્થા હતી. તેના મતે સમાજમાં એકબીજા સાથેના સંબંધો પણ અર્થવ્યવસ્થાના ધોરણે બંધાય છે; એટલે કે સમાજનું બંધારણ કે રાજકીય વિચારો અર્થતંત્રની જરૂરિયાતને આધારે નક્કી થાય છે; જો અર્થવ્યવસ્થાના પાયામાં વર્ગવિગ્રહ હોય તો એ રીતનાં પરસ્પર વિરોધી પરિબળો સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પણ આવે જ. . . . વ્યક્તિ તો અર્થ-વ્યવસ્થાનો લગભગ ગુલામ છે. તેને સ્વાતંત્ર્ય ક્યાંથી હોય?

માર્ક્સના ઉપર મુજબના ત્રણે જાતના વિચારો એકસૂત્રે ગૂંથાયેલા હતા. જો મૂડીવાદ ટૂંક સમયમાં નાશ પામવાનો હોય તો દરેક વર્ગ પોતાની પરિસ્થિતિમાં શા માટે સંતોષ માને? જો વર્ગવિગ્રહ હોય તો સામાજિક સામંજસ્ય કેવી રીતે રહે? અન્તે, મૂડીવાદમાં આવાં બધાં દૂષણો હોય તો ક્રાન્તિ આવે તેમાં શંકા શી?

માર્ક્સને મન મૂડીવાદનો મૂળભૂત પાયો મૂડીની વ્યક્તિગત માલિકીમાં હતો. અને મૂડીવાદને કારણે મૂડી ફક્ત થોડા જ માણસોના હાથમાં કેન્દ્રિત થતી હતી. સમાજમાં મોટા પ્રમાણમાં એવા લોકો હતા કે જેમની પાસે મૂડી હતી નહીં, તેમની પાસે કેવળ શ્રમ હતો. આમ, સમાજમાં મૂડીવાળા અને મૂડી વિનાના—એમ બે વર્ગો અસ્તિત્વમાં આવે છે.



રિકાર્ડો
(ઈ. સ. ૧૭૭૨–૧૮૨૩)

આ બે વર્ગોનાં હિતો પરસ્પર વિરોધી દિશામાં કામ કરતાં હોય છે: એક વર્ગને (મૂડીપતિને) વધુ નફો જોઈએ છે, મૂડીમાંથી આવક વધારવાની તેની ઈચ્છા હોય છે. બીજા વર્ગને (મજૂરોને) વધુ વેતન જોઈએ છે; અથવા કામ ઓછું કરવાની જોગવાઈ જોઈએ છે. આવું માનીને માર્ક્સે આ બે વચ્ચે સનાતન વિગ્રહ માન્યો. અને જે વર્ગવિગ્રહથી મજૂર ચળવળનાં મંડાણ થયેલાં તેને દેખાયાં, તે વર્ગવિગ્રહથી જ મૂડીવાદ નાશને પંથે જશે એમ તેને લાગ્યું.

## મૂલ્યનો આધાર: શ્રમ કે મૂડી?

માર્ક્સના મતે, મૂડીના કેન્દ્રીકરણથી ત્રણ બાબતો અસ્તિત્વમાં આવી: એક તો, મિલકતની માલિકી ધરાવતો એક વર્ગ ઊભો થયો, જે શ્રમ કર્યા સિવાય આવક મેળવવાની ઈચ્છા ધરાવતો હોય. અને જ્યારે મૂડી સાથે શ્રમ જોડવામાં આવે ત્યારે, જે ઉત્પાદન થાય તેમાંનો અમુક હિસ્સો મૂડીના માલિકોને મળવો જોઈએ એમ એમને લાગ્યું—એટલે કે શ્રમિકોએ એમના વેતન કરતાં વધુ ઉત્પાદન કરવું જોઈએ કે જેથી એમના ઉત્પાદનના વેચાણની રકમમાંથી વેતન બાદ કરવામાં આવે ત્યારે નફો રહે કે જે મૂડીના માલિકોને મળે.

જોકે શ્રમિકોને એમની ખાસ પાયાની જરૂરિયાતો કરતાં વધુ મળતું નથી તેવો માર્ક્સનો મત શિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત સાથે કેટલેક અંશે મળતો આવતો હતો. એનાં કારણમાં એક તો માર્ક્સના મતે બેકારોનું અનામત દળ (રિઝર્વ આર્મી) જવાબદાર હતું. બીજું માર્ક્સ માનતો કે, શ્રમ પણ એક જાતની વેચાણવસ્તુ (કૉમોડિટી) થઈ ગઈ હતી. એટલે એની કિમ્મત ઉપયોગિતાના મૂલ્ય (યૂઝ વૅલ્યૂ) પરથી નક્કી થાય છે. બલ્કે, શ્રમિકને જિવાડી વંશપરંપરા ટકાવી રાખવા માટે જરૂરી જીવનનિર્વાહની ચીજવસ્તુની કિમ્મત માટે જરૂરી હોય તેટલું જ વેતન શ્રમિકને આપવામાં આવે છે. બીજી બાજુ, મૂડીપતિ એ શ્રમને ખરીદીને તેની સાથે મૂડી, કાચો માલ વગેરે જોડીને, ઉત્પાદનની ચીજ તૈયાર કરે છે અને તે ચીજને બજારમાં વેચવાની હોવાથી ઉત્પાદકને વિનિમય મૂલ્ય (એક્સ્ચેન્જ વૅલ્યૂ) મળે છે. ઉત્પાદકે શ્રમિકને આપવાનું ઉપયોગિતા મૂલ્ય અને વેચાણ કરીને મેળવવાનું વિનિમય મૂલ્ય એ બે વચ્ચે જે તફાવત રહે તેને માર્ક્સ અધિશેષ (સરપ્લસ) તરીકે ઓળખાવતો હતો.

બીજું, જો આવી અધિશેષ મેળવવી હોય તો, શ્રમિકો ઓછામાં ઓછા વેતનના દરે કામ કરવા તૈયાર થાય એવી સ્થિતિ ઊભી થવી જોઈએ. વાસ્તવમાં સ્થિતિ આપોઆપ આવી થઈ જાય છે. એક તો, શ્રમિકો પાસે જે ઉત્પાદનનું સાધન છે તે ફક્ત શ્રમ છે કે જે તરત જ વાપરવો જરૂરી છે. શ્રમને જો ન વાપરવામાં આવે તો તેને સંગ્રહી રાખી શકાતો નથી. એટલે, શ્રમને નહીં વાપરવાથી શ્રમિકોને સીધો કોઈ જ ફાયદો થતો નથી. ઊલટાનું, શ્રમને વાપરવાથી જે વેતન મળવાનું હોય તે કાયમને માટે ગુમાવવાનું થાય

છે. ઉપરાંત, શ્રમિકો પાસે ફક્ત શ્રમ જ હોવાથી અને મૂડી નહીં હોવાથી તેઓ એમના વેતન માટે ઈચ્છા મુજબ દબાણ કરી સોદો પતાવી શકતા નથી. એમની પાસે એવું ફંડ હોતું નથી કે કામ કર્યા સિવાય નિભાવ કરી શકે.

ત્રીજું, શ્રમિકો એ પણ જાણે છે કે મૂડીની મદદ વિના જો તેઓ સીધી રીતનો શ્રમ વાપરીને ઉત્પાદન મેળવવા પ્રયત્ન કરશે તો એ શ્રમમાંથી ખૂબ જ ઓછું ઉત્પાદન આવશે. રૉબિન્સન ક્રૂઝો દરિયામાં જાળ ને બોટ વિના માછલી પકડવા જાય, તો આખા દિવસની મહેનતને અંતે, એનું પેટ ભરાય એટલું ખાવાનું માંડ મળી રહે. પણ જો તે જાળ અને બોટ (જે મૂડી ગણાય) લઈને જાય તો એક જ દિવસમાં પંદર રૉબિન્સન ક્રૂઝો ખાઈ શકે, અથવા રૉબિન્સન ક્રૂઝોને પંદર દિવસ ચાલે તેટલી માછલીઓ પકડી શકે. ટૂંકમાં, મૂડીથી શ્રમની ઉત્પાદન શક્તિ વધે છે. એટલે શ્રમિકો અને મૂડીદારો વચ્ચે હમેશાં શ્રમિકોની નબળી સ્થિતિ રહે છે, અને એને કારણે એમનું શોષણ થાય છે. બલ્કે, શ્રમિક જેટલું ઉત્પાદન કરે છે, તેમાંથી એના નિભાવ પૂરતું જ એને વેતન તરીકે આપીને જે બચત રહે તે મૂડીપતિ લઈ લે છે. આ બચત તે હકીકતે શોષણ છે.

માર્ક્સ માનતો હતો કે વસ્તુની કિમ્મત શ્રમને આધારે નક્કી થવી જોઈએ. શિષ્ટ અર્થશાસ્ત્રી ઍડમ સ્મિથ પણ મૂલ્યના મૂળભૂત કારણ તરીકે શ્રમને ગણતો હતો, પરંતુ એને મન એ સ્થિતિ માનવ સંસ્કૃતિના પ્રથમ તબક્કામાં હતી. માણસ જંગલી અવસ્થામાંથી વિનિમય તરફ વળ્યો ત્યારે તે સ્થિતિ હતી. જેમ કે, એક શિકારી એક દિવસમાં બે હરણ અથવા ચાર સસલાંનો શિકાર કરી શકતો હોય તો એક હરણ બરાબર બે સસલાં એ રીતે કિમ્મત નક્કી થતી. ઍડમ સ્મિથને મન શ્રમવિભાજનના યુગમાં બે ચીજો વચ્ચે મૂલ્ય નક્કી કરવા માટે શ્રમનો આધાર હતો. કોઈ પણ ચીજ બીજા પાસેથી વિનિમય માટે કેટલો શ્રમ મેળવી શકે છે એને આધારે વસ્તુનું મૂલ્ય નક્કી કરવાનું હતું. રિકાર્ડો નામના બીજા શિષ્ટ અર્થશાસ્ત્રીએ મૂલ્ય માટે શ્રમનો જ આધાર લીધો હતો. પરંતુ એને મન મૂડી એટલે, 'સંગ્રહી રાખેલ શ્રમ', એમ હતું. એટલે મૂડીને સંગ્રહી રાખેલ શ્રમ ગણીને જ મૂલ્ય નક્કી કરવું જોઈએ એમ એ માનતો હતો. ફક્ત જમીનનું મૂલ્ય મૂકવા રિકાર્ડો તૈયાર ન હતો. માર્ક્સ આગળ વધીને જમીન અને મૂડીના ઉપયોગ માટે કશુંયે મૂલ્ય મૂકવા તૈયાર ન હતો. એને મન શ્રમ જ મૂલ્ય માટેનું કારણ હોવું જોઈએ. એને કારણે શ્રમિકો જમીન અને મૂડીની મદદથી જે કાંઈ ઉત્પાદન કરે તે પર એમનો જ અધિકાર હોવો જોઈએ અને શ્રમિકો એમના જીવનનિર્વાહ માટે જરૂરી હોય તેના કરતાં પણ વધુ ઉત્પાદન કરતા હોવાથી તે વધારો (અધિશેષ) તેમને મળવો જોઈએ. આ અધિશેષ મૂડીવાદીઓ લઈ જાય છે એ મજૂરોનું શોષણ છે.

સામ્યવાદી અર્થવ્યવસ્થામાં શ્રમિકોએ જ્યાં શ્રમ વાપરીને ઉત્પાદન કર્યું હોય તેને 'ઉત્પાદક આવક' તરીકે ઓળખવામાં આવે છે. તે સિવાયની આવકને અનુત્પાદક આવક ગણવામાં આવે છે. તે પ્રથાને અનુસરીને સામ્યવાદી દેશોમાં ભૌતિક ઉત્પાદન જેમ કે (૧) ઉદ્યોગો, (૨) બાંધકામ, (૩) ખેતી, (૪) વાહનવ્યવહાર, (૫) વ્યાપાર અને (૬) અન્ય ભૌતિક ચીજો તે 'ઉત્પાદક ઉત્પાદન'ના ક્ષેત્રમાં ગણવામાં આવે છે; અને અનુત્પાદક પ્રવૃત્તિઓમાં (૧) જાહેર ક્ષેત્રની વ્યવસ્થા અને ન્યાયતંત્ર, (૨) કેળવણી, વિજ્ઞાન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, (૩) શારીરિક સ્વાસ્થ્ય, સામાજિક કલ્યાણ અને રમતગમત, (૪) નાણાં અને વીમો, (૫) લોકલ ગવર્નમેન્ટ અને ગૃહનિર્માણની વ્યવસ્થા, (૬) સંરક્ષણ, (૭) રાજકીય, સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ અને (૮) બીજી સેવાઓનો સમાવેશ થાય છે.

શ્રમને આધારે મૂલ્ય નક્કી થતું હોવાથી શ્રમ કરે એને જ વેતન મળે અને 'જે કોઈ કામ કરશે નહીં એને ખાવા મળશે નહીં,' એવી માન્યતા પણ માર્ક્સના સિદ્ધાંતોમાંથી બંધાઈ હતી.

માર્ક્સે શ્રમથી જ મૂલ્ય નક્કી કરવાના સિદ્ધાંતની રૂએ, હરીફાઈયુક્ત બજારતંત્રમાં શોષણ થાય છે તે પુરવાર કર્યું હતું. કારણ કે બજારમાં નાણાં મારફતે વિનિમય થાય છે અને તે વિનિમય દરમિયાન શોષણની

પ્રક્રિયા ઊભી થાય છે. મૂળમાં તો નાણું એ વિનિમયનું સાધન છે. પરંતુ મૂડીવાદીઓ પાસે નાણું (M) હોવાથી, તેના વડે તેઓ ચીજો (C) ખરીદે છે, શ્રમને ખરીદે છે અને એ રીતે નાણું 'મૂડી' બને છે. અને એને જોરે વધુ નાણું મેળવે છે. C→M→C, (ચીજ-નાણું-ચીજ) એ રીતની વિનિમયની પ્રક્રિયા થવાને બદલે M→C→M (નાણું-ચીજ-નાણું) એ રીતની પ્રક્રિયા થાય છે. એને કારણે પહેલા M એટલે નાણાના જથ્થા કરતાં બીજા Mમાં નાણાનો જથ્થો વધુ હોય છે. એટલે ખરીદ કરતાં વેચાણ કરતી વખતે વધુ નાણાં મળે છે. અને એ વડે શોષણ થાય છે. એને કારણે નાણું જ શોષણનું મૂળ છે, તેવી માન્યતા માર્ક્સ અને માર્ક્સના અનુયાયીઓમાં દૃઢ થઈ હતી. વાસ્તવમાં શ્રમિકો શ્રમ વેચીને એનું 'ઉપયોગિતા મૂલ્ય' મેળવતા, અને મૂડીપતિઓ એ કામનું ઉત્પાદન વેચીને શ્રમનું 'વિનિમય મૂલ્ય' મેળવતા. બલ્કે, નાણું તો વિનિમય માત્ર કરતું હતું.

માર્ક્સના મત મુજબ બજારતંત્રથી કિમ્મતો નક્કી થવી જોઈએ નહીં, કારણ કે બજારતંત્રમાં તો, એક રીતે, આંધળિયાં કરવામાં આવે છે, કોઈની પણ ઇચ્છા વિનાનું સંકલન તેમાં થાય છે; તેમાં વ્યક્તિગત ધોરણે નિર્ણયો થતા હોવાથી વાપરનાર તેમ જ ઉત્પાદક મુક્ત (મનસ્વી!) રીતે વર્તે છે. માર્ક્સ આને ઉત્પાદનમાં અરાજકતા (ઍનાર્કી ઑફ પ્રોડક્શન) તરીકે ઓળખતો હતો. આમ, મુક્ત બજારતંત્રથી જ શોષણ થાય છે એટલા માટે એવા બજારતંત્રની જરૂર જ ગણાય નહીં એમ માર્ક્સ માનતો. કેન્દ્રની સરકારની કે સમાજની ઇચ્છા મુજબ આર્થિક એકમો કાર્ય કરતા થાય એમ એ સૂચવતો.

માર્ક્સ પછી ઍંગલ્સના મત મુજબ, એક બાજુ શ્રમવિભાજનને કારણે ઉત્પાદન સહકારથી ઉદ્‌ભવતી પ્રક્રિયા તરીકે દેખાતું હતું અને સાથે સાથે તે વ્યક્તિગત માલિકીને આધીન હતું. એટલે, મૂડીવાદમાં વિસંવાદિતાઓ પેદા થતી હતી. આ વિસંવાદિતાને કારણે, મુક્ત બજારતંત્રથી કિમ્મત, ઉત્પાદન અને કામગીરી-ઓમાં મોટી તેજી-મન્દી અથવા ફેરફારો થતા રહ્યા હતા. કારણ કે, સમાજનો તેના પર અંકુશ ન હતો. વળી, બજારનાં પરિણામો વિશે કોઈને માહિતી હોતી નથી. એ પરિણામો તો અણધાર્યાં જ આવતાં હોય છે. એના પર કોઈનો અંકુશ હોતો નથી. એટલે, અર્થતંત્રમાં તેજીમન્દીનાં મોજાં આવે છે, બેકારી આવે છે અને ઉત્પાદનમાં પણ વધારોઘટાડો થાય છે. બીજું, બજારતંત્રમાં વ્યક્તિગત નફો એ મહત્ત્વનું પ્રેરણાબળ હોવાથી દરેક વ્યક્તિ સમાજના હિત તરફ નજર કરતી નથી, એ તો એનો પોતાનો જ વિચાર કરે છે.

મૂડીવાદમાં તો જે ચીજને વેચવાથી વધુ કિમ્મત ઊપજે તે ચીજ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ થાય છે. દેશમાં દુષ્કાળ પડયો હોય ત્યારે પણ મોજશોખની ચીજોનું ઉત્પાદન ચાલુ રહે છે અને ઘઉંનું ઉત્પાદન વધારવામાં ન આવે તેવું બને છે. માર્ક્સ વેચાણ માટેની વસ્તુના ઉત્પાદનની વ્યવસ્થા તરીકે આને ઓળખતો હતો. મૂડીવાદમાં આ પ્રક્રિયા એટલી હદે જાય છે કે શ્રમ પણ એક જાતની ચીજવસ્તુ બને છે. માર્ક્સે એના આ વિચારોને લીધે શ્રમિકોના મનમાં એ ઠસાવ્યું કે, જો જમીન અને મૂડીની માલિકી રાજ્યની હોય કે જાહેર જનતાની હોય, તો વ્યાજ, ભાડું કે નફો વગેરે મૂડી કે જમીનના માલિકોને આપવાની જરૂર રહે નહીં; અને જો મૂડી અને જમીનનું મળતર રાજ્યને જાય તો, તે પાછું મજૂરોને જ મળી રહે. કારણ કે, રાજ્યની માલિકી તો મજૂરો કે લોકોની જ રહેવાની છે ને? માટે બધા ઉત્પાદનના માલિકો પણ શ્રમિકો જ રહેશે.

માર્ક્સના આ વિચારોને પરિણામે શ્રમનું મહત્ત્વ વધ્યું, નાણાં તેમ જ બજારતંત્ર એ મજૂરોના શોષણ માટેની વ્યવસ્થા હોવાની માન્યતા હોઈ, વેપારને સામ્યવાદી અર્થવ્યવસ્થામાં અગત્યનું સ્થાન આપવામાં આવ્યું નહીં: અને જ્યાં શ્રમનો ઉપયોગ થતો હોય—એટલે કે ભૌતિક દૃષ્ટિએ જોઈ શકાય તેવું ઉત્પાદન હોય—એ જ સાચું ઉત્પાદન છે તેમ માનવામાં આવ્યું. તે સિવાયનું ઉત્પાદન જેને તેઓ 'અનુત્પાદક ઉત્પાદન' ગણતા હતા, તેની અગત્ય સ્વીકારવામાં આવી નહીં.

# મૂડીવાદ: ભસ્માસુરી આંતરવિરોધ

માર્ક્સની બીજી મહત્ત્વની ટીકા એ હતી કે, મૂડીવાદનો નાશ આપોઆપ થઈ જવાનો છે. કારણ કે, જેમ જેમ તેનો વિકાસ થશે તેમ તેમ એનાં એવાં પરિણામો આવશે કે, તેને જેમ આપતાં લક્ષણો — જેવાં કે, — વ્યક્તિગત મિલકતની માલિકી, શાંતિ અને સુલેહ, મરજિયાત ધોરણે થતા કરાર, પૂર્ણ હરીફાઇ, નિયોજકોની સારી એવી સંખ્યા, સ્થિર નાણાતંત્ર વગેરે — ટકી શકશે નહીં: નફો જે તેના સંચાલન માટેનું મુખ્ય પરિબળ છે તે પણ રહેશે નહીં અને તેને કારણે મૂડીવાદની આખી મહોલાત કડડભૂસ કરતી તૂટી પડશે અને નાશ પામશે.

મૂડીવાદના નાશ માટેનાં કારણમાં માર્ક્સે મૂડીવાદના વિકાસ સાથે જે વિસંવાદિતાઓ ઊભી થાય છે તે ગણાવી હતી. તેમાંની કેટલીક વિસંવાદિતાઓ તો પેલી અધિશેષ(સરપ્લસ — મૂડીવાદીનો 'નફો')ને કારણે ઊભી થાય છે. એક તો, આ અધિશેષને કારણે મૂડીવાદીઓ દિનપ્રતિદિન તગડા થતા જાય છે. મૂડીવાદીને જે અધિશેષ મળે તેમાંનો જૂજ ભાગ જ તે પોતાના ઉપભોગ માટે વાપરતો હોવાથી બાકી રહેલો ભાગ નવાં રોકાણ તરીકે આવે છે, અને તેને કારણે મૂડીનો વધારો થાય છે. તે વધારાની મૂડી મૂડીપતિને અગાઉ કરતાં પણ વધુ નફો કરી આપે છે. જેમ મૂડીપતિ મોટો તેમ આ અધિશેષ મોટી, જેની અધિશેષ મોટી એનો મૂડી વધારો પણ જલદીથી થાય છે.

મૂડીરોકાણ માટે મૂડીપતિઓમાં હરીફાઈ થાય છે અને તેમાં મોટા મૂડીપતિઓ નાના મૂડીપતિઓને બાજુએ મૂકીને મૂડીરોકાણ કરે છે. એમની પાસે મૂડી વધુ હોવાથી નફાનો દર થોડો ઓછો હોય તોપણ સરવાળે તેઓ વધુ નફો મેળવી શકે છે. જેમ જેમ મૂડીરોકાણ વધે તેમ નફાનો દર ઘટે — રિકાર્ડોનો ઘટતા દરનો સિદ્ધાંત વહેલોમોડો અમલમાં આવે જ. જોકે, અમુક ઉદ્યોગોમાં તે સિદ્ધાંત એકદમ અમલમાં આવતો નથી. ટેકનિકલ પ્રગતિ અને સુધારાઓથી, મોટા કદના ઉત્પાદનથી ખર્ચ ઘટાડી શકાય છે. પરંતુ તેવા ઉદ્યોગોમાં પણ વહેલોમોડો તે સિદ્ધાંત અમલી થાય છે. એટલે કે એક બાજુ નફાનો દર ઘટે છે અને બીજી તરફ જેમ બને તેમ વધુ રોકાણ માટે મૂડીપતિઓ માંહોમાંહે હરીફાઈ કરે છે, પરિણામે કેન્દ્રીકરણ વધે છે. નાના મૂડીદારો શ્રમિકોની હરોળમાં ફેંકાતા જાય છે. અંતે મોટા મૂડીદારો જ રહે છે અને એમની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે.

ઘટતા નફાના દરને કારણે મૂડીદારોએ કેટલાંક પગલાં પણ લેવાં પડે છે: એક તો, ઉત્પાદનનું કદ વધારવું પડે છે, વધુ ને વધુ શ્રમવિભાજન કરવું પડે છે. નવી નવી શોધખોળ અખત્યાર કરવી પડે છે અને તેમાંયે ખાસ કરીને શ્રમનો બચાવ કરનારી શોધખોળો પર વધુ ભાર મૂકવો પડે છે. બીજી તરફ, શ્રમની ઉત્પાદકતા વધે છે. વેતનના દર વધારવામાં આવે તોય શ્રમનો ઘટાડો કરતી શોધખોળોનો અમલ થતો હોઈ વધારાનો દર ટકાવી રાખવા કુલ મૂડીમાંની 'ફરતી' (વૅરિયેબલ) અને 'સ્થાયી' (કૉન્સ્ટન્ટ) મૂડીના પ્રમાણમાં ફેરફાર કરવાની ફરજ પડે છે. અંતે, શ્રમની માગ ઘટે છે અને બેકારોની સંખ્યા વધે છે: એટલે સમાજમાં બેકારોનું અનામત દળ કાયમને માટે રહ્યા જ કરે છે. વળી વસ્તીનો વધારો, ખેતીના કામમાંથી છૂટો થયેલ શ્રમ અથવા ટેકનિકલ પ્રગતિથી ફારેગ થતો શ્રમ બેકારી વધારવામાં કારણભૂત થાય છે. વેતનના દર નીચા આવે છે અને ફરીથી મૂડીવાદીઓને ચેતના મળી જાય છે.

આમ, મૂડીવાદ સતત તેજીમન્દીનાં વમળો વચ્ચે અથડાતો ફરે છે અને તેને કારણે એ રીતની વ્યવસ્થામાં કાયમને માટે અનિશ્ચિતતા રહે છે. આર્થિક 'કટોકટી' વારંવાર ઊભી થાય છે, બેકારીની સ્થિતિ કાયમી બને છે, અને મજૂરોના વેતનના દર માંડ ભરણપોષણની આસપાસ હમેશાં રહે છે. શ્રમિકોનું શ્રેય થતું નથી, શ્રેય થાય તેવી આશાનો જન્મ પણ થતો નથી.

અંતે, મૂડીનું કેન્દ્રીકરણ ઈજારાશાહી(મૉનોપૉલી)ને જન્મ આપે છે. કારણ કે મૂડીપતિઓ વચ્ચે હરીફાઈ થાય અને જો મૂડીનિર્માણનો દર વધે તો નફાનો દર ઘટે. એ દરને ઘટતો અટકાવવા માટે શક્તિશાળી નિયોજકો ઈજારાશાહી તરફ વળે છે. આ ઈજારાશાહીને રાજ્યની મદદ મળે છે. આવી ઈજારાશાહીથી વધારાનો નફો મળતો હોવાથી મૂડીવાદમાં તેનો ફેલાવો જલદીથી થાય છે. એટલે કાં તો 'ઈજારાયુક્ત હરીફાઈ' જન્મે છે, કે જેમાં જાહેરાતોનું ખર્ચ વધે છે; ગળાકાપ હરીફાઇનું ખર્ચ વધે છે, અને વપરાયા સિવાયની ઉત્પાદનની વધારાની શક્તિ અસ્તિત્વમાં આવે છે. અથવા ઈજારાશાહી ઉદ્યોગોની સંખ્યા વધે છે જેમાં કિમ્મતો ઊંચી, ઉત્પાદન ઓછું અને વધુ નફો માલિકોને મળે છે. આવી ઈજારાશાહીના વિકાસમાં મૂડીવાદી રાજ્ય મૂડીદારોને સહાયરૂપ બને છે.

ઘટતા નફાના દરને કારણે, મૂડીવાદ 'સંસ્થાનવાદ' (કૉલોનિયાલિઝમ) તરફ પણ વળે છે: દેશમાં મૂડીરોકાણની શકયતાઓ ઘટવા માંડે છે; દેશમાં કરવામાં આવતા મૂડીરોકાણમાંથી ઘટતા દરે મળતર મળે છે, એટલે પરદેશમાં મૂડીરોકાણ કરવાની બારી ખોલવામાં આવે છે; તે માટે સંસ્થાનવાદ વિકસાવવાની ફરજ પડે છે, જેથી પરદેશમાં મૂડીરોકાણ કરીને વધુ દરે મળતર મેળવી શકાય. આ હેતુ પાર પાડવા સંસ્થાનો પર રાજકીય અંકુશ જરૂરી રહે છે. કાચો માલ મેળવવા માટે ખેતીનો કે ખાણોનો વિકાસ કરવો જરૂરી થાય છે, તે માટે ત્યાંની ખાણોમાં, ખેતીમાં, રેલવે અને વહાણવટા વગેરેમાં મૂડીરોકાણ કરવાની જરૂર રહે છે. આ દ્વારા શોષક દેશમાં વેપાર વિકસે છે.

દેશમાં ઈજારાશાહીના વિકાસથી નફાનો દર વધે છે, પરદેશના સંસ્થાનવાદથી પણ નફાનો દર વધે છે; આમ મૂડીવાદને ગતિશીલ રહેવા માટે જરૂરી ઉત્તેજન મળી રહે છે. બીજું, આથી મજૂરો પર અંકુશ મેળવવાનું સહેલું થાય છે. સંશોધન પર ખર્ચ કરીને તેમાં ઝડપ મેળવી શકાય છે. આમાં જોખમ જણાતું નથી. કારણ કે, જે શોધખોળ કરવામાં આવશે તેનો લાભ ઈજારદારો લઈ શકશે. તે શોધખોળ ક્યારે દાખલ કરવી તે અંગે પણ તે નિર્ણય લઈ શકશે. ઈજારાશાહીથી તેજીમન્દીનાં મોજાં સામે પણ રક્ષણ મળી રહે છે. કારણ કે નફાનુકસાનને સરખું કરવું હોય તો ઈજારાશાહીમાં સહેલું પડે છે અને ઉત્પાદનને અંકુશમાં રાખીને ભાવ ટકાવી રાખવાની નીતિ અપનાવી શકાય છે.

ટૂંકમાં, માર્ક્સના મતે, મૂડીવાદની વિસંવાદિતાઓ, ધીમે ધીમે અર્થતંત્રને એ સ્થિતિએ લઈ જશે કે જેથી હરીફાઈને બદલે ઈજારાશાહી પ્રવર્તશે, પરિણામે ઉત્પાદન પર અંકુશ, ઊંચી કિમ્મતો, વધુ નફો અને વધુ ઉત્પાદનખર્ચને કારણે બિનઆર્થિક અર્થવ્યવસ્થા ઊભી થશે. વારંવાર તેજીમન્દીનાં મોજાં આવશે. અર્થતંત્રની સ્થિરતા રહેશે નહીં, બેકારી હમેશાં અસ્તિત્વમાં રહેશે. મજૂરોની હાલાકી વધશે, એમને વેતનનો વધારો મળશે નહીં. મૂડીપતિઓ પણ નિરાંત અનુભવશે નહીં,– મજૂરો હમેશાં ઝઘડો કરતા રહેશે. વળી, અંદરોઅંદર હરીફાઈ થવાથી ગળાકાપ અર્થનીતિ અપનાવવાની જરૂર રહેશે. નફો ટકાવી રાખવા માટે સંસ્થાનવાદ, પરદેશમાં મૂડીરોકાણ, નવી શોધખોળો, મજૂરો પાસેથી વધુ કામ મેળવવાની રીતરસમો વગેરે અપનાવવાનું રહેશે. તેમ કરવા છતાંય તેજીમન્દીનાં મોજાં, આર્થિક કટોકટી, ઘટતા નફાનો દર તો હમેશાં લટકતી તલવાર જેવાં રહેવાનાં. નાના મૂડીપતિને મોટો ખાઈ જશે એ ભય પણ રહેવાનો; અને એ રીતની પ્રક્રિયામાં, એમના વર્ગની સંખ્યા એટલી બધી નાની થઇ જવાની કે જેથી ગમે ત્યારે ગમે તેવી નાનકડી રાજકીય હિલચાલ પણ એમને ઉથલાવી શકશે.

રાજ્ય પર અંકુશ મેળવવા મજૂરો તેમ જ મૂડીદારો બન્ને યત્ન કરવાના અને પરિણામે દેશ એક મોટી રાજકીય અંધાધૂંધી કે ક્રાન્તિ તરફ ધકેલાઈ જવાનો. આ રીતની કટોકટીમાં મૂડીવાદ ટકી શકશે નહીં. રાજ્ય વધુ ને વધુ સત્તા મેળવવાનો યત્ન કરશે, કારણ કે મૂડીપતિઓ તેમ કરીને એમના વર્ગની નાની સંખ્યા હોય તોપણ આર્થિક અંકુશ જાળવી શકે. મજૂરો પણ રાજકીય સત્તા મેળવવા યત્ન કરવાના, કારણ કે તેમ કરવાથી જ વેતનના દર વધી શકે, અને શોષણ દૂર કરી શકાય. છેવટે, સામ્યવાદી ક્રાન્તિ થવાની

અને સમાજવાદનો જન્મ થવાનો કે જેમાં મજૂરોની સત્તા હોય, શ્રમ સિવાયનાં ઉત્પાદનનાં સાધનો પર રાજ્યની જ માલિકી હોય અને કુલ ઉત્પાદન પર મજૂરોના જ હક પ્રતિપાદિત થયેલા હોય.

મૂડીવાદ વિશે આ રીતનું ચિત્ર માર્ક્સ અને તેના અનુયાયીઓએ દોર્યું હતું. એને કારણે, આવકની અને મિલકતની અસમાનતા, અર્થતંત્રની અસ્થિરતા — ખાસ તો તેજીમન્દીનાં વમળો અને બેકારીનું અસ્તિત્વ, એક નાના વર્ગ તરફથી સમાજના મોટા સમુદાયનું સતત આર્થિક શોષણ (પછી ભલે તે સંસ્થાનો હોય કે દેશના મજૂરો હોય), સ્થગિત વિકાસની ભવિષ્યમાં શક્યતા, અને મૂડીદારોના મનમાં પણ અશાંતિ વગેરે પરિણામો મૂડીવાદનાં ખાસ પરિણામો ગણાવાયાં છે. તે માટે નાણું, બજારતંત્ર, ભાડું, વ્યાજ અને નફો, વેપાર, મૂડી અને જમીનમાં ખાનગી મિલકતનું અસ્તિત્વ વગેરેને કારણભૂત માન્યાં હતાં; અને એ જ પ્રક્રિયા મૂડીવાદનો નાશ કરશે એવી ભવિષ્યવાણી ભાખી હતી.

## સમાજવાદી દૃષ્ટિબિન્દુ

ઓગણીસમી સદીના મૂડીવાદના હિમાયતીઓ ફિઝિયોક્રેટ્સ અને શિષ્ટ અર્થશાસ્ત્રીઓના વિચારો સામે કાર્લ માર્ક્સની ટીકાઓ થઈ તે પૂર્વે કેટલાયે વિચારકોએ મૂડીવાદની ટીકા કરવાની શરૂઆત કરી દીધી હતી. તેમાં એવો વર્ગ હતો કે જેને આજના સંદર્ભમાં પ્રત્યાઘાતી ગણી શકાય. તેઓ મર્કેન્ટિલિઝમની માફક આર્થિક ક્ષેત્રમાં રાજ્યની સત્તાઓ દાખલ કરવાની ભલામણ કરતા હતા, અથવા સામન્તશાહી યુગનાં સારાં લક્ષણો ફરીથી દાખલ કરવા માગતા હતા. આ વિચારકો જોરદાર હતા અને ફ્રેડરિક લિસ્ટ તેમાં મુખ્ય હતો. ઇંગ્લંડમાં ટૉમસ માલ્થુસે ઉપભોગનું પ્રમાણ ઉત્પાદનની સરખામણીમાં ઘટી જવાથી અથવા વસ્તીવધારાથી અથવા મૂડી-રોકાણ માટેની શક્યતાઓ ઘટી જવાથી બેકારી થાય એવો નિર્દેશ કર્યો હતો.

આ પાર્શ્વભૂમિકાએ સમાજવાદી ટીકાઓની પણ શરૂઆત થઈ ગઈ હતી. તેમાં સંત સાઈમન, ફૂર્યે, રૉબર્ટ ઓવન, સિસ્મૉન્ડી, પ્રૂદોં, ટૉમસન, ગ્રે અને હૉજસ્કિન વગેરે વિચારકોનો સમાવેશ કરી શકાય. તેમાંના કેટલાક આદર્શ સમાનતાવાળો સમાજ રચવાનાં સ્વપ્નાં સેવતા હતા; અને કેટલાક સમાજના પાયામાં વર્ગ-વિગ્રહ છે તેવા વિચારો ધરાવતા હતા. સિસ્મૉન્ડીએ સમાજમાં વિસંવાદિતાઓ કેવી રીતે ઊભી થાય છે તે બતાવ્યું હતું. વપરાશ નહીં વધવાથી આર્થિક બેકારી કેવી રીતે જન્મશે તેનું વર્ણન પણ માલ્થુસની માફક કર્યું હતું. પ્રૂદોંએ તો શ્રમને જ મિલકતનો હક મળે અને ભાડું, વ્યાજ અને નફાને નાબૂદ કરવાં જોઈએ તેમ સૂચવ્યું હતું. પરંતુ સાથોસાથ ખાનગી મિલકત જળવાઈ રહેવી જોઈએ તેમ પણ કહ્યું હતું. ટૉમસન ખાસ કરીને સહકાર માટે આગ્રહી હતો. ફક્ત શ્રમિકોને જ બધું ઉત્પાદન મળવું જોઈએ તેમ તે માનતો. જૉન ગ્રે તરફથી ખાસ કરીને અધિશેષ અંગે નિર્દેશ કરવામાં આવ્યો હતો. અને શ્રમિકો સિવાયના અન્ય વર્ગો અનુત્પાદક હોવાથી સમાજને ભારરૂપ ગણાય એમ જણાવ્યું હતું. હૉજસ્કિનના વિચારો મુજબ શ્રમને મૂડીથી છૂટો પાડવો જોઈએ કે જેથી મૂડીનાં સાધનો શ્રમિકોની માલિકીનાં થાય વગેરે વગેરે.... સમાજવાદી વિચારો તૂટક તૂટક રીતે રજૂ થયેલા હતા.



ટૉમસ માલ્થુસ

(ઈ. સ. ૧૭૬૬–૧૮૩૪)

# ગાંધીવિચારની દૃષ્ટિએ મૂડીવાદ

ગાંધીદૃષ્ટિએ જોતાં મૂડીવાદની ટીકા બે મુદ્દા પર કેન્દ્રિત થયેલી છે: એક તો, વપરાશ તરફની મૂડીવાદી દૃષ્ટિ; અને બીજી, ઉત્પાદન તથા વહેંચણીની મૂડીવાદી પ્રક્રિયા. તે અંગે ગાંધીવિચાર એમ માને છે કે માણસે એની જરૂરિયાતો વધારવી ન જોઈએ. ઉપભોગને માટે જીવન છે તેમ માનવું ન જોઈએ. જીવન ટકાવી રાખવા અમુક ચીજોના વપરાશની આવશ્યકતા છે, એટલા માટે તે જરૂરિયાતો સંતોષવી રહી એમ માનવું જોઈએ. ખાસ કરીને સાદું જીવન જીવવું જોઈએ. બીજું, વપરાશ અને ઉપભોગથી જ જીવનનો આનંદ મળે છે તેવું નથી. શ્રમ દ્વારા ઉત્પાદન કરવાથી માણસને જીવનનો સાચો આનંદ મળે છે. ઉત્પાદનની પ્રક્રિયા પણ એવી રીતે ગોઠવેલી હોવી જોઈએ કે જેથી માણસને વધુ આનંદ મળે. આમ, ગાંધીજી અર્થતંત્ર વિશે મૂડીવાદી અને માર્ક્સવાદી દૃષ્ટિબિંદુથી અલગ રીતે વિચારતા હતા.

માર્ક્સને મન ભૌતિક સુખ સમાજનો પાયો હતો. ભૌતિક ચીજવસ્તુઓ માણસને જેમ વધારે મળે તેમ તેને વધુ સુખ મળે છે તેમ એ માનતો હતો. બીજું, ઉત્પાદનની પદ્ધતિ (મોડ ઑફ પ્રોડક્શન) જ સમાજનાં અન્ય ક્ષેત્રોનો ઢાંચો નક્કી કરે છે; શોષણયુક્ત ઉત્પાદનની પદ્ધતિને લીધે સમાજમાં વર્ગવિગ્રહ પેદા થાય છે; અને રાજકીય ક્ષેત્રે યુદ્ધ સુદ્ધાં આર્થિક પરિબળો જ પેદા કરે છે, એમ તે માનતો હતો.

માર્ક્સના આ વિચારો ગાંધીજીથી ભિન્ન હતા. ગાંધીજીના મત મુજબ ભૌતિક ચીજવસ્તુઓ માણસને સુખ આપતી નથી; એ તો ફક્ત જીવન ટકાવવા માટે જરૂરી છે. એટલે જેટલી ચીજો અનિવાર્ય હોય અને તે પણ જેટલા લઘુતમ પ્રમાણમાં જરૂરી હોય, તેટલો જ તેનો ઉપયોગ કરવો.

બીજું, ઉત્પાદનથી આનંદ મળે છે તેમ મૂડીવાદ માનતો નહોતો. ઊલટું, માણસ શ્રમ કરે ત્યારે મનને કષ્ટ થાય છે, અને ફુરસદ મળે ત્યારે મનને આનંદ મળે છે, તેમ માનતો હતો. ગાંધીજીના વિચારો સાથે એનો મેળ ખાય એમ નથી.

ઉત્પાદનની રીત વિશે ગાંધીજીનું દૃષ્ટિબિન્દુ સમાજવાદ અને મૂડીવાદથી અલગ રીતનું હતું. તેઓ શ્રમવિભાજન જેમ વધે તેમ વધુ ઉત્પાદકતા મળે છે, અને આર્થિક વિકાસ વધે છે તેમ માનતા નહોતા. તેઓ તો અનિવાર્ય હોય તો જ શ્રમવિભાજન કરવું જોઈએ તેમ માનતા. ખાસ કરીને સ્વાવલંબનનું ધ્યેય તેઓને મન વધુ અગત્યનું હતું. એટલે કે વ્યક્તિ પોતાની જરૂરિયાતો, એની જાતે સંતોષી શકે તો કુટુમ્બના અન્ય સભ્યો પર પણ આધાર રાખવો જોઈએ નહીં; જો કુટુમ્બ તેમ કરી શકે તો ગામ પર આધાર નહીં રાખવો; અને જો ગામડું સ્વાવલંબી થઈ શકે તો બીજા પ્રદેશો પર આધાર ન રાખવો જોઈએ.

વળી, ઉત્પાદન એ રીતે થવું જોઈએ કે જેથી એકના શ્રમનો અન્ય કોઈ લાભ ન ઉઠાવી જાય અને તેનાથી પૂર્ણ રોજગારી મળવી જોઈએ. શ્રમમાં પણ જીવનનો આનંદ મળતો હોવાથી બેકારીને ગાંધીજી કેવળ આર્થિક નહીં,

પેઢીના ચોખ્ખા ઉત્પાદનના માર્ક્સ બે ભાગ કરતો : (૧) અસ્થાયી મૂડી (વૅરિયેબલ કૅપિટલ : V) અને અધિશેષ ટપ્લસ : S). (૨) અસ્થાયી મૂડી બરાબર તે કુલ વેતનની રકમ મૂકતો; અને ચોખ્ખા ઉત્પાદનમાંથી કુલ વેતનની મ બાદ કરતાં જે વ્યાજ, ભાડું અને ચોખ્ખા નફાની રકમ રહે તેને તે અધિશેષ ગણતો. કાચા નફા અને ચોખ્ખા ૅા વચ્ચેના તફાવતને તે સ્થિર મૂડી (કૉન્સ્ટન્ટ કૅપિટલ) અગર C તરીકે ઓળખતો હતો. આ સ્થિર મૂડીથી વસ્તુના લ્યમાં ચોખ્ખી રીતનો વધારો થતો નથી. સ્થિર મૂડીમાં માર્ક્સ સ્થાયી મૂડી જેવી કે, યંત્ર, ફૅક્ટરી વગેરેને મૂકતો મને કાચો માલ પણ સ્થિર મૂડીમાં ગણવામાં આવતો. એટલે ઘસારો વત્તા કાચા માલની કિંમત એ સ્થિર મૂડીના મર્ચ તરીકે ગણવામાં આવતું હતું; એટલે, $C + V + S$ = કુલ પેદાશ અથવા કુલ ઉત્પાદન થયું ગણાય. જો એનું મૂલ્ય કાઢવું હોય તો સામાજિક રીતે આવશ્યક શ્રમસમયમાં કાઢવું જોઈએ એમ માર્ક્સ માનતો હતો.

ઉપરની વિગતો પરથી માર્ક્સે ત્રણ પ્રમાણો (રેશિયોઝ) રજૂ કર્યાં હતાં:

$$\frac{S}{V} = \text{શોષણનો દર}$$

$$\frac{C}{V} = \text{ઑર્ગેનિક કમ્પોઝિશન ઑફ કૅપિટલ અને}$$

$$\frac{S}{C+V} = \text{નફાનો દર.}$$

માર્ક્સના મત મુજબ S = અધિશેષ શ્રમિકોને લીધે જ થતી હતી. એટલે એમના વેતનના પ્રમાણમાં અધિશેષ એમનું કેટલું શોષણ કરવામાં આવે છે તે દર્શાવી શકે અથવા શ્રમિકની જ્યારે એક દિવસની મજૂરી થાય ત્યારે એમાંનો કેટલો હિસ્સો શ્રમિક પોતાના જીવનનિર્વાહની ચીજવસ્તુઓ મેળવવા કે પોતાનું વેતન કમાઈ લેવાને માટે વાપરે છે અને બાકીનો કેટલો હિસ્સો તે એના મૂડીપતિ માલિકને માટે મજૂરી તરીકે આપે છે તે દર્શાવવા માટે S/Vની રજૂઆત થઈ શકે.

હવે, C/Vનું પ્રમાણ મુશ્કેલી કરે તેમ છે. એક બાજુ સ્થિર મૂડી તરીકે યંત્રો, ફૅક્ટરી વગેરેનું કુલ મૂલ્ય ગણવામાં આવે છે; પરંતુ અમુક સમયગાળા માટે વિચાર કરતા હોઈએ ત્યારે Cની જગ્યાએ ઘસારો મૂકવાની જરૂર પડે છે. માર્ક્સના લખાણમાં આ અંગે ગૂંચવાડો છે અને અસ્પષ્ટતા છે. પરંતુ શ્રમિકદીઠ સરેરાશ કેટલી મૂડી રોકાય છે તે એને જાણવું છે.

હવે, કુલ મૂડી એટલે (૧) સ્થિર (સ્થાયી) અને (૨) ફરતી (અસ્થાયી) મૂડી ગણવામાં આવે તો, અને જો ફરતી મૂડીમાંથી જ વધારો મળી શકતો હોય તો, કુલ મૂડીરોકાણમાં ફરતી મૂડીનું પ્રમાણ જેમ વધુ તેમ શોષણનો દર વધુ. જેમ જેમ સ્થિર મૂડીનું પ્રમાણ વધે તેમ નફાનો દર ઘટે. (કારણ કે ફરતી મૂડીનું પ્રમાણ કુલ મૂડીમાં ઘટે છે એટલે મૂડીવાદનો વિકાસ થાય છે, ત્યારે, ફરતી મૂડીનો વધારો થાય છે. પરંતુ સાથે સાથે સ્થિર મૂડીનું પ્રમાણ કુલ મૂડીમાં વધતું હોવાથી, નફાનો દર ઘટતો જાય છે.)

# ૧૦ : વીસમી સદીનો મૂડીવાદ

વીસમી સદીનો મૂડીવાદ બે તબક્કામાં વહેંચી શકાય: (૧) ૧૯૧૫થી ૧૯૫૦નો પહેલો તબક્કો, કે જે સમય મૂડીવાદ માટે માંદગીનો સમય કહી શકાય; અને (૨) ૧૯૫૦થી ૧૯૭૦નો બીજો તબક્કો, કે જે સમય દરમિયાન મૂડીવાદ પુનર્જીવિત થયેલા ગણી શકાય.

પહેલા તબક્કામાં મૂડીવાદનાં અનિષ્ટો — જેવાં કે, બેકારી, સંસ્થાનવાદ, ઈજારાશાહી, તેજીમન્દીનાં મોજાં, આવકની અને સમ્પત્તિની અસમાનતા વગેરે — જણાયાં અને એક દૃષ્ટિએ મૂડીવાદ જાહેર તિરસ્કારનો ભોગ બન્યો. બીજા વિશ્વયુદ્ધને અંતે એના ટેકેદારોએ પણ મૂડીવાદમાંથી શ્રદ્ધા ગુમાવી હતી, અને ટૂંક સમયમાં મૂડીવાદનો સંપૂર્ણ નાશ થઈ જશે તેવી જાહેરાતો પણ કરવા માંડી હતી.

પ્રથમ આપણે વીસમી સદીના આ પહેલા તબક્કાની વિગતો વિચારીએ. પશ્ચિમના દેશોએ પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન અર્થતંત્રમાં રાજ્યની મોટા પાયા પરની દખલ જોઈ. રૅશનિંગ, પરમિટ, કોટા વગેરે પ્રકારનાં નિયંત્રણો જોયાં અને કરવેરા પણ ઘણા જ ઊંચા દરે દાખલ કરવાની તેમને ફરજ પડી. નાણાવ્યવસ્થા માટેની જવાબદાર સંસ્થાઓ પર પણ સરકારે અંકુશ મૂકયા, પરદેશના વેપારમાં સોનાનું ધોરણ છોડી દીધું, પરદેશી મૂડીની હેરફેર પર નિયંત્રણો મૂકયાં. આયાત અને નિકાસનો કોટા નક્કી કરવામાં આવ્યો.

જોકે, આ રીતના સરકારી અંકુશો પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ૧૯૨૦થી '૨૫ના ગાળામાં રદ કરવામાં આવ્યા હતા, અને રશિયા સિવાયના અન્ય દેશો મૂડીવાદી પદ્ધતિએ પ્રયાણ કરી રહ્યા હતા. પરન્તુ લગભગ તે સમયથી જ પશ્ચિમના મોટા ભાગના દેશોમાં મુશ્કેલીઓ શરૂ થઈ. જર્મનીમાં ઘોડાપૂર ફુગાવો થયો અને ૧૯૨૪ સુધીમાં તો અર્થતંત્રનો સમ્પૂર્ણ નાશ થઈ ગયો. ત્યાર બાદ ૧૯૨૫થી '૩૦ દરમિયાન એણે માંડ માંડ ઠેકાણે પડવા યત્નો કર્યા, પરન્તુ લડાઈનો દંડ ભરવાની એટલી મોટી જવાબદારી એના પર લાદવામાં આવી હતી કે તે જવાબદારી તે અદા કરી શકે તેમ ન હતું; અને જો તે જવાબદારી અદા કરવાનો યત્ન કરે તો એનું અર્થતંત્ર વેરવિખેર થઈ જાય તેમ હતું. દુનિયામાં ખેતપેદાશો તૈયાર કરનારા અને નિકાસ કરનારા દેશોમાં ભાવ ઘટવાથી મોટી મુશ્કેલીઓ આવી હતી. બ્રાઝિલમાં ભાવ ટકાવી રાખવા કૉફી બાળી નાખવી પડી હતી. અમેરિકાએ ઘઉંના કોથળા દરિયામાં પધરાવી દીધા હતા. ૧૯૩૦માં દુનિયામાં મોટી મન્દીનું મોજું ફરી વળ્યું હતું. શૅરબજારોમાં મન્દી, ખેતપેદાશોના ભાવમાં મન્દી! પરિણામે, અમેરિકા અને યુરોપમાં બેકારીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું. શ્રમ કરનારી વસ્તીનો ચોથો ભાગ બેકાર થયો હતો; અને યંત્રો પણ બેકાર થઈને પડયાં રહ્યાં હતાં. આંતરરાષ્ટ્રીય વેપાર પણ એક રીતે જકડાઈ ગયો હતો. સોનાનું ધોરણ ઇંગ્લંડે ૧૯૩૧માં છોડયું. દુનિયાએ પણ એ ધોરણ છોડી દીધું. પરદેશી મૂડી પર નિયંત્રણો મુકાયાં હતાં; પરદેશી મૂડી જપ્ત પણ કરવામાં આવી હતી. આયાત અને નિકાસ પર કોટા-પરમિટ દાખલ કરવામાં આવ્યાં હતાં. કાચી ચીજોમાં આવેલી મન્દીથી દુનિયાના ગરીબ દેશોની આવકને મોટો ફટકો પડયો હતો. આંતરરાષ્ટ્રીય વેપાર પર નિયંત્રણો અને અનિશ્ચિતતાનું મોજું ફરી વળ્યું હતું, મુક્ત વેપારનું કર્ણધાર ઇંગ્લંડ પણ હવે અંકુશો લાદી રહ્યું હતું.

૧૯૩૦ની મંદીથી આર્થિક વિકાસને મોટો ધોખો પહોંચ્યો હતો. અર્ધવિકસિત દેશોમાં ગરીબાઈ વધી હતી. આર્થિક વિકાસનો દર સ્થગિત થઈ ગયો હતો. વિકસેલા દેશોમાં પણ રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થયો

# બીજા વિશ્વયુદ્ધનો ખર્ચ

## ૧૩,૮૪,૯૦,૦૦,૦૦,૦૦૦ ડૉલર

આટલી રકમમાં તો —




- યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન, બેલ્જિયમ અને પોર્ટુગલના પ્રત્યેક કુટુંબને ૨૦,૦૦૦ ડૉલરનું એક ઘર મળી રહેત...




- યુનાઇટેડ સ્ટેટ્સ, બ્રિટન અને સોવિયેત રશિયાનાં બે લાખની વસ્તીવાળાં તમામ નગરોને ૧ કરોડ ડૉલરનું પુસ્તકાલય બાંધી આપી શકાત...



- — અને એ દરેક નગરને ૫ કરોડ ડૉલરના ખર્ચે એક એક યુનિવર્સિટી સુલભ કરી શકાઈ હોત...



- યુનાઇટેડ સ્ટેટ્સ અને બ્રિટનના પ્રત્યેક કુટુંબને ૨૫૦૦ ડૉલરની કિંમતની કાર પૂરી પાડી શકાઈ હોત...



- ૫૦,૦૦૦ શિક્ષકો અને એટલી જ પરિચારિકાઓને સો વરસ સુધી વાર્ષિક ૬૦૦૦ ડૉલરના દરમાયાથી નવાજી શકાત...



- યુનાઇટેડ સ્ટેટ્સના ૧૭થી ૨૧ વર્ષના તમામ યુવકોને વિનામૂલ્યે વ્યાવસાયિક પ્રશિક્ષણની સુવિધા (હાઈસ્કૂલ દીઠ ૯,૦૦૦ ડૉલરના ખર્ચે) સાંપડી રહેત...



The New York Times.

LATE CITY EDITION

NEW YORK, SATURDAY, JUNE 17, 1933

TWO CENTS

PRESIDENT STARTS RECOVERY PROGRAM, SIGNS BANK, RAIL AND INDUSTRY BILLS; WHEAT GROWERS WILL GET $150,000,000

હતો. એને કારણે જાતજાતનાં પગલાં લેવાયાં હતાં; જર્મની, જપાન અને ઈટાલીમાં ફાસિસ્ટ પરિબળોના ઉદય થયો હતો. ઈંગ્લંડમાં પણ અશાંતિ ખૂબ વ્યાપક હતી. રશિયામાં તો સરમુખત્યારી હતી જ, પરંતુ યુરોપના દેશોમાં પણ સરમુખત્યારી ફેલાવા માંડી હતી. ફ્રાન્સમાં માથાદીઠ આવકમાં ઘટાડો થઈ રહ્યો હતો. એકંદરે યુરોપના દેશો આફ્રિકા પર અંકુશ મેળવી સામ્રાજ્યવાદનો ફેલાવો કરી રહ્યા હતા અને એ રીતે શોષણ પર આધારિત જીવન જીવી રહ્યા હતા.

આમ, મુક્ત અર્થવ્યવસ્થા પર દરેક ઠેકાણે હલ્લા શરૂ થઈ ગયા હતા. મન્દીને કારણે એક બાજુ, ઉત્પાદનનું કદ વધારવાની જરૂર ઊભી થઈ; બીજી તરફ, ટ્રસ્ટ કે કાર્ટેલ વગેરે કરીને ઈજારાશાહી ઊભી કરવાના યત્નો યુરોપ અને અમેરિકામાં થયા હતા. ઉત્પાદન પર અંકુશ, બજારોની વહેંચણી, ભાવનિયમન વગેરે નીતિઓ મારફતે ઈજારાશાહી પેઢીઓને જીવન્ત રાખવામાં આવતી હતી. વ્યાજના દરો અર્થતંત્રને અંકુશમાં રાખી શકે તેમ ન હતા. બજેટનીતિ પણ સાચા અર્થમાં વિકસી ન હતી કે જેથી પૂર્ણ કામગીરીઓનું ધોરણ જાળવી શકાય. બજારો કબજે કરવા, કામગીરીઓ ટકાવી રાખવા સારુ મહાસત્તાઓ લડાઈની તૈયારીમાં પડી ગઈ હતી.


૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને તે ૧૯૪૫ સુધી ચાલ્યું. આ સમય દરમિયાન બજારતંત્ર અને હરીફાઈ એક બાજુ મૂકી દેવામાં આવ્યાં હતાં — વ્યક્તિગત મિલકતના અધિકાર પર પણ સારો એવો કાપ મૂકવામાં આવ્યો હતો. એક પાઉંડ(વીસ શિલિંગ)ની આવકમાંથી ૧૯ શિલિંગ કરવેરા તરીકે આપી દેવાનો વખત આવ્યો હતો. શ્રમને પણ સરકાર હુકમ કરે તે કામ પર જવું પડતું હતું. યુરોપ, રશિયા, જપાન અને ચીનને માટે તો આ સમય જીવનમરણનો હતો.

૧૯૪૫માં યુદ્ધ બંધ થયું ત્યારે 'સમાજવાદ'નો નારો બરાબર જોરશોરથી શરૂ થઈ ગયો હતો. પ્રો. હાયેક જેવા મૂડીવાદી પ્રથાના સમર્થકને પણ 'રોડ ટુ સર્ફડમ' નામનું પુસ્તક લખીને ચેતવણી આપવી પડી હતી. યુરોપમાં સમાજવાદ પ્રસરી જશે તેમાં એમને શંકા નહોતી. ૧૯૦૫માં ઈંગ્લંડ છોડીને અમેરિકામાં વસવાટ કરવાનું પણ એ જ કારણ. શુમ્પીટર જેવા વિચારકે પણ આશા છોડી દીધી હતી અને અત્યારે મૂડીવાદી પ્રથાના પ્રખર સમર્થક એવા મિલ્ટન ફ્રીડમૅન પણ ત્યારે શંકાકુશંકાઓ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા હતા. બીજા વિશ્વયુદ્ધના નરશાર્દૂલ અને ઈંગ્લંડને ભયંકર કટોકટીમાંથી ઉગારનાર ચર્ચિલને બીજા વિશ્વયુદ્ધ પછી તરત જ થયેલી સામાન્ય ચૂંટણીમાં લોકોએ સત્તા પરથી દૂર કર્યા હતા. ફ્રાન્સ, ઈંગ્લંડ, ઈટાલી વગેરેમાં રાષ્ટ્રીયકરણનું મોજું ફરી વળ્યું હતું; ફ્રાન્સ અને ઈટાલીમાં તો સામ્યવાદી પક્ષ પણ સારી રીતે જોર પર હતો.




## મૂડીવાદને જબરદસ્ત પડકાર

સોવિયત યુનિયનમા આયોજન રાજ્યહસ્તક છે. તેની પહેલી પંચવર્ષીય યોજના ૧૯૨૯માં શરૂ થઈ અને નિર્ધારિત સમય કરતાં વહેલી પૂરી થઈ. ઈ. સ. ૧૯૩૨નું આ રશિયન પોસ્ટર યોજનાની શરૂઆતમાં અને અંતે એક 'વિશિષ્ટ પ્રકાર'ના મૂડીવાદીની લાક્ષણિકતા રજૂ કરે છે.




બીજા વિશ્વયુદ્ધ બાદ મૂડીવાદ વિરુદ્ધ આ બધાં સ્વાભાવિક કારણસર પૂર્વ યુરોપ ઉપરાંત ચીનમાં પણ સામ્યવાદી રાજ્ય સ્થપાયું.

'ચીનના ચાર ઘોડેસવારો'

પૂર્વ યુરોપ સામ્યવાદમાં ભળી ગયું હતું. સમાજવાદી પરિબળો દક્ષિણ અમેરિકા, એશિયા અને આફ્રિકામાં એકદમ જોરશોરથી કામે લાગી ગયાં હતાં. રાષ્ટ્રીયકરણ મારફતે જાહેર વિભાગનો વિસ્તાર, મોટા કરવેરા, ગરીબોને અનુદાન, સામાજિક સલામતી, ભાવનિયમન અને રૅશનિંગ, વેપાર પર અંકુશ, ઉત્પાદક અને વાપરનાર વચ્ચેથી વચલા માણસોને દૂર કરવાની નીતિ માટે ઠેર ઠેર માગ થતી હતી. તેમાંયે રશિયાનું આયોજન સફળ થયું છે તે માન્યતા, રશિયા સમાજવાદને કારણે જ વિશ્વની પહેલી હરોળની સત્તા થઈ શક્યું તેવી પ્રતીતિ, ચીનમાં પણ સામ્યવાદીઓનો વિજય, આ બધાં કારણસર મૂડીવાદ વિરોધી માનસ વિકસે તે સ્વાભાવિક ગણાય.

તદુપરાંત, લોકો હવે ગુલામી સહન કરે તેમ ન હોઈ, સંસ્થાનવાદના સૂર્યાસ્તની શરૂઆત થઈ. ભારતને ૧૯૪૬–૪૭માં સ્વાતંત્ર્ય આપવાની બ્રિટનને ફરજ પડી. તે પછી, યુરોપના દેશોએ એક પછી એક એમનાં સંસ્થાનોને મુક્ત કર્યાં; અને તેમ કરવાથી પૂર્વ એશિયાના દેશો, પશ્ચિમ એશિયાના પ્રદેશો અને આફ્રિકાનાં ઘણાંયે સંસ્થાનોને મુક્તિ મળી. આ બધા પ્રદેશોને જલદીથી વિકાસ કરવો હતો; તેઓને ઉદ્યોગીકરણ પણ ઝડપથી કરવું હતું અને પરદેશીઓનું રાજકીય શોષણ જતાં રહ્યુંસહ્યું આર્થિક શોષણ પણ દૂર કરવું હતું. આ બધાં કારણે રાજ્યને 'આવશ્યક અનિષ્ટ' ગણવાને બદલે 'વિધાયક શુભ' ગણવાનું લગભગ દરેક વિકાસમાન દેશમાં શરૂ થઈ ગયું હતું.

## બીજો તબક્કો

આમ હોવા છતાં, ઈ. સ. ૧૯૫૦ આસપાસ યુરોપના દેશોને અંકુશો, લાઈસન્સ પદ્ધતિ, માપબંધી તથા ભાવનિયમનનો કપરો અનુભવ થવા માંડયો હતો. શાંતિના સમયમાં તે પ્રથા ચાલશે નહીં તેમ જણાવા માંડયું હતું. વૈજ્ઞાનિક શોધખોળો અને ટેકનૉલોજી બીજા વિશ્વયુદ્ધ બાદ એટલાં આગળ વધ્યાં હતાં કે ઔદ્યોગિક તેમ જ ખેતી-ઉત્પાદનમાં સારો એવો વધારો કરી શકાય તેમ હતું — લોકોને તે માટે મુક્ત રીતે વિકાસ કરવાની છૂટ મળવી જોઈએ એમ લાગતું હતું. અર્થશાસ્ત્રમાં પણ લૉર્ડ કેઈન્સની અસર એટલી વ્યાપક હતી કે, બેકારી ઊભી કરવાની અને મન્દી દસ વર્ષ સુધી રાખવાની મૂર્ખામી હવે પશ્ચિમના દેશો કરે તેમ નહોતા. નાણાનીતિને બદલે બજેટનીતિ અગત્યની થઈ હતી; ખાધપૂરક નાણાતંત્રનો વાંધો હવે રહ્યો ન હતો. ખરીદ-શક્તિનું ધોરણ જાળવી રાખવાની અગત્ય હવે અર્થનીતિમાં સમજાઈ હતી. એટલે કરવેરામાં મુક્તિ, જાહેર વિભાગના ખર્ચમાં વધારો, બેકારીભથ્થું, સામાજિક સલામતીનાં પગલાં, મૂડીરોકાણને ઉત્તેજન વગેરે પગલાં પણ સરકારે વિચારી રાખેલાં. એટલે કે કામગીરીઓ પૂર્ણકક્ષાએ ટકી રહે તેવી અર્થનીતિ માન્ય થયેલી હતી. ઊલટાની સરકારની એ મુખ્ય જવાબદારી ગણાતી હતી કે દેશમાં સ્થિરતા રહે, સ્થિરતા સાથેનો વિકાસ થાય, તેજીમન્દીનાં મોજાં ફરી વળે નહીં અને બેકારી અસ્તિત્વમાં આવે નહીં.

હકીકતે, મૂડીવાદી દેશોએ ૧૯૫૦થી ૧૯૭૦ દરમિયાન બેકારીને તિલાંજલિ આપી હતી એમ કહીએ તો ખોટું નહીં. ઊલટાનું કેટલાક દેશોમાં તો, કામગીરીઓનું પ્રમાણ જરૂર કરતાં પણ વધ્યું હતું અને એને કારણે મજૂર મંડળોને અંકુશમાં રાખવાનો મુશ્કેલી ઊભી થઈ હતી — બલ્કે, વેતનના દરોનો વધારો મર્યાદામાં રાખવાનું મુશ્કેલ થયું હતું.

સમાજવાદી (સામ્યવાદી) દેશોના — ખાસ કરીને રશિયાના વિકાસને કારણે, મૂડીવાદની સામે પણ એક પડકાર આ સમય દરમિયાન ઊપસી રહ્યો હતો. બીજી બાજુ, મૂડીવાદમાં નફાનો દર શૂન્ય તરફ જાય છે, અને મૂડીનિર્માણ અટકી જાય છે, એટલે આર્થિક વિકાસ શૂન્ય થઈ જાય છે, તે માન્યતા પણ ખોટી પડવા માંડી હતી. આર્થિક વિકાસની પારાશીશીમાં રશિયા, ચીન કે પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો કરતાં પણ પશ્ચિમ યુરોપના દેશોની સિદ્ધિઓ વધુ સારી નીવડી રહી હતી. સૌથી વધુ આર્થિક વિકાસનો દર જપાન અને પશ્ચિમ

નાએ હાંસલ કર્યો હતો. વિકસિત દેશોએ તો, સામાન્ય રીતે, ઓગણીસમી સદીમાં પણ કોઈ દિવસ હાંસલ ... કરેલો તેટલો ઊંચો રાષ્ટ્રીય વિકાસ-દર ૧૯૫૦થી ૧૯૭૦ના ગાળામાં સિદ્ધ કર્યો હતો. અર્થતંત્રની ...રના પણ સારી રીતે ટકી રહી હતી. ભાવવધારો થયો હતો, પરંતુ સામાન્ય રીતે માથાદીઠ આવકનો ...ારો પણ સારા પ્રમાણમાં થયો હતો. વિકસિત દેશોમાં આર્થિક સમૃદ્ધિ એક નાના વર્ગમાં નહીં સમાઈ ...તાં સામાન્ય જનતા સુધી પ્રસરી ગયેલી આપણે જરૂરથી જોઈ શકીએ છીએ.

જોકે, ટૂંકા ગાળા માટે અહીંતહીં બેકારી જરૂર માલૂમ પડે છે; કામગીરીઓમાં વધારોઘટાડો પણ જણાય છે, તેવી રીતે ભાવમાં પણ વધારોઘટાડો થતો અહીંતહીં આપણને માલૂમ પડે છે. ફ્રાન્સને હૂંડિયામણના દરની મુશ્કેલી છે, તો જર્મનીને વ્યાપારની સમતુલામાં થયેલા વધારાને કારણે થતી મુશ્કેલી જરૂર જોવા મળે છે. તેવી રીતે અમેરિકા અને યુરોપમાં પણ 'ગરીબાઈ' જેવું જોવાને મળે છે. પરંતુ સામાન્ય રીતે તે બધાં લક્ષણો અલ્પ પ્રમાણમાં, ટૂંકા ગાળાનાં અને બહુ જ ઓછા જનસમુદાયને સ્પર્શ કરતાં રહ્યાં છે. જર્મની અને જપાન તો, તેમનો વિકાસ મુક્ત અર્થતંત્રને કારણે છે તેમ ખુલ્લેખુલ્લી રીતે જણાવે છે. સામ્યવાદી દેશો સિવાયના અન્ય દેશોએ પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં મુક્ત તંત્રને વધુ પસંદગી આપી છે. ઈન્ટરનૅશનલ મૉનેટરી ફંડ—આઈ. એમ. એફ.ની સ્થાપના કરીને, સ્થિર હૂંડિયામણ દર સ્થાપ્યા છે કે જેથી ઓગણીસમી સદીમાં સોનાના અને સ્ટર્લિંગના ધોરણથી જેવી સરળતા મળી રહેતી તેવી સરળતા મળી રહે. ગૅટ (જનરલ ઍગ્રીમેન્ટ ઑન ટેરિફ્સ ઍન્ડ ટ્રેડ) અને અંકટાડ (યુનાઈટેડ નેશન્સ કમિશન ફૉર ટ્રેડ ઍન્ડ ડેવલપમેન્ટ) મારફતે, વેપાર મુક્ત રીતે થાય તેના યત્નો સફળ રીતે કરવામાં આવ્યા છે. એક તો દ્વિરાષ્ટ્રીય વેપાર (બાઈલૅટરલ ટ્રેડ) ઓછો કરીને બહુરાષ્ટ્રીય વેપાર (મલ્ટિલૅટરલ ટ્રેડ) તરફ દુનિયા વળે તે માટે સફળ પ્રયાસો થયા છે. વેપારમાંથી કોટા પદ્ધતિ દૂર કરવા પણ યત્નો સફળ થયા છે. જકાતના દરો ખૂબ જ ઓછા કરવામાં આવ્યા છે. અર્ધવિકસિત દેશોના વ્યાપારને ઉત્તેજન મળે તે માટેના યત્નો થયા છે. પરદેશી મૂડીની હેરફેર અને ખાસ કરીને પરદેશી મદદ અગાઉ કદીયે કરવામા આવી ન હોય તેટલા પ્રમાણમાં કરવામાં આવી છે. દુનિયાના દેશો અત્યાર અગાઉ કદીયે નહોતા એટલા એકબીજા પર આધાર રાખતા થયા છે.

આંતરિક અર્થનીતિમાં જાહેર ક્ષેત્રનો ફેલાવો થયો છે. પાણી, કોલસો, ગૅસ, વીજળી, વાહનવ્યવહાર, ટેલિફોન, રેડિયો, રસ્તા, નહેરો વગેરે સેવાઓ જાહેર વિભાગમાં લગભગ બધા જ દેશોમાં જોવાને મળે છે. ઈજારા પર અંકુશ રાખવા યત્નો થયા છે. પૂર્ણ હરીફાઈ દાખલ થાય અને ટકી રહે તે માટે પણ સરકાર તરફથી યત્નો ચાલુ રહ્યા છે. અર્થતંત્રમાં બિલ્ડિંગ સિવાય બીજાં મૂડીરોકાણો પર અંકુશો રહ્યા નથી; નાણાનીતિ અગત્યની થઈ રહી છે. બજેટ મારફતે અર્થતંત્રની ૨૫ થી ૪૦ ટકા જેટલી આવક કાં ઊભી થાય છે કે ખર્ચ રૂપે થાય છે, સામાજિક સલામતીનાં પગલાં—જેવાં કે બેકારીભથ્થું, વીમો વગેરે જરૂરિયાતો—દરેક વિકસેલા દેશમાં રાજ્યની જવાબદારી ગણાય છે; છતાં મોટા ભાગના વિકસિત દેશોમાં જથાબંધ કે છૂટક વેપાર, ખેતી તેમજ ઔદ્યોગિક ઉત્પાદનનો સૌથી વધુ હિસ્સો ખાનગી માલિકીના ક્ષેત્રમાં છે.

તેવી રીતે, અસરકારક માગનું ધોરણ જળવાઈ રહે અને બેકારી મોટા પ્રમાણમાં (બેથી પાંચ ટકાથી વધુ) ન થાય તે જોવાનું કામ રાજ્યનું છે તે દરેક દેશમાં માન્ય થઈ ગયેલ છે. તે રીતે, અમુક જાહેર હિત અથવા 'મેરિટ ગુડ'નો પુરવઠો યોગ્ય રીતનો મળી રહે તે પણ રાજ્યની જવાબદારી ગણાય છે. ભાવની સ્થિરતા જાળવવા બફર સ્ટૉક, ટેકારૂપ ભાવનીતિ વગેરે પગલાં સરકારે અપનાવવાં પડ્યાં છે. લોકો સારી રીતે આર્થિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે નિર્દેશક આયોજન, આર્થિક માહિતી ભેગી કરીને પૂરી પાડવાની, સામાજિક અને આર્થિક ઓવરહેડ્ઝ તૈયાર કરવાની જવાબદારી પણ રાજ્યની છે તેમ હવે બધા દેશોમા માન્ય કરવામાં આવેલ છે અને તેને કારણે નાણાનીતિની વ્યવસ્થા માટે વ્યાપારી બૅન્કો અને મધ્યસ્થ બૅન્કો, કાં

તો સરકારી અંકુશમાં કે સરકારી માલિકી તળે રાખવામાં આવે છે. એકંદરે, વિકાસ માટેનું ઉત્તેજક વાતાવરણ સર્જવાની જવાબદારી સરકારની છે. ટૂંકમાં, બજારતંત્ર અને ખાનગી મિલકતને આંચ લાવ્યા સિવાય 'આયોજન' રૂપે સરકારની જવાબદારીઓમાં વધારો થયો છે.

## મૂડીવાદી આયોજન : વિકસિત અને અર્ધવિકસિત દેશોમાં

### વિકસિત દેશોમાં

વિકસિત બજારતંત્રવાળા દેશોને આયોજન અંગે બે વિભાગમાં વહેંચી શકાય : (૧) મહદ અંશે મુક્ત બજારતંત્ર અને હરીફાઈ પર આધારિત, પરન્તુ ન છૂટકે બજારતંત્ર અને હરીફાઈની ખામીઓ દૂર કરવા પૂરતા અર્થતંત્રમાં સરકારી હસ્તક્ષેપ કરતા દેશો — જેવા કે, જપાન, અમેરિકા, જર્મની, નેધરલૅન્ડ વગેરે અને (૨) બજારતંત્ર અને કેન્દ્રના અંકુશનું મિશ્રણ કરેલું હોય — જેમ કે, બ્રિટન, સ્વીડન, ફ્રાન્સ વગેરે. આ બીજા પ્રકારના દેશોમાં સમાજવાદ દાખલ કરવામાં આવ્યો છે તેમ પણ કહેવામાં આવે છે કારણ કે આ દેશોમાં અર્થતંત્રનો સારો એવો ભાગ જાહેર વિભાગ તરીકે પણ હોય છે. અને કુલ મૂડીરોકાણ, કુલ આવક, કુલ કામગીરીઓ, નિકાસ, આયાત વગેરે અંગેના લક્ષ્યાંકો નક્કી કરેલા હોય છે તથા સમાનતા પ્રાપ્ત કરવા માટે બજેટ મારફતે, મૂડીરોકાણ મારફતે, અથવા કેટલીક તકો પૂરી પાડીને યત્નો કરવામાં આવ્યા હોય છે. પહેલા પ્રકારના બજારતંત્રવાળા વિકસિત દેશોમાં મૂડીવાદી આયોજન કરવામાં આવે છે અને કોઈ એક વ્યક્તિ કે એક નાના સમુદાયથી ન થઈ શકે તેવું કાર્ય કેન્દ્ર સત્તાએ કરવાનું હોય છે. આ દેશોમાં આયોજનમાં જો લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે તો તે લક્ષ્યાંકો નિર્દેશક તરીકે કે ધારણારૂપે કામ કરે છે, તેનાથી દિશાસૂચન મળે છે, પરન્તુ તે નિશ્ચિત સ્વરૂપના લક્ષ્યાંકો હોતા નથી. તે લક્ષ્યાંકો હાંસલ કરવા જ જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવતો નથી. બલ્કે, સમગ્ર અર્થતંત્રને આવરી લેતા લક્ષ્યાંકો માર્ગદર્શક જેવા જ હોય છે. દા. ત. કુલ મૂડીરોકાણ, ખેતવિભાગમાં મૂડીરોકાણ, કરવેરાના પ્રયાસો વગેરે વગેરે.

આ રીતનું આયોજન ખાસ કરીને વિકાસની હવા પેદા કરવા માટેનું હોય છે. આ આયોજન અંશતઃ હોય છે. તેમાં જેમ બને તેમ સહકારી ધોરણ કે પ્રાદેશિક ધોરણની માલિકીવાળાં જૂથો મારફતે આયોજન કરવામાં આવે છે. આ રીતના અર્થતંત્રમાં જ્યારે અંકુશો મૂકવામાં આવે છે ત્યારે આ અંકુશો રસ્તા પર ચાલતા રાહદારીઓને માર્ગદર્શક બને તે પ્રકારના હોય છે. આવા અંકુશો સાર્વત્રિક સ્વરૂપના હોય છે, અને તે ખાસ જરૂર હોય ત્યારે જ મૂકવામાં આવે છે; અને જરૂર પૂરી થાય કે તરત જ ઉઠાવી લેવામાં આવે છે. આ રીતના આયોજનમાં કેન્દ્રની સત્તા માલિકીહક લેવાની ઉતાવળ કરતી નથી અને બને ત્યાં સુધી માલિકીહક લીધા સિવાય અન્ય પગલાં લઈને અંકુશ મેળવવાનો યત્ન કરે છે. કેન્દ્ર સરકાર ન છૂટકે જ સીધી જવાબદારી લે છે. આ રીતના આયોજન માટે લૉર્ડ કેઈન્સનું મન્તવ્ય આજે પણ સાચું છે :

"વ્યક્તિઓ જે જવાબદારી પાર પાડી શકતી હોય તે (જરા સારીનરસી રીતે થતી હોય તોપણ) સરકારે માથે લેવાની જરૂર નથી. પરન્તુ જે બીજાઓથી પાર પાડવાનું થતું જ ન હોય તે જ સરકારે ઉપાડવું જોઈએ."



કેઇન્સ
(ઈ. સ. ૧૮૮૩–૧૯૪૬)

ઉપરના અભિપ્રાય પરથી જાણી શકાશે કે આ રીતનું વિકાસની હવા પેદા કરવાનું મૂડીવાદી આયોજન ઍડમ સ્મિથના જમાનામાં જે રીતે સરકારને જવાબદારી સોંપવામાં આવતી હતી તેના કરતાં ખાસ આગળ વધ્યું નથી. અત્યારે જો ઍડમ સ્મિથના જમાના કરતાં સરકારનું કાર્યક્ષેત્ર વધ્યું હોય તો એનાં કારણો એ છે કે, અર્થતંત્રનો ઢાંચો અને તેની કાર્યક્ષમતાપૂર્વકની વ્યવસ્થા કરવાના પ્રશ્નો બદલાયા છે. ખાસ કરીને, ઍડમ સ્મિથના જમાના બાદ ઉદ્યોગીકરણનો વિસ્તાર વધ્યો છે. ઇંગ્લંડ અને અમેરિકામાં ૭થી ૧૦ ટકા જ લોકો ખેતી પર નભે છે, જ્યારે સ્મિથના જમાનામાં આ સંખ્યા ૫૦ ટકા ઉપરાંતની હતી. કોઈ જ વિકસેલા દેશમાં ૨૫ ટકા કરતાં વધુ લોકો ખેતીમાં રોકાયેલા નથી. વળી, વીસમી સદીમાં મૂડીરોકાણનો ઢાંચો પણ બદલાયો છે. આજે મૂડીરોકાણ શરૂ કરીને ઉત્પાદન શરૂ કર્યા સુધીનો ગાળો કેટલીક બાબતમાં ૮થી ૧૦ વર્ષનો હોય છે. (કૉન્કર્ડ નામના સુપરસોનિક વિમાનો માટેની તૈયારીઓ ૧૯૫૮થી કરવામાં આવી છે. હજુ આજે પણ તે પ્રોજેક્ટ પૂરો થયો નથી; ભારતમાં બોકારો યોજના વિશેની વિચારણા ૧૯૬૪–૬૫થી ચાલે છે, હજુ એનો પહેલો તબક્કો પણ પૂરો થયો નથી.)

અત્યારના મૂડીરોકાણમાં અવિભાજ્યતા (ઇન્ડિવિઝિબિલિટી) પણ અગત્યની બાબત બની છે. એને કારણે આર્થિક રીતે પોસાય તેવું કંદ મેળવવા માટેનું મૂડીરોકાણ કોઈ વ્યક્તિ કે વ્યક્તિનાં જૂથો મેળવી શકે તેમ નથી. બોકારો યોજના પૂરી કરવા માટે રૂ. ૧,૫૦૦ કરોડ જોઈએ. ભારતનું કોઈ એક પ્રદેશ-રાજ્ય પણ એટલું મૂડીરોકાણ કરી શકે તેમ નથી. હાલના મૂડીરોકાણમાં બાહ્ય અસરો પણ અગત્યનો ભાગ ભજવે છે. ખાસ કરીને, સિંચાઈ, વીજળી, કેળવણી અને સંશોધન વગેરેમાં; તેને કારણે વ્યક્તિગત ખર્ચ અને સામાજિક ખર્ચ અથવા વ્યક્તિગત ફાયદો અને સામાજિક ફાયદા એ બે વચ્ચે ફેરફાર રહેવાથી સરકારે દરમિયાનગીરી કરવી પડે છે. મૂડીરોકાણની બાબતમાં પરસ્પર આધાર રાખવાનું પણ જરૂરી થયું છે; કેમ કે તે માટે જે સંકલન કરવું પડે તે ખાનગી સાહસના રાહે કરી શકાય તેમ નથી.

કેટલાંક મૂડીરોકાણમાં ઇજારાશાહી દાખલ કરવાનું અનિવાર્ય થયું છે. દા. ત., સામાજિક અને આર્થિક ઓવરહેડ્ઝમાં અથવા કુદરતી ઇજારાશાહીના કિસ્સાઓમાં અગાઉ મોટા ભાગના લોકો, સ્વનિર્ભર (સેલ્ફ ઍમ્પ્લોઇડ) હતા; તેને બદલે હવે માલિક અને મજૂરો એમ બે વર્ગો અસ્તિત્વમાં આવ્યા છે: વિકસેલા દેશોમાં તો ૭૦થી ૭૫ ટકા લોકો મજૂરો થઈ ગયા છે. શ્રમવિભાજનનો વિસ્તાર થવાથી વિનિમયની અગત્ય ખૂબ જ વધી છે. એને કારણે નાણાકીય ક્ષેત્રમાં સમતુલા જાળવવાની ખાસ જવાબદારી સરકાર પર આવી પડી છે. ફુગાવો હવે સહેલાઈથી અસ્તિત્વમાં આવે છે કારણ કે અગાઉ સોનાના ધોરણથી આપોઆપ નાણાના ઉત્પાદન પર અંકુશ આવી જતો હતો. હવે જ્યારે નાણા પર અંકુશ મેળવવાનું કાર્ય સરકારને શિરે આવ્યું છે, ત્યારે જો ધ્યાન રાખવામાં ન આવે તો, સોનાના પ્રમાણમાં નાણાનો જથ્થો સહેલાઈથી વધે છે અને ફુગાવાની સ્થિતિ જન્મે છે. બેકારીનું પ્રમાણ અને સ્વરૂપ પણ આજે બદલાયું છે: એના નિવારણની જવાબદારી સરકાર સિવાય અન્ય કોઈને સોંપી શકાય એમ નથી. કેમ કે બેકારી માટે અવનવાં કારણો જવાબદાર હોય છે: કેટલીક વાર પરદેશની મન્દી, કેટલીક વાર સરકારની અર્થનીતિ અથવા નવી શોધખોળો વગેરે અને આ માટે બેકાર થનાર માણસ જવાબદાર હોતો નથી. સમાજે જે પરિસ્થિતિનું સર્જન કર્યું તેને હલ કરવા માટે પણ સમાજે જવાબદારી ઉઠાવવી જોઈએ. તદુપરાંત બેકારીનિવારણ માટે જરૂરી અર્થનીતિ — જેમાં ખાસ કરીને નાણાનીતિ અને બજેટનીતિ વગેરેનો સમાવેશ થાય છે તે — સરકાર સિવાય અન્ય કોઈ અમલમાં મૂકી શકે તેમ નથી. ભલે સરકારના વહીવટમાં કાર્યક્ષમતા ઓછી હોય, પણ સરકાર સિવાય અન્ય કોઈ આ કાર્યની જવાબદારી લઈ શકે એમ નથી.

કેળવણી માટેનું આયોજન પણ આર્થિક વિકાસને અનુરૂપ ભૂમિકા તૈયાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વિકસિત દેશોમાં સ્વયંસંચાલિત યંત્રો(ઑટોમેશન)ને કારણે બે પ્રશ્નો ઊભા થાય છે. એક તો, વધુ ને વધુ

ટૅકનિકલ કેળવણી પામેલા નિષ્ણાતોની જરૂર ઊભી થાય છે, બીજી બાજુ સ્વસંચાલનને કારણે વધુ ને વધુ માણસો છૂટા થતા હોવાથી અઠવાડિયાના ૫૪ કલાક કામ કરવાને બદલે ૩૫ કલાક કામ કરીને ઉચ્ચ જીવન-ધોરણ ટકાવી રાખવાની નીતિ અનુસરવાનું જરૂરી બને છે. આ કારણે જે ફુરસદ મળે તેનો ઉપયોગ કરવામાં કેળવણી ખૂબ જ ફાળો આપી શકે તેમ છે. તદુપરાંત શ્રમવિભાજનના વિસ્તૃતીકરણથી ઊભી થતી સમસ્યાઓનો પણ સંતોષકારક ઉકેલ લાવવામાં કેળવણી મહત્ત્વનો ફાળો આપે તેમ છે.

તેવી જ રીતે, સરકારે જો હરીફાઈનું તત્ત્વ ટકાવી રાખવું હશે અને ઈજારાશાહીને રોકવી હશે તો સંશોધનનું કામ તેણે પોતાને શિરે લેવું પડશે; ખેતીમાં કોઈ ખેડૂત સંશોધનનું કાર્ય ઉપાડી શકે તેમ નથી. સરકારે જ તે જવાબદારી લેવી પડે. કેટલીક વાર જામી ગયેલી ઈજારાશાહીને તોડવા અને લોકોની સુપ્ત શક્તિને જાગ્રત કરવા પણ સંશોધનની જવાબદારી સરકારે લેવી પડે છે.

બજેટનીતિ અને નાણાનીતિ પણ આ રીતના આયોજનનો મહત્ત્વનો ભાગ હોઈ શકે. સરકાર જુદી જુદી સામાજિક સેવાઓ માટે ખર્ચ કરીને અથવા જુદી જુદી રીતે કરવેરા ઉઘરાવીને આવકની વહેંચણી વધુ સમાનતાવાળી કરી શકે છે. તે નીતિ મારફતે ઉદ્યોગોને ઉત્તેજન આપવાનું અને ઉપભોગ પર અંકુશ મેળવવાનું કાર્ય પણ કરી શકાય છે. તદુપરાંત સ્થિરતાવાળી નાણાનીતિનો અમલ પણ સરકાર જ કરી શકે.

## અર્ધવિકસિત દેશોમાં

અર્ધવિકસિત દેશોમાં તો સરકારે ઘણી વધુ જવાબદારીઓ લેવી પડે છે. પ્રજાનાં સ્વાસ્થ્ય ને તન્દુરસ્તી જળવાઈ રહે તે માટે પ્રોટીનયુક્ત ખોરાક, મલેરિયા નાબૂદી માટે ડી.ડી.ટી., ફરતાં દવાખાનાં વગેરે સગવડો ખાસ ઊભી કરવાની જરૂર રહે છે. તેવી રીતે ૧૪ વર્ષ સુધી ફરજિયાત કેળવણી માટેની જવાબદારી ઉપાડવી પડે છે. ઔદ્યોગિક વિસ્તારોનો વિકાસ, ઉદ્યોગોને મદદરૂપ થાય તેવાં માહિતી કેન્દ્રો, સેવા આપતી સંસ્થાઓ (સર્વિસ ઈન્સ્ટિટ્યૂટ્સ) ને પ્રોટોટાઈપ ફૅક્ટરીઓ; ઔદ્યોગિક કાર્યક્ષમતા વધે તે માટે ઉત્તેજન આપવા માટેની મૉડેલ ફૅક્ટરીઓ વગેરે સવલતો વિકાસની હવા પેદા કરવા માટે સરકારે આપવી જરૂરી છે. ખેતીની પેદાશોના ભાવ ટકાવી રાખવા પુરવઠો (બફર સ્ટૉક) ઊભો કરવા માટેની નીતિ પણ સરકારે અપનાવવી પડે છે.

જેમને આપણે અર્ધવિકસિત દેશો કહીએ છીએ તેઓ પણ એક જ જાતના દેશો હોતા નથી. અર્ધ-વિકસિત દેશોની વચ્ચે પણ મહત્ત્વના તફાવતો હોય છે. તેમાંના ઘણા હજી પ્રાથમિક અર્થવ્યવસ્થામાંથી બહાર નીકળવાની શરૂઆત કરે છે, ત્યાં બજારતંત્રની માંડ શરૂઆત થઈ હોય છે. કેટલીક વાર આવા દેશો માત્ર બે કે ત્રણ ચીજોની નિકાસ પર આધાર રાખતા હોય છે. ત્યાંની ટેકનૉલોજીમાં કશોયે નક્કર ફેરફાર થયો હોતો નથી. કેટલાક દેશોમાં ખેતપેદાશોની ચીજોનું બજાર વિકસાવવામાં આવ્યું હોય છે, પરન્તુ એમની ખેતપેદાશની રીત હજુ બદલાઈ હોતી નથી અને બજારતંત્રનો ખેતવિભાગમાં પ્રવેશ થયેલો હોતો નથી. એના એ જ ખેડૂતો એમની અનાજની જરૂરિયાતો ઉપરાંત વેચાણ માટે રોકડિયો પાક પણ તૈયાર કરે છે — ફક્ત રોકડિયો પાક તૈયાર કરતા ખેડૂતનો વર્ગ હજુ તૈયાર થયો હોતો નથી; એને કારણે ખેતવિભાગમાં નાણાકીય વિનિમયનો વિકાસ થયો હોતો નથી. વળી, કેટલાક એવા પણ દેશો હોય છે કે જ્યાં ખાણોના વિકાસ દ્વારા અર્થતંત્રમાં આધુનીકરણની શરૂઆત થઈ હોય છે; પરંતુ આ ખાણોથી તેના અર્થતંત્રમાં મહત્ત્વનો ફેરફાર થયેલો હોતો નથી, પરિણામે બીજા વિભાગોમાં આધુનીકરણ થવા પામતું નથી. આવા તફાવતોને કારણે આયોજનની કક્ષા જુદી જુદી જોવા મળે છે.

ફૉર્મોસા દક્ષિણ કોરિયા, બ્રાઝિલ વગેરે દેશોએ બજારતંત્ર ઉપર આધાર રાખ્યો છે અને આયોજન ન છૂટકે દાખલ કર્યું છે; તે પણ વિકાસની હવા પેદા કરવા પૂરતું જ. આફ્રિકાના દેશોમાં આયોજન ખાસ કરીને અર્થતંત્ર પર સ્વદેશીઓની પકડ મેળવવા પૂરતું દાખલ કરેલું છે. ત્યાં પરદેશીઓના હાથમાં હોય તે

પારો લઈ લેવાનું તથા માર્કેટિંગ બોર્ડ્ઝ મારફતે ચીજોની નિકાસ કરવાનું વિચારવામાં આવે છે. દક્ષિણ અમેરિકામાં ચીલી જેવાએ વધુ જલદ આયોજન કર્યું છે. ખાણોનું — ખાસ કરીને તાંબાની ખાણોનું — રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે. વળતર આપ્યા સિવાય જમીન પણ લઈ લેવામાં આવી છે. ભારત, ઈજિપ્ત અને આર્જેન્ટિનામાં મિશ્ર અર્થતંત્રવાળું આયોજન છે. જ્યારે ઈરાન, પાકિસ્તાન, મલેશિયા, કેન્યા વગેરે દેશોમાં મૂડીવાદ તરફ ઢળતું મિશ્ર અર્થતંત્ર છે. લગભગ બધા જ દેશોમાં ઝડપી ઉદ્યોગીકરણની નીતિ છે. ફક્ત ફૉર્મોસા, ઈઝરાયલ, બ્રાઝિલ, ઈરાન વગેરેમાં ખેતીના વિકાસ ઉપર વધુ ભાર મુકાયો છે. ભારતે રશિયા અને ચીન કરતાં ખેતીને વધુ મહત્ત્વ આપ્યું છે; પરન્તુ ઈઝરાયલ, દક્ષિણ કોરિયા અને ફૉર્મોસાના જેટલું મહત્ત્વ આપ્યું નથી. આયોજન પંચ અને પંચવર્ષીય યોજનાઓ હવે લગભગ બધા જ અર્ધવિકસિત દેશોમાં સ્વીકારાઈ ગયાં છે. જાહેર અને ખાનગી વિભાગો દરેક દેશમાં અસ્તિત્વમાં આવ્યા છે. લગભગ દરેક દેશ પરદેશી મૂડી પર આધાર રાખે છે — ફક્ત તેલની નિકાસ કરનારા દેશોમાં પરદેશી મૂડીનું અનામત ભંડોળ છે. ઉદ્યોગોને સંરક્ષણ આપવાની અર્થનીતિ મુખ્યત્વે કરીને અપનાવવામાં આવી છે. એટલે કે, આયાત કોટા, આયાત દૂર કરનારા ઉદ્યોગોના વિકાસ માટે ઉત્તેજન, હૂંડિયામણનો ઊંચો દર વગેરે ભારતમાં અપનાવેલી રીતો દરેક દેશમાં અખત્યાર કરવામાં આવી છે. જોકે, ફૉર્મોસા, બ્રાઝિલ વગેરે દેશોએ જરા જુદી રીતો અખત્યાર કરી છે. તે દેશો બજારતંત્ર મારફતે આયાત પર અંકુશ મૂકે છે. ત્યાં પરદેશી હૂંડિયામણનો દર વારંવાર બદલવામાં આવે છે. દક્ષિણ અમેરિકાના દેશોએ બહુમુખી હૂંડિયામણના દરો અપનાવ્યા છે અને આયાત ઘટાડવા પર ભાર મૂકવાને બદલે નિકાસ વધારવા પર વધુ ભાર મૂક્યો છે. આફ્રિકાના કેટલાયે દેશોમાં હજુ આયોજન પંચનું કાર્ય (૧) એક કે બે ખેતપેદાશોના ભાવ સ્થિર કરવાનું, (૨) વપરાશી ચીજોના ઉદ્યોગો વિકસાવવાનું અને (૩) અર્થતંત્રમાં નાણાવ્યવહારનો વિકાસ થાય તે માટે વાહનવ્યવહારનો વિકાસ કરવા પૂરતું મર્યાદિત છે. ખાસ કરીને આફ્રિકાના બધા જ દેશોમાં પરદેશી વ્યાપાર સરકારને હસ્તક છે; અને જે ઉદ્યોગોમાં પરદેશી મૂડીનું રોકાણ કરેલું છે તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે. ટૂંકમાં, એમ જરૂરથી કહી શકાય કે વિકસતા દેશોમાં જાહેર વિભાગ વિકાસ પામ્યો છે. સામાજિક અને આર્થિક ઓવરહેડ્ઝ સરકારની જવાબદારીનાં કરવામાં આવે છે. તદુપરાંત, બૅન્કો અને વીમા કંપનીઓ પણ સરકારની માલિકીનાં કરવામાં આવે છે. આયાત-નિકાસનો વ્યાપાર પણ સરકારને હસ્તક લઈ લેવાની દરેક દેશમાં શરૂઆત થઈ ગઈ છે. ખેતી અને ઉદ્યોગને ઉત્તેજન આપવામાં આવે છે અને તેમાં 'ગાજર' તેમ જ 'દંડો' બંને બતાવવામાં આવે છે. . . . લાઈસન્સ, કોટા, ભાવનિયમન મારફતે અંકુશો પણ લાદવામાં આવે છે. સાથે સાથે લોનો, ઓછા વ્યાજે શાખ વગેરે રીતે નાણાકીય મદદ પણ કરવામાં આવે છે. ઔદ્યોગિક વસાહતો હવે દરેક દેશમાં શરૂ કરવામાં આવી છે. ખેતીના વિકાસ માટે જમીન-સુધારણા, બિયારણ, શિક્ષણ-પ્રસારણ, ખાતર, સિંચાઈ, શાખ વગેરેની સવલતો ઊભી કરવામાં આવી છે. વસ્તીવધારાને અંકુશમાં લેવાના યત્નો દરેક ઠેકાણે થાય છે. પરન્તુ તેનો અમલ દક્ષિણ અમેરિકા અને આફ્રિકામાં ખૂબ જ ધીમો છે. આ રીતે મૂડીવાદી દેશોમાં ૧૯૫૮ બાદ સરકારનું કાર્યક્ષેત્ર અને સત્તા ખાસ વધ્યાં છે. પરન્તુ મૂડીવાદની મૂળ રસમો — બજારતંત્ર, કિમ્મતો અને હરીફાઈ — નું વર્ચસ જરાસરખું પણ ઓછું થયું નથી.


# ૧૧ : મૂડીવાદ અને સમાજવાદમાં રૂપાન્તર

વીસમી સદીના બીજા તબક્કાનો મૂડીવાદ જુદાં જુદાં સ્વરૂપે વિકસ્યો છે. આ સ્વરૂપો આયોજનના પ્રકાર પર આધારિત છે. 'લિબરલ' ગણાતા મૂડીવાદી આયોજનનો જો એક પ્રકાર હોય, તો લોકશાહીયુક્ત સમાજવાદી આયોજનનો બીજો પ્રકાર છે. કેટલાંક આયોજનો આંશિક હોય છે, જ્યારે કેટલેક સ્થળે સમગ્ર અર્થતંત્રને આવરી લેતાં કેટલાંક પરિવર્તકોને સમાવી લેતું આયોજન હોય છે. જેમાં 'નિર્દેશક આયોજન'ને નામે ઓળખાતું આયોજન ખાનગી વિભાગને યોજના કરવાની સુગમતા કરી આપવા ખાતર, સરકારના ઈરાદાઓ અને ધારણા બતાવતું પણ આયોજન હોય છે. એટલે, પરિણામે, એક નહીં પરન્તુ ત્રણ-ચાર જાતનો મૂડીવાદ અસ્તિત્વમાં છે, એમ કહીએ તો ખોટું નથી; કારણ કે, આ દેશોમાં સરકારી અંકુશ અને જાહેર વિભાગ હોવા છતાંયે, હરીફાઈયુક્ત મુક્ત બજારતંત્ર અસ્તિત્વમાં છે; જાહેર વિભાગના ઉદ્યોગો પણ એમની કાચી ચીજો બજારમાંથી જ ખરીદે છે; ખાનગી વિભાગ સાથે હરીફાઈ કરીને જ કામને કામ પર લેવામાં આવે છે; સામાજિક અને આર્થિક ઓવરહેડ્ઝ પણ બજારતંત્રને મજબૂત કરવા માટે જ જાહેર વિભાગમાં રાખેલાં હોય છે; જ્યાં સમુચ્ચય આયોજન (મૅક્રો પ્લાનિંગ) હોય છે ત્યાં પણ લક્ષ્યાંકો ધારણાવાળા જ હોય છે અને જ્યાં લક્ષ્યાંકો ચોક્કસ સ્વરૂપના હોય છે, ત્યાંય તે રીતના રહી શકતા નથી. જ્યાં લોકશાહી છે ત્યાં લક્ષ્યાંકો ફક્ત ધારણાવાળા જ રહી શકે છે. આ બધા દેશોમાં રાજ્યસત્તા હસ્તકનું સીધી રીતનું ફરજિયાતપણું હોતું નથી. એટલે જ આ બધા દેશો મૂડીવાદી દેશો તરીકે ઓળખાયા છે.

## સમાજવાદમાં મૂડીવાદી તત્ત્વો

બીજા તબક્કામાં આવેલા મૂડીવાદને સમાજવાદી અર્થવ્યવસ્થાના અનુભવ પરથી પણ કેટલોક ટેકો મળ્યો છે. સમાજવાદી અર્થવ્યવસ્થામાં સમાનતા લાવવાની મુખ્ય ખ્વાહિશ હતી; પરન્તુ સમાજવાદી દેશોના અનુભવ-થી માલૂમ પડ્યું છે કે સમાનતા લાવવામાં અનેક મુશ્કેલીઓ પડે છે. રશિયાએ ૧૯૧૭થી ૧૯૨૧ની અર્થ-વ્યવસ્થામાં સમાનતા લાવવા માટેનો જબ્બર પ્રયત્ન કર્યો હતો અને તે વખતે બધા જ યત્નો નિષ્ફળ ગયા હતા. છેવટે ઉત્પાદનશક્તિને ધોરણે વેતન આપવાનું નક્કી કરવું પડ્યું હતું. ઉત્તેજન માટે અપાતાં લેનિન ચન્દ્રક કે સ્તાલિન એવૉર્ડ ખાસ કરીને કામયાબ થતા નથી. પગારોનાં અસમાન ધોરણો પણ માન્ય કરવાં પડ્યાં છે. ભૌતિક પ્રેરણા — પ્રોત્સાહન દ્વારા ઉત્તેજન આપવાની જુદી જુદી તરકીબો અજમાવવામાં આવે છે. નફાનો કેટલોક હિસ્સો વધુ કામ માટેના ઉત્તેજન રૂપે આપવામાં આવે છે. આથી આવકની અસમાનતા વધે છે.

જો જીવનધોરણના ઉપભોગની દૃષ્ટિએ અસમાનતા ચકાસવામાં આવે તો મૂડીવાદમાં કે સમાજવાદમાં ક્યાં વધુ અસમાનતા છે તે કહેવું મુશ્કેલ છે. અમેરિકામાં બીજી ભોગવિલાસની ચીજો કરતાં જીવનજરૂરિયાતની ચીજો ખૂબ જ સસ્તી મળે છે, તેવું રશિયામાં પણ નથી. જોકે રશિયામાં ગમે તે સંજોગોમાં લઘુતમ જીવન-ધોરણ દરેક વ્યક્તિને મળે જ તેવી ગોઠવણ કરી શકાઈ છે; ત્યારે, અમેરિકા સિવાયના બીજા મૂડીવાદી દેશોમાં હજુ સુધી એવી જોગવાઈ કરી શકાઈ નથી.



ખેત-ગુલામી(સર્ફડમ)ના અવશેષો વીસમી સદી સુધી હજુ રશિયામાં પણ મોજૂદ છે. રશિયન ઉમરાવ-વર્ગ (નોબિલિટી)નો ચિતાર આપતું દોરેનું જાણીતું ઠઠ્ઠાચિત્ર.

સમાજવાદી દેશોનેય અનુભવે સમજાયું છે કે, મજૂરો એકલાથી ઉત્પાદન એકમોનો વહીવટ થઈ શક તેમ નથી. કોઈ રીતનું વહીવટી તંત્ર રચવાની ખાસ જરૂર છે. રશિયામાં ૧૯૧૭થી ૧૯૨૧ દરમિયાન મજૂરો-ની સત્તા હતી તે હવે નહીંવત્ થઈ ગઈ છે. હવે મૅનેજરો વહીવટ કરે છે અને મૅનેજરોની નિમણૂક સરકાર કરે છે. જોકે, પેઢીના વહીવટની જવાબદારી સીધી રીતે તો મજૂરોની સમિતિને આપવામાં આવી હોય છે; પરન્તુ કોઈ પણ મજૂર બે વર્ષ કરતાં વધુ વખત સમિતિ પર કામ ન કરી શકે તેમ હોવાથી, અંતે, વ્યવહારમાં, મૅનેજરોને સારી એવી સત્તા પ્રાપ્ત થાય છે. યુગોસ્લાવિયામાં મજૂરોની મંડળીને વહીવટ સોંપવામાં આવ્યો છે. પરન્તુ તે વ્યવસ્થામાં મજૂરોને બાંધી પણ લેવામાં આવ્યા છે. એક તો પેઢીની કુલ આવકમાંથી કેન્દ્ર સરકાર અમુક રકમ જુદાં જુદાં બહાનાં તળે લઈ લે છે. તેમ કર્યા બાદ જે રકમ ફાજલ રહે તે રકમ મજૂરોને વહેંચી લેવામાંય જેમણે 'શિસ્તબદ્ધ' રીતે કામ ન કર્યું હોય તેમને જીવનનિર્વાહ માટે પૂરતું વેતન મેળવવાનુંય મુશ્કેલ થાય છે. ખાસ તો, જિલ્લા કક્ષાએ રચાયેલ સમિતિને મજૂરોને અંકુશમાં રાખવાની-સત્તા સારા પ્રમાણમાં આપેલી હોય છે; અને વેતન વગેરેના વધારા માટે મજૂર સંગઠનોનો ઉપયોગ કરવાની મનાઈ હોય છે. એટલે હડતાળો પાડવાના મૂળભૂત મનાતા હક પર ત્યાં અંકુશ મૂકેલો હોય છે!

સમાજવાદી દેશો શરૂ શરૂમાં નફાને તિલાંજલિ આપવાનાં પગલાં લેતા હતા પરન્તુ અનુભવે માલૂમ પડયું છે કે નફાના તત્ત્વને દાખલ કરવાની ખાસ જરૂર છે. ૧૯૬૦ પહેલાં રશિયામાં નફાને એક રીતનો હિસાબી તરીકો ગણવામાં આવતો હતો. પેઢીઓ એમનું ખર્ચ કાઢે છે કે નહીં તે ગણવા માટે 'નફો' ગણવાનું રાખ્યું હતું. એટલે કે ખર્ચ કાઢયા બાદ જે અધિશેષ રહે તેને નફા તરીકે ઓળખવામાં આવતી. એ નફો સરકારને સુપરત કરી દેવો પડતો હતો. પેઢીની ક્ષમતા જાણવા માટે અથવા તેની ઉત્પાદકતામાં વધારો કરવા

માટે નફા સિવાય બીજી કેટલીયે રીતો અખત્યાર કરવામાં આવતી હતી — બોનસ વગેરે આપવાનું પણ શરૂ કર્યું હતું. ઉત્પાદનનું કદ (વૉલ્યૂમ ઑફ આઉટપુટ), ઉત્પાદનનું મૂલ્ય (વૅલ્યૂ ઑફ આઉટપુટ), મૂલ્યનો વધારો (વૅલ્યૂ ઍડ્ઝ) અથવા ચોખ્ખું મૂલ્ય (નેટ વૅલ્યૂ) વગેરે પર આધાર રાખવામાં આવતો. પરન્તુ તે બધી રીતો કામયાબ થઈ શકી ન હતી; છેવટે લિબરમાન નામના રશિયન અર્થશાસ્ત્રીને લખવું પડયું હતું કે, કાર્ય કરવાનું ઉત્તેજન અને નફા વચ્ચે સીધી કડી જોડવાની જરૂર સામ્યવાદી દેશોને લાગી છે. પેઢીને ક્ષમતાપૂર્વક કામ કરતી કરવા માટે 'નફો' એ જરૂરી પ્રેરણાબળ જણાયું છે. નફાને આધારે ઉદ્યોગ-ઉદ્યોગ વચ્ચે તુલના કરવા માટેની પારાશીશી મળી છે. જોકે આ નફો કોઈ વ્યક્તિગત માલિકીનો થઈ જતો નથી, તે કરવેરા મારફતે અને મૂડીરોકાણ મારફતે સરકાર પાસે જાય છે. ઉત્પાદનમાં ઘટાડો કરીને વધુ નફો સમાજવાદમાં મેળવી શકાતો નથી; કારણ કે ચીજોની કિમ્મત તો સરકાર નક્કી કરે છે. ફક્ત તેના વડે કાં તો ઉત્પાદનમાં વધારો કે ઉત્પાદનની ગુણવત્તા સુધારવાનું કે બંને થાય છે. જોકે, નફાને આધારે ઉદ્યોગનો વિકાસ સમ્પૂર્ણ રીતે નક્કી થતા નથી — તેનો નિર્ણય કરતી વખતે નફો મદદરૂપ થાય છે એટલું જ.

સામ્યવાદી દેશોમાં મુક્ત બજારતંત્ર પણ વધુ ને વધુ દાખલ કરવામાં આવ્યું છે. હવે બજારતંત્ર અને આયોજન વચ્ચે કોઈ વિરોધાભાસ ગણવામાં આવતો નથી. ઊલટાનું બંને રીતો જરૂરી હોઈ બંને વચ્ચે યોગ્ય રીતનો સમન્વય થાય તે જરૂરી ગણવામાં આવે છે. વપરાશી ચીજોની માપબંધી તો સ્તાલિનના વખતથી રશિયામાંથી નીકળી ગઈ હતી — જોકે, કેટલીક ચીજોની માપબંધી અને ભાવનિયમન હજુ પણ ચાલુ છે; પરન્તુ મહદ અંશે વાપરનારાઓને રશિયામાં સ્વાતંત્ર્ય મળ્યું છે તથા પેઢીઓ કાર્યક્ષમ રીતે કામ કરે તે માટેય બજારતંત્રનો ઉપયોગ થાય છે. છાયા કિમ્મતો પણ ઇષ્ટતમ અર્થતંત્રને આધારે નક્કી થાય છે. મૂડી પર વ્યાજનો દર લેવાનું નક્કી કર્યું છે. મૂડીની કિમ્મત પણ મૂકવામાં આવે છે. અછતવાળાં કુદરતી સાધનોનું ભાડું પણ નક્કી કરવામાં આવે છે. એટલે છેવટે મુક્ત બજારતંત્ર અને હરીફાઇને સમાજવાદી આયોજનમાં સ્થાન આપવામાં આવ્યું છે. વી. એ. વોલ્કોન્સ્કી નામના રશિયન અર્થશાસ્ત્રીના મત મુજબ 'સમાજવાદ હેઠળ બજારતંત્ર અને આયોજનને પરસ્પરથી તદ્દન જુદા અને સ્વતઃ પર્યાપ્ત માનવાનું કોઈ વાજબી કારણ નથી.' ટૂંકમાં જેમ રાજકીય ક્ષેત્રે 'શાંતિમય સહઅસ્તિત્વ'ની નીતિ અપનાવી શકાઈ છે તેમ અર્થતંત્રમાં પણ બજારતંત્ર અને આયોજનના સહઅસ્તિત્વની નીતિ અપનાવી શકાઈ છે.

સમાજવાદી આયોજનની રીત સમુચ્ચય ધોરણના નિર્ણયો લેવા માટે જરૂરી છે, પરન્તુ એકમલક્ષી (માઇક્રો) ધોરણના નિર્ણયો લેવામાં તે નિષ્ફળ ગઈ છે. પસંદગી મુજબ ગોઠવણ કરવામાં જરૂરી માહિતી સમયસર મેળવવા માટે, ઝીણામાં ઝીણી વિગતો પ્રાપ્ત કરવા માટે, તે રીતે મેળવેલી વિગતો અને માહિતી અનુસાર ફેરફારો કરવા માટે કિમ્મત પર આધારિત રહેવું જરૂરી માલૂમ પડયું છે. બીજું, જ્યાં જ્યાં ચકાસણી કરવાની જરૂર હોય ત્યાં ત્યાં કિમ્મતોનું તંત્ર જરૂરી છે એમ લાગ્યું છે. જેમ કે, આયોજનના નિર્ણયો મુજબ કામ થાય છે કે નહીં અને જો થતું હોય તો તે મુજબ કાર્ય થાય તેવી ગોઠવણ કરવામાં કિમ્મતોની મદદ લેવી અનિવાર્ય છે. ત્રીજું, સામ્યવાદી દેશોને સમજાયું છે કે હરીફાઈથી એક જાતની શિસ્ત પેદા થાય છે. ઉત્પાદક સજાગ રહે છે. એને હમેશાં તત્પર રહેવું પડે છે. સાધનોનો દુર્વ્યય થતો અટકે છે. આમ, હરીફાઈનું તત્ત્વ મહત્ત્વનું પરિબળ છે. (રશિયન અર્થશાસ્ત્રી પ્રો. લાન્ગને આ સત્ય પ્રથમ જણાયેલું. ત્યાર બાદ ઓટા સિક અને ઈ. ડી. કાગ્નોવ જેવા અર્થશાસ્ત્રીઓએ પણ એ વાતને સમર્થન આપ્યું હતું.)

જોકે, મૂડીવાદની સરખામણીમાં રશિયાએ બજારતંત્ર પર એક મોટી મર્યાદા મૂકેલી હતી. મૂડીવાદમાં ઉત્પાદન, ઉપભોગ, વહેંચણી વગેરેને આપોઆપ રીતે સંકલિત કરવામાં આવ્યાં હતાં. સમાજવાદમાં બજારતંત્રથી આ ત્રણે બાબતો સંકલિત થતી નથી. તે અલગ અલગ રીતે કામ કરે છે. સમાજવાદમાં આ વિભાગોને કે કાર્યોને એકસૂત્રે સંકલિત કરવાનું કાર્ય તો કેન્દ્ર સરકાર કરે છે. દા. ત., સામાજિક તુષ્ટિગુણને — એટલે કે સમાજની દૃષ્ટિએ ઉપયોગિતાને — સમાજવાદમાં મહત્ત્વ મળે છે. આથી સમાજને જરૂરી ગણાતી વપરાશી ચીજો અંગે કેન્દ્ર સરકાર પ્રથમથી જ નિર્ણયો લઈ લે છે. લાઇબ્રેરી, રસ્તા, રેલવે, દીવાદાંડી, સંશોધન, બગીચા,

ભજણી, કેળવણી અને સ્વાસ્થ્ય માટેની સવલતો વગેરે માટે કેન્દ્ર સરકારનો નિર્ણય આખરી હોય છે. કિમ્મતનું ત્ર તે ચીજોના ઉત્પાદન માટે નિર્ણય કરવા ઉપયોગી નથી. વાપરનારાઓની અસર વપરાશી ચીજોની માગ પર અને કિમ્મત પર જરૂરથી પડે છે, પરંતુ ઉત્પાદન અને વપરાશને એ કિમ્મતો મારફતે જોડવામાં આવતાં નથી.

બીજી બાજુ સામ્યવાદી અર્થવ્યવસ્થામા ત્રણ બાબતોમાં બજારતંત્ર સારી રીતે કામ કરતું થઈ ગયું છે: (૧) વપરાશી ચીજોની વહેંચણીમાં; (૨) નાણાકીય બજારમાં કે જ્યાં વ્યાજ, ઘસારા ફંડ, કરવેરા વગેરે સારા પ્રમાણમાં દાખલ કરવામાં આવ્યા છે; અને (૩) પરદેશી વેપારના બજારમાં — કારણ કે સામ્યવાદી દેશો હવે છૂટથી વેપાર કરે છે અને તેને કારણે, મૂડીવાદી દેશોની ચીજો ખરીદતી વખતે અને પોતાની ચીજો વેચતી વખતે કિમ્મતો સાથે સંબંધ રાખ્યા સિવાય છૂટકો થતો નથી.

અગાઉ સામ્યવાદી દેશોમાં ચોક્કસ સ્વરૂપના ભૌતિક લક્ષ્યાંકો જ નક્કી થતા હતા, હવે તેમાં ફેરફાર થયા છે. નાણાકીય લક્ષ્યાંકોની જરૂર ઊભી થઈ છે (નાણાં વિનાનું અર્થતંત્ર હોઈ શકે નહીં, તેની પ્રતીતિ તો રશિયાને ૧૯૧૭થી ૧૯૨૧ના અનુભવથી થઈ ગઈ હતી.) નાણું હવે અનિવાર્ય ગણાય છે. બૅન્કોને વધુ સત્તા આપવામાં આવી છે. સોનાના ધોરણને કદાચ સામ્યવાદી દેશો વધુ વળગી રહે છે. આ દેશોમાં ભૌતિક લક્ષ્યાંકોની સંખ્યા ઘટવા માંડી છે અને નાણાકીય લક્ષ્યાંકોની સંખ્યા વધવા માંડી છે.

ખાનગી માલિકીનીય જરૂર હવે સમાજવાદી દેશોને લાગી છે. ચીનમાં કૉમ્યૂનનો પ્રયોગ નિષ્ફળ ગયો, એટલે ખેતીમાં ખાનગી માલિકી માટેનો અવકાશ વધ્યો છે. રશિયામાં ૩ ટકા ખેડાણ લાયક જમીન ખાનગી માલિકીની છે. યુગોસ્લાવિયામાં જમીનની માલિકી મહદંશે ખેડૂતોની છે. રહેવાનાં મકાનો અને ઘરવખરી તથા નાના ગૃહઉદ્યોગો પણ ખાનગી માલિકીનાં ગણવામાં આવે છે.

કેન્દ્રની સત્તા બાબતે પણ સામ્યવાદી દેશોમાં વિકેન્દ્રીકરણનો પ્રવાહ શરૂ થયો છે. યુગોસ્લાવિયાએ આ બાબતમાં ૧૯૫૨માં પહેલ કરી; ત્યાર બાદ હંગેરીએ શરૂઆત કરી; અને હવે રશિયામાં પણ તેની શરૂઆત થઈ ગઈ છે. વધુ ને વધુ સત્તા પ્રાદેશિક એકમોને આપવામાં આવે છે; અને પેઢીઓને વધુ ને વધુ સ્વાતંત્ર્ય આપવામાં આવે છે. સાધનોની ફાળવણીમાં પણ, મૂડીવાદમાં સાધન ઉત્પાદનનાં ટેબલો, મૂડી-ઉત્પાદનનું પ્રમાણ અને અર્થતંત્રના મૉડેલોનો ઉપયોગ થાય છે, તે જ રીતે સામ્યવાદમાં ઈષ્ટતમ યોજના, છાયા કિમ્મતો, ઉત્પાદનનાં ટેબલો અને સમીકરણો તથા સૂચના-નિયમોનો ઉપયોગ હવે વધુ ને વધુ થઈ રહ્યો છે.

## મૂડીવાદમાં સમાજવાદી તત્ત્વો

### અને છતાં —

બીજી તરફ આપણે જોઈ શકીએ છીએ કે મૂડીવાદી દેશો પણ સમાજવાદ તરફ ઢળવા માંડ્યા છે. મૂડીવાદી દેશોમાં માલિકીહક પર અંકુશ મૂકવામાં આવે છે. મૂળભૂત હકોમાં ખાનગી મિલકતના હકને નહીં ગણવા માટેનો જાહેર મત તૈયાર થઈ રહ્યો છે. કેટલાંક ક્ષેત્રોમાં ખાનગી મૂડી ઊભી કરવા દેવામાં આવતી નથી, મૂડી પર ભારે કરવેરા નાખવામાં આવે છે; મૂડી પર ટોચમર્યાદા પણ મૂકવાની તૈયારીઓ કરવામાં આવી છે.

આમ, એક બાજુ સમાજવાદમાં શૂન્ય મૂડી પરથી અમુક પ્રમાણ સુધી મૂડી રાખવાની છૂટ મળે છે, બીજી તરફ મૂડીવાદમાં મૂડી ધરાવવાના અમર્યાદિત હક પરથી મર્યાદિત હક તરફ પ્રયાણ કરવામાં આવે છે.

મૂડીવાદી દેશો સમાનતાની ભાવના અંગે પણ સમ્પૂર્ણ આંખમીંચામણાં કરી શકતા નથી. પશ્ચિમ જર્મની જેવો દેશ ભલે આયોજન કે સમાજવાદમાં ન માનતો હોય, પરન્તુ તેણે પણ પેન્શનના ફંડ રૂપે મોટી રકમ પૈસાદારો પાસેથી લઈને ગરીબો માટે ફાજલ પાડવી પડે છે. સામાજિક સલામતીનાં પગલાં પણ હવે દરેક મૂડીવાદી દેશમાં લેવાતાં થયા છે. કરવેરાનું ધોરણ પણ સમાનતાલક્ષી કરવું જ પડે છે.

ટૂંકમાં, મૂડીવાદી દેશો આયોજન દાખલ કરીને વધુ સમાનતા મેળવે છે, સમાજવાદી દેશો વધુ બજારતંત્ર દાખલ કરીને અસમાનતા દૂર કરવા યત્ન કરે છે.

મૂડીવાદી દેશોને હવે લાગ્યું છે કે, મોટા કદનું ઉત્પાદન કંપની કે કૉર્પોરેશન (જંગી પેઢી) રચીને જ કરી શકાય. તેમ કરતી વખતે સરકારી નિયંત્રણો જરૂરથી આવે છે. તેમાં હવે શેરહોલ્ડરો કે માલિકો ફક્ત ભાડું ખાનારા થઈ ગયા છે. માલિકી અને મૅનેજમેન્ટને બહુ સંબંધ રહ્યો નથી. બીજું, સંચાલનતંત્ર પણ મૅનેજમેન્ટથી અલગ થવા માંડ્યું છે. ટેકનિકલ પ્રગતિ એટલી બધી થઈ છે કે જેથી સંચાલન અંગે કેટલાક મહત્ત્વના નિર્ણયો ટેકનિશિયનો પર છોડવા'ની જરૂર જણાઈ છે. એક રીતે કહીએ તો આર્થિક નોકરશાહી ઊભી થતાં જંગી પેઢી (કૉર્પોરેશન) હોય કે સરકાર હોય, સર્વત્ર એક જ જાતની પ્રથા ઊભી થઈ છે. આવક અને મૂડીસંચય પરના કરવેરાને પરિણામે, માલિકીના જ જોરે મૅનેજમેન્ટ પર કાબૂ રહી શકે તેમ હવે રહ્યું નથી. તેવી રીતે શ્રમિકોને વહીવટમાં ભાગ આપ્યા સિવાય ઉત્પાદન ટકાવી શકાય તેમ પણ રહ્યું નથી. ફ્રાન્સ અને બ્રિટનમાં વિકાસ માટેના અમુક નિર્ણયો સરકાર, ઉદ્યોગોના માલિકો અને મજૂરો એ ત્રણ વર્ગો મળીને કરે છે.

મૂડીવાદી દેશામાં નફો પણ હવે અગાઉ જેવો ભાગ ભજવી શકતો નથી. નફા પર કરવેરા નાખવામાં આવે છે. કંપનીઓ પર ડિવિડન્ડ-અંકુશ પણ મૂકવામાં આવે છે. હવે નફાનું ધોરણ જ મૂડીરોકાણની રકમ (પ્રમાણ) નક્કી કરતું નથી. ઈજારાશાહી ઉદ્યોગો પણ જાહેર મતની બીકે બેફામ નફો મેળવતાં આંચકો અનુભવે છે. કંપનીઓના વહીવટમાં પણ નફા ઉપરાંત વધુ રોકડ ઊભી કરવાનું, વધુ સલામતી મેળવવાનું વગેરે ધ્યેયો આગળ આવી રહ્યાં છે. તેને કારણે પેઢીની ભાવનીતિ કે રોકાણનીતિ નફાને આધારે નક્કી થતી નથી. કૉર્પોરેશન(જંગી પેઢી)ના વહીવટમાં માલિક અને નિર્ણય લેનાર વ્યક્તિ અલગ હોવાથી નફો અંતિમ ભાગ ભજવતો નથી. નિર્ણયો લેનારનું હિત કદાચ સૌથી વધુ વેચાણ કરવામાં હોય છે.

મૂડીવાદી દેશો બજારતંત્ર પર વધુ ને વધુ અંકુશો મૂકવા માંડ્યા છે. ઈજારાશાહી ઉદ્યોગોમાં રાજ્યની માલિકી દાખલ કરેલ છે; અથવા રાજ્યને ભાવ, નફો અને મૂડીરોકાણ વગેરે બાબતો પર અંકુશ મૂકવાનો હક આપેલ છે. બજારતંત્રનાં મહત્ત્વનાં પાસાં — વહેંચણી, ઉત્પાદન અને વપરાશ પણ હવે આપોઆપ રીતે સંકલિત થયેલાં હોતાં નથી. અર્થતંત્રમાં સરકારી જાહેર વિભાગ હોવાથી વપરાશ અને ઉત્પાદનને અલગ કરી શકાયાં છે. કરવેરા મારફતે સાધનોની ફાળવણી અલગ રીતની કરી શકાઈ છે. વાપરનારાઓ પર જાહેર ખબર વગેરેની અસરથી માગ બદલી શકાઇ છે. ઉત્પાદનનાં કેટલાંક ક્ષેત્રોને ઈજારાશાહીમાં મૂકીને હરીફાઈ ઘટાડી શકાઈ છે. હરીફાઈ પણ પૂર્ણ રીતની હોતી નથી. કામના કલાકો તથા કામની સ્થિતિ ઉપર અનેક પ્રકારના અંકુશો મૂકેલા હોય છે એટલે ફુરસદ અને કામ વચ્ચે મુક્ત પસંદગી હોતી નથી. ઉદ્યોગોને સંરક્ષણ આપીને દેશનું અર્થતંત્ર પરદેશથી અલગ પાડી શકાયું છે. વળી, શહેરી મિલકતની ટોચમર્યાદા, એક રૂપિયા પર ૯૦ પૈસા જેટલો કર, આયાતના કોટા, શહેરોમાં મકાનભાડા પર નિયમન વગેરે દાખલ કરીને બજારતંત્રને અંકુશમાં લેવામાં આવ્યું હોય છે.

મૂડીવાદી દેશો શરૂશરૂમાં સોનાનું ચલણ રાખતા, હૂંડિયામણના નિયત દર હતા, મુક્ત વ્યાપારની નીતિ પણ રાખતા. હવે તેઓએ જ સોનાનું ચલણ છોડી દીધું છે. 'મૅનેજડ કરન્સી' દાખલ થઈ છે. નોટોનું જ ચલણ થઈ ગયું છે. નાણાંની સંસ્થાઓ, વીમા કંપનીઓ વગેરે સરકારી અંકુશમાં છે. તેની નીતિ પણ સરકાર ઘડે છે. હૂંડિયામણના દર પર પણ અંકુશ દાખલ કરેલા છે. આયાતના પરવાના, કોટા વગેરે પણ દાખલ કરેલ છે.

મૂડીવાદી દેશોમાં ખેતીના ભાવ બાંધવામાં આવે છે. લઘુતમ વેતનની નીતિ અનુસરવામાં આવે છે. આવકની નીતિ પણ અપનાવવામાં આવે છે.

આ બધાં છતાં, મૂડીવાદ અને સમાજવાદ વચ્ચેના તફાવતો જણાઈ આવે તેવા રહ્યા છે. સામ્યવાદ હસ્તકના સમાજવાદી દેશોમાં જાહેર વિભાગ ખૂબ જ મોટો છે. લગભગ બધા જ ઉદ્યોગો જાહેર વિભાગમાં હોય છે, જ્યારે મૂડીવાદી દેશોમાં તેમ હોતું નથી. તેવી રીતે, મૂડીવાદી દેશોમાં ઉત્પાદક એકમોને સારી એવી મુક્તિ હોય છે. સમાજવાદી દેશોમાં પેઢીઓને હજી મર્યાદિત સ્વાતંત્ર્ય મળેલ છે. તેઓને ઉત્પાદનના

લ્યાંકો હાંસલ કરવાના હોય છે અને એમની કાચી ચીજો અને શ્રમના વેતનના દર પર એમનો અંકુશ હોતો નથી. કેન્દ્રસત્તા હજુ પણ વિગતવાર અંકુશો મૂકે છે. ત્યારે મૂડીવાદી દેશોમાં કેન્દ્રનો અંકુશ વધ્યો છે, પરન્તુ એમને બજારતંત્રની મર્યાદામાં રહીને કામ કરવાનું હોય છે. સમાજવાદી દેશોમાં, ખાસ કરીને યુગોસ્લાવિયામાં ઔદ્યોગિક લોકશાહી મહદંશે આવી છે, જ્યારે મૂડીવાદી દેશોમાં તો તેનાં પગરણ જ થયાં છે. મૂડીરોકાણ અને બચત અંગે પણ બંને પ્રકારના દેશોમાં પ્રક્રિયા જુદી જુદી થાય છે. વાપરનારાની સર્વોપરીતા મૂડીવાદી દેશોમાં છે તેવી અને તેટલી સમાજવાદી દેશોમાં નથી. સમાજવાદી દેશોમાં વાપરનારા ઉત્પાદન પર અસર પાડી શકતા નથી.

ખૂબી તો એ છે કે, સમાજવાદી દેશોને લાગે છે કે, શા માટે મૅનેજરોને વધુ સત્તા ન આપવી? શા માટે હજુ પણ વધુ હરીફાઈ દાખલ કરવામાં ન આવે? શા માટે બજારતંત્રનો હજુ વધુ ને વધુ ઉપયોગ ન કરવામાં આવે? શા માટે વાપરનારાની સર્વોપરીતામાં વધારો કરવામાં ન આવે? શા માટે વધુ ને વધુ વિકેન્દ્રીકરણ ન કરવું?

મૂડીવાદી દેશોને લાગે છે કે, ખાનગી વિભાગને હજુ પણ વધુ મર્યાદિત કેમ ન બનાવવો? જાહેર વિભાગનો વહીવટ સરકારની સીધી દેખરેખ તળે કેવી રીતે લેવો? કાર્યક્ષમતાને અને વિકાસના દરને આંચ આવવા દીધા સિવાય આવકની સમાનતા કેવી રીતે વધારવી? નફાના ધોરણને કેવી રીતે મર્યાદામાં રાખવું? ફુગાવાને કેવી રીતે અંકુશમાં રાખવો? અને મજૂરોનો ઉત્પાદકતા વધાર્યા સિવાયનો વેતનવધારો કેવી રીતે રોકવો?

આમ, સામ્ય અને વિસંવાદિતાનાં પરિબળો બંને અર્થવ્યવસ્થામાં રહ્યાં છે. આયોજન આવ્યા છતાંયે મૂડીવાદી દેશો વધુ મજબૂત થયા છે. બીજી બાજુ બજારતંત્ર દાખલ કર્યા છતાંયે સમાજવાદી દેશો વધુ સમૃદ્ધ થયા છે.

ટૂંકમાં, વીસમી સદીના આધુનિક મૂડીવાદમાં સરકારી અંકુશ વધ્યો છે. આયોજન દાખલ થયું છે, જાહેર વિભાગ વધ્યો છે, બજારતંત્ર પર અંકુશો આવ્યા છે, ખાનગી મિલકત પર મર્યાદા વધી છે. કેન્દ્ર સરકાર હવે વધુ આર્થિક નિર્ણયો લે છે, છતાંય વિકાસનો દર વધ્યો છે, આર્થિક સ્થિરતા ટકી રહી છે, સામાજિક સલામતી વધી છે, વ્યક્તિસ્વાતંત્ર્ય વધ્યું છે અને નીચલા વર્ગનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. વળી, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને સરકારો પેઢીઓ અને લોકોને ખૂબ જ આર્થિક માહિતી પૂરી પાડે છે તેને કારણે પેઢીઓ પોતાનું આયોજન સારી રીતે કરી શકે છે. પૂર્ણ રોજગારીની નીતિથી વ્યય થતો અટકાવવામાં આવ્યો છે, અને સ્થિરતાની નીતિથી તેજીમન્દીના મોજાંને કારણે જે વ્યય થતો તે અટકી ગયો છે. સરકારે સાધનોની હેરફેર પણ વધુ છૂટછાટવાળી કરી છે. સમતોલ આર્થિક વિકાસ થાય તે માટે પગલાં લીધેલાં હોવાથી આર્થિક વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. ખાસ કરીને વિકાસની હવા પેદા કરવા માટેનાં સરકારનાં પગલાંથી વિકાસ, સામાજિક ન્યાય અને સ્થિરતામાં સારો એવો વધારો થયો છે. મુક્તિ માટેની વ્યક્તિની માગ હજી પણ જીવન્ત છે.

ખૂબી તો એ છે કે આ બધું તેણે હરીફાઈના તત્ત્વને કેન્દ્રમાં રાખીને કર્યું છે. એટલું જ નહીં હરીફાઈના તત્ત્વ ઉપર તેણે વધુ ને વધુ આધાર રાખવાની નીતિ અખત્યાર કરી છે. દા. ત., જપાનમાં 'ઓલિગોપોલી' હોય તો તેમાં હરીફાઈ દાખલ કરી છે; પશ્ચિમ જર્મનીએ હરીફાઈ વધારવા કમિશન નીમ્યું છે. યુરોપના દેશોએ 'કૉમન માર્કેટ' રચીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હરીફાઈ વધારવા માંડી છે.

વીસમી સદીના મૂડીવાદના આ નવા સ્વાંગની જગ્યાએ, બજારતંત્રવાળો યુગોસ્લાવિયાનો સમાજવાદ કે રશિયાનો સમાજવાદ ઉચ્ચ કક્ષાની વ્યવસ્થા તરીકે પુરવાર થયો નથી. એટલે મૂડીવાદના વિકલ્પે શું?—એ પ્રશ્ન હજુ પણ રહ્યો છે.

# ૧૨ : ભાવિના ભીતરમાં

મૂડીવાદના ભવિષ્ય તરફ દૃષ્ટિ કરીએ તો તે અંગે બે પ્રશ્નો ખાસ ધ્યાન દોરે તેવા છે: (૧) શું માર્ક્સના મત મુજબ એનો નાશ અનિવાર્ય છે? અને જો એનો નાશ થાય તો સમાજવાદનું આગમન શું એટલું જ ચોક્કસ છે? (૨) જો તેનો નાશ નજીકનાં સોથી દોઢસો વર્ષ સુધીમાં ન થાય તો? તો, તેના સ્વરૂપ અને ઢાંચામાં કાંઈ મહત્ત્વનો ફેરફાર થશે ખરો?

અત્યાર સુધીની આપણી ચર્ચા પરથી આપણે જરૂર કહી શકીશું કે, માર્ક્સ સાચો પડ્યો નથી. એના કહેવા મુજબ —

(૧) મૂડીવાદનો નાશ થયો નથી; સામ્યવાદ કે સમાજવાદી રચના મૂડીવાદનો પૂર્ણ વિકાસ થાય તે પછીના તબક્કા તરીકે દુનિયામાં આવી નથી. પૂર્વ યુરોપના દેશોમાં કે ચીનમાં સમાજવાદ કંઈ મૂડીવાદના પૂર્ણ વિકાસ પછી આવ્યો નથી. ઊલટાનું જ્યાં ફાસિસ્ટ પરિબળો આવ્યાં હતાં ત્યાં પણ મૂડીવાદ ફરીથી આવ્યો છે (પશ્ચિમ જર્મની). બીજું, એ પણ આપણે જોઈ શકયા કે, સમાજવાદ જ્યાં આવ્યો છે ત્યાં તેનો અનુભવ મૂડીવાદ કરતાં કોઈ રીતે ચડિયાતો થયો નથી. વિકાસના દરની દૃષ્ટિએ, સાધનોના ઈષ્ટતમ ઉપયોગની દૃષ્ટિએ, નીચલા વર્ગના જીવનધોરણને ઊંચું લાવવાની દૃષ્ટિએ અને સંશોધન અને વિજ્ઞાનની પ્રગતિ કરવાની દૃષ્ટિએ, જપાન, જર્મની કે અમેરિકા કરતાં રશિયાએ કોઈ રીતે ચડિયાતી વ્યવસ્થા પુરવાર કરી નથી. સમાનતા, સ્થિરતા, વ્યક્તિસ્વાતંત્ર્ય વગેરે દૃષ્ટિએ પણ સમાજવાદી રચના વધુ સારી પુરવાર થઈ નથી. એટલે, મૂડીવાદનો નાશ થશે અને સમાજવાદ આવશે તથા સમાજવાદી પદ્ધતિ મૂડીવાદથી ચડિયાતી જ હશે, એવી માર્ક્સની ભવિષ્યવાણી ખોટી ઠરી છે.

મૂડીવાદની પ્રક્રિયાને કારણે જે પ્રશ્નો ઊભા થશે તેમ માર્ક્સ માનતો હતો, તે પણ હવે રહ્યા નથી. માર્ક્સ ઉપરાઉપરી મોટી મન્દી આવવાનું માનતો હતો. વિકસિત મૂડીવાદમાં મન્દીની વાત હવે ગૌણ બની ગઈ છે. મુખ્ય તો ફુગાવો વધવાનો ભય ઊભો થયો છે. અને જો ફુગાવો સતત ચાલુ રહે તો અર્થતન્ત્રને હાનિ પહોંચાડે તેમ હોવાથી, આવકની નીતિ વગેરે અપનાવવી પડે છે. એટલે મન્દીને બદલે તેજી એ પ્રશ્ન રહે છે. તેવી રીતે બેકારી પણ હવે મુખ્ય પ્રશ્ન રહ્યો નથી. ઊલટાનું, બેકારીનું પ્રમાણ સામાન્ય ધોરણ કરતાં નીચે આવે ત્યારે જે મુશ્કેલીઓ થાય તે તરફ મૂડીવાદનું ધ્યાન ગયું છે. પૂર્ણ રોજગારીની સ્થિતિમાં નોકરીની પરવા લોકો કરતા નથી. નોકરી સહેલાઈથી મળતી હોવાથી, વેતન વધારવા માટે તેઓ તકરાર કરી શકે છે. શ્રમની હેરફેર પણ મુશ્કેલ થઇ જાય છે. ઊલટું વેતનનો વધારો થઈને 'કૉસ્ટપુશ' ફુગાવો ન થાય તે માટે મૂડીવાદી દેશો ચિંતિત છે.

(૨) શ્રમિકોનું જીવનધોરણ ઊંચુ નહીં આવે, અને એમનું શોષણ મૂડીવાદીઓ કર્યા જ કરશે, એવી માર્ક્સની વાત પણ સાચી પડી નથી. ઊલટાનું ૧૯૫૦થી ૧૯૭૦ વચ્ચે વિકસિત દેશોના મજૂરોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે; તેઓ સુખી થયા છે અને એને કારણે કેટલીક વાર વધુ ફુરસદ ભોગવે છે. ટેલિવિઝન, રેડિયો, મોટર, રેફ્રિજરેટર, ઍરકન્ડિશનર વગેરેની સવલતો ત્યાંના સામાન્ય માણસને પણ ઉપલબ્ધ થઈ છે.

શાહી', 'ભાગીદારીવાળી લોકશાહી' વગેરે માગ વધી રહી છે. ચીલીમાં પ્રે. એલેન્ડેને ૧૯૭૦–૭૧માં સત્તા મૂકવામાં આવે છે. બે વર્ષમાં તો તેનું ખૂન કરવામાં આવે છે. કદીયે કોઈને ન મળી હોય એવી જંગી મતીથી પ્રે. નિકસન સત્તા પર આવે છે અને ફક્ત બે જ વર્ષમાં તે થૂ-થૂ થઈને રાજીનામું આપે છે. ગ્લેંડમાં પક્ષો વચ્ચે વારંવાર સત્તા બદલાય છે. રાજકારણ પણ જલદીથી બદલાય છે. અને તે બહુ અસ્થિર યું છે. લોકશાહીથી સંતોષ નથી અને સરમુખત્યારી ખપતી નથી. લોકો કોઈ નવી જ જાતની રાજ્ય-વ્યવસ્થાની ખોજમાં છે.

ખાસ કરીને ૧૯૫૦થી ૧૯૭૦ વચ્ચેના વીસમી સદીના બીજા તબક્કાના મૂડીવાદે તો પુરવાર કર્યું છે કે, મૂડીવાદને મૂડી સાથે લેવાદેવા નથી: મૂડી માટે બચતની જરૂર હોવાથી મૂડીવાદ જરૂરી છે તે પણ સાચું નથી; અથવા મૂડીવાદ વાપરનારાઓની સર્વોપરીતા માટે જરૂરી છે એમ પણ કહી શકાય તેમ નથી. એનાથી શ્રમિકો પર કાબૂ મેળવી શકાય છે તે સાચું નથી; પરંતુ જો તે પદ્ધતિ બરાબર કામ કરે તો આધુનિક મૂડીવાદમાં કોઈ એક વર્ગ કે જૂથનું વર્ચસ સ્થાપી શકાતું નથી. ઊલટાનું એકબીજા પર અંકુશો મૂકનારી પદ્ધતિ અસ્તિત્વમાં આવે છે. જો મૂડીવાદી આદર્શવાદીઓ સાથે વ્યવહારુ માણસો ભળે અને અર્થનીતિ ઘડે તો રાજકીય સ્વાતંત્ર્ય અને સામાજિક શાન્તિ મેળવી શકાય છે. સાથે સાથે આર્થિક પ્રગતિ પણ થઈ શકે છે.

અને છેલ્લે, પ્રગતિ માટે વ્યક્તિસ્વાતંત્ર્ય ખાસ જરૂરી છે. કુદરતે દરેક વ્યક્તિને સાધનો આપેલાં છે. શક્તિ પણ બક્ષેલી છે. તેનો મહત્તમ ઉપયોગ તે ત્યારે જ કરે કે જ્યારે તે મુક્તિના વાતાવરણમાં કામ કરતો હોય અને તે માટે, એની રજા સિવાય એના પર આધિપત્ય ન કરે તેવું રાજ્ય હોવું જરૂરી છે. અમુક કુદરતી શક્તિ, સમજ કોઈ પણ માણસ પાસે હોય છે. બીજી વ્યક્તિઓના સ્વાતંત્ર્યની જાળવણી કરીને, જો દરેક વ્યક્તિને મહત્તમ સ્વાતંત્ર્ય આપવામાં આવે તો તેની એ શક્તિઓ પૂર્ણકક્ષાએ ખીલે છે. અને તેનો લાભ એ વ્યક્તિ ઉપરાંત સમાજની અન્ય વ્યક્તિઓને પણ મળે છે. સુંદર સંગીત આપનાર તો કદાચ હૃદયમાં વેદના અનુભવતો હશે, પરન્તુ તેનો આનન્દ સંગીત સાંભળનારાનેય મળે છે. એટલે વ્યક્તિના હિત ઉપરાંત સ્વાતંત્ર્ય જરૂરી છે. અને આપણે જોઈ ગયા તેમ મર્યાદિત મુક્ત બજારતંત્ર સિવાય વ્યક્તિસ્વાતંત્ર્ય ટકી શકે નહીં; કારણ કે તેમાં વિકલ્પો પૂરતા મળી રહે છે અને વ્યક્તિ એની મરજિયાત પસંદગી કરી શકે છે. મર્યાદિત મુક્ત બજારતંત્ર અને વ્યક્તિસ્વાતંત્ર્ય એ બંને જ્યાં સુધી શ્રમવિભાજન રહેશે ત્યાં સુધી રહેવાનાં. ફક્ત એ પરિસ્થિતિ ઊભી કરવા માટેની રીતો વિશે ફેરફારો થાય — થવા જોઈએ. આ ફેરફારોને 'મૂડીવાદનો નવો સ્વાંગ' કહેવો કે નહીં તે તો ભવિષ્યમાં જ્યારે તે આવે ત્યારે વાત! અત્યારે તો હજી નજીકના ભવિષ્યમાં તે રહેશે અને તેનું સ્વરૂપ કદાચ અહીંતહીં બદલાય તેમ માનીને આપણે વિરમીશું. જોકે, સમાજ અને અર્થતંત્રનો ચહેરો એટલી જલદીથી બદલાઈ રહ્યો છે કે, ભાવિનું દર્શન કરવાનું કામ ખૂબ જ કપરું છે.

ગાંધીવિચારનાં મૂળતત્ત્વો: સર્વોદય, શોષણવિહીન સમાજ, ઉપભોગ પર મર્યાદા અને ઉત્પાદનમાંથી આનંદનો ખ્યાલ રાખીએ તો, લાખોની સંખ્યામાં ઊંઘની ગોળીઓ લેવી પડે તેવી અમેરિકા જેવી દશા ન થાય; અને હજારો માણસોને કૉન્સન્ટ્રેશન કૅમ્પ — શ્રમછાવણીમાં જવાની બીક સાથેની ગુલામીવાળા રશિયા જેવી સ્થિતિમાં સબડવાનુંય ન થાય.

યુગબળ કે યુગપડકાર



# ખંડ ૩: સમાજવાદ

# ૧૩ : ઐતિહાસિક પાર્શ્વભૂમિકા

આજે બહુ થોડા રાજકીય પક્ષો એવા હશે કે જે પોતાના પક્ષને એક યા બીજા પ્રકારના સમાજવાદી પક્ષ તરીકે ઓળખાવવાનો પ્રયત્ન ન કરતા હોય. પોતાનો પક્ષ જ સાચા સમાજવાદને વરેલો છે એવો દાવો દરેક કૉમ્યુનિસ્ટ (સામ્યવાદી) પક્ષ પણ કરતો હોય છે. તેમ, કૉમ્યુનિસ્ટ-વિરોધી ઘણાખરા પક્ષો પણ પોતાના પક્ષને સમાજવાદી પક્ષ તરીકે ઓળખાવવામાં મગરૂબી લેતા હોય છે. પશ્ચિમ યુરોપમાં અનેક પક્ષો પોતાના પક્ષને 'લોકશાહી સમાજવાદી', 'ઉદ્દામ (રૅડિકલ) સમાજવાદી' કે 'ખ્રિસ્તી સમાજવાદી' તરીકે ઓળખાવતા દેખાશે. એશિયા-આફ્રિકાનાં નવોદિત રાષ્ટ્રોના મોટા ભાગના પક્ષો પણ પોતાનો પક્ષ સાચા સમાજવાદને વરેલો છે એવો દાવો કરતા હોય છે. આ બધા પક્ષો તો ઠીક પણ જર્મનીનો નાઝી પક્ષ જેવો યુદ્ધખોર રાષ્ટ્રવાદી પક્ષ પણ પોતાના પક્ષને રાષ્ટ્રીય સમાજવાદી પક્ષ તરીકે ઓળખાવવામાં મગરૂબી લેતો, અને ઇટાલીનો સરમુખત્યાર મુસોલિની પણ! જો આ રીતે લોકશાહી, લોકશાહી-વિરોધી, મૂડીવાદી, મૂડીવાદ-વિરોધી સઘળા પ્રકારના પક્ષો પોતાના પક્ષને 'સમાજવાદી પક્ષ' તરીકે ઓળખાવી શકતા હોય તો 'સમાજવાદ' શબ્દનો કશો ચોક્કસ અર્થ ખરો કે નહીં એવો પ્રશ્ન સ્વાભાવિક થઈ પડે.

કેવળ 'સમાજવાદ' શબ્દનો આ રીતે છૂટથી ઉપયોગ થાય છે એવું નથી, 'લોકશાહી' શબ્દનો પણ એટલી જ છૂટથી ઉપયોગ થતો દેખાશે. લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોમાં માનનારા અને ન માનનારા સૌ પક્ષો પોતાનો પક્ષ જ સાચી લોકશાહીની તરફદારી કરનારો પક્ષ છે એવો દાવો કરવાનું ચૂકતા નથી. સાચી વાત એ છે કે સમાજ વિશેનો કોઈ પણ ખ્યાલ લોકપ્રિય બને એટલે દરેક રાજકીય પક્ષ, પછી તે તેવા ખ્યાલના મૂળ સિદ્ધાંતોમાં સાચી રીતે માનતો હોય કે નહીં, પોતાનો પક્ષ તે ખ્યાલનો સાચો પુરસ્કર્તા છે એવો દાવો કરવાનું પ્રલોભન છોડી નથી શકતો. તેમાં અમુક વિચાર, ખ્યાલ કે સિદ્ધાંત વિશે પ્રતિબદ્ધતા કરતાં વ્યૂહ કે સમયાનુકૂળ 'પોશ્ચર' (મુદ્રા) અપનાવવાનું વલણ કામ કરતું હોય છે. આ વલણ ગૂંચવાડો ઊભો કરે એ સ્વાભાવિક છે.

આનો અર્થ એમ ન કરવો જોઈએ કે 'સમાજવાદ', 'લોકશાહી' વગેરે ખ્યાલો અર્થહીન છે. આવા ખ્યાલો સમાજ વિશેનાં કેટલાંક મૂળભૂત મૂલ્યોની આસપાસ વણાયેલાં હોય છે. આવા ખ્યાલોનું રહસ્ય સમજવા માટે તે ખ્યાલો પાછળ કયાં પાયાનાં મૂલ્યો પડેલાં છે તે જાણી લેવું જરૂરી છે. આપણે અહીં આ પ્રકરણમાં 'સમાજવાદ'ના ખ્યાલ પાછળ પાયાનાં કયાં મૂલ્યો પડેલાં છે તે સમજવા મથીશું. પહેલાં તેની ઐતિહાસિક પાર્શ્વભૂમિકા જોઈ લઈએ.

## સામાજિક-આર્થિક માળખાની અતિવિષમતા

માનવ ઇતિહાસ ઉપર ઊડતી નજર નાખવાથી એક હકીકત સ્પષ્ટ રીતે દેખાશે કે દરેક યુગમાં કાળી મજૂરી કરી સંપત્તિનું સર્જન કરનારો વર્ગ પોતાનો રોટલો માંડ રળતો હોય છે, જ્યારે ઉત્પાદનનાં સાધનોની માલિકી ધરાવનારો વર્ગ કશો પણ શારીરિક શ્રમ કર્યા વિના અમનચમન ઉડાવતો હોય છે. મુખ્યત: શ્રમજીવી

ર્ગની મહેનત અને પરસેવાને પરિણામે સરજાયેલી સંપત્તિનો વધુ પડતો હિસ્સો આ નાનકડો વર્ગ ઉઠાવી જતો હોય છે.


પ્રાચીન ગ્રીસ અને રોમમાં ગુલામોને ભોગે નાગરિકો સાહેબી ભોગવતા. ગુલામોને કશા રાજકીય અધિકારો ન હતા; એટલું જ નહીં પણ તેમને દીવાની કે ફોજદારી કાયદાનું રક્ષણ પણ નહોતુ મળતું. ગુલામોને માનવદેહધારી પશુ જ ગણવામાં આવતા. ઢોરબજાર જેવાં ગુલામોનાં રીતસરનાં બજારો રહેતાં. ગ્રીસનો ડેલોસ ટાપુ ગુલામોના મોટા બજાર જેવો હતો. ત્યાં દિવસના હજારો ગુલામોની લે-વેચ થતી. એક ગુલામની કિંમત અડધા મીનાથી દશ મીના જેટલી એટલે હાલના હિસાબે અંદાજે રૂ. ૩૫૦થી રૂ. ૭,૦૦૦ જેટલી ગણાતી. મોટી સંખ્યામાં યુદ્ધકેદીઓ આવી પડે ત્યારે ગુલામોના ભાવ તળિયે બેસી જતા. આવે સમયે $\frac{૧}{૨૫}$ મીના એટલે ૩૦ રૂપિયા જેટલી નજીવી રકમમાં પણ એક ગુલામ મળી રહેતો.

ગુલામને લગ્ન કરવાનો પણ અધિકાર ન હતો. ગુલામના બાળકને ઉછેરી તેને પુખ્ત ઉંમરનો ગુલામ બનાવવા પાછળ જેટલો ખર્ચ થતો તેના કરતાં નવો ગુલામ ખરીદી લેવો સસ્તો પડતો. ગુલામ ઉપર માલિકનો પૂરેપૂરો અધિકાર રહેતો. માલિક પોતાના ગુલામને ગોંધી રાખી શકતો, મારઝૂડ કરી શકતો ને જાનથી મારી પણ નાખી શકતો!

મધ્યયુગમાં ગુલામી ઓછી થઈ ગઈ અને 'સર્ફ' પ્રથા (અર્ધ ગુલામ: હાળી પ્રથા) પ્રચલિત થઈ. સર્ફ જાગીરદારનો આશ્રિત ગણાતો. જાગીરદાર સર્ફને જમીનનો એક નાનકડો ટુકડો રાખવા દેતો અને તેના કુટુમ્બનું રક્ષણ કરવાની જવાબદારી પોતાને માથે લેતો. તેના બદલામાં સર્ફે જાગીરદારને અનેક પ્રકારની સેવાઓ આપવી પડતી અને અનેક વેરાઓ અને લાગાઓ ચૂકવવા પડતા. અઠવાડિયાના ત્રણ દિવસ તેણે જાગીરદારની જમીન ઉપર કામ કરવું પડતું. વાવણી કે લણણી જેવા સમયે ચારપાંચ દિવસ પણ થઈ જતા. જાગીરદારને ત્યાં સારોમાઠો પ્રસંગ આવે ત્યારે લાગાઓ કે ભેટસોગાદો આપવી પડતી. સર્ફના પુત્રના લગ્ન પછીની પ્રથમ રાત્રિએ પુત્રવધૂ ઉપર જાગીરદારનો અધિકાર ગણાતો. (જોકે, સર્ફ જાગીરદારને પૈસા આપીને આ અધિકારના ભોગવટામાંથી મુક્તિ મેળવી શકતો.) સર્ફે પોતાનું અનાજ સામન્તની ઘંટીએ જ દળાવવું પડતું. પાંઉ તેની ભઠ્ઠીએ પકાવવા આપવા પડતા અને દારૂ પણ તેની જ ભઠ્ઠીઓ ગળાવવો પડતો. આ દરેક કામ માટે તેણે જાગીરદારને ફી ચૂકવવી પડતી. વળી, તેણે પોતાની આવકનો એક દશાંશ ભાગ કર તરીકે ચર્ચને આપવો પડતો. એક મોજણી અનુસાર જાગીરદાર, સરકાર અને ચર્ચ આ ત્રણે થઈને સર્ફની આવકનો બે તૃતીયાંશ ભાગ લઈ જતા હતા!

સર્ફનું સ્થાન ગુલામ કરતાં ચડિયાતું હતું. જોકે, સર્ફ જાગીરદારની પરવાનગી વિના જાગીર બહાર ન જઈ શકતો, છતાં તેનું અલગ વ્યક્તિત્વ સ્વીકારવામાં આવ્યું હતું. પરંતુ તે વ્યક્તિત્વ જાગીરદારના આશ્રિત તરીકેનું હતું; મુક્ત નાગરિક તરીકેનું નહીં.

ચૌદમી સદીમાં યુરોપમાં વેપારઉદ્યોગનો વિકાસ શરૂ થયો. અઢારમી સદીના અંતભાગમાં શરૂ થયેલી ઔદ્યોગિક ક્રાન્તિએ તે વિકાસને ખૂબ વેગ આપ્યો. વેપારઉદ્યોગનો વિકાસ થતાં જૂનવાણી સમાજવ્યવસ્થાનાં બંધનો ખૂંચવા લાગ્યાં. જો જાતમજૂરી કરનારા, એટલે કે સર્ફો, જાગીરદારને ત્યાં બંધાયેલા હોય તો નવા ઉદ્યોગોને સસ્તા દરે મજૂરો મળે કયાંથી? અઢારમી સદીમાં જે વ્યક્તિવાદી અને સ્વાતંત્ર્યલક્ષી વિચારો વિકસ્યા તેમની પાછળ આ નવી આર્થિક પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવી ગઈ હતી. ગુલામી અને સર્ફપ્રથા મનુષ્યના કુદરતી અધિકાર વિરુદ્ધના છે અને કાયદા સમક્ષ સૌ સમાન ગણાવા જોઈએ તેવો વિચાર ઓગણીસમી સદીની શરૂઆતમાં લગભગ સર્વસ્વીકૃત થઈ ચૂકયો હતો. 'સર્ફપ્રથા' અને ગુલામી પશ્ચિમ યુરોપની કાયદાપોથીઓમાંથી ઓગણીસમી સદીની શરૂઆતમાં જ નષ્ટ થઈ ગઈ. જાતમજૂરી કરનારો વર્ગ કાયદાની દૃષ્ટિએ મુક્ત થયો. પરંતુ, આ મુક્તિને પરિણામે તેમનો આર્થિક ઉત્કર્ષ ન થયો. ઊલટાની, તેમની



ખાણોમાં માલની ટ્રૉલીઓ ખેંચવાની સસ્તા દરે કાળી મજૂરી કરતાં બાળકો અને સ્ત્રીઓ

આર્થિક પરિસ્થિતિ પહેલાં કરતાં પણ બગડી. ગુલામો અને સર્ફો ભલે કાયદાનાં બંધનો અને સામાજિક બંધનો નીચે કચડાતા હતા, પણ માલિક તેમનું ભરણપોષણ કરવા બંધાયેલો હતો. તેમને ભૂખે મરવાનો સમય આવતો નહોતો. પરંતુ, આ નવાં પરિબળોએ શ્રમજીવી વર્ગને મુક્ત કર્યો, તો સાથે સાથે તેને સાધનવિહોણો અને આશ્રયવિહોણો પણ કર્યો. તેને ભૂખે મરવાની આઝાદી મળી!

કારખાનાં થતાં ઓછા મજૂરોએ વધુ ઉત્પાદન થવા માંડયું. દિનપ્રતિદિન બેકારોની સંખ્યા વધવા માંડી. તે સમયે કારખાનદારો પુખ્ત ઉંમરના પુરુષો કરતાં સ્ત્રીઓ અને બાળકોને કામે રાખવાનું વધુ પસંદ કરતા કેમ કે સ્ત્રીઓ અને બાળકો સસ્તા દરે મળી રહેતાં. કાપડની મિલોમાં પાંચ વર્ષ જેટલી કુમળી વયનાં બાળકોને પણ જોતરવામાં આવ્યાનાં દૃષ્ટાંતો છે.

> કારખાનાંમાં કામે જનારાં બાળકો સવારે પાંચ વાગ્યે પોતપોતાને ઘરેથી નીકળતાં અને રાત્રે નવ વાગ્યે પાછાં ફરતાં. વચમાં એકાદ કલાકનો જમવાનો સમય આપવામાં આવતો. કારખાનાંના સંચાલકો ઘડિયાળના કાંટા ફેરવી તે સમયમાં પણ ઘટાડો કરવાનો પ્રયત્ન કરતા. કોઈ મજૂર કારખાનામાં ઘડિયાળ લાવી શકતો નહીં. મજૂર પાસે ઘડિયાળ હોય ત્યારે તે સમય જોઈને ફરિયાદ કરે ને? ચૌદ ચૌદ, પંદર પંદર કલાકનું આવું કાળું વૈતરું કરતાં, વચમાં બાળકને ઝોકું આવે તો પીઠ ઉપર ચાબખો વીંઝાતો. પોતાનાં કુમળાં બાળકોની આવી કરુણ સ્થિતિ જોઈ માબાપ ત્રાસી જ ઊઠે ને? કારખાનાંમાં કામ કરનારા મજૂરોની સ્થિતિ તપાસવા માટે ઇંગ્લંડની પાર્લમેન્ટે એક કમિશન નીમ્યું હતું. તે કમિશને ટૉમસ હીથ નામના એક વણકરને જ્યારે પૂછ્યું કે તેને કેટલાં બાળકો હતાં ત્યારે તેણે આંસુ સારતાં ઉત્તર વાળ્યો : 'મારે બે બાળકો હતાં. પરમકૃપાળુ પરમાત્માનો જેટલો અહેસાન માનું તેટલો થોડો કે તેણે તે બંને બાળકોને પોતાની પાસે સંઘરી લીધાં.'
>
> ગામની શેરીઓમાં અનેક અનાથ અને નિરાધાર બાળકો રઝળતાં નજરે ચડતાં. ગામના વહીવટદારો આવાં બાળકોને એકઠાં કરી કારખાનદારોને સુપરત કરી દેતા. આ રીતે કારખાનદારોને બાળકો સોંપી દઈને તેમને ખવડાવવાની જવાબદારીમાંથી ગામ બચી જતું. કારખાનદારો આવાં બાળકો પાસેથી ફાવે તેવું અને ફાવે તેટલો સમય કામ લેતા. પરંતુ તેમને પેટભર ખાવાનું પણ ન આપતા. ભૂંડોને ખાવાનું નાખવામાં આવતું ત્યારે તેમાંથી પોતાને કશુંક મળી જાય એ લાલચે બાળકો ઉકરડો ચૂંથતાં નજરે પડતાં!



**આવી માગણી કરાય?**

(ચાર્લ્સ ડિકન્સની જાણીતી નવલકથા **'ઑલિવર ટ્વિસ્ટ'**નું એક પ્રસંગ દૃશ્ય)

**અનાથ બાળગૃહનો ભૂખ્યો ઑલિવર વધુ ખાવા આપવા વિનંતી કરે છે. તેની આવી માગણી બીજાં બાળકોને આશ્ચર્યજનક લાગે છે. તેઓ બધાં ભૂખ્યા રહેવાનું પસંદ કરે છે.**

યંત્રોદ્યોગ શરૂ થયા પછી જ આવી કરુણ સ્થિતિ ઊભી થઈ હતી, એટલે ગરીબ વર્ગ આવી સ્થિતિ માટે યંત્રોને દોષ દે તે તદ્દન સ્વાભાવિક હતું. શરૂ શરૂમાં તો તેમણે યંત્રો ભાંગવાતોડવા માંડીને રોષ ઠાલવ્યો. આવા બનાવો એટલી હદે વધી ગયા કે તેવા ગુના માટે દેહાંતદંડ ફરમાવવાનું શરૂ થયું.

આવી દર્દનાક પરિસ્થિતિએ યંત્રવિજ્ઞાનીઓને પણ થથરાવી મૂક્યા હતા. હારગ્રીઝે કાંતવા માટેનું યંત્ર શોધ્યું તેના દશ વર્ષ પહેલાં લૉરેન્સ અર્નશોએ તેવું યંત્ર શોધ્યું હતું. પરંતુ યંત્ર શોધ્યા પછી તુરત જ એણે તેનો નાશ કરી નાખ્યો હતો. તેમ કરતાં તેણે કહેલું, 'ગરીબના મોંમાંથી રોટલો ઝૂંટવી લે એવું કશું મારે નથી કરવું.'

આ તો ઇંગ્લંડની વાત થઈ. ફ્રાન્સ ઇંગ્લંડ કરતાં યંત્રઉદ્યોગમાં પાછળ હતું. પરંતુ ત્યાં પણ જેમ જેમ વેપારઉદ્યોગ વિકસતા ગયા તેમ તેમ ગરીબ વર્ગની સ્થિતિ કથળતી ગઈ. તે સમયે પૅરિસમા શહેરની કુલ વસ્તીના ચોથા ભાગ જેટલા ભિખારીઓ હતા. લંડનમાં તે સંખ્યા તેથી પણ કાંઈક વિશેષ હતી. તે સમયે ઇંગ્લંડ અને ફ્રાન્સમાં સમાજના નીચલા વર્ગોની જે અવદશા હતી તેનો વિશદ ચિતાર તે સમયના તે તે દેશોના ચાર્લ્સ ડિકન્સ, ગાલ્સવર્ધી, વિકટર હ્યૂગો, એમિલ ઝોલા વગેરે સાહિત્યસ્વામીઓની કૃતિઓમાં જોવા મળે છે.

બીજી બાજુ, વેપારઉદ્યોગનો વિકાસ થતો ગયો તેમ તેમ ઇંગ્લંડ અને ફ્રાન્સ બંને દેશોમાં તેના ઉપરના જુનવાણી અંકુશોનો વિરોધ વધતો ગયો. એ અંકુશોને કારણે જ આર્થિક પ્રગતિ રૂંધાતી હતી અને જો તે દૂર કરવામાં આવે તો ટૂંક વખતમાં પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરી આવે એમ મનાવાતું હતું: મનુષ્યસમાજ અંતે તો વ્યક્તિઓનો બનેલો છે, જો દરેક વ્યક્તિ પોતાની શક્તિ અનુસાર વધુમાં વધુ ઉત્પાદન કરે તો સમગ્ર સમાજ પણ વધુમાં વધુ પ્રાપ્ત કરે, એ વાત ગણિતના સાદા હિસાબ જેવી મનાતી હતી. આ ફિલસૂફીને

અમલમાં મૂકવામાં ઇંગ્લંડ મોખરે હતું. ઓગણીસમી સદીની શરૂઆતમાં જ વેપારઉદ્યોગ ઉપરના ઘણાખરા અંકુશો ઇંગ્લંડે કાઢી નાખ્યા હતા. 'મુક્ત વ્યવસાય'ના સિદ્ધાંતને એટલી આત્યંતિક હદે ખેંચી જવામાં આવ્યો હતો કે મજૂર સંગઠનોને પણ તે સિદ્ધાંતની વિરુદ્ધનાં ગણવામાં આવતાં — ૧૭૯૯માં ઇંગ્લંડમાં મજૂર સંગઠન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આમ, 'મુક્ત વ્યવસાય'નો જયજયકાર થયો, પરન્તુ તેને પરિણામે 'વધુમાં વધુ જનસંખ્યાને વધુમાં વધુ સુખ'નાં દર્શન ક્યાંય ન થયાં.

નિરંકુશ હરીફાઈની સ્થિતિ આમજનતાના હિતમાં નથી એવું ઘણા વિદ્વાનોને લાગવા માંડ્યું. ગરીબ અને તવંગર વચ્ચેની મુક્ત હરીફાઈમાં તવંગર જ ફાવે અને ગરીબે રહેંસાવું જ પડે, એવી વાસ્તવતા ધીમે ધીમે સમજાવા માંડી. નિર્બળનું રક્ષણ કરવાની ફરજ સમાજની ખરી કે નહીં? — એવો પ્રશ્ન ઘણાના મનમાં ઘોળાવા માંડ્યો. આ છે સમાજવાદના વિચારના વિકાસની પાર્શ્વભૂમિકા.


## આધુનિક સમાજવાદનો પાયો

સંસ્કૃતિની શરૂઆતથી તે આજ સુધી જાતમજૂરી કરનારો વર્ગ ઉપલા વર્ગની એડી નીચે કચડાતો રહ્યો છે તે સાચું, પણ તેની સાથે સાથે એ પણ યાદ રાખવું ઘટે કે ગરીબોનું આ પ્રકારનું શોષણ કદીયે વણપડકાર્યું નથી રહ્યું.

દરેક યુગમાં શોષણને પડકારનારા મહાત્માઓ, પયગંબરો કે વિચારકો થઈ ગયા છે. પ્રાચીન અને મધ્ય-યુગમાં જ્યારે શોષણ કાયદેસરનું જ નહીં પણ ન્યાયી અને સ્વાભાવિક ગણાતું, તેવા કાળમાં પણ શોષણની સ્થિતિ માનવ આત્માને ડંખ્યા વિના નહોતી રહી. તે સમયે પણ અનેક યહૂદી અને ખ્રિસ્તી મહાત્માઓએ શોષણનો અંત લાવી સમાનતા ઉપર આધારિત સમાજ રચવાનો ઉપદેશ આપ્યો હતો. અહીં દૂરના ભૂતકાળના તે ચિંતકોના વિચારોની ચર્ચા કરવાનો અવકાશ નથી. આપણે તો આધુનિક સમાજવાદના મહત્ત્વના તંતુઓ કેમ વિકસ્યા તેના ઉપર જ આપણું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે અને તે માટે આપણે અઢારમી અને ઓગણીસમી સદીના મહત્ત્વના 'સમાજવાદી' વિચારકોના મુખ્ય વિચારો જોઈશું.

વેપારઉદ્યોગના વિકાસમાં ઇંગ્લંડ મોખરે હતું. પરન્તુ, આધુનિક સમાજવાદના શરૂઆતના વિચારોનું ખેડાણ ઇંગ્લંડ કરતાં ફ્રાન્સમાં વિશેષ થયું હતું. આ હકીકત પહેલી નજરે જરા વિચિત્ર લાગે તેવી છે. પણ તે સમયના ફ્રાન્સના અને ઇંગ્લંડના સંજોગો આ માટે કારણભૂત હતા. ઇંગ્લંડમાં વ્યાપારિક અને ઔદ્યોગિક પ્રગતિ જેમ જેમ થતી ગઈ તેમ તેમ ત્યાંના સામાજિક અને રાજકીય જીવનમાં પણ ધીમું અને ક્રમશઃ પરિવર્તન થતું રહ્યું હતું. ફ્રાન્સમાં જુનવાણી રજવાડી પદ્ધતિનો એવો સકંજો હતો કે તેમાં ક્રમશઃ પરિવર્તન માટે કશો અવકાશ ન હતો. આવી બંધિયાર સ્થિતિ વિસ્ફોટક નીવડતી હોય છે. ૧૭૮૯ની ફ્રેન્ચ ક્રાન્તિ આ બંધિયાર સ્થિતિનું પરિણામ ગણાય. ક્રાન્તિ સમયના ચિંતને ઉદ્દામ વિચારોને ખૂબ પોષણ પૂરું પાડ્યું. તે જમાનાના ચિંતક એબે મોર્લેએ ખાનગી મિલકતને જ મનુષ્ય સમાજમાં પ્રવર્તતાં સઘળાં દૂષણોના મૂળ તરીકે ગણાવી હતી. મોર્લેના મતે સમાનતા એ જ માનવજીવનનો સત્ત્વસાર છે અને સમાનતા નષ્ટ થવાને કારણે જ માનવસમાજ અનેક દુઃખોનો ભોગ બન્યો છે.

૧૭૮૯–૯૨ની ફ્રેન્ચ ક્રાન્તિમાં ગરીબ વર્ગે ઓછો ભોગ નહોતો આપ્યો. ક્રાન્તિમાં જાનની આહુતિ પણ મોટે ભાગે નીચલા વર્ગનાં સ્ત્રીપુરુષોએ આપી હતી. ક્રાન્તિ સફળ થઈ, રાજાશાહી નષ્ટ થઈ, જાગીરદારી વર્ગે સત્તા ગુમાવી, સત્તાપલટો થયો. કાયદા સમક્ષ સૌ સમાન થયાં. પરંતુ, ક્રાન્તિને પરિણામે નીચલા વર્ગના હાથમાં ન તો રાજકીય સત્તા આવી કે ન તો તેમની આર્થિક સ્થિતિ સુધરી. ક્રાન્તિ પછી એક તબક્કે ઉદ્દામ નેતાઓ(જેકોબિનો)ના હાથમાં સત્તા ગઈ હતી, પરન્તુ, તે લાંબો વખત ટકી નહીં. જેકોબિનોને ઉથલાવી જે 'ડિરેક્ટરી' સત્તા ઉપર આવી તે વેપારીઓ અને ધનપતિઓ તરફ ઢળેલી હતી. આને પરિણામે ઉદ્દામ તત્ત્વો વીફર્યાં. ઉદ્દામ નેતા બેબુફે (ઈ. સ. ૧૭૬૦–૧૭૯૭) ડિરેક્ટરોને ઉથલાવી પાડવા એક ક્રાન્તિકારી



એક અનામી ચિત્રકારનું ૪ ઑગસ્ટ, ૧૭૮૯નું આ કાર્ટૂન, રાષ્ટ્રભક્તિની પ્રબળ ઉત્તેજનાથી ફ્રાન્સની જુનવાણી રજવાડી પદ્ધતિના ભુક્કા બોલાવતી ફ્રાન્સની વિસ્ફોટક પરિસ્થિતિનો ચિતાર દર્શાવે છે.

મંડળ રચ્યું. કહેવાય છે કે તે મંડળમાં ૧૭,૦૦૦ જેટલા સભ્યો થયા હતા. પરન્તુ, બૅબુફ અને તેના સાથીદારો પકડાઈ ગયા. આ બૅબુફ બંડખોર સમાજવાદી ચળવળનો પ્રણેતા ગણાય.

તે જમાનાના ઉદ્દામ ચિંતકો સમ્પૂર્ણ સમાનતાનો પક્ષ કરનારા હતા. એબે મોર્લે અને બૅબુફ ઉપરાંત આતિયેન કાબેએ પણ સમ્પૂર્ણ સમાનતાની વાત કરી હતી. 'વૉયેજ ટુ ઈકારિયા' નામની કૃતિમાં એણે આદર્શ સમાજનું એક કલ્પનાચિત્ર રજૂ કરેલું છે. તે સમાજમાં દરેકને એકસરખો ખોરાક, એકસરખાં વસ્ત્રો અને એકસરખું રહેઠાણ મળે તેવી કલ્પના હતી. આધુનિક સમાજવાદ આ પ્રકારની યાંત્રિક સમાનતામાં નથી માનતો. આધુનિક સમાજવાદ આવડત અને કામ અનુસાર વળતર મળે તેમાં માને છે.

અત્યાર સુધીના વિચારકોએ સમાજવાદનાં છૂટાંછવાયાં પાસાંની ચર્ચા કરી હતી અથવા તો એક આદર્શ સમાજની કલ્પનારૂપે સમાજવાદને રજૂ કર્યો હતો. તેમાંના કોઈ ચિંતકે સમાજવાદને સમાજજીવનની વૈજ્ઞાનિક ફિલસૂફી તરીકે રજૂ કરવાનો પ્રયત્ન નહોતો કર્યો. આવા ચિંતનની શરૂઆત ફ્રેન્ચ ચિંતક સંત-સાઈમનથી થાય છે.

ભૂતકાળમાં માણસના સમાજજીવનના મુખ્ય પ્રેરક બળ તરીકે ખ્રિસ્તી માન્યતા કામ કરતી હતી. તે જમાનાની સમાજસંસ્થાઓની રચના અને સંચાલન પાછળનું ભાવાત્મક બળ ખ્રિસ્તી ધર્મ પૂરું પાડતો હતો. અઢારમી સદીમાં થયેલા ભૌતિકવાદી વૈજ્ઞાનિક વિચારોના ઉદયે ખ્રિસ્તી માન્યતાને હચમચાવી મૂકી. જુનવાણી માન્યતાનું બળ નષ્ટ કરવાનું ખંડનાત્મક કામ અઢારમી સદીના વિજ્ઞાનીઓએ કર્યું. પરન્તુ, તે વિચારોએ જુનવાણી સંસ્થાઓને સ્થાને નવી સંસ્થાઓ રચવા માટેની રચનાત્મક દૃષ્ટિ પૂરી નથી પાડી. આ પ્રકારના રચનાત્મક વિચારો વિકસાવવાનું કામ ઓગણીસમી સદીના ચિંતને કરવાનું હતું. તે મુજબ સૌથી વધુ જરૂર ગણાય નવા ચિંતનની, નવા યુગધર્મની. વૈજ્ઞાનિક વિચારોનો વિકાસ જ આવો નવો યુગધર્મ પ્રવર્તાવવા માટેનું ભાથું પૂરું પાડી શકે.

આ ચિંતનધારા મુજબ સમાજવિદ્યાનો અભ્યાસ ભૌતિક વિજ્ઞાનની પદ્ધતિઓ દ્વારા જ થવો જોઈએ અને સમાજવિદ્યાને ભૌતિક વિજ્ઞાનના જેવી જ વિદ્યા બનાવવી જોઈએ. આવા વૈજ્ઞાનિક વિચારો જ આધુનિક સમાજના નવચણતરનું કામ કરી શકે. આ રીતનું વિચારબીજ રોપીને સમાજવાદી વિચારસરણીનું કાઠું



બંબુફ

સંત-સાઇમન



બાંધવાની શરૂઆત કરી સંત-સાઈમને(ઈ.સ. ૧૭૬૦–૧૮૨૫). સમાજવાદના વિચારના અનેક મહત્ત્વના તંતુઓ ખીલવવાનું કામ તેણે કર્યું. આથી તે સમાજવાદના આદ્યપ્રણેતાઓમાં મોખરાનો ગણાય છે.

સંત-સાઈમન વિચાર કે માન્યતાને સામાજિક વિકાસના મુખ્ય પરિબળ તરીકે ગણાવે છે. તેના મતે આર્થિક કે સામાજિક સંસ્થાઓ માણસના વિચારોનું ઘડતર નથી કરતી પણ વિચારો સંસ્થાઓનું ઘડતર કરે છે. તેના મતે, સમાજજીવન વિશે વૈજ્ઞાનિક રીતે વિચારીને સમાજના ભાવિ વિકાસનો ક્રમ નક્કી થવો જોઈએ. ઔદ્યોગિક સમાજ સંકુલ વ્યવસ્થા માગે છે. આવા સંકુલ સમાજની વ્યવસ્થાનું અને વિકાસનું કામ મુક્ત હરીફાઈને માર્ગે થઈ જ ન શકે. શાસ્ત્રીય રીતે વિચારીને પૂર્વઆયોજિત ક્રમ અનુસાર સમાજના વિકાસનું કામ પાર પાડી શકાય. આ રીતે 'આયોજિત સમાજ'નો વિચાર સૌ પ્રથમ રજૂ કરવાનું માન સંત-સાઈમનને જાય છે.

સંત-સાઈમને 'સમાનતા'ના ખ્યાલનુંય નવસંસ્કરણ કર્યું. તેના મતે આવા સંકુલ સમાજની આગેવાની વૈજ્ઞાનિકો કે તાલીમ પામેલા ઉદ્યોગપતિઓ અને સંચાલકો જ કરી શકે. બહુજનસમાજ આ કામ પોતાના હાથમાં લઈ ન શકે. ટૂંકમાં, તેનો સમાજવાદનો ખ્યાલ 'આયોજિત અને યંત્રવૈજ્ઞાનિક રીતે સંચાલિત એવા સમાજ'નો છે. શ્રમજીવીઓના રાજ્યમાં કે બહુજનસમાજના રાજ્યમાં તે નથી માનતો. તેનાં વ્યવહારુ કારણોમાં મુખ્ય એ છે કે બધા માણસની બુદ્ધિ કે શક્તિ સમાન નથી. જોકે, દરેક મનુષ્યને તકની સમાનતા તો મળવી જ જોઈએ, એમ જણાવીને તે 'શક્તિ અનુસાર કામ અને કામ અનુસાર વળતર'નો સિદ્ધાન્ત પ્રતિપાદિત કરે છે. આધુનિક સમાજવાદ પણ વળતરની સમાનતામાં નથી માનતો, પણ તકની સમાનતામાં માને છે, તે વાતનો પુનરુચ્ચાર કરવાની ભાગ્યે જ જરૂર રહે છે.

આ રીતે, સંત-સાઈમને આધુનિક સમાજવાદી ચિંતનના અનેક મહત્ત્વના તંતુ વિકસાવ્યા છે. આમ છતાં તેને એક યુટોપિયન ચિંતકની હરોળમાં મૂકવામાં આવે છે. આનું મુખ્ય કારણ એ છે કે સમાજ જુદા જુદા વર્ગોમાં વહેંચાયેલો હોવા છતાં, તેના પરિવર્તન માટે વિગ્રહનો વિનિયોગ કરવાનો સિદ્ધાન્ત તે નથી સ્વીકારતો. ઉદ્યોગપતિઓ અને બુદ્ધિજીવીઓને સમાજજીવન વિશેના વૈજ્ઞાનિક નિયમો બુદ્ધિપુર:સર સમજાવી — ગળે ઉતારીને સમાજપરિવર્તન સાધવામાં તે માનતો હતો.

તે સમયનો બીજો મહત્ત્વનો સમાજવાદી ચિંતક ચાર્લ્સ ફૂર્યે (ઈ. સ. ૧૭૭૨–૧૮૩૭) હતો. તે સંત-સાઈમનનો સમકાલીન હતો. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં નવી સમાજવ્યવસ્થા કેમ આવશ્યક છે તે સંત-સાઈમને બતાવ્યું; તો ફૂર્યેએ મનુષ્યસ્વભાવનાં તત્ત્વોની દૃષ્ટિએ નવી સમાજવ્યવસ્થા કેમ જરૂરી છે તે બતાવવાનો પ્રયત્ન કર્યો. મનુષ્યસ્વભાવનાં તત્ત્વોનું વિશ્લેષણ કરી તે બતાવે છે કે જો તેનાં સઘળાં તત્ત્વોને સ્વાભાવિક પરિસ્થિતિમાં કામ કરવા દેવામાં આવે તો મનુષ્યસ્વભાવ પોતે જ હળીમળીને કામ કરવા પ્રેરનારો છે. પરંતુ, શોષણ ઉપર નભનારી કૃત્રિમ સમાજવ્યવસ્થાએ મનુષ્ય-સ્વભાવને વિકૃત કરી મૂક્યો છે અને હળીમળીને

કરવાના મનુષ્યના સ્વાભાવિક વલણને ગૂંગળાવી નાખ્યું છે. બલ્કે, ગળાકાપ હરીફાઈ મનુષ્યના સ્વાભાવિક ગોનો લોપ કરી મનુષ્યને પશુ બનાવે છે. આમ, જે વાતાવરણમાં મનુષ્યે રહેવાનું અને કામ કરવાનું હોય તે વાતાવરણ મનુષ્યની કાર્યક્ષમતા ઉપર કેવી અસર પાડે છે તે પ્રશ્નની ફૂર્યેએ વિશદ ચર્ચા કરી છે. આ કારણે તેને ઔદ્યોગિક મનોવિજ્ઞાનના વિષયનો આદ્યપ્રણેતા ગણવામાં આવે છે.

સંત-સાઈમનની માફક ફૂર્યે પણ યુટોપિયન ચિંતક ગણાયો. તે આમ માનતો કે એક નાનકડો આદર્શ સમાજ રચવામાં આવે તો તે દાખલા ઉપરથી ધડો લઈ સમગ્ર માણસજાત પોતાની સમાજવ્યવસ્થા બદલી નાખવાની. મનુષ્યસ્વભાવનાં તત્ત્વોને સંતુષ્ટ કરે, તે તત્ત્વોની સંવાદિતા ઊભી થાય અને મનુષ્ય-મનુષ્ય વચ્ચે સુમેળ ઊભો થાય તેવો સમાજ કેવા પ્રકારે રચાયેલો હોવો જોઈએ અને કયાં ધોરણોએ કામ કરતો હોવો જોઈએ તેનો ચિતાર તે આપે છે.

તેણે કલ્પેલો આદર્શ સમાજ ૪૦૦થી ૨૦૦૦ વ્યક્તિઓનો નાનકડો સમાજ છે. તેવા સમાજને તે સંગઠન (phalanx) કહે છે. Phalanxનો અખતરો માનવસમાજને પલટાવવામાં સફળ થવાનો છે તે વિશે ફૂર્યેના મનમાં પૂરેપૂરી ખાતરી હતી. તે પોતાના મિત્રોને કહેતો, 'જમીનજાગીરમાં નાણું રોકવાની ભૂલ ન કરતા. દસેક વર્ષમાં જગત મારા સિદ્ધાન્તો સ્વીકારવાનું અને તે સમયે જમીન-જાગીરના ભાવ તળિયે બેસી જવાના.' તેણે વર્તમાનપત્રમાં એક જાહેરખબર આપેલી: 'જગતનું ભાવિ પલટાવી શકે તેવો કાર્યક્રમ પાર પાડવા દોઢેક લાખ ફ્રાન્કની જરૂર છે. જે કોઈ દાનવીર તેટલી રકમ આપવા માગતો હોય તેણે ચાર્લ્સ ફૂર્યેને બપોરના બારથી બે દરમિયાન તેના રહેઠાણે મળવું.' વરસો સુધી તે નક્કી સમયે રાહ જોતો બેસતો, પણ કોઈ દાનવીર આવ્યો નહીં. જોકે, તેના જીવનના અંત ભાગમાં તેને એકાદ લાખ ફ્રાન્ક જેટલી રકમ મળી. તેણે એક phalanx સ્થાપ્યો પણ ખરો. પરન્તુ તે અખતરાને સરિયામ નિષ્ફળતા મળી.



**યુટોપિયા**

સર ટૉમસ મોર અને તેના જાણીતા પુસ્તક 'યુટોપિયા'ની ઈ. સ. ૧૫૧૬માં પ્રસિદ્ધ થયેલી પ્રથમ આવૃત્તિનું આવરણચિત્ર.



'યુટોપિયા' એક કાલ્પનિક બેટની વીરકથા છે જે નગરરચનાનાં તમામ સરકારી તંત્રો અને સુખ-સમૃદ્ધિની કલ્પનાઓથી સભર છે. ટૉમસ મોરની આ જાણીતી કથા કાલ્પનિક, અવ્યવહારુ અને તરંગી ખ્યાલોવાળી હોવાથી અઢારમી સદીમાં સમાજવાદના વિચારકોમાં સુખસમૃદ્ધિના આવા તરંગી વિચારકો 'યુટોપિયન સમાજ-વાદીઓ' ગણાયા.

સંત-સાઈમન કે ફૂર્યે આ બેમાંથી એકે ચિંતક શ્રમજીવીઓનું સંગઠન સાધી, શ્રમજીવીઓને રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા કરી સમાજપરિવર્તન લાવવાનો વિચાર રજૂ નથી કરતા. શ્રમજીવીઓએ લોકતંત્રની સ્થાપના માટે ઝૂઝવું જોઈએ અને લોકતંત્રની પ્રક્રિયાઓનો અસરકારક ઉપયોગ કરી તેઓએ પોતાના આર્થિક અધિકારો પ્રસ્થાપિત કરવા જોઈએ એવો વિચાર પણ તેમણે રજૂ નથી કર્યો. તે સમયના ફ્રેન્ચ ચિન્તકો રાજકારણ તરફ ધૃણાની નજરે જોનારા હતા એટલે શ્રમજીવીઓનું રાજકીયકરણ કરવાની વાત તે સમયના કોઈ ચિન્તકે કરી ન હતી.

સરકારે કામનો અધિકાર માન્ય રાખવો જોઈએ અને દરેકને તેના કામના પ્રમાણમાં વળતર મળવું જોઈએ, આ વિચાર સૌ પ્રથમ લૂઈ બ્લાંકી(ઈ. સ. ૧૭૯૮–૧૮૫૪)એ રજૂ કર્યો. લોકશાહી સમાજવાદના વિચારના વિકાસમાં લૂઈ બ્લાંકીનો ફાળો નાનોસૂનો ન ગણાય.

'મિલકત એ ચોરી છે' એ સૂત્ર રજૂ કરનાર પિયર જોસેફ પ્રૂદોં(ઈ. સ. ૧૮૦૯–૧૮૬૫)નું નામ પણ સમાજવાદી વિચારના વિકાસમાં મહત્ત્વનું છે. તેણે 'મજૂરી જ સર્વ મૂલ્યની જનેતા છે' એ સિદ્ધાન્ત અસરકારક રીતે રજૂ કર્યો. મજૂરીનો આંક દર્શાવતી નોટોને ચલણી નોટો તરીકે ફરતી કરવી જોઈએ તેમ તે માનતો હતો. પ્રૂદોંના મતે દરેક પ્રકારના શોષણનું મૂળ રાજ્ય છે એટલે તેનું અસ્તિત્વ મિટાવી દઈને જ શોષણમુક્ત વ્યવસ્થા ઊભી થઈ શકે. પ્રૂદોં માર્ક્સનો સમકાલીન હતો અને માર્ક્સની માફક તેણે પણ આંતરરાષ્ટ્રીય શ્રમજીવી ચળવળમાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો. આ બંને ચિન્તકો આંતરરાષ્ટ્રીય શ્રમજીવી ચળવળના મંચ ઉપર સારી એવી અથડામણમાં પણ આવ્યા હતા. પ્રૂદોંનું સ્થાન સમાજવાદના ઇતિહાસ કરતાં 'અરાજકવાદ'ના ઇતિહાસમાં વિશેષ ગણાય છે.



**પિયર જોસેફ પ્રૂદોં**

'મિલકત એ ચોરી છે' એવા તેના સૂત્રથી સમાજવાદીઓમાં જાણીતા બનેલા પ્રૂદોંનું આ સૂત્ર હકીકતે ગેરસમજવાળું છે. તેના આ સૂત્રનું જાતે જ ખંડન કરતાં દર્શાવતું આ લાક્ષણિક કાર્ટૂન છે, કારણ ખરેખર તો તેણે માર્ક્સવાદી સમાજવાદી સિદ્ધાન્ત સામે 'મર્યાદિત ખાનગી મિલકત'ના અધિકારની હિમાયત કરી છે.

ઇંગ્લંડમાં સમાજવાદી વિચારોની શરૂઆત મવાળ વિચારોથી થાય છે. ઇંગ્લંડના શરૂઆતના ચિન્તકોમાં .સ પેન્સ આગળ પડતો છે. કેવળ જમીન ઉપરનો કર એ એક જ કર હોવો જોઈએ અને બીજા કશા વેરા ન હોવા જોઈએ એવા વિચારમાં તે માનતો હતો. આથી તે 'એક-કરવાદી' ગણાયો છે. [પાછળથી .મેરિકી ચિન્તક હેન્રી જોર્જ (ઈ. સ. ૧૮૩૯–૧૮૯૭) એ વિચારને લોકપ્રિય કર્યો હતો.] વિલિયમ ઓગિલ્બી .ણ એવા વિચારનો પુરસ્કર્તા છે. આ એક-કરવાદી ચિન્તકોના મતે મિલકતનું કેન્દ્રીકરણ જમીન ઉપરના .ફાને કારણે થાય છે. જો આ લાભો જમીનમાલિકો પાસેથી લઈ લેવામાં આવે તો મિલકતનું કેન્દ્રીકરણ આપોઆપ અટકી જાય અને સમાજમાં જે અસમાનતા ઊભી થઈ છે તે પણ ક્રમે ક્રમે ઘસાઈ જાય. તેમના મતે જમીનમાલિકો ઉત્પાદનની પ્રક્રિયાઓમાં કશો નક્કર ફાળો આપ્યા વિના, જમીનની કિમ્મતમાં વધારાને કારણે લાભો ઉઠાવી જાય છે. તેમના મતે જમીનની કિમ્મતનો વધારો સમાજની પ્રગતિનું પરિણામ છે, નહીં કે જમીનમાલિકોની મહેનતનું. સમાજની પ્રગતિને પરિણામે ઊભા થયેલા લાભો સમાજને જવા જોઈએ, જમીનમાલિકોને નહીં. આમ છતાં, આ વિચારકો પણ ઉત્પાદનનાં સાધનોની ખાનગી માલિકીની નાબૂદીમાં નથી માનતા. બીજી બાજુ, ઉદ્યોગપતિઓ ઉદ્યોગના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે એટલે તેઓ નફો અને વ્યાજ લે તેને તેઓ ગેરવાજબી નથી ગણતા.

ઇંગ્લંડના જૂજ ક્રાન્તિકારી ચિન્તકોમાં વિલિયમ ગૉડવિન (ઈ. સ. ૧૭૫૬–૧૮૩૬) મહત્ત્વનો ગણાય. તેના મતે માણસનું વર્તન તેના વિચારોને આધારે ઘડાય છે અને માણસના વિચારો તેના જીવનના સંજોગો અને વાતાવરણને આધારે ઘડાય છે. તેના મતે જે સમાજનું વાતાવરણ દુર્ગુણોથી ભરેલું હોય તે સમાજમાં તંદુરસ્ત મનના નાગરિકો પેદા ન થાય. સમાજમાં અનીતિમય વાતાવરણ ઊભું કરવા માટે ગૉડવિન સરકારી તંત્રને જવાબદાર ગણે છે. તેના મતે, સરકારી તંત્ર હિંસા અને બળજબરીના આધારે શોષણ કરનારી સંસ્થા-ઓને નિભાવી રાખી સમાજમાં સર્વ પ્રકારનાં દૂષણો જન્માવે છે. આજનાં સર્વ દૂષણોનું મૂળ આજની સામાજિક પ્રથામાં છે અને નવો સમાજ રચીને જ નવો માનવ સરજી શકાય, આ મુદ્દા પર સમાજવાદીઓ અને અરાજકવાદીઓ બંને એકમત છે. પરન્તુ, સમાજનાં દૂષણોનું મૂળ ખાનગી મિલકત ગણાય કે સરકારી તંત્ર ગણાય તે વિશે અરાજકવાદીઓ અને ક્રાન્તિકારી સમાજવાદીઓ જુદા પડે છે. અરાજકવાદીઓ સરકારી તંત્રને ખાનગી મિલકત સમેત સઘળાં દૂષણોનું મૂળ ગણે છે, તો ક્રાન્તિકારી સમાજવાદીઓ ખાનગી મિલકતને સરકારી તંત્ર સમેત સઘળાં દૂષણોનું મૂળ ગણે છે. આ મુદ્દા ઉપર ગૉડવિન અરાજકવાદ તરફ ઢળતો દેખાય છે.



લૂઈ બ્લાંકી



વિલિયમ ગૉડવિન



ટૉમસ પેન્સ



# રૉબર્ટ ઓવેન


ઇંગ્લંડના સમાજવાદી ચિન્તકોમાં રૉબર્ટ ઓવેન(ઈ. સ. ૧૭૭૧–૧૮૫૮)નું નામ સૌથી મોખરે મૂકી શકાય. રૉબર્ટ ઓવેન કેવળ ચિન્તક ન હતો. તે એક વ્યવહારકુશળ ઉદ્યોગસંચાલક અને જાહેર કાર્યકર્તા પણ હતો.

કાપડની દુકાનના એક અદના નોકર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરીને રૉબર્ટ ઓવેન આપબળે ઓગણીસ વર્ષની યુવાન વયે મિલના સંચાલકના હોદ્દે પહોંચ્યો હતો. થોડા વખતમાં ઇંગ્લંડમાં તેની ગણના એક સર્વોચ્ચ કોટિના મિલસંચાલક તરીકે થવા લાગી. ઓવેન ન્યૂ લૅનાર્ક મિલના માલિકની પુત્રી સાથે પરણ્યો. આગળ જતાં તેણે ન્યૂ લૅનાર્ક મિલ ખરીદી લીધી. આ સાહસમાં તેને તે જમાનાના વિખ્યાત 'ઉપયોગિતાવાદી' ચિન્તક જેરેમી બેન્થમનો ટેકો હતો. બેન્થમે પણ તેમાં પોતાની થોડી મૂડી રોકી હતી. ઓવેને તે મિલને એક આદર્શ મિલ તરીકે વિકસાવી.

ન્યૂ લૅનાર્ક એક નાનકડું ગામ હતું. તેની સ્થિતિ પણ તે સમયના ઇંગ્લંડના બીજાં ગામો જેવી હતી અને ન્યૂ લૅનાર્કની મિલ પણ તે સમયની ઇંગ્લંડની બીજી મિલો જેવી જ હતી. કુમળાં બાળકોનું શોષણ, ગંદી અને દુર્ગંધ મારતી ચાલો, ચીંથરેહાલ મજૂરો, આ બધું ન્યૂ લૅનાર્ક મિલમાં પણ હતું.

રૉબર્ટ ઓવેને ન્યૂ લૅનાર્કનો વહીવટ હાથમાં લીધા પછી તે મિલની સિકલ ઝડપથી બદલી નાખી. તેણે મજૂર કલ્યાણ માટે અનેક પગલાં લીધાં અને સાથે સાથે મિલની કાર્યદક્ષતા પણ વધારી. તેણે મજૂરો માટે નવાં સુઘડ રહેઠાણો બાંધ્યાં. કુમળાં બાળકોનું શોષણ બંધ કર્યું. બાલમંદિરો અને શાળાઓ સ્થાપી. નિરક્ષર મજૂરોને અક્ષરજ્ઞાન આપવા વર્ગો શરૂ કર્યા.

૧૮૦૬માં આંતરવિગ્રહને કારણે અમેરિકાથી રૂ આવતું બંધ પડયું ત્યારે ઇંગ્લંડના મિલમાલિકોએ મિલો બંધ કરીને મજૂરોને બેકાર બનાવ્યા. રૉબર્ટ ઓવેને રૂને અભાવે જેટલો વખત મિલ બંધ રહી તેટલા વખતનું પૂરેપૂરું વેતન મજૂરોને ચૂકવ્યું. ન્યૂ લૅનાર્કની મિલ સ્વચ્છતા, સુઘડતા, નિયમપાલન અને કાર્યદક્ષતા માટે સમગ્ર જગતમાં પંકાવા લાગી.




રૉબર્ટ ઓવેને કરેલા વિવિધ અખતરાઓમાંની ઑરબિસ્ટન ખાતે ઊભી કરેલી એક વસાહતનું દૃશ્ય આ વસાહતની વ્યવસ્થા ફક્ત બે વર્ષ જ ટકી હતી.

રૉબર્ટ ઓવેને ન્યૂ લૅનાર્કના અખતરા (જુઓ પ્લેટ) ઉપરથી એક હકીકત પુરવાર કરી કે મજૂર કલ્યાણ પાછળ ખર્ચ કરવામાં આવે તે એળે નથી જતો. તેવો ખર્ચ મજૂરોની કાર્યક્ષમતા વધારી એકંદરે ઉદ્યોગને ફાયદો કરે છે. ઔદ્યોગિક વિકાસ માટે મજૂરોનું શોષણ જરૂરી નથી.

રૉબર્ટ ઓવેન અત્યન્ત મહત્ત્વાકાંક્ષી અને શક્તિશાળી પુરુષ હતો. એક મિલનું સફળ સંચાલન કર્યાથી તેને સન્તોષ થાય તમ ન હતું. ઔદ્યોગિક સંસ્કૃતિએ માણસજાત સમક્ષ જે વિકટ કોયડા ઊભા કર્યા હતા તે કોયડાનો ઉકેલ શોધવાના તેના મનોરથ હતા. ન્યૂ લૅનાર્ક તો તેને મન આ ઉકેલ શોધવા માટેનો નાનકડો અખતરો હતો. આ ઉકેલ શોધવા માટે તેણે મનુષ્યના વર્તનનાં પાયાનાં તત્ત્વો સમજવાનો પ્રયત્ન કર્યો. આ વિચારો તેણે 'ઍસેઝ ઑન ફૉર્મેશન ઑફ કૅરેક્ટર' નામના પુસ્તકમાં રજૂ કર્યા છે. તેના કહેવાનું તાત્પર્ય એ છે કે માણસના ચારિત્ર્યના ઘડતરમાં તેના જીવનના સંજોગો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે; તે સંજોગો સમાજવ્યવસ્થાને કારણે ઊભા થયેલા હોય છે. ગરીબોના અધ:પતન માટે સમાજના સંજોગો જવાબદાર છે, તેમના ઉદ્ધાર માટે સમાજે સક્રિય બનવું જોઈએ. સમાજવાદનો આ પાયાનો વિચાર છે, અને આ વિચાર અસરકારક રીતે વિકસાવવાનું માન રૉબર્ટ ઓવેનને ફાળે જાય છે.

ઔદ્યોગિક સંસ્કૃતિએ ઊભા કરેલા કોયડાનો ઉકેલ સમાનતાલક્ષી (ઇગલિટેરિયન) સમાજ જ લાવી શકે તેમ છે, તે પણ રૉબર્ટ ઓવેને અસરકારક રીતે બતાવ્યું. તે લખે છે કે ભૂતકાળમાં સૌ સંસ્કારી જીવન જીવી શકે એટલી સંપત્તિ જ માણસજાત પાસે ન હતી. યંત્રઉદ્યોગના વિકાસે પરિસ્થિતિ તદ્દન પલટાવી નાખી છે. ઉત્પાદનમાં જંગી વધારો થયો છે, પણ માલિકો તેની યોગ્ય વહેંચણી નથી થવા દેતા; પરિણામે એક બાજુ અતિ ગરીબાઈ અને બીજી બાજુ માલના ભરાવાની વિષમતા ઊભી થાય છે. આ રીતે રૉબર્ટ ઓવેને સ્પષ્ટ નિર્દેશ કર્યો કે મૂડીવાદી પદ્ધતિ આર્થિક વિકાસને રૂંધનારી છે અને નવી ઔદ્યોગિક શક્તિને અનુરૂપ નવી સમાજવ્યવસ્થા ઊભી કરીને જ આજના યુગના કોયડાઓનો ઉકેલ લાવી શકાય.

# યંત્રો તોડનારા અરાજકવાદીઓ



**બોહીમિયન મશીન બ્રેકરો – ઈ. સ. ૧૮૪૪**

યુરોપમાં જ્યાં જ્યાં ઉત્પાદન-પ્રક્રિયામાં યંત્રો દાખલ થતાં ત્યાં ત્યાં ઉગ્ર અને હિંસક પ્રતિકાર જાગતો. યંત્રો દાખલ થવાથી સૌ પ્રથમ તેનો ડર વણકરોમાં પેઠો અને તેઓ યંત્રને પોતાનો તાકીદનો દુશ્મન ગણીને તેને તોડી નાખતા.

# 'સમાજવાદ'નો પ્રયોગ

સમાજવાદ શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ અને પ્રયોગ પણ રૉબર્ટ ઓવેનથી થાય છે. સહકારી પ્રવૃત્તિ માટેના તેના એક સામયિકમાં 'સોશિયાલિઝમ' શબ્દ ૧૮૨૭માં વાપરવામાં આવ્યો હતો. સમાજવાદ માટેની ચળવળરૂપે ઇંગ્લંડમાં ટ્રેડ યુનિયન પ્રવૃત્તિનો પાયો પણ તેણે નાખ્યો. મજૂરોની સહકારી પ્રવૃત્તિ વિકસાવવાની તથા મજૂર કલ્યાણ માટેના કાયદા પસાર કરાવવા માટેની ઝુંબેશની આગેવાની પણ તેણે લીધી હતી. શ્રમજીવી વર્ગમાં રાજકીય જાગૃતિ લાવવા પણ તે મથતો રહ્યો હતો.

આમ, રૉબર્ટ ઓવેન તે સમયની દરેક મહત્ત્વની શ્રમજીવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલો હતો. આ રીતે, તે યુગના વ્યવહારુ સમાજકારણ અને રાજકારણ સાથે સંકળાયેલી વ્યક્તિનેય 'યુટોપિયન' (તરંગી) ગણવાંમાં આવે તે વિચિત્ર લાગે છે, પરન્તુ એનું કારણ એ છે કે તે વર્ગસંઘર્ષનો તેમ જ હિંસક ચળવળનો કટ્ટર વિરોધી હતો. મજૂર અને માલિક વર્ગ વચ્ચે કોઈ પ્રકારનું ઘર્ષણ ઊભું થાય તેવા વલણ તરફ તેને સખત નફરત હતી. સમજાવટ અને પ્રચાર દ્વારા અગ્રવર્ગ વા ભદ્રવર્ગનું હૃદયપરિવર્તન થઈ શકે એ વિશે એને શ્રદ્ધા હતી. આથી કૉમ્યુનિસ્ટ ચિન્તક કાર્લ માકર્સે એને અને એના જેવા સૌને તરંગી — 'યુટોપિયન' કહ્યા હતા.

આ યુટોપિયન ચિન્તકો — આતિયેન કાબે, સંત-સાઈમન, ફુર્યે અને રૉબર્ટ ઓવેન—ના ચિન્તનનું સમાજવાદના વિકાસમાં શું પ્રદાન છે તે વિશે ચર્ચા કરવી રસપ્રદ થઈ પડશે. તે સૌ ચિન્તકો મનુષ્યની બુદ્ધિ અને મનુષ્યના વિવેકમાં અખૂટ શ્રદ્ધા ધરાવતા હતા. એ સૌ એમ માનતા કે જો કોઇ વાત બુદ્ધિપૂર્વક મનુષ્યને ગળે ઉતારવામાં આવે તો મનુષ્ય તે અનુસાર વર્તવાનો જ. તેમાંના ઘણાખરા તો એટલી હદ સુધી માનતા કે એક નાનકડો આદર્શ સમાજ રચવામાં આવે તો તેવા સમાજના દાખલા ઉપરથી ધડો લઈ સમગ્ર માનવ-સમાજ તેવો આદર્શ સમાજ રચવાને માર્ગે વળવાનો. તે યુગમાં મનુષ્યની બૌદ્ધિક શક્તિએ જે સિદ્ધિઓ મેળવી હતી તેનાથી માણસજાત અંજાઈ ગઈ હતી. બુદ્ધિ દ્વારા જો મનુષ્ય વિશ્વનાં રહસ્યો ઉકેલી શકતો હોય અને વિશ્વની શક્તિનેય પોતાના લાભાર્થે જોતરી શકતો હોય તો તે બુદ્ધિની મદદથી પોતાના સમાજજીવનના કોયડા પણ તે જરૂર ઉકેલી શકે, એવી દૃઢ માન્યતા ઘણા ચિન્તકોની હતી. પરન્તુ બુદ્ધિ, વિવેક હોવા છતાં મનુષ્ય કેવળ તેનાથી દોરવાઈને જ નથી વર્તતો, અને તેની વૃત્તિઓ, તેનાં સ્વાર્થહિતો પણ તેના વર્તન પાછળ કામ કરી જતાં હોય છે, એ હકીકત આ ચિન્તકો લક્ષમાં લેતા જ નથી લાગતા. આ કારણે તેમને યુટોપિયન ગણવામાં આવે છે.

આ ચિન્તકો ગમે તેટલા તરંગી કે અવ્યવહારુ લાગે પણ સમાજવાદના કેટલાક પાયાના વિચારો વિકસાવવાનું માન એમને ફાળે જાય છે તે ભુલાવું ન જોઈએ. મનુષ્યનો વિકાસ જેમ મનુષ્યના વ્યક્તિત્વ ઉપર આધાર રાખે છે તેમ તે સમાજના સંજોગો ઉપર પણ આધાર રાખે છે, તેના તરફ યુટોપિયન ચિન્તકોએ આંગળી ચીંધી છે. ઓગણીસમી સદીમાં વ્યક્તિવાદી ભાવનાનો અતિરેક થયો હતો ત્યારે યુટોપિયન ચિન્તકોએ વ્યક્તિવાદની મર્યાદા બતાવી તે અતિરેકને ખાળવાની શરૂઆત કરી છે. મૂડીવાદી અર્થકારણનાં દૂષણો ઉઘાડાં પાડવાની શરૂઆત પણ તેમણે કરી છે. તે જ રીતે મૂડીવાદી અર્થકારણ શાથી સમાજના વિકાસને રૂંધનારું છે તે તરફ પણ યુટોપિયનોએ આંગળી ચીંધવાની શરૂઆત કરી છે. 'સમાનતા'ના ખ્યાલનાં વિવિધ પાસાં તેમણે બતાવ્યાં છે. તેમ જ, સહકારી અને ટ્રેડ યુનિયન ચળવળનાં બીજ પણ તેઓએ જ રોપ્યાં છે. કાર્લ માકર્સે આ ચિન્તકોને યુટોપિયન કહ્યા પછી પણ તેમણે સમાજવાદના વિકાસમાં મહત્ત્વનાં પ્રદાન કર્યાનું સ્વીકાર્યું છે.

# ૧૪ : માર્ક્સવાદની છાયામાં

કાર્લ માર્ક્સ (ઇ. સ. ૧૮૧૮–૧૮૮૩) આમ તો સામ્યવાદનો પ્રણેતા ગણાય એટલે તેના વિચારોની સવિસ્તર ચર્ચા સામ્યવાદ ઉપરના સ્વતંત્ર પ્રકરણમાં જ થઈ શકે. પરંતુ, આધુનિક સમાજવાદના વિચારો શરૂ થયા તે સમયે સમાજવાદ, સામ્યવાદ અને અરાજકવાદ વચ્ચેના ભેદોએ ભાગ્યે જ કશા સ્પષ્ટ આકારો લીધા હતા. લોકશાહી સમાજવાદના વિચારના મહત્ત્વના પ્રણેતાઓ એડવર્ડ બર્નશ્ટાઇન (ઈ. સ. ૧૮૫૦–૧૯૩૨), કાર્લ કૉટ્સ્કી (ઈ. સ. ૧૮૫૪–૧૯૩૮) વગેરે માર્ક્સના અનુયાયીઓ હતા. વીસમી સદીની શરૂઆતમાં લેનિનવાદી માર્ક્સવાદીઓ અને લોકશાહી સમાજવાદીઓ જુદા પડ્યા ત્યાર પછી પણ લગભગ પાંચેક દાયકા સુધી, એટલે કે વીસમા સદીના મધ્ય ભાગ સુધી માર્ક્સના વિચારોની ઘેરી અસર સમાજવાદના વિચારો ઉપર જળવાઈ રહી હતી. આજે વિકસિત અને લોકશાહી રાષ્ટ્રોના સમાજવાદીઓ માર્ક્સના વિચારથી ઘણે અંશે જુદા પડી ગયા છે. પરન્તુ, અલ્પવિકસિત દેશોના લોકશાહી સમાજવાદીઓ હજુ પણ માર્ક્સના વિચારની ઘેરી અસર નીચે દેખાય છે. આ બધું જોતાં લોકશાહી સમાજવાદના વિચારોને સમજવા માટે માર્ક્સના વિચારોને સંક્ષેપમાં સમજી લેવા જરૂરી છે.

માર્ક્સના પહેલાં સમાજવાદનો ખ્યાલ તદ્દન ધૂંધળો હતો. માર્ક્સ પહેલાંના ચિન્તકોએ સમાજવાદી વિચારનાં છૂટાંછવાયાં પાસાં વિકસાવ્યાં હતાં, પણ તે સઘળાં પાસાંને ફિલસૂફી કે વિચારસરણી(આઇડિયૉલોજી)ના એક સળંગ તાંતણે બાંધવાનું કામ તેમાંના કોઈ ચિન્તકે નહોતું કર્યું. માર્ક્સે સમાજવાદી ચિન્તનના છૂટાછવાયા મણકાને એક સળંગ વિચારસરણીના સૂત્રે પરોવ્યા એટલું જ નહીં પણ સમાજવાદના વિચારને તે યુગમાં જે વૈજ્ઞાનિક વિચારપ્રવાહો વિકસતા જતા હતા તેમની સાથે સાંકળી લેવાનું કામ પણ કર્યું. આમ, તેણે સમાજવાદની માન્યતાનાં મૂળિયાં ઊંડાં નાખ્યાં અને સમાજવાદને યુગધર્મનું સ્વરૂપ આપ્યું. માર્ક્સ પછી સમાજવાદની ચળવળ એક યુગબળ રૂપે બહાર આવી શકી તેનું રહસ્ય આમાં રહેલું છે.


અઢારમી અને ઓગણીસમી સદીમાં જુદી જુદી ભૌતિક વિદ્યાઓમાં થયેલી પ્રગતિએ માણસજાતને આંજી નાખી હતી. ફિલસૂફી, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, આ સઘળી સમાજવિદ્યાઓમાં ભૌતિકવિદ્યાઓની રીતે વિચારવાની શરૂઆત ત્યારથી થઈ ચૂકી હતી. ફિલસૂફીમાં ઈમેન્યુએલ કાન્ટ (ઈ. સ. ૧૭૨૪–૧૮૦૪) અને હેગલ (ઈ. સ. ૧૭૭૦–૧૮૩૧), ઈતિહાસમાં હેલ્વૉશિયસ (ઈ. સ. ૧૭૧૫–૧૭૭૧) અને કૉન્ડોરસે (ઈ. સ. ૧૭૪૩–૧૭૯૪), અર્થશાસ્ત્રમાં ફ્રાન્સના ફિઝિયોક્રેટો અને ઈંગ્લંડના પ્રશિષ્ટ (ક્લાસિકલ) અર્થશાસ્ત્રીઓ




ઑગસ્ટ કૉંત

અઢારમી સદીમાં સમાજશાસ્ત્રમાં નવાં વલણોનો આગેવાન

# સામ્યવાદના પ્રણેતાઓ



ફ્રેડરિક ઍન્ગલ્સ



કાર્લ માર્ક્સ

જેમનાં આ બે પુસ્તકોમાં સામાજિક, રાજકીય, આર્થિક અને ન્યાય સંબંધી **સામ્યવાદી** વિચારસરણીની સવિસ્તર છણાવટ થઈ છે.




Manifest

Kommunistischen Partei.

Veröffentlicht im Februar 1848.

Proletarier aller Länder vereinigt euch.

London.



CAPITAL:

A CRITICAL ANALYSIS OF CAPITALIST PRODUCTION

BY KARL MARX

TRANSLATED FROM THE THIRD GERMAN EDITION, BY SAMUEL MOORE AND EDWARD AVELING

FREDERICK ENGELS

VOL. I.

LONDON:
SWAN SONNENSCHEIN, LOWREY, & CO.
PATERNOSTER SQUARE.
1887.

**ડાબે હાથે :** ઈ. સ. ૧૮૪૮માં માર્ક્સ અને ઍન્ગલ્સે લંડનમાં પ્રસિદ્ધ કરેલ 'કૉમ્યુનિસ્ટ મૅનિફેસ્ટો'ની પ્રથમ જર્મન આવૃત્તિનું મુખપૃષ્ઠ. **જમણે હાથે :** માર્ક્સ અને ઍન્ગલ્સે ઈ. સ. ૧૮૮૭માં ત્રીજી જર્મન આવૃત્તિ પરથી પ્રસિદ્ધ કરેલ 'કૅપિટલ' પુસ્તકની પ્રથમ અંગ્રેજી આવૃત્તિનું મુખપૃષ્ઠ.

અને સમાજશાસ્ત્રમાં સંત-સાઈમન અને ઑગસ્ટ કૉંત (ઈ. સ. ૧૭૯૮–૧૮૫૭) આ નવા વલણના આગેવાનો હતા. માર્ક્સ આ નવા વલણના કેટલાક તંતુઓને પકડી સમાજપરિવર્તન વિશે એક સર્વગ્રાહી સિદ્ધાન્ત રજૂ કરવાનો પ્રયત્ન કરે છે. ભૌતિકવાદી ઈતિહાસદૃષ્ટિ, હેગલનો દ્વન્દ્વવાદ અને ક્લાસિકલ અર્થશાસ્ત્રીઓના વિચારો માર્ક્સની વિચારસરણીના મુખ્ય સ્રોતો ગણાય.

ફિલસૂફીમાં માર્ક્સે હેગલનો દ્વન્દ્વવાદ (ડાયલેક્ટિક્સ) સ્વીકાર્યો. હેગલના મતે તેના પહેલાંની ફિલસૂફી અચલિત કે સ્થાણુ (સ્ટેટિક) સ્થિતિને સમજાવી શકે તે પ્રકારની હતી. ત્યારે આધુનિક વિજ્ઞાન બતાવે છે કે વિશ્વ એ અહોનિશ પલટાતી ગતિશીલ પ્રક્રિયા છે. અત્યાર સુધી કોઈ ફિલસૂફે તે ગતિશીલ પ્રક્રિયાનો ક્રમ સમજાવી શકે તેવો દાર્શનિક ખ્યાલ આપ્યો નથી. માર્ક્સના દાવા અનુસાર પોતે રજૂ કરેલો દ્વન્દ્વવાદનો ખ્યાલ જ તેવી ફિલસૂફી રજૂ કરે છે.

દ્વન્દ્વવાદ અનુસાર, દરેક વસ્તુ કે પ્રક્રિયાના અંતરમાં તે વસ્તુ કે પ્રક્રિયાનું વિઘટન કરનારાં પરિબળો પડેલાં જ હોય છે. આ વિઘટનકારી પરિબળ શરૂઆતમાં ધીમે ધીમે વિકસે છે અને એક તબક્કે વિસ્ફોટક સ્વરૂપ ધારણ કરે છે. તેવો વિસ્ફોટ કે ક્રાન્તિ તે વસ્તુ કે પ્રક્રિયાનું ગુણાત્મક રૂપાન્તર કરે છે. ક્રાન્તિ પછી ફરી સમતોલ સ્થિતિ ઊભી થતી હોય છે. ધીમે ધીમે ફરીથી નવતર સ્થિતિમાં રહેલાં વિઘટક પરિબળો પ્રવૃત્ત થતાં હોય છે અને વિસ્ફોટક સ્વરૂપ ધારણ કરતાં હોય છે. આમ, સ્થિતિ (થિસિસ), સંઘર્ષ (ઍન્ટિ-થિસિસ) અને સમતોલ સ્થિતિ(સિન્થેસિસ)ની ઘટમાળને આધારે વિશ્વનો ક્રમ ચાલે છે. હેગલના આ વિચાર અનુસાર વિશ્વના પરિવર્તનનો ક્રમ પૂર્વનિશ્ચિત અને અફર છે; ક્રાન્તિ આ ક્રમનો અનિવાર્ય તબક્કો છે.

હેગલના મતે ચેતનતત્ત્વ (સ્વયંસ્ફુરિત તત્ત્વ) વિશ્વનો ક્રમ ચલાવે છે; દ્વન્દ્વાત્મકતા એ ચેતનતત્ત્વની અભિવ્યક્તિની પ્રક્રિયા છે. ભૌતિક પરિબળોય આ સ્વયંસ્ફુરિત ચેતનતત્ત્વને અનુસરનારાં છે, તેની નિયતિ પ્રમાણે સંચાલિત થનારાં છે. માર્ક્સ હેગલના આ ચેતનાવાદને ફગાવી દે છે અને તેના દ્વન્દ્વવાદનો ભૌતિકવાદ સાથે મેળ બેસાડે છે. કોઈ ચેતનતત્ત્વે વિશ્વનું સર્જન કર્યું છે અને તેવું તત્ત્વ વિશ્વનું સંચાલન કરે છે, કે પછી, ભૌતિક તત્ત્વોના આઘાત-પ્રત્યાઘાતને પરિણામે વિશ્વનું સર્જન થયું છે અને વિશ્વમાં વિકસેલું ચેતનતત્ત્વ ભૌતિક તત્ત્વોના આઘાત-પ્રત્યાઘાતની ફલશ્રુતિ છે : આ વિવાદ સનાતન છે.

માર્ક્સ ભૌતિકવાદી દૃષ્ટિબિન્દુનો પક્ષ કરે છે. તે મનુષ્યચેતનાનો ઈન્કાર નથી કરતો, એટલું જ નહીં પણ ચેતનાને એક વિશિષ્ટ પરિબળ તરીકે સ્વીકારે છે. પરન્તુ, તેના મતે ચેતના પોતે સ્વયંસ્ફુરિત કે સ્વયંસંચાલિત નથી પણ ભૌતિક પદાર્થોના વિકાસની ફલશ્રુતિ છે, ભૌતિક તત્ત્વમાંથી જ પ્રગટતી એક વિશિષ્ટ શક્તિ છે. આ મત અનુસાર, મનુષ્યની ચેતનાના આવિષ્કારો જેવા કે, ખ્યાલો, માન્યતાઓ, સામાજિક સંસ્થાઓ — આ બધાં મનુષ્યજીવનની ભૌતિક વાસ્તવિકતાઓ સાથે સીધી રીતે સંકળાયેલાં છે. તેના મતે, મનુષ્યજીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેની વૃત્તિ માનવવ્યવહારનું પ્રમુખ પરિબળ છે; અસ્તિત્વ ટકાવી રાખવા માટે જીવનનિર્વાહ પ્રાપ્ત કરવા માટેની પ્રવૃત્તિ (ઉત્પાદનની પ્રવૃત્તિ) પ્રમુખ બળ છે; ઉત્પાદનનાં પરિબળો ઉત્પાદક પરિબળોના સંબન્ધો(રિલેશન્સ ઑફ પ્રોડક્ષન)ને ઘાટ આપે છે. તેના કહેવાનું તાત્પર્ય એ છે કે દરેક સમાજમાં તેની સંસ્થાઓ, તેનું રાજકારણ, તેના કાયદા, નીતિમત્તાના તેના ખ્યાલો, અને તેનાં મૂલ્યો! આ સઘળું અંતતો ગત્વા ઉત્પાદનપદ્ધતિના આધારે નક્કી થતું હોય છે. જેમ ઉત્પાદનપદ્ધતિ કે ઉત્પાદક પ્રક્રિયાઓની રીતો બદલાય તેમ સમાજવ્યવસ્થા પણ બદલાતી હોય છે. ઉત્પાદનપદ્ધતિની જરૂરિયાત અનુસારની, એટલે કે ઉત્પાદનપદ્ધતિનો કાર્યક્ષમ વહીવટ થઈ શકે તે રીતની, સમાજપદ્ધતિ રહેતી હોય છે. દા. ત., શિકાર ઉપર નભનારા સમાજમાં પ્રાથમિક કે આદિ (પ્રિમિટિવ) સામ્યવાદની વ્યવસ્થા પ્રવર્તતી. તેમાં સૌના સરખા સહકાર દ્વારા જીવનનિર્વાહ જેટલું પ્રાપ્ત થઈ શકે તેમ હતું, તેમ જે કાંઈ પ્રાપ્ત થતું તેમાં કશું સંઘરવા જેવું હતું નહીં. આમ, શિકાર ઉપર નભનારા સમાજ માટે 'આદિ સામ્યવાદ' અનુકૂળ હતો. પશુપાલન અને ખેતીવાડી શરૂ થતાં સ્થિતિ બદલાઈ. સંઘરી શકાય તેવું અને તેટલું ઉત્પાદન થવા માંડયું. પરન્તુ તે ઉત્પાદનપદ્ધતિની ક્ષમતા એટલી ન હતી કે સૌને જરૂરિયાત પૂરતું પૂરું પાડી શકે. આ કારણે અસમાન

અને જાગ્રત શ્રમજીવી વર્ગ એ મૂડીવાદનું પ્રદાન છે અને મૂડીવાદનું એ ફરજંદ જ મૂડીવાદને ભરખી જનાર પરિબળ છે.

ઈતિહાસના ઘડતરમાં આર્થિક પરિબળો નિર્ણાયક ભાગ ભજવતાં હોય છે એવું માર્ક્સનું કથન છે. આમ છતાં, માનવચેતના અને માનવસંકલ્પ ઈતિહાસના ઘડતરમાં કશો જ ભાગ ભજવતાં નથી એવું તે નથી કહેતો. સમાજ વિશેનું વૈજ્ઞાનિક ચિન્તન અને તે ચિન્તન અનુસારનું વર્તન ભાવિ ઈતિહાસના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે એમ તે કબૂલ કરે છે. તેનો વિચાર કાંઈક એવો છે કે ઈતિહાસનો ક્રમ ભૌતિક પરિબળો નિયત કરે છે, પણ માનવચેતના તે ક્રમ અનુસારના પરિવર્તનના માર્ગમાં પડેલાં વિઘ્નોને દૂર કરી પરિવર્તનનો માર્ગ સરળ કરવામાં મદદરૂપ થાય છે.

માર્ક્સ ક્રાન્તિને ઈતિહાસના ઘડતરમાં એક અનિવાર્ય તબક્કા લેખે જુએ છે. દ્વન્દ્વાત્મક ફિલસૂફી અનુ-સાર વિશ્વની પ્રગતિનો ક્રમ સીધી લીટીએ નથી ચાલતો; એક તબક્કે તેમાં ક્રાન્તિ અનિવાર્ય થઈ પડતી હોય છે. માર્ક્સના મતે રાજ્ય એ વર્ગહિતનું રક્ષણ કરનારી સંસ્થા છે. ઉત્પાદનનાં સાધનોના માલિકોએ પોતાના હિતનું રક્ષણ કરવા રાજ્યસંસ્થા ઉપજાવેલી ને વિકસાવેલી છે. માર્ક્સ લોકતંત્રને પણ વર્ગીય સંસ્થા જ ગણે છે. રાજ્યસંસ્થા કોઈ પ્રકારનો નિષ્પક્ષ ન્યાય આપવાનું કામ કરે છે એવો વિચાર તે સ્વીકારતો જ નથી. તેના મતે રાજ્ય જે ન્યાય આપે છે તે વર્ગીય ન્યાય છે, એક પક્ષનો ન્યાય છે; મૂડીવાદીઓનાં હિતનું રક્ષણ કરવા માટે અસ્તિત્વમાં આવેલી આ સંસ્થા શ્રમજીવીઓનાં હિત રક્ષવાનું કામ કરી જ ન શકે; પ્રચલિત રાજ્યસંસ્થાને જમીનદોસ્ત કરીને જ શ્રમજીવીઓ પોતાના અધિકારો સ્થાપિત કરી શકે.

પરન્તુ શ્રમજીવીઓ, એટલે કે બહુજનસમાજ મતાધિકાર પ્રાપ્ત કરીને અને લોકતંત્રની પ્રક્રિયાઓનો અસરકારક ઉપયોગ કરીને પોતાના અધિકારોને સ્થાપિત કરી શકે એ વાતમાં માર્ક્સને ખાસ શ્રદ્ધા ન હતી. આ કારણે જ ક્રાન્તિ અને શ્રમજીવીઓની સરમુખત્યારીનો તબક્કો અનિવાર્ય છે એમ તે ઘણુંખરું બતાવે છે. તે શ્રમજીવીઓની સરમુખત્યારી વિશે કશી ચોખવટ નથી કરતો; સરમુખત્યારીનું સ્વરૂપ કેવું હશે, તેનું તંત્ર કયા પ્રકારનું હશે તે વિશે તે કશું નથી કહેતો. આમ છતાં, એક વાત ચોક્કસ કે શ્રમજીવીઓની સરમુખત્યારીનો તેનો ખ્યાલ મૂળમાં બહુજનસમાજની સરમુખત્યારીનો ખ્યાલ હતો. નાનકડા શોષક વર્ગની આપખુદી ખતમ કરવા માટે બહુજનસમાજ સરમુખત્યારી અજમાવે એવી તેની કલ્પના હતી. રીઢા ક્રાન્તિકારીના નેતૃત્વ નીચના લોખંડી શિસ્તવાળા પક્ષની તેણે કદીયે કલ્પના કરી જ ન હતી. લોખંડી શિસ્તવાળા કટ્ટર 'કેડર'ના બનેલા પક્ષની સરમુખત્યારીનો વિચાર લેનિનનો છે, માર્ક્સનો નથી. [જુઓ 'વિશ્વદર્શન–૧ : ક્રાન્તિ']

બીજા પ્રકારનાં તંત્રો કરતાં લોકતંત્ર જુદું છે અને તેમાં કાંઈક પ્રગતિશીલ તત્ત્વ રહેલું છે એવો આછો ધ્વનિ પણ માર્ક્સે કરેલા એક વિધાનમાંથી મળે છે. હોલૅન્ડમાં 'કૉમ્યુનિસ્ટ લીગ' સમક્ષના એક પ્રવ-ચનમાં તેણે કહેલું કે 'ઇંગ્લંડમાં કે અમેરિકામાં કે તમારા દેશમાં શ્રમજીવીઓ પોતાના અધિકારો શાન્તિમય માર્ગે પ્રાપ્ત કર તેમ કદાચ બને, પણ સઘળા દેશોમાં શાન્તિમય માર્ગ કામયાબ નીવડે તેમ હું માનતો નથી.' આ વિધાન સ્પષ્ટ રીતે બતાવે છે કે માર્ક્સ લોકતંત્રને બીજા પ્રકારનાં તંત્રોથી જુદા પ્રકારનું ગણે છે અને શાન્તિમય રીતે પરિવર્તન લાવવાની શકયતા કેવળ લોકતંત્ર નાંચે છે એમ કહી લોકતંત્ર બીજાં તંત્રો કરતાં કાંઈક પ્રગતિશીલ છે એવો ઈશારો કરી જાય છે. માર્ક્સના આ વિચારને પ્રાધાન્ય આપી બર્નશટાઈન, કૉટ્સ્કી વગેરે ચિન્તકો એવો દાવો કરે છે કે માર્ક્સને લોકશાહી સમાજવાદમાં વિશ્વાસ હતો. એક વાત ચોક્કસ છે કે શાન્તિમય માર્ગે પરિવર્તન થાય તેને માર્ક્સ જરૂર વધુ ઈષ્ટ ગણે છે: લોકતંત્ર હોય ત્યાં તે રીતનું પરિ-વર્તન થઈ શકે તેવી શકયતાની તે સમ્પૂર્ણ રીતે અવગણના નથી કરતો — જોકે, લોકતંત્ર સહિત સઘળા પ્રકારનાં તંત્રોને માર્ક્સ, છેવટે તો, મૂડીવાદી શોષણપદ્ધતિના એક સાધનરૂપે જ ગણે છે.

લોકતંત્ર વિશે તેના મનમાં કાંઈક કૂણી લાગણી હતી, તેમ છતાં તેના મૂળગત વિચારપ્રવાહનો ઝોક લોકતંત્રવિરોધી હતો તે પણ ભુલાવું ન જોઈએ. તેના દ્વન્દ્વાત્મક ફિલસૂફીના અને વર્ગવિગ્રહના વિચાર સાથે

લોકતંત્રનો પક્ષ કરનારા વિચારનો મેળ બહુ બેસતો નથી એ દેખીતું છે. તેના ચિન્તન અનુસાર દરેક પ્રકારનું તંત્ર (લોકતંત્ર પણ) મૂડીવાદી શોષણનું સાધન માત્ર છે. તેના વિચારના આ ઉગ્રવાદી તંતુઓને પ્રાધાન્ય આપી લેનિન લોકશાહી સમાજવાદની તરફદારી કરનારા માર્ક્સના અનુયાયીઓની સખત ઝાટકણી કાઢે છે. પોતાની પુસ્તિકા 'સ્ટેટ ઍન્ડ રેવોલ્યૂશન'માં લેનિન બર્નશ્ટાઇન અને કૅાટ્સ્કીને શ્રમજીવી ક્રાન્તિના દ્રોહી તરીકે ગણાવે છે.

સાચી વાત એ છે કે ક્રાન્તિ કે સરમુખત્યારીના સ્વરૂપ વિશે માર્ક્સના વિચારો સ્પષ્ટ નથી. તેણે હોલૅન્ડમાં કરેલા વિધાન ઉપરથી એમ લાગે છે કે તે એમ માનતો હતો કે ક્રાન્તિ અને સરમુખત્યારીનું સ્વરૂપ સમય અને સંજોગોને અનુરૂપ થઈ પડે તેવું હોવું જોઈએ. લોકતંત્રમાં તે સ્વરૂપ એક પ્રકારનું હોવાનું અને આપખુદ તંત્ર નીચે બીજા પ્રકારનું. બલ્કે, સમય અને સંજોગ અનુસાર ક્રાન્તિના માર્ગો જુદા જુદા હોવાના એમ તે માનતો હતો તેમ નિ:શંક રીતે કહી શકાય. ક્રાન્તિ અને સરમુખત્યારીના સ્વરૂપ વિશે તેના ચોક્કસ વિચારો ન હોવાને કારણે તે વિશે તેના જુદા જુદા અનુયાયીઓએ જુદા જુદા વિચારો રજૂ કર્યા છે.

## સમાજવાદી લોકશાહી : વિચાર-વિકાસ

શ્રમજીવીઓની ચળવળની શરૂઆત શ્રમજીવીઓના લોકશાહી અધિકારો માટેની ઝુંબેશથી થઈ હતી તે ભુલાવું ન જોઈએ. ઇંગ્લંડની 'ચાર્ટિસ્ટ' ચળવળ એ મોટા પાયા ઉપરની પ્રથમ શ્રમજીવી ચળવળ ગણાય. ચાર્ટિસ્ટોની મુખ્ય માગણીઓ નીચે મુજબ હતી : (૧) સાર્વત્રિક મતાધિકાર, (૨) ગુપ્ત મતદાન, (૩) સમાન મતદારમંડળ, (૪) પાર્લમેન્ટના સભ્યપદ માટે મિલકત ધરાવવાની જરૂરિયાત રદ કરવી, (૫) વાર્ષિક પાર્લમેન્ટ, અને (૬) પાર્લમેન્ટના સભ્યોને વેતન. આ છયે માગણીઓ લોકશાહી અધિકારો માટેની છે.

લોકતંત્રના વિકાસમાં ઇંગ્લંડ મોખરે હતું. ૧૮૬૫થી ૧૮૮૫ના ગાળામાં ત્યાં શ્રમજીવીઓએ મતાધિકાર પ્રાપ્ત કરી લીધો હતો. શ્રમજીવી વર્ગ દેશના રાજકારણ ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે એવી સ્થિતિ ત્યાં ઊભી થઈ ગઈ હતી. આથી લોકતંત્રની પ્રક્રિયાઓનો અને સરકારી તંત્રનો અસરકારક ઉપયોગ કરી સમાજપરિવર્તનનું કામ આગળ ધપાવી શકાય તે પ્રશ્ન તરફ ત્યાંના ઉદ્દામ ચિન્તકોનું ધ્યાન દોરાય તે તદ્દન સ્વાભાવિક હતું. આ પ્રકારનું રીતસરનું ચિન્તન ઇંગ્લંડના 'ફેબિયન સમાજવાદીઓ'થી શરૂ થાય છે.

ફેબિયન સોસાયટીની સ્થાપના ઈ. સ. ૧૮૮૩માં થઈ. 'ફેબિયન' શબ્દ જ સોસાયટીના હેતુઓનો સૂચક છે. પ્રાચીન રોમના એક સેનાપતિ ફેબિયસ મૅક્સિમસે પોતાના દેશ ઉપર ચડાઈ કરનાર હૅનિબાલ સામેની લડાઈમાં શિકસ્ત મળતાં અન્તે એવો ઉપાય સૂચવ્યો કે રોમનોએ હૅનિબાલના લશ્કરને સીધી લડાઈ આપવી જ નહીં; તેમણે હૅનિબાલના લશ્કરને રંજાડવાનું કામ કર્યે રાખવું અને તે થાકે ત્યારે જ તેને સીધી લડાઈઓ આપવાનું શરૂ કરવું.

ફેબિયનોના મતે ક્રાન્તિકારીઓએ મૂડીવાદ ઉપર સીધું આક્રમણ લઈ જવાની જરૂર નથી. પોતાના આંતરવિરોધોને કારણે મૂડીવાદ નબળો પડતો જ જવાનો છે. સમાજવાદીઓએ મૂડીવાદની આ ત્રુટિઓ ઉઘાડી પાડતા રહેવું જોઈએ અને આજના જમાનાને સમાજવાદ જ કેમ વધુ કાર્યક્ષમ અને વધુ લાભદાયી વ્યવસ્થા પૂરી પાડી શકે તેમ છે તે બતાવતા રહેવું જોઈએ. ફેબિયનોના મતે સૌ પ્રથમ જરૂર હતી સમાજજીવન વિશેના તલસ્પર્શી અને વૈજ્ઞાનિક અભ્યાસની. તેવા અભ્યાસને આધારે મૂડીવાદી પદ્ધતિની બિનકાર્યક્ષમતા, તેમાં થતો સમ્પત્તિનો દુર્વ્યય, તેના આંતરવિરોધો વગેરે ઉઘાડાં પાડી શકાય અને મૂડીવાદી પદ્ધતિને સ્થાને નવી કાર્યક્ષમ પદ્ધતિ સ્વીકારવા માટે લોકમાનસ તૈયાર કરી શકાય.

ફેબિયન સોસાયટી સાથે ઇંગ્લંડના ટોચના બુદ્ધિજીવીઓ સંકળાયેલા હતા. સિડની વેબ (ઈ. સ. ૧૮૫૨–૧૯૪૭), તેનાં પત્ની બિએટ્રિસ વેબ (ઈ. સ. ૧૮૫૮–૧૯૪૩), સિડની ઑલિવર, ગ્રેહામ વાલિસ, ઍની બેસંટ, જૉર્જ બર્નાર્ડ શૉ, રામ્સે મૅકડોનાલ્ડ, એચ. જી. વેલ્સ, પેથિક-લૉરેન્સ, જી. ડી. એચ. કોલ વગેરે વગ ધરાવતા અને ખ્યાતનામ વિદ્વાનો આ સંસ્થાના સક્રિય કાર્યકર્તાઓ હતા. ઇંગ્લંડમાં સમાજવાદ તરફનું




**ફેબિયનો**

ડાબી બાજુથી
બર્નાર્ડ શૉ, બિએટ્રિસ વેબ, સિડની વેબ અને ગ્રેહામ વાલિસ.


અને કલ્યાણરાજ તરફનું વલણ વિકસાવવામાં ફેબિયન ચિન્તકોનો ફાળો ઘણો નોંધપાત્ર છે. વળી, આ ફેબિયન વિચારોની અસર યુરોપમાં મવાળ સમાજવાદી વિચારો વિકસાવવામાં બહુ મોટી છે. લોકશાહી સમાજવાદના વિચારનો મહત્ત્વનો પ્રણેતા અને વિખ્યાત જર્મન ચિન્તક એડવર્ડ બર્નશ્ટાઇન (ઈ.સ. ૧૮૫૦–૧૯૨૫) તેના ઇંગ્લંડના વસવાટ દરમિયાન ફેબિયન ચિન્તકોના ઘનિષ્ઠ પરિચયમાં આવ્યો હતો અને તે વિચારોએ તેના મન ઉપર ઘેરી અસર પાડી હતી.

બ્રિટનની જેમ જર્મનીમાં પણ શ્રમજીવી ચળવળની શરૂઆતમાં શ્રમજીવીઓના રાજકીય અધિકારો માટેની લડતને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જર્મનીમાં મોટા પાયા ઉપરની શ્રમજીવી ચળવળ અને સંગઠન વિકસાવવાનું માન ફર્ડિનાન્ડ લાસાલ(ઈ.સ. ૧૮૨૫–૧૮૬૪)ને જવું ઘટે. લાસાલને લોકતંત્રમાં અખૂટ શ્રદ્ધા હતી. તેના મતે લોકતંત્ર જ માનવસુખ અને માનવ સ્વાતંત્ર્યના વિકાસનું એકમાત્ર સાધન હતું. તે માનતો હતો કે કારખાના પદ્ધતિ(ફૅક્ટરી સિસ્ટમ)ના વિકાસે રાજકારણનો તખ્તો સમ્પૂર્ણ રીતે બદલી નાખ્યો છે. કારખાના પદ્ધતિના વિકાસને પરિણામે શ્રમજીવી વર્ગ સૌથી વધુ સંગઠિત અને સૌથી વધુ બળવાન વર્ગ તરીકે આગળ આવ્યો છે. જો શ્રમજીવી વર્ગ રાજકીય અધિકારો પ્રાપ્ત કરે તો તે સરળતાથી રાજકીય સત્તા હાંસલ કરી શકે. લાસાલનો પક્ષ 'સોશિયલ ડેમોક્રેટિક' (સમાજવાદી લોકશાહી) પક્ષ તરીકે ઓળખાતો હતો.

લાસાલના મૃત્યુ પછી જર્મન સોશિયલ ડેમોક્રેટિક પક્ષ જ્યારે માર્ક્સના અનુયાયીઓના હાથમાં ગયો ત્યારે પણ તે પક્ષે શ્રમજીવીઓના રાજકીય અધિકારો હાંસલ કરવા માટેની ઝુંબેશને પ્રાધાન્ય આપવાનું ચાલુ



જી. ડી. એચ. કોલ



ફર્ડિનાન્ડ લાસાલ

હતું. શ્રમજીવી ચળવળની શરૂઆતના કાળમાં સમાજવાદ અને લોકતંત્રને એકબીજાના પૂરક ગણવામાં આવતા હતા. રશિયાના શ્રમજીવી પક્ષનું નામ પણ 'સોશિયલ ડેમોક્રેટિક પક્ષ' હતું. પાછળથી તે પક્ષના ભાગલા પડ્યા અને તેનો એક ભાગ લેનિનની રાહબરી નીચે બૉલ્શેવિક (કૉમ્યુનિસ્ટ) પક્ષ થયો અને સોશિયલ ક્રેટિક મતમાં શ્રદ્ધા રાખનારાઓ 'મેન્શેવિકો' તરીકે જુદા પડ્યા.

## માર્ક્સવાદની પુનર્વિચારણા

જર્મન વિચારક એડવર્ડ બર્નશ્ટાઈનથી લોકશાહી સમાજવાદના વિચારનો એક નવો તબક્કો શરૂ થાય છે. બર્નશ્ટાઈને લોકશાહી સમાજવાદના વિચારને એક સુસંકલિત સૈદ્ધાન્તિક માળખું પૂરું પાડવાનો પ્રયત્ન કર્યો, તેણે માર્ક્સના મૂળભૂત વિચારોની 'પુનર્વિચારણા' કરી અને માર્ક્સના વિચારો અને લોકશાહી વિચારો વચ્ચે મેળ બેસાડવાનો પ્રયત્ન કર્યો. (આથી તેને 'રિવિઝનિસ્ટ' એટલે કે પુનર્વિચારવાદી કહેવામાં આવે છે.)

હકીકતે માર્ક્સની માફક તેને પણ પોતાના ઉદ્દામ વિચારોને કારણે જર્મની છોડવું પડ્યું હતું અને લંડનમાં આશ્રય લેવો પડ્યો હતો. લંડનમાં તે માર્ક્સ અને ઍન્ગલ્સના પરિચયમાં પણ આવ્યો હતો અને તેમના વિચારોથી સુપરિચિત થયો હતો. આમ, ફેબિયન અને માર્ક્સવાદી વિચારોની તુલનાને અન્તે, બર્નશ્ટાઈને માર્ક્સના વિચારોની ટીકા લંડનના પોતાના વસવાટ દરમિયાન લખી નાખી હતી. પરન્તુ તેણે માર્ક્સના સાથી ઍન્ગલ્સના મૃત્યુ પછી જ માર્ક્સના ખ્યાલો સામે ખુલ્લી રીતે તે બહાર પાડવાની શરૂઆત કરી. તેની પુનર્વિચારણાના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે :

૧. માર્ક્સનો એક મહત્ત્વનો વિચાર મૂડીના કેન્દ્રીકરણનો છે. માર્ક્સ એમ માનતો હતો કે નાના મૂડીદારો ક્રમે ક્રમે ઊખડતા જશે અને મોટા મૂડીદારોના હાથમા મૂડીનું કેન્દ્રીકરણ થતું જશે. બર્નશ્ટાઈનના મતે માર્ક્સનું આ વિધાન અમુક અંશે જ સાચું ઠર્યું છે. અમુક ઉદ્યોગોમાં ઈજારાશાહી ઊભી થઈ છે. પરન્તુ, કેન્દ્રીકરણની પ્રક્રિયા ઉદ્યોગનાં બધાં ક્ષેત્રોમાં એકધારી રીતે આગળ નથી વધી. ખેતીવાડીના ક્ષેત્રમાં કેન્દ્રીકરણ બહુ ધીમી ગતિએ આગળ વધ્યું છે.

૨. માર્ક્સ માનતો હતો કે સમય જતાં મધ્યમવર્ગ નષ્ટ થઈ જશે. માર્ક્સની આ માન્યતા પણ સાચી પુરવાર થઈ નથી. મધ્યમવર્ગનું સ્વરૂપ બદલાયું છે, પણ તે નષ્ટ થયો નથી.

૩. માર્ક્સના મતે મૂડીવાદ જેમ જેમ આગળ વધતો જશે તેમ તેમ ગરીબો વધુ ને વધુ ગરીબ થતા જવાના. બર્નશ્ટાઈનના મતે અમુક અંશે જરૂર આમ થયું છે, પરન્તુ આ વિધાન પણ પૂરું સાચું નથી ઠર્યું. શ્રમજીવીઓનાં સંગઠનોએ શ્રમજીવી વર્ગની તાકાતમાં ઉમેરો કર્યો છે. (શ્રમજીવીઓ નીચી મૂડીએ શોષણ સહન કરીને બેઠા રહે એવી સ્થિતિ રહી નથી. શ્રમજીવીઓ પોતાના સામુદાયિક બળથી મૂડીવાદીઓ સામે ઝૂઝે છે અને પોતાનાં હિતો આગળ વધારવામાં સફળ થયા છે.) ઉપરાન્ત, લોકતંત્રના વિકાસને પરિણામે શ્રમજીવી વર્ગનો રાજકીય પ્રભાવ ખૂબ વધ્યો છે.



એડવર્ડ બર્નસ્ટાઇન

માર્ક્સવાદની પુનર્વિચારણા



કાર્લ કૉટ્સ્કી

ઉપરનાં કારણોએ માર્ક્સ પછીના ત્રણ દાયકામાં શ્રમજીવી વર્ગની આર્થિક સ્થિતિ બગડતી અટકી છે, એટલું જ નહીં પણ તેમાં ક્રમે ક્રમે સુધારો થતો ગયો છે. મૂડીના કેન્દ્રીકરણ અને બહુજનસમાજના નિર્ધનીકરણની પ્રક્રિયા ચરમ સીમાએ પહોંચી મૂડીવાદના ફુરચેફુરચા ઉડાવી દેશે એવું માર્ક્સનું વિધાન પુનર્વિચારણા માગી લે છે.

વળી, મૂડીવાદમાં આંતરવિરોધ છે, પણ તે આંતરવિરોધ મૂડીવાદને નષ્ટ કરી નાખે એવી વિસ્ફોટક સ્થિતિએ નથી પહોંચી શક્યો. કેમ કે, આંતરવિરોધ સ્પષ્ટ રીતે કે એકધારી અને અફર રીતે કામ નથી કર્યા કરતો. મૂડીવાદની પ્રક્રિયામાં પણ સંજોગ અનુસાર ફેરફાર થતો રહ્યો છે. જો મૂડીવાદ સંજોગ અનુસાર બદલાઈ શકતો હોય તો ક્રાન્તિ અનિવાર્ય નથી રહેતી અને ક્રમશઃ ફેરફાર શક્ય બને છે. બર્નશ્ટાઈનના મતે સમાજ-પરિવર્તન વિશેની આ હકીકતોને ધ્યાનમાં રાખી સમાજના નવનિર્માણમાં લોકતંત્ર શો ભાગ ભજવી શકે તેમ છે તે વિશે નવેસરથી વિચારવું જોઈએ.

આમ, બર્નશ્ટાઈન સમાજપરિવર્તન વિશેના માર્ક્સના 'ક્રાન્તિવાદી' સિદ્ધાન્તને સ્થાને 'ઉત્ક્રાન્તિવાદી' સિદ્ધાન્ત રજૂ કરવાનો પ્રયત્ન કરે છે. માર્ક્સે કરેલું ઈતિહાસનું આર્થિક અર્થઘટન બર્નશ્ટાઈન સ્વીકારે છે, પણ તે દ્વન્દ્વાત્મક ફિલસૂફી નથી સ્વીકારતો. તેના મતે, સમાજજીવન વિશે કોઈ પણ પૂર્વનિર્ધારિત ક્રમ અનુ-સાર જ પરિવર્તન થાય છે એવું માની ન લેવું જોઈએ. જ્ઞાનનું નિરીક્ષણાત્મક કે પ્રયોગાત્મક પરિશીલન જ વૈજ્ઞાનિક વલણ વિકસાવી શકે. દ્વન્દ્વવાદ એક પૂર્વનિર્ધારિત ક્રમ સ્વીકારાવી લે છે અને તેની વિરુદ્ધની કે તે ક્રમથી જુદી પડતી હકીકતોને ગણનામાં લઈ, તેના આધારે તારણ કાઢવાનો માર્ગ જ બંધ કરી દે છે. આમ, તેના મતે, દ્વન્દ્વવાદી ક્રમની સ્વીકૃતિ મુક્ત વૈજ્ઞાનિક પરિશીલન માટે અવરોધરૂપ છે. બર્નશ્ટાઈનના મતે, માર્ક્સે આર્થિક પરિબળને કેન્દ્રમાં રાખી કરેલું ઈતિહાસદર્શન, ઐતિહાસિક પુરાવા ઉપર આધાર રાખે છે એટલે તે વૈજ્ઞાનિક ઠરે છે, પણ દ્વન્દ્વવાદનો ક્રમ ચિન્તનાત્મક દૃષ્ટિએ તારવેલો છે અને ઐતિહાસિક પુરાવા ઉપર આધાર નથી રાખતો તેથી તે અવૈજ્ઞાનિક ઠરે છે.

ટૂંકમાં, બર્નશ્ટાઈનના વિચારનો મુખ્ય મુદ્દો એ હતો કે ક્રાન્તિ અનિવાર્ય નથી; ઉત્ક્રાન્તિના માર્ગે પણ પરિવર્તન શક્ય છે. આમ કરી તે સમાજવાદ અને લોકતંત્ર વચ્ચેનો સેતુ (જે માર્ક્સના વિચારના પ્રભાવ નીચે લુપ્ત થયો હતો) ફરી પાછો બાંધે છે, અને તેને દૃઢતર બનાવે છે.

બર્નશ્ટાઈનના વિચારોએ માર્ક્સવાદીઓમાં જબરો ખળભળાટ મચાવ્યો. તેનો વિરોધ કરનારા માર્ક્સવાદી-ઓને બે વિભાગમાં વહેંચી શકાય : (૧) મવાળ વિચારના ચુસ્ત માર્ક્સવાદીઓ; અને (૨) ઉગ્ર વિચારના ચુસ્ત માર્ક્સવાદીઓ. મવાળ વિચારના ચુસ્ત માર્ક્સવાદીઓમાં કાર્લ કૉટ્સ્કી અગ્રસ્થાને આવે. ઉગ્ર વિચારના ચુસ્ત માર્ક્સવાદીઓમાં લેનિન અગ્રસ્થાને આવે. આમ તો કૉટ્સ્કીએ બર્નશ્ટાઈનના ફેરવાદી વિચારોનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો. તેના મતે, મૂડીના કેન્દ્રીકરણની અને નિર્ધનીકરણની બંને પ્રક્રિયાઓ માર્ક્સ પછીના જમાનાએ યથાર્થ પુરવાર કરી છે. જૉઈન્ટ સ્ટૉક કંપનીની પ્રથા ઊભી થવાને કારણે કેન્દ્રીકરણની પ્રક્રિયામાં ભલે થોડોઘણો ફેર પડ્યો હોય, પણ તેને પરિણામે ઈજારાશાહીની પ્રક્રિયા અટકી નથી ગઈ. કેટલીક નાની પેઢીઓ ટકી રહી છે તેનો અર્થ એમ ન કરવો જોઈએ કે ઈજારાશાહી આગેકૂચ નથી કરી રહી. નાની પેઢીઓ અને મોટી પેઢીઓ દ્વારા થતા ઉત્પાદનના પ્રમાણ તરફ નજર નાખતાં સ્પષ્ટ રીતે દેખાશે કે દિનપ્રતિદિન ઉત્પાદનનો વધુ ને વધુ જથ્થો મોટી પેઢીઓના હાથમા જતો જાય છે. તેમ જૉઈન્ટ સ્ટૉક કંપનીઓ ઊભી થવાને કારણે, અને અન્ય સંસ્થાનો (ડુમિનિયન્સ) ઉપર કબજો મેળવીને શાહીવાદી નીતિ અખત્યાર કરવાને કારણે, મૂડીવાદ આર્થિક કટોકટીને અમુક હદે સ્થગિત કરી શક્યો છે, પરન્તુ આવી થાગડથીગડ નીતિ લાંબો વખત ટકી શકવાની નથી. તે માર્ગે મૂડીવાદને થોડા વખત માટેનું જીવતદાન મળી જાય તેમ બને, પણ તેનાથી મૂડીવાદનાં અંતર્નિહિત દૂષણો નષ્ટ નથી થઈ જવાનાં. અંતે કૉટ્સ્કી સમાજપરિવર્તન માટે ક્રાન્તિને અનિવાર્ય ગણે છે.

છતાં, આ બાબતમાં એક મહત્ત્વના મુદ્દા ઉપર કૉટ્સ્કી બર્નશ્ટાઈનની નજીક જતો દેખાય છે. કૉટ્સ્કીનો મૂળભૂત અભિગમ ઉગ્ર માર્ક્સવાદીઓથી જુદો પડે છે. તે હિંસાને અનિવાર્ય નથી ગણતો, એટલું જ નહીં

પણ હિંસાને વિપરીત કાર્ય ગણે છે. તેના મતે શ્રમજીવી વર્ગ હિંસાનો આશ્રય લે તો શોષક વર્ગને લાભ થાય. સરકારી તંત્રની મદદ લઈ શ્રમજીવી વર્ગને કચડવાનું કામ શાસક વર્ગ માટે સરળ થઈ પડે. વળી, તેના મતે, શ્રમજીવી વર્ગનું સંખ્યાબળ એટલું મોટું છે કે તે વર્ગે હિંસાનો આશ્રય લેવાની જરૂર નથી. તે પોતાના સંખ્યાબળનો ઉપયોગ શાન્તિમય માર્ગે કરીને પોતાના હેતુઓ સિદ્ધ કરી શકે તેમ છે. આથી કરીને શ્રમજીવી વર્ગ હિંસાનો આશ્રય લે તેને તે શ્રમજીવી વર્ગની નબળાઈ ગણાવે છે. આમ, કૉટ્સ્કી સમાજપરિવર્તનના માર્ગ વિશે બર્નશ્ટાઈન સાથે સંમત થતો દેખાય છે.



લેનિન

વધુમાં, કૉટ્સ્કી શાન્તિમય પરિવર્તન માટેના એક સાધન તરીકે લોકતંત્રનું મહત્ત્વ પણ સ્વીકારે છે. લેનિનની માફક તે લોકતંત્રને શ્રમજીવી વર્ગના શોષણની હકીકતને ઢાંકવા માટેના એક અંચળા તરીકે વર્ણવી વખોડી નથી કાઢતો. આમ, આ મુદ્દા ઉપર પણ કૉટસ્કી બર્નશ્ટાઇનની નજીક છે અને લેનિનથી દૂર છે. આથી જ તો, લેનિને બર્નશ્ટાઈન અને કૉટ્સ્કી બંનેને 'મૂડીવાદના ખાંધિયા' તરીકે વગોવ્યા છે.

લેનિનના મતે, શાંતિમય માર્ગે સમાજપરિવર્તન કરવાના વિચારો ક્રાન્તિ માટેની તમન્નાને ઢીલી પાડી દઈ, મૂડીવાદના બચાવનું કામ કરે છે. તેના મતે મૂડીવાદી પદ્ધતિમાં ચાલતું લોકતંત્ર, અંતે તો, મૂડીવાદી સ્વરૂપને ટકાવી રાખવા માટેનું મુખ્ય સાધન છે. આવું સાધન શ્રમજીવી વર્ગના હિતને પોષવાનું કામ કરી શકે તેવી ભ્રમણા સેવવાનો કશો અર્થ નથી. તેના મતે, વર્ગસંઘર્ષ — વર્ગયુદ્ધના તીવ્ર માર્ગે જ પરિવર્તન શક્ય છે.

ઝારની આપખુદી નીચે શાંતિમય માર્ગે પરિવર્તન લાવવાની શકયતા રશિયામાં નહીંવત્ ગણાય. આ સંજોગોમાં ત્યાં ઉગ્ર સંઘર્ષના વિચારો વધુ આકર્ષક થઈ પડે તે તદ્દન સ્વાભાવિક છે. આમ છતાં, રશિયાના સઘળા માર્ક્સવાદીઓ લેનિનના મતના હતા એમ ન માની લેવું જોઈએ. મેન્શેવિકો લેનિનના વિરોધી હતા. તેઓ મૂડીવાદી પદ્ધતિને આર્થિક અને સામાજિક વિકાસના એક સોપાન તરીકે ગણતા હતા. તેઓ લશ્કરી ઢબના પક્ષના સંગઠનના પણ વિરોધી હતા; અને બને તેટલા વધુ બહુજનોને આવરી લેનારો બૃહદ પક્ષ ઊભો કરવામાં અને બહુજનો પોતાના પ્રયત્નોથી પોતાના હાથમાં સત્તાનો દોર ગ્રહણ કરે એમાં માનતા હતા. માર્ક્સવાદના પંડિતો કે રીઢા ક્રાન્તિકારી નેતાઓ (અગ્ર વર્ગો) પોતાના હાથમાં સત્તા ગ્રહણ કરી બહુજનોનો ઉદ્ધાર કરે એમાં મેન્શેવિકો નહોતા માનતા. વળી, તેઓ લોકતંત્ર વિશે પણ લેનિનથી જુદું વલણ ધરાવતા હતા.

આ ઉપરથી જોઈ શકાશે કે લેનિન અને તેના સાથીદારો સિવાયના સઘળા માર્ક્સવાદીઓ લોકતંત્ર વિશે લેનિનથી જુદા પડતા હતા. બલ્કે, માર્ક્સના વિચારમાં ઉદ્દામ ક્રાન્તિવાદ અને 'કુલમુખત્યારવાદ' (ટોટાલિટેરિયનિઝમ્), તેમ જ માનવતાવાદી અને ઉદારમતવાદી આ બંને પ્રકારનાં વલણો પડેલાં છે. લેનિનવાદીઓએ ઉદ્દામવાદી અને કુલમુખત્યારવાદી વલણને પકડયું તો સોશિયલ ડેમોક્રેટોએ માર્ક્સનાં ઉદારવાદી અને માનવતાવાદી વલણોને અપનાવી, મદારીને ખંગીકાર્યાં.

# ૧૫ : લોકશાહી સમાજવાદની દિશામાં

આપણે જોયું કે 'સમાજવાદી લોકશાહી'(સોશિયલ ડેમોક્રસી)ના વિકાસમાં યુટોપિયન ચિન્તકો, માર્ક્સ, ફેબિયન ચિન્તકો, બર્નસ્ટાઈન, કૉટ્સ્કી : આ સૌનો ફાળો છે. પરન્તુ, આ સૌમાં ફેબિયન ચિન્તકો અને બર્નસ્ટાઈનનો ફાળો વિશેષ છે. આ ચિન્તકોએ 'લોકશાહી સમાજવાદ'(ડેમોક્રેટિક સોશિયાલિઝમ)નું વિચારમાળખું પૂરું પાડયું છે, જે થોડીક વિગતે જોઈશું.

સમાજવાદની કોઈ એક સર્વસ્વીકૃત વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. આ અગાઉ આપણે જોઈ ગયા કે નિરંકુશ વ્યક્તિવાદના વિરોધ રૂપે સમાજવાદના વિચારો ઉદ્‌ભવ્યા હતા. 'બધું વ્યક્તિ ઉપર છોડી દીધે સમાજનો — બહુજનોનો ઉત્કર્ષ સાધી શકાતો નથી અને બહુજનોનાં હિતનું રક્ષણ કરવા માટે સમાજે સક્રિય બનવું જોઈએ.' — એ શરૂઆતના સમાજવાદીઓનો મુખ્ય વિચાર હતો. તે સમયે નિરંકુશ મૂડીવાદના સઘળા વિરોધીઓને 'સમાજવાદી' તરીકે ઓળખવામાં આવતા. જુદા જુદા યુટોપિયન ચિન્તકો, વિલિયમ ગૉડવિન કે પ્રૂદાં જેવા અરાજકવાદી ચિન્તકો તેમ જ એક-કરવાદી વિચારો રજૂ કરનારા મવાળ ચિન્તકો : આ સૌને સમાજવાદી તરીકે એક પંક્તિમાં મૂકવામાં આવતા. વિચારભાતનું વૈવિધ્ય ધરાવતા આવા ચિન્તકોને એક તંતુએ બાંધતો કોઈ વિચાર હોય તો તે એ હતો કે તેઓ સૌ નિરંકુશ અને નિર્બન્ધ (લિસેફેર) મૂડીવાદના વિરોધીઓ હતા. મૂડીવાદી સમાજને બદલી તેને સ્થાને કેવી વ્યવસ્થા લાવવી જોઈએ તે વિશે તે સૌના વિચારો જુદા જુદા હતા. આ વિચારો એટલા બધા જુદા પડતા હતા કે તેમના વિચારો ઉપરથી સમાજવાદના ખ્યાલનો કોઈ એક સ્પષ્ટ આકાર ઊભો કરવો શક્ય નથી. જો કોઈએ સમાજવાદના વિચારને અમુક એક નિશ્ચિત આકાર આપ્યો હોય તો તે કાર્લ માર્ક્સે. સૌ સમાજવાદીઓ ભલે માર્ક્સના 'નિશ્ચિત આકાર'ને ન સ્વીકારતા હોય, પણ માર્ક્સ પછી સમાજવાદના વિચાર વિશે લગભગ સર્વસંમત ગણાય એવા અમુક મુદ્દા ઊપસી આવે છે. આ સમાન મુદ્દાને ધ્યાનમાં રાખી સમાજવાદની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી શકાય :

> (૧) ઉત્પાદનનાં સાધનોના સામૂહિક નિયંત્રણ અથવા સામાજિક માલિકી દ્વારા બહુજનોનું હિત સધાય એવા સામાજિક સંગઠનનો વિચાર; અને (૨) આ વિચારને અમલમાં મૂકવા માટેની ચળવળ એટલે સમાજવાદ.

ઉપરનો વિચાર આટલા મુદ્દા રજૂ કરે છે : (૧) આર્થિક વ્યવહારનું સંચાલન મુક્ત હરીફાઈના ધોરણે નહીં પણ સમાજના, એટલે કે બહુજનોના હિતના ધોરણે થવું જોઈએ; (૨) આ હેતુને પરિપૂર્ણ કરવા માટે અર્થકારણનું સામૂહિક નિયંત્રણ અનિવાર્ય હોઈ ઉત્પાદનનાં અને વિનિમયનાં સાધનો સામાજિક માલિકી કે સામૂહિક અંકુશ હેઠળ હોવાં જોઈએ; (૩) સમાજવાદ એ કેવળ વિચાર નથી, તે ચળવળ પણ છે.

સમાજવાદની ઉપર આપેલી વ્યાખ્યા સ્વયં સ્પષ્ટ છે એવું નથી. સામાજિક માલિકી એટલે કોની માલિકી? સરકારની માલિકી? ઉત્પાદકોના સંઘોની એટલે કે શ્રમજીવી સંઘોની માલિકી? કે પછી વાપરનારાઓના સંઘોની માલિકી? સામૂહિક નિયંત્રણ એટલે કોનું નિયંત્રણ? સરકારનું નિયંત્રણ? કે બીજા કોઈ પ્રકારના સામાજિક ઘટકોનું નિયંત્રણ? આ વિશે કોઈ એક મત નથી. 'સહકારી સમાજવાદ'માં માનનારા સમાજના જુદા જુદા ઘટકોની માલિકીમાં માને છે તો રાજ્યવાદી કે સમષ્ટિવાદી (કલેક્ટિવિસ્ટ) સમાજવાદીઓ

સરકારની માલિકી અને સરકારના નિયંત્રણને સામાજિક માલિકી અને સામાજિક નિયંત્રણ તરીકે ગણે છે. જોકે, આ પ્રકારના, રાજ્યવાદી સમાજવાદમાં માનનારા પણ સૌ એક મતના નથી. ઉત્પાદનનાં બધાં જ સાધનો સરકારની માલિકીનાં હોવાં જોઈએ કે પછી કેવળ ચાવીરૂપ ઉદ્યોગો જ સરકારની માલિકીના હોવા જોઈએ આ વિશે તેમનામા મતભેદ છે. વળી, સરકારી માલિકીનાં પણ અનેક સ્વરૂપો છે : કેન્દ્ર સરકારની માલિકી, સ્થાનિક સરકારોની માલિકી, સરકારે રચેલ કૉર્પોરેશનની માલિકી વગેરે. જ્યારે સમાજવાદ કેવળ એક આદર્શ હતો ત્યારે આવા પ્રશ્નો સમાજવાદીઓને ખાસ મૂંઝવતા ન હતા. પરન્તુ જ્યારે સમાજવાદીઓએ સત્તા હાંસલ કરવા માંડી ત્યારે આ અને આવા બીજા પ્રશ્નો અંગેના મતભેદો બહાર આવવા લાગ્યા.

અગાઉ આપણે જોયું તેમ સમાજવાદના વિચારની શરૂઆતના સમયે મૂડીવાદવિરોધી એવા બધા વિચારો 'સમાજવાદ' તરીકે ઓળખાતા હતા. તે સમયે 'અરાજકવાદ' (ઍનાર્કિઝમ), 'સંઘવાદ' (સિંડિકેલિઝમ) 'ફેબિયાનિઝમ', 'કૉમ્યુનિઝમ' વગેરે જુદા જુદા ફાંટા નહોતા વિકસ્યા. શરૂઆતના ઘણાખરા સમાજવાદી ચિન્તકોનો ઝોક અરાજકવાદ તરફ હતો. વિલિયમ ગૉડવિન, પ્રૂદોં વગેરે અરાજકવાદી હતા. તેમના મતે, રાજસત્તા જ શોષણને ટકાવવાનું કામ કરતી હતી — બલ્કે, રાજસત્તા વિના શોષણ ઉપર નભનારી વ્યવસ્થા ટકી જ ન શકે. આમ, મૂડીવાદના આ વિરોધીઓ રાજસત્તાના પણ વિરોધીઓ હતા. કાર્લ માકર્સને સાધારણ રીતે રાજ્યવાદી કે કુલમુખત્યારવાદી સમાજવાદનો પ્રણેતા ગણવામાં આવે છે. પરન્તુ, માકર્સના વિચારનું વિશ્લેષણ કરતાં તેમાં પણ સ્પષ્ટ રીતે અરાજકવાદી તંતુઓ દેખાશે. માકર્સનો અંતિમ આદર્શ રાજ્યવિહીન સમાજ સ્થાપવાનો છે. અંતિમ આદર્શની દૃષ્ટિએ માકર્સ અને અરાજકવાદીઓ જુદા નથી પડતા. અરાજકવાદીઓ માફક માકર્સ પણ રાજ્યને શોષણ અને બળજબરીનું સાધન ગણે છે. તે કાળના ઘણાખરા ચિન્તકો રાજ્ય વિશે એક પ્રકારની સૂગ ધરાવતા હતા. આ રાજસત્તાવિરોધી દૃષ્ટિ આજે પણ 'સહકારી સમાજવાદ'માં માનનારામાં ડોકિયાં કરતી દેખાય છે.

## અરાજકવાદ, સંઘવાદ અને સામ્યવાદ

અરાજકવાદી ચિન્તકો તેમ જ કાર્લ માકર્સ વગેરે ચિન્તકો 'રાજ્ય' સર્વજનોનું પ્રતિનિધિત્વ કરી શકે કે તે સર્વજનોના હિતનું રક્ષણ કરી શકે તેવો વિશ્વાસ નહોતા ધરાવતા. તે સૌ ચિન્તકો રાજ્યને શોષણનું સાધન ગણતા — દૂષણ ગણતા તેમ તે સૌ ચિન્તકો ખાનગી મિલકતની પ્રથાને પણ દૂષણ ગણતા. તે સૌ એમ માનતા કે રાજ્ય અને ખાનગી મિલકત આ બંને દૂષણો નષ્ટ થશે ત્યારે જ માણસજાત સુખશાન્તિ પ્રાપ્ત કરી શકશે. પરન્તુ, આ બે દૂષણોમાં મૂળભૂત દૂષણ કયું તે વિશે માકર્સવાદીઓ અને અરાજકવાદીઓ વચ્ચે ભેદ છે. અરાજકવાદીઓ રાજ્યને શોષણ સમેત સર્વ દૂષણોનું મૂળ ગણે છે. તેઓ એમ માને છે કે શોષણની પ્રથા રાજ્યને કારણે અસ્તિત્વમાં આવી છે અને રાજ્યના ટેકાને કારણે જ ટકી રહી છે. રાજ્યને નષ્ટ કરવામાં આવે તો ખાનગી મિલકતની પ્રથા આપોઆપ નષ્ટ થઈ જાય. જ્યારે માકર્સ એમ માનતો કે શોષણયુક્ત ખાનગી મિલકત પેદા થયા બાદ તેની રક્ષા માટે રાજ્ય અસ્તિત્વમાં આવ્યું છે. ખાનગી મિલકત નષ્ટ થાય તો રાજ્ય આપોઆપ નષ્ટ થઈ જાય. માકર્સને મન દૂષણનું મૂળ રાજ્ય નથી પણ ખાનગી મિલકત છે; અરાજકવાદીઓ એમ માને છે કે માણસનો અસલ સ્વભાવ સમાજગામી છે અને સમાજવિરોધી દુર્ગુણો મનુષ્યસ્વભાવની વિકૃતિનું પરિણામ છે. પ્રેમ, સહકાર, સદ્ભાવ, ખેલદિલી આ બધા ગુણો મનુષ્ય માટે સહજ છે. રાજસત્તા બળજબરીનું સામ્રાજ્ય ઊભું કરી મનુષ્યના અસલ સ્વભાવને વિકૃત કરી મૂકે છે અને પ્રેમ, સહકાર, અનુકમ્પા જેવાં મનુષ્ય સ્વભાવનાં સ્વાભાવિક ઝરણાંને સૂકવી નાખે છે. તેમના મતે, રાજસત્તા બળજબરીનું સામ્રાજ્ય સ્થાપે છે; તેને પરિણામે જ ઈર્ષા, લોભ, સંઘરાવૃત્તિ, ક્રૂરતા વગેરે માનવસ્વભાવની વિકૃતિઓ જન્મેલી છે. તેઓના મતે, જો રાજ્યતંત્રને નષ્ટ કરવામાં આવે તો સહકારી વૃત્તિ ને પ્રવૃત્તિ આપોઆપ ફૂલીફાલી ઊઠશે.

આમ તો, સંઘવાદ (સિંડિકેલિઝમ)ને અરાજકવાદનો જ એક ફાંટો ગણી શકાય. દક્ષિણ યુરોપના દેશોમાં, ખાસ કરીને ફ્રાન્સમાં અરાજકવાદીઓની માફક સંઘવાદીઓ પણ રાજ્યતંત્રને સર્વ દૂષણોનું મૂળ ગણે છે અને રાજ્યતંત્રને નષ્ટ કરીને જ નવો સમાજ રચી શકાય એમ માને છે. પરન્તુ, સંઘવાદીઓ અને અરાજકવાદીઓ વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે. અરાજકવાદીઓ રાજસત્તા કે બળજબરીયુક્ત બીજા કોઈ પણ પ્રકારની સમાજસત્તા નથી સ્વીકારતા. સંઘવાદીઓ રાજસત્તાના વિરોધી છે પણ તેઓ મજૂર મંડળોને સમાજનાં સાચાં સત્તાકેન્દ્રો ગણે છે. મજૂર મંડળો પાસે દબાણ – બળજબરીના તરીકા હોવા જોઈએ એમ પણ તેઓ માને છે. રાજ્યતંત્રને નષ્ટ કરવા માટે, તેમ જ રાજ્યતંત્રને નષ્ટ કરી તેને સ્થાને નવું સામાજિક તંત્ર ઊભું કરવા માટે, આ પ્રકારના સંગઠનબળની જરૂર છે તેમ સંઘવાદીઓ સ્વીકારે છે; જ્યારે અરાજકવાદીઓ યેન કેન પ્રકારે રાજ્યતંત્રને નષ્ટ કરવાની બાબત ઉપર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરતા હતા.

સંઘવાદ ઉગ્ર વર્ગસંઘર્ષમાં માને છે. તેઓ હડતાળને ગુરુમંત્ર ગણે છે, અને શ્રમજીવીઓની લડતને આગળ ધપાવવા માટે હિંસક અને ભાંગફોડિયા માર્ગોનો આશ્રય લેતાં અચકાવું ન જોઈએ એમ પણ માને છે. તેમના મતે ઉત્પાદક શ્રમ માનવ સંસ્કૃતિનું કેન્દ્રવર્તી મૂલ્ય છે અને ઉત્પાદક શ્રમ ન કરનારાઓએ સમાજ ઉપર પોતાનું આધિપત્ય ઊભું કર્યું એ જ માનવ સમાજની અધોગતિનું મુખ્ય કારણ છે. શ્રમજીવીઓની સંઘશક્તિ જ માણસજાતને આ અધોગતિમાંથી ઉગારી શકે. ટૂંકમાં, સંઘવાદીઓ શ્રમિકવર્ગની સંઘશક્તિના પૂજક રહ્યા છે, અને એટલે અંશે લોકતંત્રના વિરોધીય.

શ્રમજીવી ચળવળમાં સંઘશક્તિનું માહાત્મ્ય સ્થાપવામાં તેમ જ તેનાં લડાયક અને ઝનૂની પાસાં વિકસાવવામાં તેમનો ફાળો મોટો છે. તે રીતે ઉદ્યોગના સંચાલનમાં મજૂરોને સહભાગી બનાવવાનો વિચાર એટલે કે ઉદ્યોગોમાં સ્વશાસનનો વિચાર વિકસાવવાનું કામ પણ સંઘવાદીઓએ કર્યું છે. ઉદ્યોગ સંચાલનમાં મજૂરોની ભાગીદારીનો આ વિચાર સમાજવાદના વિચારનું એક નવું પરિમાણ છે.


અરાજકવાદ કે સંઘવાદની અસર મુખ્યત: ફ્રાન્સ અને ઈટાલીમાં હતી. ઈંગ્લડ કે જર્મનીને એ ખાસ સ્પર્શી નહોતા શક્યા. ફ્રાન્સ કે દક્ષિણ યુરોપના દેશોમાં રાજસત્તા વિરુદ્ધ જેટલી નફરત હતી તેટલી નફરત ઈંગ્લંડમાં ન હતી, એટલે રાજસત્તાને નષ્ટ કરવાના વિચારો ઈંગ્લંડમાં લોકપ્રિય ન થાય તે દેખીતું છે. સંઘવાદી વિચારોનો પ્રભાવ ઈંગ્લંડમાં એક નવી વિચારસરણી ઊભી કરે છે. ત્યાં 'શ્રેણી સમાજવાદ' (ગિલ્ડ સોશિયાલિઝમ) નામનો એક નવો વિચાર ઊભો થાય છે. શ્રેણી સમાજવાદ એ સંઘવાદ અને રાજ્યવાદી સમાજવાદનું મિશ્રણ ગણાય. તેઓ 'ઔદ્યોગિક ઘટકોના સ્વાયત્ત વહીવટ'ના સંઘવાદી વિચારને સ્વીકારે છે. તેમ જ ઉત્પાદક વર્ગના સંઘોને રાજ્યતંત્રમાં આગવું સ્થાન મળવું જોઈએ તે વિચાર પણ સ્વીકારે છે. પરન્તુ, જુદા જુદા ઔદ્યોગિક ઘટકો વચ્ચે અને ઉત્પાદક વર્ગ અને વાપરનારા વર્ગનાં હિતો વચ્ચે મેળ બેસાડવા માટે તેઓ પ્રાદેશિક રાજસત્તાની જરૂરિયાત સ્વીકારે છે. 'શ્રેણી સમાજવાદ' એ 'સહકારી સમાજવાદ' અને 'રાજ્યવાદી સમાજવાદ' આ બંને વચ્ચે સેતુ બાંધી શકે તેવો વિચાર છે.

એકંદરે, અરાજકવાદ અને સંઘવાદ સમાજવાદના મૂળ વિચારની આડીઅવળી શાખાઓ ગણાય. સમાજવાદના વિચારનો મુખ્ય પ્રવાહ 'રાજયવાદી સમાજવાદ'ના વિચારનો જ ગણાય. આ વિચાર જ વીસમી સદીના ઈતિહાસઘડતરમાં પ્રમુખ બળ તરીકે કામ કરી જાય છે. સમય જતાં અરાજકવાદ, સંઘવાદ, શ્રેણી સમાજવાદ વગેરે વિચારો રાજ્યવાદી સમાજવાદના ઘોડાપૂરમાં અદૃશ્ય થઈ જતા લાગે છે. આમ છતાં, સમાજવાદનો આદર્શ વિકસાવવામાં આ વિચારોનું જે અર્પણ છે તેની અવજ્ઞા ન કરવી જોઈએ. સમાજવાદનો અન્તિમ આદર્શ શોષણવિહીન અને દમનવિહીન સમાજ હાંસલ કરવાનો છે. સમાજવાદના આ આદર્શનાં જુદાં જુદાં પાસાંને સ્ફુટ કરવામાં અરાજકવાદ, સંઘવાદ અને શ્રેણી સમાજવાદનો ફાળો સ્વીકારવો રહ્યો.

વીસમી સદીના પૂર્વાર્ધમાં સમાજવાદના મુખ્ય પ્રવાહમાંથી બે ફાંટા વિકસ્યા : (૧) લેનિનવાદી બૉલ્શેવિઝમ (કૉમ્યુનિઝમ); (૨) લોકશાહી સમાજવાદ (ડેમોક્રેટિક સોશિયાલિઝમ). આ બન્ને વિચારો ઉત્પાદનનાં

સાધનોની ખાનગી માલિકીની વિરુદ્ધ છે. તે જ રીતે, સમાજપરિવર્તન માટે રાજસત્તાનો ઉપયોગ અનિવાર્ય લેખે છે. પરંતુ આ બંને વચ્ચેનું સામ્ય અહીં પૂરું થાય છે. સમાજપરિવર્તનની પદ્ધતિ વિશે આ બંને વચ્ચે સામ્ય કરતાં ભેદનું પ્રમાણ મોટું છે અને પાયાનું છે.

કૉમ્યુનિસ્ટો સાચા સમાજપરિવર્તન માટે દરેક પ્રકારના પ્રવર્તમાન તંત્રને ઉખેડી નાખવાનું અનિવાર્ય ગણે છે. લોકતંત્રને પણ તેઓ મૂડીવાદને ટકાવવા માટેના સાધન તરીકે ગણે છે. તેઓ લોકતંત્ર અને બીજા પ્રકારનાં શોષણયુક્ત તંત્રો વચ્ચે કોઈ ગુણભેદ સ્વીકારતા નથી. ઊલટું, તેમના મતે, લોકતંત્ર બહુજનોની સમ્મતિનો સ્વાંગ સજે છે અને પોતાનું વર્ગીય શોષણ અને દમનયુક્ત સ્વરૂપ છુપાવી રાખી શકે છે, એટલે તે બીજા પ્રકારનાં તંત્રો કરતાં વધુ ભયાનક છે. ત્યારે, લોકશાહી સમાજવાદીઓ લોકતંત્રને સમાજવાદ લાવવા માટેનું એક અસરકારક સાધન ગણે છે, એટલું જ નહીં પણ તેઓ લોકતંત્રને સમાજવાદની માફક જ એક પાયાનું મૂલ્ય ગણે છે. તેઓ સમાજવાદ અને લોકતંત્રને એક સિક્કાની બે બાજુ જેવાં જ ગણે છે; અને આ રીતે, લોકતંત્ર માટેની લડતને સમાજવાદ માટેની લડતનો એક અંતર્ગત અને અવિભાજ્ય ભાગ લેખે છે. સમાજવાદનાં સંસ્થાપન અંગેના અભિગમનો આ ભેદ કૉમ્યુનિઝમ અને લોકશાહી સમાજવાદને અનેક મહત્ત્વના મુદ્દા ઉપર જુદા પાડે છે.



**મજૂર દિનનું ઘોષણાપત્ર**

પહેલી મે, ૧૮૯૯ના દિવસે 'લેનિન લીગ ઑફ સ્ટ્રગલ ફૉર ધ ઇમેન્સીપેશન ઑફ ધ વર્કિંગ ક્લાસે' બાર માગણીઓની જાહેર કરેલી જેમાં રોજ દસ કલાકનું કામ અને કારખાનાંમાં ફૅક્ટરી ઇન્સ્પેક્ટર નીમવાની માગણીઓ પણ હતી. આ દિનની ઉજવણીના આ પોસ્ટરમાં દાઢીવાળું ચિત્ર કાર્લ માર્ક્સનું છે. ત્યાર બાદ આજ દિન સુધી આ દિવસ વિશ્વભરમાં બધે મજૂર દિન તરીકે ઊજવાય છે.

આપણે આ અગાઉ જોયું તેમ લોકતંત્ર વિશે માર્ક્સ પોતે સ્પષ્ટ ન હતો. તે વિશે તેણે જુદા જુદા સમયે જુદા જુદા વિચારો દર્શાવેલા દેખાશે. આ કારણે તેના પછી તેના અનુયાયીઓ લોકતંત્ર વિશે જુદા જુદા વિચારો ધરાવે તેમાં નવાઈ નથી. પરન્તુ, અહીં એક મુદ્દા વિશે ફરીથી સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે. લેનિને ક્રાન્તિ વિશે, પક્ષના સંગઠન વિશે અને લોકતંત્ર વિશે જે વિચારો રજૂ કરેલા છે તે તેના આગવા વિચારો છે. માર્ક્સના મૂળ વિચારો સાથે તે વિચારો કેટલી હદે સંમત છે તે એક ચર્ચાનો વિષય છે. માર્ક્સના સમયમાં ઊભા થયેલા માર્ક્સવાદી સોશિયલ ડેમોક્રેટ પક્ષો બહુજનોના ખુલ્લા પક્ષો કે મુક્ત આમ-પક્ષો હતા. તાલીમ પામેલા ચુનંદા સભ્યો(કાડર)ના બંધિયાર પક્ષનો વિચાર લેનિનનો હતો અને તે વિશે સૌ સોશિયલ ડેમોક્રેટો એકમત ન હતા. આમ છતાં, લેનિનના વિરોધી સોશિયલ ડેમોક્રેટોમાંના ઘણાખરા એમ તો માનતા જ હતા કે ક્રાન્તિ વિના ધરમૂળથી સમાજપરિવર્તન શકય નથી. બહુજનોના ખુલ્લા પક્ષો ક્રાન્તિ લાવવા માટેના અસરકારક સાધન તરીકે શી રીતે કામ કરી શકે તે એક કોયડો હતો. પશ્ચિમ યુરોપમાં લોકતંત્ર સ્થિર થઈ ચૂકયું હતું, તે તંત્ર બહુજનોની માન્યતા પણ પ્રાપ્ત કરી ચૂકયું હતું. લોકશાહી પ્રક્રિયાની અસરને કારણે લોકતંત્ર-વિરોધી વલણ તે દેશોમાં આગળ ચાલી શકે તેવું હતું જ નહીં. લોકશાહી દેશોના માર્ક્સવાદી સોશિયલ ડેમોક્રટો લોકશાહી દેશોની આ વાસ્તવિક પરિસ્થિતિને અનુકૂળ થઈ પડે એવું સ્થિર અને ચોક્કસ વલણ અપનાવવામાં નિષ્ફળ ગયા. તેમાંના જેઓ લેનિનવાદના પ્રભાવ નીચે હતા તેઓ લોકતંત્ર વિરુદ્ધના વલણને જડસુની જેમ વળગી રહ્યા અને તે કારણે તેઓ પોતપોતાના દેશોના મુખ્ય રાજકીય પ્રવાહથી અળગા પડી ગયા. તેમાંના કેટલાક બર્નશ્ટાઇનના પુનર્વિચારવાદ તરફ વળ્યા અને બિનમાર્ક્સવાદી સમાજવાદીઓ સાથે ભળી ગયા. તેમણે પોતપોતાના દેશના લોકશાહી માળખાની છત્રછાયા સ્વીકારી લીધી અને એ માળખામાં રહી, માળખાના એક ભાગરૂપે કામ કરતા થયા. આમ, લોકશાહી સમાજવાદીઓ અને કૉમ્યુનિસ્ટો—સામ્યવાદી સમાજવાદીઓ બંને સ્પષ્ટ તડાંમાં વહેંચાઈ ગયા અને બંને એકબીજાના દુશ્મન તરીકે કામ કરતા થયા.



વિશ્વના મહેનતકશો એક થાઓ! સિવાય જંજીર ગુમાવવા શેષ રહ્યું છે શું?

મવાળ સમાજવાદીઓએ લોકશાહીનો માર્ગ સ્વીકાર્યો એટલે લોકશાહીનાં પરિબળોના દબાણ નીચે તેમની નીતિ અને વિચારોનું પણ નવસંસ્કરણ શરૂ થયું. આ નવસંસ્કરણ સમજવા માટે લોકશાહીના વિકાસની સાથે

સાથે બહુજનસમાજ કેવી રીતે લોકશાહી માળખાનો અંતર્ભાગ બનતો ગયો, લોકશાહીના વિકાસ સાથે શ્રમજીવી વર્ગનું કેમ રાજકીયકરણ થયું, તેમ જ શ્રમજીવી વર્ગો લોકશાહીને માર્ગે વળવાને પરિણામે તેમના પક્ષોની નીતિમાં કેવાં ધરમૂળનાં પરિવર્તનો આવ્યાં તે જોવાનો પ્રયત્ન કરશું.

ઓગણીસમી સદીના અંતભાગમાં પશ્ચિમ યુરોપના ઘણાખરા દેશોમાં લોકતંત્ર ઠીક ઠીક હદે વિકસી ચૂક્યું હતું. ઈંગ્લંડમાં ૧૮૬૭ અને ૧૮૮૪ના કાયદાએ મતાધિકારનો સારા પ્રમાણમાં વિસ્તાર કર્યો હતો. ૧૮૬૭માં જર્મનીમાં બિસ્માર્કે પુખ્તવય પુરુષ મતાધિકાર દાખલ કર્યો હતો. ૧૯૦૭માં સ્વીડનમાં અને ઑસ્ટ્રિયામાં પણ તેવા મતાધિકાર માટેના કાયદા થયા હતા. જેમ જેમ ઔદ્યોગિક પ્રગતિ થતી ગઈ તેમ તેમ તે દેશોમાં શ્રમજીવી વર્ગના શિક્ષણના પ્રમાણમાં પણ વધારો થતો ગયો. સાથે સાથે શ્રમજીવીઓનું સંઘબળ અને તેમની રાજકીય જાગૃતિ પણ વધતાં ગયાં.

વીસમી સદીની શરૂઆતથી જ શ્રમજીવી વર્ગના રાજકીયકરણની અસર પશ્ચિમ યુરોપના રાજકારણ ઉપર વરતાતી જોઈ શકાય છે. શ્રમજીવીઓના રાજકીય પક્ષો રચાયા અને તેવા પક્ષોએ ચૂંટણીઓમાં ઝુકાવવાનું શરૂ કર્યું. બ્રિટનમાં ૧૯૦૬માં ૨૯ અને ૧૯૧૦માં ૪૨ મજૂર પક્ષના સભ્યો આમસભામાં ચૂંટાયા. જર્મન સોશિયલ ડેમોક્રેટિક પક્ષના મતોમાં પણ ક્રમશઃ વધારો થતો ગયો. તે પક્ષને ૧૮૭૧માં ૩,૪૦,૦૦૦, ૧૮૭૭માં ૫,૦૦,૦૦૦, ૧૮૮૭માં ૭,૬૩,૦૦૦, ને ૧૮૯૦માં ૧૪,૨૭,૦૦૦ મત મળ્યા. પુખ્તવય મતાધિકાર દાખલ થયા પછી થયેલી પહેલી ચૂંટણીમાં ઑસ્ટ્રિયન સોશિયલ ડેમોક્રેટિક પક્ષને ૩૩ ટકા મત મળ્યા. વીસમી સદીની શરૂઆતમાં બ્રિટન, હોલેન્ડ, બેલ્જિયમ, જર્મની, ઑસ્ટ્રિયા, સ્વીડન, નૉર્વે, ડેનમાર્ક વગેરે દેશોમાં શ્રમજીવી પક્ષો ઠીક ઠીક સફળતા પ્રાપ્ત કરી શક્યા.

શ્રમજીવી પક્ષોએ પાર્લમેન્ટરી માર્ગ અપનાવ્યા પછી લોકતંત્રનાં પરિબળોની અસર તે પક્ષોની નીતિ ઉપર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ચૂંટણી દ્વારા સત્તા કબજે કરવાની નીતિ અનુસરનારા દરેક પક્ષે લોકમતને આકર્ષી શકે તેવી નીતિ તરફ વળવું પડે છે. સિદ્ધાન્તોને જડસુની જેમ વળગી રહેવાનું તેવા પક્ષોને પાલવે જ નહીં. આવા પક્ષોએ લોકમતના પલટા અનુસાર પોતાની નીતિમાં પણ પલટા કરતા રહેવું પડે. યુરોપના સોશિયલ ડેમોક્રેટિક પક્ષોએ લોકતંત્રનો માર્ગ અખત્યાર કર્યા પછી તે પક્ષોનાં સૈદ્ધાન્તિક વલણોમાં કેવું પરિવર્તન આવ્યું છે તે જોવું રસપ્રદ છે.



કૅર હાર્ડી
(ઈ. સ. ૧૮૫૬–૧૯૧૫)
બ્રિટનમાં મજૂર પ્રવૃત્તિના પ્રણેતા


# લોકશાહી પાયાનું વિસ્તરણ

## પ્રથમ વિશ્વયુદ્ધ

સમાજવાદનો વિચાર આંતરરાષ્ટ્રવાદી અને શાન્તિવાદી છે. સમાજવાદના મતે યુદ્ધ એ મૂડીવાદી સમાજની વિષમતાઓમાંથી ઊભી થતી વિકૃતિ છે. સાચો સમાજવાદી કદીય મૂડીવાદી રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધનો પક્ષકાર ન બની શકે. દરેક સમાજવાદીની ફરજ યુદ્ધ આવતું અટકાવવાની છે, અને સમાજવાદીઓના તેવા પ્રયત્નો છતાં પણ જો યુદ્ધ આવી પડે તો સમાજવાદીઓએ યુદ્ધનો ખુલ્લી રીતે વિરોધ કરવો જોઈએ અને યુદ્ધે ઊભી કરેલી યાતનાઓનો લાભ લઈ મૂડીવાદી સમાજને ઉથલાવી પાડવા માટે કમર કસવી જોઈએ. યુરોપમાં જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધના આગમનનાં નગારાં વાગવાં શરૂ થયાં ત્યારે સોશિયલ ડેમોક્રેટિક પક્ષોએ યુદ્ધને રોકવાની અને યુદ્ધ આવે તો યુદ્ધનો વિરોધ કરવાની નીતિને વળગી રહેવાની નીતિનો પુનરુચ્ચાર કર્યો. ૧૯૧૦માં કોપનહેગનમાં મળેલી બીજી સમાજવાદી આંતરરાષ્ટ્રીય સંસ્થાની બેઠકમાં ઠરાવવામાં આવ્યું કે સમાજવાદી-ઓએ યુદ્ધનો વિરોધ કરવો અને પોતપોતાના દેશની પાર્લમેન્ટમાં યુદ્ધખર્ચ મંજૂર કરાવવા માટેની દરખાસ્ત આવે ત્યારે સમાજવાદી સભ્યોએ તે દરખાસ્ત ઉડાવી દેવા માટે મત આપવો. પરન્તુ, જ્યારે યુદ્ધ આવ્યું ત્યારે સમાજવાદી નેતાઓનું વલણ ફરવા માંડયું. તેમણે પોતપોતાના દેશની સરકારના યુદ્ધયત્નોને ખુલ્લી રીતે ટેકો આપવા માંડયો. ૧૯૧૪માં જ ઑસ્ટ્રિયાના સોશિયલ ડેમોક્રેટિક પક્ષે ઑસ્ટ્રિયાના સર્બિયા ઉપરના આક્રમણને વાજબી ગણાવ્યું. યુદ્ધ પહેલાં જર્મન સોશિયલ ડેમોક્રેટિક પક્ષે યુદ્ધમાં કોઈ પ્રકારનો સાથ ન આપવા માટે અનેક ઠરાવો કર્યા છતાં, યુદ્ધ શરૂ થતાંની સાથે જ તેનું વલણ ફરી ગયું. તેણે યુદ્ધખર્ચની મંજૂરીની દરખાસ્તને ટેકો આપ્યો. બ્રિટિશ મજૂર પક્ષ શરૂઆતથી જ મવાળ વલણનો હતો. તેના ઉપર માર્ક્સવાદનો ઓછામાં ઓછો પ્રભાવ હતો. આમ છતાં, યુદ્ધ પહેલાં રામ્સે મૅકડોનાલ્ડ, કૅર હાર્ડી વગેરે નેતાઓએ યુદ્ધનો વિરોધ કર્યો હતો. પરન્તુ યુદ્ધ શરૂ થયા પછી તેમણે યુદ્ધને ટેકો આપ્યો અને બ્રિટિશ મજૂર નેતા આર્થર હૅન્ડરસન તો સરકારમાં પણ જોડાયા. તેવી જ રીતે બેલ્જિયમ, હોલૅન્ડ વગેરે દેશોના નેતાઓ પણ પોતપોતાના દેશની સરકારોમાં જોડાયા.

પહેલા વિશ્વયુદ્ધે સ્પષ્ટ રીતે બતાવી આપ્યું કે રાષ્ટ્રવાદ એ આંતરરાષ્ટ્રવાદ કે સમાજવાદ કરતાં વધુ સ્થાયી બળ છે. યુદ્ધ શરૂ થયા પછી યુરોપના સમાજવાદી પક્ષો ટપોટપ પોતાના દેશની સરકારની પડખે

**બ્રિટનની પહેલી મજૂર સરકારના અગ્રણીઓ**



**ડાબેથી :** રામ્સે મૅકડોનાલ્ડ, જે. એચ. ટૉમસ, આર્થર હૅન્ડરસન અને જે. આર. ક્લિનેસ.

ખડા થઈ ગયા. તે પક્ષોએ પોતાના દેશના યુદ્ધ-પ્રયત્નોને ખુલ્લી રીતે ટેકો આપ્યો અને આંતરરાષ્ટ્રવાદને દફનાવી દીધો.

યુદ્ધ સમયે રાષ્ટ્રવાદી ભાવના એવી ઉગ્ર કક્ષાએ પહોંચી ગઈ હતી કે લોકમત અને ચૂંટણી ઉપર પોતાના રાજકીય જીવનનો મદાર રાખનારો કોઈ પણ પક્ષ તે ઘોડાપૂરની સામે ઝંપલાવવાની હિંમત ન કરી શકે. દરેક દેશના સમાજવાદી પક્ષમાં યુદ્ધવિરોધીઓ હતા પણ તેમની સંખ્યા તદ્દન નાની હતી.

બીજી બાજુ, રશિયન સોશિયલ ડેમોક્રેટિક પક્ષમાં લેનિનવાદીઓ અણનમ રીતે યુદ્ધનો વિરોધ કરતા રહ્યા. સોશિયલ ડેમોક્રેટો અને લેનિનવાદીઓ આ રીતે પરસ્પર વિરોધી છાવણીઓમાં મુકાઈ ગયા. લેનિનવાદીઓએ સમાજના પ્રસ્થાપિત માળખાને ઉથલાવી પાડવા માટેની પોતાની લડત ચાલુ રાખી. લોકશાહી સમાજવાદીઓએ તે માળખું સ્વીકારી લીધું અને તેઓ તે માળખાની અંદર રહીને સમાજમાં સુધારો કરવાની નીતિ તરફ વળ્યા.

આ રીતે પહેલા વિશ્વયુદ્ધે આંતરરાષ્ટ્રીય સમાજવાદી ચળવળના ફુરચેફુરચા ઉડાવી દીધા. સમાજવાદનું આંતરરાષ્ટ્રીય પાસું છિન્નભિન્ન થયું; પણ તેનો અર્થ એમ ન કરવો જોઈએ કે તેની સાથે સાથે સમાજવાદ નષ્ટ થયો. ઈતિહાસની ગતિ કાંઈક ન્યારી જ હોય છે. યુદ્ધે સમાજવાદના આંતરરાષ્ટ્રવાદી પાસાને ફટકો માર્યો, પણ તેની સાથે સાથે તેણે રાષ્ટ્રના અંદરના વહીવટમાં સમાજવાદની આગેકૂચ માટેનો માર્ગ સરળ કર્યો. યુદ્ધે અર્થકારણ ઉપરના સરકારી નિયંત્રણની માત્રા અને સરકારી કલ્યાણ પ્રવૃત્તિનો વેગ, આ બંને ખૂબ વધારી દીધાં. આર્થિક પ્રવૃત્તિઓ ઉપરનું આ પ્રકારનું રાજકીય આધિપત્ય સમાજમાન્ય બન્યું અને તેવી પ્રવૃત્તિઓ અંગેનો વિરોધ ઘટી ગયો.

આધુનિક યુદ્ધ જૂના જમાનાઓના પ્રણાલીગત યુદ્ધથી પરિમાણાત્મક ઉપરાંત ગુણાત્મક રીતે પણ ખૂબ જ જુદું પડે છે. પહેલાં લશ્કરો વચ્ચે યુદ્ધ ખેલાતું, આજનું યુદ્ધ પ્રજાઓ વચ્ચે ખેલાય છે. આજના યુદ્ધમાં દેશનું લશ્કર બરાબર લડી શકે તે માટે મજૂરોએ કારખાનાંમાં, ખેડૂતોએ ખેતરોમાં અને બીજા જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા લોકોએ પોતપોતાના વ્યવસાયોમાં તન તોડીને કામ કરવું પડે છે. આજના યુદ્ધમાં ઘર-આંગણાના ક્ષેત્રનું મહત્ત્વ યુદ્ધમોરચાના ક્ષેત્ર કરતાં ઓછું નથી. આજે દુશ્મનનું ધ્યાન કેવળ લશ્કરને હરાવવા ઉપર મર્યાદિત નથી રહેતું, દેશની ઔદ્યોગિક શક્તિ પાંગળી બને તે પણ તેનો મહત્ત્વનો લક્ષ્યાંક રહેતો હોય છે. આવા યુદ્ધમાં સૌ નાગરિકોએ અનેક પ્રકારની યાતનાઓ સહેવા અને પ્રસંગ આવ્યે જાન કુરબાન કરવા તૈયાર રહેવું પડે છે. સૈનિકો, શ્રમજીવીઓ, ખેડૂતો અને બીજા અદના નાગરિકોનો યુદ્ધ માટેનો જુસ્સો ટકી રહે તે યુદ્ધને કાર્યક્ષમ રીતે ચલાવવાની પૂર્વશરત છે. આ કારણે યુદ્ધ દરમિયાન મૂડીવાદી દેશોની સરકારોએ પણ આમજનતાની વાજબી જરૂરિયાતો સંતોષાય તે માટે અસરકારક પગલાં લેવાં પડે છે. દા. ત., યુદ્ધની સ્થિતિમાં પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓની અછત ઊભી થતી હોય છે, છતાં અછતની સ્થિતિ વણસે નહીં અને જીવનજરૂરિયાતની વસ્તુઓ આમજનતાને વાજબી ભાવે મળી રહે તે માટે સરકારે તેવી વસ્તુઓની વહેંચણી પોતાના હાથમાં લેવી પડે છે. તેમ જ આમજનતાની વાજબી જરૂરિયાતો સંતોષાય નહીં તો આમજનતાનો યુદ્ધ માટેનો જુસ્સો ટકી ન શકે. સરકાર આમજનતાની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા તત્પર છે એવી છાપ ઊભી કરવા તેણે ન્યાયી વહેંચણી ઉપરાંત આમજનતાના કલ્યાણ માટે અનેકવિધ પગલાં લેવાં પડે છે. આ રીતે, આધુનિક યુદ્ધ એક બાજુથી આયોજિત અને નિયંત્રિત અર્થકારણને ઉત્તેજન આપે છે, તો બીજી બાજુથી તે કલ્યાણપ્રવૃત્તિનો વેગ વધારી અસમાનતા ઘટાડવાની પ્રક્રિયાને પણ ઉત્તેજન આપે છે. આ બંને પ્રકારની પ્રક્રિયાઓ સમાજવાદની પાયાની પ્રક્રિયાઓ ગણાય. પ્રથમ વિશ્વયુદ્ધે તે પ્રક્રિયાને સમાજમાન્ય બનાવી અને તેમના વિરુદ્ધની ભડક ઘણી ઓછી કરી નાખી. આમ, સમાજવાદને લોકસ્વીકૃત બનાવવા માટેની પ્રક્રિયા એક મહત્ત્વના તબક્કે પહોંચી ગઈ.




ઝાં ઝૉરેસ
(ઈ. સ. ૧૮૫૯–૧૯૧૪)


યુદ્ધ વખતે પશ્ચિમ યુરોપના સમાજવાદી નેતાઓ પોતપોતાના દેશના રાષ્ટ્રવાદી લોકપ્રવાહ સાથે રહ્યા અને પોતપોતાના દેશની સરકારમાં પણ જોડાયા તે હકીકતે મધ્યમ અને ઉપલા વર્ગના લોકોના મનમાં સમાજવાદીઓ વિશેની છાપ બદલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સમાજવાદીઓ ખુનામરકી નોતરનારા કે સમાજને છિન્નભિન્ન કરી નાખનારા બંડખોરો નથી પણ રચનાત્મક માર્ગે સમાજમાં પરિવર્તન લાવવામાં માનનારા છે એવી એક છાપ સમાજવાદીઓ વિશે ઊભી થવા માંડી. લોકશાહી દેશોમાં સમાજવાદ ક્રમશઃ પગપેસારો કરી શક્યો તેમાં સમાજવાદ વિશેની છાપનો આ પલટો પણ એક કારણ ગણાય. વળી, ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાં લોકોની સ્થિતિ જેમ જેમ સુધરતી ગઈ તેમ તેમ તે દેશોમાં મધ્યમવર્ગનું કદ વિસ્તરતું ગયું. ધીમે ધીમે તે દેશોમાં મધ્યમવર્ગ એટલો મોટો થઈ ગયો કે તે વર્ગનો ઓછીવત્તો સહકાર મેળવ્યા વિના ત્યાં કોઈ પક્ષ વધુમતી પ્રાપ્ત કરવાની આશા ન રાખી શકે. તે દેશોમાં સત્તા મેળવવા માટે કેવળ શ્રમજીવી વર્ગનો ટેકો પૂરતો ન હતો. શ્રમજીવીઓ ઉપરાંત ગુમાસ્તા, કારકુનો, ટેકનિશિયનો, બુદ્ધિજીવીઓ, નાના વેપારીઓ અને નાના ઉદ્યોગપતિઓ, આ સઘળાં જૂથોને આકર્ષી શકે તેવો કાર્યક્રમ આપીને જ ચૂંટણી જીતી શકાય તેવી સ્થિતિ ત્યાં ઊભી થઈ.

સમાજવાદ વિશેની આ બદલાયેલી છાપ મધ્યમવર્ગનાં જુદાં જુદાં જૂથોને આકર્ષવામાં મદદરૂપ થઈ પડી. લોકશાહી દેશોમાં સમાજવાદી પક્ષોએ પોતાની ચીલાચાલુ સંકુચિત વર્ગીય અપીલ ત્યજવી પડી. ફેબિયન ચિન્તકોનો તો પહેલેથી જ એવો વિચાર હતો કે સમાજના જુદા જુદા વર્ગોને સમાજવાદને પક્ષે જીતી લઈને સમાજવાદના વિરોધની ધાર બુઠ્ઠી બનાવી દેવી જોઈએ. તેમના મતે, સરળ રીતે સમાજવાદ લાવવા માટેની તે જ સાચી વ્યૂહરચના હતી. ફ્રાન્સના મવાળ સમાજવાદી નેતા ઝાં ઝૉરેસે પણ લગભગ એવા જ વિચારો વ્યક્ત કરેલા છે. તે લખે છે:

> સમાજવાદનું વર્તુળ ઉત્તરોત્તર વિકાસ પામતું જવું જોઈએ અને તેના પ્રસરવાની પ્રક્રિયા દરમિયાન તેના વધારે ને વધારે વિરોધીઓને સમાજવાદના મિત્રો બનાવતા જવું જોઈએ; અથવા તેમને વિરોધ કરવાનું કારણ ન મળે તેવી રીતે સમાજવાદી સરકારે તેનું કાર્ય કરવું જોઈએ.

## ઘોર માનવસંહાર





હિટલર

મુખમાં સમાજવાદ ભીતરમાં......

૧૪, મે ૧૯૪૦ના દિવસે નાઝી જર્મનીએ હોલેન્ડ દેશ પર કરેલા હવાઈ હુમલામાં એક જ દિવસમાં ૩૦,૦૦૦ નાગરિકો માર્યા ગયા. બીજા વિશ્વયુદ્ધના આ માનવ હત્યાકાંડની યાદ અપાવતું રોટરડામ નગરમાં મુકાયેલું શિલ્પ.

યુદ્ધે લોકો ઉપર અનેક પ્રકારની યાતનાઓ લાદી હતી. યુદ્ધ પૂરું થતાં આ અસહ્ય પરિસ્થિતિમાંથી છુટકારો પ્રાપ્ત કરવા લોકો તલસતા હતા. આવી પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા માટે લોકો કાંઈક નવું કરવા, કાંઈક જોખમ ખેડવા પણ તૈયાર હતા. આ કોયડાઓના ઉકેલની દિશામાં રૂઢિચુસ્ત પક્ષો ખાસ કશું કરી શક્યા નથી એવું લોકોને લાગવા માંડ્યું ત્યારે તેમની નજર સમાજવાદી પક્ષો ઉપર પડવા માંડી. પહેલા વિશ્વયુદ્ધ પછીની ચૂંટણીઓનાં પરિણામો તરફ નજર નાખતાં સ્પષ્ટ રીતે દેખાશે કે સમાજવાદીઓનું બળ તે સમય દરમિયાન ક્રમશ: વધતું ગયું હતું. યુદ્ધ પહેલાં બ્રિટનની આમસભામાં મજૂર પક્ષની ૪૦ બેઠકો હતી. ૧૯૧૮માં તે સંખ્યા ૫૯, ૧૯૨૨માં ૧૪૦ અને ૧૯૨૩માં ૧૯૨ થઈ. ૧૯૨૪માં મજૂર પક્ષે લઘુમતી સરકાર પણ રચી. તે સરકાર નવેક મહિના સત્તા ઉપર રહી અને પછી તૂટી પડી. ત્યાર પછી મજૂર પક્ષની સ્થિતિમાં કાંઈક ઓટ આવી. ૧૯૨૯માં મજૂર પક્ષે ફરી જોર બતાવ્યું, અને ૨૮૮ બેઠકો કબજે કરી. તે વખતે સમ્પૂર્ણ બહુમતી માટે મજૂર પક્ષને ૨૦ બેઠકો ખૂટતી હતી. જોકે, તે સમયે પણ મજૂર પક્ષે લઘુમતી સરકાર રચી, પણ તે લાંબું ટકી નહીં.

## બીજા વિશ્વયુદ્ધના માનવ પ્રતિભાવ

**વિલી અને જો :** બીજું વિશ્વયુદ્ધ ઘણા અમેરિકનોને રમૂજી અને કરુણ એમ વિરોધાભાસી પરિસ્થિતિ સર્જનારું લાગેલું. કાર્ટૂન ચિત્રકાર બિલ મોલ્ડીનનાં આ બે પ્રસિદ્ધ વ્યંગચિત્રો યુદ્ધ અંગેના અમેરિકનોના પ્રતિભાવનાં યથાર્થ પ્રતીક સમાં બન્યાં હતાં.



૧



૨

૧ વિલી, એને જિંદગીની ઊજળી બાજુ જોવાનું કહે, તેને કહે કે તારાં બધાં વૃક્ષોની કાટછાંટ થઈ છે, તારી જમીન ખેડાઈ ગઈ છે અને તારું ઘર એર-કન્ડિશન્ડ બની ગયું છે. ૨ જો, વસંતની ખરેખરી બહાર તો અહીં જ છે.

# બીજા વિશ્વયુદ્ધ પછી

પહેલા વિશ્વયુદ્ધ કરતાં બીજું વિશ્વયુદ્ધ કાંઈક જુદા પ્રકારનું હતું. બીજું વિશ્વયુદ્ધ ફાસીવાદ વિરુદ્ધનું યુદ્ધ હતું. કૉમ્યુનિસ્ટો સમેત સૌ સમાજવાદીઓએ ફાસીવાદને સૌથી વધુ ખતરનાક પ્રગતિવિરોધી બળ તરીકે વખોડી કાઢયો હતો. સ્તાલિન હિટલર સાથે બિનઆક્રમણના કરાર કર્યા પછી કૉમ્યુનિસ્ટોનું વલણ કાંઇક પલટાયું, પણ લોકશાહી સમાજવાદીઓએ ફાસીવાદનો વિરોધ અણનમ રીતે જાળવી રાખ્યો અને તેની વિરુદ્ધ યુદ્ધે ચડેલા દેશોમાં તેઓ પોતપોતાના દેશની સરકારની પડખે ઊભા રહ્યા; પોતપોતાના દેશની સંયુક્ત સરકારમાં પણ જોડાયા. પહેલા વિશ્વયુદ્ધની માફક બીજા વિશ્વયુદ્ધે પણ ઉત્ક્રાન્તિવાદી સમાજવાદી વલણને વેગ આપ્યો. બ્રિટનમાં 'બિવરીજ યોજના' નામની સામાજિક સલામતી માટેની એક સર્વાંગીણ યોજના સૌ પક્ષોએ સ્વીકારી લીધી. ઉત્પાદન અને વિતરણ ઉપરનું રાજ્યનું નિયંત્રણ વધુ સર્વગ્રાહી અને વધુ દૃઢ થયું. લોકશાહી સમાજવાદી નેતાઓ આ વલણ વિકસાવવામાં અગ્રેસર હતા. બીજા વિશ્વયુદ્ધ પછી સમાજવાદીઓ રૂઢિચુસ્ત પક્ષના એક વિકલ્પ તરીકે અને પશ્ચિમના રાજકારણના એક મહત્ત્વના ચાલકબળ તરીકે સ્થાપિત થઈ ગયા. સ્વીડન જેવા દેશોમાં જ્યાં યુદ્ધ પહેલાં જ સમાજવાદીઓ બળવાન હતા ત્યાં તેમની શક્તિ ખાસ વિકસી નહીં પણ તે સિવાયના દેશોમાં તેમની શક્તિમાં ઉમેરો થયો.

બીજા વિશ્વયુદ્ધ પછી લોકશાહી સમાજવાદીઓએ એક ધરખમ પક્ષ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે (જુઓ કોઠો ૧).

કોઠો ૧

## ગ્રેટ બ્રિટન

### આમસભામાં મજૂર પક્ષની સભ્ય-સંખ્યા અને તે પક્ષે પ્રાપ્ત કરેલા મત

| વર્ષ | સભ્ય-સંખ્યા | મત |
|---|---|---|
| ૧૯૦૦ | ૨ | ૬૨,૬૯૮ |
| ૧૯૧૦ | ૪૨ | ૩,૭૦,૮૦૨ |
| ૧૯૧૮ | ૫૭ | ૨૨,૪૪,૯૪૫ |
| ૧૯૨૩ | ૧૯૧ | ૪૩,૪૮,૩૭૯ |
| ૧૯૨૪ | ૧૫૧ | ૫૪,૮૭,૬૨૦ |
| ૧૯૨૯ | ૨૮૭ | ૮૩,૬૪,૮૮૩ |
| ૧૯૩૧ | ૪૬ | ૬૩,૬૨,૫૬૧ |
| ૧૯૩૫ | ૧૫૪ | ૮૩,૨૫,૨૬૦ |
| ૧૯૪૫ | ૩૯૩ | ૧,૧૯,૯૨,૨૯૨ |
| ૧૯૫૦ | ૩૧૫ | ૧,૩૨,૬૫,૮૧૦ |
| ૧૯૫૫ | ૨૯૫ | ૧,૩૯,૪૮,૩૮૫ |
| ૧૯૫૯ | ૨૭૭ | ૧,૨૪,૦૫,૨૪૬ |
| ૧૯૬૪ | ૩૧૭ | ૧,૨૨,૦૫,૮૧૨ |
| ૧૯૬૬ | ૩૬૩ | ૧,૩૦,૬૪,૯૫૧ |

બીજા વિશ્વયુદ્ધે મજૂર પક્ષના બળમાં કેવો ચમત્કારિક ઉમેરો કર્યો તે ૧૯૪૫નાં ચૂંટણીપરિણામો ઉપરથી જોઈ શકાશે. ત્યાર પછીની ચૂંટણીઓમાં મજૂર પક્ષને ફાળે ગયેલી બેઠકો ઓછીવત્તી થઈ છે પરન્તુ તેમને મળેલા મતના પ્રમાણમાં બહુ મોટો ફેરફાર નથી થયો. તેમને ફાળે ગયેલા મતો ૧,૧૯,૯૨,૨૯૨ અને ૧,૩૯,-૪૮,૩૮૫ વચ્ચે અથડાતા રહ્યા છે. છેલ્લાં વીસ વર્ષમાં મજૂર પક્ષને મળેલા મતોમાં વધુમાં વધુ વીસ લાખ મતોનો ફેર પડયો છે. આ ઉપરથી જોઈ શકાશે કે બ્રિટનમાં મજૂર પક્ષના ટેકેદારોનો વર્ગ સ્થિર થઈ ગયેલો છે. તેણે નીચલા વર્ગની અને મધ્યમવર્ગના એક મોટા સમુદાયની વફાદારી જીતી લીધી છે. તે જ રીતે રૂઢિચુસ્ત પક્ષે પણ પોતાના ટેકેદારોનું એક સ્થિર બળ ઊભું કરી દીધું છે.

મજૂર પક્ષ મધ્યમવર્ગને તદ્દન નારાજ કરવાની નીતિને ટેકો આપી શકે તેમ નથી, તો રૂઢિચુસ્ત પક્ષ શ્રમજીવી વર્ગને તદ્દન નારાજ કરે તેવી નીતિનું સમર્થન કરી શકે તેમ નથી. આમ, બંને પક્ષો એવા સમતોલ બની ગયા છે અને તેમના ટેકેદારોનાં જૂથો એવી સમતોલ રીતે વહેંચાઈ ગયાં છે કે કોઈ પક્ષને આત્યંતિક વલણ લેવું પરવડે નહીં. આને પરિણામે બ્રિટનમાં સમાજવાદ અને મૂડીવાદી કલ્યાણવાદ વચ્ચેની ભેદરેખા ધીમે ધીમે પાતળી થતી જતી દેખાય છે.

પશ્ચિમ યુરોપના બીજા દેશોમાં પણ લગભગ આવું જ થયું. સ્વીડનમાં યુદ્ધ વખતે સમાજવાદીઓ શક્તિશાળી હતા. યુદ્ધ પછી તેમની સ્થિતિ કાંઈક નબળી પડે છે. સ્વીડનના સોશિયલ ડેમોક્રેટિક પક્ષની સ્થિતિમાં ભરતીઓટ થતી રહી છે (કોઠો ૨), પરન્તુ ૧૯૪૪થી ૧૯૬૮ના ગાળામાં તે પક્ષને મળેલા મતના પ્રમાણમાં મોટો તફાવત નથી પડયો. છેલ્લાં પચીસ વર્ષ દરમ્યાન તે પક્ષે ૪૪.૬ ટકા અને ૫૦.૧ ટકાની વચ્ચે મત મેળવ્યા કર્યા છે. આનો અર્થ સ્પષ્ટ થયો કે સ્વીડનમાં સોશિયલ ડેમોક્રેટોએ એક બહોળા જન-સમુદાયનો ટેકો મેળવવાનું જાળવી રાખ્યું છે.

કોઠો ૨

## સ્વીડન

### નીચલું ગૃહ

| વર્ષ | સભ્ય-સંખ્યા | મતના ટકા |
|---|---|---|
| ૧૮૯૭ | ૧ | – |
| ૧૯૦૩ | ૧૭ | – |
| ૧૯૧૪ | ૮૭ | ૩૬.૪ |
| ૧૯૨૪ | ૧૦૪ | ૪૧.૧ |
| ૧૯૨૮ | ૯૦ | ૩૭.૦ |
| ૧૯૩૨ | ૧૦૪ | ૪૧.૭ |
| ૧૯૪૦ | ૧૪૩ | ૫૩.૮ |
| ૧૯૪૪ | ૧૧૫ | ૪૬.૬ |
| ૧૯૪૮ | ૧૧૨ | ૪૬.૧ |
| ૧૯૫૨ | ૧૧૦ | ૪૬.૧ |
| ૧૯૫૬ | ૧૦૬ | ૪૪.૬ |
| ૧૯૬૦ | ૧૧૪ | ૪૭.૮ |
| ૧૯૬૪ | ૧૧૩ | ૪૭.૩ |
| ૧૯૬૮ | ૧૨૫ | ૫૦.૧ |

કોઠો ૩

## પશ્ચિમ જર્મની

### સોશિયલ ડેમોક્રેટિક પક્ષ : નીચલું ગૃહ

| વર્ષ | સભ્ય-સંખ્યા | મત |
|---|---|---|
| (સમગ્ર જર્મની) | | |
| ૧૮૭૧ | ૨ | ૧,૨૪,૬૫૫ |
| ૧૮૮૧ | ૧૨ | ૩,૧૧,૯૬૧ |
| ૧૮૯૦ | ૩૫ | ૧૪,૨૧,૨૯૮ |
| ૧૯૦૩ | ૮૧ | ૩૨,૫૯,૦૨૦ |
| ૧૯૧૨ | ૧૧૦ | ૪૨,૫૦,૩૨૯ |
| ૧૯૩૦ | ૧૪૩ | ૯૧,૧૧,૪૩૮ |
| (પશ્ચિમ જર્મની) | | |
| ૧૯૪૯ | ૧૩૧ | ૬૯,૩૪,૪૭૫ |
| ૧૯૫૩ | ૧૫૧ | ૭૯,૩૯,૭૭૪ |
| ૧૯૫૭ | ૧૬૯ | ૯૪,૯૫,૫૭૧ |
| ૧૯૬૧ | ૧૯૦ | ૧,૧૪,૨૭,૩૫૩ |
| ૧૯૬૫ | ૨૦૨ | ૧,૨૮,૧૩,૧૮૬ |

જર્મનીમાં પણ સોશિયલ ડેમોક્રેટોનું બળ ઉત્તરોત્તર વધતું ગયું છે. ૧૯૪૯માં તે પક્ષની સભ્ય-સંખ્યા અને મત બંનેમાં મોટો ઘટાડો થયેલો દેખાય છે. પરન્તુ, અહીં બે મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે: (૧) ૧૯૪૯ના મત અને બેઠકો વિભાજિત જર્મની—પશ્ચિમ જર્મનીના જ છે અને સમગ્ર જર્મનીના નથી; (૨) પૂર્વ જર્મનીમાંથી ઉપલા અને મધ્યમ વર્ગનો મોટો સમૂહ પશ્ચિમ જર્મનીમાં આવ્યો હતો અને તે કેવળ કૉમ્યુનિસ્ટ વિરોધી જ નહીં પણ સમાજવાદ વિરોધી પણ હતો. પરન્તુ ૧૯૪૯ પછી સમાજવાદીઓની સભ્ય-સંખ્યા અને મત બંનેમાં ઉત્તરોત્તર વધારો થતો જોઈ શકાય છે.

પહેલા અને બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમ યુરોપના બીજા દેશોમાં પણ સમાજવાદીઓનું બળ વધ્યું છે. નૉર્વે, ડેનમાર્ક, હૉલૅન્ડ અને બેલ્જિયમમાં પણ મજૂર કે સમાજવાદી પક્ષો સધ્ધર સ્થિતિમાં મુકાઈ ગયા છે. ડેનમાર્કમાં ૧૯૧૩માં સોશિયાલિસ્ટ સભ્યોની સંખ્યા ૩૨ હતી, ૧૯૨૦માં ૪૮, ૧૯૨૪માં ૫૫ અને ૧૯૨૯માં ૬૧ થઈ હતી. બેલ્જિયમમાં પણ સમાજવાદીઓનું બળ વધ્યું. ત્યાં ૧૯૧૯માં મજૂર પક્ષને ૭૦ બેઠકો મળી હતી, તો ૧૯૨૫માં તે પક્ષે ૭૮ બેઠકો મેળવી.

આપણે આગળ જોયું તે પ્રમાણે લોકશાહીનો માર્ગ અખત્યાર કરીને પશ્ચિમ યુરોપના સમાજવાદી પક્ષો ઠીક ઠીક સફળતા પ્રાપ્ત કરી શક્યા હતા. આવી સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી સમાજવાદી પક્ષોના વલણમાં પણ ક્રમશઃ પરિવર્તન આવતું ગયું. વર્ગવિગ્રહનું ઝનૂન ઠંડું પડતું ગયું. ધીમે ધીમે બધા જ ઉદ્યોગોનું રાષ્ટ્રીય-કરણ કરવાની વાત પણ બાજુએ મુકાતી ગઈ. રાષ્ટ્રીયકરણ કર્યા વિના કલ્યાણપ્રવૃત્તિનો વેગ વધારવાનું અને સમાનીકરણની પ્રક્રિયાને ઉત્તેજન આપવાનું કામ સ્વીડનના સમાજવાદીઓએ કર્યું. ત્યાંના સમાજવાદીઓએ રાષ્ટ્રીયકરણના સિદ્ધાન્તનો વિરોધ ન કર્યો પણ તે કાર્યક્રમ અમલમાં મૂકવાની નીતિને વહેવારમાં અનુસર્યા નહીં. વ્યવહારમાં પીછેહઠ કરવાની શરૂઆત સ્વીડનના સમાજવાદીઓએ કરી.

આ અગાઉ આપણે જોયું તેમ, પહેલા વિશ્વયુદ્ધ પછી સ્કૅન્ડિનેવિયન દેશોમાં પણ સમાજવાદીઓ ઠીક ઠીક બળ બતાવી શકયા હતા. સ્વીડનમાં ૧૯૩૨ની ચૂંટણીમાં સમાજવાદી પક્ષ વધુમતીની નજીક પહોંચી ગયો અને ૧૯૩૬માં તો તેણે સમ્પૂર્ણ વધુમતી પ્રાપ્ત કરી લીધી. આવી સધ્ધર સ્થિતિમાં મુકાયા પછી પણ તે પક્ષે રાષ્ટ્રીયકરણની દિશામાં કશાં ખાસ પગલાં લીધાં નહીં. તે પોતાનાં ચૂંટણી જાહેરનામામાં રાષ્ટ્રીયકરણની વાતનું રટણ કરતો રહ્યો પણ વ્યવહારમાં તેણે કશું ખાસ કર્યું નહીં. ઊલટું તેણે ખાનગી ઉદ્યોગોને પૂરેપૂરા વિકસવા દીધા અને તે ઉદ્યોગોના જૂથમાંથી વધુ ને વધુ કરવેરા દ્વારા સમ્પત્તિ મેળવીને નીચલા વર્ગના ઉત્કર્ષ માટે વાપરતા ગયા. આમ કરવામાં તે પક્ષને ઠીક ઠીક સફળતા મળી, એટલે તે પક્ષ રાષ્ટ્રીયકરણને માર્ગે આગળ વધ્યો જ નહીં.

વચમાં, થોડા ગાળાને બાદ કરતાં, સ્વીડનમાં ૧૯૧૮થી આજ પર્યંત સમાજવાદીઓ સત્તા ઉપર રહ્યા કર્યા છે.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી સ્વીડનમાં રેલવે અને ટપાલ સરકારની માલિકીનાં છે. વિદ્યુતશક્તિ અમુક અંશે સરકારની માલિકીની અને અમુક અંશે મ્યુનિસિપાલિટીની માલિકીની છે; તેમ અમુક અંશે ખાનગી માલિકીની પણ છે. ગૅસની સેવા મ્યુનિસિપાલિટીની છે તેમ ખાનગી માલિકીની પણ છે. લોખંડ ઉદ્યોગ પચાસ ટકા જેટલો રાજ્યની માલિકીનો છે, બાકી ખાનગી છે. બૅંકોના ૭૫ ટકા રાજ્ય પાસે છે. દારૂ, સિગારેટ, ચિરૂટ વગેરે કેફી પદાર્થોનું ઉત્પાદન સમ્પૂર્ણપણે રાજ્યને હસ્તક છે. જંગલની વિવિધ પેદાશ સ્વીડનની આવકનું મુખ્ય સાધન છે. કેવળ ૧૭ ટકા જ જંગલો ત્યાં રાજ્યનાં છે, બાકીનાં ખાનગી માલિકીનાં છે. દારૂ અને તમાકુની પેદાશો ને ચીજો ઉપર રાજ્યનો ઈજારો બે હેતુથી દાખલ કરવામાં આવ્યો છે: (૧) કેફી પદાર્થોના વપરાશ ઉપર અસરકારક નિયંત્રણ મૂકી શકાય; (૨) તેમાં બને તેટલો વધુ નફો કરી તે નફો જનસમાજના કલ્યાણ અર્થે વાપરી શકાય.

સ્વીડનમાં લોખંડ ઉદ્યોગ, જંગલ ઉદ્યોગ, બૅંકો વગેરેમાં ખાનગી ક્ષેત્ર અને રાજ્ય બંને છે અને બંને એકબીજાની હરીફાઈ કરે છે. ત્યાં રાષ્ટ્રીયકરણ થોડું થયું છે અને જ્યાં છે ત્યાં રાજ્યનો ઈજારો નથી, પણ રાજ્ય ખાનગી ક્ષેત્રના હરીફ તરીકે કામ કરે છે, તેમાં દારૂ અને તમાકુની ચીજો એક અપવાદ છે.

સ્વીડનમાં ઔદ્યોગિક ક્ષેત્રે રાજ્યે પગપેસારો કરેલો છે પણ તેનું પ્રમાણ બહુ થોડું છે. ત્યાં કુલ ઔદ્યોગિક શક્તિના છ ટકા જ રાજ્યની માલિકીના છે. ખાસ સૂચક હકીકત તો એ છે કે આ છ ટકામાંથી એક ટકા ઉદ્યોગો જ સમાજવાદી સરકારે રાજ્ય હસ્તક લીધા છે, બાકીના રૂઢિચુસ્ત સરકારે લીધા છે! પશ્ચિમ યુરોપના બીજા દેશોની સરખામણીમાં ખાનગી ઉદ્યોગનું પ્રમાણ સ્વીડનમાં વિશેષ છે. સમાજવાદીઓના ખૂબ લાંબા અમલ છતાં ત્યાં આમ રહ્યું છે.

નૉર્વે અને બીજા સ્કૅન્ડિનેવિયન દેશોમાં પણ આમ જ થયું છે. તે દેશો પણ સ્વીડનને જ અનુસર્યા છે. તેમ જ પશ્ચિમ યુરોપના બીજા દેશો પણ તેને અનુસર્યા છે. આમ, સ્કૅન્ડિનેવિયન દેશોએ સમાજવાદની એક નવી તરાહ વિકસાવી છે. તેમણે 'રાષ્ટ્રીયકરણવાદી સમાજવાદ'ને સ્થાને 'કલ્યાણવાદી સમાજવાદ' અપનાવ્યો છે.

## રાષ્ટ્રીયકરણ વિશે પુનર્વિચાર

આમ છતાં, એક વાત ભુલાવી ન જોઈએ કે રાષ્ટ્રીયકરણનો સિદ્ધાન્ત લાંબા વખત સુધી પશ્ચિમ યુરોપના સમાજવાદીઓ માટે ગુરુમંત્ર તરીકે રહ્યો હતો. બ્રિટિશ મજૂર પક્ષે પોતાના ૧૯૧૮ના જાહેરનામામાં ઉત્પાદનનાં સઘળાં સાધનોના રાષ્ટ્રીયકરણની વાત કરી હતી. સ્કૅન્ડિનેવિયન સમાજવાદીઓએ પણ રાષ્ટ્રીયકરણના સિદ્ધાન્તનો



હેરલ્ડ લૅસ્કી
(ઇંગ્લંડ)

માર્ક્સવાદ તરફ સહાનુભૂતિ

ટૉમસ નૉર્મન
(અમેરિકા)



કદી વિરોધ નહોતો કર્યો. ૧૯૩૦ના ગાળામાં તો સમાજવાદ વિશેના માર્ક્સવાદી વિચારોને પશ્ચિમ યુરોપમાં ફરી જોમ મળતું દેખાય છે. ૧૯૨૯–૩૧ની આર્થિક આંધીને કારણે અને ત્યાર પછી યુરોપના કેટલાક દેશોમાં થયેલા લોકશાહીના પતનને કારણે ઘણા સમાજવાદીઓની લોકશાહીમાંની શ્રદ્ધા હચમચી ઊઠી. ઇટાલી અને જર્મનીમાં મોટા ધનપતિઓમાંના ઘણાખરાઓએ ફાસીવાદને ટેકો આપ્યો. આના ઉપરથી ઘણા સમાજ-વાદીઓને એમ લાગ્યું કે મૂડીવાદીઓ પોતાનું હિત ટકાવવા માટે, પ્રસંગ આવ્યે લોકશાહીનો ભોગ આપતાં પણ અચકાય તેમ નથી. તેઓ લોકશાહીને પોતાનું હિત સાધવાના એક સાધન તરીકે જ ગણે છે.

ફાસીવાદના ઉદયે ઇંગ્લંડના ઘણા મહત્ત્વના સમાજવાદી ચિન્તકોને પુનર્વિચારણા કરતા કરી મૂક્યા. આ સમય દરમિયાન જૉન સ્ટ્રેચી, સિડની વેબ (ઈ. સ. ૧૮૫૯–૧૯૪૭), હેરલ્ડ લૅસ્કી (ઈ. સ. ૧૮૯૩–૧૯૫૯), જી. ડી. એચ. કોલ (ઈ. સ. ૧૮૮૯–૧૯૫૯) વગેરે ચિન્તકો માર્ક્સવાદ તરફ વધુ સહાનુભૂતિ ભરેલું વલણ અપનાવતા થયા. હેરલ્ડ લૅસ્કીએ તો બ્રિટિશ મજૂર પક્ષને મૂડીવાદને ધરમૂળથી ઉખેડી નાખવાની ઉદ્દામ નીતિ અખત્યાર કરવા હાકલ કરી. તેમણે એવો મત વ્યક્ત કર્યો કે મૂડીવાદ અને લોકશાહી એકબીજા સાથે સંગત નથી અને મૂડીવાદનું અસ્તિત્વ હોય ત્યાં સુધી લોકશાહી સુરક્ષિત ગણાય જ નહીં. તે સમયે સિડની વેબે પોતાના પુસ્તક 'સોવિયેત કૉમ્યુનિઝમ: એ ન્યૂ સિવિલિઝેશન'માં સોવિયેત કૉમ્યુનિસ્ટ પદ્ધતિનું અત્યંત ઊજળું ચિત્ર રજૂ કર્યું.

પરન્તુ, મજૂર પક્ષના જે આગેવાનો બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સરકારમાં જોડાયા હતા તેમને આ ઉદ્દામ હવા ખાસ સ્પર્શી ન શકી. વ્યવહારુ રાજપુરુષ તરીકે તેઓ સમજતા હતા કે લોકશાહીમાં સત્તા પ્રાપ્ત કરવા માટે કેવળ શ્રમજીવીઓનો ટેકો પૂરતો નથી. ચૂંટણી જીતવા માટે મધ્યમવર્ગનો ટેકો પણ જરૂરી છે મજૂર પક્ષે એવી ઉદ્દામ નીતિ અપનાવવી ન જોઈએ કે જે મધ્યમવર્ગને મજૂર પક્ષનો વિરોધી બનાવી મૂકે. તેઓ કોઈ પણ સિદ્ધાન્તજડતા કે દૃઢ વલણના વિરોધી હતા અને વ્યવહારલક્ષી વલણ અપનાવવામાં માનતા હતા. બીજા વિશ્વયુદ્ધ પછી મજૂર પક્ષે જે જાહેરનામું બહાર પાડયું તેમાં ખાસ ઉદ્દામ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો નહીં. તેમાં ઉત્પાદનનાં સઘળાં સાધનોના રાષ્ટ્રીયકરણની વાત કરવામાં ન આવી. તેમાં કેવળ બૅંક ઑફ ઇંગ્લંડ, રેલવે અને વિમાનવ્યવહાર, વીજળીશક્તિ, કોલસા ઉદ્યોગ અને લોખંડ ઉદ્યોગ, આ પાંચ ઉદ્યોગોના જ રાષ્ટ્રીયકરણની માગણી કરવામાં આવી. બૅંક ઑફ ઇંગ્લંડનું નાણાકીય બાબતોમાં ચાવીરૂપ સ્થાન હતું, તો વાહનવ્યવહારનાં સાધનો આર્થિક અને ઔદ્યોગિક બાબતોમાં ચાવીરૂપ હતાં. આ કારણે તેમના રાષ્ટ્રીયકરણની માગણી કરવામાં આવી. કોલસા ઉદ્યોગ કાર્યક્ષમ રીતે કામ નહોતો કરતો; ઉપરાંત કોલસો અને લોખંડ ઔદ્યોગિક બાબતોમાં ચાવીરૂપ હતાં તે કારણે તેમના રાષ્ટ્રીયકરણની માગણી કરવામાં આવી. અહીં ખાસ નોંધવા જેવું એ છે કે લોખંડ ઉદ્યોગ સિવાયના બીજા ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણ વિશે રૂઢિચુસ્તોનોય ખાસ વિરોધ ન હતો. રૂઢિચુસ્ત પક્ષે માત્ર લોખંડ ઉદ્યોગના રાષ્ટ્રીયકરણની માગણીની સખત ઝાટકણી કાઢી હતી.

અત્યાર સુધી રાષ્ટ્રીયકરણને જ સમાજવાદ ગણવામાં આવતો હતો. હવે સ્વીકારાયું કે રાષ્ટ્રીયકરણ એ પોતે કોઈ હેતુ નથી, એ તો સમાજવાદને આગળ ધપાવવાનું એક સાધન જ છે. 'રાષ્ટ્રીયકરણ ખાતર રાષ્ટ્રીય-કરણ'નો આગ્રહ સેવવાનો કશો અર્થ નથી; રાષ્ટ્રીયકરણના દરેક પગલાને તેના પરિણામની દૃષ્ટિએ મૂલવવું જોઈએ.

સ્કૅન્ડિનેવિયન સમાજવાદીઓ તો શરૂઆતથી જ કલ્યાણવાદી સમાજવાદને માર્ગે વળ્યા હતા. જોકે, લાંબા વખત સુધી તેઓએ રાષ્ટ્રીયકરણનો સૈદ્ધાન્તિક વિરોધ નહોતો કર્યો. તે પક્ષો પણ પોતાનાં ચૂંટણી જાહેર-નામાંમાં રાષ્ટ્રીયકરણનું રટણ કરતા જ રહ્યા હતા. પરંતુ બીજા વિશ્વયુદ્ધ પછી તેમનું સૈદ્ધાન્તિક વલણ પણ ખુલ્લી રીતે પલટાયું. સમાજવાદના વિકાસ માટે રાષ્ટ્રીયકરણ અનિવાર્ય નથી અને મિશ્ર અર્થકારણ પણ સમાજ-વાદ સાથે સંગત છે એવા વિચારનો યુરોપના લોકશાહી સમાજવાદીઓએ ખુલ્લી રીતે પુરસ્કાર કરવા માંડ્યો. ૧૯૫૧માં જર્મનીના ફ્રૅન્કફર્ટ નગરમાં મળેલી સોશિયલ ડેમોક્રેટિક પક્ષોની કૉંગ્રેસમાં સ્વીકારવામાં આવ્યું કે 'સમાજવાદી આયોજનની સફળતા માટે ઉત્પાદનનાં સઘળાં સાધનોની રાષ્ટ્રીય માલિકી જરૂરી નથી.' આનો અર્થ એ થયો કે સમાજવાદી આયોજન ઉદ્યોગોની ખાનગી માલિકી એટલે કે મૂડીવાદ સાથે પણ સુસંગત છે.


ધીમે ધીમે યુરોપના લોકશાહી સમાજવાદી પક્ષો આ નવા વલણને ખુલ્લી રીતે આવકારવા લાગ્યા. ૧૯૫૯માં જર્મન સોશિયલ ડેમોક્રેટિક પક્ષે જાહેર કર્યું કે 'ખાનગી ઉદ્યોગો જ્યાં સુધી સામાજિક ન્યાયના કાર્યમાં અવરોધક ન થઈ પડતા હોય ત્યાં સુધી તેવા ઉદ્યોગોને રક્ષણ આપવું તે સમાજવાદી સરકારની ફરજ છે.' આ પક્ષના ૧૯૬૦ના જાહેરનામામાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું કે 'મહત્ત્વનાં સામાજિક હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી હોય તેવા ઉદ્યોગોનું જ રાષ્ટ્રીયકરણ કરવું જોઈએ.' બ્રિટિશ મજૂર પક્ષે પણ તે વરસે જ પોતાના સૈદ્ધાન્તિક વલણની સ્પષ્ટતા કરી. બ્રિટિશ મજૂર પક્ષના બંધારણની રાષ્ટ્રીયકરણને લગતી કલમ ૪નું અર્થઘટન કરતાં કહેવામાં આવ્યું કે:

> દેશના અર્થકારણમાં જાહેર અને ખાનગી બંને પ્રકારનાં સાહસોને સ્થાન છે. હવે પછી રાષ્ટ્રીય-કરણ અંગે જે કાંઈ પગલાં લેવામાં આવશે તે સામાજિક ન્યાયના હેતુને અને ઉદ્યોગોના કાર્યક્ષમ વહીવટના હેતુને નજર સમક્ષ રાખીને જ લેવામાં આવશે. તેવું પગલું લેતાં પહેલાં તે અંગે શ્રમજીવીઓ તેમ જ વાપરનારા આ બંને વર્ગોનો અભિપ્રાય જાણવાનો પ્રયત્ન કરવામાં આવશે.

આમ, બ્રિટિશ મજૂર પક્ષે સ્વીકાર્યું કે રાષ્ટ્રીયકરણની બાબતમાં શ્રમજીવીઓ સિવાયના વર્ગો નિસબત ધરાવનારા વર્ગો છે અને રાષ્ટ્રીયકરણ કેવળ શ્રમજીવીઓના મતને આધારે ન થવું જોઈએ. સંસદીય લોકશાહીનાં દબાણો અને સરકાર-સંચાલનના અનુભવને કારણે, પશ્ચિમ યુરોપના દેશોમાં સંસદીય સમાજવાદે આકાર લીધો. સમાજવાદનો વિચાર તેની લોકશાહી સાથેની આંતરક્રિયાને કારણે, અર્થ, અભિધા અને પરિમાણો વિકસાવતો ગયો. આ ઘટના વિચારની ગતિશીલ પ્રકૃતિનું દ્યોતક છે.

યુરોપના લોકશાહી સમાજવાદીઓએ મિશ્ર અર્થતંત્રના વિચારને સ્વીકારતાં લોકશાહી સમાજવાદ અને ઉદાર મૂડીવાદ વચ્ચેનું અંતર ઘટી ગયું અને બંનેનું સહઅસ્તિત્વ સ્વાભાવિક થઈ ગયું. બીજી બાજુ, લોકશાહી સમાજવાદીઓના આવા વલણને પરિણામે લોકશાહી સમાજવાદ અને સામ્યવાદ વચ્ચેનું અંતર વધી ગયું અને તે બંને એકબીજાના કટ્ટર દુશ્મનો થઈ ગયા. આમ, સમાજવાદના બે પ્રવાહો, લોકશાહી સમાજવાદ અને કૉમ્યુનિઝમ સ્પષ્ટ રીતે જુદા પડ્યા. લોકશાહી સમાજવાદ વિકસિત દેશોમાં પાંગર્યો અને કૉમ્યુનિઝમ કેટલાક અલ્પવિકસિત દેશોમાં. લોકશાહી સમાજવાદ અને કૉમ્યુનિઝમ વચ્ચે હેતુઓ અને પદ્ધતિઓનો જે ભેદ છે તે ભેદનું રહસ્ય સમજવા માટે આ મુદ્દો ખાસ ખ્યાલમાં રાખવા જેવો છે.

# સમાજવાદને જબરદસ્ત પડકાર



સમાજવાદીઓનું સમાજશાસ્ત્ર



ખ્રુશ્ચોફનો સહઅસ્તિત્વવાદ

## દ્વિધ્રુવી જગત!



બ્રેઝનેવ-નિક્સન : સવાઈ મહાસત્તાઓ વચ્ચે ગુફતેગો
(૧૯૭૩)

# ૧૬ : અભિનવ 'સહઅસ્તિત્વ'

લોકશાહી સમાજવાદ અને મૂડીવાદ વચ્ચેનું અંતર ઘટયું તે કેવળ સમાજવાદીઓના વલણમાં આવેલા પલટાને કારણે જ થયું હતું એમ ન માની લેવું જોઈએ. સમાજવાદ ઉદારમતવાદ તરફ વળ્યો, તો મૂડીવાદ કલ્યાણરાજ્યવાદ તરફ વળ્યો. જેમ જેમ મૂડીવાદના આંતરવિરોધો બહાર આવતા ગયા તેમ તેમ મૂડીવાદને મુક્ત વ્યવસાયવાદમાંથી પીછેહઠ કરવી પડી. પહેલા વિશ્વયુદ્ધે પશ્ચિમ યુરોપના અગ્રવર્ગોમાં સમાજવાદ વિરુદ્ધની ભડક કેમ ઘટાડી તે આપણે જોઈ ગયા. સરકારી નિયંત્રણ સર્વથા અનિષ્ટ નથી અને અમુક નિયંત્રણ અર્થકારણને ટકાવી રાખવા માટે જરૂરી છે એવું ભાન ધીમે ધીમે થતું ગયું. ૧૯૨૯–૩૧ની મહામન્દીએ મૂડીવાદી અર્થકારણના આંતરવિરોધોને સમ્પૂર્ણપણે ઉઘાડા પાડી દીધા અને મુક્ત વ્યવસાયવાદ(લેસેફેર)ના વિચારને મરણતોલ ફટકો માર્યો. આ સમયમાં ખુદ અમેરિકાના મુક્ત અર્થકારણનાં વિપરીત પાસાં સ્પષ્ટ રીતે સપાટી પર આવ્યાં. તે પછી બીજા વિશ્વયુદ્ધે સામ્યવાદી અર્થકારણની પ્રક્રિયાઓને ખૂબ ઉત્તેજન આપી દીધું અને લોકશાહી સમાજવાદ અને મૂડીવાદી કલ્યાણરાજ વચ્ચેનું અંતર તદ્દન સાંકડું કરી મૂક્યું.

સમાજવાદના વિચારોની અસર જેટલી પશ્ચિમ યુરોપના દેશો ઉપર પડી હતી તેટલી અમેરિકા ઉપર નહોતી પડી. ત્યાં સમાજવાદી ચળવળ કદીયે જોર પકડી શકી નથી. આ માટે અનેક કારણો આપી શકાય. એક કારણ એ કે અમેરિકા ઓછી વસ્તીનો સમૃદ્ધ દેશ હોવાને કારણે ત્યાં આર્થિક વિકાસ માટે અમાપ તકો હતી. આ કારણે લાંબા વખત સુધી તે દેશમાં મૂડીવાદના આંતરવિરોધો વિસ્ફોટક હદે પહોંચ્યા નહીં. તેમ જ પહેલા વિશ્વયુદ્ધની અસર પણ જેટલી હદે યુરોપના અર્થકારણ ઉપર પડી તેટલી હદે અમેરિકાના અર્થકારણ ઉપર નહોતી પડી. યુદ્ધો યુરોપની ભૂમિ ઉપર જ ખેલાયાં હતાં. અમેરિકા પાછળથી યુદ્ધમાં જોડાયું હતું, અને તેને પોતાની ભૂમિ ઉપર કશી તારાજી સહન કરવી નહોતી પડી. યુદ્ધે યુરોપના અગ્રવર્ગોનું વલણ ઘણી હદે બદલાવી નાખ્યું. અર્થકારણ ઉપરના સરકારી નિયંત્રણ માટેનાં પગલાં અને સમાનીકરણ માટેનાં સરકારી પગલાં વિરુદ્ધની તેમની ઘૃણા ઘણી હદે ઓછી થઈ ગઈ. પરન્તુ અમેરિકામાં આમ નહોતું થઈ શક્યું. ત્યાં મુક્ત વ્યવસાયવાદનો પ્રભાવ પહેલા વિશ્વયુદ્ધ પછી પણ જળવાઈ રહ્યો. પરન્તુ, ૧૯૨૯–૩૧ની આર્થિક આંધીને કારણે અમેરિકી અર્થકારણ તૂટી પડવાની અણીએ મુકાયું. આંધીએ ઊભી કરેલી વિકટ સમસ્યાઓનો ઉકેલ જૂને ચીલે આવી શકે તેમ ન હતો. અમેરિકાના પ્રમુખ ફ્રૅંકલિન રૂઝવેલ્ટે 'ન્યૂ ડીલ'ની નીતિ સ્વીકારી. 'ન્યૂ ડીલ' કલ્યાણરાજ્યવાદની જ એક ભાત કે તરાહ ગણાય. અમેરિકા મુક્ત વ્યવસાયવાદનો અજેય કિલ્લો ગણાતો હતો, તે કિલ્લામાં પણ હવે મોટાં ગાબડાં પડયાં.

સમાજના નીચલા સ્તરના લોકોના ઉત્કર્ષ માટે અને અર્થકારણના સુસંચાલન માટે આર્થિક ક્ષેત્રે સરકારે આગેવાનીભર્યો ભાગ ભજવવો જોઈએ તે 'ન્યૂ ડીલ' સ્વીકારે છે. બેકાર બનેલા કરોડો લોકોને રોજી આપવા રૂઝવેલ્ટે અનેક યોજનાઓ અમલમાં મૂકી. રાજ્યે મોટાં મોટાં જાહેર બાંધકામો હાથ ધર્યાં. મન્દ પડેલી આર્થિક પ્રવૃત્તિને વેગ આપવા સરકારે મૂડીરોકાણ કરવામાં પહેલ કરવી જોઈએ તે પણ 'ન્યૂ ડીલ' સ્વીકારે છે. સમાજના નીચલા સ્તરના લોકોની ખરીદશક્તિ વધે તે માટે અનેક રાજકોષીય પગલાં લેવામાં આવ્યાં. ખેડૂતોને તેમની ઊપજની યોગ્ય કિમ્મત મળી રહે તે માટે ઍગ્રિકલ્ચરલ ઍડજસ્ટમેન્ટ ઍક્ટ (૧૯૩૩) પસાર કરવામાં આવ્યો. સમાજના નીચલા વર્ગના લોકોને સહાયભૂત થઈ પડે તેવા સોશિયલ સિક્યોરિટી ઍક્ટ જેવા બીજા કાયદા પણ પસાર કરવામાં આવ્યા. કામદાર સંગઠનોને માન્યતા આપતા કાયદા અમલમાં મૂકવામાં આવ્યા.

કામદાર સંગઠનો કારખાનદારો સાથે સામૂહિક બળના ધોરણે મંત્રણા કરી નોકરીની સવલતો, વેતન વગેરે બાબતોમાં ન્યાયી ઉકેલ મેળવી શકે તે માટે પણ ૧૯૩૫માં વેગ્નેર ઍક્ટ પસાર કરવામાં આવ્યો. આ કાયદો અમેરિકાના શ્રમજીવીઓનો મૅગ્ના કાર્ટા બની ગયો. ઔદ્યોગિક ઝઘડાઓનું નિરાકરણ વાટાઘાટો દ્વારા લાવી શકાય તે અંગે પણ પ્રબંધ કરવામાં આવ્યો.

અમેરિકામાં આર્થિક પ્રવૃત્તિ ઉપરના સરકારી નિયંત્રણ વિરુદ્ધ એક પ્રકારની સૂગ પ્રવર્તતી હતી. શરૂઆતના મુક્ત સાહસવાદીઓના ઉગ્ર પણ વિફળ વિરોધ પછી, 'ન્યૂ ડીલ' સામેની સૂગ ઘટી ગઈ. એ પછી અર્થકારણ ઉપરની રાજ્યની પકડ દિનપ્રતિદિન વધતી જ ગઈ છે. સમ્પત્તિની પુનઃ વહેંચણીના કાર્યમાં સરકારે આગેવાની લેવી જોઈએ અને ઉપલા વર્ગો ઉપર વધુ કરવેરા નાખી, તે માર્ગે પ્રાપ્ત થયેલી સમ્પત્તિનો ઉપયોગ નીચલા વર્ગોના ઉત્કર્ષ માટે કરવો જોઈએ તે વાત પણ અમેરિકાએ સ્વીકારી. આ નવો માર્ગ સ્વીકારવાને કારણે અમેરિકામાં પણ નીચલા અને ઉપલા વર્ગોની આવકની અસમાનતામાં ઘટાડો થયો.

## અમેરિકા : આવકનું ઘટતું અંતર

| આવક | ૧૯૨૯ | ૧૯૪૭ | ૧૯૬૨ |
|---|---|---|---|
| ૩,૦૦૦ ડૉલરથી ઓછી | ૫૧ ટકા કુટુમ્બોની | ૩૦ ટકા કુટુમ્બોની | ૨૧ ટકા કુટુમ્બોની |
| ૩,૦૦૦થી ૬,૦૦૦ ડૉલર સુધી | ૩૪ ટકા ,, | ૪૦ ટકા ,, | ૩૧ ટકા |
| ૬,૦૦૦થી ૮,૦૦૦ ડૉલર સુધી | ૭ ટકા ,, | ૧૪ ટકા ,, | ૧૮ ટકા |
| ૮,૦૦૦થી ૧૦,૦૦૦ ડૉલર સુધી | ૩ ટકા ,, | ૭ ટકા ,, | ૧૧ ટકા |
| ૧૦,૦૦૦ ડૉલરથી વધુ | ૫ ટકા ,, | ૯ ટકા ,, | ૧૯ ટકા |

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાશે કે અમેરિકામાં ત્રણ હજારથી ઓછી આવકવાળાં કુટુમ્બોના પ્રમાણમાં છેલ્લાં તેત્રીસ વર્ષમાં ત્રીસ ટકાનો ઘટાડો થયો છે, તેમ ૩,૦૦૦થી ૬,૦૦૦ ડૉલરની આવકવાળાં કુટુમ્બોના પ્રમાણમાં ત્રણ ટકાનો ઘટાડો થયો છે. તેની સામે ૬,૦૦૦થી ઉપરની આવકવાળાં કુટુમ્બોમાં કુલે તેત્રીસ ટકાનો વધારો થયો છે. આમ નીચી આવકવાળાનું પ્રમાણ ઘટ્યું છે અને ઊંચી આવકવાળાનું પ્રમાણ વધ્યું છે. ૧૯૨૯માં અડધી વસ્તી ગરીબાઈમાં સબડતી હતી. ૧૯૬૨માં તે પ્રમાણ ઘટીને પાંચમા ભાગનું થઈ ગયું. ૬,૦૦૦ ડૉલરથી વધુ આવકવાળાનું પ્રમાણ ૧૯૨૯માં ૧૫ ટકા હતું. ૧૯૬૨માં તે પ્રમાણ ૪૮ ટકાનું થયું. આ રીતે, યુરોપના દેશોની જેમ અમેરિકામાં પણ ગરીબોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે અને મધ્યમ-વર્ગની સંખ્યામાં વધારો નોંધાયો છે.

૧૯૨૯માં અમેરિકાના તદ્દન ટોચના ઉપલા વર્ગની આવક દેશની કુલ આવકના ૧૯ ટકા હતી. ૧૯૪૬-માં આ આવક ૮ ટકા કરતાં કંઈક ઓછી થઈ ગઈ. જો ટોચના ઉપલા સ્તરને લઈએ તો આ પાંચ ટકાની આવક ૧૯૨૮માં ૧૮ ટકા હતી અને ૧૯૪૬માં આ આવક ૮ ટકા કરતાં કંઈક ઓછી થઈ ગઈ. જો ટોચના પાંચ ટકાને લઈએ તો આ પાંચ ટકાની આવક ૧૯૨૮માં કુલ રાષ્ટ્રીય આવકના ૩૩ ટકા હતી. ૧૯૪૬માં તે ૧૮ ટકા થઈ ગઈ. આમ, અમેરિકામાં પણ ઉપલા વર્ગની આવકમાં ઘટાડો અને નીચલા વર્ગોની આવકમાં વધારો થયો છે.

આમ છતાં, અમેરિકામાં હજુ કુલ વસ્તીનો સાત ટકા જેટલો વર્ગ ગરીબ છે. જોકે, ગરીબાઈનું ધોરણ અલ્પવિકસિત દેશની ગરીબાઈ કરતાં સાવ જુદું છે. અમેરિકામાં જે કુટુમ્બની સરેરાશ વાર્ષિક આવક ૩,૦૦૦ ડૉલરથી નીચે હોય તે ગરીબ ગણાય છે. આ સાત ટકામાં હબસીઓ, પ્યુર્ટોરિકનો અને દક્ષિણ યુરોપમાંથી આવી વસેલા અમેરિકનોનું પ્રમાણ ખૂબ વિશેષ છે. અમેરિકામાં સમાજવાદની ચળવળ કશું જોર નથી પકડી શકી. પરન્તુ, ત્યાં 'સામૂહિક તડજોડના સોદા'ની પ્રથા ઊંડી જડ ઘાલી ગઈ છે. તે પ્રથાએ ત્યાંના શ્રમજીવી-ઓની સ્થિતિ સુધારવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

સમાજવાદ અને મૂડીવાદ વચ્ચેનું અંતર ઘટાડવામાં લોકશાહીએ પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે. ઔદ્યોગિક રીતે આગળ વધેલા લોકશાહી દેશમાં ચૂંટણી જીતવી હોય તો નીચલો વર્ગ તેમ જ મધ્યમવર્ગ આ બંને વર્ગોમાંથી ટેકો મળી રહે એવી સ્થિતિ જાળવવી જરૂરી થઈ પડતી હોય છે. આને કારણે રૂઢિચુસ્ત પક્ષો શ્રમજીવી વર્ગને સમ્પૂર્ણ રીતે અવગણી નથી શકતા, તો સમાજવાદી પક્ષો મધ્યમવર્ગના વલણને સમ્પૂર્ણ રીતે અવગણી નથી શકતા. નીચલા સ્તરના લોકોને આત્યંતિક માર્ગે જતા અટકાવવાનો શ્રેષ્ઠ ઉપાય લોકકલ્યાણ માટેના સરકારી પ્રયત્નોને ટેકો આપવાનો છે તે આજે મૂડીવાદી દેશોના અગ્રવર્ગો પણ સ્વીકારે છે. સીધા કરવેરાના પ્રમાણમાં પશ્ચિમ યુરોપના દેશો અને અમેરિકા વચ્ચે કેટલો ભેદ છે તે નીચે દર્શાવેલાં દૃષ્ટાંતો વધુ સ્પષ્ટ કરશે.

૧૨,૦૦૦ ડૉલરની વાર્ષિક આવક ધરાવનાર બે બાળકોવાળી એક પરિણીત વ્યક્તિ ઇંગ્લંડમાં ૩,૨૫૭ ડૉલર ટૅક્સ ભરે છે, તો તેવી જ સ્થિતિની તેટલી જ આવક ધરાવનાર વ્યક્તિ અમેરિકામાં ફક્ત ૨,૧૫૪ ડૉલરનો ટૅક્સ ભરે છે. કરવેરાના દરો સ્વીડનમાં તો વળી ખૂબ ભારે છે. ત્યાં ૧૦,૦૦૦ ડૉલરની આવક ઉપર કુલે ૪૩ ટકા જેટલા કરવેરા છે, તો ૨૦,૦૦૦ ડૉલરની આવક ઉપર ૫૩ ટકા અને ૪૦,૦૦૦ ડૉલરની આવક ઉપર ૭૩ ટકા છે. ત્યાં મિલકત વેરો પણ જબરો છે. ત્યાં ૩૧,૦૦૦ ડૉલર ઉપરની સઘળી મિલકત ઉપર ૧ ટકો મિલકત વેરો છે. મોટર, ઘર, બૅન્ક થાપણ, દરદાગીના આ બધું ત્યાં કરપાત્ર મિલકતમાં ગણી લેવામાં આવે છે. ત્યાં આપકમાઈની આવક કરતાં મિલકતમાંથી થતી આવક ઉપર વિશેષ કર લેવામાં આવે છે. સ્વીડનમાં કુલ રાષ્ટ્રીય આવકના ૪૨ ટકા સીધા અને આડકતરા કરવેરા રૂપે સરકારી તિજોરીમાં જાય છે. અમેરિકામાં આ પ્રમાણ ૩૧ ટકાનું છે.

## પૂર્ણ સામાજિક સલામતીની દિશામાં

પશ્ચિમ યુરોપના આ દેશોમાં જનકલ્યાણ પાછળ વિપુલ પ્રમાણમાં ખર્ચ કરવામાં આવે છે. કેટલાક દેશોમાં તો કુલ રાષ્ટ્રીય આવકના ૨૦ ટકા જેટલી રકમ સામાજિક સેવાઓ પાછળ ખર્ચાય છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા સહિત પશ્ચિમ યુરોપના ઘણાખરા દેશોમાં લગભગ સર્વાંગીણ ગણી શકાય તેવી સામાજિક સલામતી પૂરી પાડતા કાયદાઓ અમલમાં આવ્યા છે. બેકારી, માંદગી, વૃદ્ધાવસ્થા વગેરે સમયે દરેક વ્યક્તિને મૂળભૂત ન્યૂનતમ જરૂરિયાતો મળી રહે તે આ કાયદાઓનો હેતુ હતો. સામાજિક સલામતીના કાયદા અને લોકકલ્યાણનાં બીજાં પગલાંને કારણે તે દેશોમાં નીચલા વર્ગની સ્થિતિમાં મોટો સુધારો નોંધાયો છે. એક અંગ્રેજ સમાજશાસ્ત્રીએ કરેલી મોજણી અનુસાર ૧૯૩૬માં બ્રિટનમાં ૩૧ ટકા જેટલી પ્રજા ગરીબીમાં સબડતી હતી. ૧૯૫૦માં તે પ્રમાણ ઘટીને કેવળ ૩ ટકાનું રહ્યું. સામાજિક સલામતીના આ કાયદાનો હેતુ પ્રજાના દરેકે દરેક વર્ગને અને આબાલવૃદ્ધ સૌને જીવનની પ્રાથમિક જરૂરિયાતો મળી રહે તેવી સ્થિતિનું નિર્માણ કરવાનો હતો. આ કાયદા અનુસાર બેકારી, માંદગી વગેરે પ્રસંગે દરેકને અમુક ઊચક રકમ આપવામાં આવતી. તે રકમ વ્યક્તિની આવકના ધોરણને લક્ષમાં રાખી નક્કી કરવામાં નહોતી આવતી, તેમ ભાવવધારાને કારણે તેમાં વધારો નહોતો થતો. સ્વીડનના ૧૯૬૦ના સામાજિક સલામતી ધારાએ આ વ્યવસ્થામાં ધરમૂળનો ફેરફાર કર્યો. આ ધારા અનુસાર દરેક વ્યક્તિને તેની સરેરાશ આવકના પ્રમાણમાં વૃદ્ધાવસ્થા, બેકારી વગેરેમાં ભથ્થું મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી. તે અનુસાર નિવૃત્ત થતા પહેલાંનાં પંદર વર્ષમાં વ્યક્તિની સરેરાશ આવક હોય તેની $\frac{2}{3}$ રકમ વ્યક્તિને સામાજિક સલામતીના ભથ્થા તરીકે મળી રહે એવું યોજવામાં આવ્યું. સ્વીડનનો આ ધારો યુરોપના બીજા દેશો માટે નમૂના રૂપ બની ગયો અને યુરોપના ઘણાખરા દેશોએ આ ધારાનું અનુસરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

૧૯૪૮નો બ્રિટનનો રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ધારો મજૂર સરકારની સૌથી મહત્ત્વની સિદ્ધિ ગણાય. દરેક પ્રકારની સ્વાસ્થ્ય-સેવા, દવાદારૂ, વાઢકાપ, દાંત કે આંખના ઉપચાર વગેરે દરેકને વિના ખર્ચે મળી રહે તેવો પ્રબંધ

તે ધારા નીચે કરવામાં આવ્યો. બ્રિટનના આ પ્રબંધને ધાર્યા કરતાં પણ વિશેષ સફળતા મળી. બ્રિટનમાં લોકમતની થયેલી એક મોજણી અનુસાર ત્યાંની ૯૦ ટકા પ્રજા આ પ્રબંધની તરફદારી કરતી હતી. બ્રિટનના નમૂના ઉપર પશ્ચિમ યુરોપના બીજા દેશોમાં પણ સ્વાસ્થ્ય-સેવાને લગતા પ્રબંધો કરવામાં આવ્યા.

પશ્ચિમ યુરોપમાં સમાજવાદીઓએ જાહેર રહેઠાણ પૂરાં પાડવાના કાર્યમાં પણ નોંધપાત્ર સફળતા મેળવી છે. ૧૯૪૫માં સ્વીડનનાં ૨૧ ટકા રહેઠાણો અત્યંત ગીચ હતાં. ૧૯૬૨માં તે પ્રમાણ ઘટીને ૧૦ ટકા થયું, એટલે કે ૧૧ ટકા ઘટી ગયું. ભાડાના દર પણ ક્રમે ક્રમે ત્યાં ઘટયા છે. ૧૯૩૯માં સ્વીડનમાં એક નવા ફ્લૅટનું ભાડું મજૂરની આવકના ૩૫ ટકા જેટલું હતું. ૧૯૫૫માં તે પ્રમાણ ઘટીને ૧૮ ટકા જેટલું થઈ ગયું.

સ્વીડનમાં અદ્ભુત સામાજિક સુરક્ષા છે. દા. ત., પતિપત્ની અને દશ વર્ષ નીચેની ઉંમરનાં બે બાળકોવાળું એક કુટુમ્બ છે, તેની વાર્ષિક આવક ૫,૦૦૦ ડૉલર છે. તેમાંથી ૨,૩૦૦ ડૉલર તેણે કરવેરામાં આપી દેવા પડે છે. પરન્તુ આના બદલામાં તેનાં બંને બાળકો મફત શિક્ષણ મેળવે છે. પુસ્તકો વગેરે પણ તેમને મફત મળે છે. તે બંને બાળકોને બપોરે ગરમાગરમ ભોજન મળે છે. ઉપરાંત, દરેક બાળક પંદર વર્ષની ઉંમરે પહોંચે ત્યાં સુધી તેના પિતાને સરેરાશ વાર્ષિક ૨૪૦ ડૉલર જેટલું ભથ્થું મળે છે. ઘરભાડામાં સરકાર ૩૦ ટકા જેટલી સબસીડી પૂરી પાડે છે. વૃદ્ધાવસ્થામાં દરેક સ્વીડિશ નાગરિકને તેની કમાણીનાં વર્ષોની સરેરાશ આવકની $\frac{2}{3}$ આવક ઘેરબેઠાં મળે છે.

સ્વીડનમાં શહેરો અને ગામો સુઘડ અને ચોખ્ખાં દેખાશે. ત્યાં ગંદા વિસ્તારો ક્યાંય નજરે નહીં ચડે. નૉર્વે અને ડેનમાર્કની સ્થિતિ પણ લગભગ ઉપર કહ્યું તે પ્રકારની જ છે. કલ્યાણ-પ્રવૃત્તિ સ્કૅન્ડિનેવિયામાં પશ્ચિમ યુરોપના બીજા દેશો કરતાં વિશેષ છે. આમ છતાં, પશ્ચિમ જર્મની, ઑસ્ટ્રિયા, હૉલૅન્ડ, બેલ્જિયમ અને બ્રિટનની સ્થિતિ પણ ઓછાવત્તા પ્રમાણમાં આગળ ઉપર નિર્દેશ કર્યો તે પ્રકારની છે. તે દેશો અસમાનતાની કટુતા ઘસી નાખવામાં ઘણી પ્રગતિ સાધી શકયા છે. સ્વીડનની સામાજિક સલામતીની અસર સામાજિક અને સાંસ્કારિક જીવન ઉપર પડી છે તે પણ જોઈ શકાય તેવું છે. આંદોલનો અને ચળવળોનું પ્રમાણ સ્વીડનમાં કેટલું ઓછું છે તે નીચેના કોઠા ઉપરથી જોઈ શકાશે.

## આંદોલનો અને ચળવળો

[પાંચ વર્ષના ગાળામાં]

| | ૧ લાખે ભાગ લેનારની સંખ્યા | મુદત (બધી ચળવળોના સમયનો સરવાળો) | ૧ લાખે મૃત્યુ પામનારની સંખ્યા | કુલ પ્રમાણ |
|---|---|---|---|---|
| ૧. સ્વીડન | ૦ | ૦ | ૦·૦ | ૦·૦ |
| ૨. રશિયા | ૧૦ | ૩ મહિના | ૦·૫ | ૩·૬ |
| ૩. જાપાન | ૩૦૦ | ૨ મહિના | ૧·૦ | ૫·૯ |
| ૪. બ્રિટન | ૮૦ | ૧ વર્ષ | ૨·૦ | ૪·૭ |
| ૫. ભારત | ૧૬૦૦ | ૪ વર્ષ | ૧·૦ | ૧૧·૦ |
| ૬. અમેરિકા | ૧૧૦૦ | ૫ વર્ષ | ૫·૦ | ૧૩·૮ |
| ૭. ફ્રાન્સ | ૨૨૦૦ | ૨ વર્ષ | ૪·૦ | ૧૨·૧ |

આ બધા છતાં સ્વીડનમાં આત્મહત્યાનું પ્રમાણ કાંઈક વિશેષ છે. સ્વીડનમાં એક લાખે ૧૮ વ્યક્તિ આત્મહત્યા કરે છે, તો અમેરિકામાં ૧૧ વ્યક્તિ આત્મહત્યાનો આશ્રય લે છે. પરન્તુ સ્વીડનમાં આત્મહત્યાનું

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાશે કે મિલકતની આવકમાં ૧૦ ટકાનો ઘટાડો, તો મજૂરોના વેતનમાં ૫ ટકાનો વધારો, અને પગારની આવક પાછળના ખર્ચમાં ૪ ટકાનો વધારો નોંધાયો છે. મજૂર સરકારના પતન પછી આ ટકાવારીમાં થોડો ફેર પડયો છે. આમ છતાં, સમાનીકરણના મૂળભૂત વલણમાં ખાસ પરિવર્તન નથી આવ્યું.

યુરોપમાં સમાનીકરણ આગળ ધપાવવામાં સીધા કરવેરાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સામાજિક સલામતીનો આધાર કરવેરામાંથી થતી આવક ઉપર રહે છે. સામાજિક સલામતી સ્વીડનમાં સૌથી વિશેષ છે તેમ સીધા કરવેરા પણ ત્યાં સૌથી વિશેષ છે.

**સીધા કરવેરા**

| | કુલ રાષ્ટ્રીય આવકના ટકા | | કુલ રાષ્ટ્રીય આવકના ટકા |
|---|---|---|---|
| ૧. અમેરિકા | ૨૭·૩ | ૭. પશ્ચિમ જર્મની | ૩૪.૩ |
| ૨. બેલ્જિયમ | ૨૯·૭ | ૮. નૉર્વે | ૩૪·૯ |
| ૩. ડેનમાર્ક | ૨૯·૭ | ૯. ઑસ્ટ્રિયા | ૩૫·૨ |
| ૪. ઇટાલી | ૨૯·૭ | ૧૦ ફ્રાન્સ | ૩૮·૧ |
| ૫. બ્રિટન | ૩૦·૩ | ૧૧. સ્વીડન | ૩૯·૦ |
| ૬. નેધરલૅન્ડ | ૩૪·૧ | | |

સ્વીડનની માથાદીઠ રાષ્ટ્રીય આવક અમેરિકાની નજીક આવે છે. અમેરિકાની વ્યક્તિદીઠ આવક ૩,૪૧૨ ડૉલર છે, જ્યારે સ્વીડનની ૨,૮૬૦ છે. વ્યક્તિદીઠ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં પહેલે નંબરે અમેરિકા, બીજે નંબરે કુવૈત અને ત્રીજે નંબરે સ્વીડન આવે છે. ફ્રાન્સ અને ઑસ્ટ્રિયામાં સીધા કરવેરાનું પ્રમાણ વધારે છે, પણ તે દેશોની વ્યક્તિદીઠ આવક અનુક્રમે ૧,૪૩૬ અને ૧,૦૯૬ ડૉલર છે. સ્વીડનમાં કેટલી મોટી સમ્પત્તિ કલ્યાણપ્રવૃત્તિ પાછળ ખર્ચાય છે તેનો ખ્યાલ ઉપરના આંકડા ઉપરથી આવી શકશે.

## આધુનિક લોકશાહી સમાજવાદ

ઉત્પાદનનાં સઘળાં સાધનોની રાષ્ટ્રીય માલિકીના વિચારમાંથી સમાજવાદીઓ કેમ ધીમે ધીમે પાછા હટયા અને મિશ્ર અર્થતંત્રનો માર્ગ સ્વીકાર્યો તે આપણે જોઈ ગયા. વ્યવહારમાં મિશ્ર અર્થતંત્ર તરફ વળ્યા પછી પણ લાંબા વખત સુધી તેઓ મિશ્ર અર્થતંત્રના સિદ્ધાન્તનો ખુલ્લી રીતે કેમ પક્ષ નહોતા કરતા તે પણ આપણે જોઈ ગયા. બીજા વિશ્વયુદ્ધ પછી તેમણે ખુલ્લી રીતે મિશ્ર અર્થતંત્રનો પક્ષ કરવાનું શરૂ કર્યું. ખાનગી ઉદ્યોગો અને સમાજવાદી આયોજન હરહમેશ પરસ્પર વિરોધી છે એમ ન માની લેવું જોઈએ. સમાજવાદી આયોજનનો ખાનગી ઉદ્યોગ સાથે મેળ બેસી શકે તેમ છે એમ તેઓએ સ્વીકાર્યું. સમાજવાદીઓની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ ખુલ્લી રીતે સ્વીકાર્યું કે કૃષિ ક્ષેત્રે, નાના અને મધ્યમ કદના ઉદ્યોગોમાં અને છૂટક વેપારમાં ખાનગી ક્ષેત્રને પણ સ્થાન છે.

લોકશાહી સમાજવાદીઓની ફ્રૅન્કફર્ટ કૉંગ્રેસે લોકશાહી સમાજવાદના પાયાના સિદ્ધાન્તો નીચે પ્રમાણે ગણાવ્યા .

(૧) સ્પર્ધાની પ્રથા ઉપર ચાલનારા સમાજને સ્થાને સહકાર ઉપર ચાલનારા સમાજનું સંસ્થાપન કરવાનો હેતુ પરિપૂર્ણ કરવાની દૃષ્ટિએ સરકારે આર્થિક પ્રવૃત્તિનું સંચાલન અને નિયંત્રણ કરવું; (૨) દરેકને પોતાના વિકાસ માટે સમાન તક મળે તેવી સમાજવ્યવસ્થા સ્થાપવા મથામણ કરવી; (૩) સરકારી નિયંત્રણ ફાસીવાદી કે સામ્યવાદી સરમુખત્યારીમાં ન પરિણમે તે માટે સરકારી નિયંત્રણ લોકશાહીના માળખામાં અને લોકશાહીની પ્રક્રિયાઓ દ્વારા યોજાય તે જોવું; (૪) સામાજિક માલિકી એટલે

કેવળ સરકારી માલિકી નહીં; સરકારી માલિકી એ તો સામાજિક માલિકીનું માત્ર એક સ્વરૂપ છે. પણ સહકારી સંસ્થાઓની માલિકી અને સ્વાયત્ત સંસ્થાઓની માલિકી એ સામાજિક માલિકીનાં બીજાં સ્વરૂપો છે.

આમ, સરકારના એકહથ્થુ અંકુશને સ્થાને લોકશાહી સમાજવાદીઓએ બહુકેન્દ્રિત સામાજિક અંકુશનો વિચાર સ્વીકાર્યો.

આ રીતે લોકશાહી સમાજવાદીઓએ મૂડીવાદી ઉદારમતવાદનાં કેટલાંક મહત્ત્વનાં તત્ત્વો સ્વીકારી લીધાં. લોકશાહી સમાજવાદીઓ વ્યક્તિસ્વાતંત્ર્ય, લોકશાહી રીતરસમો, કાયદાનું શાસન વગેરેને સમાજવાદની જેમ મૂળભૂત મૂલ્યો તરીકે સ્વીકારે છે. આવાં મૂલ્યોના ભોગે સમાજવાદનું સંસ્થાપન કરવામાં તેઓ નથી માનતા. વ્યક્તિના સ્વાતંત્ર્ય અને સર્વાંગીણ વિકાસ માટે સમાજે સક્રિય થવું જોઈએ અને આગેવાની લેવી જોઈએ એમ સમાજવાદીઓ સ્વીકારે છે. તેમ જ, સામાજિક ઉત્કર્ષના કાર્યમાં સરકારે પહેલ કરીને આગેવાની લેવી જોઈએ તે પણ સમાજવાદીઓ સ્વીકારે છે. પરન્તુ, તેઓ રાજ્યને સમાજના પર્યાય રૂપ ન ગણતાં, રાજ્યને સમાજનાં અનેક અંગોમાંના એક અંગ તરીકે ગણે છે.

વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ અને સ્વતંત્રતા એ સત્તાના વિકેન્દ્રીકરણ ઉપર આધાર રાખે છે એ માન્યતા લોકશાહી સમાજવાદની પાયાની માન્યતા છે. તેઓ લોકતંત્રને સાચા સમાજવાદના વિકાસ માટેનું અનિવાર્ય સાધન ગણે છે; સમાજવાદને લોકશાહીના વિસ્તાર તરીકે ગણે છે. લોકશાહી સરકારની આગેવાની નીચે સામાજિક અને આર્થિક સત્તાનો દોર લોકોના હાથમાં રહે તેવી સ્થિતિને તેઓ સમાજવાદ ગણે છે. લોકસ્વાતંત્ર્ય માટે જેમ સરકારી સત્તાનું વિકેન્દ્રીકરણ જરૂરી છે તેવી જ રીતે સાચા સમાજવાદ માટે આર્થિક સત્તા પણ વિકેન્દ્રિત કે બહુકેન્દ્રી હોવી જોઈએ એમ તેઓ માને છે. તેઓ એમ પણ માને છે કે આર્થિક સત્તાના વિકેન્દ્રીકરણ માટે અમુક ચાવીરૂપ ઉદ્યોગોને બાદ કરતાં વેપારઉદ્યોગની માલિકી ઉત્પાદકો કે વાપરનારાઓની સહકારી મંડળીઓના હાથમાં રહે કે સ્થાનિક સ્વાયત્ત સંસ્થાઓના હાથમાં રહે કે જાહેર ટ્રસ્ટો કે જાહેર કૉર્પોરેશનોના હાથમાં રહે અને અમુક અંશે ખાનગી ક્ષેત્રે રહે. આમ, લોકશાહી સમાજવાદીઓ ઉદારમતવાદનાં અમુક મૂળભૂત મૂલ્યોને સ્વીકારે છે.

ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાં કામદારોની સ્થિતિ દિનપ્રતિદિન સુધરતી ગઈ. મૂડીવાદના વિકાસ સાથે અતિ ગરીબ અને અતિ ધનિક એવા બે વર્ગો ઊભા થવાના અને મધ્યમવર્ગ દિનપ્રતિદિન ક્ષીણ થઈ નષ્ટ થઈ જશે એવી માર્ક્સની અટકળ સાચી ઠરી નહીં. તે દેશોમાં મધ્યમવર્ગનું પ્રમાણ ધીમે ધીમે વધતું ગયું અને શ્રમજીવી વર્ગની સ્થિતિ સુધરતાં તે મધ્યમવર્ગની સ્થિતિની લગભગ લગોલગ પહોંચી ગયો. શ્રમજીવી વર્ગની સ્થિતિ જેમ જેમ સુધરતી ગઈ તેમ તેમ રાષ્ટ્રીયકરણની લાગણી બુઠ્ઠી થતી ગઈ.

બીજી બાજુ, રાષ્ટ્રીયકૃત ઉદ્યોગો જોઈએ તેટલા કાર્યક્ષમ પુરવાર ન થયા. તેમ તે ઉદ્યોગોના વહીવટમાં શ્રમજીવીઓને સહભાગી બનાવવાની વાત પણ લગભગ એક સ્વપ્ન તરીકે જ રહી. સામ્યવાદી દેશોમાં મજૂરોની સહભાગીદારી વિકસી ન શકી એટલું જ નહીં પણ ત્યાં શક્તિશાળી મજૂર સંગઠનો પણ ન વિકસી શક્યાં. ત્યાં મજૂર સંગઠનો સામ્યવાદી પક્ષની અને સરકારની કઠપૂતળીઓ તરીકે જ રહ્યાં. જો રાષ્ટ્રીયકૃત ઉદ્યોગોનો વહીવટ ખાનગી ઉદ્યોગના માલિકો ને સંચાલકોને બદલે સરકારી અમલદારોના હાથમાં જતો હોય તો મજૂરો માટે તો 'મૂડીવાદી શેઠિયાઓ'ના સ્થાને 'સરકારી શેઠિયાઓ'ની ધૂંસરી નીચે જવા જેવું થાય. આમ, જૂના વર્ગો મિટાવનારી સામ્યવાદી પ્રથામાં સત્તાધારી નોકરશાહીનો નવો વર્ગ ઊભો થયો. આથી માર્ક્સના દર્શનનું શ્રમજીવીઓનું પોતાનું શાસન ન આવ્યું. સામ્યવાદી દેશોના આવા કડવા અનુભવને કારણે લોકશાહી દેશોમાં સમાજવાદીઓ રાષ્ટ્રીયકરણના માર્ગને તિલાંજલિ આપી સહકારી સમાજવાદને માર્ગે વળ્યા.

સહકારી સમાજવાદ રાષ્ટ્રીયકૃત સાહસો ઊભાં કરવા માટેના સૂત્રજડ આગ્રહને વળગી નથી રહેતો. તે ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્રનું સહઅસ્તિત્વ સ્વીકારે છે. તેમ જ સહકારી સંસ્થાઓની માલિકી અને

મ્યુનિસિપાલિટીઓ, મજૂર સંગઠનો, ગ્રાહકો કે વાપરનારાઓના સંઘો વગેરે સ્વાયત્ત ઘટકોની માલિકીને જાહેર માલિકીનાં જુદાં જુદાં સ્વરૂપો તરીકે સ્વીકારે છે. સમાજવાદીઓ માને છે કે આ પ્રકારના આયોજનમાં સ્પર્ધા અને નિયંત્રણ, મુક્ત વલણ અને આયોજન, આ બધાં પરિબળોનો સુમેળ સાધી શકાય છે. સ્કેન્ડિનેવિયામાં આ પ્રકારના સમાજીકરણે ખૂબ લાભદાયી પરિણામો દેખાડ્યાં છે. ત્યાં મોટા ભાગના મહત્ત્વના ઉદ્યોગોમાં ખાનગી, સરકારી અને સહકારી ઘટકોનું સહઅસ્તિત્વ છે. ત્યાં મકાનો સહકારી મંડળીઓ અને મ્યુનિસિપાલિટીની માલિકીનાં છે, તથા છૂટક તેમ જ જથ્થાબંધ વેપારને ક્ષેત્રે ત્યાં સહકારી મંડળીઓનો નોંધપાત્ર વિકાસ થયો છે. વળી, ઉત્પાદનનાં કેટલાંક ક્ષેત્રોમાં પણ ત્યાં સહકારી પ્રવૃત્તિએ ઠીક ઠીક સફળતા બતાવી છે.

સહકારી સમાજવાદ વ્યક્તિસ્વાતંત્ર્યના ઉદારતાવાદી આદર્શ અને બંધુત્વના સમાજવાદી આદર્શનો સુમેળ સાધે છે. તે પદ્ધતિ મહત્તમ ઉત્પાદન કરવા માટેનાં પ્રોત્સાહનો પૂરાં પાડવાની સાથે સાથે વહેંચણીમાં સમાનતા અને સામાજિક ન્યાયના આદર્શોને પ્રયોજે છે. અમ્લાન દત્ત ('કો-ઑપરેટિવ સોશિયાલિઝમ'માં) સમાજવાદને સમાનતા અને સ્વાતંત્ર્યનાં મૂલ્યો પર આધારિત બંધુત્વના આદર્શ તરીકે પ્રમાણે છે. આ વિચાર સહકારી સમાજવાદના ખ્યાલને બરાબર લાગુ પડે છે.

સમાજવાદી વિચારની ફેરવિચારણા કેવળ લોકશાહી સમાજવાદી વિચારો પૂરતી જ મર્યાદિત રહી છે, એમ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. લેનિનવાદી સમાજવાદી એટલે કે કૉમ્યુનિસ્ટ વિચારો પણ ફેરવિચારણાની અસરમાંથી મુક્ત નથી રહી શક્યા. સાચી રીતે જોઈએ તો કોઈ પણ જીવન્ત વિચારધારા સ્થિર કે જડ રહી જ ન શકે. સમાજજીવનના ગતિશીલ પરિવર્તન સાથે સાથે વિચારસરણીનો ઘાટ પણ બદલાતો જતો હોય છે. લોકશાહી સમાજવાદી વિચારો અને સામ્યવાદી વિચારો આ બંનેએ ફેરવિચારણાની એરણ ઉપર ટિપાઈ ટિપાઈને પોતાનું સ્વરૂપ બદલ્યું છે.

પરન્તુ, આ બંને વિચારસરણીઓમાં થયેલી ફેરવિચારણા વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે. લોકશાહી સમાજવાદીઓ ફેરવિચારણાને સ્વાભાવિક ગણે છે; તેઓ સજાગ રીતે અને મુક્ત રીતે ફેરવિચારણા કરે છે; જ્યારે લેનિનવાદીઓ માર્ક્સના મૂળભૂત વિચારોને અફર વિશ્વસિદ્ધાન્તો ગણે છે અને તે સિદ્ધાન્તો વિશે કશી ફેરવિચારણા શક્ય નથી એમ માને છે. તે સિદ્ધાન્તોની ફેરવિચારણા કરનારાઓને તેઓ માર્ક્સવાદના દ્રોહીઓ ગણે છે. આમ છતાં, કોઈ પણ વિચાર અનુસાર વ્યવહાર યોજવાનો હોય ત્યારે તે વિચારને વાસ્તવિક જીવનમાં આવેલા પલટા અનુસાર મઠારવાનું કામ અનિવાર્ય થઈ પડે છે. આવી મઠારણા સજાગ રીતે ન કરવામાં આવે તો અજાણ રીતે અને બેળે બેળેય કરવી પડતી હોય છે. છતાં, તેઓ માર્ક્સવિચારને ચુસ્ત રીતે વળગી રહ્યા હોવાનો દાવો કરે છે અને સમય અને સંજોગ અનુસાર તેઓ તે સૂત્રોના જુદા જુદા અર્થો ઘટાવે છે.



**ભદ્રલોક અને મહેનતકશની એકતા**

ફ્રાન્સના ટ્રેડ યુનિયનિસ્ટોના મે ૧૯૩૭માં યોજાયેલ સરઘસમાં ફરકાવવામાં આવેલ આ ધ્વજ-પતાકાથી ફ્રાન્સની લોકપ્રિય મોરચા પ્રવૃત્તિ (પૉપ્યુલર ફ્રન્ટ મૂવમેન્ટ)નાં મંડાણ થયાં અને સહયોગ સંગઠનની ભૂમિકા બંધાઈ

આમ, સામ્યવાદીઓ વિચારસરણીના પલટાઓને માર્ક્સ અને લેનિનનાં સૂત્રોનાં જુનવાણી બીબાંમાં ઢાળીને જ સ્વીકારે છે.

માર્શલ ટીટોએ સ્તાલિન વિરુદ્ધ બંડ પોકાર્યું અને સ્તાલિનવાદી વિચારોને ખુલ્લી રીતે પડકારવાની શરૂઆત કરી. આ પૂર્વે, રશિયામાં સામ્યવાદી સરકાર સ્થિર થઈ હોઈને, ત્યાર પછી (ત્રીસી દરમ્યાન) વિશ્વ સામ્યવાદી ચળવળ ઉપર રશિયન સામ્યવાદી પક્ષનો એકહથ્થુ કાબૂ જામી ગયો હતો. વિશ્વ સામ્યવાદી ચળવળની વ્યૂહરચના, જગતના દરેક દેશના સામ્યવાદી પક્ષે કઈ નીતિરીતિ અનુસરવાની છે તે, અને કઈ નીતિ સામ્યવાદી મૂળભૂત સિદ્ધાન્તો અનુસારની છે, આ બધાં વિશે વિશ્વ સામ્યવાદી ચળવળના નેતાઓનો મત, એટલે કે વાસ્તવમાં સ્તાલિનનો મત નિર્ણાયક હતો. માર્શલ ટીટોએ સ્તાલિનની નેતાગીરીને પડકારી એટલું જ નહીં, પણ પોતે સ્તાલિનવાદી વિચારોને પણ પડકાર્યા (૧૯૪૮).

યુગોસ્લાવિયાનો આ પડકાર મુખ્યત્વે ચાર મુદ્દાઓ ઉપર કેન્દ્રિત થયેલો હતો: (૧) સ્તાલિનની જોહુકમી લેનિનવાદના મૂળભૂત સિદ્ધાન્ત વિરુદ્ધની છે. શ્રમજીવીઓની સરમુખત્યારી એટલે કોઈ એક વ્યક્તિ કે જૂથની સરમુખત્યારી નહીં, તે તો સમગ્ર શ્રમજીવી વર્ગની સરમુખત્યારી છે. વ્યક્તિપૂજા ઉપર આધારિત સ્તાલિનની સરમુખત્યારી લેનિનવાદી સામ્યવાદના મૂળભૂત સિદ્ધાન્તનું ખૂન કરે છે; (૨) ક્રાન્તિ માટે કે સમાજવાદના સંસ્થાપન માટે દરેક દેશનો સામ્યવાદી પક્ષ પોતાના દેશના સંજોગોને અનુરૂપ માર્ગ અપનાવવા અધિકારી ગણાવો જોઈએ. સમાજવાદી ક્રાન્તિ માટે કે સમાજવાદની સંસ્થાપના માટે કોઈ એક નિર્ધારિત ચાસ નથી, તે માર્ગની પરિપાટી દરેક દેશના સંજોગ અને સંસ્કાર અનુસાર રહેવાની. (વિશ્વ સામ્યવાદના એકરૂપ એકાંગી માળખા (મૉનોલિથિક સ્ટ્રક્ચર) ઉપર આ સીધો પ્રહાર હતો); (૩) રાષ્ટ્રીયકૃત ઉદ્યોગોનો વહીવટ સરકારી અમલદારો કે પક્ષના અધિકારીઓના હાથમાં ન હોવો જોઈએ. (રશિયામાં જે વ્યવસ્થા સ્થાપવામાં આવી હતી. તેને યુગોસ્લાવિયાએ ઉદ્યોગોનું નોકરશાહીકરણ અને રાજ્ય-મૂડીવાદ તરીકે ઓળખાવી હતી. તેમના મતે, સાચી સમાજવાદી વ્યવસ્થામાં ઉદ્યોગોનો વહીવટ શ્રમજીવીઓ કે ઉત્પાદકોના હાથમાં હોવો જોઈએ); (૪) આજની વિશ્વ પરિસ્થિતિમાં મૂડીવાદી અને સમાજવાદી વ્યવસ્થાનું શાન્તિમય સહ-અસ્તિત્વ શક્ય છે અને યુદ્ધનો આશ્રય લીધા વિના રચનાત્મક માર્ગે સમાજવાદ વિશ્વક્રાન્તિનું ધ્યેય હાંસલ કરી શકે તેમ છે. મૂડીવાદી દેશો અને સામ્યવાદી દેશોને માટેય એકબીજા વિરુદ્ધની લશ્કરી જૂથબંધી હવે અપ્રસ્તુત જ નહીં પણ ભયજનક છે.

આમ, યુગોસ્લાવિયાએ ઉદારમતવાદનાં કેટલાંક મૂળભૂત મૂલ્યોને સિદ્ધાન્તમાં સ્વીકાર્યાં, તેમ તે મૂલ્યોને અમલમાં મૂકવા પણ અમુક અંશે પ્રયત્ન કર્યો. તેમણે પોતાના બંધારણમાં રાજ્યપ્રથાનાં સમવાય (ફેડરલ) તત્ત્વોને ઠીક ઠીક પ્રાધાન્ય આપ્યું. પક્ષમાં ચર્ચાવિચારણા માટે ઠીક ઠીક મોકળાશ આપી. તેમ જ ઉદ્યોગોના વહીવટમાં કર્મચારીઓ કે શ્રમજીવીઓને સહભાગી બનાવવા પ્રયત્ન કર્યો. આમ છતાં, ત્યાં બિનકૉમ્યુનિસ્ટ રાજકીય પક્ષને ઊભો થવા દેવામાં આવતો નથી અને માર્શલ ટીટો રાજ્યના સર્વોચ્ચ સ્થાને — પ્રમુખપદ પર આજીવન આરૂઢ થઈ ગયા છે.

યુગોસ્લાવિયાની પદ્ધતિની આવી મર્યાદાઓ છતાં તેણે કરેલી ફેરવિચારણાની કિમ્મત ઓછી ન આંકવી જોઈએ.

સ્તાલિન હયાત હતો ત્યાં સુધી રશિયન સામ્યવાદી પક્ષમાં મતભેદને કે નવી વિચારણાને કોઈ અવકાશ ન હતો. તેના મૃત્યુ પછી ત્યાં પણ સ્થિતિ પલટાઈ. ખ્રુશ્ચૉફે સામ્યવાદી પક્ષની વીસમી કૉંગ્રેસ સમક્ષ સ્તાલિનના અમાનુષી જુલમો ઉઘાડા પાડયા પછી રશિયામાં પણ ચીલાચાલુ સામ્યવાદી વિચારો વિશે આશંકાઓ વ્યક્ત થવા માંડી. વ્યક્તિપૂજા, દફતરશાહી, સત્તાનું અતિકેન્દ્રીકરણ, વિચાર અને વાણીસ્વાતંત્ર્યનો અભાવ, પક્ષના અધિકારીઓની જોહુકમી વગેરે વિશે ટીકા થવા માંડી. શરૂ શરૂમાં તો આ ટીકાઓ સત્તાધીશોએ ચાલવા દીધી; પરન્તુ ૧૯૫૬ના હંગેરીના વિદ્રોહ પછી સામ્યવાદી સત્તાધીશોનું વલણ કાંઈક રૂઢિચુસ્ત બન્યું. આમ

છતાં, ખ્રુશ્ચૉફ સત્તા ઉપર હતો ત્યાં સુધી ઉદાર વલણ ઘણે અંશે જળવાઈ રહ્યું. ધીમે ધીમે રૂઢિચુસ્ત તત્ત્વોએ ફરી જોર પકડ્યું. ખ્રુશ્ચૉફને પદભ્રષ્ટ કરવામાં આવ્યો. ખ્રુશ્ચૉફના સત્તાકાળ દરમિયાન શરૂ થયેલાં રાષ્ટ્રની અંદરનાં ઉદારતાવાદી વલણો ઘણે અંશે સ્થગિત થઈ ગયાં. આમ છતાં, સ્તાલિનના જમાનાની સ્થિતિ પુનઃ સ્થાપિત ન જ થઈ શકી. આજે રૂસી સામ્યવાદી પદ્ધતિ આર્થિક વિકાસે અને આધુનીકરણે જન્માવેલા ઉદારતાવાદી વલણો અને લેનિનવાદી સામ્યવાદનાં આપખુદ વલણો વચ્ચે ઝોલાં ખાય છે. આ બે પરસ્પરવિરોધી વલણો વચ્ચેની અથડામણ ટાળીને રશિયન સામ્યવાદી પદ્ધતિ ક્રમશઃ મર્યાદિત સ્વરૂપમાંય મુક્ત સમાજ તરીકે વિકસશે કે નહીં તે આજના વિશ્વરાજકારણનો એક વિકટમાં વિકટ કોયડો છે.

## ટેક્નૉલૉજી અને વિચારધારા

મૂડીવાદી, સમાજવાદી અને સામ્યવાદી, આ ત્રણે પદ્ધતિઓ ઘણી રીતે એકબીજીથી જુદી પડે છે. તેમાં સામ્યવાદી પદ્ધતિ તો મૂડીવાદ અને લોકશાહી સમાજવાદથી ધરમૂળથી જુદી પડે છે. આમ છતાં, આ ત્રણે પદ્ધતિઓમાં અમુક સમાન લક્ષણો ક્રમે ક્રમે વિકસતાં દેખાય છે.

આધુનિક ટેકનૉલોજીનું આગવું તર્કકારણ છે. મૂડીવાદ, સમાજવાદ કે સામ્યવાદ કોઈ આ તર્કને ઉવેખી ન શકે. તે તર્કને અનુરૂપ વ્યવસ્થા દરેક પદ્ધતિ નીચે વિકસે તે સ્વાભાવિક છે. ઔદ્યોગિક પેઢીઓનું સંગઠન, તેનો વહીવટ, આર્થિક પ્રક્રિયાઓનું નિયંત્રણ વગેરે વિશે અમુક અંશે સમાન એવી વ્યવસ્થા મૂડીવાદ અને સામ્યવાદ બંને નીચે વિકસતી દેખાય છે. મૂડીવાદી અને સમાજવાદી, બંને પ્રકારની અર્થવ્યવસ્થા ક્રમે ક્રમે સમાન દિશામાં કેમ જઈ રહી છે તે પ્રોફેસર ગાલબ્રેથ પોતાના પુસ્તક 'ધ ન્યૂ ઈન્ડસ્ટ્રિયલ સ્ટેટ'માં સરસ રીતે બતાવે છે. આજે મોટી મોટી ઔદ્યોગિક પેઢીઓનો કાબૂ મૂડીવાદી દેશોમાં મૂડીવાદીઓના હાથમાં નથી રહ્યો અને સામ્યવાદી દેશોમાં તે સામ્યવાદી પક્ષના અધિકારીઓના હાથમાં નથી રહ્યો. આવી વિરાટકાય પેઢીઓનો વહીવટ બંને પદ્ધતિઓ નીચે વિશેષજ્ઞો — ટેકનૉક્રેટોના હાથમાં મુકાતો ગયો છે.

આધુનિક પેઢીનું ફલક, તેનું કાઠું, તેનો વ્યાપ, આ બધું અભૂતપૂર્વ પરિમાણ પર વિકસ્યું છે. આધુનિક પેઢીને એક રજવાડા સાથે સરખાવી શકાય. અમેરિકાની 'જનરલ મોટર્સ'નું બજેટ ભારત સરકારના બજેટ જેટલું થાય છે! ૧૯૬૩માં જનરલ મોટર્સની આવક અમેરિકાના ન્યૂયૉર્ક રાજ્ય કરતાં આઠગણી વધારે હતી. જપાનની મિતુઆઈ પેઢીનું બજેટ એશિયાનાં મોટા ભાગનાં રાજ્યોનાં બજેટ કરતાં મોટું હોય છે. અર્થતંત્રના વિરાટ પરિમાણના જેવી જ હકીકત તેના માનવતંત્રની છે. મોટરગાડીના આદ્ય પ્રયોજક હેન્રી ફૉર્ડના કારખાનામાં ૧૯૦૩માં ૧૨૫ માણસો કામ કરતા હતા; ૧૯૬૪માં તે સંખ્યા ૧૭,૦૦૦ હતી: કૉમ્પ્યુટરો અને સ્વયંસંચાલિત સાધનો મુકાયા પછી મજૂરોની સંખ્યાના વધારાની ગતિ થંભી ગઈ છે. પરન્તુ, તેની સાથે સાથે વ્યવસ્થા એવી પેચીદી અને સંકુલ બની ગઈ છે કે કેવળ વિશેષજ્ઞો જ તેવી પેઢીઓનો વહીવટ કરી શકે.

ટેકનૉલૉજીની ક્રાન્તિએ ખાનગી પેઢીઓનું સ્વરૂપ સમૂળું બદલી નાખ્યું છે. આજનું ખાનગી ક્ષેત્ર ઓગણીસમી સદીનાં સાહસોની જેમ અનેક નાના પાયા પરના અસંખ્ય ઔદ્યોગિક એકમોમાં વહેંચાયેલું નથી, તેમ જ તેના માલની વપરાશ અને ખરીદ માટેનું બજાર પણ સીમિત નથી. વિવિધ પ્રકારના ગ્રાહકોને આકર્ષવા માટે માલની જાહેરાત, તેની વેચાણની પદ્ધતિઓ, વિવિધ પ્રકારના માલનો ઉત્પાદન નકશો, કાચા માલનો ગણતરીપૂર્વકનો જથ્થો કેટલો રાખવો અને જુદા જુદા પ્રકારના માલની કિમ્મતનો નિર્ણય, આ બધાં કામો વિશિષ્ટ જ્ઞાન અને આવડત માગી લે છે. અર્થશાસ્ત્રીઓ, હિસાબનીસો, ઈજનેરો, વિશિષ્ટ સંચાલકીય આવડત ધરાવનારા સંચાલકો વગેરે ટેકનિશિયનો જ આવી પેઢીઓના વહીવટ અંગેના નિર્ણયો લઈ શકે છે.

મૂડી રોકનારા શાહસોદાગરો સ્વયં પોતાની પેઢીઓનો વહીવટ ચલાવે એ દિવસો હવે વીતી ગયા છે. આજે અર્થકારણના સંચાલનની અસરકારક સત્તા ધનપતિઓના હાથમાંથી વિશેષજ્ઞોના હાથમાં ચાલી ગઈ છે. આધુનિક ટેકનૉલોજીએ આણેલા આ પલટાનાં સામાજિક અને આર્થિક પરિણામો નાનાંસૂનાં નથી.

ધનપતિઓ ગુરુતમ નફો પ્રાપ્ત કરવાના હેતુથી પેઢીનું સંચાલન કરતા. આજના નવા સંચાલક વર્ગનો પ્રથમ લક્ષ્યાંક ગુરુતમ નફો માલિકના ખિસ્સામાં પડે તે જોવાનું નથી હોતું. તેમનો પહેલો લક્ષ્યાંક પેઢીનો વિસ્તાર વધારવાનો હોય છે. પેઢીનો વિસ્તાર વધે, પેઢીમાં નવા નવા હોદ્દાઓ ઊભા થાય, સંચાલકોને બઢતી મળે, વધુ ઊંચા પગારો મળે અને વધુ સવલતો મળે તે હોય છે. જોકે, આ નવા સંચાલકો કેવળ આવાં પ્રલોભનોથી આકર્ષાઈને વર્તતા હોય છે તેમ ન માની લેવું જોઈએ. પેઢી કાર્યક્ષમ રીતે કામ કરે અને વિસ્તરે તેમાં તેમનો અહમ્ પણ પોષાતો હોય છે. તેમ આવા વિશેષજ્ઞો વધુ કેળવાયેલા અને વધુ તાલીમ મેળવેલા હોય છે એટલે તેમની સામાજિક સભાનતા શેઠિયાઓ કરતાં કાંઈક વિશેષ હોય તે દેખીતું છે. તે પોતે શેઠિયા નથી હોતા એટલે મૂડી ઉપર વધુમાં વધુ નફો પ્રાપ્ત થાય તે સિવાયનાં ધોરણો પણ તેમને વધુ આકર્ષે તે સ્વાભાવિક છે. માનસશાસ્ત્રીય, સામાજિક, આર્થિક અને સાંસ્કારિક બાબતોની આંતરનિર્ભરતા વિશે તેઓ શેઠિયા કરતાં કાંઈક વિશેષ સભાનતા દાખવે તે પણ સ્વાભાવિક છે.

એકંદરે જોતાં, આ નવા સંચાલકો વૈચારિક વલણો કે રાજકીય પ્રચારથી ઓછા દોરવાતા હોય છે અને પોતાના ક્ષેત્રના વિશિષ્ટ જ્ઞાનથી વધુ દોરવાતા હોય છે. આમ, આજે ઉદ્યોગોના સંચાલનમાં કેટલાંક મૂળભૂત પરિવર્તનો આવી ગયાં છે.

વિશેષીકરણ (સ્પેશલાઇઝેશન) વિશિષ્ટ પ્રકારના તંત્ર વિના શક્ય નથી થતું. વિશિષ્ટ જ્ઞાન અને જાણકારીના આધારે નિયમો ઘડી, તે નિયમોને અમલમાં મૂકવા માટે વિશિષ્ટ તંત્ર અનિવાર્ય થઈ પડે છે. વિશાળ પાયા ઉપર આવું સંકલન કરવાનું હોય ત્યાં આયોજન વિના ચાલે નહીં. આમ, ખાનગી ક્ષેત્રમાં પણ આયોજન અનિવાર્ય થઈ પડયું છે. અમુક અંશે, આયોજને બજારવ્યવસ્થાનું સ્થાન લીધું છે. કોઈ વિચારસરણીના દબાણને કારણે નહીં, પણ ટેકનૉલોજીપ્રેરિત પરિબળોને કારણે આર્થિક પ્રવૃત્તિનું નિયમન કરનારાં અને તેને નિયત કરનારાં બજાર-બળોનું સ્થાન આયોજને લીધું છે. ગાલબ્રેથ ઉપરાંત ડેનિયલ બેલ પણ એમના પુસ્તક 'ધ એન્ડ ઑફ ધ આઇડિયૉલોજી'માં તેમ જ 'ધ કમિંગ ઑફ પોસ્ટ-ઇન્ડસ્ટ્રિયલ સોસાઇટી'માં આ બાબતનો નિર્દેશ કરે છે.


પ્રૉફેસર ગાલબ્રેથ મૂડીવાદી દેશોમાં એક જ ક્ષેત્રમાં કામ કરતી પેઢીઓનું જે સમૂહીકરણ (ઑલિગોપોલી) થતું હોય છે તેને આયોજનની દિશાના એક પગલા તરીકે ગણાવે છે. તેના મતે, આવું સમૂહીકરણ આયોજનને સરળ બનાવે છે. ઘણી વખત 'ઑલિગોપોલી'ને મુક્ત શોષણ કરવા માટેની એક તરકીબ તરીકે ગણાવવામાં આવે છે. પ્રૉફેસર ગાલબ્રેથના મતે આજના જમાનાના સંદર્ભમાં આવું દૃષ્ટિબિન્દુ ભૂલભરેલું છે. આજે આવી ઑલિગોપોલીનું સંચાલન પણ વિશેષજ્ઞો જ કરતા હોય છે અને વિશેષજ્ઞો ધનપતિઓના હેતુઓ કરતાં જુદા હેતુઓથી પ્રેરાઈને આ સંચાલન કરતા હોય છે. ગાલબ્રેથ લખે છે કે 'ટેકનૉલોજીના વિકાસને પરિણામે આજે મૂડીવાદ મૂડીવાદીઓની દરમ્યાનગીરી વિનાનો અને સમાજવાદ સામાજિક અંકુશ વિનાનો બની ગયો છે.'



જૉન ગાલબ્રેથ

આધુનિક ટેકનૉલોજી અને સંચાલન પ્રથાની ક્રાન્તિની વ્યાપક અને ઊંડી અસર સામ્યવાદી ઉદ્યોગપ્રથા પર પણ પડી છે. સામ્યવાદી દેશોમાં પણ ઉદ્યોગના વહીવટ ઉપરનો કાબૂ પક્ષના સત્તાધીશોના હાથમાંથી વિશેષજ્ઞોના હાથમાં ગયો છે તે નોંધવું જરૂરી છે. આ રીતે ટેકનૉલોજીનો વિકાસ ખાનગી તેમ જ જાહેર સાહસોને વહીવટ તેમ જ આયોજનનાં સમાન સ્વરૂપો જાણ્યેઅજાણ્યે સ્વીકારવા તરફ ધકેલી રહ્યો છે.

આયોજનના વિકાસને કારણે બજારનું અર્થતંત્ર સીમિત થતું ગયું છે. આયોજનના વિકાસે મૂડીવાદી અર્થતંત્રમાં કેટલાક પાયાના ફેરફારો કર્યા છે. અર્થતંત્ર ઉપરનો સરકારનો કાબૂ વિકસ્યો છે. આયોજનનું કામ અમુક અંશે પેઢી પોતે કરે છે. પરન્તુ, દેશવ્યાપી પરિબળોનું આયોજન પેઢી ન કરી શકે. દેશના આર્થિક પ્રવાહો નીરખવા, તેમનું આકલન કરવું, પેચીદી આર્થિક પ્રક્રિયાઓ સમજી તેમનું નિયમન કરવું, તેને વિશાળ સામાજિક હિતના પરિપ્રેક્ષ્યમાં મૂલવવું — આ બધું રાજ્યે જ કરવું પડે છે. રાજ્યના અસરકારક નાણાકોષીય અને નાણાકીય અંકુશો ઉપર જ આજે દેશના અર્થકારણના સુસંચાલનનો આધાર રહે છે.



**સમૂહીકરણ (ઑલિગોપોલી)**

પોતાની હુન્નર-કારીગરીથી યંત્રોની હોડ સામે ઝીક લેતા નાના ઔદ્યોગિક સમાજોમા શ્રમ કરવાનો મુખ્ય હેતુ સામૂહિક રીતે જીવન ટકાવી રાખવા પૂરતો જ (ચિત્રમાં ઉપર ડાબે હાથે) હવે શેષ રહ્યો છે એ ખરું, પરંતુ આવા સમાજોમાં મનુષ્ય હજુ જે કંઈ ઉત્પાદક શ્રમ કરે છે તેનું ગૌરવ તે જરૂર અનુભવી શકે છે. પણ આધુનિક યંત્રવાદના યુગમાં નવેસરથી રચાતા ઔદ્યોગિક સમાજોમાં મનુષ્ય વિરાટકાય અપાર્થિવ યંત્રોનાં ચાલક ચક્રોના એક દાંતા જેવો જડ તો નહીં બની જાય ને?

આજે કેટલાંક સાહસો એવાં છે કે જે કોઈ ખાનગી પેઢી હાથ ધરવાની હિંમત ન કરી શકે. કૉન્કોર્ડ જેવાં સુપરસોનિક વિમાનો બનાવવાનું કામ રાજ્યની મદદ વિના ન થઈ શકે. તેમ અભૂતપૂર્વ રીતે મોટા ધોરી માર્ગો તૈયાર કરવા ને જાળવવાનું કે અવકાશ સંશોધનનું કામ રાજ્ય જ કરી શકે. આર્થિક ક્ષેત્રમાં રાજ્યનો પગપેસારો આજે સર્વવ્યાપી બની ગયો છે. આર્થિક ક્ષેત્રે રાજ્યે આગેવાનીભર્યો ભાગ ભજવવો જોઈએ તે આજે મૂડીવાદી તંત્રમાંય સ્વીકાર્ય બની ગયું છે. સ્પર્ધા ઉપર નભનારું બજારનું અર્થતંત્ર અસ્ત થતું ગયું છે અને તેને સ્થાને પૂર્વ-આયોજન ઉપર આધાર રાખનારું સંકુલ તંત્ર ઊભું થતું ગયું છે. આવું તંત્ર સમાજવાદી વ્યવસ્થાનાં કેટલાંક લક્ષણો સ્ફુટ કરે છે તે કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

## 'શું મૂડીવાદ બદલાયો છે?'

સંચાલન, ટેકનૉલોજી અને આયોજન કક્ષાએ થયેલા ફેરફારને કારણે મૂડીવાદી અર્થપ્રવૃત્તિના પરિચાલન અને કાર્યવિધિમાં અને અમુક અંશે તેના માળખામાં જરૂર ઘણાબધા ફેરફારો થયા છે. પરન્તુ, આ ફેરફારોને પરિણામે મૂડીવાદ મૂળગત રીતે બદલાયો છે ખરો? તે ખરેખર સમાજવાદની નજીક આવી ગયો છે? આવા પ્રશ્નોના ઉત્તર આપવા સરળ નથી.

સમાજવાદી વિચારક મૉરિસ ડૉબ જેવા ચિન્તકો એમ માને છે કે મૂડીવાદમાં થયેલા આ ફેરફારો મૂળભૂત નથી અને તેમને કારણે મૂડીવાદનું સ્વરૂપ બદલાઈ જતું નથી. ડૉબ એ સ્વીકારે છે કે જંગી જાહેર ખર્ચ દ્વારા રાજ્ય મુક્ત બજારનું નિયમન કરે છે તથા ખાનગી ક્ષેત્રમાં માગની વરતાતી ચંચળતાની સામે પ્રતિ-અસર ઊભી કરે છે. વળી, તે સ્વીકારે છે કે સંચાલકીય ક્રાન્તિ આવી છે અને આવકના માળખામાં પણ ધરખમ ફેરફારો થયા છે. પરન્તુ, આ બધા ફેરફારોથી મૂડીવાદમાં ગુણાત્મક પરિવર્તન આવી જાય છે તેમ માનવાનો તે ઇન્કાર કરે છે.

મૂડીવાદ બદલાયો છે કે નહીં તેને અંગે ટોકિયોમાં થયેલ એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં કેટલાક જગવિખ્યાત અર્થશાસ્ત્રીઓએ ભાગ લીધો હતો. તેમાં આ પ્રશ્ન અંગે કોઈ સર્વસંમત અભિપ્રાય તારવી શકાયો ન હતો. છતાં મૂડીવાદના સ્વરૂપમાં કેટલાક ધરખમ ફેરફારો થયા છે તેની નોંધ લેવાઈ હતી. તેમ જ કેટલાક પરિસંવાદકોએ સમાજવાદ પ્રતિના મૂડીવાદના ક્રમિક સંક્રમણ અને રૂપાન્તરના નિર્દેશો પણ કર્યા હતા. મૂડીવાદમાં થયેલા આ ફેરફારો પાછળ સમાજવાદના વિચારોએ અને સમાજવાદની ચળવળે ઊભા કરેલા વૈચારિક-વ્યાવહારિકતાનાં દબાણોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેનો કોઈથી ઇન્કાર થઈ શકે તેમ નથી. અર્થતંત્રના સંચાલનમાં સરકારનો આગેવાનીભર્યો ભાગ, કલ્યાણ-પ્રવૃત્તિઓનો વિકાસ, સમ્પત્તિની કાંઈક ન્યાયી એવી વહેંચણી, શ્રમિક મંડળોની વધેલી શક્તિ, આ બધાંએ મૂડીવાદી સમાજની સ્થિતિમાં ધરખમ પલટો કર્યો છે.

જે ગરીબી અને સામાજિક અન્યાયને કારણે સમાજવાદી ચળવળે વેગ પકડ્યો હતો તે સ્થિતિ વિકસિત દેશોમાં તો હવે ઘણે અંશે પલટાઈ ગઈ છે. આખા રાષ્ટ્રની સમ્પત્તિ અભૂતપૂર્વ રીતે વધે, તે પછી આજના લોકશાહી યુગમાં મોટા ભાગની પ્રજા કેવળ પેટિયું જીવનધોરણ જીવ્યા કરે તે બનવાજોગ નથી. અમેરિકામાં નીચલા વર્ગોનું જીવનધોરણ કેમ સુધરતું ગયું છે તે પ્રોફેસર ગાલબ્રેથે પોતાના પુસ્તક 'એફ્લ્યુઅન્ટ સોસાયટી'માં બતાવ્યું છે. સ્કૅન્ડિનેવિયન દેશો, પશ્ચિમ જર્મની, ઑસ્ટ્રિયા, સ્વિટ્ઝર્લૅન્ડ, ફ્રાન્સ, બ્રિટન વગેરે દેશોમાં તો આ પલટો અમેરિકા કરતાં પણ સવિશેષ વરતાયો છે. આ બધા દેશોમાં મધ્યમવર્ગનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું ગયું છે. અછતની સ્થિતિમાંથી મુક્તિ મેળવેલા શ્રમજીવી વર્ગોમાં ક્રાન્તિની ધગશ મંદ પડી જાય તે સ્વાભાવિક છે. તેમ જ, ઉપર જોયું તેમ, શ્રમજીવીઓનાં સંગઠનોની વધેલી તાકાત, લોકશાહીકરણ, સરકારી કલ્યાણ-પ્રવૃત્તિનો વિકાસ વગેરેને પરિણામે મૂડીવાદનું પ્રગતિશીલ ઉત્ક્રમણ અમુક અંશે શક્ય બન્યું છે.

આ બધાં કારણોસર પ્રોફેસર ગાલબ્રેથ મૂડીવાદી અર્થતંત્રમાં મૂડીવાદીઓની સત્તા સીમિત કરનારાં પરિબળો ઊભાં થયાં છે તે તરફ આંગળી ચીંધે છે: મજૂર મંડળો, સહકારી સંસ્થાઓ, દબાણ જૂથો વગેરે પરિબળો ખાનગી કૉર્પોરેશનોની સત્તા તેમ જ રાજ્યસાહસોની સત્તા, બંને ઉપર અંકુશો મૂકે છે. સામાજિક સત્તાની બહુકેન્દ્રિતા કે બહુત્વલક્ષી અર્થપરિબળોને પરિણામે મૂડીવાદીઓની સત્તા ઉપર અંકુશ મુકાયો છે. પરન્તુ, આ પ્રક્રિયાએ, વાસ્તવમાં, મૂડીવાદીઓ તેમ જ રાજસત્તા બંનેને સીમિત કર્યાં છે.

જોકે, નૂતન મૂડીવાદ અને સમાજવાદ વચ્ચે હજુ પાયાનો ભેદ છે. આમ છતાં, રાજ્યના પ્રગતિશીલ કાયદાને કારણે આ બંને પ્રથાઓ વચ્ચેનો ભેદ ક્રમે ક્રમે ઘટી રહ્યો છે તે દેખીતું છે. ઉત્પાદનનાં સાધનો-નું રાષ્ટ્રીયકરણ ન કરવામાં આવે તોપણ તેમાંથી નીપજતી પેદાશ અને આવક ઉપર અંકુશ મૂકવામાં આવે તો મૂડીવાદની સિકલ બદલાઈ જાય, અને તેનું સમાજવાદમાં રૂપાન્તર ન થાય તોપણ તેની સાથેની નિકટતા વધી જાય તે દેખીતું છે. જપાની અર્થશાસ્ત્રી ત્સુરુએ તેમ જ બીજા કેટલાક અર્થશાસ્ત્રીઓએ આના તરફ આંગળી ચીંધી છે.

અન્તે, આ નિકટતા એકરૂપતામાં પરિણમશે ખરી? આનો જવાબ તો જે-તે સમાજની બુનિયાદ, તેની પ્રતિભા, જરૂરિયાત અને ભાવિ અંગેનું તેનું દર્શન અને તેને આત્મસાત્ કરવાની ક્રિયાશીલતા; ઉપરાંત, આવું પરિવર્તન ઇચ્છતા સામાજિક વિભાગની શક્તિ તથા તેમના આવા પ્રયાસો સામે સ્થાપિત આર્થિક બળોના પ્રતિભાવ ને પ્રત્યાઘાત વગેરે પરિબળો પર આધાર રાખશે.

છતાં એક વાત ચોક્કસ:

એક બાજુ સમાજવાદમાં જ પ્રચંડ પરિવર્તનો આવ્યાં છે ને સવિશેષ આવશે; અને બીજી બાજુ, મૂડીવાદમાં આયોજનનું તત્ત્વ વધતું જશે તથા સામાજિક ન્યાયનું પ્રમાણ વધતું જશે; તેમ તેમ બન્ને વચ્ચેની પરિચાલન કક્ષાની વિભાજન-રેખા પાતળી બની જાય અને બને વચ્ચેનું સમાગમક્ષેત્ર વિશાળતર બનતું જાય તે અસંભવિત નથી લાગતું.

આમ સમાજવાદનું હાર્દ અને સારતત્ત્વ લગભગ અકબંધ રહેવા સાથે તેણે સ્થળ, કાળ અને અનુભવ પ્રમાણે અનેક પરિમાણો અને વિચારપ્રશાખાઓ વિકસાવી છે. તેના અમલની શૈલી અને સ્વરૂપમાં વૈવિધ્ય આવ્યું છે. આ પ્રમાણે, બીજી વિચારધારાઓની જેમ સમાજવાદ પણ સિદ્ધાન્તમાંથી આંદોલન બનતાં તેના હાર્દતત્ત્વના સંગોપન સાથે તેમાં યુગબળ અનુસારની પરિવર્તનક્ષમતા દેખાઈ છે.

યુગબળની ઉત્પ્રેરણા(સ્ટિમ્યૂલસ)ને પ્રતિભાવ આપવાની—અને છતાં તેને નિશ્ચિત દિશામાં વાળવાની સમાજવાદની ક્ષમતાનો સંકેત આમાંથી મળી શકે.



# પુરવણી



બર્ટ્રાન્ડ રસેલ આપણા યુગના સમર્થ તત્ત્વજ્ઞ તો છે જ, પણ તે ઉપરાંત લોકશાસનના મહાન પુરસ્કર્તા અને તેને સુદૃઢ કરવાના ઉપાયો વિચારનારા મર્મજ્ઞ છે. તેમણે લોકશાસનનો કેવળ શાસનપદ્ધતિ તરીકે નહીં પણ જીવનપદ્ધતિ તરીકે વિચાર કર્યો છે અને તેની વિશેષતાઓ અને મર્યાદાઓ ઉભયનો ખ્યાલ રાખીને સત્તાને વકરતી રોકવા માટેના ઉપાયો સૂચવ્યા છે· 'પાવર' નામના તેમના સુપ્રસિદ્ધ ગ્રંથનું 'સત્તા' એ શીર્ષકે યશવન્ત શુક્લે કરેલું ભાષાન્તર સૌરાષ્ટ્ર ભાષાન્તર નિધિએ પ્રગટ કર્યું છે તેના બે પ્રકરણોમાંથી અત્રે તેમની તલસ્પર્શી મીમાંસા સંકલિત કરી છે.

## લોકશાસનની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ

શાસનને ઘણુંખરું 'લોકશાસિત' ત્યારે કહેવાય જ્યારે વસ્તીના ઠીક મોટા પ્રમાણને રાજકીય સત્તામાં ભાગ મળ્યો હોય. ગ્રીસની અંતિમવાદી લોકશાહીઓએ સ્ત્રીઓ અને ગુલામોને બાકાત રાખ્યાં હતાં; અને હજી તો સ્ત્રીઓને મતાધિકાર પણ મળ્યો ન હતો તે પહેલાં અમેરિકા પોતાને 'લોકશાહી' ગણતું હતું. દીવા જેવું છે કે જેમ જેમ રાજકીય સત્તા ધરાવનારનું પ્રમાણ વધતું આવે તેમ તેમ અલ્પતંત્રી શાસન લોકશાહીને વધારે ને વધારે મળતું આવે છે. જ્યારે આ પ્રમાણ ઠીક ઓછું હોય ત્યારે અલ્પતંત્રી શાસનનાં લાક્ષણિક તત્ત્વો દેખા દે છે.

## લોકશાસન: શાસિતના રક્ષણની પદ્ધતિ

બધાં સંઘટનોમાં, ખાસ કરીને રાજ્યોમાં, શાસનનો પ્રશ્ન દ્વિવિધ છે: શાસનના દૃષ્ટિકોણથી જોતાં પ્રશ્ન શાસિતની આજ્ઞાધીનતા સંપડાવવાનો છે. શાસિતની નજરે જોતાં શાસન કેવળ પોતાનાં જ હિતો સંભાળીને બેસી ન રહે પરંતુ જેના ઉપર તેને સત્તા છે તેનાં હિતો પણ સંભાળે તે છે. જો આ બેમાંનો એક પણ પ્રશ્ન પૂરેપૂરો ઊકલ્યો હોય તો બીજો ઉદ્‌ભવતો જ નથી; જો બંનેમાંથી એકેય ઊકલ્યો ન હોય તો ક્રાન્તિ થાય છે. પશુબળને બાદ રાખતાં, શાસનને પક્ષે રહેલાં મુખ્ય તત્ત્વો પરંપરા, ધર્મ, પરદેશી શત્રુઓનો ભય, અને નેતાને અનુસરવાની મોટા ભાગના માણસોની કુદરતી ઇચ્છા, તે છે. શાસિતના રક્ષણ માટે અત્યાર સુધીમાં થોડેઘણે અંશે અસરકારક એવી એક જ પદ્ધતિ શોધાયેલી છે, અને તે છે લોકશાસન.

### તાત્ત્વિક મર્યાદાઓ

શાસનની એક પદ્ધતિ તરીકે લોકશાસન કેટલીક તાત્ત્વિક મર્યાદાઓને આધીન છે, અને બીજી કેટલીક એવી છે, જે સિદ્ધાંતમાં ટાળી શકાય તેવી છે. તાત્ત્વિક મર્યાદાઓ મુખ્યત્વે બે કારણોમાંથી ઉદ્‌ભવે છે: કેટલાક નિર્ણયો ત્વરિત હોવા જ જોઈએ; અને બીજા માટે નિષ્ણાતનું જ્ઞાન જોઈએ. ૧૯૩૧માં જ્યારે ગ્રેટ બ્રિટને સોનાનું ધોરણ છોડી દીધું ત્યારે તેમાં બંને તત્ત્વો અંતર્ગ્રસ્ત હતાં. ઝડપથી પગલું ભરવું સર્વથા જરૂરનું હતું, અને જે પ્રશ્નો ઊભા થતા હતા તે મોટા ભાગના માણસો સમજી ન શકે તેવા હતા. એટલે લોકશાહી પોતાનો અભિપ્રાય પૂર્વવર્તી રીતે જ દર્શાવી શકે તેમ હતી. યુદ્ધ જોકે ચલણ કરતાં ઓછું ટેકનિકલ છે તથાપિ તેની તાકીદ ઘણી વધારે હોય છે: પાર્લમેન્ટ અથવા કૉંગ્રેસની સલાહ પૂછવી શક્ય છે (જોકે સામાન્ય રીતે આમાંય થોડુંક ફારસ જેવું છે, કેમ કે મુદ્દા વિશેનો નિર્ણય ઔપચારિક રીતે નહીં તો હકીકતમાં ક્યારનો લેવાઈ ગયો હોય છે) પણ મતદારમંડળની સલાહ પૂછવી અશક્ય છે.

આ તાત્ત્વિક મર્યાદાઓને લીધે અગત્યની બાબતો પૈકીની ઘણી મતદારમંડળે સરકારને સોંપી દેવી જ પડે. સરકારને જેટલે અંશે લોકમતને માન આપવાની ફરજ પડે તેટલે અંશે લોકશાસનની સફળતા. લાંબી પાર્લમેન્ટે એવો આદેશ કાઢ્યો હતો કે એની પોતાની સંમતિ વિના એનું વિસર્જન ન થઈ શકે; પછીની પાર્લમેન્ટોને આમ કરવામાં શું નડયું છે? આનો જવાબ નથી સાદો કે નથી સંતોષકારક. એક તો ક્રાન્તિકારી પરિસ્થિતિના અભાવે વિસર્જન પામતી પાર્લમેન્ટના સભ્યોને એવી ખાતરી મળી જતી હતી કે પોતે પરાજિત પક્ષના હોય તોપણ લહેરની જિંદગી ભોગવવાનું તેમનું ચાલુ રહેશે; વળી એમાંના મોટા ભાગના તો ફરી ચૂંટાઈ જ આવવાના, અને એમને જો સરકાર રચ્યાનાં સુખો ગુમાવવાં પડે તો પોતાના હરીફની ભૂલોની જાહેરમાં ટીકા કરવાથી મળનારો લગભગ એના જેટલો જ સંતોષ તો મળી રહેવાનો જ હતો. યથાસમયે તેઓ સત્તાસ્થાને પાછા આવી જ રહેવાના. બીજી બાજુએ બંધારણીય ઉપાયોથી તેમનો નિકાલ કરવાનું જો તેઓ મતદારમંડળ માટે અશક્ય બનાવી મૂકે તો, તેમની મિલકત અને કદાચ તેમની જિંદગીને જોખમ પહોંચાડનારી ક્રાન્તિકારી પરિસ્થિતિનું તેઓ નિર્માણ કરવાના. સ્ટ્રેફોર્ડ અને ચાર્લ્સ પહેલાની દશા અવિચારીપણા સામેની ચેતવણી રૂપ હતી.

જો ક્રાન્તિકારી પરિસ્થિતિ અસ્તિત્વમાં આવી ચૂકી હોય તો આ બધું પલટાઈ જાય છે. ધારો કે રૂઢિ-ચુસ્ત પક્ષની પાર્લમેન્ટને એવો ભય સેવવાનું કારણ હોય કે હવે પછીની ચૂંટણીઓમાં વળતર આપ્યા વિના ખાનગી મિલકત જપ્ત કરી લેનારા કૉમ્યુનિસ્ટોની વધુમતી થશે. આવા દાખલામાં સત્તા પરનો પક્ષ લાંબી પાર્લમેન્ટનું ભલી ભાંતે અનુકરણ કરી શકે અને પોતાના સાતત્ય માટેનો આદેશ કાઢી શકે. લોકશાસનના સિદ્ધાંતો પ્રત્યેની આદરભક્તિને લીધે આવું પગલું ભરતાં તે રોકાય તેવું ભાગ્યે જ બનવાનું. કદાપિ તે રોકાય તો તે કેવળ સશસ્ત્ર દળોની વફાદારી વિશેની શંકાને લીધે.

સારાંશ કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓને સત્તા ભળાવવાની લોકશાહીને ફરજ પડતી હોવાથી, તેને એવી પતીજ પડતી નથી કે, ક્રાન્તિકારી પરિસ્થિતિમાં, પોતાના પ્રતિનિધિઓ પોતાની ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરવાનું ચાલુ રાખશે જ. આપણે સહેલાઈથી કળી શકીએ તેવા સંજોગોમાં પાર્લમેન્ટની ઇચ્છાઓ રાષ્ટ્રની વધુમતીની ઇચ્છાઓથી વિરુદ્ધ પડી શકે. આવા સંયોગોમાં જો પાર્લમેન્ટ બળના વર્ચસ્વ ઉપર આધાર રાખી શકે તો કશી હાનિ વિના વધુમતીને તે પાછી નાખી શકે.

આમ કહેવાનું તાત્પર્ય એ નથી કે લોકશાસન કરતાં શાસનનું વધારે સારું સ્વરૂપ સંભવે છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે કેટલાક પ્રશ્નો એવા હોય છે કે જેને માટે માણસો લડી છૂટે. અને જ્યારે એવા મુદ્દા ઉપસ્થિત થાય ત્યારે શાસનનું કોઈ સ્વરૂપ આંતરવિગ્રહને ખાળી શકે નહીં. શાસનનાં અત્યંત મહત્ત્વનાં પ્રયોજનો પૈકીનું એક એ હોવું જોઈએ કે પ્રશ્નોને આંતરવિગ્રહ તરફ દોરી જાય તેટલી હદ સુધી તીવ્ર થતાં તે રોકે; અને આ દૃષ્ટિકોણથી જોતાં જ્યાં લોકશાહી ટેવરૂપ બની હોય ત્યાં શાસનના બીજા કોઈ પણ સ્વરૂપ કરતાં સંભવતઃ એ જ વધારે સ્પૃહણીય છે. શાસનના એક સ્વરૂપ તરીકે લોકશાહીની એક મુશ્કેલી એ છે કે તે સમાધાન કરવાની તત્પરતા માગી લે છે. જે પક્ષ માર ખાતો હોય તેણે એવું ન માનવું જોઈએ કે નમતું જોખવામાં હૃદયદૌર્બલ્ય ગણાય એવડો મોટો સિદ્ધાંત ઉપસ્થિત થયો છે; બીજી બાજુએ વધુમતીએ પોતાને મળેલા લાભને એટલો બધો આગળ ખેંચી ન જવો જોઈએ જેથી વિરોધ જાગે. આમાં જરૂર છે મહાવરાની, કાયદા માટેના આદરભાવની અને પોતાના અભિપ્રાયો કરતાં ભિન્ન અભિપ્રાયો તે દુષ્ટતાનો પુરાવો ન પણ હોય એવું માનવાની ટેવની. આ કરતાં પણ સવિશેષ જરૂરનું એ છે કે ભયની તીવ્ર લાગણીવાળી સ્થિતિ પ્રગટવી ન જોઈએ કેમ કે જ્યારે એવી સ્થિતિ પ્રગટ થાય છે ત્યારે માણસો નેતા શોધે છે અને એ જડે છે ત્યારે તેને શરણે જાય છે, જેના પરિણામે એ સંભવતઃ સરમુખત્યાર બને છે. આટલી શરતો માન્ય કરી એટલે અત્યાર સુધીમાં યોજાયેલા કોઈ પણ શાસનપ્રકાર કરતાં લોકશાહી સ્થિરતમ શાસનપ્રકાર બનવા સમર્થ છે. અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં, ગ્રેટ બ્રિટનમાં, સંસ્થાનોમાં, સ્કેન્ડિનેવિયામાં અને સ્વિટ્ઝર્લૅન્ડમાં બહારથી આવી પડે તે સિવાય ભાગ્યે જ કશો ભય સેવવો પડે છે; ફ્રાન્સમાં એનાં મૂળિયાં વધારે ને વધારે દૃઢ થતાં આવે છે. વળી સ્થાયિત્વ ઉપરાંત, એનો લાભ એ છે કે પોતાની પ્રજાના કલ્યાણ માટે થોડુંક ધ્યાન આપવાની સરકારોને તે ફરજ પાડે છે કદાચ, આપણે ઇચ્છીએ તેટલા પ્રમાણમાં નહીં તોપણ નિરંકુશ રાજાશાહીઓએ, અલ્પતંત્રી શાસનોએ અથવા સરમુખત્યારશાહીઓએ આપ્યું હોય તેના કરતાં ઘણા વધારે પ્રમામાં તે ધ્યાન આપતી હોય છે.

આધુનિક સમયના વિશાળ રાજ્યમાં લોકશાસનને અમુક ગેરલાભો છે, તે ખરેખર તો એ જ વિસ્તારમાં આવેલાં શાસનનાં બીજાં સ્વરૂપો સાથેની તુલનાને કારણે નહીં, પરંતુ ખાસ તો વસ્તીની વિપુલતાને કારણે પ્રાચીન કાળમાં પ્રતિનિધિત્વની પ્રથા અજાણી હોવાથી નાગરિકો બજારમાં એકત્ર થતા અને પ્રત્યેક પ્રશ્ન ઉપર વ્યક્તિગત મત દર્શાવતા. જ્યાં સુધી રાજ્ય એકાદ નગરમાં મર્યાદિત રહ્યું ત્યાં સુધી આ પ્રથાએ પ્રત્યેક નાગરિકને વાસ્તવિક સત્તા અને જવાબદારીનો ભાવ અનુભવાવ્યો, વધારે તો એટલા માટે કે મોટા ભાગના પ્રશ્નો એ પ્રકારના હતા જે સમજવાને એનો પોતાનો અનુભવ એને શક્તિમાન બનાવતો હતો. પરંતુ ચૂંટાયેલા વિધાનમંડળના અભાવે લોકશાસન વધારે મોટા પ્રદેશ ઉપર વિસ્તરી શક્યું નહીં. જ્યારે ઇટાલીના બીજા ભાગોના રહેવાસીઓને રોમનું નાગરિકત્વ આપવામાં આવ્યું ત્યારે આ નવા નાગરિકો વ્યવહારમાં, રાજકીય સત્તામાં કશો ભાગ મેળવી શક્યા નહીં, કેમ કે જેઓ ખરેખર રોમમાં હોય તેઓ જ કેવળ એનો અમલ કરી શકતા હતા. આધુનિક જગતમાં પ્રતિનિધિઓની પસંદગીપદ્ધતિથી આ ભૌગોલિક મુશ્કેલી વટાવી શકાઈ છે. છેક હમણાં સુધી પ્રતિનિધિ એક વાર ચૂંટાયો એટલે એને વિપુલ પ્રમાણમાં સ્વતંત્ર સત્તા મળતી હતી, કેમ કે, રાજધાનીથી લાંબા અંતરે રહેતા માણસો પોતાનો અભિપ્રાય અસરકારક રીતે વ્યક્ત કરી શકે, પોતાને માટે શું

ચાલી રહ્યું છે તે તત્કાળ જાણી લે અથવા તેની પૂરતી વિગતો મેળવી લે, એવું બની શકતું નહીં. તેમ છતાં હવે ધ્વનિપ્રસારણ, ત્વરિત સ્થાનાન્તર, વર્તમાનપત્રો વગેરેને કારણે મોટા દેશો સુધ્ધાં વધારે ને વધારે પ્રમાણમાં પ્રાચીન કાળનાં નગરરાજ્યો જેવા બનતા આવે છે; કેન્દ્રમાં બેઠેલા માણસો અને અંતરે પડેલા મતદારો વચ્ચે અંગત સંસર્ગ (અમુક પ્રકારનો) પણ વધતો આવે છે; અઢારમા અને ઓગણીસમા સૈકામાં અસંભવિત લાગે એટલા પ્રમાણમાં હવે અનુયાયીઓ નેતાઓ ઉપર દબાણ લાવી શકે છે; અને નેતાઓ અનુયાયીઓ ઉપર વળતું દબાણ લાવી શકે છે. પરિણામ એ આવ્યું છે કે પ્રતિનિધિઓનું મહત્ત્વ ઘટી ગયું છે અને નેતાનું વધી ગયું છે. મતદારો અને સરકારો વચ્ચે પાર્લમેન્ટ અસરકારક દરમ્યાનગીરી કરનારી રહી શકી નથી. પ્રચારની સઘળી અપ્રામાણિક યુક્તિઓ જે અગાઉ ચૂંટણી-ગાળા પૂરતી મર્યાદિત રહેતી હતી તે હવે સતત ઉપયોગમાં લઈ શકાય છે. ગ્રીક નગરરાજ્ય એના ભાષણિયાઓ, જુલમગારો, અંગરક્ષકો અને દેશનિકાલ થયેલાઓ સહિત પુનર્જીવિત થયું છે કેમ કે એની પ્રચારપદ્ધતિઓ ફરી એક વાર સુલભ બની છે.

વિશાળ લોકશાહીમાં સત્તાનો ભાવ મતદાર એટલો ઓછો અનુભવે છે કે નેતા વિશે એને ઉમંગ હોય તે સિવાય પોતાનો મત ઉપયોગ કરવા યોગ્ય છે એવું પણ ઘણી વાર એને લાગતું નથી. અગત્યના પક્ષો પૈકીના કોઈ એકનો એ આગ્રહી પ્રચારક ન હોય તો, કોણ શાસન ચલાવશે તેનો નિર્ણય કરનારાં પરિબળોની વિશાળતા તેનામાં એવી સમજ પ્રેરે છે કે પોતાને એમાં સાવ નજીવો ભાગ ભજવવાનો છે. વ્યવહારમાં તો સામાન્ય રીતે તે કરી કરીને એટલું કરી શકે કે જેમના કાર્યક્રમોમાં પોતાને રસ ન હોય, જેમના કાર્યક્રમોમાં ઝાઝો ફરક પણ ન હોય, અને ચૂંટાય કે તરત જ જેઓ પોતાના કાર્યક્રમને નિરાંતે ભૂલી જવાના હોય એવા બે માણસો પૈકી આને કે તેને પક્ષે તે મત નાખી શકે. બીજી બાજુએ હોંસથી જેના ઉપર પોતે વારી જતો હોય તેવો કોઈ નેતા હોય તો રાજાશાહીના સંબંધમાં જે માનસ પ્રગટી રહે તેવું તેમાં પ્રગટ થાય છે. રાજા અને તેને સક્રિય ટેકો આપનાર ટોળી કે પંથ વચ્ચેનું એ બંધન છે. પ્રત્યેક કુશળ રાજકીય ચળવળિયો અથવા સંઘટક વ્યક્તિ પ્રત્યેની આદરભક્તિ ઉત્તેજવાના કામમાં લાગી જતો હોય છે. જો એ વ્યક્તિ મહાન નેતા હોય તો પરિણામે એક વ્યક્તિનું શાસન સ્થપાય છે; જો તેમ ન હોય તો જે ટોળકીએ એને ચૂંટાવી આપ્યો હોય તેના હાથમાં વાસ્તવિક સત્તા આવી પડે છે.

આ સાચી લોકશાહી નથી. જ્યારે શાસિત વિસ્તારો ઘણા મોટા હોય ત્યારે લોકશાહીની જાળવણીનો પ્રશ્ન ઘણો વિકટ બને છે

### આર્થિક સંઘટનોનો પ્રશ્ન

અત્યાર સુધી આપણે રાજકારણમાં શાસનનાં સ્વરૂપોનો પ્રશ્ન વિચાર્યો છે. પરંતુ આર્થિક સંઘટનોમાં જે સ્વરૂપો ઊભાં થાય છે તે એટલાં મહત્ત્વનાં અને લાક્ષણિક છે કે તેમનો સ્વતંત્ર વિચાર કરવો પ્રાપ્ત થાય છે.

પ્રથમ તો, પ્રાચીન કાળમાં નાગરિકો અને ગુલામો વચ્ચે જેવો ભેદ હતો તેને મળતો ભેદ કોઈ પણ ઔદ્યોગિક સાહસમાં હોય છે. જેમણે એ સાહસમાં મૂડીરોકાણ કર્યું હોય તેઓ નાગરિકો છે, જ્યારે કામદારો તે ગુલામો છે. આ સાદૃશ્યને હું આગળ તાણી જવા માગતો નથી. ગુલામથી કામદાર એ હકીકતમાં જુદો પડે છે કે પોતે જો બદલાવી શકતો હોય તો પોતાની નોકરી બદલાવવાને એ મુક્ત છે અને પોતાના કામના કલાકોની બહાર મન ફાવે તેમ પોતાનો સમય ગાળવાનો તેને હક છે. હું જે સાદૃશ્ય પરખાવવા માગું છું તે શાસન સંબંધી છે. નિરંકુશ શાસનો, અલ્પતંત્રી શાસનો અને લોકશાસનો સ્વતંત્ર માણસોના સંબંધમાં જુદાં પડે છે; ગુલામોના સંબંધમાં તે બધાં એકસરખાં હતાં. એ જ પ્રમાણે મૂડીવાદી ઔદ્યોગિક સાહસમાં મૂડી રોકનારાઓ વચ્ચે સત્તાની વહેંચણી રાજાશાહીની રીતે, અલ્પતંત્રી શાસનની રીતે, અથવા લોકશાસનની રીતે કરી શકાય, પરંતુ નોકરિયાતો પોતે મૂડીરોકાણ કરનારા હોય તે સિવાય, તેમને તેમાં મુદ્દલ ભાગ મળતો

નથી, અને જેમ ગુલામોને કોઈ હકદાવા હોઈ જ ન શકે તેમ પ્રાચીન કાળમાં મનાતું તેમ તેમને વિશે પણ મનાય છે.

વ્યવસાયી કૉર્પોરેશનો બંધારણનાં અલ્પતંત્રીય શાસનસ્વરૂપોની મોટી વિવિધતા પ્રગટ કરે છે. આ ક્ષણે હું, નોકરિયાતોને વહીવટમાંથી બાકાત રાખવામાં આવે છે તે હકીકતનો વિચાર કરતો નથી; હું કેવળ ભાગીદારોનો (શૅરહોલ્ડરોનો) વિચાર કરું છું. આ વિષયનું ઉત્તમ નિરૂપણ જે ગ્રંથને અગાઉ મેં ઉલ્લેખેલો છે, તેમાં, બર્લ અને મીન્સ રચિત 'ધી મૉડર્ન કૉર્પોરેશન ઍન્ડ પ્રાઈવેટ પ્રૉપર્ટી'માં, મળે છે. 'અંકુશનો વિકાસ' એ નામના પ્રકરણમાં તેઓ, અલ્પતંત્રીય શાસનો (થોડાક માણસો), મૂડીની વિશાળ જમાવટનું શાસન, ઘણી વાર તો માલિકીમાં બહુ ઓછો ભાગ રાખીને હસ્તગત કરે છે, તે દર્શાવે છે. પ્રૉક્સી સમિતિ સાથે સંબંધ ધરાવતી યુક્તિપ્રયુક્તિઓ વડે સંચાલકતંત્ર, 'વસ્તુત: પોતાના વારસદારો લાદી શકે છે. જ્યાં માલિકીહકના પૂરતા પેટાવિભાગો પડ્યા હોય ત્યાં સંચાલકતંત્ર આ રીતે માલિકીનો પોતાનો ભાગ નજીવો હોવા છતાં પોતાનું આયુષ્ય પોતે લંબાવનારું મંડળ બની શકે છે. આ પરિસ્થિતિને લગભગ મળતી આવતી જે પરિસ્થિતિ આ લેખક અન્યત્ર શોધી શકેલ છે તે કૅથલિક ચર્ચ ઉપર આધિપત્ય ભોગવનારું સંઘટન છે. પોપ કાર્ડિનલને પસંદ કરે છે અને કાર્ડિનલોનું નિર્વાચકગણ બદલામાં તેની પછીના પોપને પસંદ કરે છે.'[1] આજનાં મોટામાં મોટાં કૉર્પોરેશનો જેવાં કે અમેરિકન ટેલિફોન અને ટેલિગ્રાફ કંપની તેમ જ યુનાઇટેડ સ્ટેટ્સ સ્ટીલ કૉર્પોરેશન જેમની અસ્કામતો (૧૯૩૦ના જાન્યુઆરીની ૧લી તારીખે) અનુક્રમે ચાર બિલિયન અને બે બિલિયન ડૉલર જેટલી હતી, તેમાં શાસનનું આ સ્વરૂપ પ્રવર્તે છે. સ્ટીલ કૉર્પોરેશનમાં ડિરેક્ટરો સંયુક્ત રીતે કુલ શૅરોના ૧.૪ ટકા ધરાવે છે અને છતાં આર્થિક સત્તા સંપૂર્ણપણે તેમની છે.

વ્યવસાયી કૉર્પોરેશનના સંઘટનની જટિલતા કોઈ પણ રાજકીય સંસ્થા કરતાં પણ વધારે હોવાનો સંભવ છે. ડિરેક્ટરો, શૅરહોલ્ડરો, ડિબેન્ચરો ધરાવનારાઓ, વહીવટી કર્મચારીવર્ગ, અને સામાન્ય નોકરિયાતો આ સર્વનાં કાર્યો જુદાં જુદાં હોય છે. એનું શાસન સ્વરૂપે કરીને ઘણુંખરું અલ્પતંત્રીય શાસન હોય છે, જેના એકમો તે શૅરો છે, શૅરહોલ્ડરો નહીં, અને તેના ડિરેક્ટરો તે વરાયેલા પ્રતિનિધિઓ હોય છે. વ્યવહારમાં, અલ્પતંત્રીય રાજશાસનમાં વ્યક્તિગત શાસકોની વિરુદ્ધ સરકારને હોય તે કરતાં, શૅરહોલ્ડરોની વિરુદ્ધ ડિરેક્ટરોને ઘણી વધારે સત્તા હોય છે. એથી વિરુદ્ધ, જ્યાં મજૂર સંઘટન સુવ્યવસ્થિત હોય છે ત્યાં પોતાની નોકરીની શરતોની બાબતમાં કામદારોનો અવાજ સારો એવો હોય છે. મૂડીવાદી સાહસોમાં હેતુઓને લાક્ષણિક દ્વૈત હોય છે: એક પક્ષે જાહેર પ્રજાને ચીજવસ્તુઓ અથવા સેવાઓ પૂરી પાડવા માટે તે હયાતી ધરાવે છે, અને બીજે પક્ષે શૅરહોલ્ડરોને નફો ઊભો કરી આપવાના તેનો ઉદ્દેશ હોય છે. રાજકીય સંઘટનોમાં રાજકારણીઓ કેવળ પોતાનું વેતન વધારાવવાનું નહીં પણ સાર્વજનિક કલ્યાણનું લક્ષ્ય ધરાવતા હોવાનું મનાય છે; આપખુદ શાસનમાં પણ આ ડોળ ટકાવી રાખવામાં આવે છે. તેથી જ વેપારધંધા કરતાં રાજકારણમાં વધારે દંભ જોવા મળે છે. પરંતુ લોકશાસન અને સમાજવાદી ટીકાની સંયુક્ત અસર હેઠળ ઘણા અગત્યના ઉદ્યોગપતિઓએ રાજકીય તૂત ચલાવવાની કળા હસ્તગત કરી છે, અને પોતે ધન કમાય છે તેની પાછળનો ઉદ્દેશ સાર્વજનિક કલ્યાણ છે એવો ડોળ ઘાલવાનું તેઓ શીખી ગયા છે. રાજકારણ અને અર્થકારણ પરસ્પરમાં વિગલિત થઈ રહે તે માટેની આધુનિક વલણનું આ બીજું દૃષ્ટાંત છે.

કોઈ એક ચોક્કસ સંસ્થામાં શાસનનાં સ્વરૂપો કેવી રીતે પરિવર્તન પામે છે તે સંબંધમાં પણ થોડુંક કહેવું જોઈએ. આ એક એવી બાબત છે જેને વિશે ઇતિહાસ કોઈ નિશ્ચિત માર્ગદર્શન આપતો નથી. ...મિસર અને બૅબિલોનિયામાં ઐતિહાસિક દસ્તાવેજોની શરૂઆતના કાળમાં નિરંકુશ રાજાશાહી પૂર્ણપણે વિકસી હતી; માનવશાસ્ત્રોના પુરાવાઓને આધારે, મુખીઓની સત્તા, જે પ્રારંભમાં વડેરાઓની સમિતિથી મર્યાદિત થતી હતી તેમાંથી તે વિકસી હોવાનું ધારી લઈ શકાય; સારાયે એશિયામાં (ચીનને બાદ રાખતાં),

૧. જુઓ પૃ. ૮૩–૮.

નિરંકુશ રાજાશાહીએ યુરોપિયનોની અસર હેઠળ દાખવ્યું હતું તે સિવાય ક્યારેય પણ બીજા કોઈ શાસનસ્વરૂપને શકય બનાવવાનું લક્ષણ દાખવ્યું નથી. એથી ઊલટું યુરોપમાં ઇતિહાસકાળ દરમિયાન એ ક્યારે પણ લાંબા ગાળા સુધી સ્થિર રહી શકી નથી. મધ્ય યુગમાં રાજાની સત્તા સામંતશાહી અમીર વર્ગથી, તેમ જ વધારે મહત્ત્વનાં વાણિજ્યપ્રધાન નગરોના સ્થાનિક સ્વરાજ્યથી પણ મર્યાદિત થઈ હતી. નવજાગૃતિકાળ પછી યુરોપભરમાં રાજાઓની સત્તા વધી, પણ પ્રથમ ઇંગ્લન્ડમાં, પછી ફ્રાન્સમાં અને તે પછી બાકીના પશ્ચિમ યુરોપમાં મધ્યમવર્ગનો ઉદય થવાથી આ વધેલી સત્તાનો અંત આવ્યો. ૧૯૧૮ની શરૂઆતમાં બૉલ્શેવિકોએ બંધારણસભાનું વિસર્જન કર્યું ત્યાં સુધી એવું માની શકાયું હોત કે સમસ્ત સભ્ય જગતમાં પાર્લમૅન્ટરી પ્રકારનું લોકશાસન નિ:સંશય પ્રવર્તી રહેશે.

તેમ છતાં, લોકશાસનથી વેગળાં રહેનારાં આંદોલનો એ કોઈ નવી વાત નથી. ઘણાં ગ્રીક નગરરાજ્યોમાં સામ્રાજ્ય સ્થપાયું તે કાળના રોમમાં, અને મધ્યયુગીન ઇટાલીનાં વાણિજ્યપ્રધાન પ્રજાસત્તાકોમાં એ ઊપજ્યાં હતાં. લોકશાસન તરફ ઢળનારી અથવા તેનાથી દૂર જનારી વિવિધ વિકાસઘટનાઓને નિયત કરનારા સામાન્ય સિદ્ધાંતો શોધવાનું શકય હશે ખરું?

## લોકશાસન વિરુદ્ધનાં પરિબળો

ભૂતકાળનાં લોકશાસનની વિરુદ્ધનાં બે મોટાં પરિબળો તે સંપત્તિ અને યુદ્ધ એ હતાં. આ બેનાં દૃષ્ટાંત તરીકે આપણે અનુક્રમે મેડિચી અને નેપોલિયનને લઈ શકીએ. જે માણસો વાણિજ્ય દ્વારા સંપત્તિ રળે છે તેઓ, એક સિદ્ધાંત તરીકે, જમીનની માલિકી ઉપર જેમની સત્તા આધારિત હોય છે તેમના કરતાં ઓછા કઠોર અને વધારે સમાધાનપ્રિય હોય છે; તેથી કરીને જેમનો દરજ્જો કેવળ વંશાનુગત અને પરંપરાપ્રાપ્ત હોય છે તેમના કરતાં સત્તા ખરીદવાના પોતાના તરીકાઓમાં તેમ જ તે પછી હિંસક પ્રતિભાવો ઉત્તેજાય નહીં તે રીતે શાસન કરવામાં તેઓ વધારે કુશળ હોય છે. દાખલા તરીકે, વેનિસમાં અથવા હેન્સિયાટિક લીગનાં ગામોમાં વેપારવણજમાં જે તડાકો પડ્યો હતો તે પરદેશીઓને ભોગે પડ્યો હોવાથી ઘરઆંગણે પરસેવો ન નિચોવનારા મજૂરોને નોકરીમાં રાખીને પોતાનો ભાગ્યોદય સાધનારા કારખાનદારોને જેવો અણગમો ચોંટેલો હોય છે તેવો કોઈ તેમણે પેદા કર્યો ન હતો. એટલે અધિકાંશે વાણિજ્યપ્રધાન હોય એવા સમાજને માટે વજનદાર શહેરીઓનું અલ્પતંત્રીય શાસન એ શાસનનું અત્યંત સ્વાભાવિક અને સ્થાયી સ્વરૂપ છે. અને જો એક કુટુંબ બીજાં બધાં કુટુંબો કરતાં ખૂબ વધારે શ્રીમંત હોય તો એ સહેલાઈથી રાજાશાહીમાં પરિણમે છે.

યુદ્ધ ચાલે છે તે જુદી અને વધારે હિંસક મનોદશા વડે. ભયવૃત્તિ માણસોને નેતાની ઇચ્છા રાખવા પ્રેરે છે, અને સફળ સેનાપતિ પ્રશંસાનો એવો ભાવાવેશ પ્રદીપ્ત કરે છે જે ભયની ઊલટી બાજુ છે. એ ક્ષણે વિજય એ જ એકમાત્ર ખરેખરી અગત્યની બાબત હોવાથી સફળ સેનાપતિ સર્વોચ્ચ સત્તાની સોંપણી પોતાને કરી દેવા પોતાના દેશને સહેલાઈથી સમજાવી શકે છે. જ્યાં સુધી કટોકટી ચાલુ હોય છે ત્યાં સુધી એ અનિવાર્યમાં ખપે છે અને કટોકટીનો અંત આવે ત્યારે એને ખસેડવાનું મુશ્કેલ બની ગયું હોય એ સંભવે છે.

લોકશાસન વિરુદ્ધનાં અત્યારનાં આંદોલનો જોકે યુદ્ધગ્રસ્ત મનોદશા સાથે સંકળાયેલાં છે તથાપિ નેપોલિયનના દાખલાને તે સાવ મળતાં આવતાં નથી. વ્યાપક રીતે કહીએ તો જર્મની અને ઇટાલીની લોકશાહીઓનું પતન થયું તેનું કારણ એ નહોતું કે વધુમતી લોકશાહીથી વાજ આવી ગઈ હતી, પરંતુ સશસ્ત્ર દળોનું વર્ચસ્વ સંખ્યાદૃષ્ટિએ વધુમતી કહીએ તેને પક્ષે નહોતું. મુલકી સરકાર ક્યારેય પણ સરસેનાપતિ કરતાં બલવત્તર હોય એ સ્થિતિ જરા વિચિત્ર લાગવા સંભવ છે, તોપણ જ્યાં રાષ્ટ્રની ટેવોમાં લોકશાહી દૃઢમૂલ હોય ત્યાં એ સાચું છે. એક સરસેનાપતિને નિયુક્ત કરતી વેળાએ લિંકને એને લખેલું: 'લોકો મને કહે છે કે તમારું લક્ષ્ય સરમુખત્યારશાહી છે. તે સિદ્ધ કરવાની રીત યુદ્ધમાં વિજયને વરવો એ છે. વિજય માટે હું તમારા ઉપર મીટ માંડું છું, અને સરમુખત્યારશાહીનું જોખમ ખેડું છું.' સહીસલામત રીતે આવું એ કરી શક્યો, કેમ કે, મુલકી

સરકાર ઉપર આક્રમણ કરવાની બાબતમાં કોઈ પણ અમેરિકન સૈન્ય એના સેનાપતિને અનુસર્યું ન હોત. સત્તરમા સૈકામાં લાંબી પાર્લમેન્ટને રુખસદ આપવાની બાબતમાં સૈનિકો ક્રૉમવેલની આજ્ઞા ઉઠાવવાને રાજી હતા; ઓગણીસમા સૈકામાં ડ્યૂક ઑફ વેલિંગ્ટને આવી યોજના મનમાં સંઘરી હોત તો એને અનુસરનારો એક પણ માણસ એને મળ્યો ન હોત.

લોકશાહી નવેનવી હોય છે ત્યારે અગાઉના સત્તાધરો પ્રત્યેના દુર્ભાવમાંથી એનો જન્મ થયો હોય છે; પણ જ્યાં સુધી એ નવી હોય છે ત્યાં સુધી એ અસ્થિર પણ હોય છે. જૂના રાજાઓ કે અલ્પતંત્રી શાસકોના દુશ્મનો તરીકે પોતાને ઓળખાવનારા માણસો રાજાશાહી અથવા અલ્પતંત્રી શાસન પુન:સ્થાપિત કરવામાં સફળ નીવડે એમ બને: લોકોનો જે ટેકો મેળવવામાં બુર્બોનો અને હોહેનઝોલર્ન નિષ્ફળ નીવડ્યા હતા તે નેપોલિયન અને હિટલરને મળી શક્યો હતો. પરંપરાસિદ્ધ બનવા જેટલું લાંબું આયુષ્ય ભોગવ્યા પછી જ લોકશાહી સ્થિર બને છે. ક્રૉમવેલ, નેપોલિયન અને હિટલર પોતપોતાના દેશોમાંની લોકશાહીના શૈશવકાળે ઉદય પામ્યા હતા; પહેલા બેને ધ્યાનમાં લેતાં ત્રીજો મુદ્દલ આશ્ચર્યકારક ન લાગવો જોઈએ. એ જ પ્રમાણે પોતાના પુરોગામીઓ કરતાં એ વધારે સ્થાયી છે એમ પણ એમને વિશે ધારી લેવાનું કારણ નથી.

તેમ છતાં, ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં હતી તેવી પ્રતિષ્ઠા સમીપવર્તી ભવિષ્યમાં લોકશાહી પુન:-સંપાદિત કરે એવો સંભવ હશે કે નહીં એ વિશે શંકા ઉપસ્થિત કરવાનાં ગંભીર કારણો છે ખરાં. આપણે કહેતા આવ્યા છીએ કે સ્થિર થવા માટે લોકશાહીએ પરંપરાસિદ્ધ બનવું જોઈએ. પરંપરાસિદ્ધ બનવાની પ્રક્રિયાનો આરંભ કરવા માટે લોકશાહીને પૂર્વ યુરોપમાં અને એશિયામાં પૂરતી સુસ્થાપિત થવા માટેની કઈ તક છે?

લશ્કરી કાર્યપદ્ધતિથી શાસન સદૈવ અત્યંત પ્રભાવિત રહ્યું છે. જે દિવસોમાં રોમ લોકશાહી બનવા તરફ વળતું હતું ત્યારે રોમન સૈન્યો રોમન નાગરિકોનાં બનેલાં હતાં; વ્યવસાયી સૈન્યોએ તેમનું સ્થાન લીધું તેમાંથી સામ્રાજ્યનો પ્રાદુર્ભાવ થયો. કૃષિમૂલક અમીરશાહીનું બળ તેના દુર્ગોની અભેદ્યતામાં હતું, જે દારૂગોળાનો પ્રવેશ થતાં અસ્ત પામ્યું. ફ્રેંચ ક્રાન્તિનાં તાલીમ નહીં પામેલાં મોટાં દળોએ પોતાની સામે થનારાં નાનાં વ્યવસાયી દળોને હરાવીને કોઈ ઉચ્ચ હેતુને માટે લોકોમાં જાગેલા ઉત્સાહનું કેવું મહત્ત્વ છે તે બતાવી આપ્યું અને એમ કરીને તેણે લોકશાહીના લશ્કરી લાભો પણ સૂચવ્યા. હવે વિમાનો દ્વારા પ્રમાણમાં થોડા પણ ખૂબ ઊંચી તાલીમ પામેલા માણસોનાં બનેલાં સૈન્યોની જરૂરિયાતની દિશામાં આપણે પાછા વળી રહ્યા હોઈએ એવું લાગે છે. એટલે ગંભીર યુદ્ધના જોખમવાળા પ્રત્યેક દેશમાં શાસનનું સ્વરૂપ વિમાનીઓને પસંદ પડે એવું હશે એમ જ માનવાનું રહ્યું, અને એ લોકશાસન હોવાનો સંભવ નથી.

પણ આની વિરુદ્ધ કેટલાક ખ્યાલો ગોઠવી રાખવા જેવા છે. એમ ધારી લઈ શકાય કે, પોતે યુદ્ધખોર હોય કે ના હોય, તથાપિ હવે પછીના મહાયુદ્ધમાં એક ફક્ત અમેરિકાનાં સંયુક્ત રાજ્યો વિજેતા બનશે, અને સંયુક્ત રાજ્યો લોકશાહી મટી જાય એ અસંભવિત છે. ફાસિઝમનું મોટા ભાગનું બળ તો યુદ્ધથી એને થનાર કલ્પિત લાભોને આભારી હોય છે અને જો એ લાભોનું અસ્તિત્વ જ નથી એમ પુરવાર થઈ શકે તો લોક-શાસન ફરી પાછું પૂર્વ તરફ પ્રસરવા માંડશે. કોઈ પણ રાષ્ટ્રને લાંબે ગાળે શિક્ષણ અને રાષ્ટ્રભક્તિના વિસ્તૃત ફેલાવામાંથી જે બળ યુદ્ધ દરમ્યાન મળી રહે છે તેના જેવું બીજા કશાથી નથી મળતું. અને થોડોક સમય જોકે ફાસિઝમની પુરાતનવાદી પદ્ધતિઓથી રાષ્ટ્રભક્તિ પણ ઉત્તેજી શકાય, તોપણ, ધાર્મિક ક્ષેત્રના લાંબા અનુભવે પુરવાર કર્યું છે તેમ, આવી પદ્ધતિઓ આખરે થાક અને પીછેહઠમાં પરિણમે છે. એટલે એકંદરે, જ્યાં હજી લોકશાહી હયાત છે તે ત્યાં ટકી રહેવાની છે અને અત્યારપૂરતું જ્યાં એને ગ્રહણ લાગ્યું છે તે દેશોમાં એ ફરી પ્રકાશવાની છે એમ લશ્કરવિષયક દલીલો સુધ્ધાં સૂચવે છે. તેમ છતાં એ પણ સ્વીકારવું જોઈએ કે આથી વિરુદ્ધનો વિકલ્પ કોઈ પણ રીતે અશક્ય નથી.

# સત્તાને નાથવાના ઉપાયો

ઈતિહાસ અથવા મનુષ્યસ્વભાવનો જેણે અભ્યાસ કર્યો હશે તેને એટલું તો પ્રતીત થયું હશે કે લોકશાસન, એ જોકે પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ નથી તોપણ, ઉકેલનો તાત્ત્વિક અંશ તો છે જ. આપણે માત્ર રાજકીય પરિસ્થિતિને વળગીને ઉકેલ શોધવા બેસીશું તેથી એ જડશે નહીં; આપણે અર્થશાસ્ત્રનો, પ્રચારનો તેમ જ સંયોગોનો અને શિક્ષણથી રંગાયેલા માનસશાસ્ત્રનો પણ ખ્યાલ રાખવો પડશે. આમ આપણો વિષય ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે :

(૧) રાજકીય પરિસ્થિતિઓ; (૨) આર્થિક પરિસ્થિતિઓ; (૩) પ્રચારની પરિસ્થિતિઓ; અને (૪) માનસશાસ્ત્રીય અને શૈક્ષણિક પરિસ્થિતિઓ. આપણે એક પછી એક વિચારીએ.

## રાજકીય પરિસ્થિતિઓ

લોકશાસનના લાભો અભાવાત્મક છે. લોકશાસન એ જોકે સુશાસનની બાંયધરી નથી, તોપણ કેટલાંક અનિષ્ટોને તે અવશ્ય રોકે છે. જ્યાં સુધી સ્ત્રીઓ રાજકીય બાબતમાં ભાગ લેતી નહોતી થઈ ત્યાં સુધી પરિણીત સ્ત્રીઓનો પોતાની મિલકત ઉપર કશો જ અંકુશ નહોતો; અરે, ખુદ પોતાની કમાણી ઉપર સુધ્ધાં નહોતો. દારૂડિયાને પનારે પડેલી એકાદ નોકરબાઈને પોતાની કમાણી પોતાનાં સંતાનો પાછળ ખરચવામાં પોતાનો પતિ આડો આવતો હોય તો એની પાસે કશો ઉપાય નહોતો. અઢારમા સૈકાની અને ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધની ઉમરાવશાહીવાળી પાર્લમેન્ટ નગર અને ગ્રામવિસ્તારના શ્રમજીવીઓને બેહાલ કરીને શ્રીમંતોની સમૃદ્ધિ વધારવાની દિશામાં ધારા ઘડવાની પોતાની સત્તાનો ઉપયોગ કરતી હતી. કામદાર સંઘોની રચનાને અશક્ય બનાવવામાંથી કાયદાને કોઈએ વાર્યો હોય તો તે કેવળ લોકશાહીએ જ. લોકશાહી ના હોત તો પશ્ચિમ અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડમાં મૂઠીભર ગોરી ધનિકશાહીના શાસન હેઠળ અર્ધગુલામ એવી પીળી પ્રજાએ વસવાટ કર્યો હોત. ગુલામી અને અર્ધગુલામીનાં અનિષ્ટો તો સુપરિચિત છે અને જ્યારે પણ કોઈ લઘુમતીને રાજકીય સત્તાનો સુરક્ષિત ઇજારો મળી જાય છે ત્યારે લઘુમતીનો મોડો કે વહેલો ગુલામી અથવા અર્ધગુલામીમાં અધઃપાત થયા વિના રહેતો નથી. સમગ્ર ઈતિહાસ એમ દર્શાવે છે, અને અપેક્ષિત પણ છે, કે, વધુમતીનાં હિતોની સંભાળ રાખવા માટે લઘુમતીનો ભરોસો કરી શકાય નહીં.

જો અલ્પતંત્રીય શાસન 'સારા' માણસોનું બનેલું હોય તો એ પ્રશસ્ય છે એવું માની લેવાનું વલણ જેટલું અગાઉના સમયમાં મજબૂત હતું તેટલું આજે પણ છે. કૉન્સ્ટન્ટાઇનના સમય સુધી રોમન સામ્રાજ્યનું શાસન 'ખરાબ' હતું અને તે પછી એ 'સારું' થઈ ગયું. રાજાઓ વિશેના ગ્રંથમાં એવા રાજાઓ વર્ણવાયા છે કે જેઓ ઈશ્વરની નજરે 'સારાં' કહી શકાય એવાં કામો કરી ગયા, અને એવા પણ છે, જે 'ખરાબ' કામો કરી ગયા. બાળકોને ભણાવવામાં આવે છે તેવા ઇંગ્લન્ડના ઈતિહાસમાં 'સારા' રાજાઓ છે અને 'ખરાબ' રાજાઓ છે. યહૂદીઓનું અલ્પતંત્રીય શાસન ખરાબ પણ નાઝીઓનું 'સારું'; ઝારને વરેલી ધનિકશાહીનું બનેલું અલ્પતંત્રીય શાસન 'ખરાબ' પણ સામ્યવાદી પક્ષનું 'સારું'.

આ મનોદશા પ્રૌઢ લોકોને શોભતી નથી. બાળક જ્યારે આજ્ઞાનું પાલન કરે ત્યારે 'સારું' પણ ના કરે ત્યારે 'તોફાની'. પછી એ મોટું થાય છે અને રાજકીય નેતા બને છે ત્યારે પણ બાલ્યાવસ્થાના આ ખ્યાલોને વળગી રહે છે અને જેઓ પોતાના આદેશનું પાલન કરે છે તેમને 'સારા' તરીકે વર્ણવે છે અને જેઓ આદેશને પડકારે તેમને 'ખરાબ' ગણે છે. પરિણામે પોતાનો રાજકીય પક્ષ 'સારા' માણસોનો બનેલો હોય છે અને પ્રતિપક્ષ 'ખરાબ' માણસોનો બનેલો હોય છે. આપણા જૂથની સરકાર એ 'સારી' સરકાર અને બીજા જૂથની સરકાર એ 'ખરાબ' સરકાર. મૉન્ટેગ્યુઓ 'સારા' છે, કેપ્યુલેટો 'ખરાબ' છે, અથવા એથી ઊલટું.

આવું દૃષ્ટિબિંદુ ગંભીરતાથી ધારણ કરીએ તો સામાજિક જીવન અશક્યવત્ બની જાય, પછી તો કયું જૂથ 'સારું' અને કયું 'ખરાબ' તેનો નિર્ણય બળથી જ કરવાનો રહે, અને એવો નિર્ણય થાય ત્યાર પછી ગમે તે ક્ષણે બંડ કરીને તેને ઉથલાવી નાખવામાં આવે. આવું કોઈ પણ જૂથ સત્તા પર આવે તો સામાના હિતની દરકાર કરે નહીં, સિવાય કે બંડ જાગવાની ભીતિનો એના પર જેટલે અંશે અંકુશ હોય તેટલે અંશે તેને તેમ કરવાની ફરજ પડે. હવે જો નિરંકુશ શાસન કરતાં ચડિયાતું સામાજિક જીવન આપણે કલ્પતા હોઈએ તો અમુક નિષ્પક્ષતા એમાં અપેક્ષિત છે. પણ ઘણી બાબતોમાં આપણે માટે સમૂહરૂપે પ્રવર્તવાનું આવશ્યક હોવાથી વધુમતીનું શાસન એ જ આવી બાબતોમાં નિષ્પક્ષતાનું એકમાત્ર વ્યવહારુ સ્વરૂપ છે.

લોકશાસન જોકે મહત્ત્વનું છે છતાં તે સત્તાને નાથવાને માટે જરૂરી એવી એકમાત્ર રાજકીય શરત નથી. લોકશાસનમાં પણ વધુમતી લઘુમતી ઉપર પાશવી અને સાવ બિનજરૂરી સિતમ ગુજારે એ શક્ય છે. ૧૮૮૫થી ૧૯૨૨ સુધીના ગાળામાં યુનાઈટેડ કિંગ્ડમની સરકાર (સ્ત્રીઓનો સમાવેશ તેમાં નહોતો એટલું બાદ રાખીએ તો) લોકશાસિત હતી, પરંતુ તેથી કરીને આયર્લૅન્ડ પરનું દમન નિવારી શકાયું નહોતું. કેવળ રાષ્ટ્રીય જ નહીં પણ ધાર્મિક અથવા રાજકીય લઘુમતી ઉપર પણ ત્રાસ ગુજારી શકાય છે. સુવ્યવસ્થિત શાસન સાથે સુસંગત હોય તેટલે અંશે લઘુમતીઓનાં હિતોની સુરક્ષા એ સત્તાને નાથવાનો અગત્યનો ઉપચાર છે.

આમાંથી શાને અંગે સમાજે આખા સમાજ રૂપે પ્રવર્તવાની જરૂર છે અને શાને અંગે એકરૂપતાની જરૂર નથી એ બાબતનો વિચાર કરવો પ્રાપ્ત થાય છે. સામૂહિક નિર્ણય જેમાં અનિવાર્ય હોય એવી બાબતો તત્ત્વતઃ ભૌગોલિક પ્રકારની હોય છે. રસ્તા, રેલવે, ગટરો, ગૅસ પાઈપો વગેરે એવી બાબતો છે જેમાં અમુક ચોક્કસ ક્રમને જ અનુસરવો પડે અને બીજાને નહીં. આરોગ્ય અંગેની સાવચેતીઓ, જેવી કે પ્લેગ અથવા હડકવા સામેની, તે પણ ભૌગોલિક જ છે. ખ્રિસ્તી વૈજ્ઞાનિકો એમ જાહેર કરે કે ચેપની સામે અમે સાવચેતીનાં પગલાં નહીં લઈએ તો ચાલે નહીં, કેમ કે એમ કરવાથી એકનો ચેપ બીજાને લાગે. યુદ્ધ પણ એક ભૌગોલિક ઘટના છે, સિવાય કે એનું સ્વરૂપ આંતરવિગ્રહનું હોય, અને ત્યારે પણ અમુક પ્રદેશ ઉપર અમુક પક્ષનું આધિપત્ય હોય છે અને બીજા પ્રદેશ ઉપર બીજા પક્ષનું હોય છે.

જ્યારે લઘુમતીની જમાવટ ભૌગોલિક રીતે થઈ હોય, જેવી ૧૯૨૨માં આઈરિશ લઘુમતીની થઈ હતી, ત્યારે સંપત્તિ, અધિકાર વગેરેના ખાસ પ્રબંધથી મોટા ભાગના પ્રશ્નોનો ઉકેલ લાવવો શક્ય બનતો હોય છે. પણ જ્યારે આખા પ્રદેશ ઉપર એ તૂટકછૂટક પથરાયેલી હોય છે ત્યારે આ પદ્ધતિ ઘણુંખરું પ્રયોજી શકાતી નથી. જ્યારે ખ્રિસ્તી અને મુસલમાની વસ્તીઓ જોડાજોડ રહેતી હોય ત્યારે એમના લગ્નના કાયદા જોકે નિરાળા હોય છે તોપણ ધર્મની વાત બાદ કરતાં એ બધાને અમુક એક સરકારને વશ વર્તવું પડતું હોય છે. ધીમે ધીમે આટલું તો માલૂમ પડી રહ્યું છે કે રાજ્યને માટે ધાર્મિક એકવાક્યતાની કોઈ આવશ્યકતા નથી અને એક જ શાસન હેઠળ પ્રૉટેસ્ટન્ટો અને કૅથલિકો સુખશાંતિથી વસી શકે છે. પણ ધર્મસુધારણા પછીનાં ૧૩૦ વર્ષ સુધી આવી પરિસ્થિતિ નીપજી રહી નહોતી.

સ્વાધીનતાની કેટલી માત્રા સુવ્યવસ્થા સાથે સુસંગત છે એ પ્રશ્નનો સિદ્ધાંતરૂપે નિકાલ લાવી શકાય એમ નથી. સિદ્ધાંતરૂપે કેવળ આટલું કહી શકાય કે જ્યાં સામૂહિક નિર્ણય કરવા માટે શાસ્ત્રીય (ટેકનિકલ) કારણ હોય નહીં ત્યાં સ્વાતંત્ર્યમાં દરમિયાનગીરી કરવી હોય ત્યારે જાહેર વ્યવસ્થા સાથે સંકળાયેલું કોઈ સંગીન કારણ હોવું જોઈએ. એલિઝાબેથના શાસનકાળમાં રોમન કૅથલિકો એની રાજગાદી છીનવી લેવા તાકતા હતા. ત્યારે સરકારને કૅથલિકો અળખામણા થઈ પડેલા તેથી આશ્ચર્ય થતું નથી. એ જ પ્રમાણે નીચેના પ્રદેશોમાં પ્રૉટેસ્ટન્ટોએ સ્પેન સામે બંડ જગાવેલું ત્યારે સ્પેનિયાર્ડો એમના ઉપર ત્રાસ ગુજારે એ અપેક્ષિત હતું. અત્યારે હવે ધાર્મિક પ્રશ્નોનું તે વખતના જેવું રાજકીય મહત્ત્વ રહ્યું નથી. બહુ ઊંડા ગયા ન હોય તો રાજકીય મતભેદો સુધ્ધાં, સતામણીનું કારણ બનતા નથી. રૂઢિચુસ્ત પક્ષ, ઉદારમતવાદી પક્ષ અને મજૂર પક્ષના અનુયાયીઓ

સુખે એકબીજાની સાથે રહી શકે છે કેમ કે બંધારણને બળપૂર્વક બદલવાની તેઓ ઈચ્છા કરતા નથી. પણ ફાસિસ્ટો અને કામ્યુનિસ્ટોને અપનાવવા તે વધારે દુષ્કર લાગે છે. જ્યાં લોકશાસન પ્રર્વતતું હોય ત્યાં બળથી સત્તા બથાવી બેસવા માટેના લઘુમતીના પ્રયત્નોને તેમ જ આવા પ્રયત્નો માટેની ઉશ્કેરણીને મનાઈ ફરમાવવામાં આવે તો એ વાજબી છે, કેમ કે, કાયદાને વશ વર્તનારી વધુમતીને શાંત જીવન ગુજારવાનો અધિકાર છે, જો એ પ્રાપ્ત કરી શકે એમ હોય તો. પણ કાયદો તોડવાને ઉશ્કેરતા ન હોય તેવા પ્રચારના સર્વ વ્યવહારો પ્રત્યે સહિષ્ણુતા દાખવવી જોઈએ, એટલું જ નહીં, કાયદો પણ ટેકનિકલ કાર્યક્ષમતા અને વ્યવસ્થાની જાળવણી સાથે સુસંગત રહેવાય એટલી મર્યાદામાં રહીને એકંદરે સહિષ્ણુ હોવો જોઈએ. માનસશાસ્ત્રવાળા શીર્ષકે હું આ વિષયની ચર્ચા આગળ ચલાવીશ.

સત્તાને નાથવાની દૃષ્ટિએ શાસનના ઘટકનું આદર્શ કદ કેવડું હોવું જોઈએ તે અંગે મુશ્કેલ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આધુનિક સમયનું મોટું રાજ્ય, એ લોકશાહી પ્રકારનું હોય તોપણ, સામાન્ય નાગરિકને રાજકીય સત્તાનો બહુ ઓછો ભાવ અનુભવવા દે છે. ચૂંટણીમાં કયા મુદ્દા આગળ કરવા જોઈએ તે વિશેનો નિર્ણય એ પોતે કરતો નથી. ઘણુંખરું એ મુદ્દા એના નિત્યજીવનથી ઘણી વેગળી એવી બાબતો સાથે સંકળાયેલા હોય છે અને એના અનુભવની એકદમ પારના હોય છે. સમસ્ત પરિણામમાં એના પોતાના મતનો ફાળો એટલો થોડો હોય છે કે એને પોતાને એ ક્ષુલ્લક લાગે. પ્રાચીન નગરરાજ્યમાં આવા અનર્થો બહુ ઓછા હતા. સ્થાનિક સ્વરાજ્યમાં આજે પણ એ ઓછા હોય છે. એ ઉપરથી એવી અપેક્ષા પણ સેવી શકાય કે જાહેર પ્રજા રાષ્ટ્રીય કરતાં સ્થાનિક પ્રશ્નોમાં વધારે રસ લેશે, પણ એવું બનતું નથી. ઊલટું વિસ્તાર જેમ વધારે મોટો તેમ મતદારવર્ગમાંથી મત આપવા જવાની તકલીફ લેનારની ટકાવારી પણ વધારે હોય છે. આમ થવાનું કારણ અમુક અંશે એ છે કે અગત્યની ચૂંટણીઓમાં પ્રચાર પાછળ નાણું વધારે ખર્ચાય છે અને અમુક અંશે એ પણ ખરું કે મુદ્દા પોતે પણ વધારે ઉત્તેજક હોય છે. ઉત્તેજકમાં ઉત્તેજક મુદ્દા તે યુદ્ધને લગતા અને સંભવિત દુશ્મન સાથેના સંબંધોને લગતા મુદ્દા હોય છે. મને જાન્યુઆરી, ૧૯૧૦માં એક બુઢ્ઢા ગામડિયાનો પ્રસંગ યાદ આવે છે, જેણે મને કહ્યું હતું કે એ રૂઢિચુસ્તોને પક્ષે મત આપવાનો છે (એના પોતાના આર્થિક હિતથી એ વિરુદ્ધ હતું) કેમ કે એને એમ સમજાવવામાં આવ્યું હતું કે જો ઉદારમતવાદીઓ વિજય મેળવશે તો એક અઠવાડિયામાં દેશ ઉપર જર્મનો ચડી આવશે. એવું તો માનવાનું જ નથી કે પોતાના ચર્ચવિસ્તારની સમિતિની ચૂંટણીમાં એણે ક્યારેય મતદાન કર્યું હશે, જોકે એ ચૂંટણીઓના મુદ્દાની એને કંઈકે સમજણ હોવાનો સંભવ હતો. પણ એ મુદ્દા એને ઉત્તેજિત કરી શક્યા નહીં કેમ કે સામૂહિક ઉન્માદ અથવા જે માન્યતાઓનું એને પોષણ મળે છે તેવું કશું એમાંથી પેદા થતું નથી હોતું.

આમ એક યક્ષપ્રશ્ન પેદા થાય છે: જ્યારે જૂથ નાનું હોય છે ત્યારે લોકશાહી માણસમાં એવો ભાવ પેદા કરે છે કે રાજકીય સત્તામાં એનો અસરકારક ભાગ છે, પણ જૂથ મોટું હોય છે ત્યારે પેદા નથી કરતી; બીજી બાજુએ જૂથ મોટું હોય ત્યારે મુદ્દો એને મહત્ત્વનો લાગવાનો સંભવ છે, પણ નાનું હોય ત્યારે નહીં.

મતદારમંડળ ભૌગોલિક નહીં પણ વ્યાવસાયિક હોય છે ત્યારે અમુક અંશે આ મુશ્કેલી ટાળી શકાય છે; દાખલા તરીકે કામદાર સંઘોની ખરેખરી અસરકારક લોકશાહી શક્ય છે. એની પ્રત્યેક શાખા નીતિને લગતો મૂંઝવતો પ્રશ્ન ચર્ચવા મળી શકે છે. સભ્યોને પણ અનુભવ અને હિત એકસરખાં હોય છે તેથી ફળદાયી ચર્ચાઓ શક્ય બને છે. એટલે સમસ્ત સંઘનો છેવટનો નિર્ણય એવો હોઈ શકે છે જેમાં સભ્યોની ઘણી મોટી ટકાવારીને એમ લાગે કે એમનો એમાં હિસ્સો છે.

પણ આ પદ્ધતિની મર્યાદાઓ પણ દેખીતી છે. ઘણાયે પ્રશ્નો એવા તો તાત્ત્વિક રીતે ભૌગોલિક પ્રકારના હોય છે કે ભૌગોલિક મતદારમંડળ અનિવાર્ય બને છે. જાહેર સંસ્થાઓ આપણા જીવનને એટલાં બધાં બિંદુએ સ્પર્શે છે કે રાજકારણી ન હોય એવો કામગરો માણસ પોતાના લાગતાવળગતા અનેક સ્થાનિક અને રાષ્ટ્રીય

પ્રશ્નોની બાબતમાં કશાં પગલાં ભરી શકતો નથી. એટલે અમુક હિતનું પ્રતિનિધિત્વ જાળવવા કામદારસંઘમાં અધિકારીની ચૂંટણી થાય છે તે જ પદ્ધતિનો આમાં વિસ્તાર કરવો એ જ આનું ઉત્તમ નિરાકરણ છે. અત્યારે કેટલાંયે હિતોને પ્રતિનિધિઓ હોતા જ નથી. લોકશાહીને માનસશાસ્ત્રીય અને રાજકીય બંને અર્થમાં જિવાડવી હોય તો વિવિધ હિતોનાં મંડળોની રચના થવી જોઈએ અને રાજકીય સોદાઓમાં એવા માણસોને પ્રતિનિધિત્વ મળવું જોઈએ જેઓ આ મંડળોમાં જોડાનારની સંખ્યા અને ઉત્સાહને અનુરૂપ લાગવગ ધરાવતા હોય. મારા કહેવાનો અર્થ એ નથી કે આ પ્રતિનિધિઓ પાર્લમેન્ટનું સ્થાન લે. પણ તેઓ એક નવી નીક બની જવા જોઈએ જેથી નાગરિકોનાં જૂથોની ઈચ્છાઓની પાર્લમેન્ટને જાણ પડે.

જ્યારે પણ અંગભૂત ઘટકોનાં સ્થાનિક હિતો અને લાગણીઓ સમવાય સાથે સંકળાયેલાં હિતો અને લાગણીઓ કરતાં વધારે જોરાવર હોય ત્યારે સમવાય તંત્ર ઈષ્ટ બને છે. ક્યારે પણ આંતરરાષ્ટ્રીય સરકાર રચાવાની હશે તો દેખીતી રીતે જ ખૂબ ચોકસાઈથી જેની સત્તાઓ નિયત કરવામાં આવી હોય એવું રાષ્ટ્રીય સરકારોનું સમવાયતંત્ર તે બનવી જોઈશે. કેટલાંક પ્રયોજનો માટે આંતરરાષ્ટ્રીય અધિકારતંત્રોનું નિર્માણ ક્યારનુંયે થયેલું છે. જેમ કે ટપાલનું. પણ આ એવાં પ્રયોજનો છે જેમાં લોકોને એવો રસ પડતો નથી જેવો રાષ્ટ્રીય સરકારોના વ્યવહારોમાં પડે છે. જ્યાં આ પરિસ્થિતિનો અભાવ હોય છે ત્યાં સમવાયી સરકાર વિવિધ ઘટકોની સરકારોના કાર્યપ્રદેશ ઉપર આક્રમણ કરવાનું વલણ દાખવે છે. અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં બંધારણ પહેલવહેલું ઘડાયું તે પછી હંમેશાં રાજ્યોના ભોગે સમવાયી સરકારે ફાયદો ઉઠાવ્યો છે. ૧૮૭૧થી ૧૯૧૮ના ગાળા દરમિયાન જર્મનીમાં આ જ વલણ પ્રવર્તતું હતું. વિશ્વની સમવાયી સરકાર પણ વિઘટનના પ્રશ્ન ઉપર આંતરવિગ્રહમાં સપડાય, જે બનવું સંભવિત છે, તો એ વિજેતા નીવડતાં વિવિધ રાષ્ટ્રીય સરકારો કરતાં એનું બળ અમર્યાદપણે વધી જાય. આમ એક પદ્ધતિ તરીકે સમવાયતંત્રની કાર્યક્ષમતાને સુનિશ્ચિત મર્યાદાઓ છે; પણ આ મર્યાદાઓની અંદર તે રહે તો તે ઈષ્ટ છે અને મહત્ત્વનું છે.

શાસનીય પ્રદેશો ઘણા મોટા હોય એ આધુનિક જગતમાં સાવ અનિવાર્ય છે, એમ જણાશે. સાચે જ, કેટલાંક અત્યંત અગત્યનાં પ્રયોજનો માટે, વિશેષત: યુદ્ધ અને શાંતિ માટે, સમસ્ત જગત એ જ એકમાત્ર પર્યાપ્ત વિસ્તાર છે. મોટા વિસ્તારોના માનસશાસ્ત્રીય ગેરલાભો — ખાસ કરીને સરાસરી મતદારોનો પોતાની નિર્વીર્યતાનો ભાવ અને મોટા ભાગના પ્રશ્નો વિશેનું તેમનું અજ્ઞાન એ સ્વીકારવા જ જોઈએ અને શક્ય હોય એટલે અંશે એ ઘટાડવા જોઈએ; અમુક અંશે ઉપર સૂચવ્યું છે તેમ, જુદાં જુદાં હિતોના સંગઠન દ્વારા, અને અમુક અંશે સમવાયતંત્ર અથવા વિકેન્દ્રીકરણ દ્વારા. વ્યક્તિની થોડીક પરતંત્રતા તે વૃદ્ધિગત થતા સામાજિક સંગઠનનું એક અનિવાર્ય પરિણામ છે. પણ જો યુદ્ધનો ભય નિવારાય તો, સ્થાનિક પ્રશ્નો વળી પાછા આગળ આવે અને જે પ્રશ્નો વિશે માણસોમાં જ્ઞાન અને અસરકારક અવાજ બંને હોય તેની સાથે રાજકીય પ્રયોજનો અત્યારના કરતાં વધારે પ્રસંગ પાડે, કેમ કે, બીજા કશાં કરતાં વધુ તો યુદ્ધનો ભય જ માણસોને તેમનું ધ્યાન દૂરના મુલકો તેમ જ પોતાની સરકારની વિદેશી પ્રવૃત્તિઓ તરફ વાળવાની ફરજ પાડે છે.

જ્યાં લોકશાસન પ્રવર્તે છે ત્યાં સુધ્ધાં જુલમની સામે વ્યક્તિઓ અને લઘુમતીઓને રક્ષણ આપવાની જરૂર તો ઊભી જ છે, કેમ કે જુલમ સ્વયં અનિષ્ટ છે, અને વળી એ વ્યવસ્થા તોડી પાડે એ સંભવિત છે. મૉન્તેસ્કે કરેલી ધારાકીય, શાસનીય અને ન્યાયવિષયક અંગોના અલાયદાપણાની હિમાયત, અંકુશો અને સમતુલા વિશેની અંગ્રેજ પ્રજાની પરંપરાગત માન્યતા, બેન્થામના રાજકીય સિદ્ધાંતો અને સારાયે ઓગણીસમા સૈકાનો ઉદારમતવાદ, તે સત્તાના મનસ્વી પ્રવર્તનને રોકવાને નિર્માયાં હતાં. પણ આવી પદ્ધતિઓ કાર્યક્ષમતા સાથે અસંગત છે એમ મનાવા લાગ્યું છે. અલબત્ત યુદ્ધકચેરી અને અશ્વરક્ષકોને જુદા પાડવાથી લશ્કરી સરમુખત્યારશાહી સામેની સલામતી ઊભી થઈ પણ ક્રીમિયાના યુદ્ધમાં એનાં ભયંકર પરિણામો આવ્યાં. અગાઉના સમયમાં જ્યારે ધારાકીય તંત્ર અને શાસનતંત્ર પરસ્પર સંમત ન થાય ત્યારે પરિણામે ભારે અગવડકારક

મડાગાંઠ પેદા થતી; હવે ઇંગ્લન્ડમાં બધા હેતુઓ અને પ્રયોજનો માટે, પ્રધાનમંડળમાં બીજા પ્રકારની સત્તાઓને જોડી દઈને કાર્યક્ષમતા સિદ્ધ કરવામાં આવી છે. મનસ્વી સત્તાને રોકવા માટેની અઢારમા અને ઓગણીસમા સૈકાની પદ્ધતિઓ આપણા સંયોગોમાં જોવા મળે છે તે હજી ઝાઝી અસરકારક બની નથી. સ્વાધીનતાના આ કે તે સ્વરૂપની સલામતી માટે, તેમ જ પોતાની સત્તાઓને વટી જનારા અમલદારો, પોલીસ, મૅજિસ્ટ્રેટો અને ન્યાયાધીશોની તત્કાલ ટીકા કરવા માટે મંડળોની જરૂર છે. વળી જાહેર સેવાની પ્રત્યેક મહત્ત્વની શાખામાં અમુક રાજકીય સમતુલાની પણ જરૂર છે. દા. ત., પોલીસદળ અને હવાઈ દળના સરાસરી અભિપ્રાયો આખા દેશના અભિપ્રાયો કરતાં વધારે પ્રત્યાઘાતી હોય એ હકીકત લોકશાહી માટે ભયરૂપ છે.

પ્રત્યેક લોકશાહીમાં જે વ્યક્તિઓ અને સંઘટનોને ફક્ત અમુક સુનિયત વહીવટી કાર્યો હોવાનું અપેક્ષિત હોય ત્યાં જો તેમને રોકટોક ન હોય તો તેઓ અત્યંત અજુગતી રીતે સ્વતંત્ર સત્તા બથાવી બેસે તેવો સંભવ છે. પોલીસની બાબતમાં આ સવિશેષ સાચું છે. જેના ઉપર પૂરતી નજર રાખવામાં ન આવતી હોય એવા પોલીસદળમાંથી પેદા થતાં અનિષ્ટોની સબળ રજૂઆત, અમેરિકાનાં સંયુક્ત રાજ્યોને લક્ષ્ય કરીને, અર્નેસ્ટ જેરોમ હૉપકિન્સે 'અવર લૉલેસ પોલીસ'માં કરી છે. એના વક્તવ્યનો સાર એ છે કે અપરાધીની સજામાં પરિણમનારી કારવાઈ માટે પોલીસને બઢતી આપવામાં આવે છે, અદાલતો કબૂલાતોને ગુનાના પુરાવારૂપે સ્વીકારે છે, અને પરિણામે કેદ પકડેલી વ્યક્તિઓ કબૂલ કરે ત્યાં સુધી તેમને ત્રાસ આપવો એ વ્યક્તિગત અમલદારોના હિતમાં છે. વત્તે યા ઓછે અંશે આ અનિષ્ટ સઘળા દેશોમાં પ્રવર્તે છે. ભારતમાં તે વ્યાપક છે. કબૂલાત મેળવવાની ઇચ્છા તે ધાર્મિક ન્યાયપંચની યાતનાનો પાયો હતો. પુરાણા ચીનમાં વહેમ પડતી વ્યક્તિઓ પર ત્રાસ ગુજારવો એ રોજિંદી ઘટના હતી, કેમ કે એક માનવતાવાદી સમ્રાટે આદેશ કર્યો હતો કે કોઈ પણ માણસને તે જાતે ગુનો કબૂલે તે વિના સજા ન કરવી. પોલીસની સત્તાને નાથવા વાસ્તે એક મહત્ત્વની બાબત એ છે કે, કોઈ પણ સંજોગોમાં કબૂલાતને કદાપિ પુરાવા તરીકે સ્વીકારવામાં ન આવે.

આ સુધારો જોકે જરૂરી છે તેમ છતાં કોઈ પણ રીતે પર્યાપ્ત નથી. બધા દેશોનું પોલીસતંત્ર એવી ધારણા ઉપર રચાયેલું છે કે તહોમતદારની વિરુદ્ધ પુરાવો એકઠો કરવો એ જાહેર હિતની બાબત છે, પણ એની તરફેણમાં પુરાવો એકઠો કરવો એ એની પોતાની ખાનગી બાબત છે. વારંવાર એવું કહેવાય છે કે દોષિત હોય તે દંડાય તે કરતાં નિર્દોષ હોય તે છૂટી જાય તે વધારે અગત્યનું છે, પરંતુ સર્વત્ર પોલીસની ફરજ દોષનો પુરાવો શોધવાની છે, નિર્દોષતાનો નહીં. ધારો કે તમારા ઉપર ખૂનનો ખોટેખોટો આરોપ આવે અને પ્રથમ દર્શને કેસ ઠીક ઠીક તમારી વિરુદ્ધ જાય તેવું હોય તેવે વખતે રાજ્યનાં સઘળાં સાધનો તમારી વિરુદ્ધ શક્ય સાહેદીઓ શોધી કાઢવાને તળેઉપર થશે, અને સમર્થમાં સમર્થ વકીલો રોકીને રાજ્ય જૂરીના મનમાં તમારી વિરુદ્ધ પૂર્વગ્રહો પેદા કરશે. દરમિયાન કોઈ જાહેર મંડળ તમારી કુમકે ન હોય એ સ્થિતિમાં તમારે તમારી નિર્દોષતાના પુરાવા એકઠા કરવામાં તમારી ખાનગી સંપત્તિ ખર્ચવી જ રહી. જો તમે તમારી ગરીબીની દાદ રજૂ કરો તો તમને વકીલ આપવામાં આવશે, પણ ઘણું કરીને પબ્લિક પ્રૉસિક્યૂટરના જેવો સમર્થ માણસ તે નહીં હોય. તમે દોષમુક્તિ મેળવવામાં સફળ થાઓ તોપણ સિનેમા અને રવિવારનાં છાપાંની સહાયથી જ દેવાળું કાઢવામાંથી તમે ઊગરી શકો. પણ સંભવ ઘણું કરીને એવો છે કે તમને અન્યાયી રીતે સજા થાય.

પોલીસની અન્યાયી ત્રાસગુજારણા સામે કાયદો પાળનારા નાગરિકોને રક્ષણ આપવું હોય તો બે પોલીસ-દળો અને બે સ્કૉટલૅન્ડ યાર્ડો હોવાં જોઈએ. એક અત્યારની માફક ગુનો સાબિત કરવા માટે, અને બીજું નિર્દોષતા પુરવાર કરવા માટે. અને પબ્લિક પ્રૉસિક્યૂટર ઉપરાંત સમાન કાનૂની ખ્યાતિ ધરાવનારો પબ્લિક ડિફેન્ડર રાખવો જોઈએ. દોષિતને દંડપાત્ર ઠરાવવો એ જેટલું જાહેર હિતમાં છે તેના જેટલું જ નિર્દોષને મુક્ત કરવો તે પણ છે, એટલું સ્વીકારતાંની સાથે આ સ્પષ્ટ બનશે. તદુપરાંત ગુનાના અમુક પ્રકારને, અર્થાત્ કામ ચલાવનાર પોલીસે પોતાની 'ફરજ' બજાવવાને નામે કરેલા અપરાધોને લાગેવળગે છે ત્યાં સુધી, બચાવ

કરનારા પોલીસદળે કામ ચલાવનારું પોલીસદળ પણ બનવું જોઈએ. આ રીતે પોલીસની હાલની દમનકારી સત્તા ઓછી થઈ શકે, પણ (હું સમજી શકું છું ત્યાં સુધી) બીજી કોઈ રીતે નહીં.

## આર્થિક પરિસ્થિતિઓ

મનસ્વી સત્તાને ઓછી કરી નાખવા માટે જરૂરી એવી આર્થિક શરતો ઉપર હવે હું આવું છું. આ વિષય અત્યંત મહત્ત્વનો છે: એની પોતાની રીતે તેમ જ એની બાબતમાં ઘણા મોટા પ્રમાણમાં વિચારનાં ગૂંચળાં ઊભાં થયાં છે તે કારણે પણ.

રાજકીય લોકશાસન આપણા પ્રશ્નના અમુક અંશનો ઉકેલ લાવે છે તોપણ, આખા પ્રશ્નનો ઉકેલ કદાપિ લાવતું નથી. માર્ક્સે બતાવ્યું હતું કે જ્યારે આર્થિક સત્તા રાજાસત્તાક અથવા અલ્પતંત્રી શાસનવાળી રહી હોય ત્યારે કેવળ રાજકારણ દ્વારા સત્તાનું વાસ્તવિક સરખાપણું સિદ્ધ નહીં કરી શકાય. તેમાંથી એ ફલિત થયું કે આર્થિક સત્તા રાજ્યના હાથમાં રહેવી જોઈએ અને રાજ્ય લોકશાસિત હોવું જોઈએ. જેઓ આજના યુગમાં માર્ક્સના અનુયાયીઓ હોવાનો દાવો કરે છે તેમણે તેના સિદ્ધાંતનો કેવળ અર્ધો ભાગ રાખી લીધો છે અને રાજ્ય લોકશાસિત હોવું જોઈએ એ માગણીને પડતી મૂકી છે. આ રીતે તેઓએ અલ્પતંત્રીય શાસનના હાથમાં આર્થિક અને રાજકીય ઉભય પ્રકારની સત્તાની જમાવટ થવા દીધી છે, જેને પરિણામે શાસન અગાઉ-ના સમયના કોઈ પણ અલ્પતંત્રી શાસન કરતાં વધારે બળવાન અને જુલમ ગુજારવાને વધારે શક્તિશાળી બન્યું છે.

જૂની ઢબના લોકશાસને અને નવી ઢબના માર્ક્સવાદે બંનેએ સત્તાને નાથવાનું તાક્યું છે. લોકશાસનને નિષ્ફળતા મળી કેમ કે એ માત્ર રાજકીય હતું; માર્ક્સવાદને નિષ્ફળતા મળી કેમ કે એ માત્ર આર્થિક હતો: બંનેના સંયોજન વિના, પ્રશ્નના ઉકેલની દિશામાં કશું શક્ય નથી. જમીન અને મોટાં આર્થિક સંઘટનો ઉપર રાજ્યની માલિકીને પક્ષે થતી દલીલો અંશત: ટેકનિકલ અને અંશત: રાજકીય છે. ફેબિયન સોસાયટી અને અમુક અંશે અમેરિકાની ટેનેસી ખીણ અધિકાર જેવી બાબતો બાદ કરતાં ટેકનિકલ દલીલો ઉપર ઝાઝો ભાર મુકાયો નથી. તેમ છતાં વીજળી અને જળશક્તિ જેવા વિષયોમાં એ ઘણી જ બળવાન છે અને રૂઢિચુસ્ત સરકારોને પણ તેણે એવાં પગલાં લેવાને પ્રેરી છે જે ટેકનિકલ દૃષ્ટિકોણ અનુસાર સમાજવાદી છે. આધુનિક ટેકનિકના પરિણામે સંઘટનો વિકસવાની, પરસ્પર ભળી જવાની અને પોતાનો અવકાશ વિસ્તારવાની વલણ કેવી રીતે દાખવે છે તે આપણે જોઈ ગયા છીએ; એનું અનિવાર્ય પરિણામ એ આવ્યું છે કે રાજકીય રાજ્યે કાં તો આર્થિક કાર્યો વધારે ને વધારે હસ્તગત કરવાં જોઈએ અથવા અંશત: મોટાં આર્થિક સાહસો જે રાજ્યને પડકારવા અથવા અંકુશમાં રાખવાને પૂરતાં સમર્થ હોય તેમના લાભમાં તે છોડી દેવાં જોઈએ. જો રાજ્ય આવાં સાહસો ઉપર પોતાનું વર્ચસ્વ ન જમાવે તો તે એમનું રમકડું બની જાય છે અને આ સાહસો જ ખરેખર રાજ્ય બને છે. જ્યાં જ્યાં આધુનિક ટેકનિક પ્રવર્તે છે ત્યાં ત્યાં એક યા બીજી રીતે આર્થિક અને રાજકીય સત્તા એકત્વ પામવી જ રહી. આ એકત્વની દિશા તરફની હિલચાલને એવું અપ્રતિહત વ્યક્તિનિરપેક્ષ સ્વરૂપ હોય છે, જેનું આરોપણ માર્ક્સે પોતે કરેલી આગાહીવાળા વિકાસ ઉપર કર્યું હતું. પરંતુ એને વર્ગવિગ્રહ અથવા તો શ્રમજીવીઓના અન્યાયો સાથે કશી લેવાદેવા નથી.

એક રાજકીય હિલચાલ તરીકે સમાજવાદે ઔદ્યોગિક રોજગારોનાં હિતો આગળ વધારવાનું તાકેલું છે; એના ટેકનિકલ લાભો સરખામણીમાં પાછળ રહી જાય છે. માન્યતા એવી છે કે ખાનગી મૂડીવાદી આર્થિક સત્તા રોજગારને પીડવા માટે તેને શક્તિમાન બનાવે છે, અને રોજગાર અગાઉના સમયના હાથકારીગરની માફક પોતાનાં ઉત્પાદનનાં સાધનો ઉપર વ્યક્તિગત માલિકી ધરાવતો નહીં હોવાથી, એના ઉદ્ધારનો એકમાત્ર માર્ગ તે શ્રમજીવીઓના આખા સમુદાયની સામૂહિક માલિકી સ્થાપવી તે છે. એમ દલીલ કરવામાં આવે

છે કે જો ખાનગી મૂડીવાદીને સંપત્તિ રહિત બનાવવામાં આવે તો શ્રમજીવીઓનો સમસ્ત સમુદાય રાજ્ય બની જાય અને પરિણામે, આર્થિક સત્તાનો પ્રશ્ન, બીજી કોઈ રીતે નહીં, પણ જમીન અને મૂડી પરની રાજ્યની માલિકી દ્વારા સંપૂર્ણપણે ઊકલી જાય. આ આર્થિક સત્તાને નાથવાની દરખાસ્ત હોવાથી આપણી અત્યારની ચર્ચાની દૃષ્ટિમર્યાદામાં તે સમાઈ જાય છે.

આ દલીલને તપાસતાં પહેલાં હું નિઃસંદિગ્ધ રીતે એમ કહેવા માગું છું કે હું આ સિદ્ધાંતને પ્રમાણભૂત ગણું છું, જો એને પૂરતો સુરક્ષિત અને સુવિસ્તૃત કરવામાં આવે તો. એથી ઊલટું, એવી સલામતી અને વિસ્તૃતીકરણના અભાવે હું એને અત્યંત જોખમકારક તેમ જ આર્થિક જુલમમાંથી મુક્તિ ચાહનારાઓને અવળે માર્ગે દોરવાના સંભવવાળો ગણું છું, એટલો બધો કે, એમને ખબર પડી જાય કે એકી સાથે આર્થિક અને રાજકીય તેમ જ પૂર્વપરિચિત કોઈ પણ શાસન કરતાં વધારે નિષ્ઠુર અને ભયાનક એવું ત્રાસનું નવું શાસન તેમણે બેધ્યાનપણે સ્થાપ્યું છે.

પ્રથમ તો 'માલિકી' અને 'અંકુશ' તે એક વસ્તુ નથી. જો કોઈ રેલવે (માની લો કે) ઉપર રાજ્ય માલિકી ધરાવતું હોય અને નાગરિકોના સમસ્ત સમુદાયમાં રાજ્યની ગણના થતી હોય તો, એટલા માત્રથી સરાસરી નાગરિકને રેલવે ઉપર કશી સત્તા પ્રાપ્ત થશે એની બાંયધરી મળતી નથી. એક ક્ષણ માટે બર્લી અને મીન્સ મોટા અમેરિકન કૉર્પોરેશનમાં માલિકી અને અંકુશ વિશે શું કહેવા માગે છે તે પાછા વળીને જોઈએ. તેઓ દર્શાવે છે કે આવાં કૉર્પોરેશનોના મોટા ભાગમાં બધા ડિરેક્ટરો સામટા મળી આખા સ્ટૉકના એક બે ટકા ઉપર માલિકી ધરાવતા હોય છે અને છતાં વસ્તુતઃ કૉર્પોરેશનો ઉપર સંપૂર્ણ અંકુશ ધરાવતા હોય છે.

> "બોર્ડની ચૂંટણીમાં સ્ટૉકહોલ્ડરને સામાન્ય રીતે ત્રણ વિકલ્પો હોય છે: એ મત આપવાનું માંડી વાળી શકે, એ વાર્ષિક સભામાં હાજરી આપી શકે અને અંગત રીતે પોતાના સ્ટૉકને મત આપી શકે, અથવા એ મુખત્યારનામા ઉપર સહી કરીને કૉર્પોરેશનની વ્યવસ્થાપક સમિતિએ પસંદ કરેલી અમુક વ્યક્તિઓને, પ્રૉક્સી કમિટીને, પોતાની મત આપવાની સત્તા ભળાવી શકે. સભામાં એનો અંગત મત બહુ ઓછા મહત્ત્વનો હોવાનો, અથવા એનું બિલકુલ મહત્ત્વ નહીં હોવાનું, સિવાય કે એની પાસે સ્ટૉકનો મોટો જથ્થો હોય. એટલે સ્ટૉકહોલ્ડરે મત નહીં આપવો અથવા જેમના ઉપર એનો જરા સરખો અંકુશ નથી અને જેમની પસંદગીમાં એની ભાગીદારી નથી એવી વ્યક્તિઓના હાથમાં પોતાનો મત સોંપી દેવો, એ બે વિકલ્પમાં જ ઘણુંખરું એને મર્યાદિત રહેવું પડે છે. આ બંનેમાંથી એકે દાખલામાં એ પોતે જરા જેટલો પણ અંકુશ ચલાવી શકવાનો નહીં. ખરેખર તો જેઓ પ્રૉક્સી કમિટીને પસંદ કરે છે તેમના હાથમાં અંકુશો જવાના. હવે પ્રૉક્સી કમિટીની નિમણૂક ચાલુ વ્યવસ્થાપક સમિતિ કરતી હોવાથી એ મંડળ વસ્તુતઃ પોતાના ઉત્તરાધિકારીઓ ઠોકી બેસાડી શકે છે."[૧]

ઉપરના વાક્યખંડમાં વર્ણવેલી અસહાય વ્યક્તિઓ શ્રમજીવી નહીં પણ મૂડીદાર વર્ગની છે, એ નોંધવું જોઈએ. લાગતાવળગતા કૉર્પોરેશનના તેઓ અંશતઃ માલિકો છે, એ અર્થમાં કે એમને એવા કાયદેસર અધિકારો છે, જે એમનું નસીબ પાધરું હોય તો એમને અમુક આવક કરાવે; પણ તેમના અંકુશના અભાવે આવક ઘણી અનિશ્ચિત રહે છે. ૧૮૯૬માં જ્યારે મેં અમેરિકાનાં સંયુક્ત રાજ્યોની પહેલવહેલી મુલાકાત લીધી ત્યારે દેવાળાં કાઢનારી રેલવે કંપનીઓની વિપુલ સંખ્યા જોઈને હું તાજુબ થયો હતો; તપાસ કરતાં મને માલૂમ પડ્યું કે ડિરેક્ટરોની અકુશળતાને લીધે નહીં પણ કુશળતાને લીધે આમ બન્યું હતું. સામાન્ય શૅરહોલ્ડરોના મૂડીરોકાણને એક અથવા બીજી યુક્તિપ્રયુક્તિથી, જેમાં ડિરેક્ટરોનું વધારે હિત હતું તેવી કંપનીઓમાં તેમણે ફેરવ્યું હતું. આ પદ્ધતિ કઢંગી હતી અને આજે હવે આવી બાબતો ઘણુંખરું વધારે શણગારેલી

૧. 'મૉડર્ન કૉર્પોરેશન ઍન્ડ પ્રાઇવેટ પ્રૉપર્ટી', પૃ. ૮૬-૮૭.

ઢબે પાર ઉતારાય છે, પણ સિદ્ધાંત તેનો તે જ રહે છે. કોઈ પણ મોટા કૉર્પોરેશનમાં માલિકી કરતાં સત્તા આવશ્યક ક્રમે ઓછા પ્રમાણમાં વિકીર્ણ થતી હોય છે, અને એને એવા લાભો વળગેલા હોય છે જે, આમ તો જોકે મૂળે રાજકીય હોય છે, તોપણ અનિશ્ચિત હદ સુધી તેને ધનપ્રાપ્તિનું સાધન બનાવી શકાય છે. બાપડા મૂડી રોકનારને સભ્ય અને કાયદેસર રીતે લૂંટી શકાય છે. મર્યાદા ફક્ત એટલી કે એને એટલા બધા કડવા અનુભવો ન થવા જોઈએ, જેથી એને પોતાની ભાવિ બચત પોતાની પાસે સંઘરવાનું મન થાય.

કૉર્પોરેશનના સ્થાને રાજ્ય આવે તેથી પરિસ્થિતિ કોઈ પણ રીતે તત્ત્વતઃ જુદી બનતી નથી, અલબત્ત સરાસરી શૅરહોલ્ડરની અસહાયતા કૉર્પોરેશનના કદને કારણે પેદા થતી હોય છે. તેથી સરાસરી નાગરિક રાજ્યની સામે હજી વધારે અસહાય બને એ સંભવિત છે. યુદ્ધજહાજ એ જાહેર મિલકત છે પણ જો આ મુદ્દાસર તમે તેના ઉપર માલિકીહક બજાવવા જાઓ તો તમને તરત જ તમારું સ્થાન પરખાવી દેવામાં આવશે. વાત સાચી કે તમારી પાસે આનો ઉપાય છે. આવતી સામાન્ય ચૂંટણીઓમાં તમે એવા ઉમેદવારને, જો એવો તમને જડી આવે તો, મત આપી શકો, જે નૌકાદળના અંદાજોમાં ઘટાડો કરવાના પક્ષનો હોય, અથવા તમે છાપાં-ઓમાં લખીને ભારપૂર્વક એમ કહી શકો કે જહાજના પ્રેક્ષકો પ્રત્યે ખલાસીઓએ વધારે વિનયી બનવું જોઈએ. પણ આથી વધારે તમે કશું કરી શકો નહીં.

પણ, એમ કહેવાય છે કે, આ યુદ્ધજહાજ તો મૂડીવાદી રાજ્યનું છે, પણ જ્યારે એ કામદારોના રાજ્યનું બનશે ત્યારે બધું ફેરવાઈ જશે. મને આ દૃષ્ટિકોણમાં, આર્થિક સત્તા એ હવે માલિકીની નહીં કિન્તુ શાસનીય બાબત છે એ હકીકત ગ્રહણ કરવાની નિષ્ફળતા દેખાય છે. માનો કે યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટીલ કૉર્પોરેશન યુનાઈટેડ સ્ટેટ્સ ગવર્નમેન્ટે સંભાળી લીધું. પણ ત્યારે પણ એ ચલાવનારા માણસો તો જોઈશે. કાં તો અત્યારે જેઓ ચલાવે છે તેના તે જ માણસો તેઓ હશે અથવા તો સમાન શક્તિઓ અને સમાન દૃષ્ટિકોણવાળા બીજા હશે, અત્યારે તેમને શૅરહોલ્ડરો પ્રત્યે જેવો મનોભાવ છે તેવો એમને પછી નાગરિકો પ્રત્યે હશે. એ સાચું કે તેઓ સરકારને આધીન હશે, પણ સરકાર લોકશાસિત તેમ જ પ્રજામતને અભિમુખ હોય તે સિવાય એનો દૃષ્ટિકોણ ઘણે અંશે અમલદારોને જ મળતો આવશે.

માકર્સ અને ઍંગલ્સના પ્રામાણ્યને પરિણામે માકર્સવાદીઓએ ગયા સૈકાની ચાલીસીની ઘણી વિચાર-પ્રણાલીઓ જાળવી રાખી હોવાથી તેઓ વેપારધંધા જાણે કે વ્યક્તિગત મૂડીવાદીઓની માલિકીના હોય એવો ખ્યાલ હજી પણ સેવે છે અને માલિકી અને અંકુશના વિચ્છેદમાંથી ફલિત થયેલા પદાર્થપાઠો તેઓ ભણતા નથી. જે અગત્યની વ્યક્તિ છે તે તો માણસ છે, અને આર્થિક સત્તા પર અંકુશ તે જ ધરાવે છે, નહીં કે જે માણસ નામની માલિકીનો અંશ ધરાવતો હોય. વડો પ્રધાન નંબર ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટની માલિકી ધરાવતો નથી અને ધર્માધ્યક્ષો તેમનાં મહાલયોના સ્વામી નથી, પણ આ કારણે એમ ડોળ કરવો કે સરાસરી કામદાર કરતાં રહેઠાણની બાબતમાં તેમની સ્થિતિ જરાકે વધારે સારી નથી તો તે બેહૂદું ગણાશે. લોકશાસિત ન હોય એવા સમાજવાદના કોઈ પણ સ્વરૂપ હેઠળ જેઓ આર્થિક સત્તા પર અંકુશ ધરાવી શકતા હોય છે તેઓ કશાની 'માલિકી' વિના પણ સરકારી મહેલાતોમાંના નિવાસનું, ઉત્તમ વાહનોના ઉપયોગનું, બાદશાહી મહેફિલોના ભથ્થાનું, લોકોના ખર્ચે સરકારી આરામગાહોનું અને બીજું બધું સુખ મેળવી શકે છે. અને સામાન્ય કામદાર માટે હાલના અંકુશવાળા કરતાં તેમને શા માટે જરાયે વધારે કાળજી હોવી જોઈએ? તેમને કાળજી હોવાનું કશું પણ કારણ નથી સિવાય કે સામાન્ય કામદારને તેમની જગ્યાઓ આંચકી લેવાની સત્તા હોય. તદુપરાંત હાલનાં મોટાં કૉર્પોરેશનોમાં નાના મૂડી રોકનારની નિમ્નતા એટલું દર્શાવી આપે છે કે 'લોકશાહી' જ્યારે મૂડીદારોની બનેલી હોય ત્યારે પણ લોકશાહી ઉપર ચડી બેસવાનું અમલદારને માટે કેટલું સહેલું હોય છે.

ધાન્યનો કોઈ ભાગ લઈ જાય તો તે દેહાંતદંડને પાત્ર બને છે. આ કાયદો એવા સમયે ઘડવામાં આવેલો જ્યારે લાખો ખેડૂતો જે દુકાળના નિવારણનું કામ સરકારે હાથે કરીને માંડી વાળ્યું હતું તેને લીધે પેદા થયેલી ભૂખમરાથી અને તજ્જન્ય રોગોથી મરી રહ્યા હતા.[૧]

## પ્રચારની પરિસ્થિતિઓ

સત્તાને નાથવા માટેના પ્રચારની શરતો ઉપર હવે હું આવું છું. એ તો દેખીતું છે કે ફરિયાદોની જાહેરાત શક્ય બનવી જ જોઈએ; ચળવળ કાયદાભંગ માટે ઉત્તેજન આપનારી ન હોય એ શરતે મુક્ત હોવી જ જોઈએ. પોતાની સત્તાઓનો દુરુપયોગ કરનાર અથવા તેની હદ ઓળંગી જનારા અમલદારોની સામે કામ ચલાવવાના માર્ગો પણ હોવા જ જોઈએ. ચાલુ હોય તે સરકાર ધાકધમકીથી, મતદારોની જૂઠી યાદીઓથી, અથવા એને મળતી બીજી કોઈ પદ્ધતિથી, પોતાની શાશ્વતતા સિદ્ધ કરવાની સ્થિતિમાં ન જ હોવી જોઈએ. અગ્રણી માણસોની સાધારણ ટીકા કરવા માટે, સત્તાવાર કે બિનસત્તાવાર કોઈ પણ પ્રકારની સજા હોવી ન જોઈએ. અત્યારે આમાંનું ઘણુંબધું લોકશાહી દેશોમાં પક્ષીય સરકારોએ સિદ્ધ કર્યું હોય છે, જે સત્તાસ્થાને બેઠેલા રાજપ્રકરણીઓને લગભગ અડધા રાષ્ટ્રની ટીકાનું નિશાન બનાવે છે. આને લીધે અન્યથા જે અપરાધો કરવાનું વલણ તેમણે દાખવ્યું હોત તે આચરવાનું તેમને માટે અશક્ય બને છે.

મૂડીવાદ કરતાંયે રાજ્ય પાસે આર્થિક સત્તાનો ઈજારો હોય ત્યારે તો આટલું થાય એ વધારે અગત્યનું છે, કેમ કે એનાથી રાજ્યની સત્તા પુષ્કળ વધી જાય છે. આપણે નક્કર દાખલો લઈએ, જાહેર નોકરીઓમાં લેવાયેલી સ્ત્રીઓનો. અત્યારે તેમને એક ફરિયાદ છે, કેમ કે પુરુષોના કરતાં તેમનું પગારધોરણ નીચું છે; પોતાની ફરિયાદ જાહેર કરવાના વાજબી માર્ગો તેમને માટે ખુલ્લા છે અને તેનો ઉપયોગ કરવા માટે તેમને સજા કરવાનું સલામત નથી. હવે એમ માની લેવાનું કોઈ કારણ નથી કે સમાજવાદ અંગીકારવાથી હાલની અસમાનતા અવશ્યે કરીને દૂર થશે; ઊલટું એની વિરુદ્ધ ચળવળ ચલાવવાના માર્ગો બંધ થશે, સિવાય કે બરાબર આવા જ દાખલાઓ માટે ખાસ પ્રબંધ કરેલો હોય. વર્તમાનપત્રો અને છાપખાનાં બધાં સરકારને તાબે હશે અને સરકારે હુકમ કર્યા પ્રમાણે છાપશે. હવે શું એમ નિશ્ચિતપણે ધારી શકાય ખરું કે પોતાની જ નીતિ પર કરવામાં આવેલા પ્રહારો સરકાર છાપશે? જો ના, તો મુદ્રણ દ્વારા રાજકીય ચળવળ કરવાનું કોઈ સાધન જ રહેશે નહીં. જાહેર સભાઓ પણ એટલી જ મુશ્કેલ બની જશે, કેમ કે વ્યાખ્યાનખંડો બધા સરકારને તાબે હશે. પરિણામે રાજકીય સ્વાધીનતાની સલામતીના ચોક્કસ હેતુ માટે કાળજીભર્યો પ્રબંધ કરવામાં આવ્યો હોય તે સિવાય ફરિયાદો જાહેર કરવાની કોઈ પણ પદ્ધતિ રહેશે નહીં, અને સરકાર એક વાર ચૂંટાઈ એટલે હિટલર જેવી સર્વશક્તિમાન બની રહેશે અને શાશ્વતકાળ સુધી ફરી ફરીને પોતાની ચૂંટણી થતી રહે એવું સહેલાઈથી યોજી શકશે. એક સ્વરૂપ તરીકે લોકશાહી ટકી રહેશે પણ રોમન સામ્રાજ્ય હેઠળ લોકસંમત સરકારોનાં જે સ્વરૂપો ટકી રહ્યાં હતાં તેના કરતાં વધુ વાસ્તવિકતા તેમાં નહીં રહી હોય.

કેવળ નામ સમાજવાદ અથવા સામ્યવાદ પાડ્યું છે તેટલા જ કારણસર એમ ધારી લેવું કે બેજવાબદાર સરકાર ભૂતકાળની બધી મનસ્વી સત્તાનાં અપલક્ષણોમાંથી ચમત્કારક રીતે ઊગરી જશે તે બાલિશ મનોદશા માત્ર છે; દુષ્ટ રાજવીને સારો રાજવી પદભ્રષ્ટ કરે અને પછી સૌ સારાં વાનાં થાય. જો રાજવીમાં વિશ્વાસ રાખવાનો હોય તો તે 'ભલો' છે એ કારણે નહીં પણ 'ભૂંડા' થવું એના હિતની વિરુદ્ધ છે એ કારણે. એ એમ જ બનશે એટલું નિશ્ચિત કરી લેવું તે સત્તાને નિરુપદ્રવી બનાવવા બરાબર છે; પણ જેમને આપણે 'સારા' માનતા હોઈએ તેવા માણસોને બેજવાબદાર આપખુદ શાસકોમાં ફેરવી નાખવાથી એ નિરુપદ્રવી નહીં બની શકે.

૧. એજન પૃ. ૪૯૦.

બી.બી.સી. એ એક નવી રાજ્યગત સંસ્થા છે જે પ્રચાર સ્વાતંત્ર્યનો સરકારી ઇજારા સાથે સંયોગ કરવાનું શી રીતે શક્ય છે તે દર્શાવે છે. સર્વસામાન્ય હડતાળ જેવા પ્રસંગોએ એ નિષ્પક્ષ મટી જાય છે એ સ્વીકારવું જ રહ્યું; પણ સામાન્ય સમયમાં એ જુદા જુદા દૃષ્ટિકોણોનું, તેમના સંખ્યાબળના પ્રમાણ સાથે બને તેટલું મેળમાં હોય તેવું, પ્રતિનિધાન કરે છે. સમાજવાદી રાજ્યમાં નિષ્પક્ષના માટેની આને મળતી ગોઠવણો, સભાઓ માટે વ્યાખ્યાનખંડો ભાડે રાખવાની, તેમ જ ચર્ચાસ્પદ સાહિત્ય છાપવાની બાબતમાં કરવી રહેશે. જુદા જુદા દૃષ્ટિકોણ રજૂ કરતાં જુદાં જુદાં વર્તમાનપત્રો હોય તેને બદલે જુદા જુદા પક્ષોને જુદાં જુદાં પાનાં ફાળવનારું એક જ વર્તમાનપત્ર હોય એ પણ ઇષ્ટ લાગવાનો સંભવ છે. આનો લાભ એ છે કે વાચકોને બધા અભિપ્રાયો જોવા મળે અને અત્યારે જેઓ પોતે જેની સાથે અસંમત હોય એવું કશું વર્તમાન-પત્રમાં ભાળી શકતા નથી એના કરતાં ઓછા એકાંગી થવાને પ્રેરાશે.

કળા અને વિજ્ઞાન જેવા તેમ જ (જાહેર વ્યવસ્થા જેટલે અંશે અનુમતિ આપે તેટલે અંશે) પક્ષીય રાજકારણ જેવા અમુક પ્રદેશો એવા છે જેમાં એકરૂપતા જરૂરી તો નથી જ, પણ ઇષ્ટ પણ નથી. સ્પર્ધા માટેનાં આ વાજબી કાર્યક્ષેત્રો છે, અને લોકલાગણી આવી બાબતમાં અકળાયા વિના મતભેદો સાંખી લેનારી હોય એ અગત્યનું છે. લોકશાહી જો સફળ થવાની અને ટકી રહેવાની હોય તો એ સહિષ્ણુ વૃત્તિ માગી લે છે; વધારે પડતો તિરસ્કાર પણ નહીં અને વધારે પડતો હિંસાનો પ્રેમ પણ નહીં. પણ આ બાબત આપણને સત્તાને નાથવા માટેની માનસશાસ્ત્રીય શરતોમાં લાવી મૂકે છે.

## શૈક્ષણિક અને માનસશાસ્ત્રીય પરિસ્થિતિઓ

સત્તાને નાથવા માટેની માનસશાસ્ત્રીય શરતો કેટલેક અંશે અત્યંત મુશ્કેલ છે. . . . ભય, ક્રોધ, અને હિંસક સામૂહિક ઉત્તેજનાના સઘળા પ્રકારો માણસોને અમુક કોઈ નેતાને આંખો મીંચીને અનુસરવા પ્રેરે છે, જે મોટા ભાગના દાખલાઓમાં, તેમનામાં મૂકેલા વિશ્વાસનો લાભ પોતાને જુલમી શાસક તરીકે સ્થાપવા માટે લે છે. એટલે જ લોકશાહીને જાળવી રાખવા માટે સર્વસામાન્ય ઉત્તેજના પેદા કરે એવા સંયોગો ટાળવા તેમ જ આ પ્રકારની મનોદશા તરફ પ્રજા વળે નહીં એવી રીતે તેને કેળવવી એ બેઉ વાનાં અગત્યનાં છે. જ્યાં મતાંધત્વનો જુસ્સો પ્રવર્તે છે ત્યાં જેની સાથે માણસો અસંમત હોય તેવો કોઈ પણ અભિપ્રાય શાંતિનો ભંગ કરવા ઉત્તેજે એવો સંભવ રહે છે. જે છોકરાના અભિપ્રાયો કોઈ પણ રીતે વિચિત્ર લાગતા હોય તેને નિશાળિયાઓ રંજાડતા હોય છે, અને ઘણા પુખ્ત વયવાળા આ નિશાળિયાઓની માનસિક વયથી આગળ વધેલા હોતા નથી. સંશયવાદથી સહેજસાજ રંગાયેલો એવો ઓદાર્યભાવ વેરી મૂકવામાં આવ્યો હોય તો સામાજિક સહકાર ઓછો મુશ્કેલ બને છે.

અતીતવાદી ઉત્સાહ, જેવો કે નાત્સીઓનો, તે જે શક્તિ અને દેખીતો આત્મત્યાગ પેદા કરે છે તેને લીધે ઘણામાં પ્રશંસાનો ભાવ જગાડે છે. વેદનાની, અરે મૃત્યુની સુધ્ધાં, અવગણના કરનારી સામુદાયિક ઉત્તેજના ઇતિહાસમાં અસાધારણ નથી. જ્યાં એ પ્રવર્તતી હોય છે ત્યાં સ્વાધીનતા અશક્ય હોય છે. ઉત્સાહીઓને કેવળ બળથી જ રોકી રાખી શકાય, અને જો તેમને રોકવામાં ન આવે તો તેઓ બીજાઓની સામે બળ વાપરે. ૧૯૨૦માં જેને હું પેકિંગમાં મળ્યો હતો તે બૉલ્શેવિક મને યાદ આવે છે. ખંડમાં આમથી તેમ આંટા લગાવતાં પૂર્ણ સત્યનો આશ્ચર્યોદ્ગાર કાઢતાં એણે કહ્યું હતું : ‘જો અમે એમને મારી ન નાખીએ તો તેઓ અમને મારી નાખશે!’ જો એક પક્ષે આવી મનોદશા પ્રવર્તતી હોય તો અલબત્ત, બીજે પક્ષે પણ એ પેદા થવાની; પરિણામે અંત સુધી લડી લેવું રહ્યું, જેમાં વિજયની આગળ બીજું બધું ગૌણ બની જવાનું. લડાઈ દરમિયાન સરકાર લશ્કરી કારણોસર આપખુદ સત્તા મેળવે છે; છેવટ જતાં, જો એ વિજયી નીવડે તો એ પોતાની સત્તા પ્રથમ તો અવશેષ રહેલા દુશ્મનોને કચરી નાખવામાં વાપરે છે, અને પછી પોતાની

સરમુખત્યારીનું સાતત્ય જળવાઈ રહે એ માટે પોતાના જ ટેકેદારો ઉપર વાપરે છે. આમ ઉત્સાહીઓ જેને માટે લડવા નીકળ્યા હતા તેના કરતાં પરિણામ કંઈ જુદું જ બની રહે છે. ઉત્સાહ જોકે અમુક પરિણામો હાંસલ કરી શકે છે, તોપણ ઇચ્છેલું હોય તેવું ભાગ્યે જ એ હાંસલ કરી શકે છે. સામુદાયિક ઉત્સાહ પર વારી જવું એમાં દુ:સાહસ અને બેજવાબદારી છે, કેમ કે ઘાતકીપણું, યુદ્ધ, મૃત્યુ અને ગુલામી એ જ એનાં ફળ છે.

યુદ્ધ એ આપખુદીનો મુખ્ય પુરસ્કર્તા છે, અને બેજવાબદાર સત્તા જેમાં યથાશક્ય ટાળવામાં આવેલી હોય તેવી કોઈ પણ વ્યવસ્થા ઊભી કરવામાં તે વિઘ્નરૂપ છે. એટલે યુદ્ધ નિવારવું એ આપણા પ્રશ્નનો અગત્ય-નો અંશ છે — હું કહીશ કે સૌથી અગત્યનો અંશ છે. હું માનું છું કે એક વાર જગતને યુદ્ધના ભયમાંથી મુક્ત કરવામાં આવે, ભલે પછી શાસનનું સ્વરૂપ અને આર્થિક વ્યવસ્થા ગમે તે પ્રકારનાં હોય, તો પોતાના શાસકોની હિંસાવૃત્તિને દાબવાના ઉપાયો એને સમય આવ્યે જડી રહેશે. બીજી બાજુએ, યુદ્ધમાત્ર, પણ આધુ-નિક યુદ્ધ ખાસ કરીને, સરમુખત્યારશાહીને પ્રોત્સાહન આપે છે; જે બીકણ હોય તેને નેતાની ઓથ શોધતો કરીને, અને જે પ્રાણવાન હોય તેમને સમાજ મટાડી ટોળામાં ફેરવી નાખીને.

યુદ્ધનું જોખમ અમુક પ્રકારનું સામૂહિક માનસ ખીલવે છે અને બદલામાં એ માનસ જ્યાં પ્રવર્તતું હોય ત્યાં યુદ્ધનું જોખમ વધે છે, તેમ જ આપખુદીની શક્યતા પણ વધે છે. એટલે આપણે એવા પ્રકારના શિક્ષણનો વિચાર કરવાનો છે, જે સમાજોને સામુદાયિક હિસ્ટીરિયાનો ભોગ બનવા ન દે અને લોકશાહીને સફળપણે વ્યવહારમાં ઉતારવાને શક્તિમાન બનાવે.

લોકશાહીએ જો સફળ થવું હોય તો પ્રથમ દૃષ્ટિપાતે પરસ્પર વિરુદ્ધ લાગતા બે ગુણોના વ્યાપક ફેલાવાની જરૂર રહે છે. એક તરફ, માણસોમાં અમુક માત્રામાં આત્મવિશ્વાસ અને પોતાના નિર્ણયોને વળગી રહેવાની અમુક તત્પરતા હોવાં જ જોઈએ; જેમાં ઘણા માણસો ભાગ લેતા હોય તેવો પરસ્પર વિરુદ્ધ દિશાનો રાજકીય પ્રચાર થતો રહેવો જોઈએ. પણ બીજી તરફ વધુમતીનો નિર્ણય પોતાની વિરુદ્ધ જતો હોય ત્યારે પણ તે માથે ચડાવવાને માણસો રાજી હોવા જોઈએ. આ બેમાંની કોઈ શરત નિષ્ફળ પણ નીવડે: પ્રજા અત્યંત અધીન વૃત્તિવાળી હોય અને જોશીલા નેતાની સરમુખત્યારશાહીને અનુસરે; અથવા પ્રત્યેક પક્ષ અત્યંત સ્વમતાગ્રહી હોય જેને પરિણામે રાષ્ટ્ર અરાજકતામાં સરી પડે.

આ વિષયમાં શિક્ષણે જે કંઈ કરવું ઘટે તે બે શીર્ષક હેઠળ વિચારી શકાય: એક તો સ્વભાવ અને લાગણીઓની બાબતમાં; બીજું શિક્ષણની બાબતમાં. આપણે પહેલાથી શરૂઆત કરીએ.

જો લોકશાહીએ કાર્યસાધક બનવું હોય તો બને તેટલે અંશે પ્રજાએ દ્વેષ અને વિનાશકતામાંથી મુક્ત બનવું જોઈએ. આ લાગણીઓ ભલે રાજકીય અથવા આર્થિક સંયોગોએ ઉપજાવેલી હોય; પણ હું જે વિચારવા માગું છું તે એ લાગણીઓને માણસો વત્તેઓછે અંશે વશ વર્તે તેમાં શિક્ષણ કેવો ભાગ ભજવી શકે તે છે.

કેટલાંક માબાપો અને કેટલીક શાળાઓ બાળકોને સંપૂર્ણ આજ્ઞાધીનતા શીખવવાના પ્રયાસથી શરૂઆત કરે છે. આ એવો પ્રયાસ છે જે લગભગ અવશ્યે ગુલામ અથવા બંડખોર પેદા કરવાનો છે અને આ બેમાંથી એકેયની લોકશાહીને જરૂર નથી. અત્યંત કડક શિસ્તવાળા શિક્ષણની અસરો પરત્વે જે અભિપ્રાય હું ધરાવું છું તે જ યુરોપના બધા સરમુખત્યારો પણ ધરાવે છે. યુદ્ધ પછી યુરોપના લગભગ બધા દેશો સંખ્યાબંધ મુક્તશાળાઓ ધરાવતા હતા જેમાં વધારે પડતી શિસ્તનો અથવા શિક્ષકો પ્રત્યેના માનભાવના વધારે પડતા દેખાવનો અભાવ હતો; પણ એક પછી એક લશ્કરી આપખુદીઓ, જેમાં સોવિયેત પ્રજાસત્તાકનો સમાવેશ થાય છે, તેમણે શાળાઓમાંથી સઘળી સ્વતંત્રતા દબાવી દીધી છે અને જૂની કવાયત તરફ તેમ જ શિક્ષકને નાનકડો હિટલર અથવા મુસોલિની ગણનારા વ્યવહાર તરફ પાછાં પગલાં કરવા માંડ્યાં છે. આપણે અનુમાન

કરી શકીએ કે સઘળા સરમુખત્યારો શાળામાં લોકશાહીને અમુક અંશે સ્વતંત્રતાને ઉચિત એવી તાલીમ ગણે છે જ્યારે શાળામાંની આપખુદીને રાજ્યમાંની આપખુદીની સ્વાભાવિક પૂર્વભૂમિકા ગણે છે.

લોકશાહીમાં પ્રત્યેક પુરુષે અને સ્ત્રીએ નથી તો ગુલામ બનવાનું હોતું, નથી તો બંડખોર બનવાનું હોતું, પણ નાગરિક બનવાનું છે. એટલે કે એવી વ્યક્તિ બનવાનું છે કે જે અમુક પ્રમાણમાં, પણ વધારે નહીં, ઉપર કહી તેવી શાસકીય મનોવૃત્તિ પોતે ધરાવે, અને બીજાને ધરાવવા દે. જ્યાં લોકશાહી અસ્તિત્વ ધરાવતી નથી, ત્યાં શાસકીય મનોવૃત્તિ આશ્રિતો પ્રત્યે સ્વામીની હોય તેના જેવી હોય છે; પણ જ્યાં લોકશાહી હોય છે ત્યાં સમાનભાવે સહકારની મનોવૃત્તિ હોય છે, જેમાં અમુક હદ સુધી પોતાનો મત સ્થાપવાનો આગ્રહ સમાવિષ્ટ છે, પણ તેથી આગળ નહીં. આ વસ્તુ આપણને ઘણા ડેમોક્રેટોની મૂંઝવણના મૂળ કારણ ઉપર, અર્થાત્ જેને 'સિદ્ધાંત' કહેવામાં આવે છે તેની ઉપર લાવી મૂકે છે. સિદ્ધાંત, સ્વાર્પણ, કોઈ ધ્યેય પરત્વે વીરોચિત અનન્યાસક્તિ અને બીજી બધી બાબતો વિશેની મોટા ભાગની વાતો કંઈક આશંકાપૂર્વક ચકાસી જવી ઘટે છે. થોડુંક મનોવિશ્લેષણ વારંવાર એવું પુરવાર કરી આપશે કે આ બધાં રૂપાળાં નામોથી જે કંઈ ઓળખાય છે તે ખરેખર તો કોઈ જુદી જ વસ્તુ છે: જેમ કે અભિમાન અથવા તિરસ્કાર અથવા વૈરની ઝંખના, એનું આદર્શવાદના ઉન્નત સ્વરૂપ લેખે આદર્શીકરણ, સમૂહીકરણ અથવા વ્યક્તીકરણ થયું હોય છે. સ્વદેશભક્ત યોદ્ધો જે પોતાના દેશને માટે લડવાને રાજી જ નહીં પણ ઉત્સુક હોય છે તેને વિશે વાજબી રીતે એવો વહેમ લાવી શકાય કે એને સંહારની ક્રિયામાં અમુક મજા પડે છે. કોઈ કોમળ પ્રજા હોય, એવી પ્રજા જે શૈશવમાં હેતપ્રીત મળી રહેવાને કારણે સુખી હોય, અને જેને યૌવનમાં આ જગત મૈત્રીપૂર્ણ સ્થાન લાગ્યું હોય તે લોકોની મોટી સંખ્યાને હણી નાખવામાં સામેલ થવા પ્રેરતા રાષ્ટ્રવાદ, અથવા વર્ગવિગ્રહ અથવા બીજા ગમે તે નામે ઓળખાતા આદર્શવાદનો ચોક્કસ પ્રકાર નહીં વિકસાવે. હું માનું છું કે આદર્શવાદના ક્રૂર પ્રકારો તરફ ઢળતી મનોવૃત્તિ બાળપણ દુ:ખી હોય તેનાથી વધે છે અને જો પ્રારંભનું શિક્ષણ લાગણીઓની માવજતની બાબતમાં જેવું હોવું ઘટે એવું હોય તો એ ઘટે પણ ખરી. ઝનૂન એ એવી ખોડ છે જે અંશત: ઊર્મિગત છે, અંશત: બુદ્ધિગત છે; જે પ્રકારનું સુખ માણસોને કોમળ બનાવે છે અને જે પ્રકારની બુદ્ધિ ચિત્તની વૈજ્ઞાનિક ટેવોનું નિર્માણ કરે છે તેના વડે એનો સામનો કરવાની જરૂર છે.

લોકશાહીને સફળ બનાવવા માટે જે મનોભાવ વ્યવહારજીવનમાં જરૂરી છે, તે બૌદ્ધિક જીવનમાં વૈજ્ઞાનિક મનોભાવને બરાબર મળતો છે; સંશયવાદ અને મતાંધત્વ એ બેની વચ્ચે એણે તંબૂ તાણ્યા હોય છે. તે એમ માને છે કે સત્ય નથી તો પૂર્ણપણે સાધ્ય, અને નથી તો પૂર્ણપણે અસાધ્ય; એ અમુક અંશે સાધ્ય છે અને તે પણ મહામુશ્કેલીથી.

આપખુદીનાં આધુનિક સ્વરૂપોમાં હમેશાં સંપ્રદાયનું સંયોજન થયેલું હોય છે; હિટલરના કે મુસોલિનીના અથવા તો પછી સ્તાલિનના. જ્યાં જ્યાં આપખુદ હોય છે ત્યાં ત્યાં જુવાનિયાઓ વિચારવાને શક્તિમાન બને તે પહેલાં માન્યતાઓનું એક તંત્ર તેમના મનમાં ઘુસાડવામાં આવે છે અને આ માન્યતાઓ સતત એટલા બધા આગ્રહથી અને એવી આશા સાથે ભણાવવામાં આવે છે કે આ પછી કદાપિ તેમના બાળપણના શિક્ષાપાઠોના વશીકરણની અસરમાંથી તેઓ છૂટી શકશે નહીં. આ માન્યતાઓ, તે સાચી છે એવું માની લેવા માટેનું કોઈ કારણ પૂરું પાડીને નહીં પણ પોપટની જેમ રટણ કરાવવા દ્વારા, સામૂહિક હિસ્ટીરિયા અને સામૂહિક સૂચનની પદ્ધતિ દ્વારા ઘુસાડવામાં આવે છે. જ્યારે બે પરસ્પર વિરુદ્ધ સંપ્રદાયો વિશેનું શિક્ષણ આ ઢબે મળેલું હોય ત્યારે બે સૈન્યો ભેગાં થાય છે, જે આથડે છે; પણ બે પક્ષો પેદા થતા નથી, કે જે ચર્ચા કરી શકે. વશીકરણનો ભોગ બનેલું પ્રત્યેક સ્વયંસંચાલિત જંતુ એમ માને છે કે જે બધું અત્યંત પવિત્ર છે તે પોતાના પક્ષના વિજયની સાથે ગૂંથાયેલું છે અને જે કંઈ અત્યંત ઘૃણિત છે તેનું દૃષ્ટાંત સામો પક્ષ પૂરું પાડે છે. આવાં ઝનૂની તડાં પાર્લમેન્ટમાં એકઠાં મળી શકે જ નહીં, અને એમ કહી શકે પણ નહીં કે ચાલો,

કોને પક્ષે વધુમતી છે તેની આપણે ખાતરી કરીએ; એમ કરવું એ તો સર્વથા તુચ્છ કહેવાય, કેમ કે પ્રત્યેક પક્ષ પવિત્ર હેતુને માટે જ ખડો હોય છે. જો સરમુખત્યારશાહીઓ ટાળવી હોય તો આ પ્રકારનું મતાંધત્વ અવશ્ય અટકાવવું જોઈએ, અને એને અટકાવનારાં પગલાં તે શિક્ષણનો અગત્યનો ભાગ બનવાં જોઈએ.

જો શિક્ષણનું નિયમન મારે હસ્તક હોય તો પ્રત્યેક પ્રાસંગિક પ્રશ્નની બધી બાજુઓના અત્યંત જોશીલા, અને વાક્પટુ પુરસ્કર્તાઓની વાક્ધારામાં બાળકોને રમતા મૂકી દઉં. શાળાઓને તેઓ બી.બી.સી. તરફથી સંબોધે. તે પછી જે દલીલો ઉપયોગમાં લેવાઈ હોય તેનો સાર કહેવા શિક્ષક બાળકોને નિમંત્રે અને હળવે રહીને આ વિચાર એમના ચિત્તમાં સરકાવે કે જેમ વાક્પટુતા વધારે તેમ નક્કર દલીલ ઓછી. લોકશાહીના નાગરિકો માટે વાક્પાટવના મોહપાશમાંથી મુક્તિ મેળવવી એ અત્યંત મહત્ત્વનું છે.

તર્કહીન માન્યતા પેદા કરવાની યુક્તિપ્રયુક્તિમાં અગ્રેસર બનનારા જાહેરખબરિયાઓ પાસેથી આધુનિક પ્રચારકો પાઠ શીખેલા હોય છે. અશિક્ષિતોની સાહજિક શ્રદ્ધાને, અને સાહજિક અશ્રદ્ધાને, દલીલ વિના પણ ભારપૂર્વક થયેલા વિધાનને માની લેવાની આદતને અને સર્વોત્તમ દલીલોથી મંડિત હોય તોપણ ભાર દીધા વિના થયેલા વિધાનને નહીં માનવાની આદતને પડકારીને પાછી વાળે તેવી રીતે શિક્ષણનું આયોજન થવું જોઈએ. હું શિશુવિદ્યાલયથી શરૂઆત કરું, અને મીઠાઈના બે પ્રકારો વચ્ચે પસંદગી કરવાનું બાળકોને કહું: એક ખૂબ લિજ્જતદાર મીઠાઈ છે, જેની ભલામણ તેનાં તત્ત્વો વિશેના ભાવહીન પણ ચોકસાઈભર્યા નિવેદન દ્વારા થયેલી હોય; બીજી ખૂબ ગંધાતી, પણ જેની ભલામણ ઉત્તમોત્તમ જાહેરખબરિયાઓના અનુપમ કૌશલ દ્વારા થયેલી હોય. થોડોક વખત વીત્યા પછી રજાઓમાં પર્યટન માટેનાં બે મથકોમાંથી પસંદગીઓ કરવાનું હું તેમને સોપું: એક સુંદર સ્થળ જેની ભલામણ સમોચ્ચતાદર્શક નકશા દ્વારા થયેલી હોય, અને બીજું વિરૂપ સ્થળ જેની ભલામણ દિલચસ્પ પોસ્ટરો દ્વારા થયેલી હોય.

ઇતિહાસનું શિક્ષણ પણ આ પ્રકારના ભાવથી જ આપવું ઘટે. ભૂતકાળમાં એવા સુપ્રસિદ્ધ વક્તાઓ અને લેખકો થઈ ગયા છે જેમણે ડહાપણના ભારે આડંબરપૂર્વક એવી મતસ્થાપનાનો પક્ષ કર્યો હતો જેમાં હવે કોઈને આસ્થા રહી નથી; ભૂતપ્રેત વિદ્યાની યથાર્થતાની, ગુલામીની ઉપકારકતાની અને એવી બીજી બાબતોનો. વાક્પટુતાના આવા મહારથીઓને ઓળખવા હું નાનેરાઓને પ્રેરું અને તેમની વાગ્મિતાની અને તેમના વિભ્રમની પરીક્ષા કરવા કહું. ક્રમે ક્રમે વર્તમાન પ્રશ્નો સુધી હું આવી લાગું. તેમના ઇતિહાસની પ્રસંગ-કથાના એક પ્રકાર તરીકે હું તેમની આગળ સ્પેન વિશે (અથવા અત્યારે જે કંઈ અત્યંત ચર્ચાસ્પદ હોય તેને વિશે) પ્રથમ 'ડેઈલી મેઈલ' ને પછી 'ડેઈલી વર્કર'ને જે કંઈ કહેવાનું હોય તે હું તેમને વાંચી સંભળાવું અને તે પછી હું તેમને ખરેખર શું બન્યું હોવું જોઈએ તેનું અનુમાન કરવા કહું. કેમ કે લોકશાહીના નાગરિકને માટે, વર્તમાનપત્રોના વાચન દ્વારા ખરેખર શું બન્યું હોવું જોઈએ તે શોધી કાઢવાનું કૌશલ જેટલું ખપનું છે તેના જેટલું, નિઃસંશય, બીજું કશું નથી. આ હેતુ માટે મહાયુદ્ધ દરમિયાન નિર્ણાયક ક્ષણો અંગે વર્તમાનપત્રોમાં અને પાછળથી પ્રસિદ્ધ થયેલા અધિકૃત ઇતિહાસોમાં જે કંઈ કહેવાયું હોય તેની તુલના કરવી બોધપ્રદ નીવડશે, અને તે સમયનાં વર્તમાનપત્રોમાં દાખવવામાં આવેલું યુદ્ધના હિસ્ટીરિયાનું પાગલપણું તમારા શિષ્યોને જ્યારે અશ્રદ્ધેય લાગે ત્યારે એ સર્વને તમારે ચેતવવા જોઈએ કે જ્યાં સુધી પોતે સમતોલ અને સાવધાન નિર્ણયશક્તિ કેળવવાની બાબતમાં કાળજી નહીં રાખે ત્યાં સુધી તેઓ પોતે પણ ત્રાસ અને લોહીની તરસ માટેની સરકારી ઉત્તેજનાના પ્રથમ સ્પર્શે આ પ્રકારની ઘેલછામાં જોતજોતામાં સરી પડી શકે એમ છે.

તેમ છતાં હું સાવ નકારાત્મક ઊર્મિગત વલણ ઉપદેશવા માગતો નથી; હું એમ નથી સૂચવતો કે સઘળી બળવાન લાગણીઓ ઉચ્છેદક વિશ્લેષણને આધીન કરવી જોઈએ. માત્ર સામૂહિક હિસ્ટીરિયાના પાયારૂપ લાગણી-ઓની બાબતમાં હું આ મનોભાવનો પક્ષ કરું છું, કેમ કે યુદ્ધોને અને સરમુખત્યારીઓને સરળતા કરી આપનાર આ સામૂહિક હિસ્ટીરિયા જ છે. પણ શાણપણ કેવલ બૌદ્ધિક નથી: બુદ્ધિ માર્ગ દર્શાવે છે અને નિયમન કરે

છે પણ કાર્યમાં પ્રેરનારું બળ તે જન્માવી શકતી નથી. આ બળ લાગણીઓમાંથી જ મેળવવું રહે છે. જે લાગણીઓનાં ઇષ્ટ સામાજિક પરિણામો આવે છે તે દ્વેષ, ક્રોધ અને ભયની માફક સહેલાઈથી પેદા કરી શકાતી નથી. તેમના નિર્માણની બાબતમાં પ્રારંભિક શૈશવ ઉપર ઘણો બધો આધાર છે; ઘણું બધું આર્થિક સંજોગો ઉપર પણ અવલંબે છે. તેમ છતાં સામાન્ય શિક્ષણ આપતી વેળાએ ઉછેરના જે પ્રકાર વડે વધારે સારી લાગણીઓ ખીલવી શકાય અને માનવજીવનને અર્થપૂર્ણ બનાવનારી વસ્તુનું ભાન કેળવી શકાય તેને માટે પ્રબંધ કરવાની દિશામાં થોડુંક તો થઈ શકે.

ભૂતકાળમાં ધર્મનાં પ્રયોજનો પૈકીનું આ એક હતું. તેમ છતાં ધર્મસંસ્થાઓને બીજાં પ્રયોજનો પણ હતાં અને તેમની મતાંધ ભૂમિકા મુશ્કેલીઓ સર્જે છે. જેમને માટે પરંપરાગત ધર્મ શક્ય નથી તેમને માટે બીજા માર્ગો છે. કેટલાક પોતાને જે જોઈએ તે સંગીતમાંથી અને કેટલાક કાવ્યમાંથી શોધી લે છે. બીજા કેટલાકને માટે ખગોળશાસ્ત્ર એ જ પ્રયોજન સિદ્ધ કરી આપે છે. જ્યારે આપણે તારાખચિત બ્રહ્માંડની વ્યાપકતા અને પ્રાચીનતાનો વિચાર કરીએ છીએ ત્યારે પ્રમાણમાં તુચ્છ એવા આપણા આ ગ્રહ ઉપરના વિવાદો તેમનું થોડુંક મહત્ત્વ ગુમાવે છે અને આપણા ઝઘડાઓની ઉગ્રતા થોડીક ઉપહાસપાત્ર લાગે છે. અને જ્યારે આ નકારાત્મક લાગણીમાંથી આપણો ઉદ્ધાર થાય છે, ત્યારે સંગીત અથવા કવિતા દ્વારા, ઇતિહાસ અથવા વિજ્ઞાન દ્વારા, સૌંદર્ય અથવા સંવેદના દ્વારા વધારે પૂર્ણપણે આટલું સમજવાને આપણે શક્તિમાન થઈએ છીએ કે માનવજીવનમાં જે ખરેખર મૂલ્યવાન વસ્તુ છે તે વ્યક્તિનિષ્ઠતા છે; યુદ્ધભૂમિ ઉપર અથવા તો રાજકારણના સંઘર્ષમાંથી અથવા તો બહારથી લાદેલા ધ્યેયની દિશામાં માનવોના સમૂહો હુકમસર એકસાથ કૂચ કરે તેમાંથી નીપજતી ઘટનાઓમાં એ પડેલી નથી. સમાજનું સંઘટિત જીવન જરૂરનું છે પણ એક યંત્રરચનારૂપે જરૂરનું છે, નહીં કે એને પોતાને ખાતર મૂલ્યવાન હોય એવા કશાક તરીકે. મનુષ્યજીવનમાં જે વસ્તુ સૌથી વધુ મૂલ્યવાન છે તે તો મહાન ધર્મોપદેશકોએ જેનો નિર્દેશ કરેલો છે એની સમાનધર્મી છે. જેઓ નિગમિત રાજ્યમાં માને છે તેઓ એમ કહેતા હોય છે કે આપણી સર્વોચ્ચ પ્રવૃત્તિઓ સામુદાયિક હોય છે; જ્યારે હું એમ કહું કે આપણામાં જે કાંઈ સર્વોચ્ચ છે તેને આપણે ભિન્ન ભિન્ન માર્ગે પામીએ છીએ અને ટોળાનું લાગણીજન્ય એકત્વ કેવળ નિમ્ન સ્તરે જ સિદ્ધ થઈ શકે તેમ છે.

ઉદારમતવાદી દૃષ્ટિકોણ અને સર્વસત્તાધીશ રાજ્યનો દૃષ્ટિકોણ એ બેની વચ્ચેનો તાત્ત્વિક ભેદ જ આ છે કે ઉદારમતવાદી દૃષ્ટિકોણ અંતે જતાં રાજ્યના કલ્યાણને વ્યક્તિના કલ્યાણમાં અધિષ્ઠિત માને છે, જ્યારે સર્વસત્તાધીશ રાજ્ય રાજ્યને જ સાધ્ય ગણે છે અને વ્યક્તિઓને કેવળ અનિવાર્ય અંશો ગણે છે, જેમના કલ્યાણને શાસકોના સ્વાર્થના આચ્છાદન રૂપ રહસ્યમય સમગ્રતાને અધીન બનાવવું જ રહ્યું. પ્રાચીન રોમમાં રાજ્યપ્રજાનો સિદ્ધાંત થોડે અંશે પ્રવર્તેલો હતો પણ ખ્રિસ્તી ધર્મ સમ્રાટો સામે ઝૂઝ્યો અને અંતે વિજયી બન્યો. ઉદારમતવાદ વ્યક્તિનું મહત્ત્વ આંકવામાં ખ્રિસ્તી પરંપરાને જ આગળ લઈ જાય છે; એના વિરોધીઓ ખ્રિસ્તીયુગ પૂર્વેના કેટલાક સિદ્ધાંતોને પુનર્જીવિત કરી રહ્યા છે. પહેલેથી જ રાજ્યના મૂર્તિપૂજકોએ શિક્ષણને સફળતાની ચાવી ગણેલી છે. દૃષ્ટાંત તરીકે ફિખ્તનું 'એડ્રેસીસ ટુ ધ જર્મન નેશન' જેમાં શિક્ષણનો વિસ્તારથી વિચાર થયેલો છે, તેમાં આ પ્રતીત થાય છે. ફિખ્ત જે ઇચ્છે છે તે નીચેના પરિચ્છેદમાં વર્ણવાયું છે :

> 'જો કોઈ એમ કહેવાનું હોય કે : "શિક્ષણ પાસેથી શું સાચું છે તે શિષ્યને દાખવવા અને દૃઢતાથી તેની હિમાયત કરવા કરતાં વિશેષ અપેક્ષા કોઈ પણ શી રીતે રાખી શકે; આ ભલામણોને શિષ્ય અનુસરે છે કે નહીં એ શિષ્યની પોતાની બાબત છે, અને તે ન અનુસરે તો એ એનો પોતાનો દોષ છે; એને સ્વતંત્ર ઇચ્છા છે, જે કોઈ પણ શિક્ષણ એની પાસેથી છીનવી લઈ શકાતું નથી" : તો જે શિક્ષણનું હું ચિંતવન કરું છું તેને દૃઢરેખ રીતે વર્ણવવા હું એવો જવાબ વાળું કે અત્યાર સુધીના શિક્ષણનો પહેલો દોષ શિષ્યની આ સ્વતંત્ર ઇચ્છાને પ્રમાણવામાં અને તેના પર મદાર બાંધવામાં જ

> રહેલો છે અને તેની વંધ્યતા અને શૂન્યતાનો સ્પષ્ટ એકરાર તેમાં રહેલો છે કેમ કે જેટલે અંશે એ એમ સ્વીકારે છે કે શિક્ષણના બળવાનમાં બળવાન પ્રવર્તન પછી ઇચ્છા સ્વતંત્ર રહે છે, અર્થાત્ શુભ અને અશુભ વચ્ચે અનિર્ણયાત્મક રીતે આંટાફેરા કરે છે, તેટલે અંશે તે એમ પણ સ્વીકારે છે કે ઇચ્છાને, ઇચ્છા એ જ મનુષ્યનું તાત્ત્વિક મૂળ હોવાથી માણસને પોતાને, ન તો શિક્ષણ ઘડી શકે છે, ન તો ઘડવાની ઇચ્છા ધરાવે છે અને એને તે સર્વથા અસંભવિત ગણે છે. એથી ઊલટું, જે કાર્ય-પ્રદેશ સાથે પ્રસંગ પાડવાનું નવા શિક્ષણે માથે લીધું છે તેમાં ઇચ્છાની સ્વતંત્રતાના સંપૂર્ણ ઉચ્છેદમાં તે સમાવિષ્ટ હોવું જોઈશે.'

'સારા માણસો' સર્જવાની ઇચ્છા માટેનું એનું કારણ એ નથી કે તેઓ સ્વત: 'ખરાબ માણસો' કરતાં વધારે સારા છે; એને અભિમત કારણ એ છે કે 'કેવળ આવા (સારા માણસો) દ્વારા જ જર્મન રાષ્ટ્ર ટકી રહી શકશે, જ્યારે ખરાબ માણસો દ્વારા એ પારકા દેશો સાથે અવશ્યે કરીને ભળી જશે.'

આ બધામાં જે વ્યક્ત થયું છે તે ઉદારમતવાદી કેળવણીકાર જે કંઈ સંસિદ્ધ કરવા માગંનો હોય તેની બરાબર સામા છેડાનું છે એમ ગણી શકાશે. એટલે 'ઇચ્છાની સ્વતંત્રતાનો ઉચ્છેદ કરવાને' બદલે વ્યક્તિગત નિર્ણયશક્તિને સુદૃઢ કરવાનું એ તાકશે; જ્ઞાનના પુરુષાર્થ અંગેની વૈજ્ઞાનિક મનોદશાની સંક્રાન્તિ માટે પોતાથી થાય એટલું એ કરી છૂટશે; માન્યતાઓને તાત્પૂરતી ગણીને તેને પુરાવાને અનુકૂળ બનાવવાને એ મથશે; પોતાના શિષ્યગણ સમક્ષ એ સર્વજ્ઞ હોવાનો ડોળ ઘાલશે નહીં અથવા તો પોતે કોઈ નિરપેક્ષ કલ્યાણમાં પ્રવૃત્ત છે એવું બહાનું કાઢીને સત્તા માટેના પ્રેમને વશ થશે નહીં. જેમ રાજપ્રકરણી માટે તેમ કેળવણીકાર માટે પણ સત્તાનો પ્રેમ એ મુખ્ય ભયસ્થાન છે; કેળવણી અંગે જે માણસનો વિશ્વાસ કરવો શક્ય હોય તેણે પોતાના શિષ્યોની તેમને પોતાને ખાતર સંભાળ લેવી જોઈએ, કેવળ લશ્કરના સંભવિત સૈનિકો તરીકે અથવા કોઈ હેતુના પ્રચારકો તરીકે નહીં. ફિખ્ત અને તેના આદર્શોનો વારસો પામનારાં સત્તાલાલચી માણસો જ્યારે બાળકોને જુએ છે ત્યારે આમ વિચારે છે: 'હું જેનો ઘાટ ઘડી શકું એવી સામગ્રી આ રહી; મારા હેતુઓ આગળ વધારવા માટેના યંત્ર તરીકે વર્તવાનું હું એમને શીખવી શકીશ; તત્કાલ મને જીવનના ઉલ્લાસનો, સાહજિકતાનો, ખેલવાની વૃત્તિનો, બહારથી લાદેલાં નહીં પણ અંદરથી સ્ફુરનારાં પ્રયોજનો માટે જીવવાની ઝંખનાનો અવરોધ નડશે; પણ હું લાદવા માગું છું તે શિક્ષણ થોડાં વર્ષ સુધી પામ્યા પછી આ બધું મરી પરવારશે; તરંગ, કલ્પના, કલા અને વિચારશક્તિનો આજ્ઞાધીનતા વડે નાશ થઈ ચૂક્યો હશે; ઉલ્લાસનું મૃત્યુ ઝનૂની વૃત્તિને જન્મ આપી ચૂક્યું હશે; અને અંતે જતાં મારી માનવસામગ્રી પથ્થરની ખાણ-માંના પથ્થર જેવી અને કોલસાની ખાણમાંના કોલસા જેવી ભાવહીન બની ગયેલી હું જોઈશ; એમને જે યુદ્ધોમાં ખેંચી જઈશ, તેમાં કેટલાક મરશે, કેટલાક જીવશે; જેઓ મરશે તેઓ ઉલ્લાસથી, વીરોની જેમ મરશે, જેઓ જીવશે તેઓ મારી શાળાઓએ જેની ટેવ પાડી હશે તે પેલી ઊંડી માનસિક ગુલામીવાળા મારા ગુલામો તરીકે જીવશે.' જે માણસોને નાનેરાં પ્રત્યે સાહજિક લાગણી હોય છે તેમને આ બધું ત્રાસજનક લાગશે; આપણે જેમ બાળકોને, તેમને ફાવી શકે તો, મોટરકારથી માર્યા જવાનું ટાળવાનું શીખવીએ છીએ તેમ નિર્દય ઝનૂનીઓથી માર્યા જવાનું ટાળવાનું પણ તેમને શિક્ષણ આપવું જોઈએ, અને આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે સહેજસાજ સંશયવાદી અને પૂર્ણપણે વૈજ્ઞાનિક એવી ચિત્તની સ્વતંત્રતાનું નિર્માણ કરવાનું તાકવું જોઈએ અને શક્ય હોય તેટલે અંશે નીરોગી બાળકોમાં જે સ્વાભાવિક હોય છે તે સહજસ્ફૂર્ત જીવનોલ્લાસ જાળવી રાખવો જોઈએ. ઉદારમતવાદી શિક્ષણનું આ કાર્ય છે: આધિપત્ય સિવાયની બાબતોનું મૂલ્યમાન કેળવવું, મુક્ત સમાજના શાણા નાગરિકો સરજવામાં સહાયભૂત થવું, અને નાગરિકત્વ સાથે વૈયક્તિક સર્જનાત્મકતા માટેની સ્વાધીનતાનો સંયોગ કરીને માનવજીવનની એવી રોનક સરજવા મનુષ્યોને શક્તિમાન બનાવવા જે થોડાકોએ દર્શાવ્યું છે તેમ જીવનથી સિદ્ધ થઈ શકે એમ છે.

# અજબ સમસ્યા



સ્વ. જવાહરલાલ નેહરુની આત્મકથાનો સ્વ. મહાદેવભાઈ દેસાઈએ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે તેમાંથી 'અજબ સમસ્યા' એ પ્રકરણમાંથી કેટલોક ભાગ પુરવણીરૂપે અત્રે ઉતાર્યો છે.

મે, ૧૮૯૧માં પોપ ૧૩મા લિયોએ કાઢેલા 'રેરમ્‌નોવારમ્' નામના પ્રસિદ્ધ ધર્મપત્રમાં એક ધ્યાન ખેંચનારો ફકરો છે, તેમાં પ્રાચીન ધાર્મિક દૃષ્ટિ કેવા પ્રકારની હતી તેનું ઉદાહરણ છે. નવી ઔદ્યોગિક પરિસ્થિતિ વિશે ચર્ચા કરીને તે નીચે પ્રમાણે દલીલ કરે છે:

'પીડાવું અને ખમ્યા કરવું એ જ માનવસમાજના ભાગ્યમાં છે. માણસ ગમે તેટલાં ફાંફાં મારે, મનુષ્યજીવનમાં જે દુ:ખો અને મુશ્કેલીઓ ઘર કરીને બેઠાં છે તેનો બહિષ્કાર કરવામાં ગમે તેટલું બળ કે યુક્તિ સફળ થશે નહીં. જો કોઈ એવી સફળતા મેળવવાનો ડોળ કરતા હોય અને સંકટગ્રસ્ત લોકોને દુ:ખ અને મુશ્કેલીઓમાંથી છોડાવવાનાં અને તેમને નિર્વિઘ્ન આરામ અને સતત સુખ આપવાનાં વચન આપતા હોય, તો તેઓ પ્રજાને છેતરે છે અને એમના ભોળપણનો લાભ લે છે, અને તેમનાં ખોટાં વચનોથી દુ:ખમાં ઊલટો ઉમેરો જ થશે. દુનિયાના વાસ્તવિક સ્વરૂપને જોવું અને તે સાથે તેનાં દુ:ખોના નાશનો ઉપાય અન્યત્ર શોધવો—એથી વધારે ઉપયોગી કોઈ બીજી વાત નથી.'

આ 'અન્યત્ર' તે ક્યાં, તે તેઓ આગળ બતાવે છે:

'આ લોકના ઉપભોગોની સાચી સમજણ અને કિંમત, જે જીવન સદાયે ટકવાનું છે તે પરલોકના જીવનનો વિચાર કર્યા વિના બરાબર થઈ શકે નહીં . . . કુદરતમાંથી આપણે જે મહાન સત્ય શીખીએ છીએ તે જે મહાન ખ્રિસ્તી સિદ્ધાંત પર ધર્મનું મંડાણ થયું છે, તે જ છે: જ્યારે આપણું આ જીવન પૂરું થશે ત્યારે જ આપણું સાચું જીવન શરૂ થશે. પરમેશ્વરે આપણને ઇહલોકના નાશવંત અને ક્ષણિક ઉપભોગોને અર્થે નહીં, પણ પારલૌકિક અને સનાતન ઉપભોગો માટે સરજ્યા છે. એણે આપણને આ દુનિયામાં આપણા સાચા વતન તરીકે નહીં, પણ દેશનિકાલ કરીને મોકલ્યાં છે. પૈસા અને બીજા પદાર્થો માણસો સારા અને ઇષ્ટ ગણે છે; તે આપણી પાસે પુષ્કળ હોય કે બિલકુલે ન હોય, સનાતન સુખની દૃષ્ટિએ એ વાત બિલકુલ મહત્ત્વની નથી. . . .'

આ ધાર્મિક વૃત્તિ પુરાણકાળની દુનિયાની વાસ્તવિક સ્થિતિથી ઉદ્‌ભવેલી હતી, કારણ કે તે વખતે વર્તમાન દુ:ખમાંથી બચવા માટે ભાવિ લોક ઉપર આશા બાંધવા સિવાય કોઈ બીજો માર્ગ જ નહોતો. પણ જોકે હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને મનુષ્યોની આર્થિક સમૃદ્ધિ ભૂતકાળમાં કદી સ્વપ્નમાંયે ન કલ્પી શકાય એટલી વધી છે છતાંયે ભૂતકાળના સંસ્કારોની જાળમાંથી છૂટી શકાયું નથી, અને તેથી હવે કેટલાંક અસ્પષ્ટ અને અપ્રમેય આધ્યાત્મિક મૂલ્યો ઉપર ભાર મૂકવામાં આવે છે. કૅથલિક લોકો બારમી અને તેરમી સદી—જેને બીજાઓ અંધકારનો યુગ કહે છે તે—ને જ ખ્રિસ્તી ધર્મનો સતયુગ માને છે; કારણ કે તે વખતમાં

પ્રસિદ્ધ ખ્રિસ્તી સંતો થઈ ગયા હતા અને ખ્રિસ્તી રાજાઓ ધાર્મિક યુદ્ધો લડવા બહાર પડ્યા હતા તથા મોટાં ગૉથિક બાંધણીનાં દેવળો ઊભાં થયાં હતાં. તેમની દૃષ્ટિએ એ યુગ 'સાચા ખ્રિસ્તી લોકશાસનનો હતો. મધ્યકાલીન મહાજનોના અંકુશ નીચે એની સ્થાપના હતી; તે પહેલાં કે ત્યાર પછીયે લોકશાસનનો એટલો સાક્ષાત્કાર કદી થયો નહોતો.' મુસલમાનો 'ઇસ્લામી લોકશાસન' માટે શરૂઆતના ખલીફાઓનો સમય— કે જ્યારે તેઓ આશ્ચર્યજનક વિજયયાત્રા કરતા હતા તે—પ્રત્યે ભાવનાથી જુએ છે. તે જ પ્રમાણે હિંદુઓ વૈદિક અને રામાયણ-મહાભારતના યુગ પર દૃષ્ટિ નાખે છે અને 'રામરાજ્ય'નાં સ્વપ્નાં જુએ છે. છતાં દુનિયાનો આખોયે ઈતિહાસ બતાવે છે કે એ બધાયે કાળોમાં સામાન્ય જનતા અત્યંત દારિદ્ર્યમાં જ જીવન ગાળતી હતી, અને ખોરાક તથા જીવનની બહુ જ મહત્ત્વની હાજતો માટે પણ તંગી અનુભવતી. ફુરસદ અને સાધનોવાળા ઉપરના મુઠ્ઠીભર માણસો ભલે આધ્યાત્મિક વિલાસો કરી શક્યા હશે, પણ બીજાઓ માંડ માંડ પેટિયું ભરવા માટે જ ફાંફાં મારતા. તે સિવાય બીજી કંઈ કલ્પના થઈ શકતી નથી. ભૂખે મરતા માણસની સાંસ્કૃતિક કે આધ્યાત્મિક પ્રગતિ થવાનો બહુ ઓછો સંભવ છે. એના વિચારો ખોરાકના અને તે કેમ મેળવવો એના ઉપાયના ધ્યાનમાં જ નિમગ્ન હશે.

. . . ઔદ્યોગિક યુગે ઘણાં અનિષ્ટો આણ્યાં છે અને તે આપણી નજર આગળ તર્યાં કરે છે. પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે દુનિયાનો એકંદર વિચાર કરતાં, ખાસ કરીને જે ભાગોમાં ઉદ્યોગોનો ભારે વિકાસ થયો છે ત્યાં, ભૌતિક સુખસગવડોનો પાયો એટલો મજબૂત નંખાયો છે કે સંખ્યાબંધ મનુષ્યોની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રગતિ વધારે સહેલાઈથી કરી શકાય. . . .

. . . આજની પરિસ્થિતિમાં ધનિક પુરુષની ઉત્પાદક સંસ્થાના અંગ તરીકે, સમાજના અવયવ તરીકે, પણ આવશ્યકતા રહી નથી અને ઇષ્ટતા પણ રહી નથી. એ નિરુપયોગી થયો છે અને નકામો વચ્ચે નડતર કરે છે. અને શ્રીમંતને દાનનો અને ગરીબને દૈવાધીન, કૃતજ્ઞ, કરકસરિયો અને સદાચારી બનવાનો આદેશ દેવાનો ધર્મોપદેશકનો જૂનો ધંધો હવે નિષ્પ્રયોજન થયો છે. મનુષ્યનાં સાધનો હવે અમર્યાદ વધ્યાં છે અને દુનિયાની ગૂંચોનો સામનો કરી તેમને ઉકેલવા શક્તિમાન છે. ઘણાખરા શ્રીમંતો કેવળ શરીર પરની જૂ જેવા લોહીચૂસ બન્યા છે અને એ લોહીચૂસ શરીરોપજીવી વર્ગોનું અસ્તિત્વ એ સાધનોના વિકાસમાં કેવળ વિઘ્નરૂપ જ નથી પણ નુકસાન કરનારું છે. એ વર્ગ તથા તેમને નિર્માણ કરનારી વ્યવસ્થા ઉદ્યોગિતા અને અર્થોત્પાદનને ઊલટાં અટકાવે છે, અને તે બેય છેડાના બેકારો નિર્માણ કરવાને ઉત્તેજન આપે છે. બેય છેડાના બેકારો એટલે કામ કર્યા વિના બીજાના શ્રમ પર જીવનારા, તેમ જ કામને અભાવે ભૂખે મરનારા. ગાંધીજીએ પોતે પણ કેટલાક વખત પર લખ્યું હતું કે, 'ભૂખે મરતા નિરુદ્યોગી લોકો માટે ઈશ્વર એક જ આવકારલાયક રૂપે પ્રગટ થઈ શકે: એટલે કે શ્રમરૂપે અને તેની રોજીમાંથી મળતા અન્નની આશારૂપે. ઈશ્વરે માણસને અન્ન માટે શ્રમ કરવા નિર્માણ કર્યો અને કહ્યું કે જેઓ શ્રમ કર્યા વિના ખાય છે તેઓ ચોર છે.'

અર્વાચીન યુગના અટપટા પ્રશ્નોને પુરાણી પદ્ધતિઓ અને સૂત્રો લાગુ કરી સમજવા પ્રયત્ન કરવો, અને તેમની બાબતમાં જુનવાણી ભાષાનો પ્રયોગ કરવો તે ગૂંચવાડો ઉત્પન્ન કરવાનો અને નિષ્ફળતા નોતરવાનો માર્ગ છે; કારણ કે તે જમાનામાં એ પ્રશ્નો જ ઊભા થયેલા નહોતા. ઘણા લોકોની એવી માન્યતા છે કે ખાનગી મિલકત ઉપરના માલિકી હકની કલ્પના દુનિયાના આદિકાળથી ચાલી આવેલી કલ્પનાઓમાંની એક છે; પણ વસ્તુત: એ સદાયે બદલાતી ગઈ છે. એક કાળે ગુલામો મિલકત ગણાતા. તે જ પ્રમાણે સ્ત્રીઓ અને બાળકો, ધણીનો નવવધૂની પહેલી રાત પરનો અધિકાર, રસ્તાઓ, મંદિરો, હોડીઓ, પુલો, સાર્વજનિક વપરાશની વસ્તુઓ, હવા અને જમીન—એ બધાં ઉપર પણ માલિકી હક ભોગવી શકાતો. પશુઓ હજીયે મિલકત ગણાય છે, જોકે ઘણા દેશોમાં કાયદાથી તે પરના માલિકીના અધિકારો મર્યાદિત કરવામાં આવ્યા છે. લડાઈના કાળમાં માલિકી હકો ઉપર સતત કાપ મુકાય છે. હાલના જમાનામાં મિલકત વધારે ને વધારે અમૂર્ત સ્વરૂપની થતી જાય છે: જેમ કે શૅરો, કેટલાક પ્રકારની આંટ વગેરે. જેમ જેમ માલિકી વિશેના ખ્યાલમાં

ફરક પડતો જાય છે તેમ તેમ માલિકોના અમર્યાદ અધિકારોને મર્યાદિત કરવા માટે રાજ્ય વધારે ને વધારે દરમ્યાનગીરી કરે છે, જાહેર મત માગણી કરે છે અને કાયદો ફરજ પાડે છે. બધા પ્રકારના ભારે કરો સાર્વજનિક હિત માટે વ્યક્તિગત માલિકી ઓછી થઈ જાય છે; આ કરો, સાચું પૂછતાં, એક પ્રકારની જપ્તી જ છે. સાર્વજનિક હિત રાષ્ટ્રીય નીતિનું ધ્યેય બને છે, અને તેને પરિણામે સાર્વજનિક હિતનો વિરોધ થાય એ રીતે પોતાના માલિકી હક સાચવવાની પણ મનુષ્યને છૂટ રહેતી નથી. સાચી વાત પણ એ છે કે પ્રજાના બહુ મોટા ભાગને ભૂતકાળમાં કોઈ માલિકી હકો હતા જ નહીં; કારણ કે તેઓ પોતે જ બીજાઓની મિલકત હતા. આજે પણ ઘણા થોડા આવા લોકો માલિકી હકો ધરાવે છે. અનેક કાળથી ભોગવાતા આવેલા (એટલે સ્થાપિત) હકો વિશે આપણે આજકાલ ઘણું સાંભળીએ છીએ. આજે એક નવા પ્રકારના સ્થાપિત હકને આપણે ઓળખવા માંડ્યો છે. તે એ કે દરેક સ્ત્રી અને પુરુષને જીવવાનો, મહેનત કરવાનો અને પોતાની મહેનતનું ફળ ભોગવવાનો સિદ્ધ હક છે. આ બદલાતી કલ્પનાઓને લીધે માલિકી અને મૂડી નાશ પામતાં નથી, પણ તે વ્યાપક થાય છે, અને બીજાઓની ઉપર સત્તા ભોગવવાના અધિકાર જે પહેલાં થોડા લોકોમાં જ કેન્દ્રિત હતા તે હવે આખો સમાજ પાછા પોતે લઈ લે છે.

. . . પણ બળિયો હોય તે નબળાને ખાય, અને 'જેની લાઠી તેની ભેંસ' એ જૂના ન્યાય ઉપર રચાયેલા આજના પરિગ્રહી સમાજમાં અનિષ્ટો અંતર્ગત જ નથી કે? આજની નફાની લાલચમાંથી જ કલહ અનિવાર્યપણે ઉત્પન્ન થાય છે. આખી સમાજની રચના માણસની લૂંટવાની વૃત્તિને રક્ષણ આપે છે અને દરેક પ્રકારની અનુકૂળતા કરી આપે છે. એ કેટલીક ઉદાર ભાવનાઓ પોષે છે, એ સાચું; પણ વધારે તો મનુષ્યની હલકી વૃત્તિઓને જ ઉત્તેજિત કરે છે, સફળતાનો અર્થ બીજાને ગબડાવી પાડી એમના ખભા પર સવાર થવું તે . . .

પણ આ પ્રશ્ન હવે કેવળ નૈતિક સદાચાર કે નીતિશાસ્ત્રનો રહ્યો નથી. એ તો પ્રત્યક્ષ વ્યવહારનો અને તાત્કાલિક મહત્ત્વનો પ્રશ્ન બન્યો છે. કારણ કે દુનિયા એક અટપટા વમળમાં સપડાયેલી છે. અને તેમાંથી એને કાઢવાનો કંઈક માર્ગ શોધવો જ જોઈએ, . . . કંઈક અનુકૂળ તક આવવાની રાહ જોતાં બેસી રહેવાય નહીં. તેમ જ મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના દોષોની ટીકા કરી કેવળ નિષેધવાદી બનવું અને જૂની તેમ જ નવી બધી પદ્ધતિઓનાં સારાં લક્ષણોનો સમન્વય કરી એક સરસ સુવર્ણમય મધ્યમ વ્યવસ્થા શોધાવાની આશા સેવતા બેસવું, એ પણ આપણે માટે શક્ય નથી. રોગની પરીક્ષા કરવાની છે, ઉપચાર બતાવવાનો છે, અને તે પ્રમાણે તેનો અમલ કરવાનો છે. એટલું તો ચોક્કસ જ છે કે રાષ્ટ્રીય રીતે કે આંતરરાષ્ટ્રીય રીતે આપણે આજે ચાલુ સ્થિતિમાં રહી શકીએ એમ નથી. આપણે ભલે પાછળ કે ભલે આગળ જઈએ પણ કંઈક પ્રયત્ન તો કરવો જ પડશે. પણ કદાચ પસંદગીનીયે કશી છૂટ છે જ નહીં, કારણ કે પાછા ફરવું એ કલ્પી શકાય એવું જ નથી. . . .

આથી આપણે એક જ પ્રકારના ઉકેલ પર પહોંચીએ છીએ. તે એક સમાજવાદી વ્યવસ્થાની સ્થાપના કરવી તે. એ પહેલાં રાષ્ટ્રની મર્યાદામાં હોય, પણ છેવટે આખી દુનિયાને વ્યાપે. તે સાર્વજનિક હિતની દૃષ્ટિ રાખી સંપત્તિની ઉત્પત્તિ અને વહેંચણીનું નિયમન કરે. આ કેમ સિદ્ધ થઈ શકે, એ જુદો પ્રશ્ન છે. પણ એટલું તો સ્પષ્ટ છે કે કેટલાક લોકોને વર્તમાન વ્યવસ્થાથી લાભ થતો હોવાથી તેઓ એવા ફેરફારનો વિરોધ કરે, તેટલા જ માટે કોઈ રાષ્ટ્ર કે માનવસમાજનું હિત રોકી રાખી શકાય નહીં. જે રાજકીય કે સામાજિક સંસ્થાઓ તેમાં વિઘ્નરૂપે હોય તેમને દૂર કર્યે જ છૂટકો. એ ઇષ્ટ અને વ્યવહારોપયોગી આદર્શને હાનિકર થાય એવી રીતે તેઓ સાથે કોઈ જાતનું સમાધાન કરવું તે મહાન દ્રોહ થશે. એવો ફેરફાર કેટલેક અંશે દુનિયાની પરિસ્થિતિને કારણે જ આવી પડે અથવા વેગવાન બને, પણ જ્યાં તે કરવાનો હોય ત્યાંની પ્રજાના બહુ મોટા ભાગની ઇચ્છાપૂર્વક સંમતિ કે અનુકૂળતા વિના ભાગ્યે જ થઈ શકે. આથી પ્રજાને એ મતમાં પલટાવવી જોઈએ અને અનુકૂળ કરી લેવી જોઈએ. એકાદ નાનકડું ટોળું હિંસામય કાવતરું ગોઠવે, તેથી કંઈ કામ વળશે નહીં. હાલની વ્યવસ્થામાં જેમને લાભ છે તેમને પણ સમજાવી લેવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. પણ એમાંનો બહુ મોટો ભાગ એ મત તરફ પલટાશે એવી બહુ આશા રાખવી ફોકટ છે. . . .

# સૂચિ


ઈ(એ)લિઝાબેથ, રાણી ૪૧, ૧૮૧

ઍક્ટન, લૉર્ડ ૩૨
ઍક્વિનાસ, ટૉમસ ૧૯, ૨૦, ૩૨
ઍન્ગલ્સ, ફ્રેડરિક ૫૪, ૯૦, ૧૩૨, ૧૩૮, ૧૮૭
ઍરિસ્ટૉટલ ૧, ૧૦–૨, ૨૩, ૬૩
એલેન્ડેન, પ્રે. ૧૧૬

ઓલિવર, સિડની ૧૩૬
ઓવેન, રૉબર્ટ ૫૩, ૯૪, ૧૨૭, ૧૨૮, ૧૩૦
એન્ટોનિયસ, માર્કસ ૧૮
ઑગિલ્વી, વિલિયમ ૧૨૬

કાબે, આતિયેન ૧૨૨, ૧૩૦
કાન્ટ, ઇમેન્યુઅલ ૫૧, ૫૨, ૧૩૧
કાર્ટરાઇટ ૬૭
કાર્ડિનલ, પોપ ૧૭૭
કાર્લાઇલ ૫૧
કેઇન્સ, લૉર્ડ ૮૩, ૧૦૧, ૧૦૩
કૉટ્સ્કી, કાર્લ ૧૩૧, ૧૩૬, ૧૩૯–૪૧
કોલ, જી. ડી. એચ. ૧૩૬, ૧૫૬
કૉન્ડોરસ ૧૩૧
કૉંત, ઑગસ્ટ ૧૩૩
કૉન્સ્ટન્ટાઇન ૧૮૦
ક્રોપોટકિન ૫૨
ક્રૉમવેલ ૧૭૯
ક્લિનેશ, જે. આર. ૧૪૭
ક્લિસ્થિનીઝ ૧, ૨

ખ્રુશ્ચૉફ ૬૦, ૧૫૮, ૧૬૭, ૧૬૮

ગાલબ્રેથ, જૉન (પ્રો.) ૧૬૯, ૧૭૨
ગાલ્સવર્ધી ૧૨૦
ગાંધીજી ૯૫, ૯૬, ૧૯૭
ગૉડવિન, વિલિયમ ૧૨૬
ગ્રે ૯૪
ગ્રેકસ (ભાઈઓ) ૧૬

ચર્ચિલ ૯૯
ચાર્લ્સ, પહેલો ૪૧, ૧૭૪

જેફરસન ૪૨–૪
જેમ્સ, પહેલો ૪૧
જૉર્જ, હેન્રી ૧૨૬

ઝોરેસ, ઝાં ૧૪૯
ઝોલા, એમિલ ૧૨૦

ટીટો, માર્શલ ૧૬૭
ટૉમસ, જે. એસ. ૧૪૭
ટૉમસન ૯૪

ડાયોક્લેશિયન ૧૮
ડૉબ, મૉરિસ ૧૭૧

ટૉલ્સ્ટોય ૫૨
ત્સુરુ ૧૭૨

થૉરો ૫૧, ૫૨
થ્યુસિડિડીઝ ૧, ૪, ૬

દેકાર્ત ૩૩

નિક્સન, પ્રે. ૧૧૬, ૧૫૮
નેપોલિયન ૧૭૮, ૧૭૯
નેહરુ, જવાહરલાલ ૧૯૬
નૉર્મન, ટૉમસ ૧૫૬
ન્યૂકોમૅન ૬૭

પેન્સ, ટૉમસ ૧૨૬
પેરિક્લીઝ ૧–૬, ૮
પોમ્પિયાઈ ૧૭
પ્રુ(પ્રૂ)દોં, પિયર જોસેફ ૫૪, ૯૪, ૧૨૫
પ્લેટો ૧, ૭–૧૧, ૨૩, ૩૪, ૬૩

ફ્રિખ્ત (ફિક્ટ) ૫૦, ૧૯૪, ૧૯૫
ફૂર્યે, ચાર્લ્સ ૫૩, ૯૪, ૧૨૩–૫, ૧૩૦
ફેરેડે ૬૭
ફૉર્નેયરોન ૬૭
ફ્રીડમૅન, મિલ્ટન ૯૯

બાર્ક, એડમન્ડ ૪૪, ૪૫
બર્નસ્ટાઇન, એડવર્ડ ૧૩૧, ૧૩૬, ૧૩૮–૪૧
બર્લ ૧૭૭, ૧૮૬
બાકુનિન ૫૨
બિલ, મોલ્ડીન ૧૫૦
બિસ્માર્ક ૫૦, ૧૪૬

બુબેનો, ૧૭૯
બેકન, ફ્રાન્સિસ ૨૨, ૨૩
બેન્થ(થા)મ, જેરેમી ૪૬, ૪૮, ૧૨૭, ૧૮૩
બેબુફ ૧૨૧, ૧૨૨
બેસંટ, એની ૧૩૬
બ્રેઝનેવ ૧૫૮
બ્લાંકી, લૂઈ ૧૨૫, ૧૨૬

મારિયસ ગેઈઅસ ૧૬
માર્ક્સ, કાર્લ ૫૪–૬, ૮૭–૯૧, ૯૩–૫, ૧૧૩–૪, ૧૨૫, ૧૩૦–૨, ૧૩૪–૬, ૧૩૮–૪૨, ૧૪૪, ૧૪૫, ૧૬૭, ૧૮૫, ૧૮૭, ૧૯૭
માલ્થુસ, ટૉમસ ૯૪
મિલ, જેમ્સ સ્ટુઅર્ટ ૪૫, ૪૬, ૫૭, ૬૮
મીન્સ, ૧૭૭, ૧૮૬
મુસોલિની ૧૯૧–૨
મૅકિયાવેલી, નિકોલો ૧૯, ૨૦
મૅકડૉનાલ્ડ, રામસે ૧૩૬, ૧૪૭
મૅક્સિમસ ફેબિયસ ૧૩૬
મેડિચી, ૧૭૮
મૉન્ટેગ્યુ ૧૮૦
મોન્તેસ્ક ૩૨
મોર, ટૉમસ (સર) ૧૨૪
મોરિયસ, વિલિયમ ૫૩
મોર્લે, એબે ૧૨૨

રસેલ, બર્ટ્રાન્ડ ૩૭, ૧૭૩
રિકાર્ડો ૬૮, ૮૭–૯
રૂસો ૨૩, ૩૩–૭, ૫૧, ૬૩
રૂઝવેલ્ટ, ફ્રૅંક્લિન ૮૪, ૧૫૯

લાયન્સ, યુજીન ૧૮૮
લાસાલ, ફર્ડિનાન્ડ ૧૩૭
લિંકન ૧૭૮
લિયો, ૧૩મો ૧૯૬
લેનિન ૧૩૬, ૧૩૯–૪૦, ૧૪૫, ૧૬૭
લૅસ્કી, હેરલ્ડ ૫૪, ૧૫૬
લૉક, જૉન ૨૩, ૨૮–૩૧, ૩૪–૫, ૬૫
લૉરેન્સ, પેથિક ૧૩૬
લ્યૂથર, માર્ટિન ૨૧, ૬૬

વાલિસ, ગ્રેહામ ૧૩૬–૭
વિટને, એલી ૬૭
વેબ. બિએટ્રિસ ૧૩૬–૩૭
વેબ, સિડની ૧૩૬–૭, ૧૫૬
વેલિંગ્ટન, ડ્યૂક ઑફ ૧૭૯
વેલ્સ, એચ. જી. ૧૩૬
વૉટ, જેમ્સ ૬૭
વૉલ્કોન્સ્કી, વી. એ ૧૦૯

શુમ્પીટર ૯૯
શૉ, જ્યૉર્જ બર્નાર્ડ ૫૪, ૧૩૬–૭

સલા ૧૬
સાઇમન, સંત ૫૩, ૯૪, ૧૨૩–૫, ૧૩૦–૩
સિઝર, ઑક્ટેવિયસ ૧૮
સિઝર, જ્યુલિયસ ૧૭, ૧૮
સિસેરો ૧૭
સિસ્મોન્ડી ૯૪
સીમેન ૬૭
સેમ્વિન ૬૭
સૉક્રેટીસ ૬
સોલન ૧, ૨
સ્ટીફન્સન ૬૭
સ્ટ્રેચી, જૉન ૧૫૬
સ્ટ્રેફોર્ડ ૧૭૪
સ્તાલિન ૧૫૨, ૧૬૭, ૧૯૨
સ્મિથ, ઍડમ ૬૮, ૭૦, ૭૨, ૮૭, ૮૯

હાયેક પ્રો. ૯૯
હારગ્રીવ્ઝ ૬૭
હાર્ડી, કેર ૧૪૭
હિટલર ૬૦, ૧૫૧–૨, ૧૭૯, ૧૯૧–૨
હેન્ડરસન, આર્થર ૧૪૭
હેન્રી, આઠમો ૪૧
હેગલ ૪૯–૫૧, ૬૩, ૧૩૧, ૧૩૩
હેરકોર્ટ ૬૭
હોજસ્કિન ૯૪
હૉપકિન્સ, જેરોમ ૧૮૪
હૉબ્સ ૨૩–૭, ૩૧, ૩૪, ૩૫
હૉલ ૬૭
હેલ્વીશિયસ ૧૩૧
હોહેનઝોલર્ન ૧૭૯
હ્યુગો, વિક્ટર ૧૨૦

# જ્ઞાનગંગોત્રી

## માનવવિદ્યા શાખા

માનવકુલ દર્શન [ વિશ્વ ઇતિહાસ સોપાન ]
વિશ્વ દર્શન [ ક્રાંતિઓ અને વૈચારિક વિકાસ ]
ભારત દર્શન [ આદિયુગથી અદ્યતન વિકાસ ]
ગુજરાત દર્શન [ સાહિત્ય અને સમાજ ]
સાહિત્ય દર્શન [ વિશ્વ સાહિત્ય : ભારતીય સાહિત્ય ]
લલિતકલા દર્શન [ વિવિધ કલાઓ : સિદ્ધાન્ત અને પરિચય ]


## વિજ્ઞાનવિદ્યા શાખા

બ્રહ્માંડ દર્શન
પૃથ્વી દર્શન
સ્વાસ્થ્ય દર્શન
રસાયણ દર્શન
ગણિત દર્શન
કૃષિ દર્શન
ઇજનેરી દર્શન
જીવ દર્શન
વિજ્ઞાન : માનવી અને મૂલ્ય

કુલ ૩૦ ગ્રંથો

આખા સેટની કિંમત રૂ. ૬૦૦ [ વિદેશ રૂ. ૮૦૦ ] છૂટક રૂ. ૩૦

: પ્રાપ્તિસ્થાન :
બાલગોવિંદ બુકસેલર્સ, બાલા હનુમાન, અમદાવાદ


E = MC²

# આવકાર

જ્ઞાનનું પવિત્ર જળ ઘેર ઘેર અને અધિકારી વ્યક્તિ-વ્યક્તિને પહોંચતું કરવાની ઉદાત્ત ભાવનામાંથી જ આ ગંગોત્રી ગ્રંથમાળાનો, જન્મ થયો છે, જે યુગાનુરૂપ છે અને ગુજરાતની શક્તિ અને જ્ઞાનપિપાસાની વૃદ્ધિનો સૂચક છે

પં. સુખલાલજી

આ જ્ઞાનગંગોત્રી આપણા જમાનાના વિશાળ આદર્શને પહોંચી વળતી 'વિદ્યાપીઠ' સમી એક ગ્રંથમાળા થવાની છે.

કાકા કાલેલકર

આપણી પ્રાદેશિક ભાષામાં જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ થાય એ જરૂરનું છે. આ શ્રેણી એ ખોટ પૂરશે એવી મને ખાતરી છે.... યોજના ઘણી આવકારપાત્ર છે.

કનૈયાલાલ મુનશી

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી વાચકો માટે ગૃહ-વિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં પુસ્તકો પરથી નિ:શંક કહી શકાય.

ઉમાશંકર જોશી

ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી, તેમ જ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે.

સુન્દરમ્

## પ્રકાશિત ગ્રંથો

૧ બ્રહ્માંડ દર્શન ૨ પૃથ્વી દર્શન ૩ સ્વાસ્થ્ય દર્શન ૪ રસાયણ દર્શન ૫ સ્વરાજ્ય દર્શન ૬ ગણિત દર્શન ૭ સાહિત્ય-દર્શન (ભારતીય–૧) ૮ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય–૧) ૯ કૃષિ દર્શન ૧૦ ગુજરાત દર્શન (સાહિત્ય–૧) ૧૧ ગુજરાત દર્શન (સાહિત્ય–૨) ૧૨ વિશ્વદર્શન–૧ (ક્રાન્તિ) ૧૩ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય–૨) ૧૪ ઇજનેરી દર્શન ૧૫ વિશ્વ દર્શન–૨ (અદ્યતન ઇતિહાસ) ૧૬ જીવ દર્શન ૧૭ સાહિત્ય દર્શન (ભારતીય–૨) ૧૮ લલિતકલા દર્શન–૧ (અભિનય-શ્રાવ્ય) ૧૯ વિચાર દર્શન–૧ (લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ)